"શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્"

# સાક્ષાત્ સવિતા

## (ભાગ-૪)

### ૫૦૨. ઉપદેશામૃત

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૬ છઠ્ઠ્ય તા. ૨-૧૧-૧૯૭૭, બુધવારને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી જૂનાગઢ મધ્યે શ્રીજી ઓઈલમીલમાં માધવજીભાઈના ઘરે ઢોલિયા ઉપર પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરીને વાત કરી જે દર્શન ન થાય ઈ દિવ્ય સ્વરૂપ અને જેનો સમાગમ કરો ને દોષ દેખાય ઈ મનુષ્ય સ્વરુપમાં દિવ્ય સ્વરૂપ ઓળખવાની લેન આવી. બીજા તો ભોગવે છે તો ય દોષ દેખાતો નથી ને આ તો સાધુ સમાગમ કરે ત્યારે દોષ દેખાય છે. કુપાત્રને છોડી દેવો ને સુપાત્રનો સંગ કરવો. ઈ બેને ઓળખે ઈ તો ભગવાનના ભક્ત હોય તો જ ઓળખી શકે, નકર તો દેહનો વેવાર બેયનો સરખો છે(સારંગપુરનું ૭મું). જ્યાં મનોમય ચક્રની ધારા ઘસાઈને બુંઠી થાય ત્યાં નૈમીષારણ્ય ક્ષેત્ર જાણવું. જપ, તપ, તીર્થ, વ્રત, દાન, ધ્યાન ઈ જે સુકૃત એનો આરંભ ત્યાં જ કરવો. ત્યાં જ દોષ દેખાય છે. ત્યાં મનુષ્ય સ્વરૂપમાં દિવ્ય સ્વરૂપ છે.

પછી ચંદુભાઈને વાત કરી જે ભજન કરજો. ભગવાનનું જે સુખ આવ્યું છે તેને સંભારી રાખવું. સત્સંગ રહે તો જ પાછું વાળીને જુવે નકર પાછું વાળીને જુવે જ નહીં. સૌના આકાર જુદા હોય; સૌની સમજણ જુદી હોય. એક જ ઘરમાં રેતા હોય તોય જુદુ હોય. ઉપાસનાની વાતમાં

સંસ્કારની જરૂર છે. એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને વળી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વાસુદેવ સ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૬૫મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે ત્રીસ લક્ષણ કહ્યા ઈ બધાય કલ્યાણકારી ગુણ જ છે. સ્વભાવ છે ઈ જીવમાં ખચિત થઈ ગયો છે; જડાઈ ગયો છે. સ્વભાવ કહો, પ્રકૃતિ કહો, વાસના કહો ઈ બધુંય પરિપકવ થઈને જીવ ભેળા ભળી ગયું છે ઈ વાસના છે; પ્રકૃતિ છે; સ્વભાવ છે. જનક જેવાને પણ અજ્ઞાનીની પેઠે ક્ષોભ થઈ આવે, પણ ઝાઝી વાર ટકે નહીં. સમજણે કરીને ક્ષોભ ટળી જાય છે.

પછી તે જ દિવસે બપોર પછી કૃષ્ણજીવનદાસસ્વામી કિરણ ૧૯૫મું વાંચતા હતા ત્યારે સ્વામીએ પ્રશ્ન પુછ્યો જે આંધળી ભેંસે મોઢું ભાળ્યું એટલે શું ? જે પદાર્થ છે એમાં સુખ નથી; એમાં સુખ દેખવું ઈ આંધળી ભેંસે મોઢું ભાળ્યા જેવું છે. પુરૂષોત્તમ ભગવાન આવા ચરિત્ર કરી ગયા; આવી લીલા કરી ગયા એનાથી આપણને આનંદ થાય તો ભેળા રહે એના આનંદની શું વાત કરવી ? તો પછી ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી એની તો શી વાત કરવી ! પાશેર કોદરી ખાતા એવું તપ કરતા તો ય એમ કહેતા કે સ્વામિનારાયણની મોજડી ઉપાડવા મળે તોય સારૂં છે.

પછી સ્વામીએ મુંબઈ ત્રિભોવનભાઈના ચિરંજીવી મનોજભાઈ અને રાજુભાઈ ઉપર આશીર્વાદ પત્ર લખાવ્યો. “ આપને ઈચ્છા છે અમારી, તેમ અમારે પણ તમારી શુભ રીતે ઈચ્છા છે. માટે ચંદુભાઈ ત્યાં આવે છે તો તેની સાથે આ ચીઠ્ઠી મોકલી છે તે રૂભરૂ મળ્યા તુલ્ય જાણી આનંદ ઉત્સવમાં રેજ્યો. ને ભગવાનના ભજનમાં ખબડદાર થઈ વરતજ્યો. આજ્ઞામાં રેજ્યો પણ સિંહનો ભાગ શિયાળીયો નહીં લઈ શકે એમ આપણે ભલે ગમે એવા હશું પણ ભગવાનના ધામમાં જ જાશું. બીજા સુખીયા

હોય; સુખીયા રાખે તો પણ નરકવાસ છે કારણ કે આ લોકના વૈભવનો આનંદ છે. મળ્યું એને આપણે ઈચ્છતા નથી માટે ધન્યવાદ છે માટે આપણે કેના છઈ એમ સમજી ભજન કરવું. જય સ્વામિનારાયણ.''

પછી અમેરીકા છગનભાઈ ઉપર આશીર્વાદ પત્ર લખાવ્યો. '' ઓહોહો !!! એટલે બધે દૂર રહ્યા થકા તમોને અમે યાદ આવીએ છીએ તેનું કારણ સ્વામિનારાયણ ભગવાને મધ્યના ૩૩મા વચનામૃતમાં લખ્યું ને જે નિષ્કામી ભક્ત છે ઈ લાખ ગાઉ છેટે હોય તો પણ નજીક છે ને નિષ્કામી વર્તમાનમાં ફેર હોય તો પાસે હોય તોય અળગો છે માટે તમે એટલે દૂર રહ્યા થકા અમોને યાદ કરો છો તો તમોને ભગવાન સ્વામિનારાયણ નજીક રહીને આનંદ આપે છે નિયમ ધર્મથી. માટે ધર્મ પાળે તે ભક્ત દૂર હોય તો ય હજુર છે ને નિયમમાં શિથિલ છે તેનું વર્તાત ગમતું નથી માટે ચંદુભાઈ આવ્યા છે તે તમારા હેતભાવ સંબંધથી આવ્યા છે ને ઈ તમારા છે, તમે એના છો એમ જ આપણે ને સ્વામિનારાયણ ભગવાનને સંબંધ છે માટે એવો સંબંધ કાયમ રહે એમ અમો તમારા ઉપર તથા તમારા કુટુંબ ઉપર રુડા આશીર્વાદ રૂપી અમૃત વરસાવીએ છીએ.''

ગુણાતીતાનંદસ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાયનો સિદ્ધાંત જ ઈ છે કે ગરીબ હોય એને પૈસાવાળા કરીને એની પાસે સેવા કરાવે છે ને પૈસાવાળા છે ઈ તો એની સેવા આપણી પાસે કરાવે એવા હોય. જ્ઞાનશક્તિ શું ? ક્રિયાશક્તિ- સૂઈ જાય એટલે વીસરી ગઈ પણ ઉઠ્યા પછી સાંભરે ઈ જ્ઞાનશક્તિ છે ને એની ક્રિયા કરવી ઈ ક્રિયાશક્તિ ને એનું ફળ મળે ઈ ઈચ્છાશક્તિ છે. ભગવાનના ભક્તને પ્રતાપે હરીએ ફરીએ છીએ.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૨ ॥**

## ૫૦૩. દિવ્યસ્વરૂપ અને મનુષ્ય સ્વરૂપનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૭ સાતમ તા.૩-૧૧-૧૯૭૭ને ગુરૂવારના દિવસે પૂ.જોગીસ્વામી ગામ શ્રી જુનાગઢ મધ્યે શ્રીજી મીલમાં

પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ચંદુભાઈ અમેરીકા જવા માટે આશીર્વાદ લેવા આવ્યા ત્યારે તેને ઉદ્દેશીને સ્વામીએ વાત કરીજે વે'વાર છે ઈ અવિશ્વાસનું અંગ છે. પંચવિષયમાં ઈંદ્રિયું જોઈન્ટ થયેલા છે. આકર્ષણ કરે છે. ચોંટવાનો સ્વભાવ છે ને પાછો અવિશ્વાસ ઉભો છે. ભગવાન સંબંધી ઈ ના ઈ પંચવિષય નિઃસ્પૃહી તરીકે છે, અનાદર તરીકે છે. નિર્સ્નેહી છે ને પાછો સ્નેહ થયો એટલે ભગવાન સંબંધી થઈ ગયા. ઈ ના ઈ મોક્ષ માટે થઈ ગયા. ઈ ના ઈ પંચવિષય પરલોકની પ્રાપ્તિ માટે થઈ ગયા.

"મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા ઈ ત્રણ અંગ ગોપીયુંના છે. મુગ્ધા તોછડા તોછડા વચન બોલે; હમણા વિમુખ થઈ જાશે એમ થાય. મધ્યા અરધું પોતાનું ધાર્યું કરે ને અરધું ભગવાનનું ધાર્યું કરે. ને પ્રૌઢા છે ઈ તો કેવળ ભગવાનનું જ ધાર્યું કરે એમ મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા ઈ ત્રણ ગોપીયુંના ભેદ છે."

આ પંચવિષય છે ઈ ભગવાને કોણ જાણે કેવા બનાવ્યા છે ! કોઈ નોખો જ પડે નહીં. દે મુળીયા કાંધમાં ! દે મુળીયા કાંધમાં ! એમ છે. આ લોકમાં એકબીજાને એકબીજા વિના હાલે નહીં ને એકબીજાની ખોદણી કર્યા વિના ય હાલે નહીં. ઈ તો સ્વામિનારાયણ ભગવાનને આવડ્યું ! ગુણીયલમાં હેત છે ઈ હેત જુદું છે; નિઃસ્પૃહીમાં હેત છે, નિર્સ્નેહીમાં હેત છે; આત્મનિષ્ઠનું હેત ઈ જુદી જ રીતનું હેત છે માટે પરલોકનું હેત એક જુદી જ રીતનું છે. આ લોકનું હેત છે ઈ રળીયામણું ભલુ બહુ દેખાય; 'ઉમરાના ફળ- પીપરના ટેટા' એવું આ લોકનું હેત છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને વળી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી

વ્રજજીવનદાસસ્વામીએ કિરણ ૨૦૮મું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે જેમ જગતમાં ચોંટ્યા છીએ એમ ભગવાનમાં ચોંટીએ તો ધામની મૂર્તિ અને મનુષ્યરૂપ મૂર્તિ બેય એક થઈ જાય. ચાલે હાલે એવી આ મૂર્તિ પણ થઈ જાય; ગુણાતીત થઈ જાય. નેત્રની આગળ નિર્ગુણ સ્થાન છે. નેત્રની આગળ ક્યારે જુવે ? માયિક પદાર્થને વિષે વૈરાગ્યને પામે ને પછી ભગવાનની મૂર્તિમાં લુબ્ધ થાય પછી બેય મૂર્તિ સાચી થઈ જાય. ગુણાતીત છે; અદ્ભૂત છે; ધાર્યામાં આવે નહીં; વિચાર્યામાં આવે નહીં એવું સ્વરૂપ છે. પૃથ્વી ઉપર અને અક્ષરધામમાં છે. પ્રથમના ૭૧માં લખ્યું છે. ધામમાં જે છે ઈ તો અવિનાશી છે ને આ સેવક તો મરી જાય એવા છે તોય બેયને સરખા કેમ કહો છો ? જ્યારે ભગવાન અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવે ત્યારે અક્ષરધામ, પાર્ષદ, ઐશ્વર્ય ઈ બધું ય લઈને જ આવે છે. જેવા અક્ષરધામમાં છે એવા જ પૃથ્વી ઉપર આવે છે. પણ આપણો પ્યાલો ખસી જાય એટલે જણાતું નથી પણ એકની પાસે બેસીએ તો શાંતિ થાય ને એકની પાસે બેસો તો અશાંતિ થાય. સુપાત્ર હોય એની પાસે બેસો તો બુદ્ધિ પવિત્ર થાય ને કુપાત્ર હોય એની પાસે બેસો તો બુદ્ધિ ભ્રષ્ટ થાય પણ આ વાત કાંઈક વિવેકી હોય એને સમજાય છે. પંચવિષય રૂપી હાથીએ ચડ્યો છે, મદ ને મોહ છે માટે સત્સંગ અને કુસંગને જોગે જેવું અંતઃકરણ થાય છે એવું તો કોઈક વિવેકી હોય એને તુરત જ જાણ્યામાં આવે. પણ ગબરગંડને તો કાંઈ ખબર ન પડે. પૃથ્વી ઉપર આપણને બતાવી દીધું. એકને કુપાત્ર કહ્યો, એક ને સુપાત્ર કહ્યો ને એનો સંગ કરે એને પણ કુપાત્ર ને સુપાત્ર કહ્યા. નિયમ ધરાવીને કુપાત્ર હોય એને પણ સુપાત્ર કર્યા છે. ભલા થઈને આ અમારું વચન જરૂર માનજ્યો તો તમે અમારી સેવા કરી ને ભગવાનના ધામમાં આપણે હાર્યે ભેળા રેશું. નકર તો ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે તો હેરાન હેરાન થઈ જાશો.

રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણની પ્રવૃતિ કર્મથી થાય છે.

સત્ત્વગુણમાં રહીને જે કરે તો જાગૃત અવસ્થા પ્રાપ્ત થાય ને રજોગુણ તમોગુણમાં રહીને કરે તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત થાય આવું કમઠાણ ભગવાને રચ્યું છે ઈ કમઠાણ તમને પણ આપી દીધું છે. બ્રહ્માદિકને આ બધુંય આપી દીધું. ઈ એની ગણતરીમાં કાંઈ નથી. ઈંદ્રિયું, અંતઃકરણ, બુદ્ધિ, ડાપણ, ચતુરાઈ, હોંશિયારી ઈ બધું ય વધતું જાય ને નાશ પામે ત્યારે એક હારે નાશ થઈ જાય. વસ્તી વધતી જાય એમ ઈ બધાય વધતા જાય એવું અલૌકિક સામર્થ્ય વાપર્યું છે ને વાપરે છે. ક્ષણમાં જ પણ એનો જો મહિમા સમજાય એની હોંશિયારીની ખબર પડે તો ! ચામડાના ગાયુ, ભેંસુ, પોપટ, રાજા, રાણી રચ્યા પણ એમાં ટેભો ન જણાય એવી એની અલૌકિક બુદ્ધિ છે. બધાયના સાદ, આકાર, આંખ્યું જુદા છે એનાથી સૌને અલૌકિકપણું દેખાય. એવો ભગવાને પ્રતાપ, ઐશ્વર્ય, શક્તિ વાપર્યા છે. આપણે તો એના દાસ છીએ એટલે કિંમત નથી એવી અદ્ભૂત આપણામાં તાગાત છે પણ આપણને ભગવાન જાણવા દેતા નથી. જો જાણીએ તો કોઈની ગણતરી ન રહે માટે ગરીબ રાખ્યા છે ઈ ભગવાન ભજવા રાખ્યા છે. કેવળ આપણા સુખને માટે ગરીબ રાખ્યા છે તે ઉપર સુદામાની વાત કરી. એવી શક્તિ વાપરી છે ઈ શક્તિનું માપ ન કરી શકીએ ! અહો ન કહેવાય ને પ્રાકૃત દૃષ્ટિથી જોઈએ તો આપણા જેવો કોણ મુરખ !

જે સંકલ્પ થઈ ગયો ઈ પાછો ન સંભારવો તો અજ્ઞાનની નિવૃત્તિ થઈ કહેવાય. ગયો દિવસ ન સંભારવો. ગઈ ટેમ ન સંભારવી. ગયો માણસ ન સંભારવો તો અજ્ઞાનની નિવૃત્તિ થઈ કહેવાય. આ લોકમાં ભગવાનની મરજી હોય તો સામે પુર ઉતરે ઈ એક વાત સમજી લેવી જોઈએ. “આમા સામી પાન બીડી દીધી ને લીધી; મુક્તાનંદ કહે મોહન સંગે લાવ ઘણો લીધો.” દેવા લેવાનો વેવાર હોય તો હેત થાય. સૂર્યની પાછળ અંધારું આવે છે પણ ઈ કરતા આ સંત અજ્ઞાનનો નાશ કરે ઈ પાછું આવતું નથી. એમ ગયો ટેમ પાછો નહીં આવે. ગયા પુરૂષ પાછા નહીં

આવે. ગઈ મિનીટ પાછી નહીં આવે. સ્વામિનારાયણ કહેવું ઈ ટેમ પાછી ક્યાંથી આવે ? વૃથા કાળ ન જાવા દ્યે તો અજ્ઞાન ગયું કહેવાય. સાધુ બાવના ચંદનના લાકડા જેવા છે. શિતલ અંગ અનુપ. સત્સંગસે શઠ સુધરત સાક્ષાત્. ગમે એવો શઠ હોય તો પણ સુધરી જાય. સાધુનો સંગ એવો છે પણ સલીલ ન સુધરે. ધર્મ જ્ઞાન વૈરાગ ભક્તિ હોય તો પણ અપૂર્ણપણું રહે તો જીવદશા છે ને ઈ ના ઈ ગુણ છે એનું અભિમાન હોય તો ઈશ્વર છે ને આત્મનિષ્ઠા, ધર્મ, ભક્તિ અનેક ગુણનું અભિમાન ન હોય તો ઈ બ્રહ્મનું સ્વરૂપ કહેવાય. એથી કરીને ઓળખી લેવું કે આ વસ્તુ આવી જ છે. પરબ્રહ્મ વસ્તુ કેવી છે કે ધર્મ,જ્ઞાન, વૈરાગ સ્વાભાવિક હોય; એને રાખવા ન પડે. વિષયનો જોગ હોય પણ એમાં નિર્લેપ રહે. આ તો એક દૃષ્ટાંતથી કીધું. આવા તો અનેક દૃષ્ટાંતથી બ્રહ્મનું લક્ષણ, પરબ્રહ્મનું લક્ષણ ઘટાડવામાં આવે કારણ કે પરબ્રહ્મની શક્તિ જેવી કોઈની શક્તિ નથી. પછી જે દ્વારે જેટલી બતાવવી હોય એટલું બતાવે. જેટલું જણાવવું હોય એટલું જણાવે. જે દ્વારે કામ કરવું હોય ઈ દ્વારે કામ કરે.

જ્ઞાનીને અજ્ઞાનીની પેઠે ક્ષોભ તો થાય પણ ઘડીભર ટકે ને પછી ટળી જાય. જેમ જોડે છાણ વળગ્યું ને પાણાવાળી ભોં છે એમ છે. જ્ઞાનીને પંચવિષય સાંભરે પણ ઝાઝીવાર ન સાંભરે. ગુણાતીતાનંદસ્વામીને પણ મહારાજ ગયા પછી ક્ષોભ તો થયો જ. બ્રહ્માનંદસ્વામીએ પોંક ખાઈને છોકરાનું કલ્યાણ કર્યું ને છોકરે એમ કહ્યું કે તમને વહાલું હોય ઈ આપો. ઈ નિષ્કામ ભક્ત કહેવાય.બ્રહ્માનંદસ્વામીની અને મુક્તાનંદસ્વામીની દૃષ્ટિ થઈ ગઈ તો ઘરે બેઠાં ડભાણના યજ્ઞના દર્શન થયા.

પછી તે જ દિવસે બપોર પછી વિશ્વપ્રકાશસ્વામી સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૧૭મું વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે વિષયનો અભાવ થાવો જોઈએ. ગુણાધ્યાન છે ઈ દોષાધ્યાન થાવું જોઈએ. ભાવના છે ઈ અભાવના થાવી જોઈએ. રૂપવાન સ્ત્રી ને ઝાઝું દ્રવ્ય ઈ સત્સંગીને બંધન

રૂપ છે. "બ્રહ્માંડમાં હોય એટલું દુઃખ આવો પણ દ્રવ્ય મળો " એમાં ગુણાધ્યાન છે ઈ દોષાધ્યાન થાવો જોઈએ. ભાવના છે ઈ કભાવના થાવી જોઈએ. સુખબુદ્ધિ છે ઈ દુઃખબુદ્ધિ થાવી જોઈએ. પૈસા એવી વસ્તુ છે કે નિવૃત્તિ ન આવવા દ્યે; ખાવાની ટેમ ન આવવા દ્યે; પાણી પીવાની ટેમ ન આવવા દ્યે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૩ ॥**

## ૫૦૪. સાંખ્ય-યોગનું

સંવત્ ૨૦૩૩ના આસો વદ ૮ આઠમ ને શુક્રવાર તા. ૪-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી જુનાગઢ મધ્યે શ્રીજી ઓઈલમીલમાં પોતાના ઉતારામાં વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે આ કર્મક્ષેત્ર છે એટલે નાશ પણ થાય છે ને નવા ઉત્પન્ન થાય છે. અહિંયા થોડું કરે તો ય ઝાઝું થાય. ને વળી પાછા પૂર્વના પણ હોય એટલે બાપડો જીવ શું કરે ? મરવું મેદાનમાં મેલી દ્યો ને શું કામ સંઘરો છો ? મોટા ભગવાનના અવતાર ન રહ્યા; મોટા મુનિજન ન રહ્યા; મોટા ઋષિ પણ ન રહ્યા; શંકર ન રહ્યા; બ્રહ્મા ન રહ્યા તો તમે કેમ રહેશો ?

પછી સ્વામીએ વાત કરી જે અરૂપ એટલે જોવામાં ન આવે, સાંભળવામાં ન આવે, મનના મનનમાં ન આવે, ચિત્તના ચિંતવનમાં ન આવે, અહંકારે કરીને અભિમાન ધારવામાં ન આવે. પડછાયાને પકડવા જાવ તો હાથમાં ન આવે. રૂપ એટલે જોવામાં આવે એવું સ્વરૂપ. આ ભગવાન જાણવા ઈ પણ એક વર્તમાન છે. કેમ વર્તમાન ? ભગવાનને સન્મુખ જાણ્યા એટલે કાંઈ જાણવું ન રહ્યું. ટોચનું બોર હાથમાં આવી ગયું. ભગવાન સૌથી ચડિયાતા છે ઈ ધ્યાનમાં આવી ગયા. ચિત્તના

ચિંતવનમાં આવી ગયા. મનના મનનમાં આવી ગયા. અહંકારે કરીને અભિમાનમાં આવી ગયા. જેમ વિમુખને પંચવિષય જાણવા નથી પડતા એમ આણ્યે ભગવાનને જાણ્યા એટલે ભગવાન સંબંધી સુખ ઐશ્વર્ય બધુંય જણાય ગયું. નિઃસ્પૃહી થાય ને નિઃસ્પૃહીને રસ્તે હાલે તો બંધ બેસે. નિસ્નેહીં થાય ને સ્નેહ કરે તો ભગવાન હાથ આવે. નિષ્કામી થાય ને સ્ત્રીની નિંદા જ કરે તો ઈ રસ્તો હાથ આવે. સ્ત્રીનું પ્રતિપાદન નથી કર્યું. ખંડન જ કર્યું છે પણ લખનારની દૃષ્ટિ પાળો તો નિષ્કામી થઈ જાવ. ખંડન કરનારને રસ્તે હાલે તો પણ જાર પુરૂષનો સંગ કરવાનું નથી કહ્યું. નિષ્કામ પુરૂષ કયો કહેવાય ? ખંડન કરે ઈ. એનો ઈરાદો જ એવો છે કે આ રસ્તે હલાય નહીં. જગત સંભાર્યા જેવું નથી પણ જગતનો નિષેધ કરવો એટલું સંભારવું પડે. ધાર્યા જેવું નથી. વિચાર્યા જેવું નથી પણ એના ચકનાચુર કરી મેલવા ઈ તો કરવાનું જ છે. કાં ઈ નહીં ને કાં આપણે નહીં. એટલું ખંડન કરો તો ઈ વસ્તુ ખંડન થાય. ચિંતવન કરતાં ચિત્તમાં ગરી જાય એવી વસ્તુ છે. આપણે માટે સોંઘું બહુ કર્યું. હવે ઈ રસ્તે હાલવું રહ્યું. સમજણ કેનું નામ કહેવાય ? દીઠ્યા કેનું નામ ? મહિમા સહિત જાણ્યા એનું નામ દીઠું કહેવાય. ઈ વસ્તુ દેખાઈ ગઈ. મહિમાએ સહિત જાણવા એનું નામ દેખ્યું કહેવાય. નેત્રથી દેખ્યું ઈ દેખ્યું જ કહેવાય. કાને સાંભળ્યા તે સાંભળ્યા જ કહેવાય. ઈંદ્રિયું, અંતઃકરણ ને અનુભવ એ ત્રણ પુગ્યા નથી પણ મહિમાએ સહિત જાણ્યા એનું નામ જાણ્યા કહેવાય. દેખ્યા કહેવાય. રસોઈ કરતા આવડે તો જ મહિમાએ સહિત કહેવાય પણ નકરૂં ખાતા જ આવડે તો મહિમાએ રહિત કહેવાય(કારિયાણીનું ૭મું). નિશ્ચય છે ઈ જ આત્યંતિક કલ્યાણ છે ને મહિમાએ સહિત છે ઈ જ દેખ્યું કહેવાય ને વિષયને ખોટા કરવા ઈ સાંખ્ય છે ને એક ભગવાન જ ભાસે ઈ મહિમાએ સહિત કહેવાય. જીભડી ન હલાવો તોય ભગવાન સાંભરે ને ઓલ્યા તો જીભડી હલાવે તો ય ભગવાન ન સાંભરે. ચોથા પ્રકરણની ૩૪મી વાત છે. બે હજાર માણસની

સભા બેઠી હોય ઈ બધાયને એમ જણાય કે મારા ઉપર વાત કરે છે ઈ બે હજાર પ્રકારે વાત કરી કહેવાય ઈ કેવડી વાત છે ? એક શ્લોકનો એક એક જ અર્થ કરે ને એક અનેક અર્થ કરે. એક વીસ ગાઉ હાલે ને એક બે ડગલા હાલે તેમ 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં'. શ્રદ્ધાવાળાને વહેલી સાધનાની સમાપ્તિ થાય છે એનું નામ આત્યંતિક કલ્યાણ કહ્યું છે. પરમ પદ પણ એને જ કહ્યું છે. જે બહુ તીવ્ર શ્રદ્ધા હોય એને વહેલી સાધનની સમાપ્તિ થઈ જાય છે. ગદ્‌ગદ્ કંઠથી રોમાંચિત ગાત્રથી ભગવાનની પૂજા કરે તો અલૌકિક પૂજા કહેવાય. ભગવાન બોલશે નહીં એમ માને પણ વાતુ કરે છે એમ માનો તો એક જ વચનામૃત અનેક દિવસ વાંચવાથી બહુ જ પ્રતાપ દેખાય. બહુ જ મોટ્યપ દેખાય. બહુ જ ભગવાનનો પ્રતાપ દેખાય ને શબ્દ તો એકનો એક જ છે. માટે વિચાર કરો તો ખબર પડે માટે ભગવાન અલૌકિક છે. લૌકિક નથી. એનું કર્તવ્ય અલૌકિક છે. કેટલી વસ્તુ કરી આ પૃથ્વી ઉપર ! મેવા મીઠાઈ ને ખાંડ બધુંય આપણને વરસાદ દ્વારે આપી દીધું. તો એની પાસે શું નહીં હોય ? બહુ પ્રતાપ હશે. બહુ મોટ્યપ હશે. ભગવાન હૈયામાં સ્ફૂરે તે ઉપર પુરૂષોત્તમભાઈની વાત કરી. સાધુને બીજા માણસ જેવા જાણે છે એટલે મર્યાદા ન કહેવાય. બીજા માણસ જેવા ન જાણો તો મર્યાદા કહેવાય. ભગવાનની મૂર્તિને ચિત્રામણની જાણે, ધાતુની કે કાષ્ટની જાણે તો મર્યાદા ન કહેવાય પણ ભગવાન જ છે એમ માને તો મર્યાદા છે. નદીનું પાણી તીર્થનું પાણી છે ઈ આપણા પાપકર્મ લઈ લ્યે છે. મર્યાદા બહુ જબરી વાત છે. પોતાની સ્ત્રી પાસે સાચી વાત ન કરવી ઈ કેમ થાય ? બાઈને જણાય જાય તો ઝેર ઘે; ઈ કેમ બંધ બેસે ત્યાં ખાવા જાવું ? પોષ્ય વર્ગ છે એની આગળ અવશ્ય કામ હોય એટલું જ બેસવું તો મર્યાદા રહે નકર મર્યાદા ન રહે. નકર તો હાંસી મશ્કરી કરતાં શીખી જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૪ ॥**

## ૫૦૫. નિશ્ચયનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૯ નવમી ને શનિવાર તા.૫-૧૧-૧૯૭૭ના દિવસે પૂ.જોગીસ્વામી ગામ શ્રી જુનાગઢ મધ્યે શ્રીજી મીલમાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વ્રજજીવનદાસસ્વામી મધ્યનું ૧૪મું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે તમારે ને મારે કેટલું નજીક છે ? વચ્ચે કાંઈ આવરણ નથી એમ ભગવાનને અને આપણને સંબંધ છે. આપણે એની સામુ જોઈએ ને ઈ આપણી સામુ જોવે. આપણે એને મળવાથી સુખ માનીએ ને ઈ આપણને મળવાથી સુખ માને. આપણને ઈ મળ્યે લાભ ને એને આપણે મળ્યા ઈ લાભ. સાક્ષાત્ સંબંધ એનું નામ તદાત્મકપણું. ભગવાન પાસે બેસે તો કામ, ક્રોધ, લોભ કોઈ રોકી નહીં શકે. જે'દિ ભગવાન નોતા મળ્યા તે'દિ પણ કાળ કર્મ માયા નડ્યા નથી તો આજ કેમ નડશે ? આત્મા તો આવે નહીં, જાય નહીં, સુખરૂપ સત્તારૂપ છે, અવિનાશી છે, સુખનો સમુદ્ર છે, અમૃતની એલી છે. જગત ભેળા તમે ભળી ન જાવ. લે લે એમ કરે ને કાંઈ દ્યે નહીં આવું જગત છે. જે જગ્યામાં ભગવાન બિરાજતા હોય ઈ જગ્યા, વસ્ત્ર, અલંકાર, સેવક નિર્ગુણ કહ્યા. ઈ ભગવાન ક્યારેક તો સ્ત્રી થકી જન્મ ધરે ને ક્યારેક તો પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી જન્મ ધરે. એમ ઈ ભગવાનના જન્મની તથા દેહ મેલ્યાની રીત અલૌકિક છે. આપણને સંકલ્પ કોણ ઉત્પન્ન કરે છે ? નિશ્ચય છે એને તદાત્મકપણું કહ્યું. નિશ્ચય છે એને નિર્વિકલ્પ સમાધિ કહી. જેવો નાતનો, જાતનો, નામનો, ગામનો કેવો નિશ્ચય થઈ ગયો છે ? એવો નિશ્ચય ભગવાનો કરવો. વિચાર કરો તો ખબર પડે ! નાતનો, નામનો, ગામનો, જાતિનો, વર્ણનો, આશ્રમનો, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકારનો કેવો નિશ્ચય થઈ ગયો છે ? એવો ભગવાનનો નિશ્ચય થાય તો મહારાજ કહે કે એને અમે તદાત્મકપણું

કહીએ છીએ. જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય નથી એને કોઈ પ્રકારનું જ્ઞાન, જાણપણું, કોઈ પ્રકારની બુદ્ધિ નથી. ભગવાનનું સ્વરૂપ અવિનાશી, આનંદરૂપ, સુખરૂપ, સત્તારૂપ છે. આવે નહીં, જાય નહીં એવું છે. નિર્ગુણપણું કેવું છે ? ભગવાનના સ્વરૂપનો કેવો નિશ્ચય કરવો ? કણબી હોય તો કણબીપણાનો નિશ્ચય કરવો; ઈ નિશ્ચય કરવામાં શું દાખડો ? બ્રહ્મરૂપ થાવામાં શું મહેનત છે ? જરાક ઘડ્ય બદલાવવી છે એવો નિશ્ચય કરવો. અખંડ, અવિનાશી, આનંદરૂપ, અચળ, પર્વતપ્રાય નિશ્ચય કરવો. એને કોઈએ રોકવા નહીં. બુદ્ધિ વિનાનો છે પણ બુદ્ધિવાળો કહી દીધો. માટે ભગવાનના સ્વરૂપ ને ઓળખે ઈ જ બુદ્ધિવાળો. ઈ જ જ્ઞાની. ઈ જ તપસ્વી. ઈ જ ધર્મી છે. પરમાત્માનું જ્ઞાન થાવું બહુ આકરું છે. એમાં ગતિ પડતી નથી. નકર છે તો સાવ સહેલું; માખણનું ઘી કરવું એવું સહેલું છે ! એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સ્વામીએ વાત કરી જે બ્રહ્મ ચીને સો બ્રહ્મ ! બ્રહ્મને દેખી શક્યો ઈ બ્રહ્મ. એમાં શું દાખડો છે ! પણ વિશ્વાસમાં ખામી છે. સત્શાસ્ત્ર ને સત્પુરૂષનો વિશ્વાસ.(અમદાવાદનું ૧) સૂર્ય ને ચંદ્ર આકાશમાં છે એવા હ્દાકાશમાં દેખાય. પછી ઉલટ કરવા. પોતાના આત્મામાં પરમાત્મા છે એને પણ દેખે ને બીજાના આત્મામાં ભગવાન છે એને પણ દેખે તો પણ પ્રત્યક્ષ સંત અને પ્રત્યક્ષ ભગવાન એને સત્ય માને. પછી વાસનાલીંગ શરીર છે ઈ રેંટના ફાળકાની જેમ ફરતું દેખાય. એમ જોઈએ તો બ્રહ્મરૂપ થાવામાં જરાય મહેનત નથી.સંકલ્પ રહિત થયો એટલે બ્રહ્મરૂપ થઈ ગયો. પણ વિશ્વાસ જોઈએ. વિશ્વાસ કેટલો જોઈએ ? હ્દયરૂપી ગુફામાં ગરી ગયો છે ઈ નીકળતો નથી. ગુફામાં સલવાઈ ગયો છે. માટે બ્રહ્મરૂપ થાવામાં લગારેય મહેનત નથી. જરાય મહેનત નથી. ચિંતવન કરવા જેટલીય મહેનત નથી. આ ઢગલો પડ્યો એમાંથી દ્રવ્ય જોઈએ એટલું લઈ લે ને ! એકને એમ કહ્યું કે માગી લે. એમ બ્રહ્મરૂપ થાવું ઈ માગી લીધા કરતા ય

સહેલું છે. સુતર્ય છે. ને જગતનું સુખ તો આરો નહીં એટલું દુઃખ છે. પ્રયાગરાજની ગુફા ને હૃદય બેય સરખા છે. પ્રયાગરાજની ગુફા જેવું જ હૃદય છે. એમાં માયા છે; એમાં જાણપણું છે; એમાં અક્ષરધામ છે ને અક્ષરધામની અંદર પુરૂષોત્તમ છે. ઈ કેવા હશે ? એમ જોવામાં આવે છે. સમજણના તો ફાંકા છે. ભગવાનનું સ્વરૂપ સમજવું ઈ એક ગહન વાત છે. માટે ભગવાન તે ભગવાન ! ભવપાર કરી દ્યે એવા છે. ફાવવું, ન ફાવવું ઈ ગયું. ખાવું, ન ખાવું ઈ પણ ગયું. નાવું, ન નાવું ઈ પણ ગયું. હવે તો તમારી ઈચ્છા હોય એમ જ કરવું છે. હવે તો તમે એક જ રહ્યા છો. અહિયાં જ આવું અલૌકિક સુખ આપી દીધું; તો અક્ષરધામમાં તો શું નહીં હોય ! જાણી શકીએ નહીં; ન જોઈ શકીએ, ન સાંભળી શકીએ; કાંઈ તાગાત નહીં. માટે તમે ઈ તમે એવી મોટ્યપ સમજવી. મોટ્યપનો અંત નહીં. ગુણનો કોઈ પાર નહીં, તો ગુણી કેવી રીતે જાણી શકાય ? ગુણી તો જીવ છે. જીવસત્તાને કેવી રીતે જાણી શકાય ? બખડજંતર માયાનું સુખ છે.

એકરસ ચૈતન્ય શું કહેવાય ? એકરસ ચૈતન્ય આત્મનિષ્ઠા, ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ઈ બધુંય એકરસ છે. એમાં મૂર્તિ છે કે નથી ઈ વાતનો વિચાર કરવો. ધર્મ છે પણ ધર્મમાં જાણપણું છે કે નથી ? ધર્મ છે પણ ધર્મમાં શિથિલપણું છે કે નથી ? આત્મનિષ્ઠા છે પણ આત્મનિષ્ઠામાં દેહાસક્તિ છે કે નથી ? જો શિથિલ હોય, સંકરપણું હોય, દેહાસક્તિ હોય તો મૂર્તિ માંહિલીકોર ન દેખાય. તેજ દેખાય છે પણ માંહિલીકોર મૂર્તિ ન દેખાય તો ઠીક ન પડે. ગુણ છે ઈ તેજ છે. ને મૂર્તિની વાત તો નોખી છે. બ્રહ્મ તો કાષ્ટ, પાષાણને પણ હાલે ચાલે એવું કરી દ્યે. જેવી પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ છે ઈ મૂર્તિને જોગે એવી સ્થિતિ થાય છે.(પ્રથમનું ૨૩મું) જો એવી સ્થિતિમાં બ્રહ્મા નોતા વરતતા તો મોહ થયો. ઈંદ્ર ચંદ્રાદિકને કલંક લાગ્યા. નારદ પર્વતને પરણવાનું મન થયું. ઈ સ્થિતિનું રૂપ શું ?

પોતાના સ્વરૂપને આત્મારૂપ માને ને ત્રણ દેહથી પર માને તે પછી જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ પ્રમાણ છે એવી અતિશય પ્રકાશમાન ભાસે ઈ સ્થિતિ કહેવાય. ભાસે એટલે જેવી છે એવી દેખાય તો ભાસે. ઓલી દહરવિદ્યા કહેવાય. ને આ બ્રહ્મવિદ્યા કહેવાય. પેલી કહેવાય અક્ષિવિદ્યા !

જોવામાં એમ આવે છે કે એક મિનીટમાં એકોતેર લાખ અવતારનો ફેંસલો થઈ જાય છે. એકોતેર લાખ અવતાર ધરીને રાફડા થઈ ગયા હોય એના કરતા પણ ઈ અધિક છે. સાધન વિનાનો જ મોક્ષ થાય. સાધન તો લખ્યા. કોસ જોડીને વાડી કરવી એમાં ઘણોય દાખડો; કુવા ખૂટે, નદી ખૂટે પણ સમુદ્ર ન ખૂટે ! એમ ભગવાન વતે કલ્યાણ એવું છે ને સાધનવતે એવું છે. મૂર્તિ તો હાથ આવી છે પણ નચાવે છે. એક કોડી જેટલું ખાવા દ્યે ને દિ આખો નચાવે છે. એટલું કામ કરે ત્યારે મૂર્તિને માન્ય કરે. મન વિરામ પામી જાય ઈ રસ્તામાં મન કાંઈ સંકલ્પ કરવા નવરૂં ન થાય. ભગવાનનો, ભક્તનો, સત્સંગનો મહિમા છે ઈ શું કહી શકાય ? નંદસાધુ મંદિર કરી ગયા; એના મળેલા રૂપાના સિંહાસન કરી ગયા ને પછી સોનાના કરી ગયા. પણ હવે તમે શું કરશો ?

**કેનેક બળ આપણું જી; કેનેક બળ હરિતણું જી;**
**ઈ માંચલું મારે નથી અણુંજી.**

પછી અરૂણ ઓઈલમીલવાળા ખીમજીભાઈને ઘરે પધાર્યા ને ત્યાં પલંગ ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ ખીમજીભાઈને આશીર્વાદ આપ્યા કે હવે તમારે દવા કરવી આળસી ગઈ.

પછી ભારત ઓઈલમીલમાં પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા. પછી સ્વામીએ વાત કરી જે, કરોડ કલ્પે આ વાત હાથ આવી છે પણ હવે આ દેહે ભગવાનના ધામમાં

જવાય; પછી અખાત્રીજનો વા જોવો નહીં; પાંચમની વિજળી જોવી નહીં. ઉંટાટીયું જાગે નહીં એવું સુખ છે. આ લોકમાં તો દુઃખનો પાર નથી ઈ લોકમાં આવું તમે કરવા મંડ્યા તો તમારા પુન્યનો પાર નથી. ''કાલ કરતા આજ કર; આજ કરે સો અબ; આ મૂળ વિનાનું ઢોકળું ઢળી પડશે ઢબ.'' એમ વિચારીએ તો ખબર પડે. અલૌકિક પ્રાપ્તિ થઈ છે. ભગવાન મળ્યા; સાધુ મળ્યા. હવે કરવું કાંઈ બાકી નથી. હવે તો લાભનો ય પાર નથી ને પુન્યનો ય પાર નથી. સત્પુરૂષનો આશીર્વાદ છે એટલે જ આ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે. એહી તન પામી મનીકા. જ્યારે ભગવાનના સ્વરૂપમાં મગન થાય ત્યારે એને જગત ન ભાસે. નકર તો જગત ભાસે એવું છે. તે ઉપર ભડલીવાળા ભાણખાચરની વાત કરી. આ જીવે જે જોયું ઈ બધું ય યાદ આવે છે.

પછી દિપક સોલવન્ટમાં પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને બેય બાજુ તકીયા મૂક્યા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે ભગવાન છે તે ઠેઠ પોતાનું પરાત્પર અક્ષરધામ છે ત્યાં રહ્યા થકા સર્વ જગતને દેખે છે. ને જીવ પ્રાણીમાત્રના નાડીપ્રાણ ભગવાનના હાથમાં છે ને જેટલું જેને કરવા દ્યે એટલું જ ઈ કરી શકે છે. કર્મફળ ભોગવવા દ્યે છે ને આપણે તો અક્ષરધામમાંથી આવ્યા ને કર્મની રેખ ઉપર મેખ મારી છે.

**' અલબેલે, ધર્મકુંવરને જાઉં વારણે રે લોલ'**

સાચા ભગવાન, સાચા સાધુ મળ્યા, સાચો લાભ થઈ ગયો. આત્યંતિક મુક્તિ પામ્યા છીએ. તમારા સંકલ્પે અમે આવ્યા તો અમારે સંકલ્પે તમે ખાતમુહુર્તમાં પધારજો. સંતોના દર્શન થયા. હરિભક્તોના દર્શન થયા. ભગવાન ટેમ આવે ત્યારે આવો જ સમય આપી દ્યે. સુતા સુતા ગોળ ખાઈએ તોય ગળ્યો લાગે !

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૫ ॥**

## ૫૦૬. પ્રત્યક્ષપણાનું, વિશ્વરૂપની કળાનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૧૦ દશમીને રવિવાર તા.૬-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી ઈવનગર મધ્યે પ્રાતઃકાળે મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી જેઠાબાપાએ વચનામૃત મધ્યનું ૨૧મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે વ્યાસજીએ એટલું જ લખ્યું કે ભગવાનનો આશરો કરવો ને મહારાજે તો આપણને સાવ સહેલું કરી દીધું. જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે એવી જો પ્રત્યક્ષને વિષે થાય તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના છે ઈ પ્રાપ્ત થઈ જાય. ને ગુણાતીતાનંદસ્વામીએ એમ લખ્યું કે મરીને પામવા હતા ઈ દેહ છતાં જ મળ્યા છે. પરોક્ષપણું વરતાલના ૧૮મા માં છે. માયાના તમ થકી પર એવું જે ગોલોક તે ગોલોકને મધ્યે અક્ષરધામ છે. તેને વિષે વિરાજમાન સૂર્યચંદ્રની સમાન પ્રકાશમાન નંદ-સુનંદાદિક ભક્તજનોએ સેવ્યા એવા; એવી રીતે પરોક્ષપણે પ્રતિપાદન કર્યું ને પ્રત્યક્ષ કયાંથી લીધા ? આદિ આચાર્ય વ્યાસજી જેવા નિમ્બાર્ક ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય. વ્યાસજીને કોઈની અપેક્ષા નહીં. વેદનો વિભાગ કર્યો. અઢાર પુરાણ કર્યા તો ય શાંતિ ન થઈ. પ્રત્યક્ષના ચરિત્ર લખ્યા તો શાંતિ થઈ. શ્રી કૃષ્ણને શુદ્ધસત્ત્વાત્મક કહે છે એને ભાગવતના પૂર્વાપર બાધની ખબર જ નથી. એક જ શ્લોકમાં ભાગવતનું મંડાણ કર્યું. વ્યાસજીને નારદજીએ કહ્યું ત્યારે ખબર પડી. એમ આપણને પણ કો'ક કે'નાર હોય તો જ ખબર પડે. બળદેવજીમાં બળ અપાર હતું પણ બીજાએ જણાવ્યું ત્યારે ખબર પડી. ભગવાન અને સાધુ મળ્યા એટલે આપણા કર્મ ખપી ગયા.

પછી મેઘજીબાપાએ સ્વામીને પ્રાર્થના કરી કે તમારા સંતહરિભક્તોમાં મનુષ્યભાવ ન આવે એવો આશીર્વાદ આપો. પછી

સ્વામીએ વાત કરી જે બસ, એટલું જ કરવાનું છે. અક્ષરધામ અહિંયા જ મળી ગયું છે એમ માનવું. એટલી વાત કરીને સર્વ હરિભક્તોને અભયદાન આપીને પછી ગામ શાપુર પધાર્યા ને ત્યાં મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા.

પછી જેઠાબાપાએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૭૪મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, મનુષ્યરૂપ ભગવાન હોય એમાં વિશ્વરૂપનું લક્ષણ હોય. ભય આવે ત્યારે નારાયણરૂપ બખતર પહેરવું ઈ વિશ્વરૂપમાં તાગાત છે. વિશ્વરૂપ પણ બહુ જબરૂં છે. નારદજી હતા એનું મોઢું માંકડાનું થયું પણ અગિયાર હજારના કલ્યાણ કર્યા ઈ નારદમુનિની શક્તિ છે. વિશ્વરૂપની કળા બહુ જબરી છે. જેણે દોષ જીત્યા હોય એના થકી ઈ દોષ ટળે છે. આ ટાણે આ ભગવાન મારી રક્ષા કરજ્યો એમ લખ્યું છે. મહરાજે રાધાવાવે પલાણ નાખ્યું. અધર્મ સર્ગને જીવુબા લાડુબાએ જીત્યો. કામને ખખ્ખા ઉપડી પણ કામને સચ્ચિદાનંદસ્વામીએ જીત્યો. લોભને નિત્યાનંદસ્વામીએ પછાડ્યો. અહંકારને મુક્તાનંદસ્વામીએ જીત્યો. ઈર્ષાને ગોપાળાનંદસ્વામીએ જીતી. ઈ વિશ્વરૂપમાં કળા છે. તે ઉપર કરાંચીના હરિભાઈ અને નારાયણદાસસ્વામીની વાત કરી. આ વિશ્વરૂપમાં કળા છે. વિશ્વરૂપ એટલે શું કહેવાય ? ગમે એમ કર્યું તોય મેં કર્યું એમ ન કહે. બીજાનું નામ આપે ઈ વિશ્વરૂપની કળા છે. શક્તિ વિશ્વરૂપની છે. જેનું કર્યુ થાય છે ઈ તો કાંઈ જાણતા જ નથી. વચમાં કેટલાય મનસુબા કરે છે. આ તો વિશ્વરૂપનો અર્થ સમજાવ્યો છે. જે કાંઈ થાય ઈ કોક ઉપર ઢોળી ધ્યે. ગોપાળાનંદસ્વામી વરસાદ વરસાવે પણ એમ કહે કે ધાર્યું તો ભગવાનનું થાય છે. વિશ્વરૂપની કળા એવડી જબરી છે કે અક્ષરધામની મૂર્તિ છે ઈ થી આ મૂર્તિ અલૌકિક દેખાય. તે ઉપર કુંડળવાળા રાયબાઈની વાત કરી. માર્મિક શબ્દ હોય ઈ સમજવો બહુ કઠણ છે. મોટા પુરૂષને નિર્દોષ સમજે તો પોતે નિર્દોષ થઈ જાય; નિષ્કામી સમજે તો નિષ્કામી થઈ જાય(પ્રથમનું

૧૮મું). ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એના અર્થને જાણવે કરીને મુક્ત ન થાય. મુક્ત તો અમે કહીએ તો જ થાય. અંતઃકરણ સારૂં નરસું થાવાનો ઉપાય બતાવ્યો છે. ને મુક્ત પણ અમે કહીએ તો જ થવાય છે. સાધુ સમાગમ કરીએ ત્યારે પોતાના દોષ દેખાય, પોતાની ખોટ્ય દેખાય ને વિષયી જીવ છે ઈ વિષય ભોગવે ત્યારે પોતાનું ભાન ભૂલી જાય. એ અનુસારે અનેક દૃષ્ટાંત દઈને વિશ્વરૂપની કળા સમજવી જોઈએ. તમે સ્વભાવ મૂકો નહીં પણ અમને નસ્તર મારતા આવડે છે. (લોયાનું ૩જુ) ભગવાનના ભક્તનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય ને એનો દેહ પડે ને વિમુખ જીવનો દેહ પડે. ભગવાનનો ભક્ત અક્ષરધામને જ પામે ને વિમુખ નરકમાં જ જાય એ બેને જાણે એનો માહાત્મજ્ઞાને સહિત નિશ્ચય છે. એટલે એનું કલ્યાણ થઈ ગયું, એમ માનો ત્યારે આપણું કલ્યાણ થાય ઈ વિશ્વરૂપની કળા છે. એની અવળી ગતિ ન થાય એમ સમજે છે ઈ જ. નકર વિશ્વરૂપની કળા હાથ ન આવે. ઓલ્યામાં ઈ થી પણ આકરૂં છે.(મધ્યનું ૧૧મું) તમે એટલો બધો પક્કડ કર્યો છે કે સ્વપ્નામાં દેખો ઈ મિથ્યા જાણો છો ને ભગવાન અને સંત સત્ય છે તોય ઈ સ્વપ્નામાં નથી આવતા એટલું જગત પ્રધાન છે. ત્યાં દેખાય છે કે પ્રત્યક્ષ ભગવાનનો કેટલો નિશ્ચય છે ને કેટલો નથી. વિશ્વરૂપની કળા બરાબર સમજી જાવ તો ખબર પડી જાય એમાં કલ્યાણ સાવ સહેલું છે પણ કોકને બતાવવા જાવ તો ન બતાવાય. ઈ તો સામાને વિશ્વાસ હોય ને વિશ્વાસ નક્કી કર્યો હોય તો બંધ બેસે. ગુણાતીતાનંદસ્વામીએ પોતાનું દૃષ્ટાંત દીધું કે, અક્ષરાનંદસ્વામીએ અમને ગોળી દીધી તે રાફી નીકળી ગઈ. તેમ કામ ક્રોધાદિક અનેક રાફીયું છે તે કાઢી મેલશે. આપણે તો બસ એને બાજી પડવું. ગુણાતીતાનંદસ્વામીએ લખ્યું કે ભોગાવો નદીમાં બેડીયું ગાડું નાખ્યું છે તે ખરા હશે ઈ નીકળશે તેમ આજ પંચવિષય વચોવચ ટટકાવ્યા છે એમાં ખરા હશે ઈ નીકળશે; બીજા સલવાઈ જાશે. પંચવિષય વચ્ચોવચ નાખ્યા છે. બસ્સો પડીયા પેંડાના

આવે તો સારો હોય ને ન ભોગવતો હોય ઈ પણ ભોગવવા મંડે. તમને ઈ થી ગમે તે દિ' નિઃસ્પૃહી કરવા છે. એમાંથી દુઃખ ઉત્પન્ન થાશે તે દિ' નિઃસ્પૃહી થઈ જાશો.(મધ્યનું ૧૧મુ અને લોયાનું ૩જુ) ઈ બે વાક્ય મનાય નહીં એવા છે ને મનાય જાય એટલે મોક્ષ થઈ ગયો. ખટ્ કર્મ છે ઈ ધર્મ, અર્થ ને કામ માટે કરે છે પણ સ્વર્ગ મળે. ને ભગવાનનો ભક્ત ઈ ના ઈ ખટ્કર્મ કરે છે ઈ ભગવાનને રાજી કરવા કરે છે એને ઓળખે છે ઈ મોક્ષને યોગ્ય છે; મનુષ્યમાં શ્રેષ્ઠ છે; સર્વ કર્મનો કરનારો છે તો પણ અકર્મ છે. એમ માનો એટલે આપણું કલ્યાણ વચ્ચેથી થઈ ગયું. સ્વામિનારાયણને પૃથ્વી ઉપર આવવાનો શું હેતુ છે ઈ સમજાઈ ગયો ને મોક્ષ કઈ રીતે થાય ઈ સમજાઈ ગયો પછી મોક્ષ થાવો બાકી નથી રહેતો. વાસના ટળે તો પણ દેહભાવ રહી જાય એવો દેહભાવ છે તેથી કરીને કલ્યાણ ન થયું એમ ન કહેવાય; તો તો લોયાનું ૩જું ખોટું પડી જાય ! ભગવાનમાં અનેક શક્તિ છે, અનેક ગુણ છે, અનેક કળા છે. દુનિયાના જીવને એક કળા હોય તો ય ભોગવે છે તો ભગવાનમાં તો અનેક કળા છે ઈ કેમ ન ભોગવે ? આ લોકના માણસનો વૈભવ જોઈએ તો એમ થાય કે ભિખારીમાં ને એમાં કાંઈ ફેર નથી ! દુનિયાના જીવ કર્તવ્ય કરે એનું અભિમાન હોય ને આને એનું અભિમાન ન હોય. એમ વિશ્વરૂપની કળા સમજવી જોઈએ. જેટલું પૂછે એટલો જ જવાબ આપવો. ત્યાગીને મળ્યું ઈ મૂકી દેવું ઈ લોભની નિવૃત્તિ છે.

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી પાનેલીથી બાબુભાઈનો કાગળ આવ્યો તેને સાંભળીને કૃપા કરીને સ્વામીએ વાત કરી જે, આવા સંકલ્પ થાય એને શું કરવું બાકી રહે ? (છેલ્લાનું ૩૪મું) નિષ્કામી ન હોય પણ સ્ત્રીને ન જોવાનું નિયમ રાખે, નિર્સ્વાદી ન હોય પણ પાણી નાખીને મેળવીને જમે. આવા જેને શુભ સંકલ્પ થાય એને ભગવાનનો સંબંધ છે. ભગવાનના ભક્ત હશે ઈ લાભ લેશે. બીજા તો ખોટેખોટા અવગુણ લેશે. વિચાર કરો તો ખબર પડે. ભગવાન કેમ રાજી છે ઈ તો વિચાર કરો !

પછી તે જ દિવસે બપોર પછી શાંતિલાલ કિરણ ૧૪મું વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે લક્ષ એટલે શું ? જગતનું જાણપણું તો છે પણ પરમાત્માને વિષે ચિત્ત ચોંટે તો લક્ષ થયો કહેવાય. 'સત્ત્વગુણ, સ્થૂળદેહ, નેત્ર સ્થાનક, જાગ્રત અવસ્થા ને યથાર્થ જ્ઞાન' આવું જાણપણું તો જગતનું છે. મૂર્તિ હૃદયમાં પેસી ગઈ ઈ લક્ષ થઈ ગયો. જાગ્રત અવસ્થાનો લય એમ કહેવાય; ભગવાનની મૂર્તિનું જ્ઞાન થાય તો લય કહેવાય. જગતનું જ્ઞાન છે જ. જગતનો વિવેક તો છે જ. આમ બોલાય, આમ ન બોલાય; એમ ભગવાનનું જાણપણું થાવું જોઈએ. ચિત્ત લય થાય ઈ સ્વપ્નનો લય થયો. ભગવાનની મૂર્તિનું ચિંતવન કર્યા કરે તો થાક ન લાગે ને જગતનું ચિંતવન કરે તો જીવ ઉથડકે છે. કંઠસ્થાન, અયર્થાથજ્ઞાન, તૈજસાભિમાની જીવ, એમાં થાક ન લાગે એટલે ઈ અવસ્થાનો લય થઈ ગયો. ચિત્તનો નિરોધ થઈ ગયો. નિર્વાસનિક થાય. પંચવિષયમાંથી હેત તુટે તો નિરોધ થયો. ઓલ્યું દેહમાંથી હેત તુટે ને ઓલ્યું પદાર્થમાંથી હેત તુટે એટલે થાક ન લાગે તો સ્વપ્નનો લય થઈ ગયો ને સુષુપ્તિનો પણ લય થઈ ગયો. સુવે તો ય જાણપણું રહે. મનનું ધાર્યું ન કરો એટલે મનને માર્યું કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૬ ॥**

## ૫૦૭. પુરૂષોત્તમ-અક્ષર-મુક્તનો નિશ્ચય કરવાનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૧૧ એકાદશી સોમવાર તા. ૭-૧૧-૧૯૭૭ને દિવસ પૂ. જોગીસ્વામી ગામ શ્રી શાપુર મધ્યે મંદિરમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશસ્વામી ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે કલ્યાણમાં ફેર એટલે શું ? પહેલો નૃસિંહાનંદસ્વામીનો પ્રશ્ન આવ્યો; પછી ચૈતન્યાનંદસ્વામીનું પ્રશ્ન આવ્યું. પછી મહારાજનું કૃપાવાક્ય આવ્યું. અનુક્રમ એટલે ભગવાન અન્વયપણે

થાય છે ત્યારે કેવી રીતે દેહ ધારે છે ? અક્ષરમાં, પુરૂષમાં, પ્રધાનપુરૂષમાં, ચોવીશતત્ત્વમાં, વૈરાટ્માં, બ્રહ્મા-વિષ્ણુ-મહેશમાં, ઈન્દ્રાદિકમાં, મનુષ્યમાં, કશ્યપ દેવ-દૈત્યમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે. એવી રીતે અનુક્રમ છે કે અનુક્રમ નથી ? પહેલા આવે એનો વારો ચડી જાય. દેવતામાં હોય ને દેવતા ભગવાનને સંભારે તો એનો વારો પહેલો ચડી જાય. અનુક્રમનો કાંઈ મેળ નથી. જેનો વારો ચડી જાય એનું કામ થઈ જાય. જોગી કેતા જોગ તપ્યા વિના ન થાય પણ ઈ ધાર્યું વિચાર્યું કાંઈ કામ ન આવ્યું. વચ્ચેથી બીજા લાભ લઈ ગયા. બધુંય થઈ ગયું પણ બગાયું ઉડતી નથી. **‘જુનાણે જોગીના વાગશે’** એટલે જુનાગઢમાં સર્વોપરી થયા ને **‘કાંકરિયે દેરા તાણશે’** ઈ બધુંય થઈ ગયું. તો ય બગાયું ઉડતી નથી. દેવ ભેટ સામગ્રી લાવ્યા પણ એની સામુ સ્વામિનારાયણે ન જોયું. આ વચનામૃતમાં એક મુવાળાના સત્તર કટકા કરો તોય એમાં ભગવાન છે પણ નિશ્ચય હોય તો ખબર પડે. તત્ત્વે કરીને સમજતો હોય ને દહરવિદ્યાએ કરીને સમજતો હોય એમાં નવ નવ લક્ષણ કહ્યા. ને અનુક્રમનો કાંઈ મેળ નથી. એની ઈચ્છા આવે ત્યાં દેખાય. તળાવમાં ડુબકી મારી ને તમારા ભેળા દેખાણા; તમારા કેવા ભાગ્ય છે ! તમે પૂર્વે તપ બહુ કર્યું હશે. રાફડો થઈ ગયા હશો. ન મળે ઈ તમને મળી ગયા ઈ એની ઈચ્છામાં રહ્યું છે. એની ઈચ્છા કેવી છે ? ભગવાન તો મન, વાણીને અગોચર છે તે સર્વેને પ્રત્યક્ષ દેખાય છે એનો હેતુ ઈ છે કે પાત્ર કે કુપાત્ર તેને મારી મૂર્તિનો જોગ થાય એનું કલ્યાણ કરવું છે. પૃથ્વી ઉપર આવે ત્યારે કૃપાનો મેળ નથી. બધા ય માથે કૃપા છે. પણ આ અવળી ગડગડતી મેલે છે. ધર્મવાળા ધર્મમાં દોડે, નિયમવાળા નિયમમાં દોડે માટે એવી રીતે ‘આંધળે-બહેરે બજાર લૂંટી’ એમ ન કરવું. આ જગતના જીવ છે ઈ સાધનરૂપે આંધળા બહેરા થઈને સાધનમાં ગડગડતી મેલે છે. સાધન તો સૌભરીના જુવો કેવા મોટા છે; તો ય વિઘ્ન આવ્યું. લાખ વરસની આવરદામાં ન થયું ને આજ સ્વામિનારાયણે ઓગણપચાસ વરસમાં

મોક્ષનો ઝમેર કરી નાખ્યો. પણ એને ધારવા જોઈએ; એને વિચારવા જોઈએ, એને જોવા જોઈએ. તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ સમજે પછી સમજવું કાંઈ બાકી રહેતું નથી. તત્ત્વે કરીને સમજે એટલે જે થકી મોટું હોય ઈ સુક્ષ્મ હોય; કારણ હોય ને મૂર્તિમાન હોય. મૂર્તિમાન છે ઈ એક અલૌકિક છે. સાકાર થકા જ જગતના કર્તા છે. પણ નિરાકારથી કાંઈ થાતું નથી. જેથી જે મોટું હોય તે તેનું કારણ હોય ઈ બહુ જબરી વાત છે. ગોલોકને મધ્યે અક્ષરધામ તે એમાં આવી ગયું કે બારૂં છે ? પેટી મકાનમાં છે કે પેટીમાં મકાન છે ? તેમ ભગવાન જાણપણામાં રહ્યા છે. હ્દયમાં જાણપણામાં રહ્યા છે. જાણપણામાં અક્ષરધામ છે. અક્ષરધામની માંહી પુરૂષોત્તમ છે ને અધિકથી અધિક છે. સૂક્ષ્મથી સૂક્ષ્મ છે એમ સમજે તો સમજ્યો ગણાય. ને ભગવાનનું અક્ષરધામ છે ઈ તો અત્યંત મોટું છે. એની સંકોચ વિકાસ અવસ્થા નથી. ગઢડા મધ્ય પ્રકરણના ૪૨માં અક્ષરનું લખ્યું ને કારિયાણીના ૮માં ભગવાનનું લખ્યું છે. ભગવાન કહ્યા ઈ પણ શાસ્ત્રમાં કહ્યા છે ઈ કહ્યા છે. બહુધા શાસ્ત્રમાં પુરૂષને જ પુરૂષોત્તમ કહ્યા છે. જીવકોટી, શિવકોટી, ઈશ્વરકોટી ઈ થી મોટા આ કહ્યા છે. ''ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ'' આ ઠેકાણે ભગવાનની સરખામણી આપી દીધી. નાનો આવે ઈ વતે ભગવાનનું કામ થાતું હોય તો મોટાને શું કરવા ગોતવા જાવા ? પુરૂષોત્તમ તો કોઈની નજરે આવતા નથી; ઈ કોઈને બોલાવતા નથી. પુરૂષોત્તમે તો અક્ષર સામું જોયું ને અક્ષરે મુક્ત સામું જોયું. ઈ પણ બહુ સમર્થ છે. ઉદ્ધવ થકી પ્રણાલિકા રાખી ગયા. શ્રીકૃષ્ણ ગયા પછી ધર્મ કેને શરણે ગયો ? ભગવાનને ધર્મધુરધંર કહ્યા છે ઈ એક સમજી જાવું જોઈએ. જે સમે જે થકી મોક્ષ નિર્માણ કર્યો હોય તે સમે સાધનની સમાપ્તિ થઈ જાવી જોઈએ. આ સમે ભગવાને મોક્ષ કેવી રીતે કર્યો ? ક્યારેક પુરૂષ થકી; ક્યારેક પ્રકૃતિ થકી મોક્ષ કર્યો હોય. અક્ષરધામમાંથી ધર્મ-ભક્તિ આવ્યા ત્યારે અદેવ પણ આવ્યા. ને ધર્મને

માયા મળી ને કહ્યું ''મારો તાત કુસંગ છે. મારી મા અવિદ્યા છે.મારૂં કુટુંબ અખંડ છે. કોઈથી જીતાઉં એવી નથી. સાઠ હજાર વરસ તપ કર્યુ તો ય ન જીતાણી એવી હું છું'' એમ માયાએ ધર્મને કહ્યું. હિરણ્યશિપુ અજય હતો પણ માયાથી હારી ગયો. નિર્ભય હતો ને ભયવાળો થઈ ગયો. એવું અજર અમર શરીર ધારણ કર્યું છતાંય મોત આવી ગયું. માટે ઈ માયામાં છે. અવગુણ રાખીને બેઠા હો ને એમ કહો કે માયાથી બારા છીએ ઈ નહીં બંધ બેસે ! ગુણ, સામ્ય, નિર્વિશેષ એવી માયા એનો ક્ષોભ કરનારો કાળ છે. પણ ભગવાનને ન કહ્યા. આજ તો થોડુંક કરીએ ને ઝાઝું થઈ જાય એવું છે. નકર તો ઝાઝું કરે તો ય થોડું છે. હાથ જોડે તો ય કામ થઈ જાય. હાથ તો જોડવા છે પણ કોક આડો ફરી જાય છે. મકાનમાં પેટી અને પેટીમાં પદાર્થ. જાણપણું દેહમાં છે ને જાણપણામાં અક્ષરધામ છે ને અક્ષરધામમાં પુરૂષોત્તમ છે.

૬૩મું વચનામૃત એટલે ૬૩મું વચનામૃત ! આ મનુષ્ય દેહ છે ઈ બધાયમાં શ્રેષ્ટ છે. બધાય આધિન છે. ઢોરમાં જોર ઝાઝું; પણ નાથ-મોરડો નાખીને વશ કરી લ્યે. તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપને જાણ્યું પછી કાંઈ સમજવું બાકી રહેતું નથી ઈ કૃપાવાક્ય છે. પણ દિવ્યસ્વરૂપ તરીકે છે ને મનુષ્ય સ્વરૂપમાં તો વૃતાંતમાં મેલી દીધું. અત્યંત ત્યાગી હોય ને ગમે એવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો પણ રાજી થકો કરે ને સ્વભાવ ન ટળે પણ ભગવાનની મરજી દેખે તો મેલી દ્યે. પોતામાં સ્વભાવ છે તો પણ કથાવાર્તા કર્યા કરે. એક ન્યૂન કૃપાવાક્ય અને એક અધિક કૃપાવાક્ય છે. આપણી પ્રકૃતિ તો એવી છે કે સામો માણસ કહે એમ જ કરીએ તો પણ અંત ન આવતો હોય તો પછી શું કરવું ? ન્યાયમાં જાલ્યા પછી પણ હઠ પકડે એનું શું કરવું ? બહુ લાભ જબરો થઈ ગયો. ભગવાનની મોટ્યપ અપાર છે. ગુણ પણ અપાર છે ને ભગવાનના ભક્ત ઈ ભક્ત જ છે. એમાં આપણે કાંઈ કહી શકતા નથી. આપણી એમાં કાંઈ ગતિ ન પડે.

પછી ભોલગામડાવાળા લાલજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૭૫મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે નિશ્ચય કેનું નામ કહેવાય ? ને નિશ્ચયથી પરિપૂર્ણ કોણ કહેવાય ? ભગવાનના ભક્તનો દેહ ગમે એમ પડે પણ ધામમાં જ જાય ને વિમુખ નરકે જ જાય. એને બેને આંગળી ચીંધનારો છે એનું પણ કલ્યાણ થઈ ગયું. આ વાત સમજાશે તેને કામ ક્રોધાદિક જીત્યામાં પ્રયાસ નહીં પડે. સહેજે જ જીતાઈ જાશે. સમજ્યા કે નહીં ? કે વાંસનળીમાં ફુંકની જેમ થયું ? એનું કલ્યાણ થઈ ગયું એમ આપણે માનીએ તો જ આપણું કલ્યાણ થાય. શાસ્ત્ર થકી નિશ્ચય થયો ઈ નિશ્ચય ફરે નહીં. મનની મુખત્યારીથી નિશ્ચય થયો ઈ નિશ્ચયનો વિશ્વાસ નહીં. શાસ્ત્ર તો ઝાંપડા સુધી કહે છે તો ઈ નિશ્ચય સાચો છે. ફલાણો હરિભક્ત ફલાણાની જ આજ્ઞા પાળશે એમ ઓળખી કાઢો તો સત્તારૂપે વરતે છે ઈ ઓળખાઈ જાય. ચિત્રકેતુ કરોડ્ય સ્ત્રીયું ને મુકીને વનમાં ગયો પણ ત્યાં બંધન થયું. કરવા ગયો સારું ને થઈ ગયું નરસું. પણ જ્ઞાન ન ભૂલાણું એટલો દૈવી કહેવાય.

પછી તે જ દિવસે બપોર પછી વિશ્વપ્રકાશ સ્વામી સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે **'સમલોષ્ટાશ્મકાંચનઃ'** ઈ એક ધારા છે. સમ્યક્ આત્મદર્શી એટલે ઈંદ્રિયુંના વિભાગ આળસી જાય. આંખ્યમાં જોવાનું જ્ઞાન છે; કાનમાં સાંભળવાનું જ્ઞાન છે; નાસિકામાં સુંઘવાનું જ્ઞાન છે; ત્વચામાં સ્પર્શનું જ્ઞાન છે; જીભમાં બોલવાનું જ્ઞાન છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૭ ॥**

## ૫૦૮. અવતાર-અવતારીનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૧૨ બારસ ને મંગળવાર તા.૦૮-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી શાપુર મધ્યે પ્રાતઃકાળે મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા

ભરાઈને બેઠી હતી. પછી જેઠાબાપાએ ભક્તચિંતામણીનું ૨૪મું પ્રકરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે અખંડ આનંદિત આત્મા એટલે અખંડ આનંદ. ઈશ્વરાનંદ બ્રહ્મચારી જોઈ લ્યો. સાવ નિર્દોષ હતા. સ્વામી નારાયણદાસજીનો જોગ થયો તો એનું અંગ ફરી ગયું. જ્યારે પૂછો ત્યારે એમ જ કહે "બહુ જ સારૂં છે" કોમળ વાણી, વાચાળ વિશેષ એટલે મુક્તાનંદસ્વામી. રામાયણ વાંચતા ત્યારે કોઈ સભામાંથી ઉઠી જ ન શકે એવી વાંચતા. પારકા દોષને દાટી દેવા ઈ ઐશ્વર્ય છે. સંતને કોઈ લુગડા આપે તેણે કરીને ઢાંક્યા છે સૌના ઘર. કોઈપણ આવીને હલકી વાત કરી જાય પણ ઈ કોઈને ન કહે. નકર તો ખળપુરૂષને હલકી વાત મળે તો ધજા બાંધે. અમે સ્વામી નારાયણદાસજી પાસે એકવાર નિષ્કપટ થયા તો એમણે અમને એમ કહ્યું કે કાંઈ વાંધો નહીં; ભજન કરવું. કાંઈ પુછીએ એટલે સામુ જોઈ રહે એટલે પૂછનારો સ્થિર થઈ જાય. ચાલીસ વરસ જુનાગઢની મહંતાઈ કરી !! ભગવાનને તો કાંઈ જોતું નથી. માન જોતું નથી. અપમાન જોતું નથી ને ભક્તને જોઈએ છે છતાંય એનું સન્માન કરે ઈ બહુ જબરી વાત છે. ભગવાન તો સ્વતંત્ર છે. સમર્થ છે પર થકી પર જે અક્ષર તે થકી પર છે. અલૌકિક છે. વેશ અલૌકિક છે. તમે જ નક્કી કર્યુ છે. ન જોતું હોય એને ધરાર આપો છો. ભગવાનને તો કાંઈ જોતું નથી.એ તો સ્વતંત્ર મૂર્તિ છે. અમૃત છે. અખંડિત છે. ખંડન ન થાય. એનું ખંડન કરે ઈ ભગવાનનો દ્રોહી કહેવાય.

ભગવાનના ભક્તને પ્રારબ્ધ નથી ભોગવવું પડતું. નદીમાં દેહ તણાતું મેલ્યું તો પણ દેહ ન પડ્યું ઈ પ્રારબ્ધ લખ્યું. પણ આપણું પ્રારબ્ધ કેવું હશે કે આપણે ગોતીએ છીએ તોય મળતું નથી ? ભગવાન ઓળખાતા નથી; ભક્ત ઓળખાતા નથી ઈ આપણું પ્રારબ્ધ છે. માટે 'ભજન ભક્તિમાં ક્ષણ ગયો તાકુ કાળ ન ખાત; બ્રહ્મ ભુવન લગી કાળ ચવીના' પણ કૃપા છે ત્યાં પ્રારબ્ધ ભોગવવું પડતું નથી. આજ્ઞામાં વરતે તોય પ્રારબ્ધ ન ભોગવવું

પડે. આજ્ઞા છે ઈ કિલ્લો છે. આજ્ઞાની આની પા કાળ, કર્મ,માયા ને પ્રારબ્ધ ન આવી શકે.

પછી લક્ષ્મીદાસભગતે સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે કહેવા છે અવતારી; પણ અવતાર તરીકે કહે છે કારણ કે આપણા ભેળા બેઠા છે ને દેવ ભેળા બેઠા હોય તો દેવ કહેવાય. અવતાર ભેળા બેઠા હોય તો અવતાર કહેવાય. પોતાની શક્તિ બીજામાં દાખલ કરી દીધી. બીજાએ રાસ કર્યા અને આણે રાસ તોડાવ્યા. એમ અવતારી કહેવાય. માન,અપમાન, રૂપવાન સ્ત્રી ને કુરૂપવાન સ્ત્રી બેય સરખુ ઈ અવતારનું લક્ષણ છે પણ કહેવા છે અવતારી. તદાત્મકપણું જેને થયું હોય એના સંગ થકી તદાત્મકપણું થાય એટલું ભક્ત દ્વારે કામ કર્યું ઈ અવતારીનું લક્ષણ છે. નિષ્ઠા કહી ઈ અવતારનું લક્ષણ છે ને નિષ્ઠા કરાવી શકે ઈ અવતારીનું લક્ષણ છે. સત્સંગમાં આવ્યા પછી ૨૨ વરસ થયા પછી આ વાત કરી છે. મોટા મોટાને આ વાત કરી છે. આ વાત કરવી છે ઈ પોતાની મોટ્યપ વધારવા સારૂ નથી કરવી કે દંભે કરીને નથી કરવી. જ્યાં સુધી પંચવર્તમાન ને સાધુતાની વાત કરે ત્યાં સુધી અવતાર છે. ઈ થી ઉપરવટ થાય તો અવતારી કહેવાય. ચૌદેય ઈંદ્રિયુંની ક્રિયાને દાબીને વરતતા હોય ને આ તો નિર્ગુણપણું થઈ જાય ઈ સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે. ઈ સંત પ્રવૃતિમાર્ગમાં હોય કે નિવૃત્તિમાર્ગમાં હોય પણ ભગવાનને સંબંધે કરીને એને નિર્ગુણ જ જાણવા. ભગવાન કેવા સમર્થ છે ? ભગવાન છે ઈ ચમક કેવું છે ? કેવો લાભ થયો છે ! ભગવાને રક્ષા કરી છે ને કરશે. ગર્ભમાં હતા તેદિ' રક્ષા કરી તો અત્યારે નહીં કરે ? વાત કરે છે અવતારની ને કહેવી છે અવતારીની. અવતાર રૂપે અવતારીનું વર્ણન કરે છે એમ ભક્તચિંતામણીના ૭૧મા પ્રકરણમાં છે. દીઠ્યા સ્વપ્નમાં એવા ને એવા જ સાક્ષાત્ દેખાણા. રામાનંદસ્વામીને રામાનુજ આચાર્યે દર્શન દીધાં ને પોતાને સ્થાને સ્થાપ્યા. સ્વપ્નમાં થયું પણ ચિહ્ન રહ્યા જાગ્રતમાં એટલે

પ્રત્યક્ષ દીઠા એમ સાધુએ દીઠા. ઈ બધા ય અવતાર તરીકે ગણ્યા છે. અવતારી તરીકે નથી ગણ્યા, પણ બેનું જ્ઞાન થાય તો બંધ બેસે. હંસની ગતિ થાવી જોઈએ તો દૂધને પાણી નોખા પડે. તેમ વિવેક તો હોવો જોઈએ ને ! અવતારીની વાત સમજ્યામાં આવે તો કામ, ક્રોધાદિક દોષ ને પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી જરાય કઠણ ન પડે. કાચા સુતરનો તાંતણો તોડવો કઠણ ન પડે. તેજ વ્યાપી રહ્યું છે ઈ બધુંય અવતારનું છે ને તેજને વિષે મૂર્તિ દેખાય છે-ઘનશ્યામ છે-દ્વિભુજ છે-કિશોર છે-સૌમ્ય છે-ક્યારેક તેજને વિષે ઈ મૂર્તિ હરતી ફરતી જણાય છે-ક્યારેક માતા થકી જન્મ ધરે છે ને ક્યારેક પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી જન્મ ધરે છે. આ વાત સમજાય ત્યારે અવતારીની વાત સમજાય. દોષવાળો કોણ ને દોષ વિનાનો કોણ ? કુત્સિત શબ્દથી દેહની નિંદા કરતો હોય ઈ દોષ વિનાનો છે. ને નિંદા નથી કરતો તો ઈ દોષવાળો છે. એને બેને ઓળખવા કઈ રીતે ? સાંભળનારો છે એને એમ થાય કે આ સાધુને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી.

પછી નાનજીભાઈ ફળદુને ઘરે રસોઈ કરવા પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી જમ્યા પછી ઓધવજીભાઈ સાક્ષાત્ સવિતાનું ૭૫મું કિરણ વાંચતા હતા તે ઉપર સ્વામીએ વાત કરી જે શાપિત બુદ્ધિ છે એની સારી બુદ્ધિ કેમ થાય ? તો ઈર્ષ્યા, કપટ ઈ ચાર વાના સત્પુરૂષ પાસે ન રાખે તો ટળે. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું કે આસુરી મતિ ટળે કે ન ટળે ? તો મહારાજ કહે ઈ ન ટળે. અસુરભાવ ટળવો બહુ મુશ્કેલ. ઈ તો મોટા પુરૂષની દૃષ્ટિ થાય તો ટળે. પણ એની પાસે ગરજુ થાવું જોઈએ. પણ ગરજુ થાવું ઈ બહુ મુશ્કેલ છે. આસુરભાવ બહુ મોટો છે. ઈ તો જેનો અવગુણ આવ્યો હોય, એની પાસે દીન થાય તો ઈ શાપિત બુદ્ધિ ટળે. વચનામૃતમાં તો બધુંય છે પણ ટેમે(ટાઈમે) કામ આવવું જોઈએ. માઈક રેકોર્ડીંગમાં જીવ નથી છતાં એમાં કેવું છપાઈ જાય

છે ! પણ જીવ તો આનંદરૂપ છે. સુખરૂપ છે. એમાં છપાઈ જાવું ઈ તો બ્રહ્મરૂપ થાય તો છપાય. આ લોકના સુખસંપત્તિ છપાઈ જાય; આ લોકના પદાર્થ છપાઈ જાય; એવું છે આ લોક.

પછી **'સર્વે સખી જીવન જોવાને ચાલો રે'** તે કીર્તન બોલ્યા ને તેની ઉત્પત્તિની વાત કરી.એવું અલૌકિક ભગવાનનું સ્વરૂપ જોઈને સાધુ થઈ ગયા ને ભૂમાનંદ નામ રાખ્યું. ઈ કડીયા જ્ઞાતિના હતા. પ્રસાદાનંદસ્વામી ઘાટઘડા કુંભાર હતા. જેમ સંત કહે તેમ સંશય રહિત કરે ઈ મોક્ષનો હેતુ છે. સંશય રહિત કરવું ઈ બહુ જબરી વાત છે. સાવ આપણી ઉપર વિશ્વાસ હોય તો પણ સંશય રહિત કરવું ઈ બહુ કઠણ છે. પરિપક્વ નિશ્ચય હોય ઈ જ્યારે બોલે ત્યારે એમ જ બોલે કે ભગવાનની સર્વ ક્રિયા કલ્યાણકારી છે. રૂપિયા તો વાંસે ઢસડાતા આવશે. માયા પાછળ પડે એવી છે. આપણે એને છોડી દઈએ પણ ઈ આપણને છોડે એવી નથી. ધર્મને અરથે વાપરે ઈ નથી ખુટતું.

પછી સંતમંડળ સહિત મોટરમાં બેસીને ચાલ્યા તે ગામ અરણીયાળા વાલજીભાઈ રાણપરીયાને ઘરે પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે ભગવાનનો જોગ થાવો, ભગવાનનો મેળાપ થાવો, ભગવાનની પ્રાપ્તિ થાવી ઈ કાંઈ એક બે જન્મના પુન્યે પ્રાપ્તિ થાતી નથી. **'અનેક જન્મ સંસિદ્ધસ્તતો યાતિ પરાંમગતિમ્'** માટે ભગવાન જેવા એક ભગવાન જ છે. 'પ્રગટને ભજી ભજી, પાર પામ્યા ઘણા; ગીધ ગુનકા કપીવૃંદ કોટિ' માટે પ્રગટના જેવી કોઈ વાત નથી. પ્રગટ ભોજનથી જ ભૂખ ભાંગે છે. માટે ભગવાન જેવી કોઈ વસ્તુ નથી. ગરીબનિવાઝ કાવે છે; ગરીબના બેલી છે એવા ભગવાનનો મેળાપ થાવો ઈ કાંઈ નાની વાત નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૮ ॥**

## ૫૦૯. અવતાર-અવતારીનું

સંવત્ ૨૦૩૩ના આસો વદી ૧૩ ધનતેરસ બુધવાર તા.૦૯-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી મેંદરડા મધ્યે મંદિરમાં બપોર પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વ્રજજીવનસ્વામીએ સાક્ષાત્ સવિતાનું ૨૨૩મું કિરણ વાંચ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે સુખ ને દુઃખ બેયનો ક્ષય થઈ જાય એટલે શૂન્ય સમતા થઈ જાય. પ્રકૃતિ ત્યાગ કરાવે; સ્વભાવનો ત્યાગ કરાવે ઈ મળે તો મોક્ષદાતા મળી ગયા. ઈ તો અવતારનું લક્ષણ છે. અવતારીનું લક્ષણ ઈ લખ્યું કે ભગવાનના પંચવિષય, ભક્તના પંચવિષયની નિવૃત્તિને અર્થે છે. ઈ અવતારીનું લક્ષણ છે. તો સ્વભાવનો ત્યાગ કરાવે ઈ તો અવતારનું લક્ષણ છે.પ્રકૃતિ ને સ્વભાવથી રહિત હોય તો ઉત્પત્તિકાળથી રહિત છે. શ્રીકૃષ્ણ ભગવાને કીધું ને કે જ્ઞાની હોય ઈ પણ પ્રકૃતિ સરખું આચરણ કરે તો ઈ જ્ઞાની પણ ઉત્પત્તિકાળમાં ગણાય. જૂ વિંયાય તો લીખ જેવું બચ્ચું આવે ને હાથણી વિંયાય તો ભેંસ જેવડું બચ્ચું આવે. એના ચરિત્ર કેવા કહ્યા ? તો સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું કે શાંતિ થાય એવી વાતો કરો ત્યારે ઘેલા નદીનો ઘાટ, લક્ષ્મીવાડીનો રસ્તો ઈ સંભાર્યું ત્યારે શાંતિ થઈ. એવા ચરિત્ર છે. મહારાજને ઈંદ્રિયુંની ક્રિયામાં આત્માનું ક્ષણમાત્ર વિસ્મરણ રહેતું નથી ને સ્વરૂપાનંદસ્વામી આત્મા સામી દૃષ્ટિ રાખે ત્યાં સુધી આત્માનું સ્મરણ રહે છે. ધર્મમાં સ્નેહ થાય ઈ તો ધર્મનિષ્ઠા પણ ધર્મપાળનારની સાથે હેત ઈ જ સ્વરૂપનિષ્ઠા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૦૯ ॥**

## ૫૧૦. સ્વભાવનું

સંવત્ ૨૦૩૩ના આસો વદ ૧૪ ચૌદશને ગુરૂવાર તા.૧૦-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી મેંદરડા મધ્યે પ્રાતઃકાળે મંદિરમાં

ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે આપણે કથા વારતાના અંગવાળો એક થાય તો બસ. કૃષ્ણના ભીડામાં ત્રણ આવ્યા. રામના ભીડામાં ત્રણ આવ્યા. રૂગનાથચરણદાસસ્વામી એમ કહેતા કે અમારા બધાય ગુરૂ થાય એવા જ છે. કાં ગુરૂ થાવું ને કાં શિષ્ય થાવું. આ જગતમાં સુખબુદ્ધિ છે ઈ જ સ્વભાવ છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૧૦ ॥**

## ૫૧૧. જડ પ્રકૃતિ અને ચૈતન્યપ્રકૃતિનું

સંવત્ ૨૦૩૩ના આસોવદ અમાસ જે અન્નકોટ શુક્રવાર તા.૧૧-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી મેંદરડા મધ્યે સ્વામિનારાયણ મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી હરિપ્રસાદસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૭૨મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે આ લોક વધરે પડ્યું છે. ઈંદ્રિયું, અંતઃકરણ કહે અમારો છે; માયા કહે અમારો છે; ભગવાન કહે અમારો છે. એમાં જે બળીયા હોય ઈ લઈ જાય. ભગવાન બહુ મોટા છે. બહુ સમર્થ છે. તમે વિચાર તો કરો- નામ લીધે બેડો પાર થઈ જાય! સંભારો એટલે પ્રાપ્તિ થઈ જાય. સંભારો ત્યાં જ પાછી વૃત્તિ વળી જાય. સંભારો ત્યાં જ સુખનો શેરડો આવે. પણ પાછી વૃત્તિ હોય તો ને ? ચિત્ત તો ચળાયમાન છે. ચંચળ બહુ છે. ભગવાનને તો જોઈએ એટલા પૂરાવા થઈ જાય છતાંય એને સમ ખાવા પડે છે પણ નિશ્ચયની વાતમાં સમ ખાય છે. 'સ્વામિનારાયણ' કહો ને દુઃખ રહે તો 'સ્વામિનારાયણ' કીધું જ નથી. એ, દર્શન કરી લેજયો, પછી તો મળવું મોંઘું છે. તમે તો ધન્યભાગ્યવાળા છો પણ દર્શન કરાવે છે ઈ પણ ધન્યભાગ્યવાળા છે. ઉપાસનાની લેન એવી છે. જ્ઞાનરૂપી વિચાર છે ઈ પહેલો હોય ત્યારે નામ લેવાય, સંબંધ

થાય. જાણપણું છે ઈ પ્રગટ સંત છે. ઈ આપી દ્યે છે બક્ષિસમાં આપી દ્યે છે. આપણી પાસે મૂડી નથી. આપણી પાસે તો સાચવવાનું ય નથી. નિષ્કામરૂપી તેજુરી(તિજોરી) થાય તો કામ આવે; નિર્લોભ રૂપી તેજુરી થાય તો ઈ મૂડી સચવાય. આજ આ ગામમાં ભગવાનના દર્શન થઈ જાશે પણ આપણે મુર્ખા છીએ એટલે ઓળખાણ ન પડે. ભાઈબંધીયા તો પાણી વિનાના કુવામાં ટટકાવે એવા છે !

પછી સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે કઈ જડ પ્રકૃતિ કહેવાય ને ચૈતન્યપ્રકૃતિ કઈ કહેવાય ? તેનો ઉત્તર પોતે જ કર્યો જે આપણી જડ પ્રકૃતિ છે. (લોયાનું ૭મું) ભગવાનને નેત્રે કરીને જોયા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને જોયા જ કહેવાય. બ્રહ્મારૂપે વિશ્વને સાવકાશે ધરી રહ્યા છે. અંતઃકરણ શુદ્ધ હોવું જોઈએ. પ્રદ્યુમ્નરૂપે સ્થિતિ કરે છે; સંકર્ષણ રૂપે કરીને જગતનો પ્રલય કરે છે.

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।**
**अहंकार ईतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥**

આપણી પ્રકૃતિનું નામ જડ પ્રકૃતિ છે ને સામાની પ્રકૃતિ ચૈતન્ય પ્રકૃતિ છે. આપણા હ્દયમાં સત્ત્વગુણ હોય તો આખું વિશ્વ સત્ત્વગુણમય દેખાય ઈ ત્રિયુગનો અર્થ કર્યો છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય ત્યારે ત્યારે અવતારને ધારણ કરે છે તેમ કળીયુગમાં વધારે અધર્મ હોય તો અવતાર થાય જ. આત્માને વિષે સત્ત્વગુણ વરતતો હોય તો બહાર બધેય સત્ત્વગુણ દેખાય. પ્રત્યક્ષ ભગવાન બેય પ્રકૃતિના આધાર છે. બેય પ્રકૃતિ પ્રત્યક્ષ ભગવાનને વિષે રહી છે. ઈ ઓના ઉદ્ધાર માટે છે; જીવના મોક્ષ વાસ્તે છે. કલ્યાણને માટે છે. ઈ વચનામૃત એવું ગહન છે કે આખું વચનામૃત કહો તો તો સાવ મુંજાય જાય પણ એમાંથી તત્ત્વ કહો તો કાંઈક ખબર પડે. એક જ અંગમાં બે પ્રકાર કહ્યા. એક દૃષ્ટિમાં આવે ને એક દૃષ્ટિમાં ન આવે.

**" હે તો સો અનંત સબ કહત હે સંત પુનિ,**
**ભોમિ-રજકન હુકો હોત નિરધાર હે;**
**વનવૃક્ષ હું કે પાત કાહુસેતિ ના લિખાત,**
**સો પુનિ કહાત જુગ ભાર જયું અઢાર હે,**
**ઉદધિ અસંખ્ય નીર તાકું કહત જયું ધીર,**

તે બોલ્યા. ઈ દષ્ટિમાં ન આવે. હવે દષ્ટિમાં આવે એવું કહે છે. ગુરૂરાજ દીનબંધુ સબસાર દયા સિંધુ...... ઈ દષ્ટિગોચર છે. પોતાના પાપ દાખલ કરી ઘે ઈ પ્રતાપ છે. એવા ગુરૂ છે. પ્રાણધારીને મોક્ષરૂપી દાન આપે છે. ભાગવતમાં સાધુના બત્રીસ લક્ષણ કહ્યા ઈ એમાં છે. આ સ્વરૂપ ગ્રહણ કરવામાં આવે પણ ઓલ્યું સ્વરૂપ ગ્રહણ કર્યામાં ન આવે.

આ સત્સંગનો મહિમા જો જીવમાં ઉતરી જાય તો અહોભાગ્ય થઈ જાય. મનુષ્યદેહ લેખે લાગી જાય. મનુષ્યદેહ સત્તર સાંધાવાળું છે પણ સાંધા વિનાનું થઈ જાય ! ભગા સુતારની ફાડ્ય જેવું થઈ જાય. હરિશ્ચંદ્ર સૌને યાદ આવે છે. એમાં એક જ ગુણ હતો તો મહારાજમાં પંચાવન ગુણ છે ઈ કેમ યાદ ન આવે ? જો યાદ ન આવે તો એના પંચાવન ગુણને આપણે ઓળખતા નથી. રામાનંદસ્વામીએ પંચાવન લક્ષણ કહ્યા ને એને ગાદીએ બેસાડ્યા ને કહ્યું કે "સૌ એને માનજયો" "સૌ એને પૂજજયો.....સૌ એના કહ્યામાં વરતજયો." ભગવાનના ગુણ એવા છે. જાણતા હોઈએ તો ય ન કહી શકાય, સાંભળી શકાય નહીં, પામી શકાય નહીં પણ ઈ સુગમ થઈ ગયા ઈ કોને કહેવા ? જો કહે તો કાળુડો કહે પણ જેમાં ભગવાનનું નામ ન આવે તો કાકતીર્થ કહેવાય. દત્તાત્રેયે એક જીવનું કલ્યાણ કર્યું. ૠષભદેવે સો જીવનું કલ્યાણ કર્યું. ઈ અવતાર છે. આપણને આખ્યાન નથી આવડતા પણ એક લીટીમાં ત્રણ લીટી આવી જાય એવું આવડે છે ! અક્ષરધામમાં પુરૂષોત્તમ અનંત શક્તિએ સોતા વિરાજે છે.

એવા ને એવા જીવમાં ઉતરી જાતા હશે. આ લોકનું તો આ લોકમાં જ રહેવાનું છે.

પછી તે જ દિવસે બપોર પછી સંતમંડળ સહિત મેંદરડાથી ચાલ્યા તે ગામ કેશોદ મંદિરમાં અન્નકોટના દર્શન કરીને પાટ ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે આ લોકમાંથી એકવાર જાવું ઈ નક્કી છે. ખબડદાર થઈને ભજન કરજ્યો. આ લોકમાંથી કોઈ અખંડ રહ્યું નથી. ભગવાનના નાના મોટા અવતાર પણ વહેલા મોડા આ પૃથ્વી ઉપરથી જાવાનું કરે છે. સ્વામિનારાયણ ભગવાન પણ એક વરસ ઉદાસ રહ્યા. આ લોકમાંથી ભજન કર્યું એટલું કામનું. આજ્ઞા પળી એટલું સુખ છે; એટલો લાભ છે કે કથ્યો જાતો નથી ! ભગવાન અખંડ છે. સુખરૂપ છે. આનંદરૂપ છે. ભગવાન બધાને ધીરજ આપીને પછી પોતે ગયા. આ સત્સંગમાં ધાર્યું કરવાની પ્રકૃતિ હોય એનો ઠા ન રહે. જે ધાર્યું મૂકે ઈ જ સુખીયો. આ સભા અક્ષરધામની છે. બ્રહ્મરૂપ છે. આ બધાય અક્ષરધામના છે, ઈ આપણે જાણતા હોઈએ પણ સમર્થ બહુ એટલે ન બોલે. તે ઉપર જય વિજયની વાત કરી. ભજન કરજ્યો. કાંઈ કામકાજ હોય તો કહેજ્યો. રવજીભાઈ તો પક્ષ રાખનારો. સાધુ અસાધુને ઓળખનારો. નકર મુંબઈ જેવા શહેરમાં રહે એને સંત અસંતની પીછાણ હોય જ નહીં.

પછી તે જ દિવસે સાંજે અજાબ પધાર્યા ને ત્યાં નરસીભાઈને ઘરે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે જેમ શાસ્ત્ર ખોટ્ય દેખાડે છે એમ સાધુ આપણો દોષ દેખાડી દ્યે છે. નકર તો વિમુખને તો ભોગવટો કરે છે તો પણ દોષ દેખાતો નથી. સારંગપુરના ૭માં સાધનકાળની ને પ્રથમના ૭૩માં સિદ્ધકાળની વાત છે. બ્રહ્મ ને તેથી પર પરબ્રહ્મ પુરૂષોત્તમ સાક્ષાત્કાર દર્શન આપે ત્યારે ઈંદ્રિયુંની વૃત્તિ બુંઠી થઈ જાય. પરલોકમાં ગયો; સમાધિમાં

ગયો પછી આ લોકમાં ન આવે; તો પણ આવે છે. એના ત્રણ હેતુ છે. કાં વાસના હોય તો આવે; કાં બીજો સમર્થ હોય તો લાવે ને કાં સ્વતંત્ર હોય તો આવે. નકર બ્રહ્મના સ્વરૂપમાં ગયો ઈ પાછો ન આવે ને જો આવે તો એના ત્રણ હેતુ છે. મહારાજના મળેલા એક એકની પાછળ લાખ લાખ માણસ ફરશે ત્યારે સત્સંગ થયો માનશું. આપણે આ લોકમાં નકરૂં સુખ જ દેખીએ છીએ એમાંથી જ્યારે દુઃખ દેખીએ ત્યારે નોખા પડાય. એટલે વિવેક જોઈએ. મુક્તના ભેદ કહ્યા હીરા,માણેક, મોતી એ રીતે મુક્તના અનંત ભેદ છે. એમ કલ્યાણના અનંત પ્રકાર છે. ગારો હોય તે તેના ઠેકાણે નખાય; તેજુરી હોય તેને હળફામાં જ મુકાય. એમ પોતાના અંગવાળા હોય ઈ સારા લાગે. બીજાના અંગવાળામાં ફેરફાર રહ્યા કરે. એટલી વાત કરીને પછી પોઢી ગયા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૧ ॥**

## ૫૧૨. દિવ્યસ્વરૂપ અને મનુષ્યસ્વરૂપનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૧ પડવા શનિવારને તા.૧૨-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી અજાબ મધ્યે નરશીભાઈના ઉગામણા બારના ઓરડામાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૫૪મું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે વેષ્ટિ અને સમેષ્ટિ. એક હાલે ચાલે ને એક ન હાલે ચાલે. લાકડા, પાણા, ઈંટાળા ને માણસ ઈ બધાયમાં મોહ થાય છે પણ ભગવાનની મૂર્તિને ભૂલાડી દ્યે છે. એક કોરે કાળ છે ને એક કોરે ભગવાનને મૂર્તિ છે. કથા છે ઈ મૂર્તિ છે. ને કાળ છે ઈ હાનિ છે. દુનિયાની કથણી છે. ભગવાનને ભૂલી જાવ એટલે કાળની કોર હાલ્યા કહેવાય **स एक्षत।** મહાપુરુષનું લક્ષણ કર્યું છે પણ શાસ્ત્રમાં પુરૂષને જ પુરૂષોત્તમ કહ્યો છે. ઈ બહુ જબરો છે. જગત સામું જુવે તો સૃષ્ટિ થઈ જાય ને સભા સામું

જુવે તો જગતનો લય થઈ જાય. એની દષ્ટિમાં અનુલોમ અને લોમ દષ્ટિમાં જગતની ઉત્પત્તિ ને લય થઈ જાય છે. બહુ જબરો છે છતાં જગત સામું જોયું ત્યાં જ એનો નંબર અક્ષર મુક્તએ કાઢી નાખ્યો ને અક્ષર સામું જોયું ત્યાં તો જગતનો નાશ થઈ ગયો. કનિષ્ટ છે તો ય અક્ષર મુક્ત છે ને ! આ સત્સંગમાંથી એકલમડ જેવો કરીને કાઢી મેલ્યો હોય તો ય જગતનો પ્રભુ છે.

પછી જેઠાબાપા પાસે કિરણ ૨૧૭મું વંચાવ્યું પછી સ્વામીએ વાત કરી જે રાવણ કામબુદ્ધિથી સીતાજીને ઉપાડી ગયો પણ પાસે ન જઈ શકે. રામનો વેશ લઈને સીતા પાસે ગયો પણ રામનો વેશ લીધો ત્યાં જ રાવણ નિષ્કામ થઈ ગયો. એમ વિચાર કરો તો ખબર પડે. જેનો જે ગુણ હોય એને કોઈ પલટાવી ન શકે. કોઈનું મગદુર નથી કે ગુણને પલટાવી શકે. મહત્ આપત્કાળ આવે ત્યારે આપત્ધર્મ સ્વીકારી લેવો પણ અલ્પ આપત્કાળમાં ધર્મનો ત્યાગ ન કરવો. માથું દુઃખતું હોય, ગામ જાવું હોય ઈ અલ્પ આપત્કાળ કહેવાય, એમાં પૂજાનો ત્યાગ ન કરવો.

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી જેઠાબાપાએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૨૦૪મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, ભક્તને ભગવાન પોતા જેવો કરે છે. પોતે કામ ક્રોધાદિક દોષ થકી રહિત છે એમ ભક્તને પણ દોષ થકી રહિત કરે છે. ઈ દેહ મેલ્યા પછીની પ્રાપ્તિ છે. જો ભગવાનની દષ્ટિ હોય તો જ માની શકે. પણ જેને ભગવાનની દષ્ટિ જ નથી એને શું વાત કરવી ? ભગવાનનું નામ લઈએ એમાં જીવને એમ થાય છે આ ભગવાન થઈ ગયો. પણ ભગવાન થાવું કયાં સહેલું છે ! તેમ ગુરૂ થાવું ઈ પણ કઠણ છે. કાં ગુરૂ થાવું ને કાં શિષ્ય થાવું. ગુરૂ થાવું કાંઈ સહેલું નથી. મૂર્તિને કેટલીક માનો છો ? જમાડો, પાણી પાવ, બહુ તો બે વાર કે ત્રણવાર પાણી પાવ; પછી પાણી નથી પાતા. ને તમારે તો કેટલીવાર પાણી પીવું પડે છે ? ભગવાન થયો ઈ કેનું નામ ? બહુ મોટ્યપ કહી છે. બહુ અતિ મોટ્યપ કહી છે. બધાય એમ કહે કે સ્વામી અમારી કોર છે.

પણ મોટાનો અભિપ્રાય જણાય નહીં. માન અપમાનમાં પોતાને અક્ષર માનવું. બહુ મોટ્યપ કહી છે. કર્તા કોણ છે ? એક ભગવાન કર્તા છે તો બીજો કેમ થાય ? બીજો કોઈ દિ' થાતો નથી. જો બીજો થાતો હોય તો એણે ભગવાનને જાણ્યા જ નથી. જો બીજો થયો તો નથી જાણ્યા. 'સ્વામિનારાયણ' કહો ને, શું પાપ રહે ? શું દુઃખીયા રહો ? સ્વામિનારાયણ કહો ને શું આંધળા રહો ? એક દિવ્ય સ્વરૂપ ને એક મનુષ્ય સ્વરૂપ. દિવ્ય સ્વરૂપ કોઈ દિ' દર્શન ન દ્યે. મનુષ્ય સ્વરૂપ ઐશ્વર્ય ન બતાવે. ઈ બતાવે, પણ આપણા દોષ બતાવે. જેની પાસે બેસીએ ને આપણી ખામી દેખાવા માંડે ઈ મનુષ્ય સ્વરૂપની તાગાત છે. ત્યારે મનુષ્ય સ્વરૂપને સમજ્યો ગણાય. ઈ પોતાની સ્થિતિમાંથી ડગે તો પણ અધિક છે. આ દર્શન ધ્યે છે પણ આપણા દોષ દેખાય છે એટલે એનાથી ભડકીએ છીએ. ઈ તાગાતથી જ ઓલ્યો લોક જોઈ શકાય છે. દુઃખ હોય તો સુખ જોઈ શકાય. નિર્દોષને ઓળખ્યો એટલે દોષ વયો ગયો. અનંતવાર બ્રહ્મમાં લીન થાય ને પાછો નીકળે ત્યારે અસુરભાવ ટળે. બીજા કરતાં ધર્મ, વૈરાગ, આત્મનિષ્ઠા, તપ વિશેષ રાખતો હોય- એવો સારો હોય એવામાં દેહ પડે તો દૈવી થાય, તો પણ અક્ષરમાં તો ન જાય પણ બ્રહ્મમાં લીન થાય. સત્સંગમાં લીન થાય. અલૌકિકપણું લાગે; ગુણ અવગુણ આવ્યા કરે; એમ અનંતવાર બ્રહ્મમાં લીન થાય ત્યારે ઈ દૈવી થાય નકર તો બ્રહ્મમાં વયો ગયો ઈ તો ગયો પણ બ્રહ્મ તો આ સત્સંગ છે. એનો એને સંગ થાય, એનો એને ગુણ આવે. ઓલ્યું બ્રહ્મ તો ઉત્થાને રહિત છે. સંકલ્પે રહિત છે. પણ દિવ્ય છે. દર્શન ન થાય એમ લખ્યું. સ્પર્શ ન થાય એમ લખ્યું. ને જો દર્શન થાય તો નાથે દેહ ધર્યો ઈ નિરર્થક થાય છે. અટાણે જેને પ્રગટ મળ્યા હોય એનું શું લક્ષણ ? મધ્યના ૬૬માં મહારાજે પ્રશ્ન પૂછ્યો ને ઉત્તર કર્યો, અધર્મનો ત્યાગ કરે, ધર્મમાં રહે, રાત ને દિવસ કથા વારતા કર્યા વિના રહી શકે નહીં. ભગવાનની ભક્તિ પ્રેમલક્ષણા હોય; આત્મનિષ્ઠા પણ પરિપક્વ

હોય. ઈ ચાર વાના હોય ઈ જીવતા સંબંધ કહેવાય. એવો ભક્ત દેહ મૂકે ત્યારે ભગવાન એને પોતે છે એવો કરે. જેમ ભગવાન કાળ થકી, કર્મ-પાપ-દોષ થકી રહિત છે એવો ભક્તને પણ કરે. જ્ઞાન હતું પણ વિજ્ઞાન થયું. અક્ષરધામમાં તો હતા પણ અહિયાં સાકાર થઈ ગયા. અણુ અણુ પ્રત્યે સાકાર થઈ ગયા. પંચવિષયમાં ભગવાન સાકાર થઈ ગયા. ગઢડાના રામચરણદાસની જેમ થાય; એના પંચવિષયમાં ભગવાન થઈ ગયા. જ્યારે આપણા દોષ દેખાય છે ત્યારે સામી વસ્તુને દોષ વાળી સમજે છે કે નિર્દોષ સમજે છે ? મને આના થકી દોષ દેખાણો એમ માને તો નિર્દોષ સમજ્યા ગણાય. નકર તો એમ થાય કે આમાં કાંઈ ખબર પડતી નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૨ ॥**

## ૫૧૩. ભગવાનના સ્વરૂપનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૩ ત્રીજને રવિવાર તા. ૧૩-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી અજાબ મધ્યે નરશીભાઈના ઘરે પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૫૫મું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે વચનામૃત વાંચતા બધાયને આવડે પણ વાત કરતા કોઈને ન આવડે. નકર એમાં છે એમ વાંચી ગયા, બોલી ગયા પણ વાત કરતાં ન આવડે. વખાણીને કામ લેતો હોય ઈ સાધારણ વાત કહેવાય ને વઢીને દુઃખ લગાડીને વાત કરતો હોય ઈ વિશેષ વાત કહેવાય. વઢીને વાત કરવી ઈ કેવી વાત છે ! વખાણીને તો સૌ વાત કરે. ભેંસને ખાણનો ટોપલો મેલીને દોહી લ્યે એમ છે.

હેત છે ઈ પતિવ્રતાનું છે. ભગવાન સિવાય બીજામાં જોરાવરે પ્રીતિ કરે તો ય ન થાય. ઈંદ્ર જેવો રૂપાળો હોય તો પણ સડેલ કૂતરા જેવો જાણે તો પણ જ્ઞાની થોડો કહેવાય ? હેત થાય છે ઈ ગુણે કરીને થાય છે. ને

અવગુણ આવે છે તે દોષે કરીને આવે છે. ભેળા રહે ત્યારે ગુણ અવગુણની ખબર પડે; ભેળા રહે ત્યારે, બેઠે-ઉઠતે, હાલતે-ચાલતે, ખાતે-પીતે જણાય. વિશેષે કરીને તો યુવાવસ્થામાં જણાય છે. છોકરો બહુ સારો લાગતો હોય પણ એને વેવાર સોંપી ઘો તો ખબર પડે.

ભગવાન બહુ સમર્થ છે; બહુ સ્વતંત્ર છે; કોઈની એને પરવા નથી છતાં આપણી પરવા રાખે છે; યાદ કર્યે જાય; આપણને ન ભૂલે, આપણને સંભારે, આપણાં દુઃખમાં ભાગ લ્યે એવા સ્વતંત્ર છે પણ સૂક્ષ્મ દૃષ્ટિ થાય તો કામ થાય પણ સ્થૂળ દૃષ્ટિથી ન જણાય. સ્થૂળ દૃષ્ટિ તો દૈત્યની છે ને સૂક્ષ્મ દૃષ્ટિ ભક્તની છે. ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી કેવા જબરા ! કૃપાનંદસ્વામી એટલે કૃપાનંદસ્વામી. કૃપાની જ મૂર્તિ. સૂક્ષ્મવૃત્તિ થાય તેમ ભગવાનના સ્વરૂપનું બહુ મહત્વ જણાય. બહુ શક્તિ જણાય ઈ તો ઠીક પણ એના સંબંધને પામ્યા એની પણ અલૌકિક શક્તિ જણાય. લંકામાં રાવણનું પ્રધાનપણું છે પણ ઈથી વિશેષ અંગદનું પ્રધાનપણું ! ઈ પણ રામને લઈને અંગદનું પ્રધાનપણું કહેવાય. કેમ કે રામના નામનો પગ રોપ્યો હતો. કયે વખતે કેનું પ્રધાનપણું છે ? શુભ સંકલ્પ થાય તો ભગવાનનું પ્રધાનપણું કહેવાય.

**'ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાંઠ્ય હજારજી'**

અહંકાર આવ્યો ત્યાં ભગવાનનું પ્રધાનપણું ઉડી ગયું. માયાના ગુણ આવે ત્યાં ભગવાનનું પ્રધાનપણું ઉડી ગયું. માયાના ગુણ આળસી જાય ત્યાં ભગવાનનું પ્રધાનપણું છે. સારો સંકલ્પ ક્યાં થાય છે ? સારો શબ્દ ક્યાં સંભળાય છે ? સારૂં ક્યાં જોવાય છે ? ત્યાં ભગવાનનું પ્રધાનપણું છે. પોતે જ સર્વોપરી છે પણ પોતે સર્વોપરીપણું ન બતાવે. કોઈક દ્વારે જણાવે. કલ્યાણ તો વાતમાં રાખ્યું છે. પોતાના દર્શન, સ્પર્શ, નામ, ધામ, ભક્તમાં, આચાર્યમાં, સાધુમાં, હરિભક્તમાં, મંદિરમાં, મૂર્તિમાં અનેક પ્રકારે કલ્યાણ રાખ્યું. પણ પોતે સર્વોપરી આળસી નથી ગયા.

વિશેષ સ્વભાવ જીતાય ત્યાં કલ્યાણ રાખ્યું છે. ભગવાન જેણે રાખ્યા હોય એની પાસે સ્વભાવ જીતાય; એના દર્શનથી, સ્પર્શથી, નામથી, એના સંબંધમાં રહેવાથી સ્વભાવ દૂર થઈ જાય. નકર સ્વભાવ જીતાય એવો નથી. બ્રહ્મરાક્ષસ છે. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજની વાત કરી. અને ગુણાતીતાનંદસ્વામીએ એનું દુઃખ મટાડ્યું એની વાત કરી. બહુ સર્વોપરી, બહુ સ્વતંત્ર છે. બહુ ઐશ્વર્યવાન છે; સમર્થ છે; બહુ શક્તિવાળા છે; અખંડિત મૂર્તિ છે માટે આપણે અહીં બેઠા છીએ એટલે કોઈ લોકાંતરમાં હશું. આપણે અહીં બેઠા છીએ પણ કોઈના હાથમાં આવે એવી બાજી નથી. અમે કહીએ તો જ અક્ષરધામમાં જવાય ઈ શબ્દ સર્વોપરીપણાનો છે. ઈ રકમ અમારી પાસે છે; ઈ રકમ બીજા પાસે નથી. ઈ તો અમે કહીએ તો અક્ષરધામમાં જાવ નકર કોઈનું મગદૂર નથી કે અક્ષરધામમાં જઈ શકે. ગઢડા મધ્ય પ્રકરણના નવમાં વચનામૃતમાં ચાર ગુણ આવ્યા. સદા, દિવ્ય, સર્વોપરી, સાકાર છે ઈ જ કર્તા છે. ઈ કો'ક થકી આવે છે. સાકાર છે ઈ જ જગતના કર્તા છે. ઈ કો'ક થકી સમજાય. સદા છે, દિવ્ય છે પણ અહીંયા કો'ક થકી આવે છે. પ્રાપ્તિ છે ઈ કો'ક થકી થાય છે. સર્વોપરી સમજ્યા એને જ પાછા સાકાર સમજ્યા ઈ જ દિવ્ય છે. સદા મનુષ્યાકૃતિ છે.

પછી તે જ દિવસે બપોર પછી એક હરિભક્તે સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૯૪મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે અનાદિમુક્ત એટલે અક્ષરમુક્ત. કેટલાંક આ લોકના મુક્ત હોય; કેટલાંક બદ્રિકાશ્રમના મુક્ત હોય; કેટલાંક સ્વર્ગલોકના મુક્ત હોય; કેટલાંક શ્વેતદ્વિપના મુક્ત હોય; કેટલાંક ગોલોકધામના મુક્ત હોય ઈ બધાય મુક્ત; એના લક્ષણને જાણવે કરીને જણાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ ને ભગવાનની ભક્તિ એ કરીને સિદ્ધ થયો ઈ પડ્યો હોય એવો એક તો બતાવો ! જેને ભગવાનનો સંબંધ પાછો ન રહે ઈ પડ્યો કહેવાય. આપણને વિષય રોળી નાખે છે. જીવનો ઠા

રહેવા દેતા નથી. જેમ રાખમાં કપાસીયાને રોળે એમ રોળી નાખે છે પણ ભગવાનનો સંબંધ નથી આળસતો એટલે પડ્યા નથી. વાસના બહુ બળવાન છે. આકાર પણ આળસી જાય ને વાસના જીવ સાથે એકરસ થઈ જાય. જેટલો પદાર્થનો ત્યાગ રહે એટલું એમાં દુઃખ મનાય. પદાર્થ તો આવવાના જ છે બંધ ન થાય. પૃથ્વી ન મઢાય પણ જોડા પહેરી લેવા એટલે પૃથ્વી મઢાય જાય. નદીએ ગરણું ન બંધાય પણ ગોળે ગરણું બંધાય એટલે નદીએ બંધાય જાય. આ જીવ શું રાખના પડીકામાં આળોટતો હશે ? અજ્ઞાનથી દુઃખને વિષે સુખબુદ્ધિ થઈ ગઈ. દુઃખ છે એમાં રાગ છે; એને કેમ સમજાવવો ? પદાર્થનો જોગ જ એવો છે. પદાર્થ મોહિત વસ્તુ છે; ઈ મોહિની સ્વરૂપ છે. પદાર્થ છે ઈ માયા છે. ઈંદ્રિયું અંતઃકરણ ઈ એના સંગાથી છે; થૈ થૈકાર કરી રહ્યા છે. દારૂના શીશા ભરેલા પડ્યા હોય, લઈને પરસ્પર પાતા હોય ઈ સભામાં બેસે ત્યાં કયાંથી ઠા રહે ? તૃણની ઝુંપડી હોય; ફાટલ ગોદડીવાળા બેઠા હોય; ધર્મ, જ્ઞાનની વાતુ થાતી હોય ત્યાં બેસે તો અંતઃકરણ બીજી રીતનું થઈ જાય છે ઈ ઓળખાય છે એટલા આપણા ધન્યભાગ્ય છે.

“ખંડન કરનારો છે ઈ આપણો પૂર્વજન્મનો મિત્ર છે. સ્વરૂપ થાઈએ તો સ્વરૂપી હાથ આવે. ભગવાન સ્વરૂપી છે ને આત્મા છે ઈ સ્વરૂપ છે. ધર્મે કરીને ધર્મવાળા થકી નિશ્ચય થયો હોય તો અખંડ રહે નકર અખંડ ન રહે તો મનમુખી કહેવાય.”

સ્થિતિકાળ એટલે જાગ્રત અવસ્થા. વિશ્વાભિમાની જીવ ઈ સ્થિતિકાળ. આધુનિક સિદ્ધ એટલે જમાનાનો સિદ્ધ હોય ઈ પડી જાય.

પછી પ્રશ્ન પૂછ્યો જે અવગુણ અને દ્રોહમાં કેટલો તફાવત છે ? નાનો હોય એને મોટો કરી બતાવે ને મોટો હોય એને નાનો કરી બતાવે ઈ દ્રોહ કહેવાય. અવગુણ આવે એટલે ઉતારી પાડે. ભગવાનના ભક્તનો અવગુણ આવે એટલે કલ્યાણના માર્ગ થકી પડી જાય. ભગવાન અને

સાધુને વિષે દોષ દેખાય ઈ અવગુણ આવ્યો કહેવાય.

સાચા ખોટાનું જ્ઞાન થાય તો પ્રમાદ ટળે ને પછી મોહ ટળે. કાંઈ કરે જ નહીં એનું નામ પ્રમાદ કહેવાય. ન કરવાનું કરે ને કરવાનું ન કરે ઈ પ્રમાદ. ને કરકે નજર છે, લોહી ઉપર નજર છે, સુખ ઉપર ભાન છે એનું નામ મોહ છે. ઈ મોહ તો જાણપણું હોય તો જ ટળે. સાત આઠ વરસ જાણપણું રહે તો મોહ ટળે. નકર મોહ ન ટળે એમ ગોપાળાનંદસ્વામીએ વાતુમાં લખ્યું છે. ગાફલાઈ ટાળવાનું સાધન જ જાણપણું. આ મનુષ્યદેહની કેવડી બધી કિંમત લખી દીધી ?

**'દિવ્ય અરૂ માનુષ્ય એક રૂપ કરીને દઢ ચિના.'**

દિવ્ય અને માનુષ્ય સ્વરૂપ એને એક કરનાર ઈ મનુષ્ય સ્વરૂપ છે. એને બેયને લખી બતાવે; એનો વિભાગ પાડી દ્યે તો ખરો કહેવાય. દિવ્યસ્વરૂપ અને મનુષ્યસ્વરૂપ એને લખીને નોખા પાડી દ્યે ઈ મનુષ્યસ્વરૂપ કહેવાય. વૈજયંતિમાળા, શ્રી વત્સનું ચિહ્‌ન, શંખ, ચક્ર, ગદા, પદ્મ ઈ દિવ્ય સ્વરૂપ છે. ને મનુષ્ય સ્વરૂપ છે ઈ માણસની જેવું જ લખ્યું ને એની પાસે જાવ તો તમારો સંકલ્પ બદલી જાય. શિયાળામાં જ્યાં પાણી હોય ત્યાં ઊની હવા આવે તેમ મનુષ્યસ્વરૂપ છે તેમાં અલૌકિકપણું શું છે ઈ મનુષ્ય હોય તો બતાવી શકે. ધર્મ,વૈરાગ, ભક્તિ, જ્ઞાન હોય તો બતાવી દ્યે. આત્મનિષ્ઠાવાળો બતાવી દ્યે પણ પ્રથમથી જ ગરબડગોટા વાળતો હોય તો ઈ શું બતાવી શકે ? છેક પશુની પાડ વરતતો હોય ! નાખી નજર પડે નહીં એવું ભગવાનનું સ્વરૂપ છે. બેય સ્વરૂપને એક કરનાર કેવું સ્વરૂપ છે ? **"દિવ્ય અરૂ માનુષ્ય એક રૂપ કરી કે દઢ ચિના; અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવીના"** વેદ એમ કહે છે, નહીં કહી શકું, ઈ અલખ છે. એને લખી નાખ્યા. ઈ લખનારૂં કેવડું સ્વરૂપ છે ! અલખ એટલે વેદ જેને ન ઈતિ કહે છે એવા સાક્ષાત્ તમારી દષ્ટિમાં આવે એમ એણે લખી નાખ્યા.

ધર્મ પ્રધાન હોય તો કર્મકાંડ ઉપર વધારે ભાર દ્યે, એનું શું થાય ? ટાઢ વાતી હોય ને એમ કહે કે હું આત્મા છું એમ કહે ઈ કઈ રીતે કહી શકે ? સ્વામિનારાયણીયો જેવો તેવો હોય તો ય એની આગળ નિર્માની રહેવું. સત્સંગમાંથી જેનો પગ પાછો પડ્યો એની આગળ તો માન રાખવું બરાબર છે. એક વધતો જાતો હોય એ ને એક ઘટતો જાતો હોય ને એક બરાબર વર્તે એને દરવાજાવાળો દેખે છે. જાણપણે રહેતો હોય ઈ એને જાણી શકે.

પછી વ્રજજીવનદાસસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૮મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે સ્વરૂપનિષ્ઠાની વાત ભગવાન થકી હોય ને કાં એકાંતિક થકી હોય; બીજે તો ધર્મની હોય, વૈરાગની હોય પણ સ્વરૂપની પ્રાપ્તિ તો ભગવાન થકી જ થાય; કાં ભકત થકી પ્રાપ્તિ થાય પણ સાધનથી કાંઈ ના થાય. સાધન તો સૌભરીના, પરાશરના ને એકલશૃંગીના કેવા ? પણ શું કામ આવ્યા ? માટે ભગવાનના ભક્ત થકી જ ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. તેથી બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો.

પછી લક્ષ્મીદાસભગતે પ્રશ્ન પૂછ્યો જે ભગવાનના ભક્તને માયા કઈ રીતે સુખદાયી છે ? પછી સ્વામીએ ઉત્તર કર્યો જે દેહ, ઈંદ્રિયું, અંતઃકરણ છે ઈ ભજન કરે છે ઈ માયા સુખદાયી છે. માયા સુખદાયી છે કે દુઃખદાયી છે ? સત્યરૂપ અને અસત્યરૂપ એવી જે માયા; સત્ય સંકલ્પને અસત્ય સંકલ્પ; જ્ઞાન વૈરાગ રૂપ જે માયા તે ભગવાનના ભક્તને કઈ રીતે સુખદાયી છે ? કાચો સત્સંગી હોય એને અંતઃકરણ રૂપ માયા ડગાવે છે પણ પાકા સત્સંગીને ડગાવી ન શકે. ત્યાં ગઢડા મધ્ય પ્રકરણના ૧૦મા વચનામૃતમાં ઈંદ્રિયું અંતઃકરણ રૂપ માયા કહી છે. જેમ યમરાજાનું રૂપ અધર્મીને કાળરૂપ દેખાય છે ને ધર્મીને વિષ્ણુરૂપ દેખાય છે એમ ભગવાનના ભક્તને માયા સુખદાયી છે. ભગવાનના ભક્તના કર્મ છે ઈ જ આપણું અક્ષરધામ છે.

આપણે આ લોકમાંથી બ્રહ્મરૂપ થયા પછી શું કરવાનું છે ? ''કહી કહી સુંદર બેન રેન અજ્ઞાન નિકાસે'' ભગવાનના રસિક ચરિત્રનું ગાન કરવું ઈ જ ભક્તનો ધર્મ છે.

રઘુવીરજી એટલે રઘુવીરજી ! બહુ જબરા બ્રહ્મરૂપ થયા. એકાંતિકમાં ને ભગવદીયમાં આટલો તફાવત છે. ભગવદીય વિષયને વિષે જોડી દ્યે ને એકાંતિક છે ઈ વિષયમાં ન જોડે. ભગવદીય પોતાનું એકનું કરતો હોય, એકાંતિક અનંતનું કલ્યાણ કરી નાખે. આ બ્રહ્માંડની સ્થિતિ રહે ત્યાં સુધી એકાંતિક આ બ્રહ્માંડમાં જ હોય. એકાંતિકમાં દોષનો એક રંચ નથી પણ એને આશરીને હજારૂં જીવ રહ્યા છે એમાં દોષ છે એનું આરોપણ એકાંતિકમાં કરે છે. પડછાયાને લઈને માણસની ખોટ ગણે છે નકર ભગવદીયમાં દોષ હોય પણ એકાંતિક તો હજારોનું સારૂં કરે એટલે એની ઉપર દોષનું આરોપણ કરે ને ભગવદી તો પોતાનું જ કરતાં હોય. આપણા પૂર્વના કેટલા બીજબળ હશે તે આવો જોગ થઈ ગયો. આ તો કથી ન જાય એવી પ્રાપ્તિ થઈ ગઈ. આ સુખ પણ ન કહી શકાય. લાખ વરસની આવરદાવાળા પણ ન કહી શકે એવી પ્રાપ્તિ થઈ છે; એવું સુખ મળ્યું છે. લાખ વરસની આવરદાવાળા હતા તે દિ' બલૂન નોતા ઉડતા ને અટાણે બલૂન ઉડે છે. તેદિ' મર્યાદાના ડુંગર નોતા ઓળંગતા ને આજ આ બધાય મર્યાદાના ડુંગર ઓળંગે છે. કથા વારતામાં સંતોષ ન થાવો ઈ વાત બહુ જબરી છે. પૃથ્વીના મુક્ત અક્ષરધામના મુક્ત કરતાં કોટી ગણા વિશેષ છે. પણ એવો એનો પ્રતાપ ઐશ્વર્ય જાણવા જોઈએ. બહુ મોટી પ્રાપ્તિ થઈ. મોટામાં મોટાં ભગવાન મળ્યા છે. બહુ મોટો સત્સંગ મળ્યો છે. બહુ મોટું સુખ છે. આહીંથી અક્ષરધામ સુધી મુક્તનું તારતમ્યપણું છે.

પછી ઓસરીમાં ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. પછી લક્ષ્મીદાસ ભગતે સાક્ષાત્ સવિતાનું ૧૯૫મું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે પ્રીતિવાળો છે ઈ દેહાભિમાની છે. તેજના

દશ ભેદ કહ્યા. પોતાના દોષ જોવાય એટલો ભડકો જોવા ઈચ્છવો. પણ બીજો ભડકો જોવા ન ઈચ્છવો. પણ બીજો ભડકો જોવા ન ઈચ્છવો.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૩ ॥**

## ૫૧૪. ઉપાસના આદિક વાતો

સંવત્ ૨૦૩૪ કારતક સુદી ૪ ચોથને સોમવાર તા.૧૪-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી અજાબ મધ્યે નરશીભાઈના ઘરે પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વિશ્વપ્રકાશસ્વામી ગઢડા મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે પરોક્ષ જે શ્રીકૃષ્ણ કહ્યા ઈ જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ વિશેષ નિશ્ચય કરતા હવા. નિશ્ચય તો હતો જ પણ બેવડાવ્યો. શાસ્ત્રમાં તો મળતી આવે છે પણ સભામાં કર્યા જેવી નથી. પંચવિષયમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તો પણ બંધાતું નથી એમ શાસ્ત્રમાં મળતી આવે છે. મુક્તાનંદસ્વામીએ રામાનંદસ્વામીને કહ્યું કે આનું (નીલકંઠનું) વૃત્તાંત જોઈને એમ લાગે છે કે તમે જ ફરીવાર આવ્યા લાગો છો ! અણઈચ્છયું અન્ન મળે તેને લ્યે છે, ટંક ટાણાની તો ટેવ જ નથી. ઈચ્છયા વિનાનું મળે એને ગ્રહણ કરે. ક્યારેક રસરહિત ખાય. એવો ત્યાગ ! એવી છટા ! ઈ મહારાજની જેવી છટા હતી એવી રઘુવીરજી મહારાજને હતી. અત્યારે પણ સાનુકુળ બહુ છે એટલે પ્રાર્થના સાંભળે છે. નિઃસ્પૃહીપણું થાય ત્યારે સાધુ થાય. જો મનાય જાય તો ખરેખરી વાત છે. ન મનાય તો વલખા મારે; લાવા જાખરા કરે. માણસ મરવાનો થાય ત્યારે સનેપાત ઉપડે ને બહુ તાગાત બતાવે.

એટલી વાત કરીને સંતમંડળ સહિત ગામ શ્રી થાણાપીપળી પધાર્યા. ને મંદિરમાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે

વિકટ સમયમાં સત્સંગ કરાવ્યો છે. ઈ કેવડો દાખડો કર્યો ? ને રોટલા નહોતા મળતા એને રોટલા ખાતા કર્યા ને એની પાસે સેવા કરાવી છે. આપીને પછી લીધું છે. તે ઉપર માવા મુસાની વાત કરી. ભગવાન સૂક્ષ્મ છે. પકડી લ્યો તો કામ થઈ જાય. પકડાય કેમ ? સ્ત્રીનું મન પુરૂષમાં છે ને પુરૂષનું મન સ્ત્રીમાં છે. ઓલ્યો વેશ કાઢે ઈ સ્ત્રીને બતાવે ને સ્ત્રી વેશ કાઢે ઈ પુરૂષને બતાવે છે. એક મુવાળા રાખે છે ઈ પણ કોને બતાવે છે ઈ આપણે જાણવું જોઈએ.

પછી જમ્યા પછી જેઠાબાપાએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૨૦૫મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે નસ્તર મારીને દેહની ખબર રહેવા નહીં દ્યે ને શુદ્ધ કરી મેલશે એવું એને આવડે છે. સ્વામીએ વાતુમાં લખ્યું કે ‘કાં અષ્ટાંગ યોગ કાં રોગ ને કાં જોગ’ એ રીતે એને આવડે છે. ગમે તેમ કરીને આમાંથી વિરક્ત કરવા હોય. દેહમાં જીવ જડાઈ ગયો છે. દેહરૂપ થઈ ગયો છે એટલો બધો જડાઈ ગયો છે. કે હાડકાં, માંસ, લોહી એનાથી ભરેલું છે એમાં જડાઈ ગયો છે. અન્વય એટલે સુખદુઃખનો ભોક્તા. વ્યતિરેક એટલે ત્રણદેહથી નોખો. માન્યતા થઈ એટલે વ્યતિરેક થઈ ગયો. દુઃખની માન્યતા આળસી જાવી જોઈએ. જેમ કરશનભાઈ લીંબુડાવાળાને દુઃખની માન્યતા આળસી ગઈ એમ. સાધન તો બધા ય અહીંયા જ રોકે છે ને બહુ વિધિ કરે તો છેલ્લી બાકી સ્વર્ગમાં મોકલે. એવા સાધન છે. સ્વર્ગ તો વાઘરીવાડો છે. તરૂણ વેશ્યાવાડો, અહોનિશ અખાડો એવું સ્વર્ગ છે. આ તો સ્વામિનારાયણનું રાજ થયું છે તે સારૂ નહીતર તો એમ જ હોય. મોટો નાનાને દબાવે. ખોટું ખાવું, ખોટું બોલવું ને ખોટું કરવું એનો કોઈને થડકો નથી. ખોટું કરે એનું ફળ બહુ ભોગવવું પડે. પૈસા હોય ને કોઈને પૂછવું પડે. એમ ન હોય ઈ એમ કહે કે અમારે સંતોષ છે. પણ સંતોષ ભગવાનની કોર થઈ ગયો છે એટલે મંદિરે ન જાવું પડે. પૂજા ન કરવી પડે એવો સંતોષ થઈ ગયો છે.

પછી તે જ દિવસે બપોર પછી વૃજજીવનદાસસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૯મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે ભગવાનનું સુખ શું છે ? કે ક્રોધનો સમય આવે તો પણ ક્રોધ ન કરવો. ગાળ ન દેવી. આ ભગવાનની મૂડી છે. ને બીજી તો આ લોકની મૂડી છે. બધી ઈંદ્રિયુંમાં એક સાથે જાણપણું થાય તે બુદ્ધિ વતે જીવ ગણાય. બુદ્ધિ છે ઈ જીવ છે. ઈશ્વર કોટી છે ઈ અદ્ધર હાલે છે. ધર્મવાળો છે ઈ અદ્ધર હાલે છે. અધર્મી છે ઈ પૃથ્વી ઉપર હાલે છે. ન્યાયવાળો અદ્ધર હાલે છે. અન્યાયવાળો પૃથ્વી ઉપર હાલે છે. સત્યવાળો છે ઈ આકાશમાં હાલે છે. ને અસત્યવાળો હોય તો પૃથ્વી ઉપર ઢસડાયા કરે છે. આપણો બાપ સમર્થ છે. તો કર્મ ન લાગે. પાપી માણસ ન ગમે. પાપીની પાસે પણ ન બેસાય તો કર્મ ન લાગે. **'એવા પાપીનું સ્પર્શતા અંગ, પુન્ય જાય પોતાતણું'** એમ ચોસઠપદીમાં લખ્યું છે. એક સાધુ સમાગમ ફરી જાય તો ઓલી ત્રણ ઘાટી શુદ્ધ થઈ જાય. બેઠક ફરી જાવી જોઈએ. આ લોકમાંથી ઉખેડવું છે તે પરલોકમાં મન ખૂંતે તો આ લોકમાંથી મન ઉખડે. સુખ છે ઈ પરલોક છે ને દુઃખ છે ઈ આ લોક છે. કોડી સાટે પૈસો મળે તો કોડી મુકી દેવી કઠણ ન પડે તેમ ઓલ્યા લોકનું સુખ મળે તો આ લોક મુકી દ્યે. લાભ મળે તો ગેરલાભ મૂકી દેવો કઠણ ન પડે. આ લોક ઊંટનું બેસણું છે; હલ્યા વિના રહેવાય નહીં. તમે એટલા હોંશિયાર ખરા તે ઊંટ ઉપર બેસી શકો. સાક્ષાત્ પ્રાપ્તિ થઈ એનું નામ તદાત્મકપણું કહેવાય. ભગવાનનો જેને સંબંધ થયો હોય એના સંગ વડે કરીને ભગવાનની પ્રાપ્તિ થાય. દેહમાં રહ્યો છે પણ દેહનું ખંડન કરે ઈ દેહથી નોખો છે. ખાય છે પણ આ ઠીક છે ને આ અઠીક છે; એમ જાણે તો ખાય છે તો પણ નથી ખાતો. આ લોક દુઃખરૂપ છે ને પરલોક છે ઈ સુખરૂપ છે. સુખરૂપમાં પગ ઠેરાય પછી આ લોક છોડવું કઠણ ન પડે. ઈંદ્રિયું અંતઃકરણ અને અનુભવ ત્રણ પુગે ત્યાં પ્રત્યક્ષ ભગવાન છે. હંસ છે ઈ દૂધ ને પાણી નોખા પાડી શકે છે તેમ દેહ, ઈંદ્રિયું, જીવ ઈ

બધાય ભેળા ભળી ગયા છે ઈ કેમ નોખા પાડવા ? મગ ચોખા ભેગા ભળી ગયા છે ઈ ખીચડી કહેવાય. દાળ છે ઈ સ્ત્રી છે ને ચોખો છે ઈ પુરૂષ છે એને દાળનો જોગ થયો એટલે ખીચડી થઈ ગઈ. ખોટ્ય છે એમ જ રહે તો ભગવાનની મોટ્યપ ન કહેવાય. આ લોકમાં તો ભગવાનનું સુખ છે તે ઉપર વંથલીવાળા નાનજીશેઠની અને રવજીશેઠની વાત કરી. અનિરુદ્ધ, સંકર્ષણ ને પ્રદ્યુમ્ન એની મોટાઈ પણ નજરમાં ન આવે, ત્યારે પ્રત્યક્ષ ભગવાનને જાણ્યા કહેવાય.

એક ઈંદ્રિયને પરિપક્વ જીતે તો બધી ઈંદ્રિયું જીતાય ઈ કઈ ઈંદ્રિય છે ? જીભા ઈંદ્રિય એવી છે એને જે વસ્તુ ગમે ઈ ન આપવી. આહાર સૂક્ષ્મ કરવો તો જીભની ચંચળતા ટળી જાય. ન ગમે ઈ આપો ઈ કેમ અપાય ? મન ખુશી રહે એમ ન કરાય ને મન મુંજાય એવું કરાય. મન રમતું રહે તો બહુ ઠીક પડે. ઉપાસનાની વાત માતૃભાષા છે. ઈ અક્ષરધામની છે. પણ કડીયાની કે કણબીની કે કાઠીની નથી એમ સમજવું. એવી ઉપાસનાની વાત છે. કો'કનો પક્ષ રાખવો ઈ કેમ રહે ? પક્ષ રાખો તો અક્ષરધામની વાત કહેવાય. પણ ઈ વિકટ વાત છે. લીંબડો; એને વિષે કામ, ક્રોધ, લોભ વ્યાપે તો પણ એને વિષે ભ્રાંતિ ન થાય, એમ ભગવાનના સ્વરૂપમાં ભ્રાંતિ ન થાય. ધર્મમાં વર્તતો હોય ત્યારે તો ભ્રાંતિ ન થાય પણ ધર્મથી બારો વર્તતો હોય ત્યારે તો ભ્રાંતિ થાવી જોઈએ ને ! દીકરો અવળુ કરીને આવે તો પણ એમાં ભ્રાંતિ ન થાય કારણ કે ઠીકરૂં લઈને ઉભા ઉભા ખાધું ત્યારે દીકરો મળ્યો છે એટલે એમાં ભ્રાંતિ નથી થાતી. સ્વામિનારાયણે એમ કહ્યું કે અમને પદાર્થ પ્રાપ્ત થાય ને એમાં સારપ્ય મનાઈ જાય તો અમે એમ માનશું કે અમે અમારી સ્થિતિમાંથી પડયા; પણ અમે અમારી સ્થિતિમાંથી પડીએ એમ નથી. સ્વારથીયો હોય ઈ અવગુણનું ગ્રહણ ન કરે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૪ ॥**

## ૫૧૫. ઉપદેશામૃત

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી પાંચમને મંગળવાર તા.૧૫-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી થાણાપીપળી મધ્યે સ્વામિનારાયણ મંદિરમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી હરિપ્રસાદસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે કરમશી દામજી એટલા સરસ હતા કે મંદિરે આવે ત્યારે ચાલીને આવે ને ઘોડાગાડી પડખે ચાલી આવતી હોય ને પછી દર્શન કરીને જાય ત્યારે ઘોડાગાડીમાં બેસે એવા ભગત હતા. દુઃખમાં તો વૈરાગરૂપ પ્રકાશ છે; પણ સુખમાં તો કાંય પ્રકાશ નથી, નકરૂં અંધારૂં છે. સુખ સારૂ વલખા મારે છે; સુખ સારૂ થઈને આધીન થઈ જાય; સુખ સારૂ થઈને એનો વેચાણ થઈ જાય. જુની માનો દિકરો હોય એનું ગમે એટલું રાખો તોય ઈ ઓશીયાળો મટે નહીં. અલ્પસુખ હોય એમાં લેવાઈ જાય ઈ તુચ્છબુદ્ધિ કહેવાય. એક ચાનો પ્યાલો હોય તે ગધેડાના મુતર જેવો દેખાતો હોય તો ય મૂકી ન શકે. પુરૂષોત્તમ કોઈને પ્રવૃત્તિમાં જોડતા નથી એમ પુરૂષોત્તમનું પ્રધાનપણું છે. ને અધિકપણું છે. ને અક્ષર છે ઈ ગુણીયલને પ્રવૃત્તિમાં જોડે છે ને મુક્ત તો આપણે બ્રહ્મરૂપ થાઈએ તો મુક્તનું પ્રધાનપણું કહેવાય.

પછી પ્રશ્ન પૂછ્યું જે આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન એનું બહુપણું છે એમાં સર્વોપરીપણું આવે કે નહીં ? નર પડખે હોય તો નર-નારાયણ કહેવાય; લક્ષ્મી પડખે હોય તો લક્ષ્મીનારાયણ કહેવાય; ગોવર્ધન તોળ્યો એટલે ગોવર્ધનનાથ કહેવાયા. પણ એમાં સર્વોપરીપણું કેમ ? તમે સમજો છો ? ઈ અમારે જાણવું છે. જમુનાના ધરામાં દર્શન દીધું ઈ શ્રીકૃષ્ણે દીધું. વિશ્વરૂપ દેખાડ્યું; કંસને માર્યો ઈ સર્વોપરીપણું કીધું પણ બીજા અવતારના અવતારી કહેવાય પણ સર્વોપરીનું લક્ષણ ન આવ્યું.

દ્વારકાની વાતમાં અને વ્રજની વાતમાં ભેદ ન પાડવા. એમાં સર્વોપરીપણું ન આવ્યું. જમુનાના ધરામાં દર્શન દીધાં ત્યાં અવતારના અવતારી કહ્યા. રણસંગ્રામમમાં વિશ્વરૂપ દેખાડ્યું. ઈ ને ઈ દેહે કરીને ક્રિયા કરી એમાં ભેદ ન પાડવા માટે અવતાર થયા. મહારાજે અવતારી ન કહ્યા પણ શાસ્ત્રે અવતારી કહ્યા. બીજા અવતારનું રૂપ ધરી શકે એટલા જ શ્રીકૃષ્ણ અવતારી છે. આપણે તો સર્વોપરી સ્થિતિમાં કહીએ છીએ. વસ્તુ સ્થિતિમાં સમજવી જોઈએ. અને ને સમજે તો માસીનો દિકરો નથી તે સમજાવી દઈએ. આપણે તો સ્વામિનારાયણને લક્ષણમાં જ અવતારી ઘટાડવા. લક્ષણમાં ઘટાડો તો દાર્શનિક પુરાવો કહેવાય. લક્ષણ કહો તો દાર્શનિક પૂરાવો થઈ ગયો. વર્તવામાં નીમનોખ થઈ ગયો. ભજન કરજ્યો. ખબડદાર રહેજ્યો. સંપ રાખજ્યો. સંપ નહીં રાખો તો હું કઈ રીતે સુખીયા કરી શકીશ ? અમે તમને એટલું કહીએ છીએ કે આ સ્થિતિ છે એવી ને એવી રાખજ્યો; એમાં ફેર ન પડવા દેતા. બીજાનો આશરો કરવો એના કરતા એમ ને એમ બેસી રહેવું સારૂં. હવે અમારૂં દેહ કહ્યું નથી કરતું તો ય અહિંયા આવ્યા છીએ; નકર ભૂંજ્યો પાપડ ભાંગે એટલી ય શક્તિ નથી એટલે ભગવાન અને ભગવાનના ભક્તની ઈચ્છા પ્રમાણે વરતીએ તો કામ થઈ જાય.

પછી સ્વામી તે જ દિવસે બપોર પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી કૃપા કરીને વાત કરી જે ભગવાન તો ઘણા ય થઈ ગયા. તાગો નહીં એટલા થઈ ગયા. એમાં સ્વામિનારાયણ ભગવાન જેવો કોઈ નથી. કાગડા જેવો માણસીયો, એનો પણ મોક્ષ કર્યો. ને સાથે અક્ષરધામ, અક્ષરધામના પાર્ષદ ભેળા આવ્યા. ઈ માણસીયે ભગવાનને ફક્ત જોયા'તા તો ય માણસીયા ને જાવા ન દીધો. આવા ભગવાન દયાળુ છે. એને શા માટે જાવા દ્યો છો ? માણસીયો એટલે માણસીયો ! માણસમાં નોતો એવો ખેપાનીનો દીકરો હતો. કોઈએ રક્ષા ન કરી પછી એમ થયું કે મેં

સ્વામિનારાયણને જોયા છે. એવા ભગવાન દયાળુ છે પણ અક્ષરધામમાં છે ઈ ન ઈચ્છવા ! ઈ તો ખેપાની છે ! આ તો જરાક ચિંતવન કરો ત્યાં જ આવીને ઉભા રહે. એવા દયાળુ છે. ને મનુષ્યરૂપ છે માટે હાલતાં-ચાલતાં, ખાતા-પીતા સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું. **'સ્પર્શે નાસે પાપ, દર્શને દુષ્કિત નાસે'** એવા છે. માટે ભગવાનનું ભજન કરજ્યો. મનુષ્ય દેહ એણે આપ્યો છે. કેટલા જન્મનું પુન્ય હશે ત્યારે આની ઓળખાણ થઈ; સત્સંગની ઓળખાણ થઈ. ભક્તચિંતામણીમાં પરચો લખ્યો કે કબીરીયો હતો એને અંત સમે કોઈ ન રહ્યું ત્યારે સ્વામિનારાયણે સહાય કરી. એમ ભગવાનની મોટ્યપ છે ઈ જીવમાં ઉતરી જાય તો કામ થઈ જાય. અતિશય મોટા સંત હોય, એની અતિશય સેવા કરે પછી પરમેશ્વર કૃપાદૃષ્ટિ કરીને જુવે કે આ બિચારો વૈરાગ રહિત છે એને કામ ક્રોધાદિક દોષ બહુ પીડે છે માટે એના વિકાર તત્કાળ ટળે તો તત્કાળ ટળી જાય. સાધને કરીને બે, ત્રણ કે દસ જન્મે વિકાર ટળે છે. તત્કાળ જે વિકાર ટળે છે ઈ તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે છે. ભગવાન તેડવા આવે ત્યારે પાંચ રૂપિયા ભદ્રાહણ સારૂ થઈને ન રોકવા. ઠાકોરજીને સાચવજ્યો તો ઠાકોરજી તમને સાચવશે.

પછી નવા મંદિરમાં પધાર્યા ને આસન ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે **'દળતા દળતા બુક્યું એટલો લાભ'** રામવાળા રામ નથી કહેતા; કૃષ્ણવાળા કૃષ્ણ નથી કહેતા ને સ્વામિનારાયણવાળા સ્વામિનારાયણ નથી કહેતા; પણ સ્વામિનારાયણ એને નથી ભૂલતા. બીજું તો ઠીક પણ આ દેહથી ધામમાં પુગી જાવું. આ લોકના માણસ તો બોરડીના કાંટા જેવા છે. એક રોકે ને એક મોકલે એવું આ લોક છે. એવા લોકમાં રહીને રામના ઉપાસક હોઈએ તો રામના ધામમાં પુગી જાવું ને કૃષ્ણના ઉપાસક હોઈએ તો કૃષ્ણના લોકમાં પુગી જાવું ને સ્વામિનારાયણના ઉપાસક હોઈએ તો

સ્વામિનારાયણના લોકમાં પુગી જાવું. અખંડ સુખ હોય ઈ ન ભૂલાય. પણ આ લોક છે ઈ ભૂલવણી છે. હવે તો દર્શન કરી લ્યો એટલો લાભ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૫ ॥**

## ૫૧૬. પરબ્રહ્મનું-બ્રહ્મનું અને જીવના તેજનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૬ છઠ્ઠ્યને બુધવાર તા.૧૬-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે જેમ ખાવાનું જ્ઞાન છે એમ ભગવાન ભજવાનું જ્ઞાન થાય તો કામ થઈ જાય. મરવાનું કોઈને ભૂલ્યે પણ નહીં સાંભરતું હોય. જેને જેટલો અવકાશ જોતો હોય એને એટલો અવકાશ આપે. મનુષ્યદેહ જેમ મોટું થાતું જાય એમ અવકાશ થાતો જાય. બ્રહ્મનું તેજ આધીન છે; ને પરબ્રહ્મનું તેજ સ્વતંત્ર છે. આધીન પરતંત્ર છે. બ્રહ્મનું તેજ ગમે એમ તોય શક્તિ છે પણ આધીન છે. એક બ્રહ્માંડમાં પાંચ ભૂત રહ્યા છે ને એક અનંત બ્રહ્માંડમાં પાંચ ભૂત રહ્યા છે. જીવમાં પંચભૂત કેમ છે ? જીવ તો સૂક્ષ્મ છે; દેહ તો સ્થૂળ છે. જડ વસ્તુ દૃષ્ટિમાં આવે; સૂક્ષ્મ થોડુંક દૃષ્ટિમાં આવે ? જીવનું રૂપ શું લખ્યું છે ? જાણપણું બીજું કહેવું હોય તો સૂક્ષ્મ ને ચૈતન્ય કોઈ વાતમાં ન અટકે; કયાંય ક્રિયામાં ન અટકે. સ્વામીની વાતુમાં લખ્યું કે બીજે કયાંય જીવ અટકતો નથી, મહારાજને પુરૂષોત્તમ કહેવામાં અટકે છે. એક ગુજરાતનું ઘોડું ને એક કાઠીયાવાડી ઘોડું ! ભગવાન જણાય તો બ્રહ્મરૂપ થાય ને બ્રહ્મરૂપ થાય તો ભગવાન જણાય એવી આંટી નાંખી છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૬ ॥**

## ૫૧૭. નિર્વિકલ્પ સમાધિનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૭ સાતમને ગુરૂવાર તા.૧૭-૧૧-૧૯૭૭ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં

ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે વિહારીલાલજી મહારાજને શ્રીજી મહારાજમાં બહુ હેત હશે. આ હરિલીલામૃતના બે ચોપડા બનાવ્યા અને આખા દેશમાં પ્રસાદીની વસ્તુઓ હતી ઈ ઉપવાસ કરીને પણ મેળવી ને અક્ષરભુવન બનાવીને એમાં ભેળી કરી ને ગોમતી બંધાવી અને ગઢડાનો સમૈયો કેવડો કર્યો ?

આ સત્સંગીની લેન સમજવી જોઈએ; તો ગરજ રહે. આ ગરજનો અર્થ કર્યો. અહીંથી આપણે કંઠી આપીએ પણ બીજી બાઈ વર્તમાન ધરાવે ત્યારે થાય ને ? જડભરતને મતે વિધિ નિષેધ નથી પણ એને મતે મોક્ષ નથી એમ કહી દીધું. બેય અનુસ્યુત છે. સ્થૂળમાં સૂક્ષ્મ છે ને સૂક્ષ્મમાં સ્થૂળ છે. બે ય નોખા પડે તો જીતાઈ ગયું કહેવાય. જે વાત ન સાંભરતી હોય તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર થાય તો સાંભરે. તેમ નિર્વિકલ્પ સમાધિની વાત છે. એમાં સુખશાંતિ વર્તે. નિશ્ચયને જ નિર્વિકલ્પ સમાધિ કહી છે. લખ્યું એટલું બોલવું, પછી ભલે ને કોઈ ગાંડો કહે તો ગાંડો ! અલૌકિક મૂર્તિ છે ઈ સમજાઈ જાવી જોઈએ; ધ્યાનમાં આવી જવી જોઈએ.

પછી નાનુભાઈ રાઠોડે પ્રશ્ન પૂછ્યું જે પ્રતીતિ ન હોય તેને કેમ આવે ? પછી સ્વામીએ ઉત્તર કર્યો જે ભજન કરતાં કરતાં દયા થાય તે દિ' આવે. વેવારની જુક્તિ એકાંતિક પાસેથી શીખો તો ખબર પડે નકર ન પડે. તે ઉપર જગા મહારાજની વાત કરી. મોટા થકી જુક્તિ શીખ્યા હોય તો જ આવડે નહિતર ન આવડે. આ વાત સાચી નથી કહેતા તો, ભગવાનની વાત સમજાણી તે શા માટે કહી દેવી ? સાચવી રાખવા જેવી છે. રાખવા જેવી છે. વાતની કિંમત જાણતો હોય તો સાચવે. કિંમત ન હોય તો શું સાચવે ? આપણું કમળ ઉંધુ છે. મંદિરના ચાર પાંચ મોટેરા હોય એની ક્રિયા અવળી દેખે. મોટા હોય તેમાં રજ હોય, તમ હોય પણ

એમાંય મોક્ષભાગી હોય એણે મોક્ષભાગીને મળતા શીખવું. આપણે જાણીએ છીએ કે આ મુકી દઈએ તો ઠીક; પણ નથી મુકાતું. ચોખ્ખું કહી દીધું આપણો વિચાર નહિ કામ કરે પણ સત્પુરૂષનો આપેલો વિચાર કામ કરે છે. જાણે છે પણ કરી શકતો નથી, તો પોપટના જેવું થયું. પાછી વૃત્તિ વાળે, પ્રતિલોમ વૃત્તિ કરે પણ સત્પુરૂષનો આપેલો વિચાર હોય તો જ પંચવિષયનો ત્યાગ થાય. કાંઈ નથી કીધું પણ સરખી સેવાનું કીધું. પહેલા હું ખૂબ ગોખતો ત્યારે માંડ એક શબ્દ યાદ રહે ને આ વાત એમ ને એમ યાદ રહેશે ? ઈ તો શ્રવણ, મનન અને નિદિધ્યાસ થાય ત્યારે સાક્ષાત્કાર થાય.(વચનામૃત ગઢડા મધ્યનું ૧૩) કેટલા જન્મે સમજાય એવું છે ? વિમુખ જીવને અંત સમો આવે ત્યાં મૂર્છા અવસ્થા આવે ત્યારે દેહનું ભાન ન રહે. એમ ભગવાનના ભક્તને પણ થાય. ઉંઘમાં જાય ત્યારે ભગવાનના દર્શન થાય છે ને દુઃખમાત્રની નિવૃત્તિ થઈ જાય તે ઉપર કરશનબાપાની વાત કરી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૭ ॥**

## ૫૧૮. જ્ઞાનશક્તિનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૮ આઠમને શુક્રવાર તા.૧૮-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે સાઈઠ વર્ષ થયા હોય તો પણ સત્સંગ જીવમાં ન ઉતરે ને કાલનો આવે તેને સત્સંગ જીવમાં ઉતરી ગયો ઈ પૂર્વનો કહેવાય. જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ. જ્ઞાનશક્તિ કહે ત્યારે મનાય. જ્ઞાન શક્તિ શું કહેવાય ? ઉઠો ત્યારે જેમાં રાગ હોય તે દેખાય તેનું નામ જ્ઞાનશક્તિ. તમે કથા વાંચતા ઉંઘી ગયા હોય ને ઉઠો ત્યારે સાંભરે. સાંજે જે વસ્તુનો સંકલ્પ કરીને સુઈ ગયા, પછી ઉઠો ત્યારે તેનો સંકલ્પ થાય તેનું નામ જ્ઞાનશક્તિ. જે મુખ્ય હોય તે આવીને ઉભું રહે. બુદ્ધિમાં ઉતરી હોય તે વાત સમજાય ને લખાય. વાતુ કરતા કરતા

જે વાત પથ્ય પડી ગઈ તે વાત લખાય નકર સવળી ન ઉતરે; અવળી ઉતરે. મેં જ્ઞાનીનું કહ્યું એમ નથી પણ અજ્ઞાનીનું પણ કહી દીધું. મારવાનો સંકલ્પ હોય તો ઉઠીને એ જ સંકલ્પ થાય. ને ભયનો સંકલ્પ થયો હોય તો ભય દેખે. ને જ્ઞાનીને પુસ્તક વાંચતા હોય તો વાંચવાનું સાંભરે. અંતરમાં માન ટળે ભાવે વર્તે ઈ આંધળો.

પૂર્વનો સ્વભાવ કેમ નાશ પામે ? અને કુસંગથી થયેલા સ્વભાવ કેમ ટળે ? આત્મા અનાત્માના વિચારથી એક કુસંગ ટળે ને સાધુના સંગથી ટળે ઈ કુસંગથી થયેલ સ્વભાવ !

માન ટળે ભાવે વર્તે તો મોટા પુરૂષ રાજી થાય. મોટા પુરૂષ રાજી થાય તો ગમે એવું વિઘ્ન આવનાર હોય તો ભૂંડો દેશ-કાળ ટળી જાય. રંક હોય તે રાજા થાય. કાંઈ ન જોઈએ એમ રાજા થાય ! ઈ રાજા ઓલ્યા રાજા નહીં. તે ઉપર એક બાઈને ગોંડલ સરકારે આજીવીકા બાંધી દીધી તેની વાત કરી. વનમાં રહીને ન સુધરે તો વસ્તીમાં રહીને કેમ સુધરશે ? આંધળે- બહેરે સુધારી લીધું. આંધળો-બહેરો કોણ ? આગળ કીધો ઈ. તે ઉપર સુરદાસની વાત કરી. 'ભક્તરાજ' બોલ્યા ઈ સાધુનું લક્ષણ આવ્યું; 'રાજ' બોલ્યા ઈ રાજાનું લક્ષણ આવ્યું; 'દાસ' બોલ્યા ઈ પ્રધાનનું લક્ષણ આવ્યું. ને ઓલ્યા ગોલા બોલ્યા. તે ઉપર કાલીદાસની વાત કરી. નિષ્કુળાનંદસ્વામીની વાત કરી. આ તો વીસ વસાની વાત છે એમ પોતાની નાતનું દ્દષ્ટાંત આપે. કેટલાક દેહને જોગે કરીને થયા હોય ને કેટલાક કુસંગને જોગે કરીને થયા હોય ને કેટલાક પૂર્વસંસ્કારને જોગે કરીને થયા હોય. પૂર્વસંસ્કારને જોગે કરીને થયા હોય તે મલીન રજ ને તમ ને જોગે કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૧૮ ॥**

## ૫૧૯. માતૃભાષાનું અને નિશ્ચયનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૯ ને શનિવાર તા.૧૯-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં

વિરાજમાન હતા ને સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ને દલસુખભાઈ ટાંકે સાક્ષાત્ સવિતાનું કિરણ ૯૧મું વાંચ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે,

મહારાજ કહે, "જેવો મને જાણે એવો એને કરી દઉં"(ગઢડા મધ્ય પ્રકરણનું ૬૭મું) અટાણે ભગવાનના ભક્ત અધિક કહીએ તો સ્વામિનારાયણને લઈને કહીએ. જેમ રાવણની સભામાં અંગદનું પ્રધાનપણું તે રામને લઈને છે એમ. જે પોતે ન કહે કે હું આવો છું. તે ઉપર વશરામ ભગતની વાત કરી. ન સમજે તેણે ઢુંસા ખાવાના ! ઢુંસા કોણ ખાય ? ભેંસુ ખાય. દિવ્યસ્વરૂપ અને મનુષ્યસ્વરૂપ એક સમજે તે લખી શકે. એના જીવમાં વાત ઉતરી ગઈ હોય તો અલૌકિક વાતને લખી શકે. સાંભળો છો; પણ પૂછીએ કે શું આવ્યું ? તો ભુલી જાવ. તો અક્ષરધામની માત્રા નથી. જીવમાં ઉતરી જાય તો અક્ષરધામની માત્રા કહેવાય. જે પોતાનો અવગુણ બતાવે એ પ્રતાપી પુરૂષ. આ લોકમાં ઝાઝાનો આધાર ઈ કુંભારની કુતરી. ભગીરથની જેમ હિંમત સહિત કરવું.

પછી ધીરૂભાઈ ટાંક સાક્ષાત્ સવિતાનું કિરણ ૯૩મું વાંચતા હતા તે ઉપર સ્વામીએ વાત કરી જે, ગમે એટલું તપ કરે, ગમે એટલું દાન કરે, ગમે એટલું પુન્ય કરે પણ રજોગુણ ન ટળે એનું નામ પૂર્વસંસ્કાર. એક ગુરૂના બે ચેલાની વાત કરી. દેશકાળ આવ્યા વિના કિંમત ન થાય. સાદશ્યપણું એટલે સજાતિયપણું.

પછી જમ્યા પછી વાત કરી જે સાધુ ઓળખીને એને પગે પડવું ઈ કઠણ. દેહ છતાં પ્રાપ્તિ થઈ ગઈ. સુખિયા થઈ ગયા. કર્યું એનું ફળ જાતું નથી.

પછી તે દિવસે બપોર પછી પુરૂષોત્તમભાઈ સથવારાએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૯૪મું વાંચ્યું. તે ઉપર વાત કરી જે નિર્ભય થઈ જાવું; નિશ્ચયનું સુખ ઈ જ ભગવાનનું સુખ છે.પણ આપણને ઈ વાતની ખબર

નથી. સંશય રહિત, ઉત્થાને રહિત થાવું, વિચારે રહિત થાવું. બુદ્ધિમાં નિશ્ચય રહ્યો ને સંશય પણ બુદ્ધિમાં રહ્યો. ગુણ ને અવગુણ બુદ્ધિમાં રહ્યો. એક શ્લોક કે બે શ્લોકે કે સો શ્લોકે કરીને ચોખ્ખું સમજાય તે નિશ્ચય સાચો. લીમડો તે લીમડો. ભાગ ત્યાગનો માગ નથી. આમાં સાક્ષાત્ સવિતામાં બહુ ઠેકાણે બતાવી દીધું. કેટલાક શબ્દ માર્મિક હોય પણ હાથ આવવા જોઈએ. શાસ્ત્ર નવું કર્યું હોય તે માર્મિક શબ્દ મભમ બતાવી દીધા હોય પણ આને ખબર ન હોય. સાધુ કેવા છે ? કુતરા પણ જાણી ગયા કે આને ન ભસાય નકર ઈ તો પશુ જાતિ છે; મનુષ્યની ચેષ્ટા નથી. મનુષ્ય અભિમાનને આધિન હોય તેથી ન સમજે. આપણને જાગ્રતમાં જે સંકલ્પ હોય તે સ્વપ્નમાં જાય ને પછી સુષુપ્તિમાં જાતો નથી. પણ ઉઠીને જાગો ત્યારે એની ક્રિયા થાય એટલે સુષુપ્તિમાં ગયો કહેવાય. નકર સુષુપ્તિ તો ઘોર તમ છે. સુષુપ્તિમાં જાવ છો ઈ જાગ્રત અવસ્થા. ને ટેમે ઉઠાડી ધ્યે ઈ સ્વપ્ન અવસ્થા. તમે આલારામ મુક્યો હોય; વાગે ત્યારે જાગો; પણ પાછા સુઈ જાવ તો ઈ શું કરે ? કેવડી ઉપાસનાની વાત આવી ! કહ્યું ન કર્યું તો પણ અક્ષરધામ બક્ષિસમાં આપી દીધું. ભરવાડના હાથમાં હીરો આવ્યો ને બકરીની ડોકે બાંધ્યો, એવું છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૧૯ ॥**

## ૫૨૦. સરખી સેવાનું અને સંબંધવાળાનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૧૦ દશમ ને રવિવાર તા.૨૦-૧૧-૧૯૭૭ ને દિવસ પૂ. જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે થોરનું ઝાડ પડ્યું પડ્યું પાલવે એમ સંબંધીનું હેત એવું છે. ગમે એવું કઠણ વચન કીધું હોય તો પણ એક થઈ જાય ને ભગવાનના ભક્તનું હેત છે ઈ આંબા જેવું છે. ઈ તો કરે તો જ થાય. ભગવાન અને ભગવાનના ભક્તની લીલા અકળ છે. એમાં દિવ્યપણું

આવે તો નિશ્ચય કહેવાય. આંખ્ય ઉઘાડીએ તો આ ભગવાન અને આ સાધુ દેખાય ને આંખ મીંચીએ તો ઓ ભગવાન અને ઓ સાધુ દેખાય. જેમ કુટુંબીને જોઈને રાજી થાય એમ ભગવાન અને સાધુને જોઈને રાજી થાય તો એના જેવું હેત કહેવાય. આપણે તો કોઈ લોકાંતરમાંથી આવ્યા છીએ. મળ્યા છે ઈ મૂકે એવા નથી એવું એને આવડે છે. આત્મનિષ્ઠા, ભક્તિ, ધર્મ, વૈરાગની કેટલી તાગાત છે ! તાગાત તો ઉપાસનાની જબરી છે. સરખી સેવા કરવી ઈ ઉપાસનાની તાગાત છે. ઉપાસનાની શું તાગાત ? ભગવાન અને અતિ મોટા એની સરખી સેવા કરે તો સો જન્મે એકાંતિક થાવાનો હોય તો આ ને આ જન્મે એકાંતિક થઈ જાય. ઉત્તમ જ્ઞાની તો એકાંતિક થઈ જાય પણ કનિષ્ઠ જ્ઞાની હોય ઈ ઓલ્યા કરતાં ઉત્તમ થઈ જાય. એવી ભગવાનની અને મોટાની સરખી સેવા કર્યાનું ફળ છે. તે ઉપર જનકરાજાને ત્યાં અર્જુન ગયા તેની વાત કરી. તો જ આપણી ખામી છે ઈ ટળી જાય નકર આપણી ખામી ન ટળે.

સંતપુરૂષ થકી સ્થિતિ થાય ત્યારે સત્પુરૂષ વર્તે છે એ સ્થિતિ જણાય નકર સ્થિતિ ન થાય તો ન જણાય કારણ કે ચૌદ ઈંદ્રિયોની ક્રિયાને દાબીને વર્તતા હોય ને એને એકેયને પોતાને વિષે ન માનતા હોય તેને દેહાભિમાની નથી ઓળખી શકતો. તે ઉપર એક બાવાની વાત કરી. તેમ દેહાભિમાની જીવ છે એ વાંકી આંગળી છે. એની શું સ્થિતિ છે તે ઓળખી શકે ? ઈંદ્રિયોની ક્રિયાને દાબીને વર્તનારા શું આ લોકના સુખને આધિન થાય ? ઈ આ સુખને આધિન ન જ થાય. તેના સરખી સ્થિતિ થાવી જોઈએ. આપણે નાક, કાન, હાથ ને ચામડું છે. રૂપનું શું સુખ છે ઈ આંગળી થોડું પ્રમાણ કરે ? સો જન્મે એકાંતિક થવાનો હોય તે આને આ જન્મે એકાંતિક થાય. સરખી સેવાનું નામ લ્યો તો લાકડી ઉડે ! નામ તો લ્યો સરખી સેવાનું ! સ્વામિનારાયણને ત્યાં જ લેવાય. જ્ઞાનીના લક્ષણ ત્રણ કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ. ઉત્તમ જ્ઞાની હોય એ આ ને આ જન્મે

એકાંતિક થાય; મધ્યમ જ્ઞાની હોય તે બે-ત્રણ જન્મે એકાંતિક થાય; કનિષ્ઠ જ્ઞાની સો જન્મે એકાંતિક થાય. પણ જો કનિષ્ઠ સરખી સેવા કરે તો આ ને આ જન્મે એકાંતિક થાય. તે ઉપર દેવશીભગતની વાત કરી. લુવાર જ્ઞાતિમાં જેટલો સત્સંગ તે દેવશીભગતનો કરાવેલો ! વિચાર કરો તો ખબર પડે !

મળેલાનો એક શબ્દ છે અને અહિંયા બીજો આવ્યો.(ગઢડા અંત્ય પ્રકરણનું ૨૭ અને ૩૪) નિષ્કામી ન હોય પણ સ્ત્રીને ન જોવાનું નિયમ રાખે. નિર્સ્વાદી ન હોય પણ મેળાવીને, પાણી નાખીને ભગવાનની સ્મૃતિ સહિત જમે. તેને શુભ સંકલ્પ થાય એટલે મળેલ. શુભસંકલ્પ ઈ અક્ષરધામ છે. પંચવર્તમાન શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ છે. આવી રીતે પાંચ વર્તમાન હોય તેને ભગવાનનો સંબંધ, એટલો મળેલો. મળેલાને વિશ્વાસ એટલો સંબંધ. તે ઉપર એક સાધુની વાત કરી. તે મળેલો ન કહેવાય. વિશ્વાસ છે ઈ મળેલાનો સંબંધ છે. શુભ સંકલ્પ છે ઈ મળેલો. જેને પરિપક્વ નિશ્ચય હોય તેને કેવા સંકલ્પ થાય ? તો "મને સર્વે પ્રાપ્તિ થઈ ગઈ. આ સંત છે ઈ નારદસનકાદિક જેવા છે ને સત્સંગી છે ઈ ધ્રુવ, પ્રહલાદ, અંબરીષ એના જેવા છે." એવો સંકલ્પ થાય એને સંબંધવાળો કહેવાય. જેને પરિપક્વ નિશ્ચય હોય તે જ્યારે બોલે ત્યારે એવું જ બોલે જયાં પ્રત્યક્ષ ભગવાન હોય ત્યાં જ સર્વે ધામ છે એમ બોલે. ને શબ્દ તો ઘણા હોય પણ એમાં ને એમાં રહે. ઈ આપણા થઈ જાય તો કામ આવે. જ્યારે જોઈતા હોય ત્યારે હાજર થાવા જોઈએ. પણ 'વ્હાલા એ રસના ચાખણહાર, તે છાસ તે નવ પીએ રે લોલ'. એને ઈ સુખની શું ખબર હોય ? પાછલો દરવાજો ગોળના શું વખાણ કરે ? સાક્ષાત્ સવિતા આ લોકનું સુખ ને પરલોકનું સુખ બતાવે છે. પણ પરલોકનું સુખ હાથ આવે તો થાય. તે ઉપર એક જણ મુંબઈ ગયો તેની વાત કરી. તેમ પરલોકનું સુખ ગોતવા ગયો હોય ને આવું હાથમાં આવી ગયું હોય તો શું થાય ?

પછી જમ્યા પછી નારાયણસ્વરૂપદાસસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૯૭મું વાંચ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે અહીંયા ઉપયોગમાં ન આવે ઈ ત્યાં ઉપયોગમાં આવે. ઈ ન્યાયવાળી વસ્તુ આપે. અલૌકિક થઈ જાય. અહીં જામફળ આપ્યું તે ત્યાં સોનાનું આપે. રામાનુજનો મત વિશિષ્ટાદ્વૈત છે. જીવ, માયાના નિયંતા- એને ઈશ્વર કહે ને પરમેશ્વર કહે ને મહારાજે દૃષ્ટા ને દૃશ્ય બેયના નિયંતા કહ્યા. બેયનો અર્થ એકનો એક થઈ ગયો. બેયના આધાર છે. પ્રેરક છે. ને સમર્થ છે. સાટુ વાળે તે સાધુ ન કહેવાય. સહન કરી લીધું હોય તો ભગવાન તેનું ફળ આપશે ને કદાચ ન પણ આપે. આ પુસ્તકમાં એવું છે કે જેને જીવનું સુધારવું છે ને પરલોકને પામવું છે એને માટે રાખ્યું છે. મેમદા માર્યા એનું પણ રાખ્યું છે; સંતનું પ્રતિપાદન કરે ને અસંતનું ખંડન કરે એનું ય રાખ્યું છે. ભેંસના શિંગડા ભેંસને ભારે, એમાં આપણે શું ? જેને ટેમ મળે એને રોટલા ન મળે ને જેને રોટલા મળે એને ટેમ ન મળે એવું આ લોક છે.

પછી એ જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે સોનું કાંઈ ખારું-ખાટું લાગે ? એક જણ હતો તે દ્રવ્ય મળો દ્રવ્ય મળો એમ કરતો પણ એમાં તો દુ:ખ જ છે. કજીયો કરે એમાં બેયને કામ ન આવે.

**॥ ઈતિ શ્રી કિરણ પર૦ ॥**

## પર૧. એકાંતિકભક્તના લક્ષણનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદી ૧૧ જે દેવદિવાળી ને સોમવાર તા. ૨૧-૧૧-૧૯૭૭ના દિવસે પૂ.જોગીસ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સાધુની ધર્મશાળામાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળે વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી વ્રજજીવનદાસસ્વામી અને કૃષ્ણજીવનદાસસ્વામી ચોસઠપદી બોલ્યા અને લીંબુડાવાળા ભગવાનજીભાઈ વરતાલનું ૧૪મું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે ભારે વાત કરી. આશરો કોનો કરવો

ઈ બતાવી દીધું. બજારે માલ લેવા ગયા તે જોઈ તપાસીને લેવાય માટે જોઈ તપાસીને આશરો કરવો. સત્ય અસત્ય જોવું, લાભ-ગેરલાભ, સુખ-દુઃખ, ભય-નિર્ભય જોવું. આનંદ શું છે, ગેરઆનંદ શું છે ? આપણું કોણ છે ને આપણે કેના છીએ ? જો આપણે કોઈના થયા નથી તો આપણું કોણ થાશે ? દાવો કરવો છે પણ પૂરાવો કોઈ ન મળે ! લાભ બહુ થયો છે. કથા-કીર્તન-ભજન કરવું છે. ભગવાન પાસે જાવું છે ઈ આપણે જ જાવું છે પણ આ કતોહળ(ઉપાધિ) મેલવું જોઈએ. ત્યાં મૂછના થોભા સોતું નહીં જવાય પણ જીવને થોભા સોતું જાવું છે. આ ચીજ અમૂલ્ય છે. જેનું કોઈ મૂલ ન કરી શકે, કોઈ જોઈ ન શકે, જેને કોઈ કથી ન શકે, પામી ન શકે એવા ભગવાન મળ્યા છે; એવો સત્સંગ મળ્યો છે. હવે જો લાભ નહીં લ્યો તો રહી જાશો માટે અલભ્ય લાભ મળ્યો છે.

આત્યંતિક મુક્તિને પામ્યા છીએ ઈ બહુ મોટી પ્રાપ્તિ છે. સુખ તો અવધિ નહીં એટલું મળ્યું છે પણ ભોગવતા આવડે તો બંધ બેસે પણ ભોગવતા આવડતું નથી. ગોળની આંખ્યને ખબર ન પડે. કાનને સાંભળવાની જ ખબર પડે. આંખ્યને જોવાની જ ખબર પડે. અલભ્ય લાભ મળ્યો છે. આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. આજ તો આ સત્સંગની ભરજુવાની છે. શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. કામ,ક્રોધ તો ખીલ ને ધાધર જેવા છે. મોટા દૃષ્ટિ કરે તો આ ઘડી ટળી જાશે પણ મોટાનો અવગુણ તો ક્ષય રોગ જેવો છે. કેન્સર છે. ભગવાનના દર્શન થાય; ભક્તના, મંદિરના, મૂર્તિના દર્શન થાય તો કામ થઈ જાય. જન્મ સુફળ થઈ જાય. કપટી હોય એને તો છેટેથી તજી દેવા. એને ઓળખી લેવા જોઈએ.

**કુંતાજી દુઃખ માંગ કે લીનો, એહી ભક્તકી રીતી વે.** દુઃખ આપજ્યો પણ સુખ તો આપશોજ મા. સુખમાં શું છે ? દુઃખ માંગ્યું ઈ એકાંતિકનું લક્ષણ આવ્યું. એકાંતિક આ સમામાં કેટલાક છે. જો ભગવાન ઓળખાય જાય, ભક્ત ઓળખાય જાય ઈ ક્યા સુખને ભોગવે છે ? એની પાસે શું

મૂડી છે ? શું રતન છે ને આપણે કયા રતનને ઈચ્છીએ છીએ ? એની પાસે ભગવાન રૂપી મૂડી છે. દુઃખનો સમુદ્ર તો જ તરાય. દુઃખનો સમુદ્ર તો હાલ્યો જ આવે છે. પૈસામાં દુઃખ છે, સ્ત્રીમાં દુઃખ છે; ધાર્યું કરવામાં દુઃખ છે. ભજન કરવામાં દુઃખ છે ? એમાં તો મન વિરામ પામી જાય છે. ધાર્યું નથી થાતું ઈ દુઃખ છે. પણ વિચારને છોડી દ્યો તો કામ આવે. વિચાર છોડી દ્યો. તો પૂન્ય થાય ઈ જાણપણું છે. ધાર્યું નથી થાતું ઈ દુઃખ છે ને હિંમત રહે તો નિશ્ચય હાથ આવી ગયો કહેવાય.

સ્વામિનારાયણ ક્યાં છે, કેવા છે, કેવું સ્વરૂપ છે, ઈ હાથ આવી જાય. દુઃખમાં સુખ માનનારા જવલ્લે જ મળે. એનું જ નામ એકાંતિક છે. લાડવામાં દુઃખ દેખ્યું તો ભાંગવાની ઈચ્છા થાશે ખરી ? દુઃખ માન્યું તો ન ભાંગે પણ સુખ માન્યું તો ભાંગે. તે ઉપર ગુણાતીતાનંદસ્વામી અને રઘુવીરજીમહારાજની વાત કરી. સુખ છે એમાં દુઃખ દેખવું ઈ ઝાઝાને સુજે નહીં; દુઃખમાં સુખ દેખે ઈ ઝાઝા છે. સુખમાં દુઃખ દેખે એવા તો કયાંક જ મળે. પણ આ સત્સંગમાં એવી અનેક વસ્તુ છે પણ ઈ ઓળખાય જાય, એની દૃષ્ટિમાં આવી જાય તો ગંદા ન રહેવાય. દુઃખ પડે એમાં સન્મુખ ચાલે તો ખરો કહેવાય ! દુઃખ હોય એમાં હિંમત રહી ઈ દુઃખને માગી લીધું કહેવાય ! માટે સુખમાં દુઃખ દેખાયું એવી ઝાઝી વ્યક્તિ નથી મળતી. દુઃખમાં સુખ દેખવું ઈ ઝાઝા મળે. ભજનમાં લાભ છે પણ એના માટે વહેલો ન ઉઠે ને બીજું કામ હોય તો વહેલો ઉઠે. માટે ભજન કરી લેવું.બહુ મોટો લાભ થયો છે. સુખમાં દુઃખ દેખવું ઈ ઝાઝાને સુજે નહીં; દુઃખમાં સુખ દેખવું ઈ વ્યક્તિ તો અબજો મળે !

સુખથી ઉદાસ કોણ છે ? મન. નકર ભજન જેવું બીજું સુખ નથી. ભજન જેવી કોઈ મોટી પ્રાપ્તિ નથી. ભજન જેવી કોઈ સંપત્તિ નથી. ગીતામાં કહ્યો ઈ શબ્દ એકલશૃંગીનો હતો. "समलोष्टाश्म कांचनः ॥" તોય બંધન થયું. એના પગલાથી વરસાદ થયો. આવું ઐશ્વર્ય મેલીને ગોથા મંડ્યો

ખાવા. કાદવમાં પડ્યો, એને કેવો મોટો કહેવો ? આ લોકનો છે. આ લોકના માણસને એમ થાય કે; આ આપણી જ્ઞાતિનો નથી. એમ સામાને થઈ ગયું એટલે આપણું કલ્યાણ થઈ ગયું. મનનો શું અર્થ છે ? માયિક સુખ માનત રહે, માયિક સુખની કિંમત ઈ મન. માયિક સુખની કિંમત આળસી ગઈ ઈ નિજમન છે. બીજા વખાણ કરતા હોય તો બિયાર બગામણા બોર લાગે. પછી સાક્ષાત્ સવિતામાં એક શબ્દ લખ્યો છે કે; આસક્તિ વિનાનું ખાવ તો અપચો ન થાય. આસક્તિ વિનાનું ખાય તો બરાબર. ભૂખ લાગી હોય ને ખાય તો બરાબર. તમે વખાણ કરો ને અમે નિષેધ કરીએ એટલો ફેર છે. દુનિયાના જીવ પદાર્થના વખાણ જ કરે, વખાણ જ કરે, વખાણ જ કરે. એને ઓથ જ આપે ને અમારે ઈ ઓથ તોડી નાખવો છે. તે ઉપર એક રાજાની વાત કરી. વચનામૃત કારિયાણીનું ૧લું. 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'આ પૃથ્વી આકાશમાં રહી છે પણ આકાશના ભાવને પામે નહીં. જળ આકાશમાં છે, તેજ એમાં છે, વાયુ એમાં છે પણ એના ભાવને પામતા નથી. તેમ મન ભગવાનને સંઘેવાળે છે પણ અભક્ત છે એટલે એને ભગવાનની પ્રાપ્તિ થતી નથી. સુખ થાતું નથી. ઈ આલોકના બંધાણી છે. અનુભવ એકતા બ્રહ્મભૂત ઉરસે ગયો. ઈ ભક્તનું સુખ ને આ લોકનું સુખ તો ક્ષણે રૂષ્ટા ક્ષણે તુષ્ટા એવું છે. 'निरंजनः परमं साम्यमुपैति' તે બોલ્યા અંજન જે માયા તે થકી પર નિરંજન પરમ સામ્ય છે. જેને સાક્ષાત્ મલ્યા એમ કહે ઈ ઈયળમાંથી ભમરી થઈ ગઈ. એને આ ને આ ઈંદ્રિય, અંતઃકરણ કરીને અલૌકિક થઈ ગયા. ને ઓલ્યાના ઈંદ્રિયો અંતઃકરણ જન્માંતરેય ભગવાનને ન પામે. ઘુવડ કહે કે સૂર્ય છે, પણ આ તો એવો છે કે; ધર્માવ કાંટેથી સોનું લીધું ને બકાલીને કાંટે પ્રમાણ કરવા ગયો. એમ ઘુવડનો વિચાર લીધો ને પૂછવા ગયો છીપાને ને વડવાંગડાને. એને શું ખબર હોય ! જે મોઢે ખાવું એ મોઢે હંગવું. એવું એનું સુખ છે. ચાર આશ્રમ કહ્યા, પેલું બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને

સંન્યાસાશ્રમ. આ ચાર આશ્રમ છે. બાપના હૈયામાં સ્ત્રી છે તે છોકરાને પરણાવી ઘે છે. ભગવાનના ભક્તનો દોષ છે. એમાં ગુણ દેખાવો ઈ કેવડી વાત છે ! ઈ કેવડી વસ્તુ છે ! દોષાધ્યાન આ દેહમાં કરવું ને ગુણાધ્યાન સામામાં કરવું. ઓલી સામી વસ્તુ ચૈતન્ય છે ને આ જડ વસ્તુ છે. જડ ચૈતન્યનો વિવેક આવી ગયો હોય તો બંધ બેસે. ઈ અનુભવ શાથી આવે છે ? એકાંતિકના અનુભવથી આવે છે. એકાંતિકનું સ્થાન એવું છે. આ ખોરડામાં પેટી, પટારા છે ને એમાં ચીજ વસ્તુ છે. મકાન મોટું કે પેટી પટારો મોટો ? કે જેમાં ચીજ છે ઈ મોટી છે ? તેમ આ બ્રહ્માંડમાં જાણપણું છે. એમાં અક્ષર છે ને અક્ષરની માંહી પુરૂષોત્તમ છે. ઈ પુરૂષોત્તમ કેવડા છે ! ખોરડું બનાવરનારે બનાવ્યું ને એમાં બેસી ગયો. બેય ભૂખરૂને મળ્યો. જાણપણું છે ઈ જાણપણામાં અક્ષરધામ છે. ને અક્ષરધામની માંહી પુરૂષોત્તમ છે. ઈ હાથ આવે તો જીવને પ્યાલો હાથ ન રહે. દેહ છે ઈ જડ છે. સામાનો દેહ ચૈતન્ય છે. તમારી સમજણ્ય સરસ કે વિમુખની સમજણ્ય સરસ વિમુખ એમ કહે કે; પારેવાને જાર નાખો તો પુણ્ય થાય. એને એમાંથી પુણ્ય જડે છે. ને તમને ભગવાનના ભક્તમાંથી પુણ્ય જડતું નથી. ને આ કલેવરમાંથી પુણ્ય જડે છે. પણ આમાંથી શું મળશે ? આમાં તો કાંઈ નથી. વિશ્વાસ આવવો બહુ કઠણ. વિશ્વાસ કેવડી જબરી ચીજ છે ! કાંઈ ખબર નથી પડતી. લંધા બારોટ ઈ બધાય વખાણ જ કરતા હોય પણ એનો બહુ વિશ્વાસ આવી જાય. ઉઘાડે પગે હાલ્યા જાય ત્યાં સુધી એને આપી ઘે. લંધા, ઢાઢી, બારોટ ઈ બધાય પીઠવડી ગામમાં બઝાર રોકીને બેઠા, પછી મહારાજ પરવાડેથી વયા ગયા. તેથી સ્વામિનારાયણનું નામ મોચી પાડ્યું. **॥ ઈતિ શ્રી કિરણ પ૨૧ ॥**

## પ૨૨. ત્રણ તત્ત્વના લક્ષણનું

સંવત્ ૨૦૩૪ના કારતક સુદિ ૧૨ ને મંગળવાર તા.૨૨-૧૧-૧૯૭૭ને દિવસે, સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સાધુની ધર્મશાળામાં

સ્નાન કર્યા પહેલા પ્રાત:કાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી લક્ષ્મીદાસ ભગત સાક્ષાત્ સવિતાનું ૭૪મું કિરણ બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે નિ:સંશય થયો એટલે સ્થિર થઈ ગયો. હૃદયમાં એક જાણપણું છે ને એક સ્વામિનારાયણનું નામ છે ને એક નિરૂત્થાન છે એમાં કેની તાગાત છે ? નામની તાગાત અધિક છે. પણ છ ચક્રમાં ઈ નામની તાગાત છે. આમ ચક્રરૂપી સ્થાન છે. ધર્મ છે. ઉત્થાને રહિત, સંકલ્પે રહિત. સ્થિર અને અસ્થિર ગતિયું કોની છે ? મુક્તની છે. વિજળી તરીકે કહ્યા છે. પુરૂષોત્તમ નામને ઠેકાણે શબ્દને ઠેકાણે કહ્યા છે. એમાં નામ લેવું એને ઠેકાણે પુરૂષોત્તમ છે. આકાશને ઠેકાણે અક્ષર છે. ઉત્થાને રહિત થઈ જવું એની ગતિ મોટી કહી. પાછી સ્થુળ દેહની વાત લેવી જોઈ. માંહી દેખાતા હોય એની તાગાત કરે છે. દોષ દેખાય છે એજ એને ટાળવાનો ઉપાય છે. ઈ કેમ ટળે ? સંકલ્પ ટાળવાનો ઉપાય કહો ! આત્માનો વિચાર કેમ કરવો ? સારંગપુરનું ૧૨મું વચનામૃત. દૃષ્ટા સામે દૃશ્ય છે. એની સામે અસ્થિર સંકલ્પ છે. ઈ સ્થિર થઈ જાય ઈ ટળવાનો ઉપાય છે. બહુ સૂક્ષ્મ વાત છે. એટલે અવળા સવળી થઈ જાય. સ્થિર થાવાની વાત કરી. દોષ છે ઈ અસ્થિર છે ને સ્થિર થાય ઈ ત્યાગ **धर्म अधर्म च** શક્ય અને અશક્ય બે સંકલ્પ છે. બેયનો ત્યાગ કરે. પછી અધર્મનો ત્યાગ ધર્મે કરીને છે. પછી ધર્મરૂપી નિમ ત્યાગ કરવાનું નથી કે'તા પણ વિચારનો ત્યાગ કરવાનું કહે છે. પણ ધર્મનો ત્યાગ કરવાનું નથી કહેતા. આ તો મારે કહેવું એટલું જ છે. અધર્મનો ત્યાગ ધર્મરૂપી સાધનથી થાય. સંકલ્પ કેને કહે છે ? અધર્મના સંકલ્પ કહેવાય પણ ભગવાન સંબંધી સંકલ્પ ન કહેવાય. ઈ નડતા નથી ને ઓલ્યા તો નડે છે. પાછી વૃત્તિ જેની હોય એને ખબર પડે. સ્થિર વૃત્તિ જેની હોય એને ખબર પડે. સ્થિર ને અસ્થિર ગતિયું મુક્તની છે. ઈ વિજળી છે, એની અસ્થિર ગતિ નથી. ઈ નિરભે

છે. ઈશ્વર કોટી નિરભે છે. તોય સ્થિર ગતિ નથી. કારણ કે એને ગુણનું માન છે. પણ શાથી નાશ થયો ? ધર્મરૂપી નિ'મનો ત્યાગ ન કર્યો પણ સંકલ્પનો ત્યાગ કર્યો. ધર્મ રાખે એટલે અધર્મનો ત્યાગ ન કરવો પડે. ઉત્થાને રહિત થાવ એટલે ધર્મનો ત્યાગ ન કરવો પડે ઈ પણ બાજુ પર રહી જાય, ધર્મરૂપી નિ'મનો ત્યાગ ન થયો. અધર્મનો સંકલ્પ આડો આવે તો ધર્મનો ત્યાગ કર્યો કહેવાય. અંતરમાં એવું કેટલુંય કમઠાણ છે. શરીર છે ઈ આખું બ્રહ્માંડ છે; વિશ્વ છે. ઓ..હો..હો..હો ! ભગવાને શું દયા કરી છે ! જેવું સૂક્ષ્મ અલ્પ પણ આ બધાયને જાણે એવી જાણપણાની તાગાત કહી. જાણપણું શું છે ? નામ લ્યો છો, નામનું સુખ, તાગાત, ગુણ છ ચક્રને મધ્યે જણાય છે, બે ભ્રમરને મધ્યે આજ્ઞાચક્ર, કંઠમાં વિશુદ્ધ, હૃદયમાં અનાહત, નાભિમાં મણિપુર, શિશુમાર ચક્ર શિશ્નુ ઈંદ્રિય છે. એને એ બ્રહ્મરંધ્રની વચમાં અવકાશ છે ઈ કયારે દેખાય ? એની તાગાત વિશ્વાભિમાની નર, અભિમાની દેવતા એના ઉપર મુકાબલો લાદવો. હૃદયરૂપી પ્રજા છે. એને નિ'મમાં લાવવા. ''મન જીત્યું તેણે સર્વ જીત્યું'' વિશ્વાભિમાની નામે નર, અભિમાની દેવતા એને શરીરનું અભિમાન. અગ્નિ અભિમાની દેવતા એને પામે એટલે બ્રહ્મરંધ્રથી શિશુમાર ચક્ર સુધી અવકાશ છે. એને પામે-વાંસામાં થઈને પામે છે. દુઃખ દેવાનો દલમારે ભૂલ્યે ભૂંડો ભાવ નથી. પણ અંદરના છે એને જીતવાના છે. સંતનો રણસંગ્રામ છે, ને જગતનો રણસંગ્રામ છે. સંત સત્ય છે. સત્ય સંકલ્પ છે ને જગત છે ઈ અસત્ય સંકલ્પ છે. ગુણવાળાને ગુણનું અભિમાન હોય ને અવગુણવાળાને અવગુણનું અભિમાન હોય. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સ્વામી નિત્યક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોવિંદપ્રકાશસ્વામી ''શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે.'' એ પ્રભાતિ બોલ્યા. પછી

સ્વામીએ વાત કરી જે; શાસ્ત્રથી સમજો તો સમજ્યા ગણાવ. સંકલ્પ દેખાય ઈ ટાળવાનું સાધન છે. ઈ ગુરુ થકી થાય. ગુરુ દેહાભિમાની હોય તો પોતાની વાત કરે નકર શાસ્ત્રથી વાત કરે પણ સેવકની એટલી સ્થિતિ હોવી જોઈ. માયિક પદાર્થને વિષે વૈરાગને પામે ને મૂર્તિમાં લુબ્ધ થાય તો ધામની મૂર્તિ ને મનુષ્ય મૂર્તિ બેય સરખી દેખાય. એમાં રોમનોય ફેર નથી. ભગવાનમાંથી મનુષ્યભાવ ઉડી ગયો એટલે સંકલ્પ ઉડી ગયો. ત્યાં પ્રાકૃત ભાવ છે. ત્યાં સુધી સંકલ્પ ઘટે છે. મનુષ્યભાવ નથી રહ્યો તેનો કેમ તપાસ કરવો ? એની કોઈ ક્રિયામાં મનુષ્યભાવ ન આવે. ગઢડા પ્રથમનું ૨૩મું વચનામૃત- સ્થિતિ જ્યારે દેહના વહેવારમાં વર્તો ત્યારે ચોકખો વિભાગ કરી નાખવો. એક વિષયને આકારે ને એક ભગવાનને આકારે થાવું. વિષયને આકારે જ્ઞાન સ્વરૂપી ને ભગવાનના સ્વરૂપને આકારે પ્રેમયુક્ત વૃત્તિ રાખવી. ત્યારે સત્યરૂપ અને અસત્યરૂપ વિચાર આડો ન આવે. તે ટેમે નારદજીએ શુકદેવજીનો કહેલો શ્લોક છે પણ **धर्म अधर्म च** સત્યરૂપ અને અસત્યરૂપ સંકલ્પનો ત્યાગ કર. ધર્મરૂપી નિ'મ છે. એનો ત્યાગ ન કરવો. અધર્મ છે ઈ ફોગટીયો છે. ટેમ ગોતતો હોય. સ્વભાવ છે ઈ ટેમ આવે ત્યારે આવીને ઉભો રહે. માટે સત્યરૂપ અને અસત્યરૂપ સંકલ્પ છે એમાં અધર્મરૂપ જે ટેમ ગોતે છે ઈ ટેમ ભૂલી જઈ ગાંડો થઈ જાવું. પશુબુદ્ધિ કરી નાખો. જાણપણાને ખાઈ જાય ઈ તો કાફરનો રસ્તો છે. 'ફેલ સો કાફર' ફેલ કરે ઈ કાફર છે. ફેલ શીખ્યો ત્યાંથી કાફર બન્યો. નબળો સંકલ્પ છે તે એકાંત ગોતે છે. એક અંગ થયું ઈ એકાંત છે-ટેમ છે. ત્યારે મર્યાદા કાંઈ ન રહે. નકર તો આબરૂ રહે છે. શરમ રહે છે, બીજા માણસથી આડા અવળુ જોવે છે ઈ બેય એક થઈ ગયા, કાંઈ દેખતા જ નથી. માટે અસત્યરૂપી સંકલ્પને કિંમત વિનાનો કરી નાખવો. જેટલી સ્ત્રીયો છે ઈ બધીને પોતાની કરી પણ એકેયે ઘર હલાવ્યું નહીં. બધાયને પોતાની સ્ત્રીયું કરી છે પણ પોતાની એકેય થઈ નથી. તે ઉપર એક સત્સંગી ને એક

કુસંગીની વાત કરી. એવો સંકલ્પ છે એનો ત્યાગ કરવો. ઈ સંકલ્પ અધૂરીયો છે. સ્ત્રી મરી ગયા પછી સાકર વહેંચી ઈ વાત ઉભી રહેશે. સ્વભાવ તો કરોડ ઉપાય કરે તોય ન ટળે પણ એક વિચારથી ટળી જાય. સ્થિર કયાં થવાય છે ? એક બહાર ને એક અંદર બેય ઠેકાણે છે. બહાર નિર્ગુણ વસ્તુ છે ને અંદર પણ નિર્ગુણ છે. સંતનું સ્વરૂપ છે ઈ બેય એક જ સ્વરૂપ છે. એટલી વાત કરીને શણગાર આરતી કરવા પધાર્યા.

પછી સ્વામી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; જેનાં મંડળમાં જે મોટેરો હોય તેણે નિત્ય પ્રત્યે આ વાત કરવી ને સાંભળવી. જે ન કરે એણે એક ઉપવાસ કરવો ને વાત સાંભળવા ન આવે તેણે પણ ઉપવાસ કરવો. વાત કરવાને માટે લાયક હોય ઈ મોટેરો છે. એની વાત સૌ સાંભળતા હોય ઈ મોટેરો. જેની વાત સામે કોઈ ઉત્તર ન આપી શકે ઈ મોટેરો. ને મોઢા મોઢ સાચું કહે ઈ તો નાગાનું લક્ષણ આવ્યું. સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય અગર તો પારકો દ્રોહ એવું સત્ય વચન પણ ન બોલવું. જે મનુષ્ય જેવા ગુણે યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને પ્રેરવો પણ આડેધડ કાર્યને વિષે ન પ્રેરવો. અભણને ભણેલાનું કાર્ય ન સોંપાય. ઘરે તો લુંગડે ડાઘ ન પડવા દેતો હોય એને ઢોર ચારવાની ક્રિયા ન સોંપાય.

વાસના કોઈ રીતે ટળે એમ નથી પણ મોટા કહે એમ કરે એનો ગુણ આવે એની ક્રિયા ગમે તો વાસના ટળી જાય. સ્વભાવ છોડી દે તો અંતર્યામી જાણ્યા ગણાય પણ સ્વભાવ ન છોડે તે અંતર્યામી જાણે તો ''ચાકર તેરા પણ કહ્યા ન કરા'' એવું થાય. એકવાર કહ્યું કે; આમ કરીશ પછી જો ફેર ન પડવા દે તો અંતર્યામી જાણ્યા ગણાય. મનુષ્યમાં અંતર્યામીપણું શું છે ? તમારી પાસે બેસવાથી ખામી દેખાય ઈ જ ઐશ્વર્ય છે. ખામી દેખાય, કહે નહીં તોય સમજી જાય ને અળગો રહેવા મંડે. આજે

સમે એટલી જ વાત કરી છે. દોષ દેખાય ઈ જ દોષ ટળવાનું સાધન છે. મોટા પાસે આવીએ ને દોષ દેખાય એ સારંગપુરના ૭મા વચનામૃત નૈમિષારણ્ય ક્ષેત્ર કહ્યું છે. ઈ જ ઠેકાણે દાન, પુન્ય જે સુકૃત કરવું ઈ ત્યાં જ કરવું. ત્યાં જ દઢ મન કરીને રહેવું. મોતને પણ ત્યાં જ ઈચ્છવું. પછી ચંદુભાઈ સંગીતકારે પ્રશ્ન પૂછ્યો જે; સાધને કરીને દોષ ટળે કે કૃપાએ કરીને ટળે ? તેનો ઉત્તર કર્યો. મનુષ્યભાવમાં દિવ્યભાવ થયો એ દોષ ટાળવાનું જબરૂ સાધન છે. મર્યાદા ન રહે ઈ દિવ્યભાવ થયો. સખાભાવ-મિત્રભાવ એની મર્યાદા ન રહે. મનુષ્યમાં દિવ્યભાવ આ બતાવ્યો છે. મહારાજે વાત તો બહુ કરી છે. એક કુપાત્ર જીવ ને એક સુપાત્ર જીવ. કુપાત્રમાંથી મનની વૃત્તિ તોડવી ને સુપાત્રમાં મનની વૃત્તિ જોડવી એમ કહ્યું પણ પોતામાં જોડવાની કહી નથી. મારા મનમાં એમ થાય કે વાત ન કરું પણ તમે મારા છો તેથી કહું છું. આ વાત મેલીને ગમે એમ કરે તોય મુક્ત ન થાય. મુક્ત તો અમે કહીએ તો જ થાય. મનુષ્યભાવમાં દિવ્યભાવ જણાય ત્યારે ‘‘દિવ્ય અરૂ મનુષ્ય એકરૂપ કરી કે દઢ ચીના’’ એ બોલ્યા. મનુષ્યભાવમાં દિવ્યભાવ જણાય એટલે એને જન્મનો અંત આવી ગયો. જેટલી મીંદડીઓ, કુતરીયો છે એને પેટે જન્મ લીધો છે. ઈ જન્મ ખતમ થઈ જાય. નકર તો પૃથ્વી ફાટી છે પાતાળ સુધી ભરાય એમ નથી. એટલા જન્મ લીધા છે.

(કારિયાણીનું ૧૨મું) માળા ફેરવતા હશો, ધ્યાન કરતા હશો ત્યારે મન નિર્વાસનિક નહીં થાતું હોય એવું આ વાત સાંભળતા હશે ત્યારે તમારૂં મન નિર્વાસનિક થાય છે. પોતાનું કૃપા વાક્ય છે. જાગ્રત અવસ્થા, સ્થુળ દેહ, સત્ત્વગુણ. એમાં વાત પાકી નથી થાતી ને કંઠ સ્થાન, સ્વપ્ન અવસ્થા, સૂક્ષ્મ દેહ, અયથાર્થ જ્ઞાન છે એમાં વાત પાકી થઈ જાય. એવું કૃપા વાક્ય છે. ભગવાન પુરુષોત્તમની વાત આસ્તિક બુદ્ધિથી સાંભળવી ઈ થી બીજું કાંઈ સાધન મનને નિર્વાસનિક કરવાનું નથી. સ્વામી

નારાયણદાસજી કહેતા કે એકાંતિકની કચેરી ઉઠી ગઈ. જે સભા થાતી ઈ વાત વઈ ગઈ.

પછી ચંદુભાઈ સંગીતકારને **“સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજ રે”** એ પ્રેમાનંદસ્વામીનું કીર્તન બોલવાની આજ્ઞા કરી. ને પોતે ધ્યાન કરવા લાગ્યા. પછી સ્વામીએ વાત કરી જે; આવો ને આવો સમય રહે તો બહુ જબરી વાત છે. આ સમય કાંઈ નાનો નથી. આ તો સોનાની લંકા લુટાય છે. એમાં મૂર્ખો છે તે ઉંઘે છે. નકર ભગવાન પુરૂષોત્તમની વાત થાતી હોય, એના ભક્તની આંયા વાત થાતી હોય એમાં આપણે ઉંઘી જવું એ નકામું છે. ને ધ્યાન બહુ જબરી વાત છે. પણ સ્વામિનારાયણે બહુ જબરી વાત શું મેલી ? કથા-વાર્તા-કીર્તન ને ધ્યાન છેલ્લું મેલ્યું. કીર્તને તો ઉપાસના ખગ વાળી દીધી. નકર કીર્તન તો કાંઈ દેખાતું નથી. શિક્ષાપત્રીમાં શબ્દ લખ્યો. ગીર્વાણ ન આવડતું હોય એણે કીર્તન કરવા. ઈ જેવો સુગમ ઉપાય એકેય નહીં.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૨૨ ॥**

## ૫૨૩. સર્વોપરિપણાનું

સંવત્ ૨૦૩૪ના કારતક વદિ ૯ ને સોમવાર તા. ૫-૧૨-૧૯૭૭ને દિવસે સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભાણજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; સર્વોપરીપણું એટલે શું ? તો લંકામાં રાવણનું પ્રધાનપણું ને રાવણની સભામાં અંગદનું પ્રધાનપણું પણ રામને લઈને અંગદનું પ્રધાનપણું કહેવાય. એનું નામ સર્વોપરીપણું કહેવાય. જેના મંડળમાં જે મોટેરો હોય એણે આ વાત કરવી ને બીજાને સાંભળવી. મોટેરો વાત ન કરે તો એણે ઉપવાસ કરવો. ને વાત સાંભળવા ન આવે

તો એણે પણ ઉપવાસ કરવો. જે જ્યાં મોટેરો ઈ ન્યાં સર્વોપરી કહેવાય.'' જે વસ્તુ કથી જાતી નથી, પામી શકાતી નથી એનાથી પણ અધિક ઈ સર્વોપરી કહેવાય.

પછી પુરૂષોત્તમભાઈએ કિરણ ૧૯૭મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, નિશ્ચયનું નામ જ કલ્યાણ. સંશયગ્રંથી ઉડી ગઈ ઈ આત્યંતિક કલ્યાણ. ભગવાન તે ભગવાન. ભગવાનના પાર્ષદ તે પાર્ષદ, ભગવાનનું ઐશ્વર્ય તે ઐશ્વર્ય. કારણ કે ભગવાનનું ઐશ્વર્ય ને બીજાના ઐશ્વર્યમાં ઘણો જ ફેર હોય. ગાફલાઈ ટાળવાનું સાધન ખટકો રાખે કાં બીજા શિક્ષા કરે તો ટળે.અંતઃકરણનો વાંક ગાફલાઈ છે, એટલો જ છે. મોટી પ્રાપ્તિ થઈ ઈ ખોવાય જાય એનું નામ ગાફલાઈ. આ મનુષ્ય દેહ મોક્ષ આપ્યો છે. કાળ-કર્મ-માયાના બંધનથી છૂટવા માટે આપ્યો છે એમાં બંધન કરીને વયો જાય ઈ કેવો ડાયો કહેવાય ? સંતોષ થાય એટલી પ્રગટ પ્રાપ્તિ કહેવાય. નકર પરોક્ષ પ્રાપ્તિ કહેવાય. ખાધુ કેનું નામ કહેવાય ? કે સંતોષ થઈ જાવો જોઈ, તેમજ રૂપનું, શબ્દનું બધાયનું સમજી લેવું. કથા-વાર્તા કરે ને જાણપણું હોય તો દિવસ. અજાણપણું થયું, બેભાનો થયો, ખબર ન રહી, ભૂલી ગયો ઈ રાત્રિ કહેવાય.

''ધ્યેય ધ્યાતા લગી રહ્યો. સહેજ અંગ આયો અંગ''

તમારૂં દર્શન થયું એટલે આનંદ થઈ ગયો. પછી તે જ દિવસે સાંજે સ્વામીએ વાત કરી જે; સાધુ અસાધુ કોઈ 'દિ ભેળા થાવાના જ નથી. કેરી અને આંકડાનું આંકોલીયુ એક ન કહેવાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૨૩ ॥**

## ૫૨૪. પ્રત્યક્ષપણાનું

સંવત્ ૨૦૩૪ના કારતક વદિ ૧૦ મંગળવાર તા. ૬-૧૨-૧૯૭૭ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભાણજીભાઈએ કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; "પ્રત્યક્ષ છે એને કોઈ કોઈ'દિ ઓળખવાના જ નથી. પણ આ મેં કીધું એને ઓળખે તો પ્રત્યક્ષને ઓળખી શકે. એકની પાસે બેસે તો પોતાની ખામી દેખાય ને એકની પાસે બેસે તો ખામી ન દેખાય. એવી રીતે પ્રત્યક્ષને ઓળખી શકાય. પ્રત્યક્ષને દેવ પણ ન જાણી શકે. ગણેશ ધોળકાની રાણ્યુમાં દેવ ન ઓળખી શક્યા. માળીયામાં ભગવાનદાસ સ્વામીના દર્શન થયા પણ ગુણાતીતાનંદસ્વામીના દર્શન તો દેવને આભલામાંય ન થાય."

અસુર એટલે ભક્તનો અને અભક્તનો વેવાર એકજ સરીખો કહે. શાસ્ત્ર છે તે ધર્મ, અર્થ ને કામ પર છે. એને અરથે જે સુકૃત કરે ઈ કરે છે. ઈ ના ઈ કર્મ છે ઈ દેહનો આચાર સરીખો છે. ધર્મ રાખવો, ભક્તિ કરવી ઈ દેહનો આચાર છે. ભગવાનના ભક્ત જે જે કર્મ કરે ઈ ભગવાનની પ્રસન્નતાને અરથે કરે છે. ને અભક્ત કામને અરથે કરે છે. ઈંદ્રિયુંને લાડ લડાવવા માટે કરે છે. પણ આ વાત મોટા થકી સમજાય છે. અક્ષરધામ ઉપાધી રહિત છે. જો ઉપાધી બતાવો તો અક્ષરને ઓળખ્યા નથી. અગમ છે ઈ સુગમ છે. ગુરુકૃપા થાય તો જ થાય નકર તો અગોચર રહે, અળગા રહે પણ ગોચર ક્યારે થાય ? તો ગુરુકૃપા થાય ત્યારે ગોચર થાય. પુરુષ કેવડો છે ? તો અક્ષર ઈ થી પર છે. તો અક્ષરની દૃષ્ટિ કેવડી હશે ! પણ આપણી બુદ્ધિથી ન ખબર પડે. બીજા પાસેથી મોક્ષની બુદ્ધિ લેવી પડે. ઈશ્વરાનંદસ્વામી હાથથી આંખ્યું ઉઘાડતા. પાછી વૃત્તિનો આવો મહિમા છે. આ લોકમાં અક્ષરધામ છે શુભ સંકલ્પ ઉત્થાને રહિત ઈ સમાધિ. નિર્વેદ થયા ઈ સમાધિ કહેવાય. સંતોષી થઈ જાવ તો સમાધિ પણ સંતોષી થાવું કઠણ છે. પૂર્ણકામ બની જાવું.

(વડતાલનું ૯મું) આંખ્યું વિંચીને ઉઘાડે એટલીવાર સમાધિમાં જાય તોપણ એમ સમજે કે લાખું ને હજાર વરસ સુખ ભોગવ્યું છે. ઈ દિવ્ય સુખ

છે ને આંયા આ લોકમાં સુખ આપ્યું છે ઈ ઉત્થાને સહિત થાવું ઈ સુખ છે. નારાયણદાસસ્વામી કહેતા કે એકાંતિકની કચેરી ઉઠી ગઈ.નાયા પહેલા સભા થાતી ઈ આળસી ગઈ. વિષયને ટાળવા હોય તો એનો ઉપાય નિષેધ છે. ખંડન કરો એટલે ટળી ગયું. કુત્સિત શબ્દથી નિંદા કરે તો બીજો એમ જાણે કે આને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી. વિષય ટાળવાનો આ ઉપાય છે.'' આ મકાનમાં પટારો, પટારામાં પેટી, પેટીમાં નાની પેટી. એમાં સૌનો અવકાશ જુદો જુદો હોય. તેમ જાણપણું અક્ષરધામનો દરવાજો ને એમાં પુરુષોત્તમ રહ્યા છે. બ્રહ્મરૂપ દશા એની આનીકોર જાણપણું ગણો તો આધુનિક કહેવાય. બ્રહ્મકુદાળ કહેવાય. માર મારે ને ન લાગે ઈ સુખ કેનું ? ઈ સુખ અક્ષરનું છે. તે ઉપર નરસિંહ વાણીયાની વાત કરી. મૃત્યુ સમો હોય ને મરવાનો ભય ન હોય એનું નામ અક્ષરનું સુખ છે. આ લોકમાં બીજુ સુખ અનુભવ છે.

**અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,**
**જે બોલે જે સાંભળે ત્રિકુટીને તાને રે.**

એવું હોય. પછી સ્વામીએ વાત કરી જે; ભગવાન બહુ દયાળુ છે. માણસની સ્થિતિ સામું જોતા નથી. નકર તો આપણી પ્રકૃતિ, સ્વભાવ, ગુણ ઈ બધુંય જોવા જેવા છે. છતાંય ભગવાન એને ગણતા નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૨૪ ॥**

## ૫૨૫. જાણપણાનું

સંવત્ ૨૦૩૪ના કારતક વદિ ૧૪ શુક્રવાર તા.૯-૧૨-૧૯૭૭ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર સાંજે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ધીરૂભાઈએ સાક્ષાત્ સવિતાનું ૩૫મું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; દેહભાવ નાશ ન થાય ત્યાં સુધી જ જાણપણાની

જરૂર છે. જેની નિંદા કરો એની ઉપર તમારે હેત નથી. કૃત્સિત શબ્દથી વાંકુ બોલવું એનું નામ નિંદા છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૨૫ ॥**

## ૫૨૬. ભક્તમાં દિવ્યભાવનું

સંવત્ ૨૦૩૪ના માગશર સુદિ ૧ પડવાને રવિવાર તા. ૧૧-૧૨-૧૯૭૭ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝની આથમણા બારની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનના ભક્ત છે ઈ તો ભક્ત છે પણ એને શાસ્ત્ર એમ કહે છે કે;

**"જુગો જુગ જીવો એવા જોગીયા રે લોલ."**

એને જોઈને વૃત્તિ પાછી વળી જાય છે. લોઢું જ પારસમણિને પામી જાય. મુમુક્ષુ બનવું જોઈ.

**કરું ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશજી.**

આ દેશમાં ડોલું કે પરદેશમાં ડોલું ? આ દેશમાં કે પરદેશમાં પણ મોક્ષને અરથે યત્ન કરે. આ લોકના સુખનો ઈશક હોય ઈ આ લોકનો માણસ ગણાય ને પરલોકના સુખનો યત્ન કરે ઈ પરલોકનો ગણાય. સ્ત્રીનું મન પુરુષના અંગમાં છે ને પુરુષનું મન સ્ત્રીના અંગમાં. સારા લુગડા છે કે પગલા ભરે ઈ સ્ત્રી પુરુષને દેખાડે ને પુરુષ સ્ત્રીને દેખાડે છે. માટે છેલ્લો જન્મ કરવો હોય તો આ ભગવાનના ભક્ત મનુષ્ય જેવા છે પણ મનુષ્ય જેવા નથી. એકવાર કહ્યે કે બેવાર કે લાખવાર કહ્યે સમજો પણ એમ જ સમજવાનું છે. ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, એમ ભગવાન અને સાધુ મનુષ્ય જેવા જ હોય પણ કલ્યાયણકારી છે. તે ઉપર બાલમુકુંદદાસસ્વામી ગોંડલ ગયા તેની વાત કરી. વિચાર કરો તો ખબર પડે. કૃષ્ણસેવાદાસસ્વામી સોનાની લગડી જેવા હતા. **॥ ઈતિ શ્રી કિરણ ૫૨૬ ॥**

## ૫૨૭. પૂર્વજન્મના ભક્તનું

સંવત્ ૨૦૩૪ના માગશર સુદિ-૨ ને સોમવાર તા.૧૨-૧૨-૧૯૭૭ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; માંદા અને વૃદ્ધ સાધુની સેવામાં તૃપ્તિ ન થાય તો પૂર્વનો ભક્ત ગણાય. આ વિષ્ણુદાસની વાત છે. ભાઈચંદશેઠનું શું લક્ષણ ? નાથ ભક્તનું શું લક્ષણ ? કાશીદાસનું શું લક્ષણ ? દામોદરનું શું લક્ષણ ? હેમરાજ શાહનું શું લક્ષણ પ્રકાર છે. ગૃહસ્થને એકબીજાને આંખ્યું વઢતી હોય પણ વિવા વાજમ આવે એટલે ભેળું થઈ જાય. આગળનું મેલી દેવું ઈ પણ પૂર્વજન્મનો છે. આંટી ન રાખવી, સરળ પ્રકૃતિ છે ઈ પણ પૂર્વ જન્મનો છે. ભગવાનનું ને સંતનું અખંડ માહાત્મ્ય છે ઈ પણ પૂર્વ જન્મનો છે. સ્વભાવને છોડી દ્યે પણ સાધુ સમાગમ ન છોડે ઈ પણ પૂર્વ જન્મનો છે. પોતે ભજન કરે ને બીજા કરે ઈ સારૂ લાગે ઈ પણ પૂર્વ જન્મનો છે. સાકારપણાની નિષ્ઠા છે ઈ પણ પૂર્વ જન્મનો છે.

પછી તે જ દિવસે સ્વામીએ વાત કરી જે; નવ ઈંદ્રિયો તો ઠીક પણ એક ઈંદ્રિયને જીતી શકે તોય ખબર પડે. ઈંદ્રિયું છે ને મન છે ઈ ઘોડો છે. એને વશ કરવો બહુ કઠણ છે. શંકરને હેરાન કર્યા એવો છે. કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લ્યે તો ડાયો કે’વાય, મુમુક્ષુ કે’વાય, ચતુર કે’વાય. ને અલોકનું તો બગડેલું જ છે. ઈ સુધારે તો મુરખ કહેવાય. ઈ તો સુધારે તોય બગડેલું જ છે. શિષ્યને શ્રદ્ધા હોવી જોઈએ ને ગુરુને આગ્રહ હોવો જોઈ પણ ગુરુ હોવો જોઈ શાસ્ત્રમાં કહ્યા એવા. પણ ગુરુ ગુરુ કરજે ને ચાદર પછેડી દેજ્યે એવા ગુરુ ન હોવો જોઈ. **॥ ઈતિ શ્રી કિરણ ૫૨૭ ॥**

## ૫૨૮. મોક્ષનું

સંવત્ ૨૦૩૪ના માગશર સુદ ૩ મંગળવારને તા.૧૩-૧૨-૧૯૭૭ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે આસન

ઉપર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પ્રમાદ ને મોહ બે આ જીવના સ્વભાવિક રીતે રહ્યા છે. સ્થુળમાં સૂક્ષ્મમાં કારણ છે. સૂક્ષ્મ ૧૯ તત્ત્વનું, સ્થુળ દેહ પાંચ તત્ત્વનું છે. જેવું સૂક્ષ્મ દેહ છે એવું સ્થુળ દેહ છે. જો વિચારે તો કર્મ ન લાગે. માન્યતા ન હોય તો કર્મ ન લાગે. માન્યતા શું ? ને માન્યતા નહીં એટલે શું ? નોકર છે ઈ શેઠની માન્યતા ન થાય. તેમ સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યના ૩૩માં કહ્યું છે. જે રીતે મોક્ષ માન્યો હોય તે કહો. જે પદાર્થનો જોગ થાય તેનો ત્યાગ કરીએ ત્યારે નિરાંત થાય છે. તે પદાર્થને ઠોકર મારીને ચાલ્યા જાઈ છીએ. મયારાણીનું રાજ્ય ન રાખ્યું ને અમે તમારા જીવના મોક્ષને અર્થે, હિતને અર્થે આ ગુરુકુળનો સ્વીકાર કર્યો છે. નકર અમે તો ખાઈ પી ઉતર્યા છીએ.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૨૮ ॥**

## ૫૨૯. નિશ્ચયનું

સંવત્ ૨૦૩૪ના પોષ વદ-૧૦ શુક્રવાર તા.૩-૨-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં રાત્રિને સમે વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સાનમાં ન સમજો ત્યાં સુધી તમે સમજ્યા ન ગણાવ. ગઢડા મધ્યનું ૧૧મું વચનામૃત વાંચો, એમાં સ્વામિનારાયણ શું કહે છે ? કેવો નિશ્ચય બતાવ્યો છે. કોઈ'દિ ઉથડકે જ નહીં એવો નિશ્ચય બતાવ્યો છે. સર્વ કર્મનો કરનારો છે, છતાંય ઈ મોક્ષને યોગ્ય છે. જોબનપગીથી પણ આઘા છોડે એવા કર્મનો કરનારો છે. છતાંય સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિવાળો છે ને મોક્ષને યોગ્ય છે. ભક્ત અને અભક્તના દેહનો આચાર સરખો છે. ઓલ્યો ઈ ના ઈ વ્રત, દાન, યજ્ઞ,

પૂજા ઈ બધુંય ઈંદ્રિયોને લાડ લડાવવા માટે કરે છે. ને ઓલ્યો જે કાંઈ સુકૃત કરે ઈ બધાય ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. એને જે જાણે ઈ બહુ સરસ છે. એવો નિશ્ચય બતાવ્યો છે કે ઉથડકાવે તોય ઉથડકે નહીં. અળસાવે તોય આળસે નહીં એવો નિશ્ચય છે. ભગવાનના ભક્તનો ભીડો સારો લાગે તો જ નિશ્ચય કહેવાય. ભીડો સહન ન કરે તો નિશ્ચય કહેવાય જ નહીં. અમને પહેલા કાંઈપણ ગમતુ નહીં, પુસ્તક, લુગડુ કાંઈ પણ પદાર્થ ગમતું નહીં. ઈ થોડોક નિશ્ચય કહેવાય ? પછી તો ભગવાનના ભક્તનો ભીડો સારો લાગ્યો ને એને અર્થે બધુંય ગમવા મંડ્યુ ઈ જ નિશ્ચય કહેવાય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૨૯ ॥**

## ૫૩૦. આ લોકનું અને પરલોકનું

સંવત્ ૨૦૩૪ના પોષ વદિ -૧૧ એકાદશી શનિવાર તા.૪-૦૨-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં સ્નાન કર્યા પહેલા પ્રાતઃકાળે વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી.

પછી ભગવાનજીભાઈ કિરણ ૨૧૭મું બોલ્યા પછી સ્વામીએ વાત કરી જે; જ્ઞાનીને પંચવિષય છે જ નહીં. એમાં કલ્યાણકારી ગુણ શું છે ? કામ્ય કર્મની ભાવના છોડીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. કામ્ય કર્મનું ફળ તો સ્વર્ગ,મૃત્યુ ને પાતાળના ફળને ભોગવે ને ઓલ્યો તો ગુણાતીત એવું અક્ષરધામ તેને પામે. એમ જ્ઞાનીના પંચવિષય પોતાને હેરાન નથી કરતા અને બીજાને પણ હેરાન નથી કરતા. આંખથી ભગવાનનું રૂપ જોવાય છે. મનથી મનન થાય છે. ચિત્તથી ચિંતવન થાય છે. અહંકારથી અભિમાન ધરાય છે. બુદ્ધિની બાથમાં આવી જાય. જ્ઞાનની બુદ્ધિની બાથમાં આવી જાય. એમ થોડી બુદ્ધિ હોય તોપણ ઝાઝી બુદ્ધિવાળો જાણવો. ને તેને બધાય માણસ કરતા શ્રેષ્ઠ કહ્યો ને તે બધાયમાં માન્ય છે. પૂજ્ય છે.

શ્રેષ્ઠ છે ને પાછું વળી બધાય કર્મનો કરનારો છે. છતાં સ્વામિનારાયણ લખી આપે છે કે મોક્ષને યોગ્ય છે. પણ એમાં ન સમજાય.

**"ગુરુ વિના જ્ઞાન નહીં, ગુરુ વિના દયા નહીં; ગુરુ વિના આત્મવિચાર ન લહત હૈ."**

બે પ્રકારના ભક્તની જ વાત કરી છે. કામ્યકર્મને આધીન છે. એને અજ્ઞાની લખ્યો ને કામ્યકર્મને છોડીને વર્તે છે એને જ્ઞાની લખ્યો છે. સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનું ફળ ભોગવે. ને ઓલ્યો તો ભગવાનને અર્થે કરે છે. પછી જ્ઞાન હોય કે ન હોય, વૈરાગ્ય હોય કે ન હોય પણ એને જ્ઞાની કહ્યો છે. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. ઈ બુદ્ધિવાળો છે. ઈ જનક છ બીજો કોઈ નથી. ઈ જ સર્વ કર્મનો કરનારો છે, છતાંય મોક્ષને યોગ્ય છે. રાજા છે ઈ આ લોકનો છે છતાંય જનક ઓલ્યા લોકના હતા. આ દુઃખરૂપ શરીર આ લોક છે. સુખ છે ઈ પરલોક છે. ઈ પરલોકના હતા. આ લોકના નો'તા. પર એટલે શું ? અક્ષરધામ પર કહેવાય કે બીજાની પાસે છે ઈ પર કહેવાય ? આપણાથી પૃથક્ છે ઈ પર કહેવાય. દેહરૂપ છે ઈ આ લોક છે. દેહથી આળસી જાવ એટલે સુખ થઈ ગયું. પરલોક થઈ ગયું. તેમ જનકરાજાને રાજાનો અંશ ન લાગ્યો. પ્રહલાદની જેમ થઈ ગયું. જે સુખ છે ઈ પરલોક છે. જો પરલોકની વ્યાખ્યા આટલી જ, પોતાના અવગુણ સુજે ઈ આ લોક. બીજાના ગુણ સુજે ઈ પરલોક છે. પોતાનો અવગુણ સુજે ત્યારે બીજાનો ગુણ સુજે તો જ પોતાના અવગુણ સુજ્યા કહેવાય. ઈ પોતાને ધિક્કારતો હોય. આ લોકને પરલોકને છેટું જરાય નથી. સંધી જેટલું જ છેટું છે. સંધીની ઓલીપા ઓલ્યો લોક ને આનીપા આ લોક. એક લાભ ને ગેરલાભ, હાનિ ને વૃદ્ધિ, સુખ ને દુઃખ એટલો પરલોક છેટો છે. જો વૃદ્ધિ થાય તો આલોક ને હાનિ થાય પરલોક છે. એમાં એને સુખ દેખાણું એને કે'દિ દુઃખ આવે ? જો લાભ થાય તો આ લોક ને ગેરલાભ થાય તો પરલોક છે. દેહરૂપ ન થાય તો સુખ મળે. માટે

બહુ મોટો લાભ થયો છે. સુખનો તો કોઈ સીમાડો નથી. ભગવાન તો અગમ છે, પર છે, કર્તા છે, સર્વના આધાર છે. પ્રેરક છે. પણ એનો લેપ એને અડતો નથી. એવા નિર્લેપ છે. અસંગી છે, સંગી થકા નિર્વિકાર છે. વિકાર અડતો નથી. જ્ઞાનીના પંચવિષય પોતાને ય મુક્તિ આપે ને બીજાને ય મુક્તિ આપે. ને અજ્ઞાનીના પંચવિષય ખરાબ છે. બહુ મોટા સુખની આશા હોય એનો આશય કેવો હોય ? અલ્પ સુખમાં ન લેવાય એવો આશય હોય એને ઓલ્યો અલ્પ સુખમાં સલવાય જાય. તંતીમાં સલવાય જાય. વિકારવાળી વસ્તુ છે. વિશ્વાસ છોડાવી દ્યે એવી વસ્તુ છે. વિશ્વાસ ઉડી જાય એટલે ગુણમાં અવગુણ દેખાય. શુભ ક્રિયા છે છતાંય અશુભ ક્રિયા દેખાય. ભગવાન કયાં છે ? કેવા છે ? શું ખાય છે ? શું કરે છે ? ભક્તના કેવી રીતે છે ? વિષયમાં સુખ ઈ અભક્ત, વિષયમાં સુખ નહીં ઈ ભક્ત, એના ભગવાન છે. વિષયને આધિન છે ઈ અભક્ત. વિષયને કાગવિષ્ટારૂપ જાણતો હોય, અસાર જાણતો હોય ઈ ભક્ત છે. વચનામૃતની વાત છે. મારી ઘરની વાત નથી. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એમાં વરતવું ઈ અન્વયપણું ને જુદા વરતવું ઈ વ્યતિરેકપણું છે. એમ જોવો તો ખબર પડે તો ભગવાનના ભક્ત કેવી વ્યક્તિ છે. પારસમણિ હતી પણ કાદવમાં ફેંકી દીધી તે કોઈ રીતે લઈ શકે નહીં. તેમ ભક્તને પંચવિષયરૂપી કીચડમાં મૂકી દીધા ઈ કેમ નીકળે ? ભોગાવો નદી છે ને ભરતીયું ગાડું છે. પંચવિષયને વચોવચ નાખ્યા છે. કોઈનું ગજુ નહીં કે નીકળી શકે. લાડવાનો, જલેબી ને મેસુબનો તિરસ્કાર કરો ઈ આવે ને ચાહના કરો ઈ વસ્તુ અળગી થાય. આ સમજણ્ય ને આ અણસમજણ્ય બેય છે. આ લોકમાં-પરલોકમાં પદાર્થને તજીને વરતે છે ઈ જ અલૌકિક છે. આ લોકમાં ટાઢ, તડકો બધુંય લાગે. વાડ વિના વેલો ન ચડે એવી વાત છે. છતાંય વાડ વિના વેલો ચડી જાય ઈ કેવી વાત છે ? મરીને પામવા છે ઈ દેહ છતાં મળ્યા છે ઈ જ્ઞાન. અગમ હતા ઈ સુગમ થઈ ગયા. પર હતા ઈ સાક્ષાત્ થઈ ગયા. ન લખાય ઈ લખી નાખ્યા.

**દિવ્યરૂ માનુષ્ય એકરૂપ કરી કે દૃઢ ચીના,**

**અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવીના.**

ધર્મ ને અધર્મ, જ્ઞાન ને અજ્ઞાન, વૈરાગ ને અવૈરાગ, ભક્તિ ને અભક્તિ બે છે. ચોર ને શાહુકાર બે છે. આપણા દોષ છે ઈ એક દાણ ટાળીએ, બે દાણ ટાળીએ ને પાછા આવે ઈ દોષ આપણી જરૂર હાનિ કરશે. દેહ છે ઈ ખાડો છે. ખાડામાં તો કચરો, પૂંજો, ધૂળ ને લાકડું એવું હોય, તેમ દેહમાં દેહાભિમાની જ હોય પણ દેહમાંથી વિરક્ત થાય તો અલૌકિક થાય. દેહની માન્યતા નથી ઈ દેહથી રહિત છે. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહમાં એકાત્મપણે સુખ દુઃખ પોતાને વિષે માને તો અન્વય ને પોતામાં સુખ દુઃખ ન માને તો વ્યતિરેક છે. કેવી વાત અમૃતની પેઠે પાન કરવી ને કેવી વાત પાન ન કરવી ? કૃત્સિત શબ્દ હોય તોપણ ઈ વાણી સાંભળવી. પોતાનો દેહ તથા દેહના સંબંધી એનું ખંડન કરતો હોય તોપણ એનું પાન કરવું ને દેહ તથા દેહના સંબંધીના વખાણ કરતો હોય એવી વાત તો ઝેરની પેઠે ત્યાગ કરવો. તીખા બાણ જેવું વચન ક્યારે મારવું ? ભગવાનના ભક્તનું જે ઘસાતુ બોલતો હોય એને તીખા બાણ જેવું વચન મારવું. સત્સંગમાંથી જે પાછો પડી ગયો હોય એને તીખા બાણ જેવું વચન મારવું. ઓળખવા ઈ જબરી વાત છે. જે વસ્તુ જેવી છે એવી જાણવી ઈ બહુ મોટી વાત છે. જનકની સમજણ્ય છે. આ સાર છે ને આ અસાર છે. આ હાનિ છે આ વૃદ્ધિ છે. આ લાભ છે ને આ ગેરલાભ છે. આનો પગ આગળ છે ને આનો પગ પાછો હટ્યો ઈ જાણવું જોઈ. સત્સંગમાં વધે તો આગળ પગ કહેવાય ને ઘટે તો પાછો પગ કહેવાય. એક આગળ છે એક પાછો હટતો જાય છે ને એક બરોબર રહે છે ઈ ત્રણ જણ છે. એને જાણપણાવાળો દેખે છે. ભગવાનના એકાંતિક ભક્ત છે ઈ જાણપણાવાળા છે. એનો સમાગમ કર્યો હોય ઈ દેખી શકે. કુરપણું ન કરવું ઈ આચાર્યના ધર્મમાં લખ્યું છે. સાધુએ ચાર ચક્ષુ ન થાવું ઈ સાધુને લખ્યું છે. રાજ ગામ

દીઠ છુપી પોલીસ રાખે. ચોરે, કુવે, સીમાડે ને બીજા રાજ્યમાં છૂપી પોલીસ રાખે. સાધુને ચાર ચક્ષુ ન થાવું. ચાર ચક્ષુ થાય તો સાધુ હોય તોય લપટણો થઈ જાય. પોતાની સ્થિતિમાંથી પડી જાય. તમે ઓલ્યાની હારે બંધાણા એટલા જો આની હારે બંધાવ તો કામ થઈ જાય. એનો પક્ષ ન મૂકો, એનો અવગુણ તમને ન આવે. એને મૂકીને જાવું કયાં ? એમ થાય. એમ જ આની કોર થઈ જાવું જોઈ. ભગવાન ભેળા ભળે તો સાચાનો ટેમ આવી જાય. ને ભગવાન અળગા થાય તો ટેમ આળસી જાય. પંચવિષય છે ઈ જ દુઃખનો ઉદધી છે. ભગવાને એને જોઈ તપાસીને આપ્યું છે.

સોનાના દોરા જેવું થાવું. મીણે પાયેલ દોરા જેવું ન થાવું. પછી સ્વામીએ વાત કરી જે; માણસ ભેગા કરવા કઠણ નથી પણ એને માણસ કરવા કઠણ છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૩૦ ॥**

## ૫૩૧. ઉપદેશામૃત

સંવત્ ૨૦૩૪ના મહાસુદિ ૫ રવિવાર તા.૧૨-૨-૧૯૭૮ના દિવસે સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજ થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ કહે છે એને સહન કરવા શીખ્યો તો આ જગતમાં ટચ મારી દીધો. આ સાધુ ભેળા રહીને એના ગમતામાં ન રહેવાય. મંદિરમાં છીએ પણ મંદિરમાં કેમ રહેવાય એમ ન આવડે. સત્સંગમાં છીએ પણ સત્સંગમાં કેમ રહેવાય ? સત્સંગ આપણો થયો હોય તો ન્યાં જ પુગે બીજે કયાંય ન જાય. આ લોકનું સુખ ભેગું કરો તોય રહે એમ નથી.

### "જૈસે બુઢે બેલકું, ખેડૂત દેવત નહીં ખાણ"

તે બોલ્યા ને વાત કરી જે; સર્વોપરી ભગવાન મળ્યા છે; સર્વોપરી આ ટેમ આવ્યો છે. સર્વોપરી આ સત્સંગ છે. આ મળ્યા છે ઈ મૂકે એવા

નથી, એવું એને આવડે છે. નસ્તર મારીને દેહમાંથી કાઢી નાખશે. હિરજી સુતારને કર્યું એમ કરશે. નસ્તર મારીને દેહની ખબર ન રહેવા દીધી, તેમ આપણને પણ ધામમાં તેડી જાશે. મુકતજીવનદાસ પત્તર લેવા ગયો ને મરી ગયો. બાળમુકુંદદાસસ્વામીનો દ્રોહ પેટ ભરીને કર્યો હતો. લાભ મળ્યો છે ઈ મૂકી ન દેવો. મનનું ધાર્યુ ન કરવું તો ભગવાન રાજી થઈ જાય, ભગવાનના ભક્ત રાજી થઈ જાય. વિના પ્રયોજને ટેમ ન કાઢવી, એમ મનનું ધાર્યું ન કરવું.

પછી તે દિવસે સાંજે સંધ્યા સમે પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ '**यत्रो त्रिसर्गो मृषा**' ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં. અને ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે. માયાના સર્ગરૂપ કપટ જેણે એવું ભગવાનનું સ્વરૂપ છે. મુક્તનું સ્વરૂપ ઉત્થાને રહિત છે. જ્ઞાની છે ઈ શૂન્ય સમતાવાળો છે. પણ બારો નીકળે ત્યારે અજ્ઞાનીની પેઠે ચાળા ચૂંથતો ફરે ને સર્વોપરી ભગવાનનું સ્વરૂપ એવું લખ્યું કે, અતિશય મોટા હોય એને નિર્દોષ સમજે, નિર્વિકાર સમજે, નિષ્પાપ સમજે તો પોતે નિર્દોષ થઈ જાય ને કુતરા જેવો કામી હોય તોપણ નિષ્કામી થઈ જાય. તો તમે જગતને અને ભગવાનને દીઠા ગણાય. કામ્ય કર્મના કરનારા છે જગત છે ઈ જ. ને આ નિષ્કામ છે. નિષ્કલંક છે. ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે ઈ કામ્યકર્મ થકી રહિત છે. એની ઉપર ભગવાનની અતિશે પ્રસન્નતા થાય છે. એનું સ્વરૂપ સમજવું બહુ કઠણ પડે. મોટા છે ઈ પ્રવૃત્તિમાં વર્તે ત્યારે હજારૂ ને લાખુને જડભરત અને દત્તાત્રેય જેવા કરી મેલે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૩૧ ॥**

## ૫૩૨. વચનામૃતના મહિમાનું

સંવત્ ૨૦૩૪ના મહાસુદિ ૬ રવિવાર તા.૧૩-૨-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન

થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; વાત છે ઈ કરામત છે. અલૌકિક છે. વચનામૃતની વાત અર્તક છે. કોઈના જાણ્યામાં આવે નહીં. કોઈના પામવામાં આવે નહીં. કોઈના પકડવામાં આવે નહીં. કોઈની બુદ્ધિમાં આવે નહીં. ઈ તો અનુભવના શબ્દો છે.

**જ્યાં ન પૂગે રવિ, ત્યાં પૂગે કવિ,**

**જ્યાં ન પૂગે કવિ, ત્યાં પૂગે અનુભવી.**

પણ 'જ્યાં લગી મન ડગમગે ત્યાં લગી બ્રહ્મ ન પ્રકાશે.' આ દુનિયાને પંચવિષયનું સુખ છે. પણ આ તો કઈ રીતનું સુખ છે ? કોઈના કથ્યામાં, કહ્યામાં, ધાર્યામાં, વિચાર્યામાં, પામવામાં ન આવે એવું અલૌકિક સુખ છે. ઈ સુખને પામ્યા હોય એને આ લોકનું સુખ શું ગણતરીમાં છે. એને તો આ લોકનું સુખ છોકરાનું ખેલવણું થઈ જાય. બીજા પ્રકરણની ૪૪મી વાત છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૩૨ ॥**

## ૫૩૩. કાળાદિકના પ્રધાનપણાનું

સંવત્ ૨૦૩૪ના મહા સુદિ-૮ બુધવાર તા.૧૫-૨-૧૯૭૮ ને દિવસ ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાની ઉગામણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પદાર્થનો જોગ થાય ત્યારે તે રૂપ થઈ જવાય ઈ મનનો વાંક છે ને માનસી પૂજા સમે સંકલ્પ થાય ઈ જીવનો જ વાંક છે. આથી કરીને સાધુ અસાધુ ઓળખી લેવા. હરિભક્ત અને કુસંગીને ઓળખી લેવા. કંઠી બાંધી હોય પણ કુસંગીનો કાકો એમ સમજી લેવું. આવી રીતે કળાથી નોખુ પાડવું. સમાધિએ કરીને સત્સંગ ન થયો

પણ આ સાધુએ વર્તમાન પાળ્યા ત્યારે સત્સંગ થયો ને સમાધિથી તો જગત દબાય જાય એટલું થાય. વિષય ઈંદ્રિયુંમાં જ રહ્યા છે. એમાંથી વિશ્વરૂપની કળાથી નોખું પડાય. "એક વાતનો બરાબર છેડો લ્યે તો ઈ વાત આવડે પછી બ્રહ્મા જેવડો ડોલાવે તો ય ન ડોલે. વિશ્વરૂપની કળા સમજવી બહુ વિકટ મામલો છે. બહુ થાય તો પરચો ઈચ્છે. પણ પરચો ઈચ્છે એને પામર જાણવો એમ લખ્યું છે. સંપ્રદાય મહારાજના દોર ઉપરથી હેઠો ઉતરી ગયો ઈ પરચાને લઈને જ, પણ સાધુ અસાધુને ઓળખવા ઈ બહુ જબરી વાત છે. આપણે તો પરચાનો સાવ નિષેધ કરીએ છીએ પણ બીજાને તો પરચાની વાત જીવમાં ઉતરી ગઈ છે."

લખુ ચારણ જબરી બહુ હશે, એણે મહારાજનું કહ્યું ન કર્યું. કાળનું પ્રધાનપણું કયે ઠેકાણે જાણવું ? માયાનું પ્રધાનપણું કયે ઠેકાણે જાણવું ? કર્મનું પ્રધાનપણું કયે ઠેકાણે જાણવું ? ઘણાક માણસ ભજન કરતા હોય તે ઠેકાણે એકાંતિકના કર્મનું પ્રધાનપણું જાણવું. મારકુટ થાતી હોય, વહાણ બુડી જાય તે ઠેકાણે કાળનું પ્રધાનપણું જાણવું. ને મહાપાપી પુતના એને માતા યશોદાની જેમ ગતિ આપી. ઈ ભગવાનનું પ્રધાનપણું કહેવાય. ભગવાનના ભક્તમાં વિશ્વરૂપની કળા હોય પણ પરચાનું કહીએ ઈ ખોટું છે. તો તો વ્યાપકાનંદસ્વામીની જેમ બંધીખાનું આવે. ઘોડીની જીવતી કરી, બ્રાહ્મણના છોકરાને જીવતો કર્યો. એવા પરચા આવ્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૩૩ ॥**

## ૫૩૪. અવતાર-અવતારીના સુખનું

સંવત્ ૨૦૩૪ના મહા વદિ ૧૩ મંગળવાર તા.૭-૩-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાને વિષે આસન પર વિરાજમાન હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ લોકમાં ભગવાનનું સુખ શું ? પસ્તાવો ન થાય, ખરખરો ન થાય, ખોટ મટી જાય ઈ. પસ્તાવો ન થાય ઈ કેવી વાત છે ! ધર્માદો કરો ને એમ થાય કે આ ખોટે ઠેકાણે અપાય ગયું એમ પસ્તાવો ન થાય ઈ ભગવાનનું સુખ છે. આ લોકમાં અનેક કાર્યોમાં પસ્તાવો ન થાય. મને પસ્તાવો નો'તો થયો. જૂનાગઢના કોઠારમાં હતો ને આળસ્યો ત્યારે મને પસ્તાવો નો'તો થયો. પસ્તાવો ન થાય એનું નામ ભગવાનનું સુખ. પરલોકમાં તો હાથ આવે પણ આહીં હાથ આવવાનું કઠણ છે. અહીં અક્ષરનું સુખ શું ? પોતે કુતરા જેવો કામી હોય પણ અતિશય મોટા હોય એને નિષ્કામી જાણે તો પોતે નિષ્કામી થાય, નિર્લોભી થઈ જાય, નિસ્વાંદી થઈ જાય, નિર્વેદ થઈ જાય ઈ ભગવાનનું સુખ. પણ ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં. ઈ અવતારની ઉપાસના થઈ પણ અવતારીની ઉપાસના ન થઈ. અવતારી તો આપણામાંથી માયા નીકળી જાય તો કહેવાય.(વડતાલનું ૫મું વચનામૃત) દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા તે મને પામે તે તરી જાય. ભગવાનને નિર્ગુણ સમજ્યા ને પોતે નિર્ગુણ ન થયો ઈ અવતારની ઉપાસના થઈ ને ઓલી અવતારીની ઉપાસના થઈ. આ તો અવતાર અને અવતારીનો વિભાગ પાડી દીધો.(ગઢડા મધ્યનું ૧૧મું વચનામૃત) શાસ્ત્ર ધર્મ, અર્થ ને કામ પર છે. એને અરથે જીવ કર્મ કરે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ ત્રણ લોકમાં ભોગવે છે. ઈ ના ઈ શુભ કર્મ ભગવાનને રાજી કરવાને અર્થે કરતા હોય તેને ઈ ઓળખી શકે. માટે એને મનુષ્યમાત્રમાં શ્રેષ્ઠ લખ્યો છે. મોક્ષને યોગ્ય લખ્યો છે ને સર્વ કર્મનો કરનારો લખ્યો છે. પાછો એને જગતમાં લખી નાખ્યો. જગતથી નોખો ન લખ્યો. કર્મના કરનારા બ્રહ્માદિક દેવ, વશિષ્ટ, પરાશર, વિશ્વામિત્ર છે. ઈ ચાર તો કર્મના કરનારામાં ગણાય ગયા. એને શું અવતારની ઉપાસના કહેવાય ? ભક્ત આ લોકમાં હોય એને ઓળખવો કેમ ? એને ઓળખો એટલે તમે

નિર્વિકારી થઈ જાવ, નિષ્પાપ થઈ જાવ, નિષ્કલંક થઈ જાવ. અતિશય સ્વારથ જાગે તો મનુષ્યભાવ ન આવે.(ગઢડા પ્ર.નું ૨૪મું) આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો છે. છતાંય સત્સંગમાં પડ્યો છે માટે એના ભારે પુણ્ય છે. એમ માને તો સ્વારથ મનાય ગયો ગણાય. ઓળખવું બહુ કઠણ છે. ટાળવા કરતા ઓળખવું ઈ બહુ કઠણ છે. ધર્મ પાળવો ઈ ધર્મ કહેવાય. ને ધર્મ પાળતો હોય એને ઓળખવો એનું નામ સ્વરૂપનિષ્ઠા. સામાને સંકલ્પ થાય છે કે નથી થાતા ઈ ઓળખવું કઠણ છે. મને તો સ્વરૂપનિષ્ઠા બહુ આકરી લાગે છે. ધર્મ પાળનારાને ઓળખવો બહુ કઠણ છે. માનસીપૂજા કરો ત્યારે ભૂંડા સંકલ્પ થાય ઈ ખામી કોની કહેવાય ? પદાર્થનો જોગ થાય ને ભૂંડા સંકલ્પ થાય ઈ ખામી શેની કહેવાય ? મનનો વાંક છે ઈ જીવ ભેળો નથી થતો ઈ મંદવેગ છે, એના કર્મમાં ફેર છે. ને ઓલ્યો તીવ્રવેગ છે, એના કર્મમાં ફેર છે ને ઓલ્યો તીવ્ર વેગ છે. એમાં ફેર છે. ઓલ્યો તીવ્રવેગ છે ને ઓલ્યો મંદવેગ છે. તદનુસારે જીવપ્રાણીમાત્રને એક એક વિષયમાં તીવ્રવેગ છે. નેત્રે જોવું, કાને સાંભળવું, સ્પર્શ કરવો, ચાખવું, સંકલ્પ કરવો ઈ ઉભું છે. અભિમાન ધારવું અહંકારનો સ્વભાવ છે. ચિત્ત ચિંતવન કરે પણ ભગવાનને દેખે એટલે વિરામ પામી જાય. ભગવાન અને ભક્તમાં હેત થાય તો તીવ્રવેગવાળો છે તોપણ નિષ્કલંક છે. ને આ ધર્મ પાળે છે પણ ભુંડા ઘાટ થાય છે. એને ઓળખી જાવો જોઈ. એના લક્ષણથી, ક્રિયાથી, ગુણથી, સંગથી ઓળખી જાવો જોઈ. દાડે દાડે વધતો જતો હોય ઈ માનસી પૂજા કરે છે અને ઘટતો હોય ઈ માનસી પૂજા નથી કરતો. શુકસ્વામી બહુ મોટા સાધુ છે. એ તો મુક્તાનંદસ્વામી જેવા છે. આ વાત હાથ આવી જાય તો બંધ બેસે. જેવી પરોક્ષને વિષે પ્રીતિ છે એવી પ્રત્યક્ષને વિષે આવે તો મુદ્દો હાથ આવ્યો ગણાય. એકને માનસી પૂજા કરે ત્યારે ભૂંડા ઘાટ થાય છે. શુકસ્વામીની લેનથી સમજવું જોઈ. માનસી પૂજાની લેનથી સમજવું જોઈ. એના ગુણથી, લક્ષણથી, બેઠકથી ઓળખી કાઢવો ઈ બહુ કઠણ છે.

**"ખાય ખૂણે લસણ લક્કી રે, તે ગંધ કરે છુપાવાનું."**

તે બોલ્યા જેમ છે તેમ જણાયા વિના રહે નહીં. ઠુંઠો હાથ સોડમાં સંઘરે તોય કળાય જાય, તો આપણી પ્રકૃતિ જડ અને સામાની ચૈતન્ય છે. ઈ અનેક છે. આપણે અનેક પ્રકારના છઈ એમ ઈ પણ અનેક પ્રકારના છે. એમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, દેવ, દૈત્ય અનેક પ્રકારના છે. સ્વરૂપનિષ્ઠા ઓછી અટકી રહી છે ? ઈ બધુંય સામામાં છે. પરલોકમાં છે એથી કરીને ભક્તમાં તફાવત થઈ જાય. કોઈ સ્વરૂપનિષ્ઠાને આધિન હોય, કોઈ તપને, કોઈ વૈરાગ્યને, કોઈ આત્મનિષ્ઠાને આધિન હોય. કોઈ વિશ્વાસ પામ્યો હોય. કોઈ વિશ્વાસ પામ્યો ન હોય. પુંજો ડોડીયો નથી થયો. ઈ તો સંત કહેવાય. પુંજા ડોડીયાને વેવારમાં લખ્યા છે. આસક્તિ છે ઈ જ જગત છે ને આસક્તિ રહિત છે ઈ ભગવાન સંબંધી છે. ભગવાન સંબંધી સુખ કેવું છે ? અક્ષરનું સુખ શું છે ? કાલે અમે પીપલાણે વાત કરી. ભગવાનનું સુખ એવું છે કે પાછળથી પસ્તાવું ન પડે. ખરખરો ન થાય, વ્યાધિ ન થાય. આનંદ આનંદ વરતે ઈ સુખ ભગવાનનું છે. પ્રાયશ્ચિત કર્યા પછી ખરખરો ન થાય. પસ્તાવો ન કરવો પડે ઈ સુખ ભગવાનનું છે. મરવું છે પણ એને પસ્તાવો ન થાય નકર તો મરવાનું કહે ત્યાં જ પસ્તાવો થાય. પસ્તાવો ન થાય ઈ ભગવાન સંબંધી સુખ આલોકમાં ભગવાને ભક્તને પેરામણીમાં આપી દીધું છે. જે જે શાસ્ત્ર છે ઈ ધર્મ, અર્થ અને કામ પર છે. ને એને અર્થે જ સુકૃત કરે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં ભોગવાય છે, ને પછી પાછો પડે છે. ને બીજો ભક્ત છે તો આના જેવો, કામનો કરનારો છે. બેય દેહધારી છે પણ ઓલ્યો ઈ ના ઈ કર્મ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે ને ઓલ્યો પેટને અર્થે કરે છે. મોક્ષકામ પરલોક પામવા સારૂ કરે છે ને ઓલ્યો ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. તો એ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. એજ બુદ્ધિવાળો કહેવાય ને એજ મોક્ષને યોગ્ય છે. એનો જ મોક્ષ થાશે ને બીજાનો નહીં થાય. ને સર્વ કર્મનો કરનારો છે. આ વાત સમજી જાવ તો

ખબર પડે. એક એક ઈંદ્રિયમાં તો જીવપ્રાણી માત્રને તીવ્રવેગ છે. નેત્રમાં જોવું, કાને સાંભળવું, સ્પર્શ કરવો, સુંઘવું, ચાલવું, મનના ચિંતવનમાં અભિમાનમાં તીવ્ર વેગ હોય જ ઈ તીવ્રવેગ એક એક ઈંદ્રિયમાં બધાયને હોય તેમાં ભક્તને પણ તીવ્રવેગ હોય એમાં ફેર શું ? ઓલ્યો માનસી પૂજા કરે ત્યારે ભૂંડા ઘાટ થાય ને ઓલ્યાને પદાર્થનો જોગ થાય ત્યારે ભૂંડા ઘાટ થાય. જેને જે પદાર્થ વ્હાલું છે ઈ રાગ છે. નિર્વાદ થઈને બેઠો છે છતાંપણ કાર્યમાં બુડયો છે. ઓને જીવનો વાંક છે ને ઓને મનનો વાંક છે. ઈ ગોતી કાઢો તો વિમુખ ને ભક્ત એક ન થાય. દેહનો વેવાર તો એક સરખો જ હોય. ઓને જોવું, સુંઘવું, ચાખવું ઈ બધુંય આને પણ હોય છે. ચિત્ત કયાંય વિરામ પામતું નથી પણ દેખે તો સ્થિર થાય. ભગવાન અને ભગવાનના ભક્તને દેખે તો વિરામ થઈ જાય. એને જ સમાધિ કહેવાય. નકર ચિત્ત વિસામો ખાતું નથી. ઈ તો ફાં ફાં માર્યા જ કરે છે. નથી સુખ એમાં દોટ દ્યે એવું ચિત્ત છે. દેહનું ભાન છે. એમાં દુઃખ નથી. એમ મનનું ભાન થાય તો સુખિયો થાય. પ્રાયશ્ચિત કર્યુ પછી પસ્તાવો ન થાય ઈ ભગવાનનું સુખ છે. પાપનો પહાડ હોય એને પાપનો ભય હોય ? જમને દયા આવે તે'દિ મરી જાય. જમનું એવું લક્ષણ છે. એમ વિચાર કરીએ તો ખબર પડે. પાપનું પ્રાયશ્ચિત થઈ ગયું. એટલે પસ્તાવો ન થાય. મરવાનો સમય આવ્યો ને હિંમત આવી તો એને ભગવાનનું સુખ હાથ આવી ગયું. એમ ગઢડા પ્રથમના ૭૭માં લખ્યું છે. ત્રીસ લક્ષણ હોય ઈ પુરો સાધુ કહેવાય. પણ જુગના ધર્મને લઈને છે. મૃત્યુ સમે જુગના ધર્મ હોય, તેથી કરીને ઓય મા ઓય બાપ એમ કરીને દેહ મેલે. ભગવાનનો ભક્ત પણ એમ દેહ મેલે પણ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા તેથી પર સત્તારૂપ થઈને દેહ મેલવો ઈ ભક્તને જ થાય. હિંમત આપી ઈ સત્તારૂપ થયો. ઈ જાણપણું છે. નકર તો બધું આઘું છે. અલૌકિકશક્તિ છે. સુખ અલૌકિક ને આ લોકમાં છે, છતાંપણ રખોલું ન રાખવું પડે. નકર તો આ બધાય લુંટી લ્યે એવા છે.

ગાય પડાવી લીધી એમ પડાવી લ્યે એવા છે. પસ્તાવો ન થાય. ઓરતો ન થાય, ઈ ભગવાન સંબંધી સુખ છે. આખા બ્રહ્માંડનો લય થાય તો પણ ખરખરો ન થાય ઈ ભગવાન સંબંધી અલૌકિક સુખ છે. કામ કર્યા પછી પસ્તાવું ન પડે. બીજાને પસ્તાવુ પડે એ અનુસારે અનેક દષ્ટાંત છે. એમાં અક્ષરધામના સુખમાં શું ફેર છે ? શુભ સંકલ્પ થાય ઈ અક્ષરનું સુખ છે. ઈ અને આ, ઈ બેય એક જ છે કે એમાં ફેર છે ? અંતરવૃત્તિ હોય તો ખબર પડે. દરવાજે હોય તો ખબર પડે કે રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ ? આ તો નિર્ગુણ વાત છે. માયા પર વાત છે. પદાર્થ હોય ને વિકાર ન હોય અને પદાર્થ ન હોય અને વિકાર હોય એવી વાત છે. અસંગી હોય, નિર્વિકારી હોય, બહુ મોટું સુખ ભગવાને આપી દીધું. આ કયા જન્મનું પુણ્ય હશે ? પણ આપણી બાળક બુદ્ધિ લાગે છે. એટલે ઈ સુખનું આપણે માપ નથી કરી શકતા. આની પાસે બેસાય કે ન બેસાય ? આની વાત સંભળાય કે ન સંભળાય ? ઈ ખબર પડી ગઈ તો સંસારથી નોખા પડી ગયા.(વચનામૃત પંચાળાનું ૧લું) સર્વના સુખ જોવા, રૂપ જાણવા તો સારા ને નરસા વિષય ઉતરતા કરતા પણ ઉતરતા થઈ જાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૩૪ ॥**

## ૫૩૫. બ્રહ્મરૂપ થાવાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદિ ૩ સોમવાર તા.૧૦-૪-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝની આથમણી ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સમજવું બહુ કઠણ છે ને સાવ સે'લું પણ છે. શાસ્ત્રમાં કઠણ છે પણ સત્સંગમાં સમજવું સે'લું છે. એમાં ન જોતું હોય ઈ પણ મળી જાય ને બીજે જે ચીજ જોતી હોય ઈ મળી જાય નહીં. આપણને નથી જોતું ઈ મળ્યું ઈ સંશય. ઈ સંશય ટાળવો ને બ્રહ્મરૂપ થાવું, કેમ થવાય ? માટે સંશયગ્રંથી જબરી છે. સંશયગ્રંથી આ સત્સંગ સિવાય

ક્યાંય નાબુદ થાય એમ નથી. આ સત્સંગમાં આવ્યો ને જેનો સંગ થયો એને અહોપણું થાવું જોઈ. તે ઉપર ઈશ્વરદાસની વાત કરી. જેના થકી જેને અહોપણું થયું ઈ વસ્તુ એને કિંમતવાળી થાવી જોઈ. કિંમત વિનાની થઈ એટલે સંશય. અગમ રહેલો સંશય નિવૃત્તિ પામી જાય. જો અહોપણું થાય તો સંશય ઉડી ગયો. વિશિષ્ટાદ્વૈતમાં આટલો જ શબ્દ છે. સાકાર બ્રહ્મની નિષ્ઠા એ થકી અપનાવી છે. રામાનુજને તો જીવ માયાના નિયંતા ઈશ્વર એટલો નિશ્ચય છે. માયાના નિયંતા ઈશ્વર ને એણે બ્રહ્મ કહી દીધું. ત્રણ તત્ત્વ કહ્યા ને મહારાજે પાંચ તત્ત્વ કહ્યા. પછી એની ઉપર બ્રહ્મ ને પરબ્રહ્મ છે. સંશય, નિશ્ચય ને નિદ્રા ઈ વસ્તુનો મુકાબલો લાવવો જોઈ. ઈ કેમ ટળે ? (વચનામૃત પ્ર.૨૪મું) ભગવાન તો ભગવાન જ છે. એને મન, વાણી કેમ પામે ? ઈ એને યુગે કેમ ? ભગવાન અગમ છે, અગોચર છે. એને ગોચર કેમ કરવા ? ઈંદ્રિયું અંતઃકરણ છે ઈ તો એના સ્વભાવે જુક્ત છે. પણ નારદ સનકાદિક જેવા સંત, તેના સમાગમમાં મને રાખ્યો છે. ને કામક્રોધાદિક દોષ થકી મને વિરક્ત કર્યો છે, નોખો પાડ્યો છે. નોખા છો કે ભેગા છો ઈ તમને ખબર પડવી જોઈ. કામક્રોધાદિક દોષમાં તમે છો કે ઈ તમારામાં છે ? કુત્સિત શબ્દ, દેહની નિંદા કરતા હોય, ને દેહના સંબંધીની નિંદા કરતા હોય ને સાંભળનારો જો વિવેકી હોય તો સંશયગ્રંથી નાશ પામી જાય. આ વાતને સમજી જાય કે નારદ, સનકાદિક જેવા સંત છે. એમ સમજી જાય તો બંધ બેસે પણ ઈ કેવા હતા ? કામક્રોધાદિક થકી મને રહિત કર્યો છે. આ બે શબ્દ વિચારીએ તો ખબર પડે. એવું નથી જાણ્યું તો એણે સત્સંગની કિંમત જાણી નથી. **॥ઈતિ શ્રી કિરણ ૫૩૫ ॥**

## ૫૩૬. પ્રગટનું, બે પ્રકારના ભક્તની સમજણ્યનું અને પ્રાપ્તિનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદિ ૮ રવિવાર તા. ૧૬-૪-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી માધવજીભાઈએ ભક્તચિંતામણિનું ૬૮મું પ્રકરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે;

**"ગુરુ સંતને ભજવા, શ્રીહરિ જે સાક્ષાત્"**

ગુરુ અને સંત એને શ્રીહરિની ભાવના રાખીને ભજવા. ગુરુને ભજવા, સંતને ભજવા, શ્રીહરિ સાક્ષાત્ માનીને ભજવા ને પછી ચૈતન્ય ચૈતન્ય એક નહીં એમ માનવા. મારા લોક, મારી મૂર્તિ, મારું કર્તવ્ય ઈ બધુંય નિર્ગુણ છે. એને જે સગુણ જાણશે ઈ નાસ્તિક છે, મારા નથી. પ્રગટ પ્રભુ પામ્યા પછી

**"ચૈતન્ય ચૈતન્ય એક નહીં,તે વિવેક બુદ્ધિ ધારવી. સમર્થ મારુ નામ છે."**

દાસના દાસ થઈને રહેવું, એટલું જ સાધન કરવું રહે છે. માન ટળે ભાવે વરતવું કઠણ છે. હું ગુનેગાર છું એમ થઈ ગયું. આ બધાય ગુના વિનાના છે. હું ગુનેગાર છું. અપરાધી છું. આ ભગવાન પાસે બેસવા લાયક છે. હું ભગવાન પાસે બેસવા લાયક નથી. આ બધાય ભગવાનની વાત સમજી શકે છે. હું ભગવાનની વાત સમજી શકતો નથી. એમ થઈ જાય તો દાસનો દાસ થઈ ગયો. નૃપ-રાજા, વિપ્ર ને જોગીને ઘરે અવતાર લઉં છું. જોગી ને ઘરે કેવી રીતે અવતાર થાય છે ? તો ન્યાં મારું ધાર્યું થાય છે. એમ અવતાર લઉં છું.

**"કરવું તમારે કાંઈ નથી, જે મળ્યા છે તમને તે પાર છે અક્ષરથી"**

દુશ્મનનું ભલું કરજ્યો એમ જે બોલવું ઈ ભગવાનનું સ્વરૂપ છે. હેત કરવું એનું જ નામ ધ્યાન. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ઈ ત્રણેય અવસ્થામાં ભગવાનનું ધ્યાન કરવું.એમાં હેત કરવું ને સ્મૃતિ કરવી એનું નામ માનસી પૂજા કહેવાય. બાપની મિલકતમાં ભાયુનો ભાગ પડે છે પણ વિદ્યા ભણે એમાં કોઈનો ભાગ પડતો નથી. એમ ભગવાન ભજો ઈ પોતાનું સુવાંગ છે. આ સત્સંગમાં આવીને સમજ્યા ને બીજાને સમજાવ્યા ઈ ધન

મોટું છે. મારૂં જ્ઞાન છે ઈ કેને આપવું ? મારો સંગ કરે તેને હું જ્ઞાન ન આપું તો મારૂં જ્ઞાન શું કામનું છે ! ભગવાન સ્વતંત્ર છે. પરથી પર અક્ષર તેથી પણ પર છે. ઈ અગમ છે, ઈ સુગમ છે. એવું મારૂં જ્ઞાન છે. ઈ મારો સંગ કરે એને ન આપું તો બીજા કેને આપું ? એનો સંગ કરે એને જ્ઞાન આપવું છે. એના ગુણ આવે ઈ સંગ કર્યો કહેવાય. વડ એવો ટેટો, બાપ એવો બેટો,ઘોડો એવું વછેરું, એમ જેવા ગુરુ મળે એવું શિષ્યમાં દૈવત આવે. એના ગુણ આવે જ. તે ઉપર અચિંત્યાનંદ બ્રહ્મચારીની વાત કરી. અચિંત્યાનંદ બ્રહ્મચારી આખી સંસ્થામાં અલૌકિક હતા. શબ્દ ન ગોતવો પડે, એટલી ભગવાનની કૃપા કહેવાય. તે ઉપર અચિંત્યાનંદ બ્રહ્મચારીએ કલ્પતરૂ ગ્રંથ બનાવ્યો તેની વાત વિસ્તારથી કરી. જે ઠેકાણે મનોમય ચક્રની ધારા બુંઠી થાય તે ઠેકાણે તપ, જપ, ધ્યાન જે કરવું ઈ એજ ઠેકાણે કરવું. વચનામૃતમાં તો બતાવ્યું હોય પણ હાથ આવવું કઠણ છે. હાથ આવી જાય તો અલૌકિક થઈ જાય. શૂરવીર કેનું નામ કહેવાય ? જબરા ખેડૂનું વેર અપરવારે ગયું. એમ અમારૂં જ્ઞાન અપરવારે ગયું. પણ હવે તો સાધુ સત્સંગીને રાખીને વાતુ જ કરવી છે. માટે

### "ચૈતન્યવાળા ચેતજ્યો, કહતહું હાથ બજાઈ"

પછી સ્વામી ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ધીરૂભાઈએ ભક્તચિંતામણિનું ૧૦૧મું પ્રકરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; બહુ પ્રગટપણું લખી નાખ્યું. બાળ, વૃદ્ધ,અપંગ બધાય પ્રગટ ભગવાનનો મહિમા ગાય છે. ધામ ધામના રહેનાર બધાય પ્રગટ ભગવાનનો મહિમા ગાય છે. આ પ્રકરણમાં પ્રગટનો બહુ મહિમા-પ્રતાપ કહ્યો. બધે ઠેકાણે પ્રગટના જ ગીત ગવાય. બધે ઠેકાણે પ્રગટની જ ઉપાસના થાય છે. બધે ઠેકાણે પ્રગટથી જ ભૂખ ભાંગે છે. પ્રગટથી જ પ્રગટ સૃષ્ટિ થાય છે.

પ્રગટથી જ સાકાર થાય છે. બધે ઠેકાણે પ્રગટ પાણીથી જ તરસ

જાય છે. સાંખ્ય શાસ્ત્ર અનુમાન જ્ઞાન કરે છે. ન્યાય શાસ્ત્ર સાક્ષાત્ જ્ઞાન કહે છે. મીંડુ અને લીટો પણ અર્થ વિનાનો ન હોય. તેમ પૃથ્વી ઉપર જેનો અવતાર આવ્યો હોય, એના જ શાસ્ત્ર બનાવેલા છે. ધામમાં બેઠા છે એનો કોઈ મહિમા ગાતા નથી. પ્રગટનો જ મહિમા ગાય છે. બદ્રિકાશ્રમનો મહિમા નથી કહ્યો પણ મહારાજ વનમાં ગયા એની મૂર્તિને સંભારીને જ બદ્રિકાશ્રમ વાસીઓનું વર્ણન કર્યુ છે. વનમાં ગયા, સાત વરસ રહ્યા ઈ બદ્રિકાશ્રમવાસી ગણ્યા છે. આઠ લાખ જોજનનો જે દ્વિપ છે ઈ દ્વિપ બદ્રિકાશ્રમ વાસીઓને છે. ન્યાં દુધનો સમુદ્ર છે, ને ઈ હડુડયા કરે છે ને ધ્યાનમાં અડચણ આણે છે. ને આ લોકમાં વેવાર અડચણ કરે છે. જેને વેવાર નથી એને સત્યયુગ જ છે. એને બ્રહ્મપુર જ છે. એને પરલોક જ છે. ને જે વેવાર કરે છે એને જે આ રાજમાં દુઃખ છે. શાસ્ત્ર કરનારાની વાણી છે ઈ જ રસ છે. ઈ જેમ બોલે એમ પાધરું. એનું નામ શાસ્ત્ર કરનાર કહેવાય. એને જોગ બોલતા આવડે.

જીવુબા-લાડુબાની વાત કરીને બોલ્યા જે; ભક્તની બહુ જબરી તાકાત છે. જેવો તેવો ભાભડ ભૂતિયો ભગત હોય ઈ બીજા ભગત પાસે જાય તો એને આના દર્શનથી ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. દેહાભિમાની હરિભક્તને દેહાભિમાન આડું આવે છે. તેને આ વાત સમજાતી નથી. દેહાભિમાન છે ઈ એક અંધારૂં છે. અલૌકિક સુખને દેહાભિમાન આડું ફરે ત્યાં સુધી જોવા સમર્થ ન થાય.

પછી સ્વામીએ વાત કરી જે; ગુણાતીતાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી કેવા હતા ! હોય ત્યારે જાણવા બહુ વિકટ મામલો છે. તે પછી વંથલીના કલ્યાણબાપાની વાત કરી. ભગવાનના ભક્ત જેવા છે એવા નહીં ઓળખાતા હોય. જેવા છે એવા ઓળખાય તો કામ થઈ જાય. માબાપ જેવા ય નહીં ઓળખાતા હોય. એવા ઓળખે તો કામ થઈ જાય. આપણે એકબીજાને હેત છે ઈ ભગવાનનું હેત છે. નહીંતર તકલીફ લઈને

ન અવાય. છેલ્લો જન્મ થઈ ગયો છે. છેલ્લો જન્મ કરી લેવો. પછી પોતે જ પ્રશ્ન પૂછ્યો જે; અવતારે કલ્યાણ કેવું કર્યું ? અને સ્વામિનારાયણે કેવું કર્યું ? પછી જેને જેવો આવડયો એવો ઉત્તર કર્યો. પછી સ્વામીએ ઉત્તર કર્યો જે; દુઃખે કરીને પણ ન તરાય એવી જે મારી ગુણમયી માયા તે મને પામે ઈ તરી જાય. ત્રાગુ કરીને મરી જાય તોય ન તરાય ઈ અવતારનું કલ્યાણ છે. સ્વામિનારાયણે કેમ કારણ શરીર ટાળ્યું છે ? (ગઢડા મધ્યનું ૧૧મું વચનામૃત) ભગવાનના ભક્ત છે શાસ્રને ધર્મ, અર્થ, કામ પર જાણે છે. એને અરથે જ બધુંય કરે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ છે. એને અરથે કરે ઈ સ્વર્ગમાં જાય. ને એક જણો પુન્ય, દાન, યજ્ઞ, યોગ કરે પણ ભગવાનની પ્રસન્નતાને અરથે કરે. આ બેને જે ઓળખે છે ઈ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. ઈ બુદ્ધિવાળો છે. એમ સ્વામિનારાયણે ઓપ આપ્યો છે. સર્વ કર્મ કરનારો છે પણ મોક્ષને યોગ્ય છે. એને દર્શને કરીને કલ્યાણ મનાવ્યું છે. સાકાર નિષ્ઠાવાળા થકી દર્શન થાય. તદાત્મકપણું થાય. સગુણ બ્રહ્મની સત્તાથી કલ્યાણ થાય. સાકાર નિષ્ઠાવાળાને ઓળખ્યો એટલે કલ્યાણ થઈ ગયું. અવતારીનું કર્તવ્ય છે. જીભ નથી એટલે ન બોલાય. એવું બધું બળ બતાવ્યું કે દુઃખે કરીને ન તરાય એવી જે માયા તે મને પામે ઈ તરી જાય છે. રજ, તમ વ્યાપે એને એક સ્થિતિ ન રહે, એનું કલ્યાણ કર્યું. ને સ્વામિનારાયણે તો ભગવાનને અરથે કોણ કરે છે ને કોણ નથી કરતો ઈ બેની ખબર પડી એટલે ઈ મોક્ષને યોગ્ય થઈ ગયો. કામને અરથે, સ્વારથને અર્થે કરે છે એને ઓળખી કાઢયો ને મોક્ષને અર્થે કરે છે. ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એને ઓળખી કાઢ્યો એટલે છાતી ઠોકીને કહી દીધું કે ઈ મોક્ષને યોગ્ય છે. સાધુ થકી ભગવાનને જુદા માનો તો કેટલા ચરણારવિંદની ઉપાસના થાય છે ?

**"કૂપ મંડુક કહાં જાણે, સાગર કો બિસ્તાર"**

ભેદની ખબર પડી હોય તો સમજાય ગયું કહેવાય. અવતારની

અને અવતારીની શક્તિ કેટલી આવી ? સગુણ બ્રહ્મનો ઉપાસક છે એને બુદ્ધિવાન-શ્રેષ્ઠ કહ્યો ને મોક્ષને યોગ્ય કહ્યો છે ને સર્વ કર્મનો કરનારો છે છતાં મોક્ષને યોગ્ય છે. ઈંદ્રિયું કોઈ વિષયમાં તણાતા નથી. નિશ્ચય પણ છે, તોપણ અંતર સુનું રહે છે. એનું કારણ શું છે ! નારદ સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે. કામ ક્રોધાદિકથી રહિત કર્યો, પૂર્ણકામ કર્યો. પણ બાળકના હાથમાં ચિંતામણિ છે પછી આનો ઓપ લાવ્યા કે આનો સત્સંગમાં સ્વભાવ ન ઘટે એવો છે. છતાં પણ સત્સંગમાં પડયો છે, તો આના મોટા ભાગ્ય છે. એનો અર્થ સાક્ષાત્ સવિતામાં કર્યો કે ઈ સ્વારથીયો ભગત છે. આ સ્વાર્થીયા ભગત થકી સ્વામિનારાયણે કલ્યાણ કર્યુ છે ને ઓલ્યે તો પોતે એમ કહ્યું કે મને પામે એનું હું કલ્યાણ કરૂં. જૂ વિંયાય તો લીખ આવે ને હાથણી વિંયાય તો ભેંસ જેવડું બચ્ચું આવે. એમ અવતારે જૂ વિંયાય એવું કલ્યાણ કર્યુ ને સ્વામિનારાયણે હાથણી વિંયાય એવું કલ્યાણ કર્યું. બેયનું કલ્યાણ નોખું પડે તો ખબર પડે. બેયની કલ્યાણ કરવાની સત્તા આપી દીધી. પણ બેયની સત્તામાં ફેર છે. શબ્દ કાઢવો, નોખો પાડી દેવો ઈ બહુ કઠણ છે. પુરુષોત્તમનારાયણ છે ઈ આંયા હોય ને કલ્યાણ કરે ઈ જબરૂં છે. પણ ન્યાં રહ્યા થકા કલ્યાણ કરે ઈ જબરૂં નથી. પણ આ બધાએ તો મર્યા પછી કલ્યાણ માન્યું છે. હજી પાછો કોકનો છોકરો થાવું છે. ભલેને રાજાને ઘેર જન્મ લીધો પણ પંડ્યાનો માર તો ખાવો પડે ને ?

(ગઢડા મધ્યનું ૧૨મું વચનામૃત) કલ્યાણને ઈચ્છવું તેને કેમ રાજનીતિ ભણવી ? ધ્યાન કરીને મનને, કથા સાંભળીને કાનને વશ કરવા, સ્પર્શ કરીને ત્વચાને, દર્શન કરીને આંખને વશ કરવી ઈ પુરુષ પ્રયત્ન કહ્યું છે. બધા સાધનમાં પુરુષ પ્રયત્નરૂપી સાધન જબરૂં સાધન છે. પ્રત્યક્ષ ભગવાનને આશરે કરીને કલ્યાણ થાય એમ માને પણ પ્રત્યક્ષ મળે તો માર્યા વિના મૂકે નહીં.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૩૬ ॥**

## ૫૩૭. વિશિષ્ટાદ્વૈતમતનું અક્ષરધામના સુખનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદિ ૯મી સોમવાર તા.૧૭-૪-૧૯૭૮ના દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે; આ સત્સંગ સમુદ્ર સમાન છે. એમાં સારૂં જોવા ઈચ્છો તો સારૂં જોવાય, નરસુ જોવા ઈચ્છો તો નરસુ જોવાય. સારૂં પામવા ઈચ્છો તો સારી પ્રાપ્તિ થાય. સારૂં મળવા ઈચ્છો તો સારૂં મળાય. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને સભામાં વિરાજમાન થયા. પછી ભાણજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; ગુણાતીતાનંદસ્વામીએ લખ્યુ કે; તમે તમારા દેહને નથી ભૂલતા એમ હું ભગવાનને નથી ભૂલતો. હાલીએ, ચાલીએ, ખાઈએ, પીએ, જાઈએ, આવીયે પણ ભગવાન નજરમાં હોય. આ સમે, આ ટાણે આ ભગવાન આ ભક્ત બહુ અમૂલ્ય છે. બહુ સુખદાયક છે. આપણને ચીજ આપી છે એને આપણે ભોગવી શકતા નથી. સૂર્ય ચંદ્રરૂપી નેત્ર આપ્યા છે એનાથી જોઈ શકતા નથી. એજ ઘેલામાં અતિશય ઘેલો છે. એજ નીચમાં નીચ છે. કારણ કે પોતે પોતાના સુખને ભોગવી શકતો નથી. નેત્રથી બીજા રૂપ જોયા કરે છે. પોતે પોતાના સુખને જાણતો નથી. પોતે પોતાના રૂપને જાણતો નથી. આંખનું કાજળ કપાળે ઘસ્યું એવું કર્યું. ભગવાને સૂર્ય આપ્યો, ચંદ્ર આપ્યો, નવલાખ તારારૂપી જાણપણું આપ્યું એનો ઉપજોગ ન કર્યો. આ લોક માટે ઉપજોગ કર્યો કે પરલોક માટે ઉપજોગ કરો છો ? તો તો ભગવાન તમારા ઉપર અઢળ ઢળી જાય. ભગવાને તો આપણને પ્રસાદીરૂપી, સેવકરૂપી, શક્તિરૂપ પ્રસાદ આપ્યો છે. અનેક કળા એમાં રહી છે. દિગ્પાળ આપ્યા છે. અશ્વિનીકુમાર આપ્યા છે. અગ્નિરૂપી

પુગવાની સત્તા આપી છે. પણ દ્રૌપદીએ સત્તા વાપરી એમ ન વાપરવી. અદ્વૈતીઓ પંડે જ સુખિયા થવા ઈચ્છે છે ને વિશિષ્ટાદ્વૈત મતવાળા ઘણાકને સુખિયા કરી દ્યે, ઘણાકને લાભ આપે. રામાનુજે ત્રણ તત્ત્વ કહ્યા છે ને સ્વામિનારાયણને એને ઓપ આપી દીધો. બ્રહ્મ અને પરબ્રહ્મ બે તત્ત્વો વધારીને પાંચ તત્ત્વો કહ્યા છે. ભગવાન અકળ છે, પણ ભક્તના કળવામાં આવે. ભગવાનનું વ્યતિરેક સ્વરૂપ અને અન્વય સ્વરૂપ એવું છે. જેને જેટલું આપવું ઘટે એટલું જ આપે. હલકા વર્ણ સ્વામિનારાયણ ઓળખી ગયા. સ્વામિનારાયણે શું પ્રતાપ, ઐશ્વર્ય, શક્તિ વાપરી છે. ઈ આપણે કહેવા સમર્થ નથી. શેષજી કહેવા સમર્થ નથી. લંબોદર પણ સમર્થ નથી. મનનું ધાર્યું ન થાય ઈ અક્ષરધામ. ને વિમુખનું ધામ મનનું ધાર્યું થાય ઈ જ. ધાર્યુ નથી થાતું એટલે ભગવાનને આ લોકમાં રાખવાની ઈચ્છા નથી. સુદામાની પેઠે પૈસા વિના પૈસાવાળા ગણાવને !

**"દુર્બળ સુદામે આણી આપ્યા મુષ્ટિ તાંદુલ મેવા,**
**કંચન મોલ કર્યા સુખકારી એ સંત પુરુષની સેવા.**
**દ્રૌપદીએ નીજ ચીર વધેરી બાંધ્યુ હરિને હાથે,**
**દેવાનંદ કહે ભરી સભામાં પૂર્યા દીનાનાથે રે.**
**પાંચ ઈંદ્રિય છઠ્ઠું મન જીતે હરિદાસ કહાવે,**
**વ્હાલી વસ્તુ તેને આપે તે અનંત ગણી થઈ આવે.**
**વિવેકી નરનો એમ વિચારીનો જોવું."**

પછી સ્વામીએ વાત કરી જે; ગમે એવી ઉત્તમ દૃઢતા હોય એને દેશકાળાદિક આઠ ડગાવી દ્યે. ગમે એવા દેશકાળાદિક ભૂંડા થાય તોપણ દૃઢતા એમને એમ રહે તો એને પૂર્વના ભારે બીજબળ છે. ઈ રજોગુણની વાત આવી ને ઉત્તમ દૃઢતા સત્ત્વગુણની વાત આવી. માટે હવે જો સત્પુરૂષની આજ્ઞામાં રહે તો દૃઢતા એમને એમ રહે. સ્વર્ગને અધિક ન

કહ્યો ને મૃત્યુલોકમાં રજોગુણમાં ભગવાનનું સામીપ્યપણું છે એટલું અધિક છે. નહીંતર ભાગવતમાં તો એમ લખ્યું છે કે જયાં સુધી ગુણમાં રહ્યો છે, ત્યાં સુધી એકની એક સ્થિતિ ન રહે. શિશુમાર ચક્રને આધારે બધુંય છે. એમ ભગવાનને આધારે બધુંય છે. રજોગુણનું ફળ મૃત્યુલોક, સત્ત્વગુણનું ફળ સ્વર્ગલોક ને તમોગુણનું ફળ પાતાળ. આ લોક દેશકાળાદિકમાં છે પણ ભગવાન ને સત્પુરુષને રાજી કરે તો સ્વર્ગમાં જાય ને સ્વર્ગમાં જાવાનું પ્રારબ્ધ હોય પણ કુરાજી કરે તો નરકમાં પડવું પડે. દેશકાળમાં છે તોય મોક્ષ થઈ ગયો. આ જીવે આ લોકમાં અમૂલ્ય મનુષ્યદેહ પામીને ભગવાનને છોડીને બીજાનો આશરો લીધો, ઈ તો ભૂલવણીમાં પડયો છે. માટે દેશકાળની પ્રવૃતિના કારણ મૂળપુરુષ જ છે. તમ જેવા સંત જે સ્થાનમાં રહેતા હોય એને અક્ષરધામ, વૈકુંઠ સમાન ગણ્યા છે. રજોગુણની સંપત્તિ બહુ જબરી છે. વામનજીએ અલૌકિક સ્વરૂપ રજોગુણમાં બતાવ્યું. પણ બળીરાજાને અસુરભાવ ઊભો રહ્યો. ભગવાનને આધિન રાખ્યા. ભગવાનના ભક્તનો દ્રોહ કરે પછે ભલે પોતે રાવણ જેવો અભય થઈ ગયો હોય તોય એનો વાસ ભયમાં થાય. નિર્ભયતા ઉડી જાય. ભગવાનનું માહાત્ય જાણવું ને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાવું બહુ કઠણ છે. ભગવાનનો મહિમા સમજ્યા પછી જે હેત થાય છે ઈ હેત તો બીજી જ રીતનું છે. ઈ હેતને કાળ, કર્મ, માયા પરાભવ ન કરી શકે. શીંગ, સરેડી ને પોપટો એમાં અનાજ માત્ર આવી જાય. એમ અક્ષર, મુક્ત ને પુરુષોત્તમ એમાં બધુંય આવી જાય. આંયા પૃથ્વી ઉપર વિશિષ્ટાદ્વૈત મત કઈ રીતે છે ? શ્રીજી મહારાજે બ્રહ્મ અને પરબ્રહ્મ બે વધાર્યા પણ રામાનુજમાં એનું સ્થાપન કરી દીધું. પૃથ્વી ઉપર ચલાવ્યું એટલે ઓનું સ્થાપન આમાં કરવું પડે. બ્રહ્મ અને પરબ્રહ્મને વિશિષ્ટાદ્વૈત મતમાં સ્થાપવા પડે પણ આશરો ને લક્ષણ જુદા લખ્યા છે. પુરુષ, પ્રકૃતિ, કામ ને ચોવીસ તત્ત્વ એના સ્વરૂપને જાણે ત્યારે અજ્ઞાન થકી મૂકાય જાય. તમને અજ્ઞાન થકી મુક્ત કરવા છે.

પછી બધાયના સ્વરૂપને જાણવા જોઈ. જો એમ નહીં હોય તો પાંચેય તત્ત્વ અનાદિ નહીં થાય. જ્ઞાનપ્રલયમાં નાશ કરવું એટલે શું ? ઈ વસ્તુ ન્યૂન અધિક થઈ ગઈ એનું નામ જ્ઞાનપ્રલય અધિક છે. નકર તો જગત નિરાકાર કહેવાય. જગત સાકાર તો એનો કર્તા સાકાર જ હોય. જગતનો નાશ કરવો ને કર્તાને રાખવો. એને વિષે તુચ્છપણું દુઃખરૂપ, અપ્રિયપણું થઈ જાવું જોઈ તો જગતનો કર્તા સાકાર થાય ને જગત નાશ પામે. દિકરો કહ્યું ન કરે એટલે દીપડો થઈ જાય. મહારાજે બહુ રચના કરી છે. બહુ બુદ્ધિ વાપરી છે. તમને અક્ષરધામ આંયા જ આપી દીધું. તમે લેવા સમર્થ છો ? ભગવાનનો ભક્ત હોય એને અક્ષરધામ કયું ? મનગમતું ન થાય તે અક્ષરધામ છે. વિમુખ જીવને મન ધાર્યું થાય ઈ અક્ષરધામ છે. આ લોક એવું છે કે જેવું જે રૂપ છે ઈ ખડું થયા વિના રહે નહીં. એક મુવાળો પણ આંયા રાખવાના છે ? એમાં આનંદ હોય તો એનું અક્ષરધામ છે. તે ઉપર ગોપાળયોગીની વાત કરી. ગિરિ છે ઈ વૈકુંઠ સમાન કરી આપી, ઈ એને ધામ આપી દીધું. આવી રીતે મોક્ષ કરીને શ્રીજી મહારાજ ચાલી નીકળ્યા. તમે મોક્ષ કઈ રીતે માનો છો ઈ હું વિચાર કરૂં છું. માટે તો ભગવાનના ભક્તને ઓળખાવવા છે. ધાર્યુ ન થાય તો તમે એને ભગત ગણતા નથી પણ એને ઈ જ અક્ષરધામ છે. આ પણ ધન એને સાંચવવું નહીં પડે. આ તો એકાંતિકનો ધર્મ આવ્યો. જ્યાં સુધી પંચવિષયને વિષે અસારપણું નહીં મનાય, અસાર સુખમાં લેવાશો ત્યાં સુધી તમને સારા માણસ ટેકો નહીં દ્યે. અલ્પ સુખમાં લેવાઇ છીએ ત્યાં સુધી મહત્ સુખ હાથ આવવાનું નથી. અલ્પ સુખથી વિરક્ત થયા એટલા તમે મોટા છો. અલ્પ સુખમાં લેવાણા ત્યાં સુધી મહત્ સુખની પ્રાપ્તિ નહીં થાય, નહીં થાય, નહીં થાય, નહીં જ થાય. સ્વભાવ મૂકાવવા નથી પણ રખાવવા છે ને એનો અભાવ કરાવી દેવો છે. અલ્પ સુખ જેટલું ત્યાગ કરી શકો એટલા જ મોટા છો. અલ્પ આપત્કાળ ને મહત્ આપત્કાળ બે લખ્યા છે. શરદી થઈ ઈ અલ્પ

આપત્કાળ છે. એમાં આપત્કાળનો ધર્મ સ્વીકારવો નહીં. બહારગામ જાવું હોય તોપણ પૂજા ન લઈ જાય. ઈ અલ્પ આપત્કાળ છે. મહત્ આપત્કાળમાં પૂજા બીજાને દેવાનું કહ્યું છે. ભગવાનના ભક્તને મન ધાર્યુ ન થાય એવી ઈચ્છા હોય. જો મન ધાર્યુ ન થાય તો જેવો છું એવો જણાય જાંવ ને ઓળખાય જાંવ. દુઃખમાં સુખ છે ઈ તમે કેમ સમજી શકો ? વૈરાગ્ય હોય તો ખબર પડે. ભગવાનના ભક્તની દૃષ્ટિ છે ઈ જ વૈરાગ છે. ઈ એનું અક્ષરધામ છે. દુઃખમાં સુખ માને ઈ જ ભગવાનનો ભક્ત કહેવાય. પામર સામું શું જોવું ? ઈ તો પતિત અને અધમ કહેવાય. એનું પણ ભગવાને કલ્યાણ કર્યું. માટે અધમ ઉદ્ધારણ છે.

પછી સ્વામીએ વાત કરી જે; અફસોસ ન થાય ઈ ભગવાનનું સુખ. અપમાન થાય ઈ ભક્તનું સુખ છે. મિત્રથી જ મરીએ પણ શત્રુથી ન મરીએ.ભક્તનું કયું ધામ ? ધાર્યુ ન થાય ઈ એનું અક્ષરધામ છે. એ રીતે ભક્તનો વિશ્વાસ થાવો જોઈ. ધાર્યુ થાતું હોય ઈ વિમુખ છે. ભક્તને ધાર્યુ ન થાય ઈ જ અક્ષરધામ છે. ધાર્યુ ન થાય એવો હોય ઈ કોઈની સેજમાં ન આવે. કામ,ક્રોધ, લોભ, ચોરના કાકા છે. ઈ તમને વે'ડી જાય પણ આ સાધુ, સત્સંગી સામુ જોશે ત્યારે નાશ થઈ જાશે. આને કામ, ક્રોધાદિક દોષ બહુ પીડે એમ એને થાય તો દોષ નાશ થઈ જાય. સેવા સાધુની કરે અને કૃપા ભગવાનની થાય. કૃપા દૃષ્ટિ કરીને અમૃત દૃષ્ટિ કરીને, જાંખી કરીને જોવે કે આ બિચારો વૈરાગ રહિત છે ને આને કામ ક્રોધાદિક દોષો બહુ પીડે છે. માટે આના વિકાર ટળો. ભગવાનની મોટ્યપ ખરેખરી સમજવામાં આવે એટલે વિકાર ઉભો ન રહે. એની તાગાત કેવડી છે ? એની સામર્થી કેવડી છે ? અફસોસ ન થાય ઈ ભગવાનનું સુખ છે. અફસોસ કેને ન થાય કે દુનિયાને સન્માનમાં સુખ મનાય ને આને અપમાનમાં સુખ મનાય. અપમાનમાં સુખ છે એને કોઈ'દિ અફસોસ ન આવે એનું નામ વૈરાગની મૂર્તિ કેવાય. " તમે કોક મોટાનો આશીર્વાદ લઈ લીધો હોય તો

તમને આખી આવરદા પર્યંત દેશકાળ ન આવે. દેશકાળ આવે પણ દેશકાળ વેંડી ન શકે. સ્વામિનારાયણે સૂર્યનો, શંકર પાર્વતીનો આશીર્વાદ લીધો. રામાનંદસ્વામીનો આશીર્વાદ લીધો ને છેવટે સાધુ સત્સંગીનો આશીર્વાદ લીધો. આવી રીતે આંગળી ચીંધતા શીખો ઈ સિવાય દેશકાળ નહીં ખસે. નહીંતર ગમે એમ કરે પણ કામ છોડે નહીં.''

**॥ ઈતિ શ્રી કિરણ ૫૩૭ ॥**

## ૫૩૮. મનના સ્વરૂપનું અને મનને સ્થિર કરવાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદિ-૧૦ મંગળવાર તા.૧૮-૪-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આ દેહ દુઃખરૂપ છે. રાગ છે એટલે એને બધાય સાચવે છે. માનસી પૂજા કરતા આડા આવે. પાછી વૃત્તિ વાળવા ન દ્યે ઈ સંકલ્પ કહેવાય. દુઃખમાં સુખ મનાણું ઈ અજ્ઞાન છે. સુદર્શનચક્ર માયાના અંધારામાં પતંગિયા દીવા જેવું દેખાય એવું ઘાટુ માયાનું તમ છે. એનો છાંટો જીવમાં નાખ્યો છે. વિષયમાં આસક્તિ ઈ જ અંધારૂં છે. ભૂલવણી છે. સાવ નકામું આ જ છે. એમાં જાણપણું નથી ઈ મસાણનો લાડુ કહેવાય. એમાં એલચીની ગંધ હોય જ નહીં. માટે ભજન કરી લેવું. છેલ્લો જન્મ કરી લેવો. આ સત્સંગ ઓળખાણો એના પુણ્યનો અંત નથી. આજ વર્તમાનકાળે દેહ ધર્યા એનું એક પગલું અક્ષરધામમાં ને જેને આવા સાધુની ઓળખાણ થઈ એના બેય પગલા અક્ષરધામમાં છે. જ્ઞાન છે ઈ અજ્ઞાનને કાઢવા માટે છે. ઈ જ્ઞાન બે જણથી જ થાય પણ ધ્યાન એકથી જ થાય છે.

સારંગપુરનું ૭મું વચનામૃત નૈમિષારણ્યક્ષેત્ર જે ઠેકાણે મોટા એકાંતિક રહેતા હોય ઈ જ છે. પાછી વૃત્તિ વાળે ને ઘાટનો વિરામ થયો ઈ ઠેકાણે

હાલવું. જ્યાં સંકલ્પ બંધ થઈ ગયો ત્યાં સંકલ્પ કઈ રીતે હાંકવો ? મન ક્યાંય રોકાતું નથી.

**"ચટકી ચટકી મન જાત હે, લટકી વિષય ફળ ખાય, જટકી જટકી શક જાત હે, તોરત સુમરન તાર."**

ભગવાન સ્મરણરૂપી તાર છે એને તોડી નાખે છે. મન જૈસા ઠગ દૂસરો નહીં કોઈ, મન જેવો કોઈ ઠગારો નથી. ઠગારાના સાથમાં રહો તો ઠગારા ઠગ્યા વિના રહે નહીં ભૂલવણી નાખે દ્યે. ન ખાવાનું ખવરાવે, ન જોવાનું જોવરાવે, ન કરવાનું કરાવે એવું મન છે. જે ઠેકાણે અટક્યું ઈ ઠેકાણે હાંકવું. એનું નામ નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય. એટલે નૈમિષારણ્ય ક્ષેત્ર એની મૂઠીમાં આવી ગયું. ભગવાનનું સુખ અલૌકિક છે. બીજે ક્યાંય આશા કરતા નહીં. જ્ઞાને કરીને સ્થિતિ થાય. ક્યારેક પ્રકાશ દેખાય ને ક્યારેક મૂર્તિ પણ દેખાય. ઘડીક સુખ આવે ને ઘડીક સુખ ન આવે. પણ પ્રત્યક્ષ મૂર્તિ વિરામ થાવાનું ઠેકાણું છે.

**"સુરપુર નરપુર નાગપુર; એ તીનમેં સુખ નાહીં, કાં સુખ હરિકે ચરણમેં, કાં સુખ સંતનકે માંહી."**

ભગવાન પ્રત્યક્ષ હોય તો કાં એના ધ્યાનથી ને કાં સાધુ સમાગમથી અજ્ઞાન દૂર થાય છે, પણ પાછું વળગી જાય છે. સ્વામિનારાયણ શાળા (મંદિર) કરી ગયા ત્યાં મન વિરામ થાય છે. અસ્થિર છે ઈ સ્થિર કેમ કરવું ? આંકડાનું તુર ઓગણપચાસ વાયુના વેગમાં સ્થિર ક્યાંથી રહે ? તેમ મનનો વેગ આંકડાના તૂર જેવો છે. કોઈ'દિ સ્થિર ન રહે. તે ઉપર પઠાણની વાત કરી. સિંહણનું દુધ શુદ્ધ સુવર્ણના પાત્રમાં જ રહે છે. તેમ ભગવાનની વાત કોઈ પાસે રહે જ નહીં. ભગવાનનું સુખ શું ? અક્ષરનું સુખ શું ? ને વિષયનું સુખ શું છે ? શુભ સંકલ્પ થાય ઈ અક્ષરનું સુખ કહેવાય. અશુભ સંકલ્પ થાય ઈ વિષયનું સુખ. અફસોસ ન થાય ઈ ભગવાનનું સુખ. હાનિ થાય એમાં શોક ન થાય, ખરખરો ન થાય ઈ ભગવાનનું સુખ છે. હાથ

આવે તો જાવા ન દેવું. સુખ બહુ જબરૂં છે. નિસ્પૃહી વર્તમાનનું સુખ કહ્યું છે. દુઃખમાં સુખ દેખે એવું વૈરાગ્યનું લક્ષણ છે. એનું જ નામ ભગવાનનું સુખ છે.

**" ઉઠી ન શકે ઊંટીયો, બહુ બોલાવ્યો બાજંદજી, ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યા કઠણ વચનજી."**

તે ઉપર ધ્રુવની વાત વિસ્તારથી કરી, આશીર્વાદ નારદજીનો અને દર્શન દીધા ભગવાને.

ગઢડા મધ્યનું ૭મું વચનામૃત. વૈરાગ્યહીન હોય એને ઈચ્છા તો હોય પણ દોષ ન ટળે. શો ઉપાય કરે તો વિકાર ટળે ? અતિશે મોટા હોય, તેની અતિશે સેવા કરે પછી પરમેશ્વર એને કૃપા દૃષ્ટિ કરીને જુવે તો તત્કાળ વિકાર માત્ર ટળી જાય. નહીંતર સાધને કરીને બે, પાંચ કે દશ જન્મે ટળે. પણ તત્કાળ જે વિકાર માત્ર ટળે ઈ તો એક પરમેશ્વરની કૃપાએ કરીને જ ટળે છે. પણ આ ઠેકાણું સંભારી રાખશો તો સુખ આવશે. કરવાનું ઠેકાણું ને ભાગવાની બારી સારા સાધુનો સંગ જ છે. બાકી કયાંય

**"સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાહીં, કાં સુખ હરિના ચરણમાં કે સંતનકે માંહી."**

આખી પૃથ્વીનું ધન ભેળું કરે તોય સુખ નથી. આખી પૃથ્વીની સ્ત્રીયું ભેળી કરે તોય સુખ નથી. ચિત્રકેતુને કરોડ સ્ત્રીયું હતી પણ સુખ ન થયું. એમાંથી દુઃખ થયું. સ્વામિનારાયણે મધ્યના ૧૩મા લખ્યું છે લખ્યું છે. ચિત્રકેતુને પૂર્વનું જ્ઞાન રહ્યું. આ દેહને મારે તો પાપ જાય, ઈ પૂર્વનું જ્ઞાન કહેવાય. તે ઉપર ચિત્રકેતુની વાત કરી. ઝાઝું મળે ઈ વૃત્રાસુરની પ્રાપ્તિનું ફળ છે. ઢગ્ય રળ્યા, થોડો કાળ જીવવું ને બહુ કાળ શું કરવા કામ કરવું ? આ પૃથ્વી ઉપર જેને ઝાઝુ છે એને સોપો જ ન પડવા દ્યે. આ ઠેકાણું સંભારજ્યો એટલે વૃત્તિ સ્થિર થઈ જશે. સ્થિર થયા પછી જ ભજન કરવું. અમને તો એવો આનંદ છે કે;

**“સુતા સંત જગાડીએ, જપે હરિકા જાપ; તુલસી તીન ન જગાડીએ, દાસી કામી ને સાપ.”**

ભગવાનનો જાપ કેવડો છે ઈ તો ભૂતને ખબર પડે છે. નામની તો ઠીક પણ નામ લેનારની તાકાત કેવડી છે એને પણ ભૂત ઓળખી કાઢે છે. શુભ સંકલ્પ થાય ઈ અક્ષરધામનું સુખ છે. સ્વામિનારાયણે પાછી વૃત્તિ વાળીને પછી હાલવું ઈ ભગવાનનું સુખ બતાવ્યું છે. પાછી વૃત્તિવાળીને હાલવું કેમ હલાય ? નિઃસ્પૃહી થઈને વર્તમાન કેમ પાળે ? ગીતાવાળાએ ના પાડી છે. જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે છે પણ શાસ્ત્રના નિગ્રહનું જોર ન ચાલે. કાંઈ જોતું નથી ઈ કેમ રાખે ? ખાવું નથી ઈ રસોઈ શા માટે કરે ? એમ નિઃસ્પૃહીવર્તમાન એવું છે. પછી સેવકરામની સેવા કરી એની વાત વિસ્તારથી કરી. આ જીવે કરોડ્યું અવતાર લીધા. એમાં કયે ઠેકાણે કયું પુણ્ય કર્યું. ઈ એમ હાજર કરી દીધું. આ દેહ છે ઈ કૃતઘ્નીનો કાકો છે. ગમે એટલું એનું રાખશો પણ છેવટે ઉકરડા ઉપર આસન કરાવશે. માટે એને પલોટવું સારૂ. તો મનુષ્ય દેહ લેખે લાગે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૩૮ ॥**

## ૫૩૯. પર સમજવાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદિ ૧૧ બુધવાર તા.૧૯-૪-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે બપોર પછી ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી.

પછી ચંદુભાઈએ સાક્ષાત્ સવિતાનું ૫૮મું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; આપણે સત્સંગને પર સમજીએ એટલે સાધનમાત્ર આવી જાય. ને વિશિષ્ટાદ્વૈત મત પણ આવી જાય. પણ સત્સંગ પર જાણવો કઠણ છે. નબળો સંગ ઈ દેશકાળ કહેવાય ને પદાર્થનો સંગ ઈ પણ દેશકાળ કહેવાય ને સમય ન સમજો ઈ પણ દેશકાળ કહેવાય. આજ બહુ સહેલું છે

કે અક્ષરધામનું જેટલું કામ કરવું હોય એટલું થઈ જાય ને આજ્ઞા ન પળે એટલું કસહેલું છે.

“અમને સાધુને અપમાન થાય ઈ અક્ષરધામ અને તમને ગૃહસ્થને સન્માન થાય ઈ અક્ષરધામ છે. અહો ! ભગવાનના ભક્તનો મહિમા બહુ જબરો છે.” તે ઉપર દંઢાવ્ય દેશના રાજપરાના જતનબાઈની વાત કરી. ભગવાનના ભક્તના પરચા આપણને આશ્ચર્યકારી થાય જ. સૌરાષ્ટ્ર દેશના હરિજન સારૂ થઈને મહારાજ આવ્યા પણ એના કરતાય જતનબાઈની વાત જબરી કહેવાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૩૯ ॥**

## ૫૪૦.સંશયગ્રંથીનું, સાકારપણાનું, ત્રણ અવસ્થાનું, મન-ઈંદ્રિયોને જીતવાનું, ત્રણ પ્રકારની વિધાનું અને ત્રણ પ્રકારની વૃત્તિનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદી ૧૨ બારસ ને ગુરૂવાર તા.૨૦-૪-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં બંગલામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે મુક્તાનંદસ્વામી મુક્ત જ છે. બ્રહ્માનંદસ્વામી બ્રહ્મની જ મૂર્તિ છે ને ગોપાળાનંદસ્વામી ઈશ્વરની જ મૂર્તિ છે તે ઉપર ગોપાળાનંદસ્વામીની વાત વિસ્તારથી કરી. લાડકીબાઈની સારૂ તો સ્વામિનારાયણ ભગવાન અક્ષરપદ છોડીને અહીંયા પૃથ્વી ઉપર આવે એવા લાડકીબાઈ હતા. મહામુક્ત હતા; છતાં આ લોકમાં ગામ આખા છોડીને શેરગઢ જાવું પડ્યું એવું આ લોક છે. સમાધિનિષ્ઠ હતા; એની સમાધિ તોડી નાખી એવા ગુણાતીતાનંદસ્વામી ! એનો પ્રતાપ તો જુવો ! એની શક્તિ તો જુવો ! એની કળા તો જુવો ! એને હાથ જોડાઈ ગયા એટલે સંશયગ્રંથિ ઉડી ગઈ. એક દાણ(એક વખત) દંડવત્ થયા, એક વાર પ્રદક્ષિણા થઈ, એક દાણ દીઠા એટલે પતી ગયું ! ઓલ્યા માણસીયે કીધું કે મેં સ્વામિનારાયણને દીઠા; એટલે પતી ગયું. એને સંતરૂપે મહારાજે

દર્શન દીધાં. માટે સંશયગ્રંથિ શું છે ? શેર અનાજ ખાઈએ તો પણ ભૂખ ભાંગતી નથી. કીડી એક દાણો ખાય તો ય ભૂખ ભાંગી જાય; એમ સંશયગ્રંથી ઉડી ગઈ. ભગવાન મળ્યા, સાધુ મળ્યા. હજી બાકી છે ? હવે જખ મારે જમડા પારસમણિ મળી, હવે ધન બાકી ન રહે માટે સંશયગ્રંથી ટળી જાવી જોઈએ. અખંડ, અવિનાશી થઈ જાવું જોઈએ. આનંદ છે ઈ ભગવાનનું સુખ છે. ને સુખ છે ઈ વિષયનું છે. ભગવાનના સુખમાં તલનો દાણો મેલાય એટલોય અવકાશ નથી, ને બીજા સુખમાં અવકાશ છે. પરાત્પર રહેલા એવા પરમાત્મા, એમાં અહો થયું એટલે પતી ગયું ! એમાં મન શુષ્ક થયું તો ઈ શું કરવાના છે ? આ મારૂં શું કરશે એમ થાય તો શુષ્ક મન કહેવાય. હિંમત આવે એનું નામ સંશયગ્રંથી ઉડી ગઈ કહેવાય. અક્ષર બહુ મોટું છે. ચૌદ બ્રહ્માંડ, ઈશ્વરકોટિ, મુક્તકોટિ, દેવકોટિ ઈ બધાય જેના એક રૂંવાડાને વિષે ઉડતા ફરે છે, એમાં સંશય થાય; પુરૂં મનાય નહીં ઈ સંશયગ્રંથિ છે. મનાય જાય તો સંશયગ્રંથિ ગળી ગઈ કહેવાય. તે ઉપર અક્ષરસ્વરૂપદાસસ્વામીનો સંકલ્પ ગુણાતીતાનંદસ્વામીએ ટાળ્યો ઈ વાત કરી. સંશયગ્રંથી ટળવી બહુ કઠણ છે. આત્મરામ થાય તો ગ્રંથી અળગી થઈ કહેવાય. કૃતાર્થ થાય, સંપૂર્ણ આનંદ થાય તો સંશયગ્રંથી ટળી ગઈ કહેવાય. વીર્યપાત છે ઈ જેવો એકેય આનંદ નથી; ઈ આનંદ નાશ થઈ જાવો જોઈએ. ઈ જ સંશયગ્રંથી નાશ થઈ કહેવાય. વીર્યપાત સ્વપ્ન અવસ્થામાં થાય; પણ જાગ્રત અવસ્થામાં વીર્યપાત ન થાય. વીર્યપાત થયા પછી સુષુપ્તિમાં વયો જાય પણ જો જાગ્રતમાં જાય તો પ્રાયશ્ચિત થઈ જાય. માટે સંશય, નિશ્ચય, નિદ્રા, સ્મૃતિ બુદ્ધિમાં છે. ઈદં સાંભરી આવે ઈ સમાધિ કહેવાય. એક સાથે જોવું ઈ પણ સમાધિ છે. ભગવાનના દર્શન કરવા જાઈએ એટલે આપણી વૃત્તિ પાછી ખેંચાઈ જાય એટલે ભગવાનનો શણગાર યાદ રહેતો નથી. માટે દર્શન કરતી વખતે લોમવૃત્તિ કરવી; અનુલોમવૃત્તિ ન કરવી. આપણી પ્રતિલોમ વૃત્તિ છે. દેવકોટિ માયામાં

લોમપણે વર્તે પણ એની ક્રિયામાં પરમાત્મા છે એટલે એને માયા બાધ નથી કરતી. તલમાં તેલ, દૂધમાં ઘી, ફુલમાં સુગંધ છે એમ ઈશ્વરકોટિ માયામાં લોમપણે વર્તે છે તો પણ માયા એને નડી શકતી નથી. તેમ આપણે પ્રતિલોમ વૃત્તિ કરીએ તો નિર્લેપ કહેવાય. પ્રતિલોમ એટલે નિષેધ કરવો એટલે પદાર્થથી નોખો છે. નિષેધ કરે છે એટલે નોખો છે. નિષેધ કરી તો જુવો ! કેમ થાય છે ?

ભગવાનનો ભગત છે એની દેહની ક્રિયા ને વિમુખના દેહની ક્રિયા ઈ સરખી છે. (ગઢડા મધ્ય પ્રકરણનું ૧૧મું) જે શાસ્ત્ર છે તે ધર્મ-અર્થ- કામ પર જાણે છે. એને અર્થે યોગ, યજ્ઞ, દાન, પુન્ય કરે છે ઈ ભેળો છે ? કે ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે ઈ ભેળો છે ? પ્રસન્નતાને અર્થે કરે છે તો નોખો છે. અર્થને અર્થે કરે, સુખને અર્થે કરે ઈ ભેળો છે; એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ છે. ને પ્રસન્નતાને અર્થે કરે છે ઈ નિષ્કર્મ છે. ઈ બે પ્રકારના ભક્તને દેખે ઈ કોણ છે ? ઈ પણ નોખો છે. ઈ બધાયમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે. મોક્ષને યોગ્ય છે. પછી એના કપડા લખ્યા. સર્વ કર્મનો કરનારો છે. મોટા પુરૂષ તો ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પર વર્તતો હોય એને દેહાભિમાની જીવ કેમ ઓળખી શકે ? પણ ઓળખે તો એને બુદ્ધિવાળો કહ્યો. એને મોક્ષને યોગ્ય કહ્યો છે. ઈ સર્વ કર્મ કરનારો છે પણ ઓલ્યા બેને ઓળખે છે એટલે સંશયગ્રંથી કયાં ઉભી રહે છે ? બેને ઓળખ્યા એટલે સંશયગ્રંથી નાશ થઈ ગઈ. જેને દર્શને પૂર્ણકામ થઈ ગયો એટલે સંશયગ્રંથી ઉડી ગઈ; ઈ સગુણ બ્રહ્મ છે પણ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે. ને મોક્ષને યોગ્ય છે. છેવટે ઓપ આપી દીધો. દર્શન માત્રથી પૂર્ણકામ આત્મરામ થઈ જાવો જોઈએ. આત્મારામ બની જાવો જોઈએ. કૃતાર્થ બની જાવો જોઈએ. સોતી દષ્ટિથી દર્શન કરે તો પૂર્ણકામ થાય. તે ઉપર કુશળકુંવરબાઈની વાત કરી. સંશયગ્રંથી ગળી જાય તો મોક્ષ થઈ ગયો કહેવાય. આમાંથી સંશયગ્રંથી ટળે તો ઓમાંથી મુક્ત થાય.

વિષયમાં જીવ છે કે જીવમાં વિષય છે ? તાણોવાણો છે. ઈંદ્રિયુંમાં વિષય છે કે વિષયમાં ઈંદ્રિયું છે ? (વચનામૃત લોયાનું ૧૭મું) વિષયનો અભાવ હોય તે કેમ જણાય ? જેવું તેવું ખાતું હોય એમ સારૂં ખાવામાં આનંદ ન હોય; અપમાનમાં આનંદ હોય એવો સન્માનમાં આનંદ ન હોય; સારી પથારીમાં આનંદ હોય એમ નરસી પથારીમાં આનંદ હોય તો વિષયનો અભાવ કહેવાય. તે ઉપર ડોસા વાણીયાની વાત કરી.

પછી ભાણજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, તીવ્ર શ્રદ્ધાથી પ્રેમબાઈએ વસ્ત્ર અલંકાર કર્યા; એના પ્રેમને સ્વામિનારાયણે જાણ્યો ને સિંહાસન ઉપરથી હેઠા ઉતરીને સામા ચાલીને વસ્ત્ર અલંકાર અંગીકાર કર્યા. એક સાધારણ માણસ હોય ને એક અલ્પ હોય તો એની હારે અસાધારણ માણસ પ્રેમ ન જણાવે; પણ સ્વામિનારાયણે પ્રેમબાઈ ઉપર હેત જણાવ્યું. કામ-ક્રોધ-લોભ આદિકનો ત્યાગ કરે ને ભક્તનો ગુલામ થઈને રહે એના ઉપર ભગવાનનો રાજીપો થાય છે.

નિર્મત્સર હોય એને જ સંત કહ્યા છે. એક દ્યે ને એક લ્યે; એમાં વચમાં દાજી મરે એનું નામ મત્સર છે. વચ્ચે ઠાલો ઠાલો બળી મરે. પરમાત્મા કયે દ્વારે ને કેવી રીતે કરે છે ? ગાતા ન આવડતું હોય, પણ કોઈ ગાતો હોય ઈ સારો લાગે ઈ સંબંધવાળો ધર્મ કહેવાય. મહારાજ કહે કે જડભરત-નારદ ઈ બધાય વનમાં રહે છે; ભૂખ, તરસ, તડકો, ટાઢ સહન કરે છે એમ અમે સહન કરતાં નથી પણ ઈ કરે છે ઈ અમને સારૂં લાગે છે ઈ અમારા જીવનો ઢાળો છે ઈ સંબંધવાળો ધર્મ છે. નિષ્કામી ન હોય પણ સ્ત્રીને ન જોવાનું નિયમ રાખે; નિર્લોભી ન હોય પણ અન્યાયથી ધન ન મેળવે, ન્યાયથી મળે તો જોઈએ; નિર્સ્વાદી ન હોય પણ મેળાવીને પાણી નાખીને જમે. શુભ ક્રિયાને વિષે ભગવાનને યાદ કરવા તેમ અશુભ ક્રિયાને વિષે પણ યાદ કરવા. અશુભ ક્રિયા ભગવાનને અડતી નથી એટલે કયાં

વાંધો છે ? કાલ અમે એક પ્રકરણ વાંચ્યું એમાં જતનબાઈની વાત આવી. તેની વાત કરી પછી જેકર્ણની અને ગોલીડા ગામના રાણા રાજગરની વાત કરી. સ્વામિનારાયણને ઘરે કેવા છે ઈ વાત કેમ કરવી !ઓલ્યો જેમ નરસામાં મુંજાય તેમ આ સારામાં મુંજાય તો વિષયનો અભાવ કહેવાય. કર્મ ઈંદ્રિય અને જ્ઞાન ઈંદ્રિયને સદાય સંબંધ છે. કર્મ ઈંદ્રિયને એક વિષયનું જ્ઞાન છે ને જ્ઞાનેન્દ્રિયને બે વિષયનું જ્ઞાન છે. કર્મ ઈંદ્રિય અજોગને જ ગ્રહણ કરે છે ને જ્ઞાન ઈંદ્રિય જોગ-અજોગ બેયને ગ્રહણ કરે છે. પગ કર્મઈંદ્રિય છે ને આંખ જ્ઞાનઈંદ્રિય છે; ત્વચા જ્ઞાન ઈંદ્રિય છે ને હાથ કર્મઈંદ્રિય છે. આંખ ઉઘાડે એટલે પગને રસ્તો ગોતવો ન પડે, એવો નિત્ય સંબંધ છે. માયિક છે, નાશવંત છે છતાં એમાં પૂર્ણપણું મનાઈ ગયું; પણ અમાયિક છે, અવિનાશી છે એમાં પૂર્ણપણું મનાતું નથી.

એકદેશસ્થ એટલે સ્થૂળ; સમર્થ નહીં. એકદેશસ્થ છે ને બરછીની અણી જેવો તીખો છે. ચોંટવાનો સ્વભાવ છે. શુભમાં ચોંટે ને અશુભમાં પણ ચોંટે, સુખમાં ચોંટે ને દુઃખમાં પણ ચોંટે. જેમ કોઈ દશમણની તલવાર હોય તેમ એકદેશસ્થ છે પણ એનું અનુમાન તો કરો. એક ઠેકાણે રહ્યો થકો આ દેહમાં રૂંવાડે રૂંવાડે એની ગતિ છે. સૂક્ષ્મ છે બરછીની અણી જેવો તીખો છે. બુદ્ધિએ રહિત છે એટલે અનુમાન કહેવાય.

સાકાર વસ્તુ કેવી રીતે છે ? એકરૂપ થકા અનંત રૂપે સ્વામિનારાયણે સાકાર કહ્યા. પણ જયાં જેવો ત્યાં તેવો થઈ રહે એને તમે સાકાર કઈ રીતે કહો છો ? એને તો ઢોલારી કહેવાય. અનુમાને કરીને સાકાર ઈ બધુંય ઢોલારી જેવું છે. અનુમાન વસ્તુ નોખી સમજો તો ઉપાસનાની ગતિ થઈ કહેવાય. ઉપાસનાની લેન હાથ આવી કહેવાય. દોરો હાથ આવ્યો કહેવાય. તદાશ્રિત અનુભવ જ્ઞાન એમાંથી તમે કયા જ્ઞાનનું કહો છો ? ઈંદ્રિયું, અંતઃકરણ ને અનુભવ ઈ ત્રણ પુગે એવા ભગવાનને જ્ઞાને કરીને મોક્ષ કહીએ છીએ(ગુણાતીતાનંદસ્વામી). પ્રહલાદે નારાયણ સાથે યુદ્ધ કર્યું પણ

ન જીતાણા. જીભે કરીને ભજન કરવું, મનમાં મનન કરવું ને નેત્રમાં મૂર્તિ રાખવી ઈ ત્રણેય ભેળા થાય તો સાકાર ઉપાસના થાય. જો ત્રણેય ભેળા ન થાય તો નિરાકારની ઉપાસના થાય. તમે જે ઠેકાણે બેઠા છો ઈ ઠેકાણાને સંભારો તો બંધ બેસે. ઈંદ્રિયું, અંતઃકરણ ને અનુભવ ઈ ત્રણ પુગે ઈ બહુ જબરી વાત છે. નેત્રે કરીને દીઠ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ ઈ દીઠ્યા જ કહેવાય. રામકૃષ્ણાદિક અવતારને દીઠ્યા ઈ દીઠ્યા જ કહેવાય પણ એમાં નિશ્ચય ન થયો. રામની સાથે કોઈ ન ચાલ્યું. વાંદરા ચાલ્યા. માટે દીઠ્યા કહેવાય, એનું નામ અનુમાન જ્ઞાન. દીઠ્યા બધાએ. આ મકાનમાં પચાસ વરસ રહ્યા પણ વેચાતું લેવા તરીકે નહોતું જોયું; જ્યારે લેવા તરીકે જુવો ત્યારે જોયું કહેવાય. રામ કૃષ્ણ પૃથ્વીના રાજા હતા પણ દુનિયા આખીને નિશ્ચય ન થયો. જોયા છે પણ પુરૂં જ્ઞાન નથી. રામના નામનો બધાયને વિશ્વાસ હતો પણ રામને પોતાને નહોતો. કર્તા પોતાને ન મનાય તો સંશય નિવૃત્તિ પામી ગયો કહેવાય. એકદેશસ્થ કહો તો સ્થૂળભાવ આવે ને બરછીની અણી જેવો તીખો કહો તો સૂક્ષ્મભાવ કહેવાય. જડ વસ્તુને ચલાયમાન કરી દ્યે; ચૈતન્યવસ્તુ એવી છે પણ અનુમાન જ્ઞાન છે. ઝવેરી કે સંગ બિન નંગની પરીક્ષા ન થાય; ઈ સાક્ષાત્ જ્ઞાન કહેવાય. નિશ્ચય થયો હોય તો બોલીમાં ખબર પડી જાય. બોલીમાં ખબર ન પડે તો નિશ્ચયમાં ખામી છે, પછી ભલે ગમે એટલી હોંશિયારી કરે કે ગમે એટલા નિયમ કરે કે ધર્મ પાળે પણ નિશ્ચય ન કહેવાય. ભગવાનના સ્વરૂપનો નિશ્ચય જો લેશમાત્ર હોય તો મોટા ભય થકી રક્ષા કરે છે. મોટો ભય શું ? સંશયગ્રંથી છે ઈ મોટો ભય છે. સંશયવત્ ચિત્ત થયું એટલે થઈ રહ્યું ! નિઃસંશય ચિત્ત થાય એટલે કામ થઈ જાય. નામનો કેવો નિશ્ચય છે ? ઈ નિઃસંશય નિશ્ચય છે. અટક ‘ગધેડા’ હોય તો પણ સંશય ન થાય. નામનો નિશ્ચય કર્યો. જાતિનો નિશ્ચય કર્યો, તેમ ધર્મની, વૈરાગની, આત્મનિષ્ઠાની નિષ્ઠા થાવી જોઈએ; તો સંશયગ્રંથી ઉડી જાય. હીરાની લાઈટ ઉપરથી એની કિંમત

થાય પણ લાઈટને તો ઝવેરી જાણતા હોય. નાતનો, નામનો, ગામનો કેવો નિશ્ચય છે ? મોચી હોય એને મોચી કહેવો કઠણ નહીં.

આ જીવાત્મા જે તે જેને વિષે રહીને વિષય ભોગવે તેને અવસ્થા કહીએ. પહેલા અમે અજ્ઞાન અવસ્થામાં હતા ત્યારે એમ કહેતા કે સત્ત્વગુણમાં રહીને કથા સંભળાય. પણ પછી જ્ઞાન થયું ત્યારે એમ થયું કે સત્ત્વગુણમાં કથા ન સંભળાય કારણ કે કથા નિર્ગુણ છે ને સત્ત્વગુણ માયાનો છે. જાગ્રત અવસ્થામાં સત્ત્વગુણ છે, સ્થૂળ દેહનું અભિમાન છે. જાગ્રત અવસ્થામાં સ્થૂળદેહનું યથાર્થજ્ઞાન નેત્રસ્થાનમાં હોય. ને અયથાર્થજ્ઞાન થાય એટલે સ્વપ્ન અવસ્થા છે. ને જડપણે ન જાણે તો સુષુપ્તિ અવસ્થા છે. શોક અને શ્રમથી ન જાણે તો જાગ્રતમાં સુષુપ્તિ છે પણ એનો લય કેમ થાય ? યથાર્થ જ્ઞાન છે ઈ અયથાર્થ થયું એટલે જાગ્રતનો લય થઈ ગયો. શોક અને શ્રમ બે આવે તો અયથાર્થ જ્ઞાનનો લય થઈ ગયો. સ્વપ્નમાં જાણતો થકો વિષય ભોગવે તો જાગ્રત. ને જાણતો થકો રાગે કરીને ભોગવે તો સ્વપ્નમાં સુષુપ્તિ કહેવાય. સુષુપ્તિ અવસ્થા ઈ પ્રધાનપુરૂષની સ્થિતિ અવસ્થાનું કાર્ય છે. સ્થૂળ વૈરાટ્નું કાર્ય છે. ને ઓલ્યું તૈજસાભિમાની છે. બહુ અગમ છે તો પછી પરમાત્મા વસ્તુ અકળ છે. જગતમાં છે ને પાછા ન્યારા છે; કર્તા છે છતાં અકર્તા છે; સમર્થ છે છતાં અસમર્થ છે; ભોક્તા છે ને પાછા અભોક્તા છે. જાણતા થકા ભોગવે તો જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા કહેવાય. એક જાણતો થકો વિષય ભોગવે ને એક રાગે કરીને ભોગવે ને એક જડપણે ન જાણે ને ભોગવે ઈ ત્રણ અવસ્થા થઈ ગઈ. સ્વપ્નમાંથી સુષુપ્તિમાં નથી જાતો ઈ ઓળખવો. સ્વપ્નમાં થાક નથી, વિરામ નથી; પેટ ન ભરાય; ધરવ ન થાય. એને થાક ન લાગ્યો કેમ કહેવાય ? સ્વપ્નમાંથી થાક લાગે ત્યારે પરાધીન કહેવાય. તે સુષુપ્તિમાં તો પરમાત્મા લઈ જાય તો જ જાવ. ને તમે પંડે તો મૂર્છાવસ્થામાં જ જઈ શકો. આ જીવની સત્તા છે. ને ઓલી ઈશ્વરની સત્તાથી સુષુપ્તિમાં જાય છે. કર્મ ફળદાતા જે

અવસ્થાના ફળને ભોગવાવે ઈ જ અવસ્થાના ફળને ભોગવી શકે. એની સત્તા જ નથી- પોતાની ઈચ્છાથી ભોગવવાની એની સત્તા જ નથી. ભૂત તમારા ગોળાનું પાણી પી ન શકે. પરમાત્માની જબરદસ્ત તાગાત છે, જે અવસ્થાના કર્મફળને ભોગવાવે ઈ જ અવસ્થાના કર્મફળને ભોગવી શકે. એક હાલ્યો, એક પાછો આવ્યો ને એક છે; એક સુષુપ્તિમાં જાવું ને પાછું આવવું ને એક ઈ અવસ્થા છે - ઘોર તમ અવસ્થા છે. બેભાન છે, કોઈ પ્રકારનું ભાન નથી. એમાંથી ભાન લાવનાર કેવડો જબરો છે ! જેટલા વાગ્યે જાગવાનું નક્કી કર્યું, એટલા વાગે ઉઠાડી જ ધ્યે. જાગ્રતમાં આવ્યો એટલે પોતપોતાના વિષયનું યથાર્થ જ્ઞાન થઈ જાય ઈ પરમાત્માની જ્ઞાન શક્તિ છે. ધ્યાન કરતા હોઈએ તો ધ્યાનનું જ્ઞાન થઈ જાય. ખાતા હોઈએ તો ખાવાનું જ્ઞાન થઈ જાય ઈ જ્ઞાનશક્તિ છે. એક ઈચ્છાશક્તિ છે ને એક ક્રિયાશક્તિ છે.

પછી તે જ દિવસે બપોરપછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, સારો દેશકાળ હોય ત્યારે ભગવાન ભજી લેવા. દેશકાળ એકનો એક રહેતો નથી. કોઈ કહેશે કે મારે જુવાની છે પણ જુવાની કાંઈ અકબંધ રહેતી નથી. કોઈ કહેશે કે મારી પાસે કુટુંબ છે પણ કુટુંબ આશા પણ નકામી છે. કોઈને ધનનું બળ હોય ઈ પણ આશા ખોટી છે. આ લોક તો આંધળે-બહેરે બજાર લૂંટી એવું છે. આ લોક એવું છે કે સૂર્ય-ચંદ્રને પણ વાદળું આડું આવે છે. સુખ છે ઈ ભગવાનની કથા, કીર્તન, ભજન, સ્મરણ, સંતસમાગમ, સારો જોગ હોય, સારો સંગ હોય, સુખ સંપત્તિ હોય ત્યાં સુધી ટકે છે. ભગવાનને સર્વોપરી સમજીએ છીએ; ઈ જ આપણી રક્ષા કરે છે. આ જગતનું સુખ વાદળની છાંયા જેવું છે. ઉભું ન રહે. કાળ, કર્મ, માયા ઈ ભગવાનથી નીચા છે પણ આડા તો આવે જ મોટાને પણ આવે ને નાનાને પણ આડા આવે. ગરીબને ને સમર્થને પણ આડું આવે. ગમે એવો ઉત્તમ દઢતાવાળો હોય એને પણ દેશકાળાદિક ડગાવી દે.

ઉત્તમ દઢતા હોય ને દેશકાળ સારા હોય ને જેવી છે એમ દઢતા રહે તો એને પૂર્વનું ભારે બીજબળ છે. જો દેશકાળ સારા છે પણ એની બુદ્ધિ મલિન થઈ જાય છે, તો એને પૂર્વનું કે આ જન્મનું પાપ નડે છે માટે ઈંદ્રિયુના ગળામાં હાથ નાખીને બેઠો; પછી ભગવાનનો વાંક કાઢે તો એને પૂર્વનું કે આ જન્મનું ખરાબ સંસ્કાર છે. ભગવાને ઈંદ્રિયું-અંતઃકરણ કેવા આપ્યા છે ? દેવ કેવા આપ્યા છે ? પૈસા વિના આપણું કામ કર્યા કરે છે. પળે પળે આપણી રક્ષા કરે છે. જેમ બ્રહ્માંડમાં સમુદ્ર છે તેમ કુક્ષીને વિષે જળ રહ્યું છે ને નાડીએ નાડીએ પૃથક્ પૃથક્ ચડાવી દ્યે ! કેવી એની આવડત છે ! એવી ઈશ્વરની ગતિ છે. ઈશ્વરની શક્તિ અલૌકિક છે. તેમાં ભગવાનને કર્તા સમજવા; સમર્થ સમજવા. સમય સમયનું કામ કરનારા છે; કર્તા થકા અકર્તા છે. જોગ કામ કરે છે તેમ અજોગ પણ કરે છે, સારા પંચવિષયની નિવૃત્તિને માટે કર્યા છે. જે જે રચના કરી ઈ રચના પરમેશ્વરની દૃષ્ટિમાં છે. એની નજરથી બારૂં કંઈ નથી. આ જગતમાં કેટલાક બાપની કમાણી ઉપર ચડી બેઠા હોય ને કેટલાક પોતાની કમાણી ઉપર હોય. બાપની કમાણી હોય ઈ પૈસાને વેડફી નાખે ને પોતાની કમાણી હોય ઈ બહુ સમજીને પૈસા વાપરે. ભગવાનની કૃપા થાય તો ન બની શકે એવું બની જાય. આ દેહાભિમાન છે ઈ વાદળું છે ઈ છેટું ખસે એટલે દુઃખ છેટું ખસી જાય. કેવી રચના કરી છે ! શુભ સંકલ્પ થાવાનું ઠેકાણું બતાવ્યું. નિષ્કામી ન હોય પણ સ્ત્રીને ન જોવાનું નિયમ રાખે એવો હોય એને શુભ સંકલ્પ થાય એવી રીતે વાદળ છેટું ખસે. એ રીતે ભગવાનની નજીક થવાય છે. એમ ભગવાન હાથ આવે છે. સાધુ ઓળખાય ઈ બહુ મોટી પ્રાપ્તિ થાય છે. આની પાસે બેસીએ તો શુભ સંકલ્પ થાય ને આની પાસે બેસીએ તો અશુભ સંકલ્પ થાય; એમ ઓળખાય છે. પોતાના ખરાબ આચરણ સુજવા મંડે એ તો સાધુ પાસે જ સુજે છે. મુંબઈ જેવું શહેર ઈ જાગતી નગરી છે. ત્યાં રાત જ ન પડે. ટેમ ન ચૂકવી ઈ બહુ જબરી વાત છે. ટેમે(ટાઈમે) ધ્યાન, ટેમે

ભજન, ટેમે સેવા, ટેમે જાવું આવવું, ટેમે સુવું, ટેમે જમવું..... બધુંય ટેમે થાય તો બહુ. વેવારમાં ટેમ જાતી હોય તો તો સારૂં પણ સ્વભાવને આધિન થઈને વરતે ઈ બહુ ખરાબ કહેવાય.

પંચવિષયની આસક્તિ છે ઈ માથામાં જીવડા પડ્યા જેવું છે. ન કરવાનું કરે; ન બેસવા ઠેકાણે બેસે; ન ખાવાનું ખાય; ન સંગ કરવા જેવાનો સંગ કરે.

આ અમે સાક્ષાત્ સવિતાનો ચોપડો કર્યો એમાં મને સાવ ભાન નથી. ઈ તો ભગવાન જાણે કેમ બોલાણું હશે ! સંકલ્પ ન થાય ઈ જ સમાધિ છે. જેવી જાગ્રત અવસ્થા છે એવી જ સ્વપ્ન અવસ્થા છે. સ્થૂળ દેહમાં કર્મ ન લાગે, ઈ કઈ ક્રિયા ? તો બીજી ઈંદ્રિય એક ઈંદ્રિય ભેળી ન ભળે તો સ્થૂળદેહમાં કર્મ ન લાગે. વીસ કોશનો પ્રવાહ ભેળો થાય તો કર્મ ન લાગે પણ નોખો નોખો હાલતો હોય તો કર્મ ન લાગે. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધાયનો સ્વાદ જુદો છે. દેવ જુદા છે. નેત્રમાં જોવાનું જ્ઞાન છે. શ્રોત્રમાં સાંભળવાનું જ્ઞાન છે. જીભમાં સ્વાદનું જ્ઞાન છે. નાસિકામાં સુંઘવાનું જ્ઞાન છે. હાથમાં દેવાનું જ્ઞાન છે. પગમાં વૈકુંઠ લોકનું જ્ઞાન છે. શિશ્નુમાં દેહની આકૃતિ બદલાવી નાખવાનું છે. જો સ્થૂળદેહની માન્યતા ન હોય તો સૂક્ષ્મદેહનું કર્મ ન લાગે. જેવી જાગ્રત અવસ્થા એવી જ સ્વપ્ન અવસ્થા છે. જાગ્રતમાં ન દીઠ્યું હોય, ન સાંભળ્યું હોય એવા જ પદાર્થ સ્વપ્નમાં સ્ફુરે એમ નથી. બે ય અવસ્થા સરખી જ છે. તેથી મન સ્થિર ન રહે. છિન્ન ભિન્ન થઈ જાય; ઠેકાણું ન રહે. સૂક્ષ્મદેહની માન્યતા સ્થૂળદેહમાં ન હોવી જોઈએ. ઈ બે તો નોખા પડવા જોઈએ. સ્થૂળદેહમાં જાણપણું છે તેથી મન વિરામ પામી જાય.........આના ભેળું ન ભળાય એટલું આનું કર્મ ન લાગે. જેણે પોતાનું મન જીત્યું તેણે આખું જગત જીત્યું. પંચવિષયથી મન પાછું હઠે એવું જાણપણું થાય એટલે મન ને ઈંદ્રિયું નોખા થઈ ગયા; મન ઈંદ્રિયું લગણ(સુધી) ન આવ્યું કહેવાય. હૈયામાં ને હૈયામાં જ રહ્યું

ગણાય. નોખું પડે એટલે જીત્યું ગણાય. (વચનામૃત વરતાલનું ૧૭મું) મન છે ઈ તો હૃદયમાં રહ્યું છે પણ ઈંદ્રિયું લગી ન આવે તો જીત્યું ગણાય. મન ઈંદ્રિયુંનો સંકલ્પ જ ન કરે, એનું ભેળું ભળે જ નહીં. અહીંયા પહેલી ઈંદ્રિયું જીતી કહેવાય. ઈંદ્રિયું વિષયનો સ્પર્શ ન કરે એટલે પછી મન શું કરે ? ઈંદ્રિયું જ એનું દ્વાર છે. ઈંદ્રિયું લગણ આવે ખરૂં પણ માન્યતા આળસી જાય. ભગવાન સ્વામિનારાયણ આપણને પ્રમોદ આપવા સારૂં મેલી ગયા છે. આપણને બ્રહ્મરૂપ કરવા મેલી ગયા છે. આપણને સારો વિચાર ઉત્પન્ન કરવા મેલી ગયા છે. ઈ અક્ષરધામના ભોમિયા છે.

એક ઈંદ્રિયમાં સર્વ ઈંદ્રિયુંનો વેગ થઈ ગયો એનું કર્મ લાગે. એકલી ઈંદ્રિયની વૃત્તિ ગઈ હોય ઈ કર્મ ન લાગે. મન ભેળું ભળે તો વિગત થાય. ને એને આકારે વૃત્તિ થાય તો તીવ્રવેગ થઈ ગયો ઈ વિશેષપણે વસ્તુ જોઈ.

ધર્મ નહીં હોય તો પણ ઉપાસના હશે તો અક્ષરધામમાં આબરૂ રહેશે. ધર્મ-જ્ઞાન-વૈરાગ-ભક્તિ હશે ને ઉપાસના નહીં હોય તો બીજા ધામમાં આબરૂ વધશે પણ અક્ષરધામમાં આબરૂ નહીં વધે. "અનિકેત આનંદ જ્ઞાનમય અનુભવ અંગા" એવા પુરૂષ હોય તો કામ થઈ જાય. બધી ઈંદ્રિયુંની વૃત્તિ પાછી વળે તો સમાનબુદ્ધિ કહેવાય. समालोष्टाश्मकांश्चनः ઈ સિદ્ધ દશા છે. સમાનબુદ્ધિ થાય ત્યારે એને સિદ્ધ દશા પામ્યો જાણવો, ઈ ગલિતાર્થ છે. પ્રતિલોમવૃત્તિ એટલે અક્ષિવિદ્યા. એક ઈંદ્રિયનો લક્ષ થાય ઈ અક્ષિવિદ્યા છે. બધી ઈંદ્રિયુંનો લક્ષ થાય તો દહરવિદ્યા ગણાય. અક્ષરને આકારે વૃત્તિ થાય છે ને ભગવાનને આકારે વૃત્તિ થાય તો બ્રહ્મવિદ્યા કહેવાય. જેમ વિષય ભોગવો તેમ વધારે તૃપ્તિ થાય. જોવા માત્રથી બંધન થાય ઈ અનુલોમવૃત્તિ કહેવાય. ને લોમવૃત્તિ હોય તો પણ બંધન ન થાય ને આ પૃથ્વી ઉપર રહેનારા છે એની પ્રતિલોમવૃત્તિ કહેવાય. નિયમમાં ખાવું, નિયમમાં પીવું, નિયમમાં બોલવું, નિયમમાં જોવું ઈ પ્રતિલોમવૃત્તિ

કહેવાય. પરમબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ નિર્લેપ અને અસંગી છે. ગમે એવા રમણીય પંચવિષય ભોગવ્યા હોય પણ પાછા સાંભરે નહીં તે સ્વપ્નમાં ન આવે. જો એમાં સારપ્ય મનાઈ જાય તો સાંભર્યા ગણાય.

પછી પાંચ વાગે ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે આ લોકમાં દુઃખની નિવૃત્તિ કરવી હોય કાં સાંખ્ય જોઈએ કાં આજ્ઞા જોઈએ કાં નિયમ જોઈએ કાં વિવેક જોઈએ. આંખ બીડી દ્યો એટલે ન દેખાય ઈ નિયમ છે. કાં વર્તમાન જોઈએ, તો દુઃખની નિવૃતિ થાય. કર્તા થકા અકર્તા માનવું ઈ સાંખ્ય વિચાર છે. વેદાંતિ તો તદ્દન ખોટા છે. ઓ હો હો ! ભગવાન બહુ જબરા. શક્તિ, ગુણ અપાર છે. ભક્ત પણ અતર્ક છે. વિચારોમાં, પામવામાં, જાણ્યમાં ગતિમાં ન આવે છતાંય આપણો એના ભેળો વાસ થઈ ગયો ઈ કાંઈ થોડી વાત છે ? જેના ઈંદ્રિયું નિયમમાં હોય, વૈરાગ્યવાન હોય એને જ નિયમ-ધર્મવાળો કહેવાય; માટે વૈરાગવાળો હોય ને ધર્મવાળો હોય એના ઈંદ્રિયું નિયમમાં હોય માટે ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે; વિમુખ જીવની સોબત ગમે નહીં. ગઢડા અંત્યપ્રકરણના ૮મા વચનામૃતમાં કહેલા છ વાના જેને હોય ઈ સદાય સુખિયો છે ને આ છ વાના જેને ન હોય ઈ સદાય દુઃખિયો છે.

**“દીનતા ઉડાડણ..........”** એ સાખી બોલ્યા ને વાત કરી જે, એવી રીતના હોય ઈ કયાંય અટકે નહીં. કાળ-કર્મ-માયાના પેચમાં ન આવે. આપણે તો કોઈક લોકાંતરમાંથી આવ્યા હશું. આ મળ્યા છે ઈ મૂકે એવા નથી. આ જ્ઞાન સાંભળીને જાય છે એને કોઈ પુગતા નથી. આની આગળ બીજાનું જ્ઞાન તો ફટાકીયા જેવું છે.

**“જનના અવગુણને નાથ ગણતા નથી,**
**શરણે આવ્યાના શ્યામ છો રે”**

અક્ષરધામના મુક્ત બ્રહ્મરૂપ છે. વિવેક છે એને માયા કોઈ દિ રોકે નહીં. બંધીવાનને છોડી મૂકે એનું નામ વિવેક કહેવાય. આ માતૃભાષા ઓલ્યા લોકની છે. સવિકલ્પ થકી નિર્વિકલ્પ નિશ્ચય કેમ થાય ? જો તમારા જીવમાં ઉપાસનાની લટક હોય તો જ ઉત્તર આપી શકાય. સવિકલ્પ છે ઈ તો દેહમાં વરતે છે ને નિર્વિકલ્પ છે ઈ દેહથી બારો વરતે છે પણ જો ગઢડા મધ્યના ૧૧મા વચનામૃત પ્રમાણે હોય તો ! ભગવાનના ભક્તને ઓળખતો હોય તો ! આ સાધન કરે છે પણ ધર્મ-જ્ઞાન-વૈરાગ રાખતો હોય પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો હોય ને ઓલ્યો કામને અર્થે કરે છે ઈ બેયને ઓળખતો હોય ઈ સર્વ કર્મનો કરનારો પણ સવિકલ્પ છે ઈ મોક્ષને યોગ્ય છે. બુદ્ધિવાળો છે. ભક્ત સમજો તો નિશ્ચયની લટક છે. ને મોક્ષનો રસ્તો હાથ આવી ગયો કહેવાય. સર્વ કર્મનો કરનારો છે છતાંય મોક્ષને યોગ્ય છે. તે ઉપર સંત અસંતને ઓળખવાની વાત કરી. સાધુ ઓળખવા ઈ જબરી મોટી ઘાટી છે. પહેરવેશ સરખો હોય, વર્તન પણ સરખું હોય પણ એક પ્રસન્નતાને અર્થે કરતો હોય ને એક માનતાને અર્થે કરતો હોય.જો પ્રસન્નતાને અર્થે કરતો હોય તો મોક્ષને યોગ્ય થઈ ગયો. ગ.મધ્યનું ૧૧મું વચનામૃત બહુ ભારે છે. શાસ્ત્ર માત્રનો સિદ્ધાંત લખ્યો છે. બેયનો આચાર સરખો છે. દેહનો આચાર એક સરખો છે; લુગડા સરખા છે; વર્તમાન સરખા છે પણ એક અર્થને અર્થે છે ને એક પ્રસન્નતાને અર્થે છે. બીજાનું દુઃખ મટાડવા એની પાસે માનતા કરાવે છે ઈ અર્થને અર્થે કહેવાય. નારાયણદાસસ્વામી સંતદાસગુરૂને કહેતા કે તું માનતા કરાવે છે તો તને સ્વામિનારાયણનો નિશ્ચય જ નથી.

અસુર કોઈ દિ મરતા નથી. એકને મારો તો દસ-વીસ ઉભા થાય. કાળયવનથી ભય પામીને ભાગ્યા ને દ્વારકાના બેટમાં સંતાણા ઈ જ ભગવાનની મૂર્તિને વિષે અલૌકિકપણું છે. અલૌકિક રીતે વર્તે તમે સ્વારથીયા છો એટલે પગ પાછા મૂકો નહીં; બોલતાં આવડતું નથી પણ

બોલીએ છીએ. ધૂન કરતાં હોય એનો મહિમા સમજો તો અવગુણ ન આવે.ભજન કરતા હોય એનો મહિમા સમજો તો અવગુણ ન આવે. કીર્તન કરતાં હોય એનો મહિમા સમજો તો અવગુણ ન આવે.

પ્રતિલોમવૃત્તિ શું ? ને લોમવૃત્તિ શું ? જ્ઞાન છે ઈ લોમવૃત્તિ છે ને પ્રતિલોમવૃત્તિમાં અજ્ઞાન છે. ઈ જુવે એટલીવાર તરત જ બંધન થાય. સમાધિમાં જાય પણ બહાર નીકળીને ચાળા ચૂંથવા મંડે. નારણદાસની પેઠે પદાર્થને જોઈને ચાળા ચૂંથવા મંડે. સુઈ જાવું એનું નામ સુષુપ્તિમાં જાગ્રત કહેવાય. સુષુપ્તિમાંથી જગાડવું એનું નામ ઉત્પત્તિ અવસ્થા કહેવાય. મનનું સ્વરૂપ કરો, ચિત્ત-અહંકાર- બુદ્ધિનું સ્વરૂપ કરી દ્યો તો જાણપણું કહેવાય. નોખા ન પાડો તો અંતઃકરણ કહેવાય ને ચાર ને નોખા પાડી દ્યો તો જીવસત્તા કહેવાય.

ચિત્તનું લક્ષણ શું ? વાસુદેવ એના દેવ છે. તે તે પુરૂષના પુત્ર કહેવાય. અક્ષરધામમાંથી ઉભો થયો એનો દિકરો પ્રધાનપુરુષ, એને દીકરો વૈરાટ્. અને તે તે પુરૂષના પુત્ર કહેવાય; એને વિષે વાસુદેવ આવીને વિરાજમાન હોય તો જ અવતાર એના થકી સંભવે; નહિતર અવતાર ન સંભવે. તે તે પુરૂષના પુત્ર કહેવાય. આ શબ્દ ત્રણ વખત કહ્યો છે. 'એને વિષે વાસુદેવ વાસ કરીને આવ્યા ત્યારે અવતાર સંભવે' બ્રાહ્મ કલ્પમાં આવ્યા હોય તો અવતાર કહેવાય. પહેલો દિવસ પડવાનો દિવસ છે ને દિકરાનો દિકરો થયો ઈ પાદ્મ કલ્પ કહેવાય ને અત્યારે કલ્પ ફેર કરવો હોય તો વારાહ વૈવસકલ્પ કહેવાય. પુત્ર તો કહેવાય પણ તે તે પુરૂષના પુત્ર કહેવાય. વૈરાટ્ થકી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પહેલા દિવસના પુત્ર કહ્યા છે. પાદ્મકલ્પ થકી સૃષ્ટિ જીવના કલ્યાણને અર્થે નારદ સનકાદિક રૂપે વર્તે છે ઈ સૃષ્ટિ માન્ય કરી. પહેલો દિવસ બ્રહ્મા થકી બ્રાહ્મ કલ્પ કહેવાય. ભગવાનને લઈને મુક્તાનંદસ્વામીને પણ ભગવાન કહેવાય. એમ તે તે પુરૂષના પુત્રને લઈને જે કહો તે

કહેવાય. ભગવાનને લઈને સાધુને ભગવાન ગણાય. ભગવાનનું કામ કરે છે એટલે ભગવાન કહેવાય.

પાછી વૃત્તિ વાળવી હોય તો અહીંયા આવવું ને લોમવૃત્તિ કરવી હોય તો દેશાંતરમાં જાવું. ગુણાતીતાનંદસ્વામીએ સાવ સાચું લખ્યું છે કે 'મોટા માણસ હારે અમારે બને નહીં કારણ કે મોટા માણસને ધનનો મદ હોય તે બહુ થાય તો સારી સરોઈ ધ્યે તો ચુલાની પાસે બેસાડી રાખે. મોટા મોટા માણસ હારે અમારે બને નહીં. અમે નાગર સામું જોયું જ નથી.' મોક્ષની લેન જુદી છે ને વિશ્વની લેન જુદી છે. જ્યારે ભય આવે ત્યારે નારાયણરૂપ બખતર પહેરવું. આપણે ઈ નથી જોતું. આપણે તો ભક્ત થઈને ભગવાનને સંભારવા પણ અભક્ત થઈને ન સંભારવા.

પછી તે જ દિવસે સંધ્યા સમે સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી, પછી લીંબુડાવાળા ભગવાનજીભાઈ કારિયાણીનું બીજું વચનામૃત બોલ્યા.

પછી સ્વામીએ વાત કરી જે બીજા નિષ્કામી રહે છે, નિર્લોભી રહે છે, નિસ્વાંદી રહે છે એથી એણે વિશેષ રહેવું. આમાં મોટો વિરોધ આવે છે. એક તો શાપિત બુદ્ધિવાળો છે માંદો છે ઈ સાજાની હારે કયાંથી હાલી શકે ? અવગુણ સૂક્ષ્મ દેહથી આવ્યો છે એટલે પાપ છે સૂક્ષ્મ દેહનું ને પ્રાયશ્ચિત સ્થૂળદેહથી બતાવે છે ઈ કેમ બંધ બેસશે ? ગુણને વિષે અવગુણનું આરોપણ કરે છે. અવગુણ આવે છે ને વળી ટાળી નાખે છે પણ એની બુદ્ધિ શાપિત છે. ગરીબને દુઃખવ્યા હોય, મા-બાપની ચાકરી ન કરી હોય એટલે શાપિત બુદ્ધિ થઈ જાય છે. ભગવાનના ભક્ત ભેળું રહેવું તેમાં ભગવાનના ભક્તની લાજ જાવા ન દેવી. પાપ અને પુન્ય મૂર્તિમાન છે. આપણે પાપ અને પુન્યમાં લેવાઈએ છીએ પણ ભગવાન અને ભગવાનના ભક્ત તો પાપ પુન્ય થકી રહિત છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૦ ॥**

## ૫૪૧. ઉપદેશામૃત

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદી ૧૩ તેરસને શુક્રવાર તા.૨૧-૪-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં બંગલાને વિષે ઢોલિયા ઉપર પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ દિલ્હીવાળા લાલજીભાઈને કૃપા કરીને વાત કરી જે ધાર્યું અનેક પ્રકારનું છે. એમાં મન આગળ, ચિત્ત આગળ, અહંકાર આગળ, બુદ્ધિ આગળ કઈ રીતે ધાર્યું થાય ? ઈ તો આપણા સંગાથી થઈને આપણું મોત કરે છે. ઈંદ્રિયું અંતઃકરણ ભાઈબંધીયા થઈ જાય ને પછી આપણને લૂંટી લ્યે. મન જેવો ઠગારો આ પૃથ્વી ઉપર બીજો કોઈ નથી. 'મન ચડાવે મેડે, મન વઢાવે ઘાસ; મનનું કહ્યું ન કરે ઈ જ હરિનો દાસ' મનના ભાઈબંધીયા દોટ મેલે ને નિજમનના ભાઈબંધીયા છે ઈ પૂછી પૂછીને પગ ભરે. ગુરૂ સારા મળવા જોઈએ. શુદ્ધ સંપ્રદાય મળવો જોઈએ. અશુદ્ધ સંપ્રદાય મળ્યો હોય તો બગડી જાય. બધાય ભૂત કાઢવા સહેલા પણ જીન વળગ્યો હોય ઈ કાઢવો કઠણ. ઈ ખરાબ કર્મના કરનારા છે. કોઈને ન ખપે એવું પાણી પીનારા, કોઈને ન ખપે એવો આહાર કરનારા છે. આ તો સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા ને ઝાડવે ઝાડવે સત્સંગ કરાવ્યો તે ભૂત ઠેકાણે થઈ ગયા. સ્વામિનારાયણે મંદિર નામ રાખ્યું. વૈષ્ણવવાળાએ હવેલી નામ રાખ્યું. માર્ગીવાળાએ જાનકીદાસ ને જમનાદાસ નામ પાડ્યા ને વૈષ્ણવવાળાએ અનિરૂધ્ધ, સંકર્ષણ ને પ્રદ્યુમ્ન નામ રાખ્યા છે. ભગવાનને આશરે જાશું તો ભગવાન ગમે તે દ્વારે રક્ષા કરશે. શરીરમાં તાગાત હોય તો ભગવાનના શબ્દ યાદ ન રહે એટલી ખામી છે. અમને અમારી કોરનું એમ લાગે છે. શરીરમાં તાગાત ન હોય ત્યારે ભગવાનના શબ્દ ખજીને બેસી જાય. ગમે એમ અવળો શબ્દ પડે તો પણ સવળો જ થઈ જાય. આસક્તિથી ખાય ઈ અપચો થાય. આસક્તિ રહિત ખાવ ઈ અપચો ન

થાય. પેટમાં ઈચ્છા ન હોય ને આ બધાય કહેતા હોય ને ખાવ તો અપચો ન થાય પણ આપણી મેળે ખાઈએ તો અપચો જરૂર થાય.

આપણો મનુષ્ય દેહ આવ્યો ને સ્વામિનારાયણ ભગવાને આવો સત્સંગ આ પૃથ્વી ઉપર જ સ્થાપ્યો ઈ સુખ તો ભૂત ધુણાવીએ ત્યારે ખબર પડે. તકે તક થઈ ગઈ છે. અલૌકિક ભગવાન લોકમાં મળ્યા છે. બોચાસણ વાળા કાશીદાસે પ્રશ્ન પૂછ્યો કે ગૃહસ્થને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ કેમ રહે ? પૂર્વે ચોરાશી લાખ જાતના સગા હતા તેમ આ છે એમ માન્યતા થાય તો ત્યાગીની પેઠે જ ગૃહસ્થને પણ ભગવાન સાંભરે. એવી રીતે ન વર્તાય એના શા હાલ થાશે ? એણે નિયમમાં વરતવું. ધર્મમર્યાદામાં રહેવું. વૈરાગ શેણે કરીને ઉત્પન્ન થાય ? જેને શબ્દ લાગે એને વૈરાગ ઉત્પન્ન થાય. જન્મભૂમિ ને દેહના કુટુંબી ન સાંભરતા હોય ઈ બોલો ને લાજે કરીને ન બોલે એને શ્રી નરનારાયણના સમ છે. ન સાંભરે એવા અડીખમ પણ હતા. એકની પાસે બેસીએ તો જગત ખડું થઈ જાય ને આની પાસે બેસીએ ભગવાન સાંભરે. એક ભગવાનને યાદ કરી આપે ને એક ભગવાનને ભૂલાવે. ઈ ઓળખાય જાય એટલે નારદ સનકાદિક જેવો કહેવાય. આગળ ભક્ત થઈ ગયા એના જેવા ઈ કહેવાય. અમે ભણેલા નથી; હુશિયાર નથી છતાંય ભગવાન તો આપી દઈએ. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને સભામાં વિરાજમાન થયા ને પછી સ્વામી **'ગુરૂરાજ દીનબંધુ સબસાર દયાસિંધુ.....'** તે બોલ્યા ને વાત કરી જે ગમે તેમ થાવ પણ બાઈઓની સંગે ભાઈઓ રહે ને નિર્લેપ રહે એવો અમે કોઈ દીઠો જ નથી. તે ઉપર યયાતિરાજાની વાત કરી. દેહનું ખંડન કરતો હોય ઈ જ નિઃસ્પૃહીનું લક્ષણ છે. નહિતર દેહનું ખંડન ન થાય. અવગુણનું ખંડન ન થાય. ગુણ અવગુણરૂપ છે ને અવગુણ ગુણરૂપ છે. નિરંજનાનંદસ્વામી પાસે બેસીએ તો અંતઃકરણ

ટાઢું થાય. આપણું ધાર્યું મરડાઈ જાય ત્યાં રોકાઈ જાવું; ત્યાં સ્થિર થઈ જાવું.

**ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી;**

**તપ રે તીરથમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે હું તો સુખડા રે માણું.**

આપણે પૃથ્વી ઉપર નથી એમ માનવું, નહિતર આ કોઈ સુખ લેવા દ્યે એવા નથી. દેહનું ખંડન કરે એટલે નોખો ગણાય; નહિતર દેહથી નોખો પડતો જ નથી. ખંડન કરવું ઈ મોટા પુરૂષનું કર્તવ્ય છે. જાણપણું છે ત્યાં સુધી સ્થૂળ છે ને રાગમાં અસ્થિરતા છે ઈ સૂક્ષ્મદેહ છે. કારણદેહમાં તો ઉંઘ- બેભાનો કહેવાય. એમાં પાછી બે અવસ્થા છે. એક લઈ જાય છે, એક લાવે છે ને એક છે સ્વપ્નમાં ત્રણ કઈ રીતે છે ? જાણતો થકો ભોગ ભોગવે; કંઠસ્થાનમાં ને અયથાર્થ ભોગ ભોગવે ને રાગે કરીને ભોગ ભોગવે ઈ ત્રણ અવસ્થા કંઠસ્થાનમાં-સ્વપ્નઅવસ્થામાં છે. નેત્રસ્થાનમાં સ્થૂળદેહ, વિશ્વનું અભિમાન, સ્વપ્નનું અયથાર્થ જ્ઞાન, જાગ્રતનું યથાર્થ જ્ઞાન છે.એમાં ફેર પડે એટલે બીજી અવસ્થા થઈ જાય. ક્ષોભ, શ્રમ થઈ જાય એટલે બીજી અવસ્થા છે.

ઈંદ્રિયુંની શક્તિ કેવી છે ? રસ છે ઈ ઈંદ્રિયુંની શક્તિ છે. રસમાંથી વરૂણ થાય છે ઈ પાણીની શક્તિ છે; એનું સ્થાન રસના ઈંદ્રિય છે. એમાં પણ કરકરીયા છે ઈ સ્વાદ છે. ઘડીકમાં વયો જાય વરૂણલોકમાં; ઘડીકમાં વયો જાય ચંદ્રલોકમાં, ઘડીકમાં વયો જાય સૂર્યલોકમાં... એવી ઈંદ્રિયુંની શક્તિ છે. સામાન્ય રીતે ગ્રહણ કરો તો વિષય ન કહેવાય પણ વિશેષપણે વિગતવાર ગ્રહણ કરો તો વિષય કહેવાય. "समलोष्टाश्म कांचनः ।।" સમાનબુદ્ધિ થઈ ઈ વિષય ન કહેવાય.

ભગવાનનો પ્રતાપ, ઐશ્વર્ય, શક્તિ બહુ જબરા છે. ભગવાનનો પ્રતાપ જુવો તો બીજાનો પ્રતાપ નજરમાં ન આવે; બીજાનો ગુણ નજરમાં

ન આવે. અગમ હતા ઈ સુગમ થઈ ગયા. જ્યાં જોઈએ ત્યાં દેખાય; પણ સ્વરૂપાનંદસ્વામીની દૃષ્ટિ થાય તો દેખાય પણ આપણી દૃષ્ટિથી ન દેખાય.

પછી તે જ દિવસે સંધ્યા સમે ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે અક્ષરધામમાં જાવામાં શૂરવીર થઈ જાવું. ભગવાનના ભક્તનું ઘસાતું બોલતો હોય તો ત્યાં શૂરવીર થઈ જાવું. પાજીપળાવની છાયામાં દબાવું નહીં; પછી ભલેને કંઠી બાંધી હોય ને તિલકચાંદલો કરતો હોય પણ ભગવાનના ભક્તનું ઘસાતું બોલતો હોય એની આગળ દબાવું નહીં કારણ કે અત્યારે કોઈ કોઈને નાત બારા મુક્તા નથી. બકરી અને વાઘ એક આરે પાણી પીવે એવો સમય છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૪૧ ॥**

## ૫૪૨. શ્રીજી મહારાજના મહિમાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદી ૧૪ ચૌદશને શનિવાર તા.૨૨-૪-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી

પછી સ્વામીએ વાત કરી જે આ લોકનો રોટલો મેળવવો હોય તો ય કેટલું જાણપણું જોઈએ ? તો પછી પરલોકની પ્રાપ્તિ માટે કેટલું જાણપણું રાખવું પડશે ! પરલોકમાં ગયા પછી અખાત્રીજનો વા જોવો નહીં; પાંચમની વિજળી જોવી નહીં. પરલોકની દૃષ્ટિ થઈ હોય તો જે ભગવાન મળ્યા છે એમાં અહોપણું વરતે. ‘સુખ, સુખ જ્યાં સુખના દરિયા ત્યાં વસી રહ્યા વાસ’ એવું પરલોક છે. સુખમાં ભગવાન કદાચ ન સાંભરે પણ દુઃખમાં સાંભરે તો ય ધન્યવાદ છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે આ દેહનું સુખ તજી દેવું ઈ બહુ જબરી પ્રાપ્તિ છે. કરોડ વહાણથી એક મનવાર

ભરાય. એવી સો કરોડ મનવારો સ્વામિનારાયણ લાવ્યા છે. એક મનવારમાં વંથલી જેવા આઠ ગામ વયા જાય તો સ્વામિનારાયણની મનવાર કેવડી હશે ! તે ઉપર જેકર્ણની અને જતનબાઈની વાત કરી.

સ્વામિનારાયણ ભગવાનનો બહુ મોટો પ્રતાપ છે; બહુ મોટું ઐશ્વર્ય છે. ગમે એવું અપમૃત્યુ થાય તો પણ ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જ જાય. કોઈ ધામમાં રોકાય નહીં. આ ઈંદ્રિયું અંતઃકરણ ફજેતને ફાળકે ચડાવે એવા છે પણ ઈ જ તમને અક્ષરધામમાં મેલવા આવે પણ જો એને સત્સંગી કરી દ્યો તો જ. કુસંગીના પંચવિષય અને સત્સંગીના પંચવિષય જુદા છે. તો ઈંદ્રિયું અંતઃકરણ વળાવવા આવે જ. કોક દિ સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ આપણે વિચારીએ તો ખબર પડે.

**'નોતી દીઠી નોતી સાંભળી એવી પ્રગટાવી પુનીત પુરૂષોત્તમ પ્રગટી રે'**

આ તો થોરે કેળા થયા. માંદા અને વૃદ્ધ સાધુની સેવા કરે એનું નામ પૂર્વજન્મનું હેત છે. વિષયથી પાછો વળેલો હોય; જ્ઞાન થયું હોય ઈ વૃદ્ધ કહેવાય ને એંસી વરસની ઉપર ઉંમર થઈ ગઈ હોય ઈ પણ વૃદ્ધ કહેવાય. પ્રગટના જેવી કોઈ વાત નથી. પ્રગટ ભોજન હોય તો ભૂખ ભાંગે. પ્રગટ પાણી હોય તો તરસ ભાંગે એમ પ્રગટ ભગવાન હોય તો મોક્ષ થાય. ચિત્ત ચળાયમાન ન થાય તો ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે છે. અંતકાળે જો સાધુની, બ્રહ્મચારીની, સત્સંગીની સ્મૃતિ થઈ આવે તો પણ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૨ ॥**

## ૫૪૩. દોષ ટાળવાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર સુદી ૧૫ પૂનમ ને રવિવાર તા. ૨૩-૪-૧૯૭૮ને દિવસ પૂ. જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, 'દેહને સુખે સુખ છે એને દઈએ શિખામણ સઈ રે' એને શિખામણ આપીએ ઈ અઢારસો ગાડાની ખોટ્ય છે. બધા ય વર્તમાન જબરા છે એમાં જીભ બધાનું કારણ છે. જ્યારે દેહનું સુખ મેલો ત્યારે ભગવાનનું સુખ મળી શકે. પણ ધર્માદો કરીને સુખ ન આવે. જ્યારે કલેવર સોંપો ત્યારે ભગવાનનું સુખ આવે પણ કલેવર સોંપવું કઠણ છે નહિતર તો અત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધા ય ભળી જાય; કારણ કે વર્તમાન પાળવા પડે છે ઈ દુઃખ છે. જીવને કોઈ દિ ભગવાન પાસે પુગવા ન દ્યે એવા પાંચ વેરી છે. ઈ પાંચ વેરીને વેંડે (ઓળંગે) તો ભગવાન પાસે પુગાય. પાંચ વેરીને જીતીએ તો અક્ષરધામમાં જવાય. પાંચ વેરીને જીતવા નથી ને અક્ષરધામમાં કેમ જવાય ? ભગવાન અને મોટા સાધુ પાંચ વેરીને જીતવાની સડક છે. મરણીયો થાય તો કામ આવે. જીવતો રહે એનાથી કામ ન થાય. પાંચ વેરીને આધારે જ આ પિંડ છે. કામ, ક્રોધ, લોભ, માન, સ્નેહ બધુંય પિંડમાં જ રહ્યું છે એને જીતીને ઓલી પા જાવ તો જય જયકાર થાય ! એક એવો ચેલો થાય ને કાં આપણે કોકના ચેલા થાઈએ તો કામ થાય. ચૈતન્યાનંદસ્વામી ગુરૂ હતા છતાં ચેલા થઈ ગયા એમ થાવું જોઈએ. સાધુ મળે તો જ સાધુ કરે નહિતર કોઈ સાધુ કરે એમ નથી. આખા બ્રહ્માંડને સમાધિ કરાવીએ પણ મુક્તાનંદસ્વામીને અને ગોપાળાનંદસ્વામીને સમાધિ ન કરાવીએ. મુક્તાનંદસ્વામી જેવો એક સાધુ કરવો બહુ કઠણ છે. આપણો ગરાસ એનો હોય પણ માન ન મેલે. માટે માન મેલી દેવું મુશ્કેલ છે. આ વાત આજ સમજો કે સો વરસે સમજો. માન મેલે તો જ માન મળે; સ્વાદ મુકો તો જ સ્વાદ મળે. લોભ મેલો તો જ આ જગતમાં ઠીક પડે. ક્રોધ મેલો તો જ આ જગતમાં ઠીક પડે. ગમે તે દિ વિચાર કરીએ પણ એક દિ વિચાર કરવો પડશે. પરિવાર થાય તો ધાર્યું ન થાય એટલે વગર કીધે માન મેલાય જાય; એના કરતાં સમજીને માન મેલે તો સારૂં. માટે આટલી વાત સમજવી જોઈએ. આ પાંચ વેરીને

આપણે ઉલ્લંઘવા જોઈએ તો જ સારા માણસ આપણને ઉત્તેજન આપે નહિતર સારા માણસ ઉત્તેજન ન આપે. અમારે તો આ જીતવાથી સુખ થાય પણ તમારે ગૃહસ્થને પણ સુખ છે. ભગવાન અને ભગવાનના ભક્ત હોય એની પાસે માન મેલવું. 'નિર્માની ને નમીએ, દેહ-ઈંદ્રિય-મન-પ્રાણને દમીએ' એનું નામ ભક્તિ કહેવાય. જેનો પગ પાછો હઠી ગયો એની આગળ તીખા બાણ જેવું વચન મારવું. વર્તમાન તો મેદાનમાં મેલ્યા છે. વાવટો ચડાવ્યો છે. ધજા ફરકાવી છે ઈ જાય એમ નથી. ઢીંગલાથી ઓછી કિંમત થાય તો પાંચ વર્તમાન પળાય. તમે દેહની પરવા ન રાખો તો ભગવાનને જ તમારા દેહનું રક્ષણ કરવું પડે. પોતાની મેળે દેહનું જતન ન કરવું, તો નિસ્નેહ કહેવાય. તમે વેરીને ખાવા દ્યો ખરા ? એમ આ દેહ તો વેરી છે. અનાદિ કાળના શત્રુ છે. આપણી પાછળ પડ્યા છે. પાંચે ય વર્તમાનમાં જુક્તિ રહી છે ઈ જુક્તિ શીખવી જોઈએ. નિષ્કામ વર્તમાનમાં એના દોષ બતાવ્યા પણ ગુણ ન બતાવ્યા. દોષાધ્યાન થાય તો સિદ્ધ થઈ જાય. આ દેહમાં દોષાધ્યાન થાવું જોઈએ; ગુણાધ્યાન ન થાવું જોઈએ. દેહ-ઈંદ્રિયું-અંતઃકરણ-દેવતા આસુરી માયા છે. દૈવી માયાને જીતી શકાય પણ આસુરી માયાને ન જીતી શકાય. તમે નાશ નહીં કરી શકો પણ કોક નાશ કરે તો કરવા દ્યો. તે ઉપર જડભરતની વાત કરી. આ એક કળા છે. આપણા દેહનો બીજો કોઈક નાશ કરે તો આડું ન ફરવું. અસુર ભગવાનને પામવામાં આડા ફરે છે; એને સમજી રાખવા.

ગમે એવો ભૂંડો સ્વભાવ હોય ઈ પણ નાશ પામે એવો એક બળવાન ઉપાય ક્યો છે ? સાધુ આપણા સ્વભાવના શત્રુ છે ઈ મારા પરમ હેતુ છે એમ માનવું. એને સહન કરવું. આપણે ઠાર કરવો નથી પણ કોઈક બીજો ઠાર કરે-નાશ કરે-નિંદા કરે તો રાજી થાય તો જીતી ગયો કહેવાય. પાંચ વેરીને જીત્યા એને તમે બતાવો તો બંધ બેસે. પાંચ વેરીને જીત્યા હોય એના લક્ષણ બતાવો તો બંધ બેસે. જીવમાંથી અભાવ તો થાવો જોઈએ.

કોપીન બગડી જાતી હોય એનું શું કરવું ? પાંચ ઈંદ્રિયુંને જીતવાની જુક્તિ બતાવી એમાં બધાયનો ભેળો સામનો કર્યો. એક વિચાર કરીએ તો સાધન વિનાના જીત્યા કહેવાય. વેર થયું છે પણ આપણને તો પછાડી દ્યે છે; પણ આપણા સાથમાં, સહાયતામાં આવે એના ઉપર હેત થાય તો જીતી ગયા કહેવાય. એને એમ જાણે કે આ મારો ખરો મિત્ર છે એમ માને તો એણે જીતેલા છે. એને હેતુ મનાય, મિત્ર મનાય તો બરાબર છે ને ઈ જ તેડવા આવવાના છે. બીજા તેડવા નહીં આવે. તેડવા કોણ આવશે ? કામ-ક્રોધાદિક દોષ છે એમાં કુત્સિત શબ્દ વાપરતો હોય, એને જાણતો હોય; દેહ તથા દેહના સંબંધીની નિંદા કરતો હોય તો ત્રીજો એમ કહે કે આને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી ઈ સ્વામિનારાયણે સાબિત કરી દીધું. દુનિયામાં એવો કોઈ નથી કે ચોરને ઓળખી કાઢે. વેર થયું ઈ દોષનો શત્રુ છે. એનું ખંડન કરવું જોઈએ. આંખ્યું મીંચીને બેઠો છે ને કોઈ શબ્દ મારે તો ભડકો થાય તો શાંતિ કયા પ્રકારની હતી ? શબ્દ માર્યો એની ઉપર હેત થાય તો બંધ બેસે. આ દેહ હારે શત્રુતા થઈ છે એનું લક્ષણ સામા દ્વારે બતાવ્યું છે. શત્રુને જીતવાની જુક્તિ કળ શું બતાવી ? શાંત હોય એને ચંચળ થાવું ને ચંચળ હોય એણે શાંત થાવું એમાં વિચાર બતાવ્યો છે; પણ સાધન નથી બતાવ્યું. ભગવાનના ભક્ત છે એનો ગમે તે રીતે મહિમા સમજવો. મનમાં સંભારવા, મનથી દંડવત્ કરવા; મનથી પ્રાર્થના કરવી તો શાંત હોય તે ચંચળ થાય. ને દેહ તે હું નહીં, હું આત્મા છું એવી આત્મનિષ્ઠા થાય તો ચંચળ હોય તે શાંત થાય. ઉપશમ અવસ્થા આવી જાય ને સમય પ્રમાણે સ્થિર થાય. કામ-ક્રોધ ને લોભને જોગે કરીને ધીરજ ડગે નહીં એનું કારણ આત્મનિષ્ઠા છે. 'ધીરજ સમ ઢાલ નહીં, મૌન સમ શાપ નહીં.' કળીયુગમાં મૌન રહે એનો જ શાપ લાગે. કળીયુગમાં શાપ દેશો તો ભગત આળસી જાશો. કળીયુગમાં શાપ લાગે તો ધુંધલીમલની ક્રિયા ગણાય. ડટણ સો પટ્ટણ કરી મેલે. જીતવાની જુક્તિ બતાવી છે.

આપણા સ્વભાવનું ખંડન કરતાં હોય, ઉતારી પાડતા હોય છતાં ય એમ મનાય કે મારા પરમ હેતુ છે ઈ કૂંચી મનાય તો શત્રુ મરે નહિતર શત્રુ ન મરે.

એક રાતે અમને ચાર કલાક સુધી વિચાર થયો કે અસુર કેમ મરતા નથી ? અસુર છે એનું ખંડન કરો એટલે નોખા નોખા હોય તો પણ ભેળા થઈ જાય ને આપણું મોત કરી નાખે. ભેળા બેસીને ભક્ત બધાય વાત કરે તો ઓલ્યા ડરી જાય; નહિતર અસુર ડરે એવા છે ? જેવા માંહિલા એવા જ બહારના છે. અંદરના શત્રુ જીવ ભેળા છે ને બહારના બધાય એક જ છે. દૈત્ય છાંસઠ કરોડ છે ને દેવ તેત્રીસ કરોડ છે. ડબલ છે એને તમે કેમ પુગી શકો ? ભગવાનના ભકત ભલે બે જ હોય પણ દરરોજ ભેળા થાય તો કોઈ મારી ન શકે. તમે બેય એક થયા એટલે અક્ષરધામમાં જે પહેલો જાય ઈ બીજાને તેડવા આવે. ઈ બેયને સાંધો છે. બીજાને સાંધો નથી. પોતાના દુઃખનું નિવેદન કરતા હોય તો સાંધો ગણાય. 'સુખિયો સબ સંસાર, ખાવે ને સોવે, દુઃખીયો દાસ કબીર, જાગે તબ રોવે' દુઃખની વાત બેય ભેળા થાય ત્યારે કરે પણ સુખની વાત ન કરે. શત્રુને જીતવાનું બહુ સાનુકુળ છે, સાવ સહેલું છે વળી ઈ ધનને કોઈ સાચવી ન શકે, કોઈ લૂંટી ન શકે.

આજ રાતે અમને વિચાર થયો, 'નિઃસ્પૃહી થયો એમાં હાલવું કાંઈ ન જોઈએ, ખાવું ન હોય ને રસોઈ કરવા કેમ જાય ? જો જાય તો શૂરવીર કહેવાય' માટે અંદરના શત્રુ છે એની હારે જોર કર્યે ન જીતાય; સમજી વિચારીને જોર કરે તો જીતાય. વેર કરો તો વધારે દુઃખ થાય પણ સમજીને પાર પાડવા જોઈએ. રાજાભગત બની જાવું જોઈએ. તેમ શત્રુને મારવાનો સાચોભાવ-સાચી લેન થઈ જાવી જોઈએ. સાચું વેર થઈ જાવું જોઈએ. ભગવાન અને મોટા સાધુ આપણા સામું જોશે તો કામ થઈ જાશે. બીજા ન જુવે તો કાંઈ નહીં.

પરલોક એટલે શું ? સામી વસ્તુ પરલોક છે. એમાં પણ અનેક પ્રકારના છે. ઢાઢી, ઢીમર, કાશીમા, કોળી , વાઘરી બધાય સામે છે. પણ એમાં સુખદાય કોણ છે ? વિમુખના જેવા આપણે સત્સંગી થયા છીએ કે નહીં ? ઈ પણ એમ માને છે કે કુતરાને રોટલા નાખીએ તો પુન્ય થાય ને આપણને એમ મનાય કે ભગવાનના ભક્ત છે ઈ જ આપણું કલ્યાણ કરે એવા છે. એમ મનાઈ જાવું જોઈએ. જીતવાની જુક્તિ છે એમાં જરાય આલ નથી. એક ભગવાનનો ભક્ત હોય ને એક વિમુખ હોય. ધર્મ, અર્થ, યજ્ઞ જો અર્થને અર્થે કરે તો ઈ પરલોકમાં જાય; સ્વર્ગમાં જાય ને ભગવાનનો ભક્ત થાય ઈ ભગવાનની ભક્તની ક્રિયાને ઓળખે છે ઈ નિષ્કર્મ થઈ ગયો. કર્મ થકી મૂકાણો નથી; છતાં મોક્ષને યોગ્ય છે. માણસ માત્રમાં શ્રેષ્ઠ છે. ને બુદ્ધિવાળો છે. જ્ઞાન છે એને બધા ય કમાડ દઈ ઘો તો ય કંઈ ફેર ન રહે. વૈરાગ્યને ફેર રહેશે પણ જ્ઞાનને ફેર નહીં રહે. જ્ઞાની પુરૂષ ઈ તિરસ્કાર કરતો નથી; છે એમ ને એમ રહેવા ઘે પણ ઈ વસ્તુ એને બાધ ન કરે ઈ જ્ઞાનનું સ્વરૂપ છે; ઈ વસ્તુ એને રોકી શકે નહીં. આ તો જ્ઞાનનું રૂપાંતર જાણે તો ખબર પડે. જે પદાર્થ જેવું છે તેવું યથાર્થ જાણે ઈ જ્ઞાનનું સ્વરૂપ લખ્યું છે. પણ ઈ વિદેહી તો સાચા જ કહેવાય. જે વસ્તુ જેવી છે એવી જાણી એટલે ઈ વસ્તુ એને બાધ કરતા નથી.

માયિક સુખ છે ઈ સુખ છે ને પરમાત્માનું સુખ અફસોસ ન થાય એવું છે; ઈ સુખમાં કલેશ હોય તો ય અફસોસ ન થાય એવું ભગવાનનું સુખ છે. છિન્ન ભિન્ન કરે તોય અફસોસ ન થાય. દોષને ઓળખવા ઈ એક જબરી ખૂબી છે. એકની પાસે બેસીએ તો પોતાના દોષનું દર્શન થાય ને એકની પાસે બેસીએ તો દોષ ન દેખાય ઈ બેને તમે ઓળખો તો દોષ જીતાય. પોતાની ખામી દેખાય; ભૂલ દેખાય ત્યાં દોષ નાશ પામશે. પાછી વૃત્તિ હોય તો જ ઓળખાય. એકની પાસે બેસો તો પશ્ચાતાપ થાય ને એકની પાસે બેસો તો તમે અંજાઈ જાવ ઈ બેને ઓળખો તો તમને તમારો

દોષ ઓળખાય. આપણો દોષ સુઝે છે, અફસોસ થાય છે પણ ઈ અફસોસ અક્ષરધામમાં જાશો ત્યારે નડશે નહીં. આટલી જ કૂંચી છે દોષને જીતવાની ! દોષને ઓળખ્યો એટલે જીતાઈ ગયો. આ ચોર છે એમ ઓળખી ગયા તો ગાફલાઈ નહીં રહે.

કામ-ક્રોધ-લોભ ઈ બધા ય ટેમ ગોતે છે. આપણો ટર્ન ક્યારે લાગે છે ઈ ગોતે છે. જ્યાં દોષ દેખાય એને વિષે જ હેત કરવું, બીજા બધાયને છોડી દેવા. જયાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં જ તપ, તીર્થ, વ્રત, દાન કરવું. કલ્યાણને પણ ત્યાં જ ઈચ્છવું. મોક્ષની ઈચ્છા પણ ત્યાં જ કરવી. ઈ ઠેકાણું છોડીને બીજે ઠેકાણે જાય ઈ ફાંફા મારવાની વાત છે. આ તો સ્વામિનારાયણના ઘરે બહુ જબર વ્યક્તિ છે. ૧૪૧મું પ્રકરણ કેવડું જબરૂં છે ! તેમાં જેકર્ણની વાત કરી. એની પત્નીને પહેલા જ ધામમાં મોકલી. પછી પોતે ધામમાં ગયો. ત્યાર પછી જતનબાઈની વાત કરી. સો લાખ બલૂન તેડવા આવ્યા એવડી તો બાઈ છે ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં જીવુબા, લાડુબા, રાજબાઈ અને જાજો વૈરાગ જમકુબાઈનો, એવા છે. એવા તો આજ સત્સંગમાં કેટલા ય છે ! હળ-ખેડ્યમાં ઢેફા હાથ આવે એટલા છે ! વનસ્પતિના પાંદડા છે એટલા ભક્ત છે. જો એમ ન હોય તો મારા મુખેથી શબ્દ જ ન નીકળે માટે અલભ્ય લાભ મળી ગયો છે. ઈ પાંચ શત્રુ છે ઈ તમારા સામું જોઈ ન શકે; આપણે એના સામુ જોઈએ તો ભલે ! એમ ગુણાતીતાનંદસ્વામીનો આશીર્વાદ છે. આટલા બેઠા, એમાં એકનો સંગ કર્યો હોય તો ઓલ્યા તમારી પાસે લાંબો હાથ ન કરી શકે. ઓલ્યા મેણુ મારે તો એની કુખમાં ગરવા જાય તો કાંઈ ન કહેવાય. ડારાના દેનારા ભીમસેન જેવા હજારો ને લાખો હોય પણ સાધુતા રાખવી કઠણ છે. બળે કરીને ન જીતાય. એક બતાવો ! સાંઠ હજાર વરસ સુધી તપ કર્યું એમાં કોણે જીત્યા ? સ્ત્રી-પુરૂષનું ભાન નહોતું ઈ કોણે જીત્યું ? આપણે તો સો બસો માણસને પાંખમાં લઈને ઉડી જાઈએ એવા છીએ તે કરતાં આખા

બ્રહ્માંડના જીવને લઈને ઉડી જાઈએ પણ મનુષ્યાકૃતિ છે તેથી ઓળખાતા નથી.

**મેરૂ જેવડો માન, ગિરનાર જેવડો કામ.....**એના પણ મૂળ ઉખાડી નાખવા છે, એવું જ્ઞાન આપવું છે. આપવાનું જ્ઞાન જુદું હોય ને લેવાનું જુદું હોય. આપવામાં દોષનું આરોપણ કરવું ને લેવામાં બધાય પાસેથી થોડું થોડું લઈ લેવું. આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે; છતાં સત્સંગમાં પડ્યો છે માટે એના મોટા ભાગ્ય છે, એમ મહિમા સમજવો. સ્વારથીયા થઈ જાવું. ત્રિકમભગત બની જાવું.  તમે બધા ય સુતા હો તો ઈ દંડવત્ કરતા હોય. એટલી વાત કરીને પછી પોઢી ગયા.

પછી તે જ દિવસ બપોર પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને છગનભગતના ચિરંજીવી હરસુખલાલે પુષ્પહારથી પૂજા કરી હતી ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી રામજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૦૩જું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે પ્રકૃતિમાં આધિન છે એમાં હેત થાય છે તો પ્રકૃતિ રહિત છે એવા માણસને જાણે તો શું ખામી રહે ? પ્રકૃતિને આધીન થઈને ખાય છે, પીવે છે, હરે-ફરે છે, બોલે છે ઈ પ્રકૃતિને જાણે તો ભગવાનના ભક્તને જાણવામાં શું ખામી રહે ? ઈ પ્રકૃતિ રહિત છે. કારણ શરીર ખરૂં પણ પ્રકૃતિ વિનાનું છે ને ઓલ્યું કારણ શરીર સ્વભાવે સહિત છે.

સૂર્યચંદ્ર જેવા આકાશમાં દેખાય છે એવા હ્દાકાશમાં દેખાય, પછી સૂર્યચંદ્ર નેત્રમાં તપવા મંડે પણ વૃત્તિ ઉલટ કરવી. એક સુખ છે ને એક દુઃખ છે; પછી ક્ષેત્રજ્ઞનું દર્શન થાય, પછી પરમાત્માનું દર્શન છે; પછી કારણ શરીર ફરતું જણાય. ઈ કારણ શરીર છે; જેને સ્વભાવ-પ્રકૃતિ કારણ શરીર કહીએ ઈ પરિપક્વ અવસ્થાને પામ્યા ગણાય. જીવ સાથે મળીને રહ્યું ઈ કારણ શરીર છે ઈ હડકાયા શ્વાન જેવું છે. ઈ વડકા ભરે છે. કારણ શરીર સ્થિર રહે એવું નથી. આ જીવને બહુ મોટી પ્રાપ્તિ-ગતિ

આપી છે. ગરીબ કોઈને રાખ્યા નથી. કાને સાંભળવું, નેત્રે જોવું ત્યાં જીવ પુગી જાય; નાસિકાએ સુંઘવું, વાણીએ બોલવું ને શિશ્નુ ઈંદ્રિયે પણ પુગી જાય; ગુદાએ પણ પુગી જાય. પૃથ્વીના કર્મને ભોગવાનાર ગુદા છે યમપુરી છે ત્યાં પુગી જાય; પગે વૈકુંઠે પુગી જાય; હાથ દેવલોકની પ્રાપ્તિ છે. મન ચંદ્રલોકની પ્રાપ્તિ; બુદ્ધિ બ્રહ્મલોકની પ્રાપ્તિ; અહંકાર ઉત્પત્તિકાળની પ્રાપ્તિ; ચિત્ત વાસુદેવ ભગવાનની પ્રાપ્તિ; પછી ક્ષેત્રજ્ઞમાં જાણપણું વિશેષ છે. આ બધાયના ગુણને નોખા નોખા દેખવા ઈ ક્ષેત્રજ્ઞની પ્રાપ્તિ છે. એમાં વચ્ચે ભગવાન અને ભગવાનના ભક્તની પ્રાપ્તિ મૂર્તિમાન છે ને ઓલ્યું જાણપણું છે.

જીવ કયાં રહે છે ? આકાશમાં રહે છે ? પાતાળમાં રહે છે ? કયાં રહે છે ? ભગવાનનો આશરો ન થાય તો ગોથા ખાય છે. જીવને બહુ જબરો સાજ આપ્યો છે; છતાંય એને ઘરે ખૂટે એમ નથી. સૂર્ય પ્રકાશ ચાર્જ વિના આપે છે. એવા પરમાત્મા છે. એનું પેટ બહુ મોટું છે. વૃક્ષમાં આકાશ અન્વય થયો ત્યારે વૃક્ષને ડાળે-ડાળે ને પાંદડે-પાંદડે આકાશ અન્વય છે પણ ઈ આકાશ કયાય નહીં, બળે નહીં. અન્વય થયો એટલે સુખ દુઃખને પામે. એમ શરીરમાં અન્વય થયો ઈ સુખદુઃખને પામે. પુરૂષોત્તમ ભગવાન અન્વય, વ્યતિરેક નથી. છે એવા ને એવા જ છે. ઈ કેમ દૃષ્ટિમાં આવે ? જ્ઞાન દૃષ્ટિથી દિવાલની ઓની કોરનો ને આની કોરનો આકાશ એક જ છે. જ્ઞાન જે વસ્તુ જેવડી તાગાતવાળી હોય એવી તાગાત વાપરે તો પણ જ્ઞાની પુરૂષ એમાં ન લેવાય; આધિન ન થાય. જે પદાર્થ જેવું છે એવું ને એવું રહે ઈ જ્ઞાનીની દૃષ્ટિ છે. જનકની દૃષ્ટિ છે. જનકરાજા રાજમાં હતા છતાં વિદેહી કહેવાણા. તે આપણે આ લોકમાં રહ્યા થકા જનકની ઉપમામાં આવી જાઈએ તો કામ થઈ જાય. વાહ વાહ કરે તો ઉપમામાં આવી જાવ. વાહ વાહ કર્યા જેવું છે એમ કહીએ તો જ્ઞાન. જેનો ધણી સ્તુતિ કરતો હોય એનો ધણી નિંદા કરવા મંડે; માટે દેશ-કાળ-ક્રિયા વિષમ થાય તો પણ જે

વસ્તુ જેવી છે એવી રહે તો કેમ રહે ? દૃઢ ધર્મ હોય તો દેશકાળે વસ્તુ જેવી છે એવી જ રહે છે.

આ સત્સંગમાં નભ્યો જાય છે એનું શું કારણ છે ? આ સત્સંગમાં ધક્કો લાગે તો સત્સંગ બારો કાઢી નાખે. મહિને-બે મહિને કે દેહ મુકવા ટાણે પણ જ્યારે ત્યારે વિમુખ થાય એમ લખ્યું છે.

વિષયનો અભાવ હોય ઈ કેમ જણાય ? સારૂં ખાય પણ જેવું તેવું ખાતો હોય એમ ખાય. સારી પથારી પાથરે પણ જેવી તેવી પથારી જેવો આનંદ હોય. સારો સ્પર્શ કરે પણ જેવો તેવો સ્પર્શ કરે એવો આનંદ હોય. વાતમાં એટલો જ મેળ સમજવો. પંચવિષય નિંદાને પાત્ર છે; અશુદ્ધ છે; એને ઉલ્લંઘો તો જ અક્ષરધામમાં જવાય. એમાં કૂંચી બતાવી છે. કૂંચીથી જ ઉઘડે. આપણો વિચાર છોડી દઈને સામાનો વિચાર ગ્રહણ કરીએ એટલે કૂંચી આવી જાય. દરરોજ વાત નવી લાગવી જોઈએ.

પછી લાલજીભાઈ દિલ્હીવાળાને વાત કરી જે સ્વામિનારાયણે વિવેક બતાવ્યો કે કોણી મારીને સભામાં ન બેસવું. ને જેને જ્યાં યોગ્ય લાગે ત્યાં બેસવું. પગે લાગીને સભામાં બેસવું એટલે બધાયના હૃદયમાં ઈશ્વર છે તે બધાને પ્રેરણા કરે એટલે દર્શન કરો ત્યાં સુધીમાં જગ્યા કરી દ્યે એવો વિવેક સ્વામિનારાયણે બતાવ્યો છે.

પછી ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે વેદ, શાસ્ત્ર, પુરાણ એ સર્વેમાં એ જ વાત છે કે ભગવાન અને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. એમાં હેત એવું કરવું કે જેવું સ્ત્રી-પુત્રમાં છે એવું હેત કરવું. જો ભગવાનના ભક્તના વચનની આંટી પડી જાય તો એનું કલ્યાણ પણ ન થાય. કલ્યાણ તો નાથ ભક્તનું થાય. વિષ્ણુદાસે તો માંદા, ઘરડા અને વૃદ્ધ સાધુ માગ્યા ઈ પૂર્વના હેતવાળો કહેવાય.

ભાઈચંદ શેઠ નાના પ્રકારના ઉપચારથી સેવા કરનાર; ઈ પણ પૂર્વના કહ્યા. દામોદર પૂર્વના ને બોચાસણવાળા કાશીદાસ, એનો આકાર ફેરવી નાખ્યો એમ પૂર્વના લખ્યા છે. ને હેમરાજશાહ તો એકાદશીએ વૈષ્ણવોને જમાડતા, એવી નિર્દોષ બુદ્ધિ હતી; પછી ભગવાન મળ્યા ત્યારે સમજાઈ ગયું કે ઈ નિર્દોષ બુદ્ધિ ખોટી છે ને આ નિર્દોષબુદ્ધિ સાચી છે. પ્રગટ ભગવાનના આશરામાં તકલીફ છે ને પરોક્ષ ભગવાનના આશરામાં આવો ભાઈ, આવો ભાઈ એમ કરે ! સોમવલી ઔષધિને પચાવે ઈ સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ કહેવાય. 'સ્વામિનારાયણ' કહો ને એનું સુખ આવે તો સોમવલી ઔષધિ પચાવી કહેવાય. નામ લ્યો એના ભેળો સાકરનો ઘુંટડો આવે. રામ, કૃષ્ણ, વારાહ, મત્સ, કચ્છ, હયગ્રીવ બોલતા હો; એમાં ને આમાં ફેર છે કે નહીં ઈ સમજાવું જોઈએ. 'કાલે કાલે સબ જાબું' એમ તો નથી ને ? નામ બધાય જપે પણ પ્રહ્લાદે કેવું નામ જપ્યું ? તે ઉપર પ્રહ્લાદની વાત વિસ્તારથી કરી. જેને આવા સાધુની ઓળખાણ થઈ એને બેય પગલા અક્ષરધામમાં છે. જેને આવા સાધુની ઓળખાણ થઈ એને આશીર્વાદ આપ્યો છે. સાધુ ઓળખવા એક ઘાટીમાં પણ ઘાટી છે, નહિતર તો સાધુને અને અસાધુને સરખા કહી દ્યે; મહારાજને અને બીજા અવતારને સરખા કહી ધ્યે; ભગવદીયને અને એકાંતિકને સરખા કરી દ્યે; આત્મા અને વિષયને એક કરી દ્યે. બીજાને અફસોસ થાય તો ભલે પણ આપણને અફસોસ ન થાય. આપણે તો શાસ્ત્રનો શબ્દ વિચારીને જ બોલ્યા છીએ. પછી એને માનવું કે ન માનવું, એની ઈચ્છાની વાત છે.

આપણા દોષ દેખાય એમાં સુખ મનાય, તો પરલોક હાથ આવી ગયો. છે આ લોક; પણ એમાં પરલોક છે. સુખ છે ઈ પરલોક છે. આ લોકમાં આપણો અવગુણ દેખાય ત્યારે આપણી ખામી દેખાણી પછી પરલોકમાં દોષ છે જ નહીં. પછી તારવવા જેવું તારવી મેલે અને રાખવા જેવું રાખે. જેની સામું જોવાથી આપણા દોષ દેખાય, એના શબ્દથી જ્ઞાન

થાવું જોઈએ. વેવાર બગાડીને મોક્ષ સુધારો તો બંધ બેસે. પણ જ્ઞાની થાય તો બંધ ન બેસે. પણ વૈરાગ થાય તો વેવારને બગાડે.

**'ઉઠી ન શકે ઊંટીયો, બહુ બોલાવ્યો બાજંદજી'** પણ એક ખીલી સારૂ થઈને બાધ્યા; માટે જુક્તિ બતાવનાર છે એને વિષે અહો થાય તો મોક્ષનો મારગ હાથ આવ્યો ગણાય. જુક્તિ બતાવનાર છે ઈ ઈશ્વર રૂપે છે. પોતાનો દોષ સુઝે એટલે સામાનો દોષ ન સુઝે તો વિરોધ ટળે છે નહિતર તો સત્પુરૂષનો મહિમા જાણ્યા વિના આત્માને વિષે સ્થિતિ ન થાય ને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરૂષનો મહિમા ન જણાય એ વિરોધ આવે છે. આપણામાં અવગુણ દેખ્યો એટલે સામાનો ગુણ આવી ગયો; ઈ પાછું વળ્યા વિના ખબર પડતી નથી. બીજાનો દોષ જોવાનો આગ્રહ છે એવો પોતાનો દોષ જોવાનો આગ્રહ છે તો કાંઈ ખામી ન રહે. પોતાની ખામી કયાં સુઝી ઈ સમજવું જોઈએ. ખાવ ઈ જીભડીને સુખ આવે, સાંભળો ઈ કાનને સુખ આવે, બોલો ઈ જીભને સુખ આવે ને શિશ્નુ આખા દેહનું બંધારણ છે ઈ દેહનો આકાર બદલી નાખે ને ગુદા પાપનું સ્થળ છે; પગ વિષ્ણુલોક છે; હાથ સ્વર્ગલોક છે; દસ ઈંદ્રિયુંના દસ લોક છે; આંખ્યું ચંદ્રલોક ને સૂર્યલોક છે એમાં પણ કેટલાય પ્રકાર છે. આકાશમાં તારા છે ઈ સૂર્યનું કામ કરે છે પણ તેજ આંખ્યું ને જ આપે છે. બીજી ઈંદ્રિયુંને ન આપે. બધાયનો વિધિસર વિવેક જાણો તો ખબર પડે. તારા સૂર્યનું કામ કરે છે પણ સૂર્ય ન કહેવાય, એના દેવ છે. પરમાત્માના સુખને જ્ઞાન ઈંદ્રિય જ પુગી શકે.

પછી સ્વામીએ વાત કરી જે વાસના ટાળવી બહુ કઠણ છે. સમજણ થાય તો વાસના ટળે. ભગવાનનું સ્વરૂપ સમજવું બહુ કઠણ છે. જે વસ્તુ જેવી છે એવી જાણો તો બંધન ન કરે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૩ ॥**

## ૫૪૪. અવસ્થાનું અને તેના લયનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર વદ ૧ પડવા ને સોમવાર તા.૨૪-૪-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે બપોર પછી વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે નેત્રસ્થાન છે, જાગ્રત અવસ્થા છે; યથાર્થ જ્ઞાન છે, સત્ત્વગુણ છે,વિશ્વઅભિમાની જીવ છે ને ઈ નો ઈ જીવ સ્વપ્ન અવસ્થામાં ને સુષુપ્તિ અવસ્થામાં હોય તો, સ્વપ્નમાં કંઠસ્થાનમાં રાગ હોય ને હૃદય સ્થાનમાં સુષુપ્તિ અવસ્થામાં વૈરાટ્ બ્રહ્માના સ્થિતિ અવસ્થામાં સુખલેશમાં અતિશય લીનપણું હોય. સ્થિતિ અવસ્થા છે ને ઉત્પત્તિ અવસ્થાનો સાથ ગોતીને સુષુપ્તિ અવસ્થામાં જાય તે સુષુપ્તિ અવસ્થા તો અથાહ(અપાર) છે પછી એમાંથી જાગે ઈ સ્વપ્ન અવસ્થા છે ને તે જ્ઞાન શક્તિથી થાય છે. જેના જે ગુણ સ્વભાવ એના ફળને મેળવી દ્યે. કથા કરતા હોય એને કથાની સ્મૃતિ આણી દ્યે; વિષય ભોગવતા હોય એને ઈ જ્ઞાન આપી દ્યે ઈ જ્ઞાનશક્તિનું કર્તવ્ય છે. પછી ઈ તો ઉત્પત્તિકાળ છે પછી થાકીને પાછો હઠે એટલે પાછો વયો જાય ઈ સુષુપ્તિમાં જાગ્રત ગણાય. સ્વર્ગમાં જાવાના કર્મ કર્યા હોય પણ ભગવાન અને ભગવાનના ભક્તને કુરાજી કરે તો આ ને આ દેહે જમપુરી ફળને ભોગવે. ને જમપુરીમાં જાય એવા કર્મ કર્યા હોય પણ ભગવાન અને ભગવાનના ભક્તને રાજી કરે તો સ્વર્ગમાં જાય.

વિવેક છે ઈ બહુ જબરો છે. વિવેક ન હોય તો જડપણું કહેવાય. સ્થૂળ, સૂક્ષ્મ, કારણનું અભિમાન હોય; નેત્ર, કંઠ,હૃદયસ્થાનનું અભિમાન હોય; વિવેકનું અભિમાન હોય ને અવિવેકનું અભિમાન હોય ને કાંઈપણ ન જાણે તો સુષુપ્તિનું અભિમાન હોય. જાગ્રતમાં વિવેકનું અભિમાન અને સ્વપ્નમાં અવિવેકનું અભિમાન છે. જાણતો થકો રાગને આધિન થઈને

ભોગવે તો સ્વપ્ન અવસ્થા કહેવાય. જડપણે ન જાણે તો સુષુપ્તિ અવસ્થા કહેવાય. સાધુ સમાગમ થાય ને જાણપણું વિશેષ થઈ જાય તો કામ થઈ જાય. પ્રલય અવસ્થા ઉડી જાય, અવિવેક ઉડી જાય. સુષુપ્તિમાં રાગ છે ઈ ઉડી જાય. ઉત્પત્તિકાળ છે, સુષુપ્તિમાં સ્વપ્ન અવસ્થા છે. એક કહીએ તો એક ભૂલી જવાય એવી અવસ્થા છે. મોટાએ બહુ ગોત્યું છે. સુષુપ્તિ અવસ્થામાં અઘરણી ન હોય. સ્વપ્ન અવસ્થામાં રાગ હોય. સંકલ્પ થાય એટલે મૂર્તિમાન થઈ જાય.

પછી સ્વામીએ વાત કરી જે મોટા પુરૂષને દેહે કરીને દુઃખ ઈ દુઃખ નથી કારણ કે નિર્વાસનિક છે. સંકલ્પ થાય એને ન ઓળખે એનું નામ વિકલ્પ કહેવાય. માયાના ગુણ છે એમાંથી અનેક પ્રકાર થયા. જીવ તો જાણપણે જુક્ત છે. બુદ્ધિ છે ઈ કારણ દેહને વિષે રહી છે. ને કારણ દેહ છે ઈ બુદ્ધિમાં રહ્યું છે. અહંકાર, મન, ચિત્ત, ત્વચા, શ્રોત્ર, ઘ્રાણ, રસના, શિશ્નુ,ગુદા, હાથ, પગ એના દેવ એમાં બધેય બુદ્ધિ રહી છે પણ બુદ્ધિને એક ઠેકાણે જીવ લખ્યો છે. બીજી ઈંદ્રિયુંને અનુસરીને વરતે, અંતઃકરણની વૃત્તિ પ્રતિલોમ થાય તો જીવ કહેવાય ને અંતઃકરણ કહો તો એક કહેવાય ને વિભાગ કરો તો ચાર કહેવાય. વિભાગ કરો ઈ જ પ્રતિલોમવૃત્તિ છે.

મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર એના રૂપ નોખા નોખા જાણે કઈ રીતે ? સદ્‌ગુરૂનો આપેલો વિચાર છે, એનો આશરો લ્યે તો જાણી શકે નહિતર જાણવાની તાગાત નથી. વિશ્વઅભિમાની એટલે સ્થૂળનું અભિમાન. તૈજસાભિમાની એટલે સ્વપ્ન કંઠસ્થાન છે. ને પ્રાજ્ઞઅભિમાની એટલે પશુ જેવો છે, એને સ્વપ્ન અવસ્થાની ભાઈબંધી કરવી પડે છે. એકનું નામ લેતાં દોષ નિવૃત્તિ થઈ જાય, એકનું નામ લેતાં દોષ સુઝવા મંડે એ બેને ઓળખવા જોઈએ. એકનું નામ લેતાં વિશ્વનો સર્ગ થઈ જાય; એકનું નામ લેતાં વિશ્વનો લય થઈ જાય. સર્વનિવાસાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, વિશ્વપ્રકાશાનંદસ્વામી, વિશ્વચૈતન્યાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી! આપણો

સ્વભાવ જેના સ્વભાવ સાથે મળી જાય એનું નામ લેતાં દોષ દેખાય. જેનું નામ લેવાથી દોષ ભાગી જાય ઈ વસ્તુ અલૌકિક છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૪ ॥**

## ૫૪૫. પરમાત્માના સુખનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર વદ ૨ બીજને મંગળવાર તા.૨૫-૦૪-૧૯૭૮ ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં બપોર પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે સમજ્યા વિના નામ લ્યે તોય કલ્યાણ થાય; તો સમજીને નામ લ્યે એનું તો કલ્યાણ થાય જ. આ પૃથ્વી ઉપર ભગવાન વસ્તુ શું છે ? અફસોસ ન થાય ઈ ભગવાનનું સુખ છે. હાલતા-ચાલતા, ખાતા-પીતા, ભગવાનનું જ નામ લીધા કરે એવી સ્વાભાવિક રૂચિ થઈ જાય તો કામ થઈ જાય. ઓહોહો ! ખરૂં ભજન તો ત્રિકમભગતે કર્યું. પણ એને ઓળખે નહીં. અટાણે પણ સાચા ભાવથી 'ત્રિકમ ભગત' એમ કહે તો ય કામ થઈ જાય. જે માણસ ભગવાનને ઓળખી કાઢે કે ભગવાનના ભક્તને ઓળખી કાઢે, એને જોઈ લ્યે તો જગતનું સુખ ખોઈ નાખવું કઠણ ન પડે !

આપણને ગોપાળાનંદસ્વામીનો, મુક્તાનંદસ્વામીનો, ગુણાતીતાનંદસ્વામીનો, બ્રહ્માનંદસ્વામીનો, સચ્ચિદાનંદસ્વામીનો ભેટો થયો છે; એવો બહુ મોટો ભેટો થયો છે. અહોહો! અક્ષરધામની એવી રચના બતાવી કે કોઈ ગોતી ન શકે. શુભ સંકલ્પ થાય ઈ આ લોકમાં અક્ષરધામનું સુખ છે. સામી મૂર્તિને અલૌકિક દેખો, સુપાત્રને દેખો, નિર્ભય વસ્તુને દેખો એટલે શુભ સંકલ્પ થાય પણ કુપાત્રને દેખો કે ભયવાળી વસ્તુને દેખો તો ફરીને આવ્યા, શુભસંકલ્પ ન થાય. સ્વામિનારાયણ એટલે

સ્વામિનારાયણ. આખો લોક આખો દેશ ફરીને આવ્યા ને આપણા જેવા પામર ભેળો એને આનંદ થયો ! આ મારા સોનાના ઝાડવા છે; એની જ ભેળું જીવતા ને મરીને રહેવું છે; ઈ જ અમારા સગા વહાલા છે; ઈ જ અમારી નાત ને જાત છે એવું હેત બતાવ્યું છે. આવું અલૌકિક સુખ આપ્યું છે, પણ શું કરવા જીવ ઓશિયાળો રહેતો હશે ? શું એને જોતું હશે ? મુંબઈ જાય કે કલકત્તા જાય તો ય ઈ જ મળવાનું છે. પ્રારબ્ધ ભેળું હાલે છે; ગમે ત્યાં જાય તો ય ઈ જ મળવાનું છે. આ લોકમાં ડાયા હતા ને ગાંડા થયા ! કેવડા મોટા મુક્તાનંદસ્વામી ! કેટલે ઠેકાણે ફર્યા ? સ્વામિનારાયણને ત્રીજી વખત ઓળખ્યા ત્યારે થયું કે આ સ્વામિનારાયણ સાચા. પહેલા રામાનંદસ્વામી જેવા કહ્યા; પછી કૃષ્ણ જેવા માન્યા; પછી સર્વોપરી સમજાણા. **'કોટિ કૃષ્ણ જોડે હાથ; જયાં ખેલે મુનિનો નાથ'** માટે સર્વોપરિ ભગવાન છે. રૂના ભરેલા સુરવાળ ને ડગલીયું પહેરે; ગજરો હાથમાં ધારણ કરે; હીરનો, ફુલનો તોરો ધારણ કરે; ગાલ ઉપર ટીબકડી; નાસિકા રળિયામણી; આંખ્યની સામે તો જોઈ શકાય નહીં. 'નેણને બાણે મારી, નેણને બાણે મારી' એવા તો એના નેણ છે. આ સાધુ ને ભગવાન પોતાની ભેળા બેસવા દ્યે છે; તગડી નથી મેલતા એટલું સારૂં છે. પ્રેમાનંદસ્વામી એ પણ કેવા કિર્તન બનાવ્યા ! હું તો એમ માનું છું કે એણે હયાતિમાં ભગવાન કઈ રીતે માન્યા હશે ? જેને મરીને પામવા છે ઈ દેહ છતાં જ મળ્યા છે. ત્યાગ વૈરાગની વાતું તો માર્ગે ચડાવવા કરીએ છીએ. વાતું જ કરવી છે. વાતું શું ?તો સ્વામિનારાયણ ભગવાન છે; સ્વામિનારાયણ ભગવાન છે એમ કહેતા મૂર્ખ ભલે ને કહે ! ગાંડો ભલે ને કહે ! ગોવર્ધનભાઈ છોકરૂં ઉંધુ તેડે ને ગમે તે પૈસા લઈ જાય તો હસ્તે સ્વામિનારાયણ લખે. એવા હતા છતાં ય પાણીમાં પગ દેતાં બીવે. ખાતા હોય તો ય ખબર ન હોય કે આપણે શું ખાધું છે ! નિત્યાનંદ સ્વામીને નિત આનંદ જ હોય. નિત્યાનંદસ્વામી એટલે નિત્યાનંદસ્વામી. ભગવાનનું સુખ આ લોકમાં

સમજવું જોઈએ. આનંદ છે ઈ અફસોસ ન થાય. જાણપણું છે ઈ ભગવાનનું સુખ છે. દુઃખમાં આનંદ થાય ઈ ભગવાનનું સુખ. મરવામાં રસ આવે ને ઓલ્યો જીવવામાં રાજી; દવા કરવામાં રાજી. ને ઓલ્યો દવા ન કરવામાં રાજી ઈ ભગવાનનું સુખ છે. મરવું તો એને મંગળ થઈ ગયું. મંગળ તો જનકરાજાને થઈ ગયું. નવે ય યોગેશ્વરને એક સાથે ભેટ્યા. ભગવાનનો ભોપાળ કીધો તો ય ભગવાન રાજી થયા. આપણને એમ થાવું જોઈએ કે આપણે સ્વામિનારાયણ નામ લઈએ છીએ. રૂંવાડા પણ નામ મંડે લેવા ને ન લેવાય તો સમજવું કે આપણને ભગવાનની કોરનું અંધારૂં છે. પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય. સ્વરૂપાનંદસ્વામીને એમ થાય. આપણે જમીએ, ભેળા ભગવાન જમે એમ થાવું જોઈએ. હૃદયપ્રકાશમાં લખ્યું કે જયાં વૃત્તિ જાય ત્યાં ભગવાનની મૂર્તિ પધરાવવી. માયિક સુખની માન્યતા આળસી જાય તો ભગવાન પહેલા સાંભરે. આ હવેલીમાં ભગવાન બેઠા હતા. આ એવી ભોમિકા છે. આ રથ ઉપર, આ વાજી ઉપર ભગવાન બેઠા હતા. આ ભક્તને ભેટ્યા હતા. એમ ભગવાન પહેલા સાંભરવા જોઈએ. ભગવાન જેને નથી સાંભરતા ઈ સાવ લુખા માણસ છે. નહિતર માણસને તો ભગવાન સાંભરવા જોઈએ; માટે હાલતા-ચાલતા, ખાતા-પીતા, હરતા-ફરતા ભગવાન સાંભરવા જોઈએ. ધ્યાન કરવું ન પડે એમ થાવું જોઈએ.

પછી મનોજભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે જેમ સંત કરહે તેમ સંશય રહિત થકો કરે ઈ મોક્ષનો હેતુ છે. ભગવાનની સર્વ ક્રિયા કલ્યાણને અર્થે છે. જ્યારે બોલે ત્યારે એમ જ બોલે કે ભગવાન સમર્થ છે; મોક્ષ કરે એવી એની ક્રિયામાત્ર નિર્ગુણ છે એમ બોલે. ને નિશ્ચયમાં ખામી હોય એને એમ થાય કે ભગવાન તો મળ્યા છે પણ કલ્યાણ થાશે કે નહીં થાય ? વિધિલોકમાં જાઈશ કે ચંદ્રલોકમાં જાઈશ કે દેવલોકમાં જાઈશ ? એમ થાય. ને કામ-ક્રોધાદિક ન ટળે ત્યારે એમ થાય કે ભગવાન આટલું ઠીક કરતા નથી એવા સંકલ્પ થાય એને નિશ્ચયમાં

ખામી છે. કરવું કાંઈ રહેતું નથી ઈ ભગવાનનું બળ છે. **'અન્ન ખાવું તે ક્ષુધાને ખોવા; જળ પીવું તે પ્રાણને ટોવા'** એમ સમજે છે હરિના દાસ. જેવું મળે એવું લુગડું પહેરવું, જેથી પથારી મળે એવી પાથરવી. ભજન કરે ઈ ભગવાનને બહુ સારૂં લાગે; બહુ પ્રિય લાગે. આપણે ભજન કરીએ ને બીજાને પ્રિય લાગે ઈ કેવડી વાત છે ! પોતાને તો સુખ થાય પણ બીજાને પ્રિય લાગે; બીજાને આનંદ થાય ઈ કેવડી વાત છે ! અંતઃકરણમાં ભગવાન સાંભરે તો લક્ષ ગણાય. ઈંદ્રિયમાં સાંભરે તો ઈંદ્રિયું વિષય થકી નોખી પડીયું ગણાય; તો ઈંદ્રિયુંમાં લક્ષ થયો ગણાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ઈ પંચવિષયમાંથી ઈંદ્રિયું પાછા હઠે ત્યારે મન જીત્યું ગણાય. પણ પાછા ક્યારે હઠે ? જોગ ન થાય તો પાછા હઠે નકર તો પાંગળો પણ પર્વત ચડી જાય એટલો વેગ હોય. વાત કરનારાનો અભિપ્રાય જાણો તો બંધ બેસે. પંચવર્તમાન નિષ્કુળાનંદસ્વામીએ લખ્યા છે તો એનો અભિપ્રાય જાણો તો બંધ બેસે. એણે ખંડન કર્યું છે, મંડન કર્યું નથી. એના અભિપ્રાયને જાણો એટલે ભગવાનને પામી ગયા. અભિપ્રાય જાણ્યા વિના તો ખંડન કરવા જાય તો મંડન થઈ જાય. ભણાવનારાની મરજી સમજી જાવી જોઈએ. એમ ન સમજે ને ગોખ્યા કરે તો તો ગોખણપટ્ટી કહેવાય. ખંડન કરનારે આસક્તિ રહિત ખંડન કર્યું છે. આસક્તિ હોય ને ખંડન કર્યું હોય તો મૂર્તિમાન થઈ જાય ને સ્વપ્નામાં આવે.

ઉદ્ધવજીએ ગુચ્છ-લતા-વેલનો જન્મ ઈચ્છયો હતો. પ્રત્યક્ષ ભગવાનના ભક્તનો મહિમા સમજે એમાં શું કહેવું ? આનંદ છે ઈ ભગવાનનો છે. ઈ જીવસત્તાથી ભોગવાય છે પણ ઈંદ્રિયુંથી ભોગવાતો નથી. અફસોસ ન થાય ઈ પણ જીવસત્તા છે; ખોટ્ય જાય ને અફસોસ ન થાય ઈ પણ જીવસત્તા છે. મૃત્યુ આવે ને આનંદ થાય ઈ પણ જીવસત્તા છે. બુદ્ધિ છે ઈ હાથ-પગ નખથી શિખાપર્યંત રહી છે. ઈ બુદ્ધિને જાણપણે કરીને સાક્ષીનું જીવસત્તા જાણપણું કહેવાય તો પણ જીવસત્તા જુદો છે.

બુદ્ધિનું જાણપણું ઈ બુદ્ધિ વતે જ જીવનું જાણપણું ઘટાડ્યું છે. જો અંતઃકરણનું જાણપણું આળસી જાય તો શૂન્યસમતા ગણાય. બુદ્ધિનું નામ જ અંતઃકરણ છે. જો ચાર વિભાગ કરો તો જીવ થઈ ગયો ને ચારેયને એક કહો તો અંતઃકરણ કહેવાય. જીવ વિભાગ પાડી શકે. જીવને આ મૂર્તિમાનનો સાથ છે. દૃષ્ટા ને દૃશ્યની વચ્ચમાં સત્પુરૂષ છે, એનો સાથ લ્યે તો બંધ બેસે. જીવસત્તાને પામે એટલે વર્તમાન ભેળું આવી જાય. સત્શાસ્ત્ર અને સત્પુરૂષનો આપેલો વિચાર બેય ભેળો જ છે. સત્શાસ્ત્ર કહે છે ઈ જ સત્પુરૂષ છે ને સત્પુરૂષ કહે છે ઈ જ સત્શાસ્ત્ર છે. એક લખાવો ને એક સ્વાભાવિક રીતે બોલતા હો ને લખી લ્યે ઈ બેય એક છે કે કાંઈ ફેર છે ? લખાવો એમાં આ લોક પ્રધાન રહે. ને સ્વાભાવિકપણે બોલે એમાં જ શાસ્ત્ર આવી જાય. એમાં લોક આડું ન આવે.

નારાયણદાસસ્વામીને સભામાં કારખાનાની વાત પૂછો તો એમ કહે 'ઈ વાત કારખાનામાં જઈને પૂછજ્યો.' તમે નક્કી એમ કર્યું છે કે કાંઈક પરચો બતાવે તો નિશ્ચય કરીએ પણ અશુભ ઘાટ મટી જાય ને શુભઘાટ થાય ઈ મોટો પરચો છે.

### 'દિવ્ય અરૂ માનુષ્ય એક રૂપ દૃઢ કરીકે દૃઢ ચિન્હા'

મનુષ્યભાવમાં દિવ્યપણું છે ઈ જ લખવું. અંતરવૃત્તિ વાળવી ઈ એક વાત જુદી છે. લોમવૃત્તિ અનુલોમ કરવી ઈ જબરી વાત છે. મનુષ્યની પ્રતિલોમવૃત્તિ છે; દેવની અનુલોમવૃત્તિ છે ને ઈશ્વરની લોમવૃત્તિ છે. પાદરીયામાં બસો રૂપિયાનું વાર કાપડ લઈ ગયા એમાં ધણી કોણ થાય ? 'દિવ્ય અરૂ માનુષ્ય એક રૂપ કરીકે દૃઢ ચિન્હા' ઈ વાત કોઈના જાણ્યામાં ન આવે. લખાણમાં લખી નાખી પણ સમજવા ન દીધી. 'સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત હું ને હું તે વળી સંત રે, સંત ન ભૂલે હું પણ ન ભૂલું રે.' પણ ઈ વાત કોઈને સમજવા દેવી નથી. કોઈ મગદૂર નહીં કે લઈ શકે. મેં વળી સાક્ષાત્ સવિતામાં એટલું લખ્યું કે ઓહો.... એટલું લખ્યું છે.

સંબંધીમાં હેત છે એવું હેત કરવું ઈ તો મોભાર ઉપર બીજ છે એમ બતાવ્યું છે.

પછી તે જ દિવસે સંધ્યા સમે ફળીયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી ભગવાનજીભાઈ ગઢડા પ્રથમનું ૧૮મું વચનામૃત બોલ્યા પછી સ્વામીએ વાત કરી જે ભગવાનના ભક્તને સંગે બુદ્ધિ પવિત્ર થાય છે ને કોઈ પુરૂષ વ્યભિચારી હોય કે કોઈ સ્ત્રી વ્યભિચારિણી હોય, એના સંગથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે સમજી રાખવું જોઈએ. મોટાના કૃપાપાત્ર હોય તો રક્ષા કરે નહિતર કોણ રક્ષા કરે ?

પછી સ્વામીએ વાત કરી જે ધર્મમાં ખામી હોય, વૈરાગમાં ખામી હોય, આત્મનિષ્ઠામાં ખામી હોય તો પણ હું અક્ષરધામને સાક્ષાત્ પામી રહ્યો છું; એમ તો સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ હોય તો જ થાય. દૃષ્ટા સામે જોઈએ તો ઈંદ્રિયુંના વિભાગ જુદા જુદા જણાય ને દેહ સામે જોઈએ તો વિભાગ ન જણાય. એકની પાસે બેસીએ તો પોતાના દેષ દેખાય ને એકની પાસે બેસીએ તો દોષ ન દેખાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૪૫ ॥**

## ૫૪૬. અક્ષરધામના દરવાજાનું-જાણપણાનું

સંવત્ ૨૦૩૪ના ચૈત્ર વદી અમાસ રવિવાર તા.૭-૫-૧૯૭૮ને દિવસ ગામશ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ને સંતો હરિભક્તોની સભા બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આસક્તિ રહિત ખાય તો ભગવાનને જમાડ્યા ગણાય. નિર્બંધ થઈ ગયું, નિર્ગુણ થઈ ગયું. બંધન ન કરે એવું થઈ ગયું. મહારાજે રૂદ્રાક્ષનો પારો બાંધ્યો ત્યારે બહું જીવનો બગાડ નીસરી ગયો. ને સંતોએ ટાટ પહેર્યા ત્યારે ને ખટ્રસના નિમ રાખ્યા ત્યારે કોઈને અન્ન વસ્ત્ર ન મળ્યા. એટલે સાધુ સાથે પોતે એકતા બતાવી. જ્ઞાન ઈંદ્રિયથી

અક્ષરધામમાં જવાય છે. પદાર્થમાં અસત્યનું અને સત્યનું જાણપણું આવે તો ઈ દરવાજેથી અક્ષરધામમાં જવાય. આ ખાશું તો સુખ થાશે ને આ ખાશું તો દુઃખ થાશે. એવું જાણપણું છે, ઈ ઈંદ્રિયથી અક્ષરધામમાં જવાય છે. કેટલાક શુભ-અશુભ, પ્રિય-અપ્રિય, જોગ-અજોગ ઈ સર્વે ભગવાનમાં જણાય ને કોઈ સંશય ન થાય ઈ ઈંદ્રિયુમાં નિશ્ચય છે. ત્રણ ગુણનું કાર્ય ભગવાનમાં જણાય તોપણ કાંઈ સંશય ન થાય તો એને અંતઃકરણમાં ભગવાનનો નિશ્ચય થયો છે. ઋષભદેવ ભગવાને ગુણાતીત સ્થિતિ બતાવી. મુખમાં પાણો રાખ્યો. જેમ પંચાળામાં ગુણાતીત સ્થિતિ બતાવી એમાં પણ સંશય ન થાય તો જીવમાં નિશ્ચય કહેવાય. સમુદ્રમાં વાણ ચાલે છે તેમાં નાંગળ ધરતી લગણ જવા દ્યે ને ખેંચવા કઠણ પડે, તાણ્યા તણાય નહીં. તેમ જીવમાં નિશ્ચય થયો હોય તો સાચું કહેવાય. જીવમાં લટક પેસવી જોઈ. દોષાધ્યાન તો થાવું જોઈને ! સુખ ને દુઃખનું ભાન હોય તો ખબર પડે. એકાંતિક દુઃખમાં રાજી થાય પણ એને સુખ ન જોઈ.

**''કુંતાજી દુઃખ માગકે લીનો, એહી ભક્તિકી રીતિ વે."**

જન્મો જનમ દુઃખ જ દેજ્યો, ઈ ભક્તનું લક્ષણ લખ્યું છે. ભગવાનના ભક્તનું ધામ કયું ને વિમુખ જીવનું ધામ કયું ? ધાર્યું ન થાય ઈ ભક્તનું અક્ષરધામ ને ધાર્યુ થાય ઈ વિમુખનું અક્ષરધામ છે. વિવેક, વિચાર ને જાણપણું, આ વિચાર હોય તો અક્ષરધામમાં જવાય.

આ મનુષ્ય દેહ બહુ દુર્લભ છે. એમાં વિઘ્નકર્તા સ્ત્રી ને દ્રવ્ય છે. આ જગતમાં મોટામાં મોટા વિઘ્ન એ જ ગણાય છે. એને ઉલંઘવા માટે પાંચ વર્તમાન છે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિઃસ્નેહ. એમાંથી એક વર્તમાન પાળતો હોય તો ઈ પાંચ વર્તમાનની તાકાત કેવડી છે, ઈ ખબર પડે.

આ જીવ એક દેશસ્થ છે. એક દેશને વિષે રહેનારો બરછીની

અણી જેવો તીખો છે. જીવનું રૂપ કોઈ કરવા જાય પણ ગમે એવી વસ્તુમાં જીવ પ્રવેશ કરી શકે છે. ઈ જીવની તાકાત છે. ત્યાં દૃષ્ટાંત દીધું. દશ મણની તલવાર જોઈને માણસ અનુમાન કરે કે આ તલવારને ઉપાડનારો કેવડો હશે ! માટે દશ ઈંદ્રિયુંને એક હારે પ્રકાશે છે, માટે જીવ બહુ મોટો છે. એક કોરે દેહ ઈંદ્રિયું છે ને એકબાજુ દૃષ્ટા છે. દૃષ્ટા એટલે આત્મા, દૃશ્ય એટલે દેહ. ઈ બેની વચમાં આ વિશ્વની શાંતિને અર્થે શાસ્ત્ર અને સત્પુરૂષ છે. ઈ ઓલ્યા બેયને એક થાવા દેતા નથી. દૃશ્ય અને દૃષ્ટા નોખા રહે, ઈ બેની વચમાં અંતઃકરણ છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ચાર કહો તો જીવ ને એક કહો તો અંતઃકરણ છે. નોખા નોખા કરવા ઈ જીવ છે. ઈ કોના આધારે વિભાગ પાડે છે ? તો સત્શાસ્ત્ર ને સત્પુરૂષની પધરામણી કરી છે. એને આધારે ઈ લીંગ છે, એને આધારે વિભાગ પાડે છે. મન સ્ત્રી આદિક પદાર્થની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. એના સ્નેહવાળી એમાંથી ઉત્પન્ન થતા હોય એવી સ્ત્રી આદિક પદાર્થની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. બુદ્ધિ આ શરીરને વિષે નખશિખા પર્યંત વ્યાપીને રહી છે તે બુદ્ધિને વિષે જીવ રહ્યો છે. તે બુદ્ધિના જાણપણાને કહેવે કરીને જીવનું જાણપણું કહેવાયું. એ સિવાય જીવની પાસે બીજી શક્તિ નથી. ગૃહસ્થ છે ઈ સારો દિવસ ગમે એવી જોગ-અજોગ ક્રિયા કરી હોય પણ ઘડી કે અરધી ઘડી ભજન કરે તો જીવ, ઈંદ્રયું ને અંતઃકરણ ત્રણેય ભેગા થઈ જાય તો ક્ષય થઈ જાય તો જીવની વૃત્તિ થઈ ગઈ. ઈંદ્રિયું, અંતઃકરણ જીવ એક થઈ થયા એટલે એની ક્રિયા મોક્ષને યોગ્ય થઈ ગઈ. પછી ભલે તુલાધાર જેવો હોય. તે ઉપર જાંજલી ઋષિની વાત વિસ્તારથી કરી. ગમે એવો વેવાર કરે ઉપાધી કરે પણ ઘડી કે અરધી ઘડી ઈંદ્રિય, અંતઃકરણ એક થાય તો કામ થઈ જાય. દિવસ બધાનું પાપ બળી જાય એટલું જ મનુષ્ય દેહનું કર્તવ્ય છે. કલ્યાણ થાય, સારૂ થાય એટલું કલ્યાણ થાય તો પાપ બળી જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૬ ॥**

## ૫૪૭. સાક્ષાત્ સવિતાના ઉદ્‌ગાતાની વાતો કેવી છે તેનું

સંવત્ ૨૦૩૪ના વૈશાખ સુદિ-૧ પડવો સોમવાર તા.૮-૫-૧૯૭૮ને દિવસ ગામશ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે આસન પર વિરાજમાન થયાં હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પ્રારબ્ધ કેને ન અડે ? તો જેને ભગવાન અને ભગવાનના ભક્ત સામી દૃષ્ટિ હોય એને. અક્ષરધામની મૂર્તિ નિર્ગુણ છે. માયા પર છે. અગમ છે તેમ જ આંયની મૂર્તિ એવી જ છે. એને ને આને મેળાપ છે. જાણપણાને ને મનુષ્ય મૂર્તિને મેળાપ છે. ઓલ્યાથી ભય પામે, આનાથી ભય ન પામે. અજોગ્ય ક્રિયાથી ભય હોય ને જોગ્ય ક્રિયાનો આનંદ હોય.

**" મારા વાલાજી શું વાલ્યપ દિસે, એનો સંગ શીદ તજીએ"**

એના વિના બીજાનું ભજન ન કરવું. જેવી આપણી કાયા છે એવી ભગવાનની કાયા છે. આપણને ટાઢ, તડકો, ભૂખ, તરસ લાગે એમ ભગવાનને પણ ટાઢ, તડકો, ભૂખ, તરસ લાગે. જીવા ખાચરે મહારાજને ચૂલામાં સંડાસ બેસાડ્યા. એટલાથી પણ મહારાજ એને ન ભૂલ્યા. ભગવાને દૈત્યનું કલ્યાણ થાય એમ ન લખ્યું પણ શાસ્ત્ર કરનારાએ દૈત્યનું કલ્યાણ લખી નાખ્યું. ભગવાન તો એના કર્તવ્યમાં હોય એટલું જ આપે ને આ તો કર્તવ્યમાં ન હોય તોપણ આપી દ્યે. આતો દૈત્ય પણ અળસાવી દ્યે. આસુરીને દૈવી થયાનો હેતુ સત્પુરુષનો કોપ અને અનુગ્રહ છે. રાજી થાય તો દૈવી થઈ જાય ને એનો કોપ થાય તો આસુરી થઈ જાય.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, બીજાની વાતુ અને આપણી વાતુંમા શું ફેર છે ? કોઈ પીરસતા હોય ત્યારે એમ કહે કે દઉં એમ આ તો હૈયાનું હારદ છે. એક પ્રવૃતિવાળો ને એક નિવૃત્તિવાળો ઈ બેયની શક્તિ કેવડી છે ? પ્રવૃતિવાળાની સામુ જોવો તો જગત ઉત્પન્ન

થઈ જાય ને નિવૃત્તિવાળાની સામું જોવો તો જગતનો નાશ થઈ જાય. આખો દિવસ વેવાર કરો ઈ કોટ ઊભો કર્યો ને એકવાર એનો નિષેધ કરો તો નાશ થઈ જાય. પ્રવૃત્તિવાળો ગમે એટલી પ્રવૃત્તિ કરે પણ નિવૃત્તિવાળો એક શબ્દ મારે તો નાશ કરી નાખે. નિવૃત્તિવાળાને જોવો ત્યાં જ નિર્દોષ, નિષ્પાપ, અસંગી થઈ જાય. પ્રવૃતિવાળાની સામું જોવો તો જગત નજીક થઈ જાય. તે ઉપર તરવડાના જાગા પટેલની વાત કરી. સ્વારથ દેખાતો નથી, પણ સ્વારથ બહુ જબરો છે. સ્વાર્થી ગધેડાને પણ બાપ કહે. નિવૃત્તિવાળાને સંગે નિર્લેપ, અસંગી, નિષ્પાપ થવાય. ને પ્રવૃત્તિવાળામાં નકરા અવગુણ ભર્યા છે. ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભક્તિ દૃઢ હોય ને દેહાભિમાન હોય ને ભગવાને અને સંતે જરા ખંડન કર્યું ને "અવગુણ લ્યે એનો સંગ ન કરવો. એની વાત ન સાંભળવી. એની પાસે આસન ન કરવું. એની ભેળું નાવા ન જાવું. એની પાસે બેસીને ખાવું નહીં. કારણ કે ઈ કેટલાયને વિમુખ કરી મેલશે."

પછી ધર્મસિંહભાઈને ઉદ્દેશીને વાત કરી જે; નિવૃત્તિવાળાને સંગે કરીને નિર્લેપ થવાય, અસંગી થવાય, નિર્ગુણ થવાય, નિર્દોષ થવાય.

પછી સ્વામીએ વાત કરી જે; નિવૃત્તિવાળાને સંગે નિર્દોષ થઈ જાવ, નિષ્પાપ થઈ જાવ, નિર્લેપ થઈ જાવ ને દુષ્ટને સંગે બધા અવગુણો આવી જાય. દુષ્ટનો સંગ હોય તો એને એક દશકો જાહોજલાલી મળે.

પછી મુંબઈવાળા વિનોદભાઈ, રાજુભાઈ તથા મામલતદાર દર્શને આવ્યા તેને વાત કરી જે; સ્વામિનારાયણનો જેટલો સંબંધ એટલો સબંધ ગણાય. એક પ્રતિલોમ વૃત્તિવાળો, પાછી વૃત્તિવાળો એના સામું જોવો તો નિર્લેપ, નિર્દોષ, અસંગી થઈ જાવ. ને ઓલ્યાને સામું જોવે તો જગત ખડુ થઈ જાય. માટે સત્ય અને અસત્યનો વિવેક પ્રથમના ૧૮મા વચનામૃતમાં બતાવ્યો છે. આ લોકના મનસુબા મૂકવા ને પરલોકના કરવા એમાં સુખ, સુખ ને સુખ જ છે. સંકલ્પ શમાવે ઈ સંત ને ન થાય ઈ ભગવંત. આ

લોકમાં રહે છે ને સંકલ્પ ન થાય ઈ કેવડી વાત છે ? જો એવી સ્થિતિમાં નારદજી નો'તા વરતતા તો પરણવાનું મન થયું. ઈન્દ્ર, ચંદ્રાદિકને કલંક લાગ્યા. પછી એનું વૃત્તાંત-લક્ષણ બતાવ્યું. લક્ષણમાં સાક્ષાત્ ગણાય. પછી એને ભગવાનનું સુખ બાકી ન રહ્યું. ભગવાનમાં વૃત્તિ રાખે ઈ પ્રેમે યુક્ત વૃત્તિ રાખે ને ભજનના કરનારામાં વૃત્તિ રાખે ઈ વિચારેયુક્ત વૃત્તિ રાખે. માટે સુખ તો ભગવાન ભજવામાં છે.

**સંત સંતાપે જાત હે, રાજ ધર્મ અરૂ વંશ,**

**તુલસી ત્રણ ટીલે ન દીઠા, રાવણ કૌરવ ને કંશ.**

વિજળીના જબકારામાં મોતી પરોવી લેવું. ભગવાનની મોટ્યપ સામું જોવો તો કોઈની મોટ્યપ, બળ, વિચાર, કોઈની શક્તિ નજરમાં ન આવે. ભગવાન એટલે ભગવાન, પરથી પર છે. અગોચર છે ઈ ગોચર થઈ ગયા. પરમાત્મા છે. અંતર્યામી છે. એક સ્થિતિની વાત કરી ને એક સ્થિતિ થાવાની વાત કરી. સ્થિતિવાળાના લક્ષણ કહ્યા. એવી સ્થિતિમાં નો'તા વરતતા એને હેરાનગતિ થઈ. ભગવાનના ભક્તને રાજી કરવા. આ લોકમાં બીજું કાંઈ ભેળું આવવાનું જ નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૭ ॥**

## ૫૪૮. ભગવાનના સુખનું

સંવત્ ૨૦૩૪ના વૈશાખ સુદિ-૨ મંગળવાર તા.૯-૫-૧૯૭૮ને દિવસ ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે પોતાના આસન પર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; અફસોસ ન થાય તો જ ભગવાનનું સુખ આવ્યું ગણાય. પસ્તાવો ન થાય ઈ ભગવાનનું સુખ છે.

**" સર્વે સરિતા સમાજ તેને રોકવા જાય વાજ,**

**ત્યાં જોખમ થાય જીવનું ત્યાં સૌ પાડે છે હા જ"**

એવું છે. સરિતાને રોકવા જાય તો આપણે ઠેકાણે પડી જાઈ. રજ, તમના વેગમાં હોય ઈ તો ઈશ્વર કોટિ છે. નિમિત્ત પ્રલયમાં છે. નિમિત્ત હોય ત્યાં સુધી એને કાંઈ ન થાય. ને આપણે નિમિત્ત હોય તોય મરી જાઈએ. જીવવાનું લખ્યું હોય તો મરી જવાય, મરવાનું લખ્યું હોય તો જીવતા રહી જાવ. જો સત્પુરુષનો જોગ થાય તો. ને અસત્પુરુષનો જોગ થાય તો મોત આવી ગયું. એક પ્રવૃત્તિવાળો ને એક નિવૃત્તિવાળો એને જોઈને, નિષ્કામ, નિર્લેપ, અસંગી રહેવાય ને ઓને જોઈને અનંત બ્રહ્માંડની ઉત્પતિ થાય. અનેક કળા આવડે એને મોટો કહે છે. ઈશ્વર નિમિત્ત પ્રલયમાં છે ને નિત્ય પ્રલયમાં આપણે છીએ ને એનું ક્ષણ ક્ષણમાં મોત થાય. આપણું કર્તવ્ય ન્યૂન છે, કર્તવ્ય અલ્પ છે. એનું કર્તવ્ય બહુ સરસ છે.

**" જેણે રચ્યું આ જગત જાણો જુજવી જાત્યનું રે,**
**જોતા મુંઝાય જાય મત્ય એવું કર્યું ભાત ભાતનું રે."**

રજ, તમના વેગમાં એની સામું જોવો તો રજ, તમ ઉત્પન્ન થાય. આ લોકના સુખમાં વળગ્યા હોય એની સામું જોવો તો આ લોકનું સુખ સાંભરે. આ લોકથી પાછું વળેલું કોણ છે એને ગોતી કાઢો તો મોક્ષ થાય. ચ્યવન ઋષિ રાફડો થઈ ગયા. એટલા પાછા વળ્યા તો પણ વિઘ્ન આવ્યું. આંધિ આવે ત્યારે ખબર ન પડે. હરખ-શોક મટી જાય તો જ્ઞાન કહેવાય. આ લોકમાં અનેક સુખ ભોગવ્યા. એમાં ભગવાનનું કયું સુખ છે ? ગમે ઈ ક્રિયા કરો ને અફસોસ ન થાય. પાછળથી પસ્તાવું ન પડે ઈ ભગવાનનું સુખ છે. ને શુભ સંકલ્પ થાય તો અક્ષરનું સુખ છે. મેલ્યા પછી ન સાંભરે તો નિર્વિકારનું સુખ છે. વહેલા મોડુ નાશ થાવાનું હતુ ઈ આજ નષ્ટ થઈ ગયું. થોડાકમાં સુખ કહી દીધું. નહીંતર તો સો વરસ સુધી પગ ધોવો તોય ન મળે. પુન્ય કરવામાં અફસોસ ન થાય તોપણ એમાં અફસોસ થાય. અફસોસ ન થાય એવું એક ભગવાનનું સુખ અચળ, અખંડ, અવિનાશી છે. ભક્તિ કરો તો અફસોસ ન થાય. દેહ સાથે વેર કરો તો અફસોસ

થાય. આત્મનિષ્ઠા હોય તો અફસોસ થાય. આ ભૌતિક દેહમાં ભૌતિક પદાર્થમાં, ભૌતિક સુખમાં આ ભગવાનનું સુખ છે. અફસોસ થાય એટલો ભગવાનના સુખથી અળગો કહેવાય. "નિર્વિકલ્પનું સુખ છે ઈ કરતા શુભ સંકલ્પનું સુખ અધિક છે. નિર્વિકલ્પનું સુખ ઊંઘ જેવું છે. જેટલી ઘડી પાછી વૃત્તિ હોય એટલી ઘડી સુખ આવે. નિર્વિકલ્પ કરતા અક્ષરનું સુખ અધિક છે. શુભ સંકલ્પમાં ભગવાન ભેળા છે એને સામીપ્યપણું રહે છે." અશુભ સંકલ્પમાં ભેળી જમપુરી છે.

પછી મુંબઈવાળા જીવનભાઈને વાત કરી જે; તીરથ કરવા નીકળીએ ઈ પ્રાયશ્ચિત ગણાય. તીરથ પાપનું ક્ષય કરનાર છે. પણ મોક્ષ કરનારૂં કોણ છે ? (ગઢડા મધ્યનું ૩૩મું) આ રીતે અમે વરતીએ તો અમારો મોક્ષ ને, મહારાજ કઈ રીતે રાજી રહે ? ગમે એવું જોરાવરે પદાર્થ આવીને પ્રાપ્ત થાય તો પણ અમે એનો ત્યાગ કરીએ છીએ, એનું નામ મોક્ષ. તજી દેવું એનું નામ મોક્ષ. સ્વભાવનો ત્યાગ કરીએ એનું નામ મોક્ષ છે. તમે જેટલો સંકલ્પ કરો એટલું પીપલાણેથી મળે.

ગુણાતીતાનંદસ્વામીએ રઘુવીરજી મહારાજને ઉપદેશ આપ્યો ને રઘુવીરજી મહારાજે પોતાનો જન્મ સુફળ કર્યો. આપનાર કેવડો જબરો જે લેનાર કેવડો જબરો ! અલૌકિક સ્થિતિ ને અલૌકિક સમજણવાળા હતા. આપણે એને સંભારીને આનંદ પામીએ તો બસ. પ્રાણ, ઈંદ્રિયો લીન થયા હોય અગર ન થયા હોય પણ એને કરવું કાંઈ રહ્યું નથી. આવો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય એને નિર્માન આદિક પંચવિષયમાં કાચ્યપ હશે તો પણ ઈ ભૂંડી ગતિને નહીં પામે, ઈ તો અલૌકિક સ્થિતિને પામશે. આવો જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થયો એને કરવું કાંઈ રહેતુ નથી. કરોડ સ્ત્રીયું મેલી તો પણ વૃત્તાસુર થયો. પણ દૈવી સંપત્તિનો જીવ હતો. કલેવર ઉપર મુકાબલો લાવવો ઈ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. પોતાનું મૃત્યુ બતાવ્યું. એવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે.

નિઃસ્પૃહી વર્તમાન એટલે ક્યાંય ન બંધાય એવો. નિઃસ્પૃહી વર્તમાન દૃઢ થયા પછી એમાં ભગવાનને જોવા. ભગવાન સામું જોવો. ભગવાનનો સંકલ્પ કરો તો ભગવાનનું સ્વરૂપ હાથ આવે. ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે એવું નિરભે અખૂટ નાણું છે. નિઃસ્નેહી, નિર્માન, નિઃસ્પૃહી વર્તમાન છે. ઈ અખૂટ છે. અમે ઢોલિયે બેસવા લાયક નથી પણ સ્વામિનારાયણની આજ્ઞા છે તે બેઠા છીએ.

**"દયા કરતા દુબજ્યા ભઈ તો કામ સ્નેહી ક્યું તરે."**

તો એની કઈ ગતિ જે પામશે. ઈ કયા ધામમાં જશે ? દયા કરતા બંધન થયું, તો કામથી બંધાણો એનું શું થાય ? એવડી મોટી ભરતજીની કથા છે. અફસોસની વાત મેલીને વરતનારા ઈ વર્તમાનકાળે ભગવાનનું સુખ છે. સાત ભોમિકાને અનુભવી ભેદી શકે. ભગવાનના સરખું રૂપ ધારણ કરવું ઈ સાત છે. આ સુખ છે એમ ઓલ્યું સુખ સામું લાગવું જોઈ. દેખાય કે ન દેખાય પણ અનુભવમાં આવી જાવું જોઈ. જીવતાનું સુખ છે ને મુવા પછીનું સુખ છે. ઈ નજરમાં આવી જાય.

**"અનિકેત આનંદ જ્ઞાનમય અનુભવ અંગા"**

અનુભવ ઉજાસ થયો હોય એના ચરણને ગંગા ઈચ્છે છે. ચતુર્ધા મુક્તિની ઈચ્છા નહીં ઈ ખરા કહેવાય. સુખ દુઃખ બેય મળે, એમાં રાજીપો કે કુરાજીપો ન થાય તો અફસોસ થયો ન કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૮ ॥**

## ૫૪૯. સ્વરૂપનિષ્ઠાનું

સંવત્ ૨૦૩૪ના વૈશાખ વદિ-૩ ગુરુવાર તા.૨૫-૫-૧૯૭૮ ને દિવસ ગામશ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે પોતાના આસન પર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; એકની સામુ જોઈ તો જગતનો લય

થઈ જાય ને એકની સામુ જોઈ જગતની ઉત્પત્તિ થઈ જાય. આ જીવને ભગવાનની પ્રાપ્તિ થાવી બહુ દુર્લભ છે. ભગવાન અગોચર છે, અગમ છે પણ દિવ્યરૂપે હોય તો જ. જો મનુષ્ય દેહ પ્રાપ્ત થાય તો ગોચર છે. સુગમ છે ને તમારે એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.

પછી બપોર પછી વાત કરી જે; ખાય, પીવે, ખુશી રહે એને પણ ભગવાન તેડી જાય એવા અલૌકિક ભગવાન છે. મનુષ્યરૂપે સજાતિય છે ને દિવ્યરૂપે વિજાતિય છે. કેવળાત્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી 'સંતહરણ સંતાપ' એવા છે પણ સંતના વેષમાં, બીજા રહ્યા હોય એનો વિશ્વાસ ન કરવો ઈ તો ભૂલા પાડી દ્યે. ભગવાનને લઈને મંદિરનો મહિમા કેટલો મોટો છે. સ્વામિનારાયણ પાસે આબરૂ બંધાય જાય તો કામ થઈ જાય. ભગવાન આપણે સંકલ્પે તેડવા આવશે કે એના સંકલ્પથી તેડવા આવશે ? ઈ જાણવું જોઈ. "પૃથ્વી ઉપર આવીને ભગવાન ખૂબ કામ કરી ગયા. ખૂબ ધર્મ પ્રવર્તાવી ગયા. ખૂબ સાધુ કર્યા, ખૂબ સત્સંગી કર્યા, મંદિર કર્યા, દેવ પધરાવી ગયા. એમાં આપણે મોક્ષ ગતિને પામશું કે નહીં ? એક દાતણ જેટલો ધર્માદો કર્યો હોય તો ય અવગુણ ઝાઝાનો લીધો ને ગુણ થોડાનો લીધો. જો કોઈનો અવગુણ ન લીધો તો હજારવાર દયા કરી. દિવ્ય સ્વરૂપ ને મનુષ્ય સ્વરૂપ બેને સમજી લેવું જોઈ. દિવ્ય સ્વરૂપની પૂજા કરીએ ને મનુષ્ય સ્વરૂપની નિંદા કરીએ તો શું કામનું ? પૃથ્વી ઉપર ભગવાનનું, અક્ષરનું મુક્તનું ને જીવનું સુખ શું ? સાધુ સમાગમ કર્યો હશે તો જુદુ પડશે નકર તો ગોળ-ખોળ એક પાડ. મુક્તનું સુખ પ્રકૃતિ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને એક સત્ય માને. બીજાને અસત્ય માને એને જ મુક્તનું સુખ છે. ધામ જે પોતાનું સ્વરૂપ એનાથી ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ. પંચભૂત, પંચવિષય ઈ માયાનો સર્ગ છે. નામ લઈ પણ નામ ભેળી આ સમજણ હોય તો ઈ કઈ વસ્તુ ત્યાગ કરવી.

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च । अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टाधा ॥** તે બોલ્યા.

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, પ્રધાન પુરુષ ઈ આઠ જડ પ્રકૃતિ એમાં વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ છે. જીવ છે ઈ જ. ઈ આઠનો ગુણ બધાયને ધારવાનો અક્ષરનો ગુણ છે, એ થકી જીવ ન્યારો છે. તેને વિષે વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ ઈ ભગવાનને વિષે પણ બીજાનો ઉદ્ધાર કરવા છે ને આપણામાં છે ઈ બંધનકર્તા છે. એવું અક્ષરનું અલૌકિક સ્વરૂપ છે. ઈ હાથ આવવું જોઈ. આઠ પ્રકારની જડ પ્રકૃતિ ને વ્યાપક ચૈતન્ય પ્રકૃતિ છે ઈ બેયના આધાર પ્રત્યક્ષ ભગવાન છે ને એને વિષે સુખે કરીને રહી છે. એટલું તો થઈ જાવું જોઈ કે ગોળ ખાંડ એક કરતો હોય એની વાત ગળે ન ઉતરે.ગોળનું ગાડુ ચાલ્યુ જાય ને પછી ચીલા ચાટે ઈ કેવું ગળ્યું લાગે ! તેમ રામ, કૃષ્ણ, પરશુરામ, હયગ્રીવ વાણા વયા ગયા ઈ એવું છે. પછી પસ્તાવો કરે. ઓલ્યા મળતા નથી ને આ છે એનું ભાન નથી. "આશીર્વાદ મેળવ્યો હોય તો તમારી દૃઢતાને કોઈ ઉડાડી શકે નહીં. આટલા બધા સાધુ છે એમાં કોની પાસેથી કેવી રીતે આશીર્વાદ મેળવ્યો છે. સ્વામિનારાયણ ભગવાને પણ સૂર્યનારાયણ પાસેથી અને શંકર પાર્વતી પાસેથી આશીર્વાદ માગ્યો છે ને રામાનંદસ્વામીના સત્સંગી માત્રનું દુ:ખ માગી લીધું છે પણ રામાનંદસ્વામીનો થાવો જોઈ."

પછી સ્વામીએ વાત કરી જે; અનેક વાત છે. એમાં દુર્લભ વાત કઈ ? ભગવાન, આ સત્સંગ, આ મનુષ્યદેહ ઈ દુર્લભ વસ્તુ છે. એમાં વિઘ્નકર્તા કોણ છે એને ઓળખી લેવા. અનેકની હારે સંબંધ કર્યા છે ઈ ભેળા આવશે કે નહીં આવે ? અક્ષરધામ સુધી તો આ સત્સંગ જેવો છે એવો જણાય છે. પંચવિષયથી ન મૂકાવું હોય તોપણ મૂકાઈ જાય એવો દુર્લભ અલૌકિક સત્સંગ છે. જીવને મોક્ષનું અસાધારણ કારણ શું છે ? નિશ્ચય છે ઈ સાધન છે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયકાળ ત્રણેયકાળમાં

ભગવાનનું સ્વરૂપ એક સરખું છે. ચરિત્ર કર્યા પણ ત્રણેય કાળમાં ભગવાનનું સ્વરૂપ એક જ સમજે તોજ સ્વરૂપનિષ્ઠા ગણાય, નહીંતર તો ફાંફાં માર્યા ગણાય. મન કયે ઠેકાણે ઓગળે છે ઈ ઓળખવો ત્યાં ઉત્પત્તિકાળ ઓગળી ગયો. હૃદયપ્રકાશમાં મન ઓગળવાની વાત લખી છે. માયિક સુખ માને એનું નામ મન છે. માયિક સુખની કિંમત છે એનું જ નામ મન છે. માયિક સુખમાં લોભાણા છીએ, સલવાણા છે ઈ જ મન છે. જે વસ્તુને જોઈ ઈ જોઈ ખરી પણ ઈ વસ્તુની કિંમત કેટલી છે ઈ સમજવું. પહેલા ભગવાનનું નામ આવે ને પછી કિંમત કરો તો મન ઓગળી જાય તો જ ઉત્પત્તિકાળ ઓગળી ગયો. નહીંતર ઉત્પત્તિકાળમાં સલવાણો છે. પદાર્થની કિંમત આંકી ને પછી ભગવાનનો સંકલ્પ કરીએ તો મન ઓગળે નહીં. મન નાશ ન થાય. અનાજ ભગવાનને ધર્યું છે એમ થાય તો નિજમન છે. કેવડી વાત છે ! પહેલા ભગવાનને અર્પણ કર્યા પછી આપણા ઉપજોગમાં લેવું તો મન ઓગળી જાય. આટલી વાત સમજવી જોઈ. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયકાળમાં ભગવાનનું સ્વરૂપ એક જ છે. તો જ સ્વરૂપનિષ્ઠા ગણાય. ઈ વધે ઘટે એવા નથી. વધારીએ ને ઘટાડીએ તો આપણે જ્ઞાનપ્રલય થયો નથી. ત્રણ પ્રકારના પ્રલયમાં હોય પણ જ્ઞાન પ્રલયમાં જ મોક્ષ થાય. બ્રહ્માંડ વસે જ છે તો પ્રલયકાળમાં જ મોક્ષ શા માટે લખ્યો છે ! માટે જ્ઞાન પ્રલય વિના પ્રલય ન થાય. જ્ઞાની જન્મ ધરતો નથી ને જન્મ ધરે તો સ્વતંત્ર થકો જન્મને ધરે છે. પણ કાળ,કર્મ, માયાને વશ થઈને જન્મ ધરતો નથી. સ્થિતિકાળમાં જનકરાજાની સમજણ્ય બતાવી દીધી. સંસારમાં રહો ને ભગવાન તમને ન છોડે ઈ કેવડી વાત છે !

**॥ ઈતિ શ્રી કિરણ ૫૪૯ ॥**

## ૫૫૦. ભગવાન અને ભક્તના બળનું

સંવત્ ૨૦૩૪ના વૈશાખ વદિ ૫ શુક્રવાર તા.૨૬-૫-૧૯૭૮ને દિવસ ગામશ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે પોતાના આસન

પર વિરાજમાન હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ગોલોક ને વૈકુંઠ ધામના મુક્ત આવી રીતે નહીં કરતા હોય. ઈ તો સાધનને મુખ્ય ગણે છે ને આપણે તો સાધનને અધર લટકાડી દઈ તોપણ મોક્ષ થઈ જાય. અમે હમણા સતીગીતા વંચાવી એમાં બાયુને છોડી મેલી. પતિવ્રતથી જ એનો મોક્ષ થાય પરંતુ પ્રાપ્તિ તો સ્વર્ગલોક જ છે. અહોનિશ અખાડો તરૂણ વેશ્યાવાડો એવું છે. સોળ વરસની ઉપરની અવસ્થા એને વેવારની કાંઈ ભાન ન હોય. જગતમાં શુષ્કવેદાંતિ અને નાસ્તિક છે ઈ તો રામ ને કૃષ્ણને ત્રીજા નરકમાં પડયા એમ માને છે. એના ભક્ત પણ એવા જ છે એમ માને છે. વિચારીને જોવે તો ખબર પડે. પ્રેમલક્ષણા ભક્તિ છે ઈ સંસાર ઓળંગવાનું ઠેકાણું છે. એમાં કાંઈ કરવું પડતું નથી. સહેજે મોક્ષ થઈ જાય. સહેજે ધ્યાન થઈ જાય. આ સભા સામું જુવો તો ધ્યાન કરવું પડે ખરૂ ! ન કરવું પડે. બે પ્રકારની સમાધિ છે. અંગી સમાધિ ને સર્વાંગી સમાધિ. દેહનું ભાન ભૂલીને ગાતા હતા ત્યારે તો મહારાજે પણ એમ લખ્યું કે; એવી હિંમત રહે છે કે જાણે દિવાના થઈ જાશું. પણ બીજાના સમાસને અરથે વિવેક રહે છે. ધર્મ અને અધર્મ એમાં બેયનો ત્યાગ કર ને વિચારનો પણ ત્યાગ કર. ઈ કેવી રીતે થાય ? અધર્મ તો ધર્મ પાળવાથી ખસી જાય પણ ધર્મ પાળવાનો વિચાર છે ઈ વિચારનો ત્યાગ કઈ રીતે કરવો ? આવી રીતે ભગવાનના ભક્તને ભગવાનને વિષે નિષ્ઠા થાય તો કરવું કાંઈ ન રહે. ભગવાન આંયા છે કે અક્ષરધામમાં છે ઈ કાંઈ ન કહી શકાય. ઈ તો સમર્થ છે. આપણે એને કેમ રાજી કરવા ? "તુંહી હો, તુંહી હો." એમ કરતા શીખી જાય તો રાજી કરતા વાર ન લાગે. માટે ભગવાન તે ભગવાન એમ સમજી લેવું. ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ ત્યારે સાધનમાત્રની સમાપ્તિ થઈ ગઈ. કરવું કાંઈ રહેતું નથી પણ ભજન કરવું રહ્યું. સ્વામિનારાયણીયા થયા એટલે ભજન કરવું રહ્યું. કુસંગમાં હોત તો ન કરત. બોલતા તો

નથી આવડતું પણ આના મોઢા જોઈને પ્રેમ આવે છે. તે ઉપર ગોપીનાથદાસજી પુરાણી સ્વામીની વાત કરી.

પછી સ્વામીએ વાત કરી જે; બધાય વખાણ કરતા હોય તો પણ એવી ક્રિયા ન કરવી. બરાબર વરતવારૂપી અવગુણ છે તોપણ એનું ગ્રહણ કરવું. બરોબર વરતવારૂપી દોષ પણ બહુ મોટો ગુણ છે. મનને મતે વરતવામાં આપણે આગળ જાતા હોઈ તોપણ ખરાબ છે. આ સત્સંગ છે ઈ જોયા જેવી વસ્તુ છે. રાખવા જેવી વસ્તુ છે પણ ટેમ આવશે ત્યારે કામ લાગશે. આપણે ઘરમાં વસ્તુ છે ઈ કોઈના ઘરમાં નથી. બીજાએ ભલે મેડીયું કરી હોય, રાજપાટ હોય તોય સત્સંગ વિના નકામી છે. આપણી પાસે દરરોજ દરરોજનું છે તોપણ નાથભક્ત જેવા છીએ. તેર દોકડા આવતા એમાંથી ખાવુ હોય એટલું ખાય ને બીજું ગોલકમાં નાખી દેતા. જેમ ભગવાન ને સંત રાજી થાય એમ કરવું, તો દુઃખ હશે તોય સુખ થઈ જાશે ને ઈ કુરાજી થાશે તો સુખ હશે તોય દુઃખ થાશે. ઈ રાજી થાય તો આડો હાથ દઈ દે. ભગવાનના ભક્ત છે એમાં કોકને ખ્યાલ આવી જાય કે આ સત્સંગ અલૌકિક છે. ઈ જેવા તેવા નથી. જેવા તેવા નથી એમ જેને વરતતું હોય ઈ સગુણ સ્વરૂપ ભગવાને બતાવી દીધું. ભગવાનના ભક્ત ભાભડ ભૂતિયા હોય તોપણ ઈ બહુ કિંમતવાળા છે. કિંમત કેવી ? તો પરણતા પરણતા થાક્યા એવા છે. દુનિયામાં કોઈ પરણતા કે ખાતા થાક્યા ખરા ? કોઈ રૂપિયા ગણતા થાક્યા ખરા ?

હું શું છું ? મારે આમ થાય કે ન થાય ? અમે સાધુ છીએ. અમારા સાધુના ધર્મમાં એમ લખ્યું, કોઈનું ભૂંડુ તો ન ઈચ્છવું. ગૃહસ્થના ધર્મમાં કોઈને ગાળ તો કયારેય ન દેવી. ને આચાર્યના ધર્મમાં ક્રુરપણું ન રાખવું. માટે પ્રેમે જુક્ત ભજન કરવું. પ્રભુના ભજનના સુખમાં પ્રેમે જુક્ત રહેવું. ભજન સ્મરણ કરવું. માનસી પૂજા કરવી ઈ વિકટ મામલો છે. સ્વામીની વાતોમાં પ્રહ્‌લાદને કહ્યું કે હું યુદ્ધે કરીને જીતાઉં એમ નથી. પણ આવી

રીતે ત્રણ પ્રકારનું ભજન થાતું હોય અને વૃત્તિ એકાગ્ર કરીને ભજન કરવું. માટે ભજનમાં, ભક્તિમાં આળસ ન થાય. ભગવાનનું ભજન તો બહુ મોટા પુણ્યવાળાને થાય. ભગવાનના ભજનની પ્રાપ્તિ તો બહુ મોટી છે. બાકી બીજા તો કામના કરનારા હોય, રોટલા ખાતા હોય, બીજે ગપાટા મારતા હોય. માટે આવી રીતે ભજન કરવું. જેણે ત્રણેય કાળમાં ભજન કરવું તેણે છેલ્લો જનમ કરી લેવો. મરી તો સૌને જાવું છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૫૦ ॥**

## ૫૫૧. માયા આદિકના પ્રધાનપણાનું

સંવત્ ૨૦૩૪ના શ્રાવણ વદી-૧૩ ગુરુવાર તા.૩૧-૮-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી હળિયાદ મધ્યે નવા મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આટલી વાત તો જરૂર સમજવી જોઈ કે જે સમે જેનું પ્રધાનપણું હોય તે સમે તેનું પ્રધાનપણું જાણવું. પોતે પોતાના વિષયમાં પ્રવર્તે ઈ એકલો કહેવાય. એક વસ્તુ હતી એની સાથે બીજી ભળી એટલે માયા થઈ ગઈ. ચોખો દાળ ભેળો ભળ્યો એટલે ખીચડી થઈ ગઈ. એમ આપણે ગમે એવા હોઈ પણ માયા ભેળા ભળ્યા એટલે પતી ગયું. આ જોગ આવ્યો, ભગવાનના ભક્ત મળ્યા, ઈ મુળજી અને કૃષ્ણજી જેવા છે. તે ઉપર મુળજી અને કૃષ્ણજીની વાત કરી. જેને તીવ્ર શ્રદ્ધા સારા કામમાં ઉત્પન્ન થઈ એને ભગવાન હાથ આવે. ધરમ પાળવામાં, આત્મનિષ્ઠા, વૈરાગ, સેવામાં સીધુ છે. ભગવાનના ભક્ત ભેળા રહેવામાં મોટો લાભ શું ? કે સ્વભાવ ઘસાય ને એના ગમતામાં વરતાય. જે સમે જેનું પ્રધાનપણું, તે સમે તેનું સમજવું. કાળ, કર્મ, માયાનું જેનું જ્યાં હોય ત્યાં સમજવું પણ બધે ઠેકાણે એકનું ન સમજવું. દેહ અને દેહના સંબંધીનો વારંવાર જોગ થતો હોય ત્યાં રેવાનું ભગવાનની આજ્ઞા હોય તો પણ ન રેવું. ઈ સ્થાન છોડી દેવું. ધર્મ સંબંધી કાર્ય થતું હોય એમાં વિઘ્ન ન કરવું,

તો એને ઉત્તેજન આપ્યું ગણાય. જો ઉત્તેજન ન આપે તો મોક્ષનું સાધન ક્યાંથી હાથ આવે ? એને તો જમપુરી હાથ આવે. ભગવાનના ભક્તને અણગમતું થાય ઈ એને જમપુરી પણ ન સાચવે એવો ઈ પાપી છે. આવી રીતે ભગવાનના ભક્ત ભેળો રહ્યો એને આંખ ઉઘાડીને મીંચે એટલીવારમાં અક્ષરધામમાં પુગી ગયો. નહીંતર તો અસૂયા નામનો અવગુણ ઉભો રહેશે. આપણે ગુણ બતાવવના હોય પણ અસૂયાવાળો અવગુણ બતાવે છે. કો'ક લ્યે ને કો'ક દ્યે એમાં મત્સરવાળો ઠાલો ઠાલો બળી મરે. સ્ત્રી, દ્રવ્ય ને સારૂં સારૂં ભોજન ઈ ત્રણના લેણદેણમાં મત્સરવાળો વચમાં બળી મરે. ભગવાન પોતાના ભક્ત ઉપર ક્યે ગુણે કરીને રાજી થતા હશે ? કામાદિક દોષનો ત્યાગ કરે એના ઉપર ભગવાન રાજી થાય. સંતને માર્ગે ચાલે ને સંત હોય તો મત્સર ટળે. નિર્મત્સર એવા સંત એને ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે. સામી વસ્તુ સંત હોય ને પોતાને શ્રદ્ધા હોય તો મત્સર ટળે. પણ સંતને મારગે ન ચાલે તો મત્સર ન ટળે. સંતને માર્ગે ચાલે ને સંત હોય એનો મત્સર ટળે, બીજાનો મત્સર ન ટળે. કામાદિક દોષ થકી રહિત થયા હોય, વાસના કુંઠીત થઈ ગઈ હોય એની બુદ્ધિ ભેદાતી નથી. પેલા તો નિર્દોષ છે ને ઓની વાસના તત્કાળ વિષયમાં ચોટતી નથી. તેની બુદ્ધિ ભેદાતી નથી બીજાની બુદ્ધિ ભેદાય છે. ગમે એવો પાણીનો તરિયો હોય એને પણ ભમરી બુડાડી દ્યે છે. એમ ગમે એવો આત્મનિષ્ઠાવાળો હોય પણ સ્ત્રીરૂપી ભમરીથી ભેદાય જાય છે. સમાધિ છે પણ જાણપણું હોવું જોઈ. જાણપણું ન હોય તો લાકડા જેવો છે, પશુ જેવો છે.

**પશુ ઘડંતા નર ઘડ્યા, ભૂલ્યા શીંગ ને પૂંછ,**
**તુલસી હરિકી ભક્તિ બીન, ધીક્ દાઢી ધીક્ મૂછ.**

એવું છે. અત્યારે વિશ્વાસી હોય એનું કામ થાય. બાળકને કળિયુગ આવવાનો નથી પણ વેવાર કરે છે એને કળિયુગ છે. મેં બીજુ કાંઈ કર્યું નથી સ્વામીને દીઠ્યા છે. એવો વિશ્વાસ થાવો જોઈ. આ સમો સંભારવો

જોઈ. આવો સમો સંભારે તો કામ થઈ જાય. જેની સામું જોઈને વૃત્તિ પાછી વળે. જેની સામું જોવો ને વૃત્તિ ચળાયમાન થાય તો વિષયમાં જાય ને પાછી વળે તો ભક્ત કહેવાય. એકની વૃત્તિ ચળાયમાન થાય ને એકની કુંઠીત છે. આમાંથી અવગુણ લઈને જાશે એની વૃત્તિ ચળાયમાન થાશે ને ગુણ લઈને જાશે એની વૃત્તિ કુંઠીત થાશે. જોડે છાણ વળગ્યું ને પાણાવાળી ભોંમાં હાલવું ઈ કેટલીવાર ટકે ? સ્વામિનારાયણનો જન્મ થયો ને સ્વભાવ કેટલા 'દિ ટકશે ? આ વાત સમજે તો માયા અખંડ રહી કહેવાય. મોટા પુરુષને નિર્દોષ સમજો તો તમે દોષ થકી રહિત થઈ જાવ ઈ ઊર્ધ્વરેતાનું લક્ષણ છે. આ બ્રહ્માંડ વસે જ છે તોય પ્રલયકાળમાં મોક્ષ બતાવ્યો. જ્ઞાનપ્રલયમાં મોક્ષ થાય. નિમિત્ત પ્રલયમાં મોક્ષ ન થાય. જ્ઞાન પ્રલયમાં જ મોક્ષ થાય. ઈ દેહ ધારણ ન કરે. કદાચ ભગવાનની ઈચ્છાથી દેહ ધારણ કરે તો પણ સ્વતંત્ર થકો વરતે પણ કયાંય માયામાં બંધાય નહીં. દત્તાત્રેયની જેવી સાંખ્ય હોય ઈ સાકાર બ્રહ્મની ઉપાસનાવાળો છે ને ઓલ્યો કપીલદેવની સાંખ્યવાળો છે. એણે ફક્ત માતાનું જ કલ્યાણ કર્યું. એક પાસે બેસીએ ને ખામી દેખાય, એવી આ સભા છે. સામાને નિઃસ્વાદી જાણો તો તમે નિઃસ્વાદી થાવ. બહુ જબરી વાત આવી. સ્ત્રી રાખી ને નિર્વાસનિક કહ્યા. વાંઢીયાવાળા દેવજી ભગત અને જેઠો મેર એને કહ્યા છે. સ્ત્રીને વિષે દોષબુદ્ધિ થાય એટલે પતી ગયું. દોષને વિષે દોષાધ્યાન થયું એટલે જીતાય ગયું. ગુણ છે તો ગુણાધ્યાન છે. ઈ એમાં સલવાયેલો છે. એક શ્લોકે કરીને પાંચ, દશ, સો કે હજાર શ્લોકે કરીને પણ ચોખ્ખું સમજ્યે છૂટકો છે. આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે. તેથી દશગણું જળ છે. તેથી દશગણું તેજ, તેથી દશગણો વાયુ, તેથી આકાશ, તેથી અહંકાર, મહતત્ત્વ છે. તેથી પર પુરુષોત્તમ છે. એને ને તમારે સંબંધ છે અવાંતર કોઈને નથી. આંયા જેને સંબંધ છે, એની આગળ કાશીનો વિદ્વાન પણ શું ગણતરીમાં ? માટે દેવકોટિ તેથી ઉપર ચંદ્રલોક છે. એનો ભાર ઉડી જાવો જોઈ. એની ઉપર પિતૃનો

લોક છે. એની ઉપર બ્રહ્મા, વિષ્ણુ, શંકરનો લોક છે, એનોય ભાર ન હોવો જોઈ. એની ઉપર પ્રધાન પુરુષ છે. એને માયા બાધ કરતી નથી ને આને માયા બાધ કરે છે. તોપણ એનાથી અધિક છે. એમ મનાઈ જાવું જોઈ.

પછી તે જ દિવસે બપોર પછી ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનનું પ્રધાનપણું હોય ત્યાં સુખ જ હોય. દૈત્યનું કલ્યાણ લખ્યું ઈ કેમ લખ્યું ? શાસ્ત્ર કરનારે પોતાનો અભિપ્રાય લખ્યો છે. બહુ મનુષ્યને ભગવાનને રસ્તે ચડાવવા ઈ હેતુથી દૈત્યનું કલ્યાણ લખ્યું છે. તો જ ભગવાન પ્રત્યક્ષ છે. નહીંતર પરોક્ષ છે. શાસ્ત્ર કરનારાની હકીકતથી દૈત્યનું કલ્યાણ થાય છે. પુતનાની ગતિ માતા જશોદા બરાબર આપી. ભગવાન અને ભગવાનના ભક્તને મળીને આ કામ કર્યુ એટલે ભગવાનનું પ્રધાનપણું મટી ગયું. નહીંતર આટલા બધા માણસ ભેળા થાય ન્યાં કોઈ બાધ્યા વિના ન રહે. આ તો ભગવાનના પ્રધાનપણાની હકીકત કહેવાય, તો ભૂલી ન જવાય. આ તો શાસ્ત્રની લેનથી વાત કરી. સ્વામિનારાયણની લેનથી વાત કરી. મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી એની માન્ય કરેલી વાત. એની લેનથી વાત કરી. નિત્યાનંદસ્વામી જેવો કોઈ સાધુ નહીં. એના જેવી કોઈની સિદ્ધદશા નહીં. ‘‘સ્વામિનારાયણે બહુ મોટો પ્રતાપ વાપર્યો છે. બહુ મોટું ઐશ્વર્ય વાપર્યું છે. દેવમાં પણ કોઈ એવું નથી. ઈશ્વર કોટિમાં પણ કોઈ એવું નથી. પણ આ સત્સંગમાંથી નીકળે તો સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર છે. પણ વયા ગયા નથી. સ્વામિનારાયણ જાય એવા નથી. આવે એવા નથી. છે છે ને છે.’’ અક્ષરધામના મુક્તને નેત્રની આગળ ભગવાનની મનુષ્ય મૂર્તિ ઈ બેયમાં એક રૂંવાડાનો ફેર નથી. માટે ભગવાન પોતે બિરાજે છે. અખંડ રહ્યા છે. નેત્રની આગળ મૂર્તિ નિર્ગુણ લખી. અક્ષરધામની નિર્ગુણ લખી. અધિક સાદશ્યપણું છે. અધિક દૈવત છે. ઓલ્યા તો એના તખતમાં છે. માયા, કાળ, કર્મથી

રહિત છે. ને આ સ્થળ તો કાળ, કર્મ, માયાને આધિન છે. એમાં રહીને નિર્ગુણ રહે છે.એમ માને તો સ્વામિનારાયણ આપણી ગમે ત્યાં રક્ષા કરે છે. પર થકી પર એવું જે અક્ષર તે થકી પર છે. ને સર્વજનને નયન ગોચર વર્તે છે. એની ઉપાસના એકાંતિક ભાવે કરવી. છે તો પર થકી પર એવું અક્ષર માયાથી પર છે. તેથી પર છે ઈ સર્વજનના નયન ગોચર વસુંધરામાં વિચરે પણ આંખ ન ઉઘડે તો શું કરવું ? આંધળા ગુરુ કર્યા હોય તો ન દેખાય. દેખતા ગુરુ કર્યા હોય તો દેખાય. ગોપાળાનંદસ્વામીએ ગળાના સમ ખાધા. જો વચનામૃત બારી વાત હોય તો. જૂનેગઢ જાય એની કરોડ્ય જન્મની કસર ટાળી નાખીએ એવું ભાતુ બંધાવ્યું છે.

**"જીવને જાવું હશે બીજે રે, તોય જાવું પડશે રીજે ખીજે રે."**

કોઈ આવો, કોઈ આવો એમ કહે છે. એવા પ્રતાપ, ઐશ્વર્ય જણાવ્યા. કોઈ વાતનું અધુરૂં નથી રાખ્યું. સુખ દુઃખ થાય ત્યારે ભેગા થઈ જાય એનું નામ ભેગા કહેવાય. ખરો હોય એને કોઈ હળવું વેણ ન કહે. એનું વર્તન જોઈને કોઈ હળવું વેણ ન કહી શકે. એવી રીતે હળિયાદના હરિભક્તોને અભયદાન આપીને હજારેક હરિભક્તો વાજતે ગાજતે વળાવવા આવ્યા ને સ્વામી મોટરમાં બેસીને ગામ મુંજીયાસર પધાર્યા ને ત્યાં મંદિરમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ત્યાં ઠાકોરજીને થાળ જમાડીને રાતે દશ વાગ્યે ચાલ્યા તે રાતે દોઢ વાગ્યે જૂનાગઢ શ્રીજી ઓઈલ મીલમાં પધાર્યા ને પોઢી ગયા. **॥ ઈતિ શ્રી કિરણ ૫૫૧ ॥**

## ૫૫૨. ઉપાસના ચક્રનું

સંવત્ ૨૦૩૪ના શ્રાવણ વદિ-૧૪ શુક્રવાર તા.૧-૯-૧૯૭૮ ને દિવસ ગામશ્રી જૂનાગઢ મધ્યે શ્રીજી ઓઈલ મીલમાં ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી માધવજીભાઈએ પંચાળાનું ૪થું વચનામૃત વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે; સાદશ્યપણું એટલે આ દૂધ છાશ જેવું છે પણ કાંઈ દૂધ ને છાશ સરખા ન થાય. મનુષ્ય અને ભગવાન બેય એક સરખા છે પણ એમાં ફેર ઘણો છે. એક સામું જોઈ તો આપણી ખામી દેખાય. ઓમ આપણા જેવો જ દેખાતો હોય એમ સાદશ્યપણું છે ને વિલક્ષપણું શું છે ? ધોળાને ધોળા સાથે સાદશપણું છે. ભગો ને મૂળો એમાં સાદશ એમાં સાદશ્યપણું છે. પણ ઝાઝા દિવસ ભેગા રહીએ તો જ વિલક્ષણપણું જણાય. ગુદાસ્થાન, શિશ્નુ, હૃદય સ્થાન, કંઠ સ્થાન, નેત્ર સ્થાન, આજ્ઞા ચક્ર ને બ્રહ્મરંધ્ર ઈ અલગ છે. એને અને શિશુમાર ચક્રને બેયને એકતા છે. બ્રહ્મરંધ્રમાં વિચાર હોય ઈ શિશુમાર ચક્રે થઈને આખા શરીરમાં ફેલાય છે. “આજ્ઞામાં ફેર હોય ત્યાં સુધી બ્રહ્મરંધ્રમાં ન જઈ શકે. આપણા સત્સંગી ઉપાસનાના બળથી આજ્ઞાચક્રને ટપીને બ્રહ્મરંધ્રમાં જઈ ન શકે, ઉપાસનાના બળે આજ્ઞાને ગૌણ કરી શકે. ભગવાનના ભક્તના દર્શન કરો તોય પંચમહાપાપને બાળી નાખે, ઈ ઉપાસના ચક્ર છે. નહીંતર ગોપાળજોગીના જેવું ઉપાસના ચક્ર હોય. તે કાળ આવે એટલે બ્રહ્મરંધ્રે વયો જાય પણ બ્રહ્મરંધ્રને ભેદી ન શકે. પણ મહારાજ ગિરિ હતી ઈ વૈકુંઠ સમાન કરી દીધી. એમ બ્રહ્મરંધ્રને ભેદી દીધું. એને વૈકુંઠમાં જાવું ન પડ્યું. સ્વરૂપનિષ્ઠા થાય એટલે વૈકુંઠમાં, ગોલોકમાં કે અક્ષરધામમાં જાવું ન પડે. જેની સ્વરૂપનિષ્ઠા થઈ ઈ જ ઈ ધામના પતિ છે. પછી જાવાની વાત જ નથી.” મધ્યના ૩૯માં ભાગવતનું રહસ્ય કીધું. ગમે એવો હોય તો પણ ના ન પાડી શકે. એનું નામ રહસ્ય કહેવાય. તમારા સામું જોઉં ને મારી ખામી દેખાય તો હું તમારા સામું જોઈ ન શકું. પણ મારા દોષની સામું દૃષ્ટિ ઠેરાવું તો તમે કેટલા અગમ છો ઈ ખબર પડે ને એને અધિક માને એટલો બધો તફાવત છે. “ઉપાસનાના બળની કેટલી તાકાત છે. છે પદાર્થ પણ બ્રહ્મરૂપ થઈ જાય એટલી ઉપાસનાની તાકાત છે. સ્વરૂપાનંદસ્વામીને પદાર્થ ટળી જાય ને મૂર્તિ

દેખાય. ઉપાસનાની લેન જુદી છે. એમાં અપૂર્ણતા ઉભી ન રહે તો તમે આજ્ઞાચક્રને ઓળંગી શકો. નહીંતર તો જરા પણ ફેર હોય તો પણ આજ્ઞાચક્રને ન ઓળંગવા દ્યે. આજ્ઞાચક્ર વસ્તુ બહુ જબરી છે. ઉપાસનાની તાકાતથી જેને ઓળંગવા હોય એને ઓળંગી જવાય, પણ ઉપાસનાનું સાધન નજીક છે. એટલે કિંમત નથી. એક ન્યૂન ને એક અધિક એને અનુસારે નજીક છે. સ્વામી સેવકભાવ છે. બરોબરીયાપણું આવે છે એટલે સમજણમાં ખામી છે.'' એટલી વાત કરીને જૂનાગઢના હરિભક્તોને અભયદાન આપીને મોટરમાં બેસીને ગામ વંથલી પધાર્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૫૨ ॥**

## ૫૫૩. થોડી બુદ્ધિવાળાનું અને ઝાઝી બુદ્ધિવાળાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ ૧ પડવાને રવિવાર તા.૩-૯-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; જે.પી.ની ડીગ્રીવાળાથી ફાંસીની સજા આળસી જાય છે. તો પછી ભગવાન અને ભગવાનના ભક્તના દર્શનથી, એને સંભારવાથી કામ ન થાય ? થાય જ. દુનિયા આખી સૂર્યને નારાયણ કહે છે તોપણ એના દર્શનથી કલ્યાણ મનાતું નથી, ને ભગવાન અને સાધુ છે ઈ તો મનુષ્ય જેવા છે તો પણ એના દર્શનથી કલ્યાણ મનાય છે. ભગવાન ગમે તે રૂપે દર્શન દ્યે છે પણ પોતે જ દર્શન દ્યે છે. ભગવાન પોતે જ રક્ષા કરે છે. ઉત્પત્તિકાળે વૈરાટરૂપે વર્તે છે. દશેય ઈંદ્રિયોનો મારગ ખૂલ્લો થઈ જાય ત્યારે મુખ્યપણું કહેવાય. ને વૈરાટમાં બધુંય હતું તોપણ ઊભું ન થયું. પણ જયારે વાસુદેવે આવીને પ્રવેશ કર્યો ત્યારે અવતાર કહેવાય. વાસુદેવનું પ્રધાનપણું કહેવાય ને આંયા એકધારા ને બહુધારા એમ છે. ને પાદ્મ કલ્પમાં નારદ-સનકાદિકનું પ્રધાનપણું કહેવાય. પહેલા

તમારા દ્વારે, પછી વૈરાટ દ્વારે પછી બ્રહ્મા દ્વારે વર્તે છે ને પછી નારદ સનકાદિક દ્વારે વર્તે છે. તમે એમ કહો છે કે અમે સહજાનંદ સ્વામીના ભગત છીએ ને અવતારીના ભગત છીએ એમ કહો છો. પણ વચમાં પ્રધાન પુરુષના લોકમાં, વૈરાટના લોકમાં ક્યાંય રોકાણા નહીં પણ પાધરા આંયા આવ્યા. ત્યાં તળાવનું દૃષ્ટાંત દીધું. માગ્યા વિના મળે છે. ઈ કયાંય બંધાણો નથી. નિર્લેપ છે, નિર્વિકાર છે, ઈ માગ્યા વિના મળે છે. એનું એંધાણ છે. અગોચર વાત છે. ગોચર વાત કરી છે. આ સભામાં જાણવી જોઈ પણ દેવની સભા, ઈશ્વરની સભા, પ્રધાનપુરુષની સભા, વૈરાટની સભામાં જાણવા જાઈ તો ન જણાય. આ સભા જેવી વૈકુંઠમાં છે, શ્વેતદ્વિપમાં, ગોલોકમાં છે એથી પણ આ સભાને અધિક ન જાણતા હોઈ તો અમને સંત સભાના સમ છે. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે; બ્રહ્મચર્ય કયાંય નથી, બદરીકાશ્રમ, શ્વેતદ્વિપ, અક્ષરધામ અને આંયા મોટા એકાંતિક પાસે છે. વાત બહુ જબરી છે. સાંભળીએ છીએ પણ પાછા ભૂલી જાઈ છીએ.

પછી સ્વામીએ મધ્યના ૬૬મા વચનામૃત પર વાત કરી. એમાં છ સદ્‌ગુરુના પ્રશ્ન છે. આનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે; એક થોડી બુદ્ધિવાળો છે અને એક ઝાઝી બુદ્ધિવાળો છે. એક વાત સમજે છે ને એક નથી સમજતો. થોડી બુદ્ધિ છે પણ સારી છે. મોક્ષને યોગ્ય છે. ને ઝાઝી બુદ્ધિ શાપિત છે. ઓલ્યો શાસ્ત્રના શબ્દ સમજે છે. એના ઉપર ભગવાનની મોટી દૃષ્ટિ છે. પણ ઈ આલોકમાં ગણત્રીમાં ન હોય પણ ભગવાને એને એવો કરી મેલ્યો છે. નહીંતર તો ફૂંક મારે ત્યાં જ અનંત ઉથલાવી નાખે એવો છે. પોતાની ભૂલ સુજી ઈ બુદ્ધિવાળો છે. થોડી બુદ્ધિવાળાને પરલોક હાથ આવી ગયો. ઝાઝી બુદ્ધિવાળાને બુદ્ધિહીન કહ્યો. બુદ્ધિ વિનાનો છે, અલ્પબુદ્ધિ છે પણ પરલોકમાં ગતિ પડે છે તો બુદ્ધિવાળો છે. ને મહત્ બુદ્ધિવાળો છે પણ પરલોકમાં દૃષ્ટિ પુગતી નથી. તો ઈ બુદ્ધિ વિનાનો છે. પોતાની ભૂલ દેખી

એટલે પુરુષોત્તમ નજીક થઈ ગયા. એનું નામ વિશિષ્ટાદ્વૈત મત છે. સ્વાર્થ હોય તો આપણે ભક્ત છીએ ને એને સ્વાર્થ હોય તો ઈ ભક્ત છે. અલ્પ બુદ્ધિવાળાને આ મૂડી આપી છે પણ મહત્ બુદ્ધિવાળાને આ મૂડી આપી નથી. ઝાઝી બુદ્ધિવાળો તો હાથી જેવો છે ને થોડી બુદ્ધિવાળો તો કીડી જેવો છે. ઈ અક્ષરધામને જોઈ શકતો હશે ને ઓલ્યાને અક્ષરધામ દેખાતું નથી. પોતાની ભૂલ દેખે ત્યાં અક્ષરધામ છે. પોતાનો અવગુણ સૂજે એને સર્વે મુદ્દો હાથ આવી ગયો છે. ને પોતાનો અવગુણ નથી સુજતો એને સર્વે મુદ્દો હાથમાંથી ગયો. **॥ ઈતિ શ્રી કિરણ ૫૫૩ ॥**

## ૫૫૪. સાક્ષાત્ જ્ઞાનનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ-૨ સોમવાર તા.૪-૯-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; સાક્ષાત્ જ્ઞાન થયા પછી સંકલ્પ શમી જાવા જોઈ. રાહનો અંત આવી જાવો જોઈ. જેવા પુરુષના ટચમાં આવે એવો થાય. મનોમય ચક્રની ધારા બુઠી થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે તપ, દાન, યજ્ઞ, પૂજા, ધ્યાન જે સુકૃત કરવું ઈ ન્યાં જ કરવું. કુંઠીત થઈ એટલે પ્રાપ્તિ થઈ ને પ્રાપ્તિ થઈ ન્યાં જ કુંઠીત થઈ. મોક્ષની ઈચ્છા ત્યાં જ કરવી. મન દઢ કરીને પણ ન્યાં જ રહેવું. પછી એની સંબંધી કરવું બાકી રહે છે પણ જગતનું કરવું પુરૂ થઈ ગયું. ચારવેદ, ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ એ સર્વેમાં એ જ વાર્તા છે કે ભગવાન અને સંત એજ કલ્યાણકારી છે. ઈ શાસ્ત્રે આશીર્વાદ આપ્યો. ગળથુંથીમાંથી સત્સંગ છે. ઈ બહુ જબરી વાત છે. એને દાખડો કરવો ન પડે. મુમુક્ષુ હોય ને દૂર દેશ જન્મ આવે તોય શું કામનું ! ચૌદ લાખ વખતે મનુષ્ય દેહ આવે છે. હૃદયપ્રકાશમાં ૧૨મા કડવામાં મનુષ્યની વિગત લખી છે. ચાર ખાણ બતાવી, ચાર ખાણના જન્મની રીત બતાવી. એક એક ખાણમાં એકવીસ

લાખવાર જન્મે છે. પણ આ મનુષ્ય જન્મનો નિર્ણય કોઈએ ન કર્યો. જેટલા સંકલ્પ થાય છે એટલા જન્મ થાય છે. એનો નિર્ણય કોઈએ ન કર્યો. આટલા જન્મ થાય છે. એમાં કયાંય ભાઠે ભરાય જાય. હલકા લાગે ને બાંટવામાં ભરાય જાય એવું આ જગત છે. આ જગતમાં સલવાણો એમાંથી નીકળી શકે નહીં. સંકલ્પને ઓગાળવા શીખે. જ્યાં ભગવાન સંબંધી વાત થાતી હોય ત્યાં સંકલ્પ અટકે છે. મન ભગવાનના રૂપમાં મોહ પામે તો સંકલ્પ ઓગળી જાય. ભેળા રહેવાથી જ એકબીજાની ખબર પડે. ભેળા રહો એનું નામ એકાંત. ત્યાં સ્વભાવની ખબર પડી જાય. "રામાનુજાચાર્યે જીવમાયાના નિયંતા એને પરમેશ્વર કહ્યા છે. એમ વિશિષ્ટાદ્વૈત મત છે ને સ્વામિનારાયણે પાંચમાં નિયંતા ઈ પરમેશ્વર છે. જેને સ્વાર્થ છે ઈ સેવક ને બીન સ્વાર્થી હોય ઈ ગુરુ છે. એમ વિશિષ્ટાદ્વૈત મત છે." આના થકી મારા દોષ દેખાય છે પણ ઈ માણસ જેવા હોય એમાં માન્યતા થાય એટલે ઓલ્યો લોક હાથ આવી ગયો. આ લોક દુ:ખદાયક છે ને ઓલ્યો લોક સુખદાયક છે. આ સત્સંગનો કેફ ચડ્યો હોય ઈ ન ઉતરે તો ખરેખરો કહેવાય.

**"જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડી ઘડીએ."**

જેને મળવે કલ્યાણ માન્યું એને શું જોવા ? એમ કહે તો વેદાંતિ કહેવાય. આ વસ્તુ એવી છે કે એનો સ્વાદ આવે તો જીવ મૂકે એમ નથી. ભગવાનનો સ્વાદ શું છે ? પદાર્થ રહિત ભગવાનનું સુખ છે. ને જગતનું સુખ પદાર્થ સોતું છે. તે પદાર્થ આળસી જાય એટલે સુખ વયું જાય. ને ભગવાનનું સુખ તો પદાર્થ વિનાનું છે. દ્રૌપદીને પાંચ પતિ ને સતી કહેવાણા. ને અર્જુન દયાળુ કહેવાય. લોહીની નદી હાંકી છતાં દયાળુ કહેવાણા. એને પદાર્થ નથી. પદાર્થ વિનાનું સુખ છે. એનું કલ્યાણ કેવી રીતે થયું ? પાપ કર્યું છતાં પુણ્ય ગણી કાઢ્યું. આ પ્રત્યક્ષનું છે, ને પરોક્ષનું તો પદાર્થ હોય ત્યાં સુધી હોય. શુકદેવજી, હનુમાન, જડભરત, ઉદ્ધવ આ બધાય

પરોક્ષ છે. એવા આને માને તો મુદ્દો હાથમાંથી ગયો કે રહ્યો ? ઓલ્યાનું માંકડાનું મોઢું થયું પણ આનું કોઈનું થયું ? જેની સામું જોઈને વૃત્તિ પાછી વળી જાય ત્યાં કહ્યું છે. બીજે ફાંફા ન મારવા. આપણને કોની પાસે ગોઠે છે એનો તપાસ કરવો. દોષ દેખાણા ઈ નિર્દોષ થાવાનું લક્ષણ છે.

વચનામૃત લોયાનું ૬ઠ્ઠું કુત્સિત વાણીથી નિંદા કરે ઈ વાણીને અમૃતની પેઠે પાન કરે છે. એને ઈ વાણી સમજાય છે કે આ નિંદા કરે છે, એને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી. એમ સાંભળનારો કહે છે. આટલી વાત હાથ આવવી જોઈ. દોષ દેખાય છે છતાં નિર્દોષ છે. ને "સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે દોષ દેખાય છે ને એની હારે વેર છે તો ઈ દોષ થકી રહિત છે. દૂધમાં ઘી રહ્યું છે પણ સમજણ્ય ન હોય તો બંધ ન બેસે. ફૂલમાં સુગંધ રહી છે પણ સમજણ્ય ન હોય તો બંધ ન બેસે. તેમ પદાર્થમાં ભગવાન રહ્યા છે ઈ નોખા કાઢો તો થાય. કારિયાણીનું ૮મું વચનામૃત સમજો તો બંધ બેસે. સગુણપણું મોટામાં મોટું, મોટામાં મોટું લખ્યું. નિર્ગુણપણું સૂક્ષ્મ એનું કારણ, નિર્લેપ, પ્રકાશેયુક્ત, ઐશ્વર્યયુક્ત. આ છ લક્ષણ લખ્યા. નિર્ગુણ સ્વરૂપ છે એમાં સગુણપણું દેખાડી શકો તો સમજ્યા ગણાવ. વટપત્રશાયી ભગવાન, વડના પાત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા. તે સમે મોઢામાં બ્રહ્માંડ દીઠું. અર્જુનને મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું. ઈ નિર્ગુણ સ્વરૂપમાં સગુણ બતાવી દીધું. પણ એથી સુખ નથી. આવો નિશ્ચય થાય કે સગુણ મોટામાં મોટુ છે ને નિર્ગુણ સૂક્ષ્મમમાં સૂક્ષ્મ છે એમાં સગુણ આવી જાય તો થાય. સુખ દુઃખનો ભોક્તા જીવ છે. એમાં આવી જાય તો બંધ બેસે. વ્યતિરેકમાં અગોચર થયું ને ઓલ્યામાં ગોચર થયું. નિર્ગુણને સગુણ સ્વરૂપ સમજવામાં ગોથા ખાય. નિર્લેપ, અસંગી એમાં ભગવાનનું સ્વરૂપ શી રીતે સમજી શકો ? એમાં રહ્યો થકો ન બંધાય એવો નિર્લેપ છે. કારિ.ના ૮મા માં ભગવાનનું સગુણ નિર્ગુણપણું કહ્યું ને ગઢડા મધ્યના ૪૨માં અક્ષરનું સગુણ નિર્ગુણપણું છે. વાત પૂછી છે

ભગવાનની ને ઉત્તર કર્યો એમાં અક્ષરનું આવે છે. આ શરીરની અંદર નિર્ગુણ સગુણપણું લેવું હોય તો સુખ દુઃખનો ભોક્તા જીવ ઈ સગુણપણું ને સુખદુઃખ થકી રહિત ઈ નિર્ગુણપણું છે. આ રીતે આ શરીરમાં છે. મુંબઈ છે ઈ સગુણમાંય ગણાય ને નિર્ગુણમાંય ગણાય પણ પટ્ટીમાં હોય તો. અક્ષરધામમાં છે ઈ આંયા નિર્ગુણમાં દેખાય તો ઓલ્યાની અપેક્ષા ન રહે. સગુણ નિર્ગુણ ભેદ સમજાય ગયા પછી એને કાળ, કર્મ, માયા બંધન ન કરી શકે. આ જ્ઞાનનું લક્ષણ આવ્યું. પદાર્થ આગળ વેર કરે ઈ વૈરાગ છે ને પદાર્થ સાથે વેર ન કરે ઈ જ્ઞાનનું લક્ષણ છે. ઉપશમ દશા છે ઈ જ્ઞાનીનુ પ્રાયશ્ચિત છે.

ગઢડા મધ્યનું ૨૯મું વચનામૃત. માર્ગે ચાલીને થાકી ગયો હોય ને કથા-વાર્તા થાય તો દુઃખ મટી જાય. રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય તેવા સમામાં કથાવાર્તા કરે તો રોગનું દુઃખ મટી જાય. ગમે તેવી રાજ સમૃદ્ધિ પામીને અવરાય ગયો હોય પણ ભગવાનની વાત સાંભળે તો સુખિયો થઈ જાય. ગમે એવું અપમાન થયું હોય પણ ભગવાનની વાત સાંભળે તો જાણે અપમાન થયું જ નથી એવો થઈ જાય. આ ચાર પ્રકારની ઉપશમ બતાવી છે. આપણને એટલું તો થાય છે કે કોઈ હેતવાળો આવે તો રોગનું દુઃખ ઓછું થઈ જાય. નિર્ગુણમાં સગુણરૂપ નિર્માણ કરી શકો ઈ નિર્ગુણ ને સગુણ વાત સમજી શકો. ઓલ્યું મોટા થકી મોટું છે ને ઓલ્યું સૂક્ષ્મ થકી સૂક્ષ્મ છે. બેય ઉત્તર દક્ષિણ છે ઈ કેમ ભેળા થાય ?

**"દિવ્યરૂ માનુષ્ય એકરૂપ કરીકે દંઢ ચિના,**
**અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવિના."**

બેય સ્વરૂપને લખી શકો તો બંધ બેસે. સગુણ સ્વરૂપ લખવામાં ન આવે, પામવામાં ન આવે, જાણવામાં ન આવે, એને 'અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવિના.' એવું છે. માયા કેવી છે ? દેહનું શબ્દ ઉચ્ચારે મુનિ રિદ્ધિ સિદ્ધિવાળો હોય પણ એની આશા કરે.

**"ઉરમેં બેઠી અજા, કરત ઉદ્વેગ અનેકા"**

કામ, ક્રોધ મદ લોભ એને મિથ્યા કોણ કહી શકે ! મિથ્યા કહી શકે ઈ અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવિના. **॥ ઈતિ શ્રી કિરણ ૫૫૪ ॥**

## ૫૫૫. મોક્ષકાળનું અને સૃષ્ટિકાળનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ-૩ ને મંગળવાર તા. ૫-૯-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; છેલ્લા દિવસ સુધી માણસની એક સ્થિતિ રહેવી બહુ કઠણ છે. એક ટેક રહેવી બહુ કઠણ છે. એક ઠેરાવ રહેવો બહુ કઠણ છે. એક નિ'મ રહેવું બહુ કઠણ છે. બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરે ઈ ભક્તિને જ માની છે. બ્રહ્મરૂપ કેમ કહ્યા છે ? રાગરૂપ રજોગુણ ન હોય, સત્ત્વગુણની સંપત્તિ ન હોય, તમોગુણની સંપત્તિ ન હોય ત્યારે શૂન્ય સમતા ઘટી રહે છે. એવા સમમાં પ્રીતિ છે કે નથી ? "સાધુમાં ભગવાન ઠેરાવો ઈ તો ગુણીયલ છે. ગુણ દેખો ત્યાં સુધી જ માનશો ને અવગુણ દેખાય તો નહીં માનો. અવગુણ દેખાય તોય માનો તો જ ભગવાન માન્યા ગણાય. બ્રહ્મરૂપ થઈને પ્રીતિ કરવી એ જ મોક્ષનું સાધન છે. એક ભગવાન જ રહે તો બે ચરણારવિંદ થાય. ને સાધુમાં ભગવાન છે એમ કહીએ તો ચાર ચરણારવિંદ થાય. અક્ષરધામમાં એક હવેલી કરી લેવી. અક્ષરધામની રીત પણ જુદી છે. ધર્મની કહેવાય, વૈરાગ્યની કહેવાય, જ્ઞાનની કહેવાય, આત્મનિષ્ઠાની કહેવાય. એમ અનેક પ્રકારની હવેલીયું છે. ઐશ્વર્યની સુખની પણ કહેવાય. જેવું આંયા છે એવું ત્યાં છે ને ત્યાં છે એવું આંયા છે."

પછી ગઢડા પ્રથમનું ૩૭મું વચનામૃત વંચાવ્યું. પછી વાત કરી જે; જેવો તેવો ભક્ત પણ અમને ગમે છે. ઈ ભક્તને તો અવતાર કરતા પણ અધિક કહ્યો છે. ઈ ભક્ત કેવો ડાયો છે કે પ્રત્યક્ષ ભગવાનને પ્રતાપે કરીને

કલ્યાણને ઈચ્છે છે, માટે ઈ બહુ મોટો છે. એના દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. બીજા અવતાર છે ઈ ધર્મ ન આપી શકે, જ્ઞાન ન આપી શકે, વૈરાગ્ય ન આપી શકે, આત્મનિષ્ઠા ન આપી શકે. ને આ ભક્ત તો સાધનને બળે કલ્યાણને નથી ઈચ્છતો. પણ પ્રત્યક્ષ ભગવાનને પ્રતાપે કલ્યાણને ઈચ્છે છે.

સર્વ કારણના પણ કારણ. દેહનું કારણ જીવ, જીવનું કારણ કોણ ? અક્ષરાતીત પુરુષોત્તમ વાસુદેવ છે ઈ મહામાયાને વિષે વીર્યને ધારણ કરે છે. તે તે પુરુષના પુત્ર કહેવાય છે. કોનો પુત્ર કહેવાય ? મહાપુરુષરૂપે મહામાયાને વિષે વીર્યને ધારે છે. તે પુરુષ અક્ષરાત્મક છે. પ્રધાન પુરુષને કહે છે. અનંત છે ઈ પુરુષ છે ને એક કહો તો પુરુષોત્તમ કહેવાય. અનંત બ્રહ્માંડ છે. એમાં એક ને કહીએ છીએ. એને પુરુષોત્તમ કહેવાય છે. અનંત કહે તો પુરુષ કહેવાય છે. ચતુર્વ્યૂહની વાતને સમજવી જોઈ. કોઈ ઠેકાણે સગુણ કહે છે ને કોઈ ઠેકાણે એને જ નિર્ગુણ કહે છે. અનિરૂદ્ધ, સંકર્ષણ, પ્રદ્યુમ્નને કહે ત્યારે સગુણ કહે છે. નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રીકૃષ્ણનારાયણને નિર્ગુણ કરીને કહે છે. આ કપિલગીતાની કથા છે ને બહુ જીણી વાત છે. ઉત્પત્તિકાળમાં રહીને વાત કરો છો કે ઉત્પતિકાળથી બારા રહીને વાત કરો છો ? જો ઉત્પત્તિકાળમાં રહીને વાત કરો તો અનિરૂદ્ધાદિક કહે ને ઉત્પત્તિકાળથી બારા થાય તો વાસુદેવનારાયણાદિકને કહે છે. સર્વકારણના કારણ અક્ષરાતીત પુરુષોત્તમ વાસુદેવ મહામાયાને વિષે મહાપુરુષ રૂપે વીર્યને ધારે છે, એને અક્ષરાત્મક કહે છે. પ્રધાનપુરુષ તુલ્ય કહે છે. વાસુદેવ ભગવાન આવીને વિરાજમાન હોય તો વૈરાટ થકી જેટલી મોટાઈ કહો તેટલી સંભવે. વૈરાટ થકી સૃષ્ટિ થઈ એને બ્રહ્મ કહે છે, ઈશ્વર કહે છે. સર્વકારણના પણ કારણ અક્ષરાતીત પુરુષોત્તમ રૂપે વીર્યને ધારણ કરે છે એને અક્ષરાત્મક કહે છે. વૈરાટનો દિવસ ઈ નિમિત્ત પ્રલય કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૫૫ ॥**

## ૫૫૯. સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ-૮ રવિવાર તા.૧૦-૯-૧૯૭૮ ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં આસન પર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ગમે એવા રમણીય પંચવિષય ઈંદ્રિયુને ગોચર થયા હોય તોપણ પાછા ન સાંભરે કે સ્વપ્નમાં ન આવે તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. મહારાજે સાધુને ભેળા રાખીને સાધુતા જ શીખવી છે. લોયામાં સાધુને ભેળા રાખ્યા ત્યાં સાધુતા શીખવી. ભગવદાનંદસ્વામી આદિક સાધુની નજર રાખજો. એમ મહારાજે કહ્યું કારણ કે સાધુ આગળ ઉપર આગળ આવે એવા હોય. નિર્ગુણાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, અદ્ભૂતાનંદસ્વામી, જીજ્ઞાસાનંદસ્વામી, વિરક્તાનંદસ્વામી ઈ બધાય કેવડા જબરા થઈ ગયા ! તે ઉપર અદ્ભૂતાનંદસ્વામીની વાત વિસ્તારથી કરી. અખંડાનંદસ્વામી કેવા ? એને અખંડ આનંદ હતો. ચાર સાવજ આવ્યા તોપણ ડર્યા નહીં. એવી અલૌકિક સ્થિતિ હતી. વિચાર તો કરો કેવા નામ પાડ્યા છે ! નામ લ્યો તોય અલૌકિક થઈ જવાય. અલૌકિક વસ્તુ આપણાથી આઘી જવાની નથી. આપણે અલૌકિક છીએ એટલે અલૌકિક વસ્તુ જ હાથમાં આવે. આપણે આ લોકના નથી. કોઈ લોકાતંરમાંથી આવ્યા હશું. શ્વેતદ્વિપ અને એની આની કોર કોઈ પુગે એમ નથી.

**'જનના અવગુણને નાથ ગણતા નથી, શરણે આવ્યાના શ્યામ છો રે'**

જેનું કોઈ નહીં એના ભગવાન છે. એવા દયાળુ છે. ધનનો પ્રસંગ, મોટા શહેરનું સેવન અને સ્ત્રી એ ત્રણ જીવને બગડવાના હેતુ છે. આ પૃથ્વી ઉપર અલૌકિક સ્થિતિ વાપરી ગયા છે, ઈ સ્થિતિ આપણા ભાગમાં આવી ગઈ. મોરે તો મારતા, એવા દુઃખ હતા. ટાઢ સહન કરવી પડતી, તડકો સહન કરવો પડતો. અને અત્યારે તો સર્વ રીતે સાનુકુળ છે. મહારાજે લખ્યું કે પોતાની સ્ત્રી આગળ સાચી વાત ન કરવી. એટલે પોતાનો પોષ્યવર્ગ

હોય એની હારે પ્રયોજન પુરતું જ બેસવું. તો તમારો ભાર રહે; તો તમારી કિંમત રહે. સ્ત્રી સંગાથે, રાજા સંગાથે ને રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો નહીંતર જરૂર ઝેર દ્યે. ત્યાં વાતને સમજી રાખવી. કેટલાક તો શિક્ષાપત્રીમાં ગૂઢ શબ્દો છે.

જ્યારે જ્યારે આ જીવને ભરતખંડને વિષે મનુષ્ય દેહ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન અને ભગવાનના સંત આ પૃથ્વી ઉપર જરૂર વિચરતા હોય. પ્રત્યક્ષ ભગવાનની સેવા કરતો હોય ને ઉપાસના કરતો હોય તોપણ પોતાને પરિપૂર્ણ ન માને, તો એના મુખ થકી ભગવાનની વાત પણ ન સાંભળવી. આપણું ખોટું ને બીજા બધાયનું સાચું એમ થાય તો બંધ બેસે. એક પાસે બેસીએ તો આપણી ખામી દેખાય ને એક પાસે બેસીએ તો ખામી ન દેખાય. ખામી દેખાય ઈ સવિકલ્પ નિશ્ચયવાળો છે. મનુષ્ય બરોબર કામાદિક દોષમાં પ્રવર્તે તો કનિષ્ઠ સવિકલ્પ કહેવાય ને મનુષ્યથી બમણા કામાદિકમાં પ્રવર્તે તો પણ સંશય ન થાય તો મધ્યમ સવિકલ્પ કહેવાય અને ગમે એવા વ્યભિચાર ને હિંસામાં પ્રવર્તે તો પણ સંશય ન થાય તો ઉત્તમ સવિકલ્પ કહેવાય. એમ આપણી ખામી દેખાય ત્યાં સારૂ છે. મનુષ્યથી બમણા કામાદિકમાં પ્રવર્તે ઈ મધ્યમ સવિકલ્પ કહેવાય. દોષ દેખાય છે ઈ મધ્યમ ભેદમાં છે. પોતાની ભૂલ દેખાણી, સામી વસ્તુમાં બમણા કામાદિક છે તો પણ ન દેખાય તો મધ્યમ સવિકલ્પ છે. ભૂલ છે પણ સવિકલ્પ નિશ્ચયમાં નિર્દોષ કહી દીધા. તો પછી નિર્વિકલ્પ નિશ્ચય કેમ કહી શકાય ? મોટા કહે એમ કરે, સેવા કરે, ભેળો રહે તો પણ મોટાના ગુણ ન આવે. મોટાની સેવા તો મોટા સરખો થાય, એને નિર્દોષ સમજે ને કોઈ પ્રકારે અંતરાય ન રાખે ને નિષ્કપટ વરતે તો મોટાના ગુણ આવે. સવિકલ્પમાં આટલો બધો આવી ગયો. સવિકલ્પ નિશ્ચયવાળા પાસે ગયો તોય પોતાની ભૂલ દેખાણી. ભગવાનમાં દોષ દેખે છે તો ભજનારામાં તો દોષ હોય. નિર્વિકલ્પની તો વાત જ જુદી છે. ઈ તો

નિર્દોષ જ હોય, નિષ્કપટ જ હોય. એક પાસે બેઠા ને આપણી ભૂલ દેખાણી ઈ સવિકલ્પ નિશ્ચયવાળો મધ્યમ છે. વળી સ્થૂળભાવે યુક્ત છે. ખોટ દેખાણી એટલે ટળી ગઈ, તો વગર સાધને અક્ષરધામમાં જવાય છે. તો અવતારનો ભગત કહેવાણો પણ અવતારીનો તો ન જ કહેવાણો. અવતારની બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દશ મૂર્તિઓ છે ને અવતારી તો મોક્ષદાતા છે. ઉત્પતિકાળથી ન્યારા છે. અક્ષરધામમાં મહારાજ બિરાજે છે તેણે અક્ષર સામું જોયું. ઈ સભા કેવડી છે ? મનને વેગે કલ્પ પર્યંત ચાલો તો પણ સભાનો અંત ન આવે એટલા ઠસોઠસ મુક્તો બેઠા છે. એમાંથી એક મુક્ત ઉઠ્યો. એણે માયા સામું જોયું, ત્યારે જગતનો સર્ગ થયો, ઈ ઉત્પત્તિકાળમાં છે. ઈ ભક્ત નથી ઈથી ન્યારો છે. એમાં બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ભગવાનની દશ મૂર્તિઓ છે. ચાર નિર્ગુણ ને છ સગુણ છે. અનિરૂદ્ધ, સંકર્ષણ અને પ્રદ્યુમ્ન. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ. એવી મોક્ષદાતા ન્યારા છે. વિરક્ત છે. છે એમાંજ પણ એથી ન્યારા છે. અન્વય વ્યતિરેકપણું, અન્વય વ્યાપક છે. જીવથી લ્યો તો દેહમાં અન્વયપણે છે. આખા શરીરમાં છે. સુખદુઃખનો ભોક્તા છે. સુખદુઃખનો ભોક્તા ન હોય તો વ્યતિરેક ગણાય. પોતાને વિષે માન્યતા ન આવે તો વ્યતિરેક કહેવાય. સવિકલ્પ નિશ્ચયમાં છે. એના દોષ ટળ્યા નથી. દોષ ટળ્યા વિનાનું અક્ષરધામ છે.

પછી સ્વામીએ વાત કરી જે; કામીમાં કામીની રીતે રહ્યા હોય, ક્રોધીમાં ક્રોધીની રીતે રહ્યા હોય, ધર્મીમાં ધર્મીની રીતે રહ્યા હોય, એમ સાકારપણું છે. આસુરી તે આસુરી જ રહે ને દૈવી હોય તે દૈવી જ રહે. મળતી પાણ્ય એનું નામ દેશકાળ. સૌ સાંભળે ને વાત કરે ને સમજવા ન દ્યે એનું નામ સિદ્ધાંત. ને ગમે એવો હોય ઈ સાંભળીને હા જ પાડે એનું નામ રહસ્ય. પંચમ સ્કંધનું રહસ્ય કહ્યું માહાત્મ્ય. ખંડ ખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિ મર્યાદામાં રહી છે. તો આપણાથી મર્યાદા કેમ લોપાય ? મોટા આજ્ઞા લોપે તો પોતાની સ્થિતિ થકી પડી જાય. સાધારણ આજ્ઞા લોપે તો દંડ

થાય. દશમનું રહસ્ય તો એમ છે કે; જેને નિર્ગુણ, નિરાકાર, તેજોમય કહ્યા છે, ઈ આ વસુદેવના પુત્ર વાસુદેવને લઈને જ કહ્યા છે. એ દશમનું રહસ્ય કહ્યું છે. આના ભેળા કેટલા વરસ થયા રહીએ છીએ, પણ આનો અંત આવતો નથી. એમ ન હોય પણ સરળ સ્વભાવવાળો હોય, કપટી ન હોય ઈ સરળ સ્વભાવવાળો કહેવાય. જેવો બહાર હોય એવો અંદર હોય ને અંદર હોય એવો બહાર હોય. આપણે આ લોકમાં છીએ ને દુઃખિયા છીએ તોય અક્ષરધામમાં જાવું છે ને ઓલ્યા સુખિયા છે તોય જમપુરીમાં જશે.મ્

**'આંચા રેવાની વાત જુઠીજી,**

**નાના ને મોટા નજરે નીહાળ્યા ગયા આપણા ગોઠીજી.'**

આ લોકમાં ટકવાની વાત ખોટી છે. જીવવાની વાત ખોટી છે. મરવાની વાત સાચી છે.

પછી તે જ દિવસે સાંજે ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી માણાવદરવાળા રામજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે; પંચવિષયમાં સુખ છે એની પાછળ દુઃખ કેટલું છે ? ને ભગવાનનું સુખ છે એને કાંઈ જોતું નથી એને દુઃખ કયાંથી હોય ! જોઈ છે એના સમોવડિયા ઝાઝા છે. માટે સુખ છે એ નક્કી કરો. સારા ને નરસા સરખા થઈ જાય અથવા ઉતરતાથી ઉતરતા થઈ જાય ઈ કયા વિચારથી થાય ? ધર્મે સહિત કિંચિત્ ભગવાનનો સંબંધ એવો વિચાર બતાવ્યો. બ્રહ્માદિક દેવ ઈશ્વરકોટિ છે. એને ભગવાને આવા બ્રહ્માંડ રચી આપ્યા તો ભગવાનને ઘરે કેવું સુખ હશે ! બ્રહ્માદિક દેવ ઠીકરું લઈને માગી ખાય એવા છે. ભુંડાથી પણ ભુંડુ થઈ જાય એવું કયું સુખ છે ? બધાયના સુખ, દુઃખ, રૂપ, બળ, તાકાત બધાયની પ્રાપ્તિ, સુખદુઃખ જોયા પછી પોતાનું સુખ બતાવ્યું. અમે સ્વાભાવિક રીતે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ ને જો આ સારપ્ય મનાય જાય તો તત્કાળ મન ઉદાસ થઈ

જાય ને એમ થાય કે ઓહોહો !! આ સુખ મેલીને ઓ સુખને ક્યારે પામીએ. તે ઉપર પંચાળામાં પરણવાનું વેન લીધુ તેની વાત વિસ્તારથી કરી. આ સુખમાં શું સુખ હશે ? મહારાજ ઉદાસ થઈ જાય ને એમ કહે કે; કોણ મુક્તાનંદ ને કોણ બ્રહ્માનંદ ? એમ પણ કહે. માટે આવા વિચારથી ઉતરતાથી ઉતરતા થઈ જાય. અપમાનમાં સુખી થાવું જોઈ. સન્માનમાં દુ:ખી થવું જોઈ. ધર્મે સહિત કિંચિત્ ભગવાનનો સંબંધ એનાથી ભગવાનને અંતર્યામી સમજે. સુખની પાછળ દુ:ખ છે એમાં દુ:ખ મનાય તો સુખમાં માલ ન મનાય. જેમાં સુખ મનાય એ વસ્તુનો ત્યાગ કરવો બહુ કઠણ છે. આ દેહમાં સુખનો ત્યાગ થાય તો પરલોકનું સુખ હાથ આવે. અગમ છે ઈ સુખ સુગમ થાય જો દેહનું સુખ ક્ષણિક થાય, અભાવ થાય તો. દેહમાં નવેય દ્વારે નરક જરે છે, એમાં શું માલ છે ? એમાં આસક્તિ છે ઈ જ મોટી ભૂલ કોઈને જડે એમ નથી. ભગવાનનું નામ લ્યો તો ભગવાનને અને આપણને સાવ નજીક થઈ જાય. જો છેટું રહે તો આપણા ક્રિયમાણ નડતા હોય, કાં પૂર્વનું પાપ નડતું હોય, કાં કોઈકને વિષે આપણો સંગ હોય તો છેટું રહે. જગતનું સુખ એઠવાડિયાના હાંડલા જેવું છે. ખાય ઈ પણ પસ્તાય ને ન ખાય ઈ પણ પસ્તાય, એવું આ જગતનું સુખ છે. એનો બંગલો પણ એનો ન થાય તો સાધુ સત્સંગી એના ક્યાંથી થાય ? મનનો અભિપ્રાય શું ? ગમે એટલી મોટાઈની વાતુ કરે, સુખની વાતુ કરે એને સારી ન લાગે. ઈ મનનો અભિપ્રાય કહેવાય. સત્સંગની મોટપ્ય જણાય, સત્સંગનું સુખ જણાય તો પાટો ગોઠી ગયો ગણાય. આ સત્સંગની કિંમત થાવી ને એનો મહિમા સમજવો ઈ કઠણ છે. અમારા નાના સાધુએ સાંઠ વરસના બાપાને ચા છોડાવી દીધો. પંચવિષયને ભોગવતો હોય ઈ ટાણે પંચવિષયને મેલાવો ઈ કેમ મેલે ? અક્ષરધામનો મુક્ત હોય તોય ન મેલે. લપટણા હોય ઈ આપણું શું શ્રેય કરે ? માણસ માત્રને ઓળખવા હોય તો બેઠકે ઓળખાય. દારૂખાનામાંથી બારો નીકળ્યો ને દારૂ નથી પીતો ઈ કેમ બંધ બેસે !

વિષયના યારી હોય એને ઓળખી કાઢવા કે આ વિષયના યારી છે. ચટકી લાગે એને વૈરાગ ઉત્પન્ન થાય. ચટકી ન લાગે એને વૈરાગ થાય નહીં. ભગવાનના ભક્તને બંસી વાગે ને બેઠા રહે ? ન બેઠા રહે. શૂરવીર હોય ઈ રણશીંગુ વાગે ત્યારે બેઠો ન રહે. તે ઉપર મુળજી અને કૃષ્ણજીની વાત કરી. એમ શૂરવીર થયા વિના કામ ન થાય. શૂરવીર છે ઈ મેદાનમાં આવે. દેહના સુખને ઈચ્છે તો ખૂણે ખચકે રહ્યો કહેવાય. ત્યાગી એટલે સુખનો ત્યાગ કરે ઈ ત્યાગી. સ્વભાવ છે ઈ ચોમાસામાં ખડીયા થાય એના જેવો છે. એનું ઔષધ એક જ છે કે; કહેનારા ઉપર સાંભળનારાને હેત હોય, દુઃખ ન લગાડે એનો સ્વભાવ ટળે પણ ગાફલ ગુરુ ગોતી કાઢે એના સ્વભાવ ન ટળે. પ્રથમનું ૬૩મું વચનામૃત ત્રણ લક્ષણમાં વચલું લક્ષણ, પોતામાં કાંઈક અજોગ સ્વભાવ હોય ઈ કરોડ ઉપાય કરે તોય ન ટળે પણ ભગવાનની અને ભક્તની મરજી જાણે તો સ્વભાવ ટળી જાય, ઈ તો આપણા અંતર્યામી છે. પણ આપણે એના અંતર્યામી થાઈ તો સ્વભાવ ટળે. એને આપણો સ્વભાવ ગમતો નથી એમ ખબર પડી જાવી જોઈ. આપણે એના અંતર્યામી થાય કે આ વાત આપણા ગુરુને ગમતી નથી, એમ જાણે તો સ્વભાવ ટળી જાય. સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે કહો તો વાંધો ન આવે, પણ રજોગુણ, તમોગુણ હોય ત્યારે ન કહેવાય. જીવ અનાદિ છે; ઈશ્વર અનાદિ છે, બ્રહ્મ અનાદિ છે. પરબ્રહ્મ અનાદિ છે. છતાં જીવ કેમ સ્વભાવથી રહિત થાતો નથી ? એટલે લૌકિકની સાથે બેસવું, ઉઠવું, જાવું, આવવું સારૂં લાગે છે પણ બ્રહ્મની સાથે ગમતું નથી. જો બ્રહ્મનો સ્વભાવ ગમે તો બ્રહ્મ થાય. એકાંતિક ધર્મ કાયમ છે. માટે ઈ ધર્મનું સ્થાપન નથી કરવું પડતું. તો ધર્મની ગ્લાની થાય ઈ ક્યો ધર્મ છે ? એકાંતિકના સંબંધવાળો ધર્મ છે. એકાંતિકની ક્રિયા ગમતી હોય ઈ સંબંધવાળો ગણાય. એની ક્રિયા સારી લાગે એવો અમારા જીવનો ઢાળો છે. જીવમાં એનો સ્વભાવ સારો લાગે છે. એને અર્થે અમે લાખુ માણસના

ભીડામાં રહીએ છીએ તોય વનમાં રહેવાય એવું નિર્લેપ, નિર્બંધ રહેવાય છે એટલો બધો ફેર કહ્યો. એની ક્રિયા ગમી,સ્વભાવ ગમ્યા ઈ જબરી વાત છે. ગાતા આવડતું નથી પણ બીજા ગાય છે ઈ સારૂં લાગે છે. એ જીવનો ઢાળો છે. સ્વભાવ મેલવો ઈ જબરામાં જબરી વાત છે. એક જીવને તમે સ્વભાવ મેલાવો એટલે સ્વામિનારાયણના તમારા ઉપર બેય હાથ છે. સ્વામિનારાયણને એ જ કામ કરાવવું છે. તે સારૂ થઈને ઈ શહેરમાં વસ્યા, વસ્તીમાં વસ્યા. દાદાખાચરના ખુંટીયા નાથ્યા. એના પાળા બાંધ્યા. ખેતી કરી એવું એને ગમે છે. નહીંતર તો ત્રણસો ગામના રાજમાં પણ ન બંધાણા એવા છે. પણ દાદાખાચર ભેળા રહ્યા. એને પરણાવવા ગયા. દાદાખાચરને વર આપ્યો. એના અપરાધ ન જોવા ઈ વરદાન આપ્યું. મહિમા બહુ સમજાણો ઈ જ દોષ જીતવામાં અંતરાયરૂપ છે. જીવમાંથી પંચવિષયનું પ્રમાણ થઈ જાવું જોઈ. **॥ ઈતિ શ્રી કિરણ ૫૫૬ ॥**

## ૫૫૭. ભગવાનના સ્વરૂપનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ-૧૦ મંગળવાર તા.૧૨-૯-૧૯૭૮ને દિવસ ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં વિરાજમાન હતા ને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સાક્ષાત્ સવિતાનું ૨૦૫મું કિરણ વંચાયુ તે ઉપર સ્વામીએ વાત કરી જે;

**"એવો નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે."**

માન હોય પણ ભગવાનનું અને ભગવાનના ભક્તનું હોય પણ દેહ અને દેહના સંબંધીનું ન હોય. દેહ થકી તો નિઃસ્પૃહ હોય. માટે માન કોને કહેવાય ? આત્મનિષ્ઠા કોને કહેવાય ? તપ કોને કહેવાય ? ભગવાન મુખ્ય હોય તો માન અખંડ રહે. માયાને નાબુદ નથી કરવી. નામઠામ ને ઠેકાણું ન રહેવા દ્યે તો માયા અખંડ ન રહે. માગતા તો પ્રહલાદને આવડયું.

ભગવાને માગવાનું કહ્યું તો તેણે કહ્યું કે આપે ઈ ભગવાન નહીં ને માગે ઈ ભક્ત નહીં. માટે નિષ્કામ ભક્ત તો એક પ્રહલાદ, બીજો આગળ ઉપર કોઈ થયો જ નથી. કથામાં જોલું ન આવે તો બરાબર. જ્યાં વિરામ નથી પામવું ન્યાં વિરામ પામી જાય છે. જ્યાં મન પાછું ન વાળવું હોય ન્યાં મન પાછુ વાળે છે. ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ ત્યારે સાધન માત્રની સમાપ્તિ થઈ ગઈ. જગતના સંકલ્પની સમાપ્તિ થઈ ગઈ પણ ભગવાનના સાધનની સમાપ્તિ ન થાય તો જ માયા અખંડ રહે. શુદ્ધ સંપ્રદાય અને અશુદ્ધ સંપ્રદાય. શુદ્ધ સંપ્રદાયને સેવે તો બ્રહ્મરૂપ થાય તો જ ભક્તિ કરે. ને અશુદ્ધ સંપ્રદાય હોય તો બ્રહ્મરૂપ થયા પછી ભક્તિ ન કરે. બાપ થયો તોય છોકરાના દોરડા તાણવા તો રહે જ. માયાની નિવૃત્તિ થઈ પણ પરલોકના સુખની નિવૃત્તિ કયાં રહી? નહીંતર આ લોકના સુખમાં વિરામ પામે એમ પરલોકના સુખમાં પણ વિરામ પામે. વૈરાગ્ય હોય તો જ આ લોકના સુખમાં વિરામ પામે. એટલે પરલોકના સુખમાં વિરામ પમાય. વૈરાગ્ય ન હોય પણ ભગવાન તો રાખ્યા હોય એટલે ભગવાનની પેઠે પૂજાતા હોય. નિર્ગુણદાસસ્વામી ભગવાનની પેઠે પુજાણા. બાળમુકુંદદાસસ્વામી નો’તા પૂજાણા એટલા નિર્ગુણદાસસ્વામી પૂજાણા. ત્યાગ ન હોય તોપણ ભગવાનની પેઠે પૂજાય. એક માણસ બેઠો હોય એવી વાત કરે ને લાખ માણસ બેઠા હોય તોપણ એવી વાત કરે. એવા નિર્ગુણદાસસ્વામી હતા. જેતપુરમાં રહેતા પણ જુનાગઢમાં આવીને ધામમાં ગયા. પછી બાળમુકુંદદાસસ્વામીના મહિમાની વાત કરી. એક શુદ્ધ સંપ્રદાય સેવ્યો હોય અને એક અશુદ્ધ સંપ્રદાય સેવ્યો હોય માયા અખંડ રાખે તો જ શુદ્ધ સંપ્રદાય કહેવાય. બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવી. પણ વૈરાગ્યવાળાને તો કાંઈ જરૂર નથી એમ માને તો અસત્ પુરુષનું લક્ષણ છે. દેહભાવ હોય ત્યાં સુધી જ ભક્તિ કરવી એ અસત્ પુરુષનું લક્ષણ છે. ઉપાસના તો કેનું નામ કહેવાય ? આશરો છે, ખપ છે, સુખની આશા છે ઈ ઉપાસના છે

ભગવાનનું સુખ મળ્યું નથી પણ સુખની આશા છે ઈ ઉપાસના છે. ધામમાં ગયા નથી પણ ધામમાં જવાની આશા છે ઈ ઉપાસના છે. પ્રાણ અપાન વાયુંનું મૂળિયું શિશુમાર ચક્ર છે. વિશ્વનું અભિમાન એટલે સ્થુળ દેહનું અભિમાન. કોઈ સ્મશાન જગાવે, કોઈ નાગા ફીરે, કોઈ થાવાનું હોય ઈ પણ કહી ઘે. એવી સિદ્ધિવાળો હોય તોય પણ માયાનો દાસ છે, એમ માયા પંચકમાં કહ્યું છે. પોતાના દોષ સુજે ઈ પાછી વૃત્તિ વાળી કહેવાય. એકની સામું જોઈએ તો દોષ સુજે ને એકની સામું જોઈ તો દોષ ન સુજે. સવિકલ્પ નિશ્ચયવાળો છે ને સ્થુળદેહના અભિમાનવાળો છે. એની સામું જોઈને દોષ સુજે. દોષ સુજ્યા એટલે દોષ ટળી ગયા એમ માનવું. ભગવાનનું સ્વરૂપ એમ ઓળખાય. આમ અવતારની ઉપાસના થઈ. હવે અવતારીની ઉપાસના કહીએ છીએ. સાત્વિક પુરુષને સેવ્યા હોય, વાસના કુંઠીત થઈ ગઈ હોય, કામાદિકથી રહિત થયા હોય, ઈ અવતારીનો ભક્ત કહેવાય. આની વાસના નિર્મૂળ કહેવાય ને દોષ દેખાણા ઈ વાસનાવાળો છે. એને સવિકલ્પ ભગવાનની ઉપાસના છે. ને આ નિર્વિકલ્પ ભગવાનની ઉપાસનાવાળો છે. એ બેયમાં ત્રણ ત્રણ ભેદ છે. તે લોયાના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે. આત્મનિષ્ઠાવાળાને નિર્વિકલ્પના પેલા પગામાં કહ્યો. બીજા પગામાં શ્વેતદ્વિપવાળાને કહ્યા છે ને ત્રીજા પગામાં અક્ષરરૂપને કહ્યા છે. નિર્વિકલ્પમાં ઉત્તમ કહ્યા છે ને સવિકલ્પમાં મનુષ્યની બરોબર દોષ હોય ને મનુષ્યથી બમણા કામાદિકમાં પ્રવર્તે તો પણ માને, પૂજે ને ત્રીજો ભેદ ગમે એવું વટલવું, દારૂ, માંસ, વ્યભિચાર એમાં પ્રવર્તે તોપણ ભગવાનને માને, એના થકી દોષ દેખાણા છતાં ઈ નિર્દોષ છે. કારણ કે ભગવાનને દોષથી રહિત દેખ્યા એટલે ઈ નિર્દોષ છે. કુતરા જેવો કામી હોય તોપણ નિર્દોષ સમજે એટલે નિર્દોષ થઈ જાય. આ ભક્ત ભેળા આપણે કરોડ્યું જન્મ થયા છીએ પણ નહીં સમજ્યા હોય એટલે પાછું આવવું પડ્યું. બાળમુકુંદદાસસ્વામી કહેતા કે અમારો એક પણ સંકલ્પ ખોટો થયો નથી

ને પોતે એમ કહેતા કે આ ધર્મશાળાના બધાય લાકડા આ મારે ખભે ચડયા છે. સાધુએ ભમ્ર ટાળ્યો ત્યાં પાછી ભ્રમણા ન આવે ઈ સાધુનું તેજ છે.માયિક પદાર્થનું જાણપણું ઈ જીવનું જાણપણું છે. માયિક પદાર્થની કિંમત કરે પણ અમાયિક પદાર્થની કિંમત ન કરી શકે. મધ્યનું ૧૪મું વચનામૃત. તદાત્મકપણું એટલે સાક્ષાત્કાર ભગવાનનું દર્શન એનું નામ. તદાત્મકપણું કેવી રીતે થાય છે ? જેવું અમે કાલે ભગવાનનું સ્વરૂપ કહ્યું એમાં સંશય ન થાય ઈ તદાત્મકપણું થયું હોય એના સંગથી એવું થાય છે. ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય, ઈ જગ્યા ખાનપાનાદિક, સેવક એને બધાયને નિર્ગુણ કહ્યા છે. ને ૧૪માં ફક્ત સેવકને જ નિર્ગુણ કહ્યા છે. નિર્ગુણ થકી નિર્ગુણ થવાય. લીંબડાને નિર્ગુણ જાણો, જગ્યાને નિર્ગુણ જાણો તો નિર્ગુણ થાશો ખરા ? નહીં થાય. પોતાને સ્વભાવે પોતે વર્તે છે. દર્શન કર્યા તો સ્વભાવ મેલાય જાવો જોઈ. દોષ અળગો થઈ જાવો જોઈ. બ્રહ્મરૂપ થઈ જાવો જોઈ. જીવનું જાણપણું ઈ માયિક પદાર્થનું જાણપણું ને ઓલ્યું ભગવાનનું જાણપણું છે ઈ નિર્ગુણ છે. ઓલ્યો લીંબડો, પૃથ્વી, ખાનપાનાદિક વસ્તુ છે ને ઓલ્યા સેવક છે. નિર્ગુણ થકી નિર્ગુણ થાય પણ ઓલ્યા નિર્ગુણ થકી નિર્ગુણ ન થાય. બ્રહ્મમાં ભેદ ન પડાય. ભેદ પાડવો ઈ આકરી વાત છે. ઈ તો જો ગુરુ કર્યા હોય તો આવડે, નહીંતર તો

**'ગુરુ ગુરુ કરજ્યો, ચાદર પછેડી દેજ્યો.'**

એવા ગુરુ હોય તો ભેદ પાડતા ન આવડે. કૃપા છે ઈ જબરી વાત છે. સેવક ઉપર કૃપા થઈ છે ને ઓલી વસ્તુ ઉપર કૃપા નથી થઈ. ઈ તો ઉપજોગમાં જ આવી છે. એક રુચિવાળા બે ચાર જણા હોય ને એકાંત સ્થળમાં બે, ચાર ,પાંચ વરસ જ્ઞાન કરીએ તો જ્ઞાની થાય. કલ્પ જેવડી આવરદા હોય ને ગોપાળાનંદસ્વામીને મુક્તાનંદસ્વામીનો સમાગમ હોય તો જ્ઞાન થાય ને ઓલ્યું એક રુચિવાળા હોય ને એકાંત સ્થળ હોય તો જ્ઞાન થાય. અવલબાઈમાં ભગવાનનું જ્ઞાન હતું તો એમ બોલી કે હું

સહજાનંદ છું. એમ ચાર દિવસ સુધી રહ્યું. બ્રહ્મ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ ઈ બ્રહ્મ છે. એનું અભિમાન હોય ઈ ઈશ્વરનું અભિમાન છે. ઈ ઈશ્વરનું સ્વરૂપ છે. સમજણ્ય થાય તો ઈ પુરુષને બીજાનો સંગ ન લાગે. આંબા, આંબલી બતાવે તોય ભાર ન પડે. દુઃખ એટલે આ લોક ને સુખ એટલે ઓલ્યું લોક છે. સુખ એટલું પરલોક ને દુઃખ એટલે આ લોક છે. સર્વોપરી સમજ્યા પણ બલુન, રથ કે વાજી લઈને તેડવા આવજો એમ ન કહેવું પડે. પછી જો તેડવા ન આવે તો લાજ એની જાય આપણે શું છે ? તે ઉપર નારાયણદાસસ્વામીની વાત કરી. આંયા દુઃખ છે પણ પરલોકમાં આંયાથી જવાય છે. ચતુર્ધા મુક્તિ ન ઈચ્છવી, ભગવાનના લોકમાં ન રહેવું, ભગવાનનું ઐશ્વર્ય ન ઈચ્છવું, ભગવાનની સમીપે ન રહેવું. એમ મોટા મોટા એકાંતિક કહે છે. પણ ભગવાનની સેવાને જ ઈચ્છવું. મોટાના વચનનો વિશ્વાસ આવે તો બંધ બેસે. વિશ્વાસ આવતો નથી, કયાંથી બંધ બેસે ? આપણે ગમે એમ કરો પણ લાભ બહુ જબરો થયો છે. આપણે નથી જાણતા પણ સ્વર્ગના વાસી જાણે છે કે આને લાભ બહુ જબરો થયો છે. ભગવાનની દયા સામું જોઈ તો આપણું કલ્યાણ થાવામાં જરાય વાંધો નથી ને આપણી પ્રકૃતિ સામું જોઈ તો છોકરાનું ખેલવણું છે. ભગવાનની દયા સામું જોઈ તો ખબર પડે કે કેવી દયા છે. આપણને પૂજનીય કરી દીધા. ભગવાનની પેઠે આપણને સંભારે તો એનું કલ્યાણ થઈ જાય.

બપોર પછી લક્ષ્મણભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા. તે ઉપર સ્વામીએ વાત કરી જે; બે જણા બેઠા છે તેમાં એક જણા પાસે બેસે તો દોષ દેખાય ને બીજા પાસે ન દેખાય. સવિકલ્પવાળાને જોઈને દોષ દેખાણા તો નિર્વિકલ્પવાળાને જોઈને કેવી સ્થિતિ બંધાશે ! સવિકલ્પનો કાયદો છે કે ભગવાનમાં દોષ દેખાણો ને ભજનારામાં નથી. નિર્વિકલ્પમાં તો ગુણ કહેવાય. મોટાના ગુણ મુમુક્ષુમાં આવે કે ન આવે ? નિર્દોષ, સર્વજ્ઞ ને કોઈ પ્રકારનો અંતરાય ન રાખે તો આવે ને એક ઠેકાણે કહ્યું કે સેવા કરે, કહે

એમ કરે તો ય ન આવે. સાત્ત્વિક સેવ્યા હોય ને કામાદિકથી રહિત હોય તો એને દેશકાળ ન ડગાવે. બીજાને તો ડગાવી દ્યે. ગમે એવો તરીયો હોય તો પણ ભમરી ડુબાડી દ્યે. ગમે એવો સાંખ્યવાળો હોય, ગમે એવો યોગવાળો હોય તોપણ દેશકાળ ડગાવી દ્યે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૫૭ ॥**

## ૫૫૮. ત્રણ અવસ્થા છ સગુણ સ્વરૂપ અને ચાર નિર્ગુણ સ્વરૂપથી પરપણાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદિ-૧૨ તા.૧૪-૯-૧૯૭૮ ને ગુરુવારે સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પુરૂષોત્તમભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે; સ્વપ્ન અવસ્થામાં થાક ન લાગે તો સુષુપ્તિ અવસ્થા ખતમ થઈ ગઈ. પ્રધાન પુરુષ, પ્રધાન એટલે સ્ત્રી ને ફેર ઈચ્છે તો પ્રધાન પુરુષનું સગુણ બ્રહ્મની સ્થિતિ અવસ્થા. જાગ્રત અવસ્થા એનું આલંબન કરીને એના સુખલેશમાં અતિશય લીનપણું થઈ જાય, પ્રધાન અને પુરુષ તેની સ્થિતિ અવસ્થા તેનું આલંબન કરીને સુષુપ્તિના સુખલેશમાં અતિશય લીન થઈ જાય છે. સત્ત્વગુણ છે ઈ સાવ સાફડિયો છે. જાણપણું, નેત્રસ્થાન, સત્વગુણ, સ્થુળ દેહ; આટલાવાના હોય તો સત્વગુણ કહેવાય. એમાં રજોગુણ અહિંયા નબળી ક્રિયા ન કરે તો રજોગુણની પ્રાપ્તિ થાય નહીં. ક્રિયમાણનું ફળ અવસ્થા છે. થાક ન લાગે તો સુષુપ્તિ અવસ્થા નાશ પામી ગઈ. થાક લાગે તો હૃદયમાં વિવર છે. મૂર્છાવસ્થા આવી જાય. મૂર્છાવસ્થામાં જાય તો પણ દુઃખ મટે નહીં. એમાંથી જ્ઞાનશક્તિથી વિરક્ત થાય. પ્રધાનપુરૂષના સુખલેશમાં અતિશય લીનપણું થાય એટલે ઓલ્યું દુઃખ મટી જાય. જાગે એનું નામ સુષુપ્તિ અવસ્થા. સંકલ્પ છે ઈ સુષુપ્તિ અવસ્થાનો કર્તા છે. ટેમ(ટાઈમ) પ્રમાણે ઈશ્વર જગાડી દ્યે. પછી શોક અને શ્રમથી

પાછી વૃત્તિ વાળી જાય તો જાગ્રત કહેવાય. સમજાતી નથી તો લખી તો શી રીતે શકે ? સાંખ્યવાળાનો આ મોક્ષ છે. તુર્યપદ છે.

આપણો મોક્ષ શું છે ? ભગવાનના ચરિત્ર વૈકુંઠ સમાન છે. દુઃખનો ડાટો દઈ દ્યે એવા છે. તે ઓલ્યાનો મોક્ષ સુષુપ્તિ અવસ્થા છે ને આપણે ભગવાનના ચરિત્રમાં અહોપણું થયું ! ચરિત્ર છે ઈ ભગવાનના ભક્તને ધામરૂપ છે; ઈ જ સુખ છે, ઉત્થાન રહિત સમાધિ છે, પણ એની કાંઈ જરૂર નથી.ભગવાનના ચરિત્રમાં જેવું સુખ છે એવું તો સમાધિમાં પણ નથી. 'સ્વામિનારાયણ' કહો પણ યથાર્થ જાણીને જેવું નામ, રૂપ, પ્રતાપ, ઐશ્વર્ય જાણીને નામ લ્યો તો, એના જેટલું બળ સમાધિમાં પણ નથી. ક્રિયાશક્તિનું ફળ જાગ્રત અવસ્થામાં ભોગવાય છે. જો જાગ્રત અવસ્થામાં ભોગવે, તો એને સ્વપ્ન અવસ્થામાં ભોગવવાની જરૂર નથી. છે જાગ્રત; પણ વિવેક આળસી ગયો એટલે સ્વપ્ન અવસ્થા થઈ ગઈ; ને જડપણે ન જાણે તો સુષુપ્તિ અવસ્થા જાગ્રતમાં છે. અનુમાનથી ક્રિયા કરે એનું નામ સુષુપ્તિ અવસ્થા છે. જાગ્રતમાં છે પણ અનુમાનથી કરે છે, યથાર્થ જાણ્યું નથી એનું નામ સ્વપ્ન અવસ્થા. અશુભ ક્રિયાનું ફળ ભોગવવું એનું નામ સ્વપ્ન અવસ્થા છે. જ્ઞાન શક્તિથી જાગ્રતમાં, સ્વપ્નમાં જાય; અસ્થિર છે. કંઠસ્થાન છે ઈ જાગ્રતપણું છે ને રાગે કરીને ભોગવે તો જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા છે. જડપણે ન જાણે; અવિવેક છે ઈ સુષુપ્તિ અવસ્થા છે. જાણે છે તો પણ ભોગવ્યા વિના રહેવાનું નથી એનું નામ સ્વપ્ન અવસ્થા છે.

આ લોકના સુખની ઈચ્છા નથી. પરલોકની જ ઈચ્છા છે. તેનો સંગ કરે એનું પણ એવું જ હિત કરે. દેહના સુખને અર્થે કોઈ ક્રિયા કરે જ નહીં એવા પુરૂષના ગુણ મુમુક્ષુમાં કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે ? જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી તેને દેવ જેવા ન જાણે, મનુષ્ય જેવા ન જાણે. જે વચન કહે તે સત્ય માને. હવે મહારાજ ઉત્તર કરે છે કે જેને પરમેશ્વર વિનાની બીજે કયાંય પ્રીતિ ન હોય એનો એમ ગુણ

ગ્રહણ કરે કે આ અતિશય મોટા છે; એની આગળ લાખો માણસો હાથ જોડીને ઉભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી ને હું તો અતિશય પામર છું ! ઓલ્યા ધોરાજીના સુરદાસની જેમ થઈ જાય. જીવ જબરો છે. પણ ગુરૂ કર્યા વિના બધું ય ખતમ છે. બીજા ધામના મુક્ત છે ઈ પદાર્થ થકી તો વિરક્ત થાય પણ ભગવાનમાં ન ચોંટે ને ભગવાનને વિષે પ્રીતિ હોય ઈ ભગવાનના ધામમાં જાય. લાકડું ડૂબે નહીં પણ જો સો મણ પથ્થર સાથે હોય તો ડૂબાડી દ્યે. તેમ જીવને વિષયનું જીવન થઈ ગયું છે પણ સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થાય તો એવું જીવન આળસી જાય. ખરખરો આળસી જાય. બળિરાજાને ખરખરો ન થયો, એમ આ જીવને ખરખરો ન થાય. જાગ્રત અવસ્થા, સત્ત્વગુણ, નેત્રસ્થાન, સ્થૂળદેહ, યથાર્થજ્ઞાન, વિશ્વાભિમાની જીવ એમાં લઈ જવા માટે અશુભક્રિયા કરે છે ઈ સ્વપ્નમાં લઈ જનારી છે. સ્વપ્નમાં રાગ છે ઈ મટી ગયો. અશુભક્રિયા ન કરી એટલે રાગ નથી એટલે કંઠ સ્થાનમાં જવાની જરૂર નથી. કંઠસ્થાન બહુ જબરૂં છે. આથમ્યા ટાણાનો સૂર્ય હોય તો મનુષ્યની છાયા બહુ જબરી હોય એમ કંઠસ્થાન એવું છે. એની ઈચ્છા નથી; ઈ રાગ મટી ગયો. તેજસાભિમાની જીવ છે, લેશમાત્ર સુખ છે. યથાર્થ રાગને કયારેક સમજતો હોય ને ભોગવતો હોય પણ સ્વપ્નમાં ભોગવતો હોય. જ્ઞાનશક્તિ ત્રણેય અવસ્થામાં રહી છે. જાગ્રતમાં સત્વગુણ, સ્વપ્નમાં રજોગુણ, સુષુપ્તિમાં તમોગુણ, વિશ્વાભિમાની, તૈજસાભિમાની, પ્રાજ્ઞાભિમાની. સુષુપ્તિનું સુખ પ્રયાગરાજની ગુફા જેવું છે. વખાણ કરતો સ્વપ્નમાં; પણ જાગ્રતમાં આવે ત્યારે ફાટેલી ખાટલીમાં પડ્યો હોય.

અક્ષરધામનો મુક્ત કોઈ દહાડે, કોઈ કલ્પાંતરે સાંખ્ય-વેદાંતના સુખને ઈચ્છે નહી, ધામને ઈચ્છે નહીં તો સ્વપ્ન અને સુષુપ્તિમાં જીતી ગયો કહેવાય. ઈ અવસ્થા કેવી છે ? તો ‘ડોબા ખાય ડગડગે, હરણ ખાય બગબગે, સવારે ઉઠીને જુવે તો એક એક છોડ ફગફગે’ સ્વપ્નની અવસ્થાની

આશા ન કરે તો સુષુપ્તિ અવસ્થાને કયાંથી ઈચ્છે ? આ સત્સંગમાં આવ્યા હોય ઈ મેડો કહેવાય ; પણ મોટાને પડખે રહીને જ નબળું કર્મ કરતા હોય, મોટાનો ઓથ લઈને, મોટાનો સાથ લઈને નબળુ કાર્ય કરતા હોય. ભગવાને જીવના હિતને અર્થે દેહ ધારણ કર્યો; એના લીલાચરિત્રોનું વર્ણન કરવું ઈ નાસ્તિકપણાને નાશ કરવાનો હેતુ છે. ઉપશમ અવસ્થા ને તૂર્યપદ ઈ તો અક્ષરધામના મુક્તને ગણતરીમાં નથી. સાંખ્યવાળાને અને વેદાંતીને તૂર્યપદમાં ભગવાનપણાની માન્યતા છે. અંતર્યામી, દૃષ્ટા, બ્રહ્મ, પરબ્રહ્મ કહે છે એમ એમાં ભગવાનપણું ને અલૌકિક માને છે પણ ભગવાનના ભક્ત તો એને જોડે છાણ વળગ્યું હોય એમ માને છે. નિર્ગુણ છે અવતાર પણ ઉત્પતિકાળમાં છે તે મોક્ષકાળમાં તો ભગવાનના ભક્ત, લીલાચરિત્ર, એના પદાર્થ ઈ ચડિયાતા છે. ચાર નિર્ગુણ સ્વરૂપથી તો આના સંબંધવાળા અધિક છે. ઓલ્યો નિર્ગુણ એટલા માટે છે કે ઉત્પતિકાળમાં ભગવાનપણું ત્યાંથી ગણાય. અત્યારે બ્રહ્મા થકી પાદ્મકલ્પની સૃષ્ટિ છે. અટાણે મોક્ષદાતા નારદ ને સનકાદિક થકી ગણાય. સ્વપ્નનો ગુણ હોય તો સંકર્ષણ, અનિરૂધ્ધ ને સંકર્ષણ થકી હોય તો એ જ ગણાય. વૈરાટ્ થકી હોય તો બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ ગણાય ને બ્રહ્મા થકી હોય તો સનકાદિક ગણાય ને પાદ્મકલ્પ ગણાય. પહેલો પાદ્મકલ્પ ગણાય. પડવાનો પહેલો દિવસ કહેવાય. બીજો દિવસ વારાહવૈવસ્વ કલ્પ કહેવાય. આપણને તો બહુ મોટી પ્રાપ્તિ, બહુ મોટું સુખ મળ્યું છે ઈ સુખ કથી ન શકાય; પ્રમાણ ન કરી શકાય. ઈ સુખની કોઈને ઈચ્છા નથી. આ લોકના સુખની ઈચ્છા હોય પણ આ લોકના સુખ તો ઝાંઝવાના પાણી છે, એનાથી સંતોષ ન થાય.

**'અનિકેત આનંદ, જ્ઞાનમય અનુભવ અંગા,**
**સબ તીરથ કો સદન ચરણ જેહી ચાહત ગંગા.'**

એવા ભગવાન છે તો વેદાંતીની ક્રિયા ને વેદાંતીની પ્રાપ્તિ શા લેખામાં ? વેદાંતી બાપડા ફાંફા મારે છે; તો ય કાંઈ હાથ આવતું નથી ને

આપણે તો પ્રગટ ભગવાન, પ્રગટ ભક્ત, પ્રગટ ચરિત્ર, પ્રગટ ક્રિયા, પ્રગટ ફળ છે. વેદાંતી સાવ ભૂલા પડયા છે. આ લોકનું સુખ ખોઈ નાખ્યું ને પરલોકનું હાથ આવવાનું નથી. આ દેહના સુખમાં સલવાણો હોય તો હાથ ન આવે. ને દેહના સુખથી વિરક્ત હોય તો હાથ આવે. ભગવાનની પ્રાપ્તિ, ભગવાનનું સુખ એને ઓલ્યા ભાણભોજીયા શું જાણે ? ભગવાન બહુ સમર્થ છે. પૃથ્વી ખોદે તો પણ પૃથ્વી રોષ ન કરે. ખીજ ન ચડાવે; એમ ભગવાન ક્ષમાવાળા છે. આ જગતમાં જે માણસ જેવું કર્મ કરે ઈ ભોગવે. ઈ જ એમાં મરવાનો છે. માટે આપણે તો આત્યંતિક મુક્તિને પામ્યા છીએ.

આજ તો સત્સંગની ભરજુવાની છે. શેરડીનો વચલો ભાગ છે. આ સત્તર સાંધાવાળો દેહ છે. એમાં ભગવાન મળ્યા. ઓહોહો ! કેવડી પ્રાપ્તિ ! **‘ જેને દેવ ઈચ્છે ઘણું દલમાં, તોય પામે નહીં તન તેહ સમજવું સાનમાં’** તે કીર્તન બોલ્યા. **સમા વિના અર્થ સરે નહી રહીએ; સમે સમે સાવધાન !** વિજળીના ઝબકારામાં મોતી પરોવી લેવા જેવી વાત છે. ચિંતામણી છે મનુષ્યદેહ ! સાધુને કલ્પવૃક્ષ, પરમ ચિંતામણી લખ્યા છે. એવા સાધુ છે. જ્યારે જોતા હોય ત્યારે મળી જાય ઈ આપણી પાસે જ છે. આળસુ હોય, ઉંઘતો હોય પણ ભગવાનના ભક્તનું સારૂં બોલતો હોય ઈ મને બહુ ગમે એમ ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું છે. ભગવાનના ભક્તનું સારૂં બોલવું ઈ બહુ કઠણ છે તે વિના તો વનમાં જાય તો મોક્ષ થાવો કઠણ છે. પ્રવૃત્તિવાળા સામુ જુવો તો જગત ઉત્પન્ન થાતા વાર ન લાગે. નિવૃત્તિવાળા સામુ જુવો તો જગત નાશ થાતા વાર ન લાગે. પાછી વૃત્તિ વાળવી, બ્રહ્મરૂપ થાવું, અલૌકિક દશા કો’કની છે ઈ આપણી કેમ થાય ? લૌકિક દશા તો આવડે પણ અલૌકિક દશા કેમ થાય ? આ સત્સંગમાં બહુ અલૌકિક પુરૂષ થઈ ગયા; એમાંથી કોઈ નજરમાં નથી આવતા પણ પૂર્વે થઈ ગયા ઈ નજરમાં આવે છે ! ઓહોહો ! ખાખરાની ખીસકોલી આંબાના રસને શું જાણે ?

પછી તે જ દિવસે બપોર પછી લક્ષ્મીદાસ ભગત સાક્ષાત્ સવિતા વાંચતા હતા પછી સ્વામીએ વાત કરી જે ઘોરતમ અવસ્થામાંથી ટેમે જગાડે એનું નામ કર્તાવૃત્તિ. સંકલ્પ છે ઈ ટેમે જગાડી દ્યે. ઈ સંકલ્પ છે એનું નામ કર્તાવૃત્તિ છે. સ્વપ્નમાંથી સુષુપ્તિમાં જાય છે પણ સ્વપ્નમાં થાક ન લાગે તો સુષુપ્તિમાં ન જાવું પડે. જાગ્રતમાં નેત્રસ્થાન, સ્થૂળદેહ, યથાર્થ વિવેક, સત્ત્વગુણ, વિશ્વાભિમાની જીવ છે; ઈ પાંચમાંથી એક આડો અવળો થાય તો અવસ્થા ફરી જાય નહિતર તો મૂળ કારણ જાગ્રત અવસ્થા છે. વિવેક આળસી જાય તો જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા; સ્થૂળદેહ આળસી જાય તો અવિવેક આળસી ગયો તો સ્વપ્ન અવસ્થા છે. વિવેક હતો ઈ ભગવાનનો હતો. સત્ત્વગુણ નેત્રસ્થાન હોય તો જ હોય. બહુ સૂક્ષ્મવાત છે. ટાંકી ન લાગે. સ્થૂળદેહને તરણાતુલ્ય ગણ્યું હોય એની માન્યતા આળસી ગઈ હોય એને સમજાય. સ્થૂળદેહનો ભૂક્કો કરી નાખ્યો હોય તો બંધ બેસે.

સ્થૂળદેહની માન્યતા શું ? તો મને કહ્યું એમ કહે; તું વળી કોણ ? તું વાસુપડાની વાડીનો મૂળો તો નથી ને ? નેત્રસ્થાન શું કામ કરે છે ? શ્રોત્ર સ્થાન, સ્થૂળદેહ, સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ, સુષુપ્તિ અવસ્થા, શોક આ બધાય શું કામ કરે છે ? દિવસ આથમી ગયો; શ્રમ ને શોક ઈ સુષુપ્તિ અવસ્થા છે. શોક એટલે કોક કાંઈક કહે એનું દુઃખ થાય. શબ્દ લાગે તો શોક થયો કહેવાય. બધી ઈંદ્રિયુંને જાણે તો ખબર પડે કે જાગ્રતમાંથી સ્વપ્નમાં કોણ પુગાડે છે ! જો જીવ પુગાડે તો જીવમાં વિશેષ જ્ઞાન છે. સત્ત્વગુણને આધિન થઈને વિશ્વઅભિમાની જીવમાં જ્ઞાન છે. ઓલ્યામાં જ્ઞાન નથી ઈ બધી બહુ સૂક્ષ્મ વાત છે. વિશ્વ એટલે જગત. આ ફલાણું, આ ફલાણું એમ બધાયનું જાણપણું ઈ વિશ્વનું અભિમાન છે. નેત્ર સ્થાનથી ખસી ગયો એટલે કંઠસ્થાનમાં ગયો ત્યાં તો રજોગુણ છે. એની ભાઈ બંધાઈ કરી એટલે તૈજસાભિમાની થયો. જાણતો થકો રાગે કરીને ભોગવટો કરે તો સ્વપ્ન અવસ્થા. અયથાર્થ જાણે, તો સુષુપ્તિ અવસ્થા છે. સ્વપ્ન

અવસ્થા છે એને ભાન નથી કે હું સ્વપ્નમાં છું કે જાગ્રતમાં છું. તૈજસાભિમાની જીવ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. જડપણે ન જાણે, સુષુપ્તિ અવસ્થા. સ્વપ્નમાં પ્રલય અવસ્થા છે, હવે સુષુપ્તિમાં કેમ જવાશે ? દિવસ બદલવો જોઈએ. પ્રધાનપુરૂષની સ્થિતિ અવસ્થા. પ્રધાનપુરૂષના સુખલેશમાં લીન થાય. સુષુપ્તિમાં ગયો, ઉંડો પાતાળમાં પેસી ગયો. પ્રધાનપુરૂષને સંકલ્પનો આધાર છે. એના સુખલેશને વિષે અતિશય લીનપણું થઈ જાય. જાગ્રતમાં નબળું ક્રિયમાણ કર્યુ તો સુષુપ્તિ અવસ્થા. પ્રધાન પુરૂષના સુખલેશમાં એક લવાહામાં લીન થઈ જાય એવી રીતે સુખને તુચ્છ જણાણું હોય તો આધિન ન થાય. બકરો થયો હશે ત્યારે મીનડો થયો હશે ત્યારે કેટલા સુખને ભોગવતો હશે ઈ સારૂ થઈને બાંબરડા નાખે છે.

જાગ્રતમાંથી બીજી અવસ્થામાં લઈ જનાર કઈ અવસ્થા છે ? પ્રાજ્ઞ એટલે એક લવાહો સ્ત્રીપુરૂષનો સંબંધ થયો ત્યાંથી જઈ સુખનો લવાહો આવી જાય. અજ્ઞાનકાળે પંચવિષયનું ભાન નથી તો જ્ઞાને કરીને સુષુપ્તિમાં ગયો એને પંચવિષય કઈ રીતે બાધ કરે ? અવસ્થા આળસી ગઈ તો જન્મ આળસી જાય. એક એક અવસ્થા; બીજી બે અવસ્થા જણાય તો ખબર પડે. આ મકાનનો કરનારો કેવડો જબરો હશે પણ માલી પા સમાય જાય. આ બ્રહ્માંડ આવડું બધું રચ્યું તો એનો રચનાર કેવડો જબરો ઈ મુરખની સમજણ છે. આ હ્દાકાશમાં અવકાશ જોઈએ. ભગવાન સૂક્ષ્મ છે. જીવમાં પણ અવકાશ હોવો જોઈએ. ઈંદ્રિયુંના પ્રવાહ બંધ હોય તો અવકાશ કહેવાય. **समलोष्टाश्मकांश्चनः** ઈ જીવની તાગાત વધી કે ઘટી ? સમાનબુદ્ધિ થઈ ઈ જીવની તાગાત છે. ઈ ગતિવાળાએ સિદ્ધદશા લખી છે. રસનાની પ્રાપ્તિ; તો એના અંતને પામે. સારો રસ ને ભૂંડો રસ બેય સરખો થઈ જાય. સારામાં મોહ ન પામે નરસાની નિંદા ન કરે. સગુણ રૂપનો નિર્ણય કરો તો જે મોટું હોય ઈ થી પણ મોટું; એમ કરતાં નિરાકાર સમજાય જાય પણ ગુરૂ થકી નિર્ગુણમાં સગુણ સમજયા હો તો બરાબર છે. વટપત્રશાયી

ભગવાન, તે સમે માર્કંડેય ઋષિએ ભગવાનના મુખમાં સમગ્ર બ્રહ્માંડ દીઠ્યું. ઈ નિર્ગુણમાં સગુણ દીઠ્યું. આવી રીતે દીઠ્યું તો દીઠ્યું કહેવાય, ને તો નિરાકારમાં ન જાય. મકાનમાં પેટી છે કે પેટીમાં મકાન છે ? નિર્ગુણમાં સગુણને સમજો તો નિર્ગુણપણું ને સગુણપણું સમજ્યા કહેવાય. બહુ મોટી વાત હોય પણ સાવ ટૂંકમાં કહી દ્યે ઈ કેવડી બુદ્ધિ કહેવાય ? નિર્ગુણમાં સગુણ સમજો તો મૂળ મૂર્તિ હાથ આવી કહેવાય. સગુણ મોટામાં મોટું ને નિર્ગુણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે એમાં વચલું સ્વરૂપ કેમ હાથ આવે ? કંઠ સ્થાનમાં જોઈએ તો જીવ જોઈએ પણ શરીર કરતાં સૂક્ષ્મ છે. પાછું એમાં જાણપણું છે ને જાણપણામાં અક્ષરધામ છે ને અક્ષરધામની માંહિ પુરૂષોત્તમ છે માટે નિર્ગુણ સ્વરૂપમાં સગુણ સ્વરૂપ જોતાં આવડ્યું તો આવડ્યું કહેવાય તો નિરાકારમાં ન જાય.

શંકરાચાર્યનું જ્ઞાન નિરાકાર છે ઈ અનુમાન જ્ઞાન છે જે જે ક્રિયા કરવી એમાં ફળનું અનુસંધાન રાખવું. આ ભક્તિ કરવાથી આ ફળ થાય છે ઈ અનુસંધાન હોવું જોઈએ.

રજોગુણી સાધુની સેવા કરો તો રજોગુણી થઈ જાવ; તમોગુણીની સેવા કરો તો તમોગુણી થઈ જાવ; સત્ત્વગુણીની સેવા કરો તો સત્ત્વગુણી થઈ જાવ. આત્મનિષ્ઠાવાળાની સેવા કરો તો આત્મનિષ્ઠાવાળા થાવ. ભગવાન તો આત્મનિષ્ઠાવાળાથી અધિક છે; ઈ સ્થૂળમાં છે એટલે હાથ આવે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૫૮ ॥**

## ૫૫૯. અવતાર-અવતારીનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદ ૧૩/૧૪ ને શુક્રવાર તા.૧૫-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે સ્થિતિ છે કે નથી એની ખબર દેશકાળે પડે. બાકી તો મોટાને ઓથે ઠેકડા મારતા હોય. બાળમુકુંદદાસસ્વામી બહુ સમર્થ હતા. પર થી પણ પર હતા. અમને તો એટલી ખબર પડે કે એના ઢોલિયા પાસે બેસીએ એટલે સંકલ્પ બંધ થઈ જાય. ઉત્પત્તિકાળ ભેળા ઉત્પન્ન થયા છે ઈ અવતાર કહેવાય. ઉત્પત્તિકાળથી બારા છે ઈ અવતારી છે. ઈંડ ઈંડ પ્રત્યે દસ દસ મૂર્તિ છે ઈ અવતાર છે. અનિરૂધ્ધ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઈ છ સગુણ છે. શ્રીકૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ, વાસુદેવનારાયણ, નરનારાયણ ઈ ચાર નિર્ગુણ સ્વરૂપ છે પણ મોક્ષદાતા તો ઈ થી પણ ન્યારા છે. ભલે ભેળા હોય પણ એની ક્રિયા એનાથી જુદી છે. વિષયથી વિરક્ત થયા હો તો ચોસઠપદી યાદ રહે. ભગવાન સંબંધી પંચવિષયનું ગ્રહણ કરો તો વિષયથી વિરક્ત થવાય. જોગ પદાર્થમાં જાણપણું હોય તો ભગવાન સંબંધી પંચવિષય કહેવાય. જોગ અજોગનું જાણપણું હોવું જોઈએ. લાભ ગેરલાભનું જાણપણું હોવું જોઈએ.

પછી તે જ દિવસે બપોર પછી ભગવત્જીવનદાસસ્વામી સાક્ષાત્ સવિતા વાંચતા હતા પછી સ્વામીએ વાત કરી જે જેના થકી સત્સંગ ઓળખાણો એમાં હેત થાય તો ગાઢ સ્નેહ થયો ગણાય.

પછી તે જ દિવસ ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. પછી લક્ષ્મીદાસ ભગતે સાક્ષાત્ સવિતાનું ૨૧૦મું કિરણ વાંચ્યું તે ઉપર વાત કરી જે એકની પાસે બેસો તો દોષ દેખાય ઈ સવિકલ્પ નિશ્ચય છે. અવતારમાં નિશ્ચય છે. મહારાજ કહે, 'મોટા મોટા હો, વાતમાં સમજતા હો ઈ આગળ આવીને બેસો. આ વાત કરવી છે ઈ દંભે કરીને, માને કરીને કે મોટ્યપ વધારવા સારૂ નથી કરવી.' આ વાત મહારાજ અવતારની કરી છે. હવે અવતારીની વાત કરે છે. ' આ હરિભક્ત નાનો છે ને આ મોટો છે એમ જણાતું નથી. સર્વ હરિભક્ત સરખા જણાય છે. કોઈ માન

આપે, કોઈ અપમાન કરે ઈ સરખું જણાય છે. હાથીને હોદ્દે બેસવું ને પગપાળા ચાલવું ઈ સરખું વર્તે છે.' પોતે પોતાની વાત કેમ કરે ? એમ અવતારીની વાત થાય છે. પોતે પોતાની વાત કેમ ઘટે ઈ તો ભક્તરૂપે ઘટાડાય છે. સારો સ્પર્શ, રૂપ, રસ, ગંધ એમાં સમાન બુદ્ધિ લખે છે ઈ અવતારની વાત છે. ને બધા હરિભક્ત સરખા જણાય છે ત્યાંથી અવતારીની લેન આવી છે. મોક્ષકાળ તરીકે સૃષ્ટિકાળથી અવતારી નોખા છે.

અવતાર કોને કહેવાય ? અવતારી કોને કહેવાય ? નોખા હોય એને નોખા પડાય પણ ભેગા છે એને કેમ નોખા ગણવા ? અક્ષરધામનો હોય ઈ જ નોખા પાડી શકે. ત્યાં મન-વાણી-વેદ પુગે નહીં; ત્યાં અક્ષરધામનો મુક્ત હોય ઈ પુગે. મુક્ત દ્વારે મહારાજનું વર્ણન કરે ઈ મહારાજનું વર્ણન સમજવું. પહેલા અવતારનું વર્ણન કર્યું પછી સૃષ્ટિ બારા છે અવતારના ભક્ત, એનું વર્ણન કર્યુ છે. ઉત્પત્તિકાળમાં જેને નાખી દ્યો ઈ માયાને આધિન છે. ઓલ્યા દોષ થકી રહિત છે. ઉત્પત્તિકાળમાં હોય પણ ઉત્પત્તિકાળમાં ગણાય નહીં. વૃદ્ધ હોય, જ્ઞાની હોય, ડાયા હોય તો પણ બાઈઓની સભામાં વાત ન કરાય. વાત કરે તો જુનું લુગડુ હોય એમાં જુના લુગડાનું જ થીંગડુ લાગે. ઉત્પત્તિકાળે સ્વભાવેયુક્ત હોય; સ્વભાવથી રહિત થાય તો મોક્ષકાળમાં ઘટે. માલીપા ભલે હોય પણ સ્વભાવથી રહિત હોય તો મોક્ષકાળમાં ગણાય. વ્યાપકાનંદસ્વામીએ(શીતળદાસ તરીકે) બધા ય મુક્તોની એક કળાવચ્છિન્ન પૂજા કરી !! ઉત્પત્તિકાળમાં ય હોય ને મોક્ષકાળમાં ય હોય ઈ સ્વભાવથી રહિત હોય ઈ બે ય કાળમાં હોય. ઉત્પત્તિકાળવાળો મોક્ષકાળમાં ન જાય પણ મોક્ષકાળવાળો ઉત્પત્તિકાળમાં જઈ શકે.

ખરેખરો માણસ હોય ને એનાથી કામ હાલતું હોય પણ પંચમાં એને મેલો તો ન રહેવા દ્યે, એટલી જ પંચની બુદ્ધિ છે.

ગુણાતીતાનંદસ્વામીએ એક સાધુનું પ્રાયશ્ચિત માથે લઈ લીધું એવી મોક્ષકાળની વાત છે. પ્રાકૃતપ્રલયમાં પણ રાખ બાકી રહે છે. પ્રકૃતિનું કાર્ય લીન થઈ ગયું તો પણ રાત્રી બાકી છે. પ્રકૃતિ અક્ષરમાં લીન થઈ ગઈ પણ સવાર થાય એટલે પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે.

ભગવાન આકાશ જેવા નિર્લેપ, નિર્દોષ છે. એની સમ કોઈ ન થાય. પોતાનું પણ છોડીને નિયમનું પણ રાખે. આત્મારૂપે વર્તવું ઈ શીખવું પડે પણ દેહરૂપે વર્તવું ઈ શીખવું પડતું નથી.

કૃપા કેવી છે ? તત્કાળ સ્વભાવ ટળી જાય; ઈ કૃપા. ટેમ આવે ત્યારે ટળે ઈ પુરૂષ પ્રયત્ન; ઈ તો સાધન કહેવાય. પોતાનો દોષ ઉઘાડો કરે ઈ નિંદા કહેવાય. **II ઈતિ શ્રી કિરણ ૫૫૯ II**

## ૫૬૦. સમાનબુદ્ધિનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા સુદી ૧૫ પુનમને શનિવાર તા.૧૬-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે માંસના લોચામાંથી ગુણ લીધો; કુમારી કન્યામાંથી ગુણ લીધો એમ ચોવીશ ગુરૂ કર્યા ઈ દત્તાત્રેયની સાંખ્ય છે. ને ઓલી કપિલદેવની સાંખ્ય છે ઈ આંખ્ય છે. ને દત્તાત્રેયની સાંખ્ય ગુણ લેવાની છે. જયાં દૃષ્ટિ જાય ત્યાં મૂર્તિ દેખાય એને ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ, પ્રલયકાળ ન હોય. જયાં દૃષ્ટિ જાય ત્યાં દેખાય. વનસ્પતિના પાંદડા એટલી મૂર્તિ છે. ભગવાનના ભક્ત સામુ જોઈએ તો ન આવડતું હોય તો ય આવડવા મંડે. નિશ્ચય થયો ઈ જ આત્યંતિક કલ્યાણ છે. એમાં ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ ને પ્રલયકાળ કયાંથી હોય ? એક વાત જાણી હોય. ત્રીસ લક્ષણ કહ્યા એમાંથી એક પણ મેળવે તો બધુ ય આવી જાય. આપણા સાધુએ સત્સંગ કરાવવા માટે બહુ દાખડો કર્યો. અમે ફક્ત આઠ આના

માટે ઠેઠ લોઢવા જાતા. એક હરિભક્તે ઘંટી વેચીને પણ આઠ આના આપ્યા એવી એની શ્રદ્ધા હતી. ભગવાનનું સ્વરૂપ ઓળખાણા પછી બીજું કાંઈ ઓળખવું બાકી રહેતું નથી.

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી ચંદુભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૬૭મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે આમાં એક શબ્દ અલૌકિક છે. શું ? તો મને મળ્યા એવા જે ભગવાન તે જ કર્તા હર્તા છે એમ ભક્ત માને છે ને ભગવાન સમજી લ્યે છે ઈ અલૌકિકપણું છે. સમાનબુદ્ધિ છે ઈ સિદ્ધદશા છે. પ્રાપ્તિ છે **समलोष्टाश्मकांश्चनः।** નેત્રને જીતે તો સૂર્યદેવને પામે. કાનને જીતે તો દિગ્પાળને પામે. નાસિકાને જીતે તો અશ્વિનીકુમારને પામે. હાથને જીતે તો ઈંદ્રને પામે. કેવડી મોટી વાત છે ! સમાનબુદ્ધિ થઈ ઈ જીતી ગયો. પુગી ગયો. સારૂં ને નરસું ન લાગે; ઈ તો જ્ઞાનીને પણ લાગે છે. સમાન બુદ્ધિ થઈ તો દેહના ભાવ આળસી ગયા કહેવાય. નિર્વિકલ્પ નિશ્ચયવાળાની શ્વેતદ્વિપના મુક્તની ઈ સ્થિતિ છે. છ ઉર્મિએ રહિત છે. અમારી નિંદા કરે છે ઈ પણ અમારા પક્ષમાં બોલે છે. એવો એક તો ગોતી કાઢો ! નિંદા કરે છે ઈ આપણા પાપ ધોવે છે. કોઈ એક ભગવાન છે એમ બોલે છે ઈ અમારા પક્ષમાં બોલે છે. ભગવાનની સ્મૃતિ રાખતા રાખતા સ્મૃતિ રહે ને ગાઈએ તો ગાયું ગણાય. નહિતર તો ગાયું તે ન ગાયા જેવું છે. ગુણ આવે તો શુભવાસના વૃદ્ધિ પામે ને અવગુણ આવે તો અશુભ વાસના વૃદ્ધિ પામે છે.

પછી તે જ દિવસે બપોર પછી મોટરમાં બેસીને ગુરૂકુળમાં બારસાખનું મુહુર્ત કરવા પધાર્યા ને બારસાખ ઉપર 'શ્રીજી' નામ લખીને શુભમુહુર્ત કર્યું. પછી ત્યાં ભરતી ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે સત્ક્રિયા વિના ક્ષણ માત્ર રહેવાય નહીં ને સત્ક્રિયા કરે એના ઉપર મહારાજે પોતે બહુ રાજીપો બતાવ્યો છે. ભગવાન સંબંધી ક્રિયા કરો

ઈ સત્ ક્રિયા. ભગવાનને સંભારો તો બીજું કાંઈ આડું ન આવે એવું ભગવાનનું સ્વરૂપ છે. અલૌકિક છે. જેવા અક્ષરધામમાં છે એવા જ પૃથ્વી ઉપર છે પણ સમજાય નહીં એટલે દુર્બળપણું મનાય. જે દિ' ભગવાન નો'તા મળ્યા તે દિ' પણ કાળ-કર્મ- માયા નડ્યા નથી તો આજ એનો શું ભાર છે ? આ લોકમાં ભગવાન સંબંધી ક્રિયા કરો એમાં સૌ રાજી થાય પણ જો કોઈક ઓલ્યા જન્મનો હોય તો રાજી ન થાય. ભગવાન ને મોટા સાધુ બહુ રાજી છે. બાળમુકુંદદાસ્વામી, યોગેશ્વરદાસસ્વામી બધા ય આ જગતમાં વિચરી ગયા. આપણે એના ખોળામાં બેઠા છીએ. તમે ન ભૂલો તો અમે ન ભૂલીએ. અટાણે ભગવાન સામુ જોઈએ તો ભગવાન કોઈ દિ' ન વિસારે. ઈ બધા ય ધામમાં ગયા છે; ઈ અહીંયા જ છે એમ સમજી લ્યો. આ બધુંય એના પ્રતાપથી જ થાય છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૬૦ ॥**

## ૫૬૧. અક્ષરધામમાં જવાના દ્વારનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદ ૧ પડવો ને રવિવાર તા.૧૭-૦૯-૧૯૭૮ ને દિવસ પૂ.જોગીસ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ભાણજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા પછી સ્વામીએ વાત કરી જે જાણપણું છે ઈ અક્ષરધામનો દરવાજો છે; ઈ મનાય નહીં. 'રઘુવીર સ્વામિનારાયણ' એમ લખે પણ મનાય નહીં. પછી તે તે પુરૂષના પુત્ર છે. સર્વકારણના પણ કારણ અક્ષરાતીત પુરૂષોત્તમ તેણે મહામાયાને વિષે વીર્ય ધારણ કર્યું. ઈંદ્રિયું હતા પણ પ્રધાનપુરૂષ રૂપ વાસુદેવે પ્રવેશ કર્યો ત્યારે જ વૈરાટ્ થકી અવતાર સંભવે.

ગાડી, બસ, દવાખાનું ને હોટલ.....આ ચાર વાના થાતા, માણસને શંકા ઉડી ગઈ. મુક્તાનંદસ્વામીને મહારાજે કહ્યું કે તમે આ જીવ આઠ આવરણ પાર જાય એવો સંકલ્પ કરો તો આઠ આવરણ પાર જાય

એવું તમારા કાંડાને વિષે બળ છે. ગોલોકમાં પણ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીના કીર્તન ગવાય છે.

ક્યા દ્વારથી અક્ષરધામમાં જવાય છે ? મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીની રહેણી રૂપી દ્વાર છે એનાથી અક્ષરધામમાં જવાય છે. ઈ સંકલ્પ કરે તો આપણે અક્ષરધામમાં જવાય. બ્રહ્માનંદસ્વામીએ ઘોડા ઉપર હાથ મેલ્યો ત્યાં ઘોડો નિષ્કામી થઈ ગયો. મુક્તાનંદસ્વામી સાધુતાની સીમા. જેટલી સાધુતા ઘટાડવી હોય ઈ એમાં જ ઘટાડાય. મહારાજે કહ્યું કે તમે જે નદીમાં સ્નાન કરો ઈ તીર્થ થઈ જાય છે; તમને જે હાથ જોડે, વિનય કરે એનું કલ્યાણ થાય. ઈ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બ્રહ્મની જ મૂર્તિ હતા. તેમ અક્ષરધામમાં જવા માટે દ્વાર ગોતવું પડશે. જનોઈ બદલાવવામાં આચાર્ય વિધી કરે છે એટલે અમારે સાધુએ વિધી ન કરવી પડે. એમ અક્ષરધામમાં જવાય છે. સ્વામિનારાયણ ભગવાને નિર્ણય જ એવો કર્યો છે; પોતાના ભત્રીજાને ગાદીએ બેસાડ્યા ને પોતે જ એના બાપ થયા ને નામ પણ એવી જ રીતે લખાય. મોક્ષનું બારણું પણ એવી જ રીતે ઉઘાડ્યું છે. એનું નામ લેવું એમાં શું દુઃખ છે ? સ્વામિનારાયણે તો બહુ સમજીને કર્યુ છે પણ આને જ ખબર નથી. સુખિયા કરી દીધા છે. સ્વામિનારાયણે આવીને અક્ષરધામમાં જાવાની રીત બહુ સુગમ કરી દીધી છે. શાસ્ત્રના બે વાક્યોનો જ્યાં વિરોધ ટળે ત્યાં જ મોક્ષની ઈચ્છા સમજવી. એના વિના તો કસ્તુરીયા મૃગની જેમ દોડે છે. સ્વામિનારાયણના સાધુ-સત્સંગી- બ્રહ્મચારી, એના પાળા, એના ઢોર એની સામુ જુવો તો ય બસ થઈ જાય એમ સર્વોપરીપણું છે. બુદ્ધિ પુગવી બહુ કઠણ છે. વૈરાટ્‌ને જ ભગવાન કહી દ્યે. પાંચ વર્તમાન હોય એની તો શું વાત કરવી ! પણ એક વર્તમાન હોય તો પણ એનો તાગો ન લઈ શકાય. એના દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. નિઃસ્પૃહીપણું વૈરાગ આ બધા ય ગુણ સ્વરૂપના છે.

પછી તે જ દિવસે બપોર પછી ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે ક્રિયામાત્ર બંધ થઈ જાય એનું નામ આત્મનિષ્ઠા કહેવાય. દૃષ્ટા સામુ જુવે ત્યારે સ્થૂળદેહ વિસરી જાય ને સ્થૂળદેહ સંબંધી પંચવિષય પણ વિસરી જાય. સૂક્ષ્મ ને સ્થૂળ બે ય નોખા પડી ગયા. મોક્ષનો સ્વાર્થ છે તો ભગવાનને પણ નથી કહેવાતું. તે ઉપર બ્રહ્માનંદસ્વામીની વાત કરી.

આપણા હાથ નીચે હોય એની આગળ સાચી વાત કરવી પણ બીજા આગળ સાચી વાત પણ ન કરવી. આપણા દુઃખમાં ભાગ લ્યે ઈ સારૂ લાગે પણ સુખમાં ભાગ લ્યે ઈ સારૂ ન લાગે. ભગવાનના ભક્ત નબળા દેખાતા હોય પણ દીન થાય તો કામ થઈ જાય. કૃતાર્થ થઈ જાવ. પૂર્ણકામ થઈ જાવ. કાળ-કર્મ-માયાનો ભય ન રહે. આ લોકના માણસનો ભય ન રહે. આપણે તો કોઈ જગતમાં ન જાણી શકે, ન પામી શકે એવા કંગાલમાં કંગાલ છીએ. અટાણે કાળ-કર્મ-માયા-સ્વભાવ બહુ ખીજાણા છે પણ આ સત્સંગનો સમૂહ છે એટલે ઈ કાંઈ કરી શકતા નથી. અનાર્ય દેશની સામું જોઈ રહ્યા છીએ એટલું દુઃખ છે. આ દેશમાં પરલોકની પ્રાપ્તિ છે પણ અનાર્ય દેશમાં તો ભોગ-વિલાસ-દેહના સુખ છે પણ પરલોકની પ્રાપ્તિ નથી. પરલોક તો અહીંયાથી જ જવાય.

એક સુપાત્ર જીવ ને એક કુપાત્ર જીવ. સુપાત્રની પાસે બેસીએ તો અંતઃકરણ સારૂં થાય ને કુપાત્રની પાસે અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. ન કરવાની ક્રિયા કરે. ન બોલવાનું બોલે. કુપાત્રના હાથનું અન્ન જળ ગ્રહણ કરીએ તો અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. સુપાત્રના હાથના અન્ન જળ ગ્રહણ કરીએ તો અંતઃકરણ પવિત્ર થાય છે. ભગવાન ભક્તની રક્ષા કરે છે પણ સહન કરવું પડે. આ કળીયુગમાં જે જીત્યો ઈ હાર્યો ને હાર્યો ઈ જીત્યો એમ સમજી લેવું. 'મૌન સમ શાપ નહીં, ઝરણા સમ જાપ નહીં; ધીરજ સમ ઢાલ નહીં' અત્યારે કોઈ હથિયારથી કામ કરતું નથી પણ બુદ્ધિથી જ કામ

કરે છે. બુદ્ધિથી જ રાજ કરે છે. આ સમય-ટેમ આવી વખત આવ્યો. આ વખતે ભજન નહીં થાય, પાછું નહીં વળાય, છેલ્લો જન્મ નહીં થાય તો બીજેથી છેલ્લો જન્મ નહીં થાય. આ દેશમાં જ બ્રહ્મવેત્તા સંતનો સંગ છે. અહીંયા થી જ પરલોકમાં જવાશે. ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢ આવ્યા ત્યારે નારણદાસ સિવાય કોઈ સાથે ન આવ્યા. એના ધણીએ આ સંપ્રદાય ચલાવ્યો છે તો આડા અવળું વર્તશું ઈ એના ધ્યાનમાં છે ત્યાં કાંઈ પોપાબાઈનું રાજ નથી તે જેમ તેમ ચલાવી લ્યે. તમારે તો દેહની ને દીકરાની હાનિ થાય ઈ હાનિ છે ને અમારે ત્યાગીને તો દેહ છે ઈ જ દિકરો છે. **'શુકજીએ નથી સંઘર્યું રે ધાતુ વળી ધન...'**તે બોલ્યા ને વાત કરી જે નિષ્કુળાનંદસ્વામી એટલે નિષ્કુળાનંદસ્વામી ! કુળને મેલીને નિષ્કુળ થયા એનું કુળ અવિનાશી છે. એકતાલીસ વર્ષ ઘરે રહ્યા ને એકતાલીસ વર્ષ ત્યાગી રહ્યા. એમાં કેટલાય શાસ્ત્ર કર્યા ને ધોલેરાનું મંદિર કર્યું. **'કુળ તજીને નિષ્કુળ થયા તેનું કુળ અવિનાશજી; મોરે અમારા કુળમાં મૃગે કર્યું તું વિઘનજી'** દયાએ કરીને હેત કર્યું તો ય બંધન થયું તો સ્વાર્થે કરીને હેત કર્યું હશે એનું શું થાશે ઈ તો વિચાર કરો !

**'પાછી વૃત્તિ રહે કરું ઉપાય, હવે એહનો દેશ વિદેશજી;**
**કોઈ રે ઉગારે મુને કાળથી, સોંપુ તેને આ શિશજી'**

તે બોલ્યા. એમ જેને થાય કોઈ મને કાળથી ઉગારે એને માથું સોંપી દઉં. કોઈને સાંધો રહેવાનો નથી. ધણી ધણીયાણીને સાંધો રહેવાનો નથી તો બીજાની સાથે સાંધો કયાંથી રહે ? આત્મરૂપ થાવું ઈ બહુ જબરી વાત છે. દેહરૂપ આળસી જાવું ઈ બહુ કઠણ છે. અંતરમાં ટાઢું હોય છતાં વચન મારે તો ભડકો થાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૯૧ ॥**

## ૫૯૨. મોહ ટાળવાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૩ ત્રીજ ને મંગળવાર તા.૧૯-૦૯-૧૯૭૮ ને દિવસ પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય

ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી, ને પુરૂષોત્તમભાઈ વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે સારૂં ગમતું આળસી ગયું એટલે મોહ ઉડી ગયો. સારૂં ગમે છે ત્યાં સુધી મોહ છે. સારામાં લોભાણો એટલે નરસાથી વેગળો થાય. સૌને સારૂં જોઈએ છે. ભગવાનને તો કોઈને ન જોઈએ. ઈ ચીજ જોઈએ છે. ઝેર કર્યું પણ સમજીને કર્યું છે. ઝેરના ખાનારા પણ હશે. આપણે ખાતા હોઈએ તો આપણા સારૂ થઈને કર્યું છે. વાત કરામત છે. કળાય નહીં પણ રોગ માત્રને નાબુદ કરી દ્યે. દેખાય નહીં પણ બ્રહ્મરૂપ કરી મેલે. આ લોકનું સુખ સમજી રાખ્યા જેવું છે. ગમે એવું હેત છે પણ ગામના પાદર સુધી. બાયું માણસ પાદર સુધી જાય ને ભાયું સ્મશાન સુધી જાય. આવું આ લોકનું હેત છે. ન જોઈએ ઈ હેત અલૌકિક છે. જેની સારૂ કજીયો છે ઈ ન જોઈએ ઈ હેત ભગવાનનું. તે ઉપર જનકરાજા અને શુકદેવજીની વાત કરી. આ કલેવર જેવી કોઈ નકામી ચીજ નથી. 'તુમ હો તુમસે નાથ ઓર ઉપમા જડજાની' માપ ન થઈ શકે એવા છે. એને કઈ ચીજ અર્પણ કરવી ! માટે આ કલેવર ખોટું છે ઈ અર્પણ કરી દઉં એમ શુકદેવજીએ જનક રાજાને કહ્યું. સિદ્ધદશા પ્રાપ્ત થઈ પણ અજ્ઞાની તો હતા; ને જનકરાજા જ્ઞાની હતા.

પોતે જ પોતાનું બગાડ્યું હોય એને આપણે કેમ સુધારવો ! મનુષ્યદેહ મળ્યું ને જમપુરી ને લખચોરાશી ઉભી કરી એને કઈ રીતે સુધારવો ? એને માટે તો દુઃખનો પાર નથી ! તમે જે કામ કરો એમાં વૃત્તિ રહે ઈ વૃત્તિ આ લોકમાં અલૌકિક છે. જો એવી સ્થિતિમાં બ્રહ્મા નહોતા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ થયા; જો એવી સ્થિતિમાં નારદજી નહોતા વર્તતા તો પરણવાનું મન થયું; જો એવી સ્થિતિમાં ઈંદ્ર ચંદ્રાદિક નહોતા વર્તતા તો કલંક લાગ્યા. હવે ઈ સ્થિતિના લક્ષણ કહે છે. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તો પ્રેમેયુક્ત રાખવી ને ભજનના કરનારામાં વૃત્તિ

વિચારે યુક્ત રાખવી. ભગવાનના સ્વરૂપમાં વિચારનો પણ ત્યાગ કરવો. એક પ્રવાહ થાવો જોઈએ નોખો નોખો પ્રવાહ આળસી જાવો જોઈએ તો વીશ કોશનો પ્રવાહ થાય. નોખી નોખી વૃત્તિ આળસી જાવી જોઈએ તો એક વિચાર કહેવાય.

સ્થૂળમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહને વિસારી દેવું ને સૂક્ષ્મ દેહમાં વર્તવું ત્યારે સ્થૂળદેહને વિસારી દેવું. સ્થૂળમાં વર્તતા હો ત્યારે સૂક્ષ્મને શા માટે સંભારવું ? સૂક્ષ્મ દેહના ઘાટ સૂક્ષ્મ ભેળા રાખવા ને સ્થૂળદેહના ઘાટ સ્થૂળ ભેળા રાખવા એટલે આત્મારૂપ થઈ ગયા. જગતથી નોખા પડી ગયા. સૂક્ષ્મ દેહના ઘાટ સૂક્ષ્મદેહમાં વર્તો ત્યારે સાચા ને સ્થૂળદેહના ઘાટ સ્થૂળ દેહમાં વર્તો ત્યારે સાચા. વીશ કોશનો પ્રવાહ એક થાય તો ઈ બેયના ઘાટ આળસી જાય. બ્રહ્મા એવી સ્થિતિમાં નહોતા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ થયો. શંકરને પણ મોહ થયો. નારદજીને પરણવાનું મન થયું. શંકર સવિકલ્પ સ્થિતિના દેવ કહેવાય એમ આ સંપ્રદાયમાં આવ્યો એને રોટલા-પાણીની તાણ ન રહે પણ મોક્ષની વાત તો બાજુ પર રહી. આવું અલૌકિકપણું છે. સવિકલ્પ નિશ્ચય હોય એને રોટલા પાણી મળી જાય ને નિર્વિકલ્પ નિશ્ચય હોય એને કાંઈ જોતું નથી પણ સૂતા સૂતા આપી જાય.

એક કામ કરો પણ એક સાથે બે ન કરો. એક ઘોડે ચડાશે પણ બે ઘોડે નહીં ચડાય. મનુષ્યદેહ છે એના ચિત્તની વૃત્તિ એક છે. ભાવે તો હરિ ભજો ને ભાવે તો વિષય ભોગવો. ત્યાગી થાય એટલે સુખમાત્ર હાથ આવી જાય પણ ત્યાગી થયા પછી વાસનાનું દુઃખ રહે છે એનું શું કરવું ? ગૃહસ્થને નીતિમાં રહે તો સુખીયા થાય. નીતિ છે ઈ ન્યાયનો ધર્મ છે. અનાર્ય દેશમાં પણ નીતિ છે. એક પ્રવાહ થાવો જોઈએ. એક વિચાર થાવો જોઈએ.

**'ક્ષણે દષ્ટ ક્ષણે તુષ્ટ, દષ્ટા તૃષ્ટા ક્ષણે ક્ષણે'** એમ ન થાવું જોઈએ.

ઘડીક ત્યાગી ને ઘડીક રાગી એમ ન થાવું જોઈએ. તે ઉપર વામનપ્રસાદ સ્વામીની વાત કરી. ભગવાને પેટ આપ્યું છે તો ઈ જ ભરનારો છે. નચિંત-ચિંતા તજે. અનીતિ ને પ્રપંચ છે ઈ તો સંગને લઈને છે. પેટ દીધું ઈ જ પેટ ભરનારો છે. 'અનિચ્છે જો તનકુ આવત તનમેં રોગ' જે ભાગ્યમાં છે ઈ જરૂર આપી દેશે. ભાગ્યમાં છે ઈ તો મળી રહેવાનું છે. ઠોકર મારો; નાખી ઘો; સમુદ્રમાં નાખી ઘો તો પણ પોતાના ભાગ્યની વસ્તુ મળી જાવાની છે. એની રક્ષા ન કરવી પડે. સાચવવી ન પડે. ને મળે છે. ઈશ્વરની બહુ મોટી શક્તિ છે. કીડીને કણ આપી ઘે ને હાથીને હારો આપી ઘે. ઈ આપણા ઈષ્ટદેવ છે. ને એણે આપણા દુઃખમાં ભાગ લીધો છે. હવે આપણે શા માટે દુઃખીયા થાવું ? જો અનીતિ ન કરો તો ય પેટ તો ભરાય જ. ને અનીતિ કરો ઈ મર્યા પછી આડું આવશે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૨ ॥**

## ૫૬૩. જગતથી જુદા પડવાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદ ૪ ચોથને બુધવાર તા.૨૦-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.જોગીસ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે સ્નાન કરવા પધાર્યા ને દાતણ કરતાં કરતાં કુરજી ભગતને ઉદ્દેશીને વાત કરી જે ભગવાન અને ભગવાનના ભક્ત જેમ વર્તતા હોય એમ આપણે વર્તવું. ઈ સ્વતંત્ર વર્તે તો આપણે સ્વતંત્ર વર્તવું. ઈ પરતંત્ર વર્તે તો આપણે પરતંત્ર વર્તવું. ઈ સમર્થપણે વર્તે તો આપણે સમર્થપણે વર્તવું. ઈ અસમર્થપણે વર્તે તો આપણે અસમર્થપણે વર્તવું. ઈ જેમ રાજી હોય એમ વર્તવું. આ લોકમાંથી નોખા પડવાનો રસ્તો બતાવું. એક સાંખ્યવાળા નોખા પડે છે ને એક યોગવાળા નોખા પડે છે. એક તમે ગૃહસ્થ નિયમે કરીને નોખા પડો છો. એક વિશાળ બુદ્ધિવાળો નોખો પડે છે. સાંખ્યવાળો મિથ્યા જાણે છે. ખાધું ઈ મિથ્યા. જોયું ઈ મિથ્યા. યોગવાળો અષ્ટાંગયોગે કરીને નોખો છે. વેદાંતિ એમ કહે છે કે ઈંદ્રિયું અંતઃકરણ જ

નથી તો જાશે ક્યાં ? એમ નોખા પડે છે. એક દુર્વાસાની જેમ નોખો પડે છે. આ વાતને દ્રૌપદી જાણી ગયા. એમ અનેક પ્રકારથી નોખું પડાય છે ને રાગે કરીને ભેગું થવાય છે. રાગથી બંધન થાય; રાગથી ન કરવાનું કામ થાય; રાગથી પાપ થાય; રાગથી પુન્ય થાય. રાગથી દુઃખ થાય; રાગથી કલેશ થાય. થોડાકમાં એટલું જ કે ભગવાન અને ભગવાનના ભક્તનો વિશ્વાસ થયો એટલે પતી ગયું. બ્રહ્મવેત્તા સંતના વચનમાં વિશ્વાસ એનું નામ નિશ્ચય; એનું નામ ભક્તિ, જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા છે. આ તો બગાસુ ખાતા સાકરનો ગાંગડો મોઢામાં પડી ગયો એવું છે. પણ આ જીવ આળસુડો છે. આ સભા છે ઈ શ્વેતદ્વિપ, વૈકુંઠ, બદ્રિકાશ્રમ, ગોલોક એથી પણ અધિક છે. પણ એમ મનાવું કઠણ છે.

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી સ્વામીએ વાત કરી જે ભક્તિમાં સ્વભાવ વધે ને ધ્યાનમાં દેહાભિમાન વધે. ઉપવાસ કર્યો હોય પણ પીરસવા જાય તો જમવાનું મન થઈ જાય. ને ધ્યાનમાં એમ થાય કે જે બેઠા ઈ લાભ. ન બોલવું હોય તો ય બોલવા મંડી જાય. મુક્તાનંદસ્વામી જેવો એક સાધુ કરવો કઠણ છે. સતજુગના ધર્મ આજ કળિયુગમાં ન હોવો જોઈએ. સતજુગમાં દેહાંત દંડ લખ્યો છે પણ કળિયુગમાં એવું પ્રાયશ્ચિત ન અપાય. ધુળધોયા જેમ ધુળમાંથી ધાતુ ખોળે છે એમ પામર અને વિષયીમાંથી અમે મુમુક્ષુને ગોતીએ છીએ. આવરણમાં આવી ગયા હોય પણ વરસાદ વરસે ત્યારે ઉગી નીકળે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૩ ॥**

## ૫૬૪. પૃથ્વીના માધ્યમથી નિશ્ચયનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૫ પાંચમને ગુરૂવાર તા.૨૧-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે વિમુખ જીવ અને ભક્ત ઈ બેય ને ઓળખી ગયો એટલો જ નિશ્ચય છે. એને સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ કહ્યો છે. સર્વ મનુષ્યમાં બુદ્ધિવાળો છે. નિશ્ચય વિનાનો છે એને જોઈને આપણને પસ્તાવો થાય છે કે આને સાવ સમજણ નથી. શાસ્ત્ર માત્ર ધર્મ-અર્થ ને કામ પર છે. એને અર્થે જપ, તપ, તીર્થ, વ્રત, દાન કરે છે ઈ વિમુખ જીવ છે અને ભગવાનના ભક્ત છે ઈ ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. ઈ બેયની ક્રિયાને સમજે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિવાન છે. ને મોક્ષને યોગ્ય છે. કર્મની ઈચ્છા છે ઈ ઘોડે ચડ્યો છે. ઈ બેને ઓળખી ગયો ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. એને જ જ્ઞાની કહ્યો છે. સર્વકર્મનો કરનારો છે તો પણ અકર્મ છે. મોક્ષને યોગ્ય છે. ફળનું અનુસંધાન હોય તો ખબર પડે; પણ ફળની ગતિની ખબર ન હોય તો ન ખબર પડે ! ભગવાન સંબંધી ક્રિયા સમજીને જ કરવાની હોય ને વેવાર સંબંધી કાર્ય વિચારીને કરવું નહિતર તો ટપર્યમાં ખાવું પડે ! હું આઠ જન્મ સુધી વાત કરીશ ત્યારે તમને ખબર પડશે. સવિકલ્પની કિંમત થાય તો તમને નિર્વિકલ્પની ગતિ પડે. નિર્વિકલ્પમાં જવાય કેમ ? સાત્ત્વિક ને સેવો તો નિર્વિકલ્પમાં કોઈક દિવસ તમને આસન મળશે. ભજનારામાં દોષનો અંશ ન હોવો જોઈએ. દેહાભિમાન હોવો ન જોઈએ. બડવાલ હોવો જ ન જોઈએ. કાટ હોવો જ ન જોઈએ. તો નિર્વિકલ્પમાં ઘટે.

'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ' ઈ દરરોજ આપણે બોલીએ છીએ. નિર્વિકલ્પ નિશ્ચય બહુ મોટી વ્યક્તિ છે. નિર્વિકલ્પમાં કનિષ્ઠ નિશ્ચય છે ઈ પણ આત્મારૂપ છે. આત્મારૂપ થયા પછી બંધ બેસે. આત્મારૂપ શુકજીના જેવો છે. તે ઉપર શુકદેવજીની વાત વિસ્તારથી કરી. પોતે તો સિદ્ધ હતા પણ એની સાથે જેનો જન્મ થયો ઈ પણ સિદ્ધ થઈ ગયા. માણસ માત્ર એમ પ્રતિબિંબ કરે કે આ પણ મારા જેવો છે. ચંદ્રને જોઈને માછલું પોતા જેવો જ ચંદ્રને માને છે. પૃથ્વીના મનુષ્ય છે ઈ ભગવાનને અને ભગવાનના ભક્તને પોતા જેવા જાણે છે.

**अवजानन्तिमां मुढाः मानुर्षी तनुमाश्रितम् ।**

**परंभाव मजानन्तो मम मूत महेश्वरम् ॥**

તેમ ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામીને મહામૂઢ શું જાણી શકે ?

ભગવાન ને સાધુ અને સત્સંગ જેવા છે એવા જણાય જાય તો કાંઈ ખામી ન રહે. પણ આપણે દેહના આવરણમાં સલવાણા છીએ. આ સાધુની વાતુની ગતિ એવી છે કે તમને માયામાંથી કાઢ્યા વિના રહેશે જ નહીં. માયા રૂપી ગુફા છે એમાં આપણે ગરી ગયા છીએ. ભગવાન અને સાધુ સજાતિય થયા છે તે કાઢી નાખશે. સમજણ સમજણમાં બહુ ફેર ! કયાં જીવ ને કયાં ઈશ્વર ? **'કયાં કીડી કરિ મેળાપ ભેળું થાવા ભારે ભેદ છે રે જેણે રચ્યું આ જગત જાણો એ જુજવી જાત્યનું રે; જોતા મુંજાઈ જાય મત્ય, કર્યું એવું ભાત ભાતનું રે'** એવું તો માતાપિતા પણ ન કરી શકે. ઠોળિયું ઘડાવી દ્યે પણ કાન કયાંથી આપી દ્યે ? પાઘડી લઈ દ્યે પણ માથું કયાંથી આપી દ્યે ? વેચાતી હોય અવતારની ગતિ બહુ જબરી છે. દોષ છે ને દોષ રહિત કલ્યાણ કર્યું. જો એમાં દોષ ઘટાડો તો ભગવાનમાં પણ દોષ ઘટાડ્યો ગણાય.(વચનામૃત સારંગપુર ૧૪મું) કોઈ કહેશે કે રાધિકાજી પડ્યા. એમ કહે તો ભગવાન પણ પડ્યા કહેવાય. આંય થયા આહિરાણીજી! કૃષ્ણ જન્મખંડમાં રાધિકાજીનું નામ છે પણ બીજે કયાંય નથી. સવિકલ્પ નિશ્ચયથી દોષ ટળી ગયો; એને દોષિત કહે તો એને સવિકલ્પ નિશ્ચયની ખબર નથી. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિથી સિદ્ધ થયો પણ એને શુદ્ધ સત્ત્વાત્મક કહે તો એને ભાગવતના પૂર્વાપર સંબંધની ખબર નથી. આ લોકમાં કેટલી ય વાર જન્મ લીધા હશે, જગતના સુખને ભોગવ્યા ઈ પણ પસ્તાય છે ને નથી ભોગવ્યા ઈ પણ પસ્તાય છે. ધૂમાડાનો ભારો બાંધ્યા જેવું વિષયનું સુખ છે. સિદ્ધ થયો ઈ પડે નહીં ને પડે તો ભગવાન પણ

ભેળા પડ્યા ગણાય. જય વિજય અને રાધિકાજીને પડ્યા કહીએ તો એને કોઈ દિવસ ભગવાનનો પાછો સંગ ન થાય. પડ્યા એમ લખ્યા ઈ તો ભગવાનના ભક્તનો મહિમા વધારવા સારૂ પડ્યા એમ લખ્યું છે. ભગવાનના ભક્ત સાવ મામૂલી જણાય પણ અલૌકિક છે. એની મોટ્યપને તો દેવ પણ ન કહી શકે. એની મોટ્યપ થોડીક કહીએ. વાઈસરોય મોચીનો દિકરો છે. ને પરદેશનો છે. ત્રણ વરસ રાજ કર્યું ને પછી ફરવા નીકળ્યો ને ખંડીયા રાજા છે ઈ એને માટે લાખો રૂપિયાનું ખરચ કરે છે એવો વાઈસરોય છે. એટલો ખંડીયા રાજા અને વાઈસરોયમાં ફેર છે. અક્ષરધામના મુક્તની આવી મોટ્યપ છે ને અવતાર તો બધા ય ખંડીયા રાજા છે. અક્ષરધામનો મુક્ત છે ઈ ગવર્નર સાહેબ જેમ સભામાં બેઠો હોય ને બોલાવે નહીં તો કોઈ ધોખો ન થાય તેમ અક્ષરધામના મુક્ત ભેળા રહેતા હોઈએ ને ઈ આપણને ન બોલાવે તો પણ આપણે ગરીબ માનવા. આ તો અતિશય મોટા છે ને આની આગળ લાખો માણસ હાથ જોડીને ઉભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી ને હું અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત છું માટે મને ધિક્કાર છે; એમ પરિતાપ કરે. આને પ્રતાપે હું ગોદડી ઓઢતા શીખ્યો છું, આને પ્રતાપે હું રસોઈ કરતાં શીખ્યો છું એમ માને. બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. કાંઈ આડું ન આવે પણ આ વાત સમજાય તો આટલી તાગાત આવે ! ગિરનાર જેવો કામ, મેરૂ જેવડો માન, લોકાલોક જેવડી વાસના ઈ સર્વના મૂળીયા ઉખેડી નાખવા છે. આવું જ્ઞાન આપવું છે. બડવાલ રહી જાય એવું જ્ઞાન આપવું નથી.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણા બારની ઓસરી યે વિરાજમાન થયા અને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી સ્વામીએ વાત કરી જે અમે અક્ષરધામમાંથી આ લોકનું કાર્ય કરવા આવ્યા નથી. અમે તો આ કલેવર કેમ નિયમમાં આવે, ઈંદ્રિયું કેમ નિયમમાં આવે, સ્વભાવ કેમ નિયમમાં આવે એટલા માટે અમે અક્ષરધામમાંથી

આવ્યા છીએ. કેટલા ય તો એમ કહે છે કે ભેંસ દોવા દેતી નથી તો પાણી મંત્રી ઘો એમ અમને માને છે પણ અમે એટલા માટે આવ્યા નથી.

મોટો ભૂલ્ય કરે તો પોતાની સ્થિતિમાંથી પડી જાય ને સાધારણ વાંકમાં આવે તો દંડ થાય. પંચમ સ્કંધનું રહસ્ય લખ્યું છે ઈ ગઢડા મધ્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં છે. અમારે ત્યાગીને એટલું દુઃખ કે ધૂળ જેટલો ય માલ ન હોય પણ એને બોલાવવા પડે ! જો તમારે અક્ષરધામમાં જાવું હોય તો બીજા કોઈને ઓળખવાની જરૂર નથી. ઉત્તમ દૃઢતા હોય તેને પણ દેશ કાળાદિક આઠ ઉડાડી ઘે પણ મધ્યમ દૃઢતાને ન ઉડાડી શકે. મધ્યમ છે ઈ અંતઃકરણનો ગુણ છે. જો મોટા પુરૂષનો રાજીપો હોય તો દેશકાળાદિક છે ઈ મધ્યમને પણ કાંઈ ન કરી શકે. ને મોટા પુરૂષનો રાજીપો ન હોય તો ઉત્તમ દૃઢતાને પણ ઉડાડી ઘે છે.

રજોગુણ છે એમાં સત્પુરૂષનો મેળાપ છે. સ્વર્ગમાં સત્ત્વગુણ છે ને પૃથ્વી ઉપર રજોગુણ છે. પૃથ્વી ઉપર છે એનું કલ્યાણ થાય છે ને સત્ત્વગુણી પ્રકૃતિવાળાનું કલ્યાણ થાતું નથી કારણ અહીંયા પૃથ્વી ઉપર રજોગુણ છે પણ ભગવાનનું સામીપ્યપણું છે. એટલી વાત કરીને ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૫મું વચનામૃત વંચાવ્યું. ભગવાનજીભાઈએ વાંચ્યું પછી વાત કરી જે પૃથ્વી ઉપર ભગવાનનો અવતાર છે એટલે અહીંયા રજોગુણીનું પણ કલ્યાણ થાય ને ઓલ્યાને સ્ર્વગમાંથી પણ અહીંયા આવવું પડે છે. ઉત્તમ દૃઢતા એટલે સાત્ત્વિક પ્રકૃતિવાળા છે એને પણ દેશકાળાદિક આઠ ઉડાડી ધ્યે છે તો મધ્યમ અને કનિષ્ઠ દૃઢતાની તો શી વાત કરવી ? દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ છે તો પણ આને દેશકાળ લાગતો નથી તો એને પૂર્વના ભારે બીજબળ છે ને મોટાનો રાજીપો છે. ગમે એવો સમર્થ હોય, પણ એને દેશકાળ છે ઈ ઉડાડી ઘે; પણ એના ઉપર મોટાની કરૂણાદૃષ્ટિ થઈ ગઈ તો સ્થિતિ રહે નહિતર અધોગતિને પાત્ર થાય ને કયાંય ઉડાડી ઘે. દેશ, કાળ, ક્રિયા, સંગ ભૂંડા છે તો પણ દૃઢતા જેમ છે એમ રહે તેનું શું કારણ

છે ? તો એને પૂર્વનો ભારે સંસ્કાર છે ને મોટાનો આશીર્વાદ છે. જેમ આ ગામમાં રવજીશેઠ આશીર્વાદનું પાત્ર હતા તો એની દેશકાળમાં રક્ષા થઈ.

સવિકલ્પ નિશ્ચયવાળાની આગળ બ્રહ્મા-વિષ્ણુ-શિવ એ કોઈપણ દેવની ગણતરી નથી તો નિર્વિકલ્પ નિશ્ચય વાળાની કેવડી મોટ્યપ હશે ! સાત્ત્વિક પ્રકૃતિવાળા છે ઈ ઉત્તમ દૃઢતાવાળા છે ને આ લોકમાં રાજસી પ્રકૃતિવાળા છે તો પણ આની એમ ને એમ દૃઢતા રહે છે તો એના ઉપર મોટાનો રાજીપો છે કે પૂર્વના ભારે બીજબળ છે. આ સત્સંગમાં ઉત્તમ હશે એનું બહાર નીકળશે પણ બીજા બધાયનું નહીં નીકળે. કનિષ્ઠ અને મધ્યમ દૃઢતાવાળાને પૂર્વના ભારે ભૂંડા સંસ્કાર છે માટે હવે તો સાવધાન થઈને મંડે તો વાંધો નથી ને ખબડદાર થઈને મોટા પુરૂષની સેવામાં મંડ્યો રહે. સેવા એટલે એને શું ગમે છે અને એને શું ઈચ્છા છે. સમય હોય તો તુચ્છ પદાર્થમાં રાજી થઈ જાય. નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે. રજોગુણી પ્રકૃતિવાળાને દેશકાળ ન નડે ને સાત્ત્વિક પ્રકૃતિવાળાને દેશકાળ નડે છે. સવિકલ્પ નિશ્ચયવાળો છે એનો નિશ્ચય થયો ત્યારે તમને તમારો દોષ સુઝે. મનુષ્યની બરોબર કામ ક્રોધાદિક હોય; બમણા પણ હોય ને ગમે એવું જુગટુ, દારૂ, માટી એમાં પ્રવર્તે તો પણ સંશય ન થાય તો સવિકલ્પ નિશ્ચયવાળો ગણાય. મનુષ્ય ન કહો તો શી રીતે તમે નિશ્ચય કરી શકો ? મોક્ષદાતા આ સૃષ્ટિકાળમાં ઉત્પન્ન થાય છે ઈ ન ઓળખાય. બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દશ દશ મૂર્તિઓ છે એમ મોક્ષદાતા ઉત્પત્તિકાળમાં રહ્યા હોય એને કેમ ઓળખવા ? પ્રકૃતિ વિનાનો, દોષ વિનાનો નિષ્પાપ હોય તે નિર્સ્વાદી હોય તેને પાછો નિશ્ચય હોવો જોઈએ. નિષ્પાપ હોય પણ નિશ્ચય ન હોય તો કાંઈ કિંમત નહીં. સવિકલ્પ નિશ્ચય બહુ જબરી વાત છે. આ સત્સંગમાં આપણે સવિકલ્પ નિશ્ચયથી જ મેદાનમાં પડ્યા છીએ તો પણ કાળ નડી શકતો નથી. પુરૂષ પ્રયત્ન કરતો હોય તો પણ જમપુરીમાં જાવાનો વારો આવી જાય ને પુરૂષપ્રયત્ન નથી કરતો પણ

જો મોટા પુરૂષનો રાજીપો હોય તો અક્ષરધામમાં જાવાનું થઈ જાય. ખપ જાગે તો આ લોક વૈકુંઠ સમાન થઈ જાય તે ઉપર ગોપાળજોગીની વાત કરી. મહારાજને અલૌકિક જાણ્યા તો પોતે પણ અલૌકિક થઈ ગયા. ધર્મ-જ્ઞાન-વૈરાગ-ભક્તિ દેહાત્મબુદ્ધિને દૃઢ કરાવે છે. ગમે એટલો ધર્મ પાળે પણ મોટાઈની ઈચ્છા રહે છે. રાજાનું કામ કરીએ તો પણ ભાર ઉપાડવો પડે તો રાજાની ચાકરી શું કામની ? એમ ભગવાન જેવા ભગવાન છે એની ભક્તિ કરીએ છીએ તો પણ કંગાલપણું ન મટે તો શું કામનું ? ભગવાનનું એક નિમિષમાં દર્શન થયું હોય તો પછી જગતની વાસના શું કરી શકે ?

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૪ ॥**

## ૫૯૫. વિવેકનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૭ સાતમને શનિવાર તા.૨૩-૦૯-૧૯૭૮ને દિવસે પૂ.જોગીસ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં વિરાજમાન થયા હતા ને સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ભગવાન જ્યારે મનુષ્ય દેહ ધારણ કરે ત્યારે એમાં વિશ્વરૂપની કળા હોય. પોતે કામ કર્યું હોય પણ બીજાએ કર્યું છે એમ કહે. પોતે ઐશ્વર્ય વાપર્યું હોય પણ બીજાએ ઐશ્વર્ય બતાવ્યું છે એમ કહે !!!

નિત્યે સવારમાં ઉઠીને ભગવાન અને ભગવાનના ભક્તના દર્શન થાય. અહો ભાગ્ય છે ! તમારા તો અહો ભાગ્ય છે; પણ અમારા પણ અહો ભાગ્ય છે.

**‘જોઈ મારણને મન માને રે, અન્ય જોવા આંખ મીંચી છે;**
**એવા લક્ષણવાળા લાખું રે, દીઠા મેં દગે ભરીયા.**

**કામી બોલે કામ ભરીયું રે, લોભી બોલે લોભ લહી;**

**સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી.**

વિવેક વિચાર કાયમ રહેવો ઈ તો બહુ જન્મના પુન્ય હોય તો જ રહે. નહિતર તો સત્ય-અસત્ય કોણ છે ઈ ખબર ન પડે. સત્-અસત્નો વિવેક તો પૂર્વના ભારે બીજબળ હોય તો ખબર પડે. ભારે ભાગ્ય છે; ભગવાન અક્ષરધામમાંથી અહીંયા આવ્યા. સુખ-સુખ-સુખ.

**'જયાં સુખના દરિયા, તીયાં વસી રહ્યા વાસ રે,**

**તેજ તેજ જયાં તેજ અંબાર, તેજોમય તન તેના રે,**

**અનંત મુક્ત જ્યાં આનંદે ભરીયા, રહે છે પ્રભુજીની પાસ રે'**

જયાં કાળ ન પડે, ટાઢ ન પડે, કાંઈ દુઃખ ન નડે એવું ઠેકાણું મેલીને અહીંયા આપણી ભેળા આવ્યા; છાણ મેળવ્યું; હેઠા બેસી ગયા. સર્વ સંતને પલાળેલો બાજરો આપે ને એમ કહે કે ભગવાન કેવા દયાળુ છે તે બાજરો આપે છે ! વળી ગાડુ એક તો છાણ લેવા જાય. સરજુદાસ એટલે સરજુદાસ ! છોકરીઓ છાણ લેવા આવે એને ઉંધું બ્રહ્માંડ દેખાય ! શંકરને મળ્યા ત્યારે બીજું નામ. નવલખે ચડ્યા ત્યારે બીજું નામ. બહુનામી છે. નારાયણ કવચ ને જનમંગલ; એમાં ભગવાનના નામનો પાર નથી. ઈ નામ લેતા આ લોકમાં ય સુખીયો ને પરલોકમાં ય સુખીયો. ભગવાનની સામુ જુવો ત્યાં જ સુખીયા થઈ જાવ. ભગવાનની માયાનું વિસર્જન થઈ જાય. ભગવાન બહુ મોટા ! આવા ભગવાન તો કોઈ દિ' સ્વપ્નામાંય નહીં આવ્યા હોય. પાંપણ જેમ આંખની રક્ષા કરે, હાથ ડોકની રક્ષા કરે, રાજા પ્રજાની રક્ષા કરે એમ ભગવાન ભક્તની રક્ષા કરે છે.

**'તું હાલે ડગલું તો હું હાલું હાથ;**

**તું કોરે કાટ, તો હું લોઢાની લાઠ'**

એવા ભગવાન છે. આપણે અહીંયા સંભારીએ ત્યાં તો ઈ

અક્ષરધામમાંથી અહીંયા આપણા માટે આવે એવા ભગવાન છે. **'હિંમતસુ હરિ ઢુંકડા, કાયરસુ હરિ દૂર'** એમ લખ્યું છે. આ વાત સમજાઈ જાય તો શુષ્ક મન ન રહે; કંગાલ મન ન રહે. અહો અહો થઈ જાય! આનંદ આનંદ થઈ જાય. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી સ્વામીએ વાત કરી જે જો ભગવાનના નિશ્ચયમાં ફેર ન હોય, તો આનંદમાં પણ ફેર ન હોય. વિષયમાં આસક્તિ થાય તો વ્યાધિ. ને આનંદ છે ઈ ભગવાનનો છે. અને સુખ છે ઈ પંચવિષયનું છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૫ ॥**

## ૫૬૬. અવસ્થા લય થાવાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૮ આઠમને રવિવાર તા.૨૪-૦૯-૧૯૭૮ને દિવસે પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા. પછી ગોંવિદપ્રકાશ સ્વામીએ સાક્ષાત્ સવિતાનું ૨૪મું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે દિવ્ય સ્વરૂપ ને મનુષ્ય સ્વરૂપની તાગાત સરખી છે એમ માને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાનો લય થાય. **'દિવ્યરૂ માનુષ એકરૂપ કરિકે દઢ ચિન્ના, અલખ લખ્યા, સાક્ષાત્ ભઈ યહ બાત નવીના'** ન લખાય એવા ભગવાનને લખી નાખ્યા ઈ કેવડી વાત છે ! નિશ્ચય કરે તો ખરાબ સ્વપ્ના નાશ પામી જાય. જાગ્રતમાં સુષુપ્તિ છે ને સ્વપ્ન છે, એને અટકાવો એટલે ઓલી સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા અટકી જાય. જેવું મનુષ્યનું જાણપણું છે એવું અક્ષરધામની મૂર્તિનું જાણપણું થાય તો અવસ્થા આળસી જાય. મનુષ્યભાવમાં દિવ્યભાવ થાય એટલે પતી જાય. દિવ્યભાવ એટલે મર્યાદા છે. મા-બેન અને દિકરી સામુ જોતા શરમ લાગે એવી મર્યાદા છે. આ કિરણ બહુ સરસ છે. વેદાંતિ બધાં ય થરેરી જાય. સાંખ્યવાળાનું પણ ગજું નથી. વેદાંતિ એમ કહે છે કે મારે ઈંદ્રિયું જ

નથી તો જાશે ક્યાં ? જીવમાં વાત ઉતરી જાય તો ઈદમ્ કહેવાય. તો જ્યારે જોઈએ ત્યારે કામ આવે. મુક્તાનંદસ્વામીને ફેર(ફરી) વિચારવું જ ન પડે. સામો ક્રોધ કરે તો પણ પોતે ક્રોધ ન કરે એવા અતિશય ધીરજવાળા હતા. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ છે. એમાં સ્વપ્ન અને સુષુપ્તિ અટકાવોતો જાગ્રતમાં સ્વપ્ન અને સુષુપ્તિ અટકી જાય છે. જાગ્રત વિશ્વાભિમાનીની છે. સ્વપ્ન તૈજસાભિમાનીની છે ને સુષુપ્તિ અવસ્થા પ્રાજ્ઞાભિમાનીની છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિનું અભિમાન એનું નામ જીવ.

સુખ છે એમાં દુઃખ દેખવું એનું નામ એકાંતિક કહેવાય. લાડવામાં સુખ છે એમાં દુઃખ દેખે કે એકલશૃંગીનું આમાંથી ભૂંડું થયું છે એમ દેખે તો એકાંતિક કહેવાય. સ્ત્રી પુરૂષનું ભાન નહોતું, એને પણ છોકરા રમવા મંડ્યા. એમાંથી એક શબ્દ પણ બરાબર રાખ્યો હોય તો તમે આકાશમાં ઉડવા મંડો ! અલૌકિક થાવ તો બંધ બેસે. સુખ દુઃખમાં સમભાવ થાય તો બંધ બેસે. પણ સુખમાં રાજી થાવ ને દુઃખમાં શોક થાય એમ ન થાવું જોઈએ. જાગ્રતને એકને બરાબર જુવો તો બીજી અવસ્થા ભણેણીને ભાગી જાય. જાગ્રતમાં એકને મજબુત કરો તો ઓલી બે ય મજબુત થઈ જાય.

પોતાનું દુઃખ બીજાને ન કહે તો કોઈ હલકી વાત ન કરી શકે. પોતાની પ્રકૃતિ પ્રમાણે વરતાવે. પોતાના પક્ષમાં લઈ લ્યે. તદાત્મકપણું એટલે કાંઈ જાણવું બાકી ન રહે. છે તમારા ખીસ્સામાં પણ મારા ખીસ્સામાં આવી જાય એનું નામ તદાત્મકપણું કહેવાય. ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ જેને એવું તદાત્મકપણું થયું હોય એના સંગથી એવું તદાત્મકપણું થાય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૬ ॥**

## ૫૬૭. સમ્યક્ સમાધિનું તથા પુરૂષોત્તમ, અક્ષર અને મુક્તના તેજનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૯ નવમીને સોમવાર તા.૨૫-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે વિજય

ઈન્ડસ્ટ્રીઝમાં સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોંવિદપ્રકાશસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૨૯મું વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે બીજા બધા ય મોક્ષભાગી છે ને આપણે સ્વાર્થમય છીએ. ભક્તને જ મોક્ષભાગી સમજે, એને જ અલૌકિક સમજે તો કામ થઈ જાય. એ તો બ્રહ્મની જ મૂર્તિ છે. એને વિષે દેહભાવ લાવવો જ નહીં. ઈંદ્રિયુંની ક્રિયા આત્મા સન્મુખ થાય તો સમાનબુદ્ધિ થાય ને દેહ સામી વૃત્તિ થાય તો વાતે વાતે ધોખો થાય. વાતે વાતે ગુણ અવગુણ લીધા કરે.

**'ક્ષણે રૂષ્ટા, ક્ષણે તુષ્ટા; રૂષ્ટા તુષ્ટા ક્ષણે ક્ષણે.'**

ઘડીકમાં રાજી ને ઘડીકમાં કુરાજી. ઘડીકમાં બધાય ને આપણા કરી દેવા ને ઘડીકમાં બધાય સાથે બગાડી નાખવું એવો આ જીવ છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને સભામાં બિરાજમાન થયા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે ભગવાનના ગુણ ગાવા બહુ જબરી વાત છે. ભગવાન અને ભક્તને જોઈને સમાધિ થઈ જાય છે. ગુણ સંભારવા ઈ અંગી સમાધિ કહેવાય. ભગવાનને સંભારવા, એનો મહિમા વિચારવો ઈ સમ્યક્ સમાધિ કહેવાય.

એટલી વાત કરીને પછી વંથલીમાં લક્ષ્મીદાસ નરશીભાઈ એન્ડ કું. નું ઉદ્ઘાટન કરવા પધાર્યા ને ત્યાં આસન ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ભાણજીભાઈ તથા લક્ષ્મીદાસભાઈ વગેરે એ સ્વામીની પૂજા કરી. પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનના ચરિત્ર અમૃત છે; ઈ થી પણ ગળ્યા છે. પણ તે વસ્તુ અંગી સમાધિ ગણાય છે ને ભગવાનના ગુણ, ભગવાનની અદ્ભૂત કળા, આવ્યા ગયાની રીત અતર્ક છે, તે જણાય કેતા

ભગવાનના ભક્ત અદ્ભૂત છે તેમ જણાય તે સમ્યક્ સમાધિ છે. તે ભગવાનના ચરિત્ર ગાવવા ને ચરિત્રને વિચારવા ને ઈંદ્રિયુંની વૃત્તિને પાછી વાળીને કરવું તે અંગી સમાધિ ગણાય છે. માટે આ વાત સમજે તો જે જે વાતનો મુદ્દો છે હાથ આવી જાય. કીધું હોય પણ ઈ પ્રમાણે સમજી લેવું બહુ મુશ્કેલ પડે.

ઉત્તમ ભક્તને સંભારે ને ભગવાનની હારે સરખામણી આપે ને માનસીપૂજા કરે તો આ ને આ જન્મે એકાંતિક થાય. ભગવાનની અલૌકિક ક્રિયા ને ચરિત્ર એ જેવા ભગવાનના ભક્ત પણ છે. એની આવ્યા ગયાની ગતિમાં ભગવાન છે. પછી મંદિરે દર્શન કરી મીલે પધાર્યા પછી જાદવ બેચરભાઈ ગોંવિદભાઈ માણાવદરવાળાએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે સ્થિર બુદ્ધિ હોય તો શિશ્નુની ચંચળતા ન હોય ને જેની અસ્થિર બુદ્ધિ હોય તેને શિશ્નુની ચંચળતા હોય. ગમે એવો તરીયો હોય તો પણ એને ભમરી બુડાડી દ્યે તેમ ગમે એવો સાંખ્યવાળો હોય તો પણ એને સ્ત્રીરૂપ ભમરી બુડાડી દ્યે. સારો વિષય મળે એટલે મનરૂપી વાંદરો ઠેકડો માર્યા વિના ન રહે. અક્ષરની બહુ મહત્તા છે પણ દશ દિશાઓ ઓળખો તો બંધ બેસે. દશેય દિશાએ મનને વેગે હાલો તો પણ એનો અંત ન આવે એટલા મુક્ત છે. દાણા ભર્યા હોય ઠસોઠસ એમ ભર્યા છે પણ પુરૂષોત્તમના દર્શન કરવામાં કોઈ આડું ન આવે. એમ દશ દિશાઓ કલ્પાય છે. ભગવાનની સન્મુખ જોવામાં કોઈ આડા ન આવે એવું ભગવાનનું અર્તક સ્વરૂપ છે. અક્ષર, મુક્ત ને પુરૂષોત્તમ ત્રણેય પાસેથી ભગવાનનું સુખ મળે છે. લીલા ચરિત્રથી આનંદ પામ્યા એટલા પુરૂષોત્તમ પાસે ગયા છે. મુક્ત પાસેથી ભગવાનના ભક્ત અર્તક દેખાય. અક્ષરધામમાં રહ્યા છે એને તમે કથી ન શકો. માયા સામુ જુવે તો જગતનો સર્ગ થાય ને ભગવાન સામુ જુવો તો જગતનો નાશ થઈ જાય. આ સત્સંગ જેવો છે એવો જોવામાં આવે, સાંભળવામાં આવે, અનુકૂળ થાય તો બંધ

બેસે. સત્સંગ અલૌકિક પાણી પાતું હોય. કામ આવે. પણ આ તો બધાય લૌકિક પાણી પાય એવા છે. અલૌકિક પાણી શું ? તો ભગવાનના ચરિત્ર અતર્ક છે. ધાર્યામાં ન આવે. સાંભળવામાં ન આવે ઈ ભક્તને આવી જાય તો સાંભળવામાં આવે તો ઈ દિવ્ય રૂપે વર્તે છે ને ઈ અલૌકિક સ્થિતિમાં છે. ને આપણે લૌકિક સ્થિતિમાં છીએ. એટલે એના ચરિત્ર કળ્યામાં, સાંભળવામાં આવતા નથી. એકને સમજી જાવ કે આ અક્ષરનો મુક્ત છે તો એની આગળ આપણી શું ગતિ ? એની આગળ આપણા શું ગુણ ? જેના ભ્રકુટિવિલાસમાં અનંત બ્રહ્માંડ ભાંગે ને થાય, લોમ-અનુલોમ વૃત્તિથી જગતનો સર્ગ અને નાશ થાય એવા મહાપુરૂષ છે. ભગવાન સંબંધી કાંઈ કરતા હોઈએ તો એમાં સહન કરવું પડે.

જીવનું તેજ, ઈશ્વરનું તેજ, બ્રહ્મનું તેજ ને પરબ્રહ્મનું તેજ-એના ભેદ કોણ પાડી શકે ? મશાલ, દિવ, બપોરીયો એના તેજમાં ભેદ છે. અક્ષર અને મુક્ત ને પુરૂષોત્તમ નાના-મોટા છે પણ તેજ એક છે. અક્ષરે ય મોક્ષ કરે; પુરૂષોત્તમ પણ મોક્ષ કરે ને મુક્ત પણ મોક્ષ કરે. પુરૂષોત્તમ તો સીધા મળો તો જ મોક્ષ કરે પણ સીધુ કઈ રીતે મળી શકાય ? જુનાગઢના નવાબને મળવું હોય તો છ મહિને મળી શકાય તો અક્ષરધામના મુક્તને કેમ મળાય ? પુરૂષોત્તમની તાગાત બહુ જબરી છે. ઈ મુક્તને ગણે કે ન ગણે પણ મુક્ત એને ગણે માટે ભજન કરી લેવું. બહુ મોટું સુખ મળ્યું છે તો સમજીને સુખ વાપરવું. કોઈને સમજ્યા વિના આપી દ્યો તો ય નકામુ થઈ જાય. જેવા ભગવાનને જાણે એવા કરી દ્યે એવડી જબરી એની તાગાત છે. અક્ષરની તાગાત એવડી છે. ધામ જે સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાનું સર્ગ એવું ભગવાનનું સ્વરૂપ છે. અક્ષર બ્રહ્મરૂપ કરી દ્યે. ધામ છે એની સ્થિતિ વિચારો તો પામ્યા ગણાવ. અગાધ છે. કોઈ અંત ન લઈ શકે. દોષરહિત છે ઈ વાત કેવડી જબરી છે ! નિખાલસ કેવડો છે ને દોષમાં બુડેલો છે ઈ કેવડો છે ! દોષથી રહિત થઈ ગયો હોય એની

તાગાત, એનું બળ શાસ્ત્ર કહી ન શકે. ને મહાપુરૂષ તો અલૌકિક છે. પ્રકૃતિ અંધારૂં છે ને પુરૂષ અજવાળામાં છે. એક પુરૂષોત્તમને જ જાણો ને ઓલ્યા બેને ન જાણો આપણો મત નથી પણ દ્વૈતાદ્વૈત મત કહેવાય. ગમે ત્યાં વૃત્તિ જાય પણ દેખે પરમાત્માને જ. વનસ્પતિમાં પાંદડે પાંદડે મૂર્તિ દેખાય. પૃથ્વીમાં રજકણે રજકણે મૂર્તિ દેખાય એટલી સૂક્ષ્મ વૃત્તિ થાય તો બંધ બેસે. દેવશી ભગત જેવાને મતે સંસારનો વહેવાર મિથ્યા છે. એને મતે વેદનો માર્ગ ને વિધિનિષેધ ગણતરીમાં ન કહેવાય પણ ઈ ઝાઝાનો સમાસ ન કરી શકે. પણ જેને વિધિનિષેધ ગણતરીમાં હોય ઈ ઝાઝાનો સમાસ કરી શકે.

**"કામી બોલે કામ ભરીયું, લોભી બોલે લોભ લહી;**
**અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી.**
**માટે જે જનમાં ગુણ જેવો રે, તેવો આપે સેવકને;**
**સ્વાદી બોલે સ્વાદ વખાણી, વૈરાગી વિતે વાણી એમ વદે."**

મોરે તમારા કુળમાં દેતા રૂડી રસોયું જી, તે હવે તમે કેમ નથી કરતા જી; વૈરાગ વિતે વાણી એમ વદે. દોષનું ખંડન કરવું ઈ તો સ્વામિનારાયણને ઘર મળે; પણ બીજે કયાંય નથી. કુત્સિત વાણીને ગ્રહણ કરવી પણ સોજાળી વાણીને ગ્રહણ ન કરવી. પાંચ ઈંદ્રિયું અને એના વિષયનું ખંડન કરવું ઈ કુત્સિત વાણી કહેવાય.

મહિમા છે ઈ ધર્મ પાળવામાં અંતરાયરૂપ ગઢ છે. ધર્મ ને આત્મનિષ્ઠાને મહિમા સમજવામાં ગઢ છે. આપણો સ્વભાવ ખંડન કરે; આપણું ધાર્યું ન કરે; એના ધાર્યામાં આપણને વર્તાવે, એમાં હેત થાય તો પ્રકાશ થયો કહેવાય. વખાણનારો આપણો શત્રુ છે ઈ પોતાનું કામ કરી લેવાનો છે. ને વઢે છે ઈ મિત્ર છે. મુક્તાનંદસ્વામી જેવો મોટો હોય પણ ઈ આપણો જાપરો રાખે તો એનો ત્યાગ કરી દેવો.

સદાય ને માટે જેને ભૂંડા ઘાટની ધાણી ફુટતી હોય એને ઈ જીવનો વાંક છે ને પદાર્થનો જોગ થયે ભૂંડા ઘાટ થાય ઈ મનનો વાંક છે. પર્વતભાઈ ને ગોરધનભાઈ મૂર્તિ દેખતા પણ છોકરા થયા. ઈ વહેવાર છે. પણ અહીંયા ભગવાનનું ભજન કરતા હોય ત્યારે એને સંભારવામાં કયાં વાંધો છે ! અંતઃકરણની વૃત્તિ ઈ સમ્યક્ સમાધિ કહેવાય. ઈંદ્રિયુંની વૃત્તિ પાછી વળી ઈ અંગી સમાધિ કહેવાય; અક્ષિવિદ્યા કહેવાય. સમ્યક્ સમાધિમાં મન છે ઈ ઈંદ્રિયુ લગણ(સુધી) ન આવે તો મન જીત્યું ગણાય; ત્યારે સમ્યક્ સમાધિ કહેવાય. ભગવાનની મૂર્તિ એક સાથે ધારી કહેવાય. જો મન ઈંદ્રિયું ભેળું ભળે તો કહેવાય અંગી સમાધિ; પણ મન ઈંદ્રિયું ભેળું ન ભળે તો સમ્યક્ સમાધિ કહેવાય. બુદ્ધિ સર્વે ઈંદ્રિયું ને વિષે વ્યાપીને રહી છે માટે બુદ્ધિનું જાણપણું એ જીવનું જાણપણું છે. જીવને, ઈંદ્રિયુંને ને અંતઃકરણને સત્પુરૂષનો વિચાર જુદા રાખે છે. બીજા કોઈ જુદા ન રાખી શકે. બાપ ગમે એટલો ભણ્યો હોય પણ પોતાના છોકરાને ન ભણાવી શકે. ઈ તો બીજો ભણાવે તો ભણાવી શકે. અંતઃકરણ અને ઈંદ્રિયુંની વચ્ચે જે વિચાર છે ઈ વિચાર જેટલો સ્થિર થાય એટલો આત્મા-અનાત્માનો વિચાર છે. સત્પુરૂષનો આપેલો વિચાર છે ઈ વિચાર સ્થિર થાવો જોઈએ. ઈ વિચાર હાથ આવે તો વૃત્તિ સ્થિર થાય. ઈ વિચાર બેયને ભેળા મળવા દેતો નથી. પરલોકનો સ્વાર્થ આ લોકના માણસ કયાં જાણી શકે છે ? ભગવાનના ભક્તને ભગવાનની ઈચ્છા પ્રમાણે થાય ને બીજાને પોતાના કર્મ પ્રમાણે થાય. મહારાજ છતા ભગવાનની ઈચ્છા શું હતી અને અત્યારે ભગવાનની ઈચ્છા કેવી છે ? રાફડાને ઓથે હોય તો એમ કહે કે ‘રાફડાનો ઓથ’ ! અમારો ઓથ નહીં ને ? એમ પેલી વાત. તપ કરવાનો ઈશક હતો !

જેવું ભગવાનનું સ્વરૂપ નિર્દોષ, નિષ્પાપ, અસંગી, નિર્લેપ કહ્યું છે એવી જ રીતે આ ભગવાનના ભક્તને સમજવા. તે ઉપર ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૧મું વચનામૃત વંચાવ્યું. તે વાતને નથી શીખ્યો તો ‘ગાતા

વાતા શીખ્યો, શીખ્યો સર્વે ધૂર મેં' મોરે તો મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો. તપ કરવા વનમાં રહેવું, મંદિર કરવા. આ તો દેહનો વહેવાર છે. પણ વર્તમાનકાળે શેમાં રાજીપો છે ? ભગવાનના પ્રતાપને, ઐશ્વર્યને, ગુણને સમજીએ તો આપણે સમજુ કહેવાઈએ. પણ એને ન સમજીએ તો સમજણ નથી. અવતાર ને અવતારીને બરોબર(સરખા) સમજે તો મુદ્દો હાથમાંથી ગયો. ને પૂર્વે થઈ ગયા એનાથી આને અધિક સમજે તો મુદ્દો હાથમાં આવ્યો કહેવાય. સર્વનું કારણ તો સાધુ સમાગમ જ છે. પૂર્વના ભારે સંસ્કાર હોય તો સાધુ સમાગમ મળે. જણાય છે તો માણસ જેવા જ; પણ આપણને આપણને અક્ષરધામમાં પુગાડી દ્યે એવા છે. આપણને માયાથી પર કરી દ્યે એવા છે. જેને જેવો નિશ્ચય થયો એમ ભગવાનને જાણે પણ ભગવાન તો અગમ છે, અથાહ છે; પરથી પર છે. જાણ્યામાં આવે નહીં; કળ્યામાં આવે નહીં; સાંભળવામાં આવે નહીં.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા પછી કૃષ્ણપ્રસાદસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે વિષયમાં આસક્તિ હોય તો ઈંદ્રિયું માયિક કહેવાય ને વિષયનો અભાવ હોય તો ઈંદ્રિયું માયિક ન કહેવાય. અભાવ તો ભગવાન સન્મુખ દૃષ્ટિ કરે તો થાય. આ લોકના વહેવાર સારૂ છળકપટ કર્યા વિના ન રહે. આ લોકમાં રહીને પરલોકની વાત કરવી ઈ છળકપટ ન કરે તો થાય. મૃત્યુલોકમાં મૃત્યુનો ભય આળસી ગયો ઈ પરલોકની રીત છે.

એક મૂર્તિ દેખે છે ને એક વિશ્વાસી છે એમાં કોણ અધિક છે ? વિશ્વાસી છે ઈ શ્રેષ્ઠ છે. દેખનારો છે ઈ પરોક્ષને દેખે છે ને વિશ્વાસી છે ઈ પ્રત્યક્ષનો વિશ્વાસી છે. માયિક પદાર્થનું જ્ઞાન છે એમ ભગવાનનું જ્ઞાન થઈ જાય. ભગવાનની સુખ-સંપત્તિ-માહાત્મ્ય-તાગાતની ખબર પડે તો જ પદાર્થનો જોગ થાય ઈ પદાર્થમાં ભગવાનને સંભાર્યા ગણાય. ચિંતવન

કરવા કરતા સામુ જોવું ઈ અધિક છે. ભગવાનના ભક્ત આગળ માન રાખે ઈ માની ગણાય છે પણ વિમુખની આગળ માન રાખે ઈ માન ગણાતું નથી.

**મંદવેગઃ** માણસ ઢોરને દીઠ્યું પણ એની વિગત ન પડે ને મધ્યમ વેગમાં વિભાગ જણાય ને તીવ્રવેગમાં એકાંતમાં લેવાઈ જાય. સમજણ છે ઈ બહુ મોટી પ્રાપ્તિ છે. સમજણ છે ઈ બસે બખતરીયા છે. જેની ઉપર મોટાની કૃપા હોય ઈ જ સમજણવાળો છે. સમજણ કેવી ? તો ભગવાન અક્ષરધામમાં દિવ્ય છે પણ અહીંયા આ લોકમાં તો આપણી જેવા સજાતીય થઈને વર્તે છે. મોટાની કૃપા થાય તો બુદ્ધિ યોગ આપે કાં રૂડા સાધુનો સંગ આપે. ભગવાન રાજી થાય એમ કરતાં આવડે એનું નામ બુદ્ધિયોગ કહેવાય. પણ ભીષ્મે કંકણનો ઉપયોગ કર્યો એનું નામ બુદ્ધિયોગ ન કહેવાય. ભગવાન અને મોટા આપણને આપી દ્યે પણ આપણા પ્રારબ્ધમાં હોય તો રહે એવું અલૌકિક ભગવાનનું સ્વરૂપ છે. જળ પ્રધાન હોય તો જળમાં વિશેષ એની શક્તિ હોય; તેજ પ્રધાન હોય તો તેજમાં વિશેષ શક્તિ હોય; વાયુ પ્રધાન હોય તો વાયુમાં વિશેષ શક્તિ હોય. આકાશ પ્રધાન હોય તો આકાશમાં વિશેષ શક્તિ હોય. સમાગમનું અંગ કોઈનું હોય; કોઈનું કથાનું અંગ હોય; એમાં સમાગમવાળો વધી જાય. દેવ-દૈત્યના દેહનો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ એનું નામ નિમિત્ત પ્રલય કહેવાય. જેવડો દિવસ છે એવડી રાત છે, એનું નામ નિમિત્ત પ્રલય કહેવાય. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ સંલગ્ન થઈ જાય પછી જાણપણાની જરૂર નથી. બધેયથી વૃત્તિ તોડીને ભગવાનમાં રાખવી એનું નામ જાણપણું કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૭ ॥**

## ૫૬૮. ભગવાનના આશરાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૦ દશમ ને મંગળવાર તા.૨૬-૦૯-૧૯૭૮ ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય

ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાત:કાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ભગવાનને જોયા હોય તો ય રોવાનું રહે. ભગવાન ભેળો રહ્યો હોય તો ય મોક્ષમાં ખામી રહી જાય તો ભૂલો પડ્યો કહેવાય. માણશીયે ફક્ત ભગવાનને જોયા તો ય જમ થકી મૂકાણો. 'एकोऽपि कृष्णस्य कृतो प्रणामो' તો દશ પ્રણામ કરે ને સો પ્રણામ કરે એની શું વાત કરવી ? ભગવાન ભેળો રહ્યા હોય; નિત્યાનંદસ્વામી ભેળો રહ્યો હોય; મુક્તાનંદસ્વામી ભેળો રહ્યો હોય ને ભૂલો પડે તો દેહભાવ આડો આવે છે. દેહભાવ ઉડી જાય તો કામ થઈ જાય. અંતરનો અભિપ્રાય ઈ જ છે ને ગમે એવો હોય તો પણ હા જ પાડી દ્યે ઈ રહસ્ય છે. ને સિદ્ધાંતની વાત છે ઈ તો જેને જણાવવા દેવી હોય એને જ જણાવવા દ્યે પણ બધાયને ન જણાવા દ્યે. બાલમુકુંદદાસસ્વામી જેવા ભેળા રહ્યા હોય તો પણ કીડીયું ને મંકોડાની પેઠે રહેતા હોય એને સિદ્ધાંત જાણ્યામાં ન આવે. જીવનું ગજું કેટલું છે ?

**'કીડી ચાલી ચોખો લઈને, વચમાં આવી દાળ; કાં સેંથો ને કાં ટાલ !'**

આ જીવ કાં ઈ વિષય ભોગવે ને કાં ભગવાન ભજે; કાં જગત સામુ જુવે ને કાં ભગવાન સામુ જુવે. વનસ્પતિના પાંદડા છે એટલા સ્વરૂપ છે તે વિષયને મેલીને ભગવાન સંભારો તો સાંભરે ને ભગવાનને મેલીને વિષય સંભારો તો તે સાંભરે. પણ વિષય તો મળ્યા હતા ને મળશે; ઈ કાંઈ દુર્લભ નથી. અનેક પ્રકારની મૂડી આપી છે. ગમે ઈ ધામમાં જવાય ઈ મૂડી આપી છે ઈ અહીંયા વેડફાઈ જાય છે. ભગવાન ત્રીસ વરસ રહ્યા. હવે સાધુરૂપે દશવીશ પેઢી રહેશે. ભગવાનનો સંબંધ થયો છે પણ દમઘોષના દીકરા દોષ આડા ફરે છે - હો જા મહાપુરૂષ કા પોંખણા ! એમ ભગવાનની હારે વરવું છે પણ વરવા ન દ્યે. ઓશીયાળા હતા પણ ભગવાન મળ્યા પછી ઓશીયાળા શા માટે રહેવું ? આ સત્સંગમાં દોષ ટકે એમ નથી, જો ટાળવાનો ઉપાય

કરે તો. પણ ટાળવાનો ઉપાય ન કરે ને અવગુણ લ્યે તો વજ્રલેપ થાય. આ પૃથ્વીને વિષે જે મુક્ત છે એમાં વિશ્વરૂપની કળા તો હોય જ. ઈ જ એનું ઐશ્વર્ય. ઈ જ એની શક્તિ છે. પોતાનો ગુણ દબાવી રાખે ને પોતાનો અવગુણ બતાવે. ને બીજાનો ગુણ બતાવે. અંબરીષના દર્શન થાય તો કલ્યાણ મનાય જાય પણ આ સત્સંગમાં અનંત અંબરીષ છે; અનંત પર્વતભાઈ છે; અનંત ગોરધનભાઈ છે એના દર્શન થાય છે તો ય કલ્યાણ મનાતું નથી. આત્મનિવેદી ભક્ત ભગવાનને અર્પણ કર્યા વિના કાંઈ ગ્રહણ ન કરે એ હેતુ માટે એની ક્રિયા નિર્ગુણ છે. જો સત્સંગનો પ્રતાપ હોય તો અત્યારે ભક્ત માત્ર નિર્ગુણ છે. કાશીને સંભારે ઈ મુક્ત થઈ જાય એમ આ ભગવાનના ભક્ત મરી જાય એવા છે પણ આપણને મૃત્યુ થકી રહિત કરી દ્યે. આ સત્સંગમાં જેનો જન્મ આવ્યો એનું કલ્યાણ થાવું કયાં કઠણ છે ? તમારા દિકરાને દિકરો કહેવો કઠણ નથી. એમ આ સત્સંગમાં કલ્યાણ થઈ ગયું એમ સમજી લેવું. એમ વાતુમાં લખ્યું છે.

વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ? બ્રાહ્મણના ઘેર જન્મ એટલે બ્રાહ્મણ. એમ ભગવાન મળ્યા એટલે અક્ષર માનવું ઈ કાંઈ કઠણ નથી. આ પૃથ્વીને વિષે જેનો જન્મ છે એવા જે મુક્ત એમાં વિશ્વરૂપની કળા હોય ઈ જ એની મોટપ છે. ઈ કળા તમારે ત્યાગ કરાવવી છે ઈ કેમ બંધ બેસે ? ભગવાનનો આશરો થાવો જોઈએ. માંહી કાંઈ પોલ ન રહેવી જોઈએ. જન્મ લ્યે ત્યાં બાપ કરવામાં ખામી રહે છે ? તો ઈ આપણા બાપ છે એમાં કેમ ખામી રાખવી ? તો આશરો થઈ ગયો. ઈ બાપ મનાણા એટલે આશરો થઈ ગયો. ગમે એવા ભગવાન છે પણ ઈ જ આપણો મોક્ષ કરવાના છે. ઈ જ આપણા દુઃખમાં ભાગ લેવાના છે. ઈ જ આપણા સામુ જોવાના છે. ઈ આપણા ગુના સામુ નહીં જુવે. જો ગુના સામુ જુવે તો ગોંવિદ ન કહેવાય.

સાધન કરીએ છીએ; પરીક્રમા- દંડવત્ દર્શન કરીએ છીએ ઈ

ક્રિયા ભાવથી કરીએ છીએ. એમ સમજી લેવું જોઈએ. જે ભાવથી આશરો કરો ઈ ભાવ પૂરો કરી ધ્યે. મોક્ષની ઈચ્છા હોય તો મોક્ષ કરાના જ છે. ભગવાનનું સ્વરૂપ જેવું છે એવું ઓળખાઈ જાવું જોઈએ. લીંબડો તે લીંબડો પછી એમાં કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તો પણ લીંબડાને વિષે ભ્રાંતિ ન થાય તો કલ્યાણકારી ગુણ જાણ્યા ગણાય. એમ સાક્ષાત્ સવિતાના ૨૧૭મા કિરણમાં લખ્યું છે.

પાંચ વર્તમાન હોય; પછી ભલે ધોળા લુગડા પહેર્યા હોય કે ભગવા લુગડા પહેર્યા હોય તો ય કલ્યાણ કરે પણ પાંચ વર્તમાનના નામ પણ ન આવડતા હોય ઈ કેમ ઓળખી શકે ? નિષ્કામ એટલે કોઈપણ પ્રકારની ઈચ્છા ન હોય. આશરા જેવું; વિશ્વાસ જેવું વર્તમાન એકેય નથી. રામકથામાં રામચંદ્રજી ભગવાને કહ્યું છે. નિઃસ્નેહી થયો એને ભગવાનમાં કેમ આસક્તિ થાય ? ઈ જ સાધન છે. જગતના સુખથી નિઃસ્પૃહી થાવ તો ભગવાનનુંસુખ આવે ને ભગવાનના સુખથી નિઃસ્પૃહી થાવ તો જગતનું સુખ હાથ આવે. એક વૈરાગ ને આત્મનિષ્ઠા ઈ જીવના સ્વાભાવિક ગુણ છે પણ જો દયા ને સ્નેહ નાશ પામે તો ઈ ગુણ આવે. પછી દયા ને સ્નેહ કેમ રહે છે ? સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહ હોય; આત્મનિષ્ઠા વિનાનો હોય તો ગ્રહણ કરવામાં આવે પણ વૈરાગ અને આત્મનિષ્ઠા હોય તો ગ્રહણ કરવામાં ન આવે. આકાશમાં અદ્ધર-પધર વયો ગયો તે સમયમાં જો શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાન મેળવ્યું હોય તો ભક્તમાં દયા ને સ્નેહ થાય પ અશુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાન થયું હોય તો દયા ને સ્નેહ ન થાય. એનો દિકરો થાય તો પણ ન થાય. પાંચ વર્તમાન પાળે પછી ભગવાનનો આશરો કરે તો ભગવાનનું સ્વરૂપ ઓળખ્યું ગણાય. નાના વિષય મૂકે તો મોટાની આશા થાય.

જાગ્રત અવસ્થા એક જીતી લ્યો તો બીજી અવસ્થા જીતાય જાય તેમ આ લોકના પંચવિષય જીતી લ્યો તો બીજા લોકના પંચવિષય આડા ન આવે. કામભાવથી સ્નેહ થયો તો પણ ગોપીયું વેદની શ્રુતિ ગણાઈ

ગઈ. સ્વરૂપની વાત છે એથી બીજી કોઈવાત નજીક નથી. સંકલ્પ બંધ થઈ જાય એવી ઐશ્વર્યબુદ્ધિ સાધુમાં થાવી જોઈએ. વિચાર કરો તો વિચાર પણ બંધ થઈ જાય એવું આશ્ચર્ય થાવું જોઈએ.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણી ઓસરીયે વિરાજમાન થયા હતા ને લક્ષ્મીદાસ ભગત સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે ભગવાન સમર્થ મૂર્તિ છે. સ્વતંત્ર મૂર્તિ છે. 'અનિકેત આનંદ જ્ઞાનમય અંગા' એવા ભગવાન છે. કૂતરા પણ ભસે નહીં એવો તો વેશ ધારણ કરાવ્યો છે. દેહાભિમાની ભક્ત છે ઈ સૂર્યની આવ્યા ગયાની ગતિ છે એને ન જાણી શકે. એમ મનુષ્યમાં ભગવાનની આવ્યા ગયાની ગતિને દેહાભિમાની ન હોય ઈ જાણી શકે. તે ઉપર પીજવાળા અવલબાઈની વાત કરી. આ વાત મીઠી સરસ લાગે તો એમ જાણવું કે ભગવાનનું સુખ આવ્યું છે. ગુણ છે ઈ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનના ભક્ત છે ઈ ગુણિયલ છે. ભગવાન જેણે રાખ્યા હોય ઈ શુભગુણે યુક્ત છે ને ઓલ્યા અશુભ ગુણે યુક્ત છે. સારૂં જુવો તો ભગવાનનું સ્વરૂપ કહેવાય ને નરસું જુવો તો માયાનું સ્વરૂપ છે. ભગવાનને તો જેવા જાણે એવો થઈ જાય, પણ એના સાધુને જેવા જાણે એવો પોતે થઈ જાય પણ ઈ મનાવું કઠણ છે. જો આ ભગવાનની વાત અને ભગવાનના ભક્તની વાત, એનું એશ્વર્ય, પ્રતાપ, શક્તિ સમજાય તો આપણને ભગવાનની વાત સમજાણી ગણાય; પછી ભલે આ દેહમાં છીએ તો પણ પરલોકમાં છીએ. આપણે તો ભગવાનને લઈને પૂજાતા હશું, એમાં લાજ જાય તો ભગવાનની જાય. કદાચ ટાંગા ઢસડીને મરી જાઈએ તો ભગવાનની લાજ જાય એમાં આપણને શું ?

આ લોક એટલે આ કલેવર કહેવાય. બીજાનું કલેવર છે ઈ પરલોક છે. આ લોકમાં દુઃખ જ છે ને બીજાના દેહમાં સુખ જ છે. ને પરલોક પણ અનેક પ્રકારનો છે. ધર્મ,જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા, ભક્તિ; રાગ,

વિરાગ, ઈર્ષ્યા, દ્વેષ, દેવ, દૈત્ય, ચારણ, ગાંધર્વ; આ બધા ય પરલોકમાં છે. અજ્ઞાની પણ કહે છે કે બોકડાને ખડ નાખીએ તો પુન્ય થાય એમ આપણે ભગવાનના ભક્તને ઓળખીએ ઈ પરલોક અનેક પ્રકારનો છે. શાસ્ત્ર મન સોંપ્યા વિના સમજાતા નથી. વાંચી જાઈએ ઈ કાંઈ સમજાણું નથી. આપણા દેહમાં તત્ત્વ છે ઈ જડ છે; સામામાં છે ઈ ચૈતન્ય છે. ઈ ગુરૂ પાસેથી સમજો તો ખબર પડે. જડ પ્રકૃતિ શું ? અને ચૈતન્ય પ્રકૃતિ શું ? લોયાના ૭મા વચનામૃતમાં છે પણ બહુ ગહન છે. આ લોકમાંથી સીધું અક્ષરધામમાં જવાય છે એટલું આ લોક સારૂ છે પણ પશુના દેહમાંથી અક્ષરધામમાં જવાતું નથી. ભગવાનના ભક્તની ભેળું મરવું ઈ મેદાનમાં મર્યો ગણાય. ને ભગવાનના ભક્તથી નોખા પડી જાય ઈ ખૂણે મર્યો ગણાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૮ ॥**

## ૫૬૯. શ્રી હરિના ચરિત્રનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૧ એકાદશીને બુધવાર તા.૨૭-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી ગોંવિદપ્રકાશસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે રસ્તે ચાલતા કુતરાનું મળ દેખાય તો એને જોઈને ચિત્ત ચલાયમાન ન થાય તેમ ઈંદ્રિયું ચળાયમાન થાય એવું ઠેકાણું નથી એમ વિચારવું. શ્રોત્ર તે શબ્દ સાંભળે, નેત્ર તે રૂપ જુવે, નાસિકા તે ગંધ લ્યે, હાથ છે તે ગ્રહણ કરે, ત્વચા તે સ્પર્શ કરે, શિશ્નુ તે શરીરની આકૃતિ ફેરવી નાખે.આપણે ભગવાનના ગુણ સાચવવા. એના ચરિત્ર અદ્ભૂતકારી છે. કલ્યાણકારી છે. તે સંભારી રાખવા. ભગવાન ઘોડે ફર્યા ઈ શા માટે ભૂલવું ? ભગવાન ગઢપુરમાં રહ્યા ઈ શા માટે ભૂલવું ? ભગવાન વરતાલમાં રહ્યા ઈ શા માટે ભૂલવું ? લખતા ન લખાણા એટલા

ચરિત્ર કર્યા છે. એક પીપલાણામાં જ કેટલા કર્યા છે ઈ પણ કહી શકાય એમ નથી. તો વરતાલના અને ગઢડાના તો કેમ ગણી શકાય ? એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને પછી ગોંવિદપ્રકાશસ્વામી 'પ્રાતઃસમે શ્રી પુરૂષોત્તમની મૂર્તિ અંતર ધારો રે' તે પ્રભાતિ બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે ભગવાન મનુષ્યદેહ ધારણ કરે ત્યારે અહિંસા, બ્રહ્મચર્ય અને સત્યતા હોય. જયાં જેવું કાર્ય કરવું હોય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે.

કથા કરતો હોય પણ મન ન હોય તો શું આવ્યું ઈ ખબર ન હોય. અનિષ્ટ ન કરવું એનું નામ ગુણ લીધો કહેવાય. અનિષ્ટ કરતો જાય ને એમ કહે કે હું ગુણ લઉં છું ઈ વાત ખોટી છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૬૯ ॥**

## ૫૭૦. આત્મદર્શનનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૧ એકાદશી (દ્વિતીય) ને ગુરુવાર તા.૨૮-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ભગવાને બધી વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરી છે. જો ત્રણ થકી પર ભગવાનનો નિશ્ચય થાય તો ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયથી રહિત કહેવાય. મહારાજ કહે કે હું રામાનંદસ્વામીની પાસે આવ્યા મોર(પહેલા) પણ આત્માને દેખતો ને રામાનંદસ્વામીની પાસે આવ્યા પછી પણ આત્માને દેખતો ને હમણા પણ દેખું છું. માટે પૂર્વનો ભારે કોઈ વીરલો હોય એને આત્માનું દર્શન થાય છે. ને ભગવાનનું સ્મરણ કરે, એના ચરિત્રને ગાય, સંભારે તો આત્માનું

દર્શન થાય. તે ઉપર સુરતના નવાબની વાત કરી અને જૂનાગઢના નવાબની વાત કરી. ગુણ આવી જાય તો કામ થઈ જાય. એના ચરિત્રમાંથી, એના ગુણમાંથી, એના ભક્ત બ્રહ્માનંદસ્વામી એના કરેલા પદ એમાંથી ગુણ આવી જાવો જોઈએ. એમાં હેત થઈ જાવું જોઈએ. અગમ છે, અગોચર છે, ખરા માયા પર છે પણ આપણને અજ્ઞાનીને ક્યાંથી માયા પર થાય ? છતાંય માયાથી પર થઈ ગયા છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૭૦ ॥**

## ૫૭૧. ગુણ લેવાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૨ બારશ ને શુક્રવાર તા. ૨૯-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ટાણું વીતી જાય તો પણ ખબર ન પડે એને દેહની ખબર રહેતી નથી ને દેહમાં વર્તતો હોય એને ટાણું વીતે તો ખબર પડી જાય. જેને સ્વભાવ સાથે વેર છે ઈ પણ સ્વભાવથી રહિત છે પણ સ્વભાવને મૂકી શકતો નથી પણ પસ્તાવો કરે છે એટલે સ્વભાવથી રહિત છે. દોષ છે ત્યાં સુધી ઉછરંગ રહે. સત્સંગનો અલૌકિક આનંદ ન આવે. દોષ ટળી જાય તો અલૌકિક આનંદ આવે. આ નાના સાધુ છે એને માબાપ મનાઈ જાય તો સુખ આવે. માગવા જાવું પડતું નથી એવું સુખ છે. ખાવા મળે, પીવા મળે ને લુગડે થીંગડું પણ નહીં એવું સાધુને સુખ છે. આ દુનિયામાં આઠ છોકરાનો બાપ હોય પણ રોટલા વિનાનો બેઠો રહેતો હોય. ગામમાં એક વાંઢો નથી સચવાતો પણ સ્વામિનારાયણ તો કેટલા વાંઢા સાચવે છે ! આપણા ઘરમાં ત્રણ ચાર માણસમાં આનંદ હોય પણ આપણે તો કેટલા છીએ તો ગેરઆનંદ કેમ હોય ?

પાંચ વર્તમાનથી બારૂ કાંઈ નથી તો અવગુણ લેવો એવો અર્થ થયો પણ ગુણ વિચારવા એટલે અવગુણ આવ્યો હોય ઈ ટળી જાય. ગુણ

ઝાઝા હોય પણ અવગુણ થોડા હોય. મોક્ષનો હેતુ ઈ જ કે સંત કહે તેમ કરવું તો આપણો અવગુણ ટળી જાય. કેટલાય નવા હોય તો ય ભજન કરતા હોય ને કેટલાક તો જુના હોય તો પણ કથાવાર્તામાં હેત ન હોય. ભગવાનના ગમતામાં વર્તે તો ત્રણ ટાણા ખાતો હોય, ઉંઘતો હોય, આળસુ હોય પણ ભગવાનના ભક્તનું સારૂં બોલે તો એની સેવા હું કરૂં છું ને આખા મંદિરનું કામ કરતો હોય પણ ભગવાનના ભક્તનું ખરાબ બોલતો હોય તો ઈ બલા કહેવાય.આ સત્સંગમાં રહો તો પરલોકમાં છો ને આ સત્સંગમાંથી નીકળી ગયો તો આ લોકમાં છે. પછી પોતાના પ્રારબ્ધ પ્રમાણે થાય ને અહીંયા બધા યનું પ્રારબ્ધ ભેળું છે એટલે લાડવા બધાયને મળે. પોતાની જાણે નિશ્ચય કર્યો ઈ નિરાકાર ને બીજાની દૃષ્ટિથી શાસ્ત્રમાંથી કર્યો તો સાકારપણું કહેવાય. શાસ્ત્રના આધારથી કહે તો સાચું, નહિતર ખોટું.

પછી સ્વામીએ વાત કરી જે સુખમાં દુઃખ દેખવું ઈ સૂક્ષ્મ વાત છે. દુઃખમાં સુખ દેખવું ઈ વૈરાગ છે. જે જીવ ભગવાન નથી ભજતા એની પણ ભગવાન રક્ષા કરે છે. વરસાદ વરસાવે છે એમ કેટલીય રક્ષા કરે છે ને કેટલાક ભગવાનને આધારે હોય એને ભગવાન પોતે રક્ષા કરે છે. વરસાદ સરખો થાય પણ પોતાના કર્મ પ્રમાણે થાય. સારૂં કર્મ હોય તો વધારે મળે ને નબળું કર્મ હોય તો થોડું મળે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૭૧ ॥**

## ૫૭૨. ત્રણ અવસ્થાનો લય કરવાનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૩ તેરસ ને શનિવાર તા.૩૦-૦૯-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી લીંબુડાવાળા ભગવાનજીભાઈ વરતાલનું ૧૪મું વચનામૃત બોલ્યા.

પછી સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ગુણ કેમ આવ્યો ગણાય ? તેનો ઉત્તર પોતે જ કર્યો જે સેવા કરે તો ગુણ આવ્યો ગણાય. નારદજી જેવાનો ગુણ શી રીતે આવે ? ગુણ આવે જ નહીં એવા હતા પણ સાધુમાં અગ્રેસર લખી નાખ્યા. પહેલા નારદજી ને બીજા સનકાદિક લખ્યા છે.

**શુકજીએ નથી સંઘર્યું રે, ધાતુ વળી ઘન.**
**નાણું નારદે ભેળું ન કર્યું રે, કહે છે કોયે દન.**
**જડભરતે ન જોડાવીયું ગાડું ગાડી વેલ,**
**કદરજનું વ્યાસે કા'વ્યું રે, ખરી ક્ષમાનો ખેલ.**

એવું છે. નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે. નારદજી ચિરંજીવી છે એના કરતાં ત્રીજે ડચકે અક્ષરધામમાં જવાય ઈ સરસ છે. પૃથ્વીના મુક્તમાં વિશ્વરૂપની કળા હોય. એકાંતિકમાં વિશ્વરૂપની કળા હોય એનો અવગુણ આવે પણ ભગવદીયનો અવગુણ ન આવે કારણ કે એમાં વિશ્વરૂપની કળા ન હોય એટલે બધાયને એનો ગુણ આવે. બહુ સારા છે એમ કહે ને એની સેવા કરે. એનું ફળ ભોગવવું પડે પણ લખ્યું એટલું ન મળે. ભગવદીય અને એકાંતિકમાં આડા-ગાડાનો ફેર છે. ભગવદીય પોતાનું જ કરી શકે બીજાને બચાવી ન શકે ને એકાંતિક છે ઈ તો બીજાને પણ બચાવી શકે. પોતે કરતો હોય ઈ કોઈને કળાવા ન દે ઈ એકાંતિક કહેવાય. ને ભગવદીય તો પોતે જે કરે ઈ કળાવા દે.

જો જાગ્રતમાં જ્ઞાન થાય તો તો સ્વપ્ન અને સુષુપ્તિ બે ય ખતમ થઈ જાય. જાગ્રત અવસ્થામાં અવસ્થા ન બદલવી જોઈએ. નેત્રસ્થાન, સ્થૂળદેહ, સત્ત્વગુણ છે એમાં અવિવેક પેસી જાય તો સ્વપ્ન અવસ્થા થઈ ગઈ. જો અવિવેક ન આવે તો જાગ્રતમાં ભગવાનનું જ્ઞાન થઈ ગયું. તો સુષુપ્તિ અને સ્વપ્ન અવસ્થા નાશ થઈ જાય. નેત્રસ્થાન, સ્થૂળદેહ, વિશ્વાભિમાની જીવ, વિવેક છે એમાં અવિવેક ન થાય તો ઓલી બે ય અવસ્થા ઉડી

જાય. વિશ્વના અભિમાનમાં વિવેક હોય તો અભિમાન ખતમ થઈ ગયું. જો વિવેક આળસી જાય તો ઓલી અવસ્થા આળસી જાય. સ્થૂળદેહનું અભિમાન, જાગ્રત અવસ્થા, નેત્રસ્થાન, સત્ત્વગુણ, યથાર્થજ્ઞાન એમાં સવા કલાક સુધી ગુણ ન બદલે તો બરાબર ગણાય. જો સવા કલાકે બદલી જાય તો બીજી અવસ્થા થઈ જાય. તે ઉપર કુંકાવાવવાળા લીંબાપટેલની વાત કરી. જાગ્રતમાં સ્વપ્ન ન ગરવા દ્યો તો ઓલી બે અવસ્થા છે તો પણ ખતમ થઈ ગઈ. સુષુપ્તિનું સુખ જીવમાં મનાઈ ગયું છે એવું જાગ્રતમાં ભગવાનનું જ્ઞાન થાવું જોઈએ. જેવા અક્ષરધામમાં અનંત શક્તિ, પ્રતાપ, ઐશ્વર્ય સોતા છે એવી જ વિશ્વકળા મનુષ્યમૂર્તિમાં છે એનું નામ જ્ઞાન થયું કહેવાય.

કંઠસ્થાન સ્વપ્ન અવસ્થા. તૈજસાભિમાની જીવ, ને જાણતો થકો ભોગવે છે ને જડપણે ન જાણે તો સ્વપ્નમાં સુષુપ્તિ કહેવાય. સ્વપ્ન અવસ્થા અસ્થિર છે ને જાગ્રત અવસ્થા સ્થિર છે. રાગ, દ્વેષનો ત્યાગ કરીને સાધુનો વિચાર ગ્રહણ કરે તો સુખ થાય. જાગ્રતમાં, જ્ઞાનમાં અવિવેક ન થાય. સ્વપ્નમાં સાધુ દેખાણા ઈ અહોપણું થયું પણ જાગ્રતમાં દેખાય તો અહોપણું થાવું જોઈએ. દિવ્ય સ્વરૂપનો આનંદ છે એવો મનુષ્ય સ્વરૂપનો આનંદ થાવો જોઈએ. તો સ્વપ્ન અને સુષુપ્તિ અટકી જાય છે. તોછડાઈ કરીને બોલે તો જાગ્રતમાં સુષુપ્તિ કહેવાય. સૂક્ષ્મમાં સ્થૂળ બુદ્ધિ કહી ને સ્થૂળમાં સૂક્ષ્મ બુદ્ધિ કહી. આ રીતે વર્તતો હોય એને ખબર પડે કે આ વાત આવી છે. તમોગુણ ને રજોગુણ પૂર્વના પારધી છે ને સત્ત્વગુણ પણ ભગવાન ભજવા દ્યે એવા નથી. પૂર્વના ભૂંડા સંસ્કાર છે ઈ તો મોટાપુરૂષ રાજી થાય તો જ ટળે. સ્થિર વૃત્તિ રાખવી ઈ બહુ કઠણ છે. સ્વપ્નમાં જાવ ને સવા કલાક સ્થિર થાવ તો બરાબર કહેવાય. ત્રણ અવસ્થામાં એકને બરાબર ધક્કો મારો તો બીજી બધી અવસ્થા ભણેણીને ભાગી જાય. જો સ્વતંત્ર થાવ તો સ્વપ્નનો થાક ન લાગે. થાક ન લાગે તો સુષુપ્તિમાં ન જાવું પડે.

જો સ્વપ્નનો થાક લાગે તો સુષુપ્તિ નાશ ન થાય. પ્રાજ્ઞાભિમાની જીવ છે. પ્રધાનપુરૂષના સુખલેશમાં અતિશય લીનપણું એનું નામ સુષુપ્તિ અવસ્થા કહેવાય. એક અવસ્થાને બરાબર જીતો તો બીજી પણ જીતાઈ જાય. થાક ન લાગે એટલે જાગ્રત ગણાઈ ગઈ. સ્વપ્ન અવસ્થા છે ઈ મન છે. સ્થિર હોય જ નહીં. બહારથી માયિક ભાવ ટળી ગયો એટલે ભગવાન અક્ષરધામમાં છે ઈ સાક્ષાત્કાર થઈ જાય. સામી વસ્તુમાંથી માયિક ભાવ નીકળી ગયો એટલે અમાયિક થઈ ગયો. પૃથ્વીના મુક્તમાં વિશ્વરૂપની કળા હોય એટલે એમાં શંકાનો માગ નથી. મહારાજ કહે કે દોષને જીતવા રાધાવાવે પલાણ નાખ્યું. સચ્ચિદાનંદસ્વામીએ કામને જીત્યો; એને મોર્ય(આગળ) કર્યા પણ પોતે આગળ ન આવ્યા. ક્રોધ જીતવામાં મુક્તાનંદસ્વામીને આગળ કર્યા. લોભ જીતવામાં બ્રહ્માનંદસ્વામીને આગળ કર્યા. કરે પોતે પણ નિમિત્ત બીજાને કરે છે. માયિક ભાવ ઉડી ગયો એટલે પ્રત્યક્ષ ભગવાન જરાય છેટા નથી. રાજાનો કુંવર ફરતો ફરે તો પણ રાજનો ધણી છે. ઈ પણ જાગ્રત છે. કોઈ પ્રકારનું દુઃખ આવે ત્યારે વિક્ષેપ ન થાય તો તમે અક્ષરધામમાં બેઠા છો. જનકના જેવી સમજણ હોય તો પણ ક્ષોભ તો થાય, પણ ઝાઝીવાર ટકે નહીં. કામાદિક વ્યાપે તો પણ ભ્રાંતિ ન થાય તેમ જે સંતને ભગવાનને વિષે એવું તદાત્મકપણું હોય એને તદાત્મકપણું કહેવાય છે. નિર્વિકલ્પ સમાધિ પણ એને જ કહેવાય છે. એના સંગ થકી એવું તદાત્મકપણું થાય છે. નિર્દય થકા એક ને બરાબર દંડ દ્યો તો બીજા બરાબર જીતાય જાય. પણ બાળપણમાં ખેલ ખેલ્યા, જુવાનીમાં હળ હાંકયા ને વૃદ્ધાવસ્થામાં માળા લીધી, રામનો ય દલ રાખ્યો એમ ન થાવું જોઈએ તો અવસ્થા નાશ પામે.

જાગ્રત અવસ્થા જીતવાનું આવ્યું, સ્વપ્ન અવસ્થા જીતવાનું આવ્યું; સુષુપ્તિ અવસ્થા જીતવાનું આવ્યું. પ્રગટ સ્વરૂપનો નિશ્ચય થાવો જોઈએ. સ્વપ્નમાં દેખાય ને જેવો આનંદ આવ્યો એવો જ જાગ્રત દેખાય તો આનંદ

થાવો જોઈએ. જીવમાં સમજણ થયા પછી એનો આનંદ જુદો છે. રાજાનો કુંવર છે એટલે ઈ રાજનો ધણી છે એવો આનંદ છે. એને ગોખવું ન પડે કે હું રાજનો ધણી છું. જો ગોખવું પડે તો જ્ઞાન થયું જ નથી. સ્વપ્નમાં સાધુ દેખાય તો કેવો આનંદ છે એવો ને એવો જાગ્રતમાં દેખાય ને આનંદ થાય તો જ્ઞાન પુરૂં થાય. ને જો જાગ્રતમાં આનંદ ન થાય તો પુરૂં જ્ઞાન થયું નથી. માયિક ભાવ બીજામાંથી ટળી ગયો એટલે આપણા દોષ ટળી ગયા. બીજાને નિર્દોષ જાણ્યા પછી પોતાને દોષવાળો જાણે છે ઈ મૂર્ખો છે. છ પ્રકારનો નિશ્ચય છે. મનુષ્યની બરોબર કામાદિક દોષ હોય ત્યાં સુધી નિશ્ચય રહે પણ જો વધારો કરે તો ન રહે.(વચનામૃત લોયાનું ૧૨મું)

**॥ ઈતિ શ્રી કિરણ ૫૭૨ ॥**

## ૫૭૩. સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયનું, પૃથ્વીના મુક્તનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી ૧૪ ચૌદશ ને રવિવાર તા.૧-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ભગવાનના ચરિત્ર છે ઈ ભગવાનના ભક્તને અક્ષરધામ છે. એમાં અલૌકિકપણું થાય તો મન સ્થિર થઈ જાય નહિતર મન કોઈ રીતે સ્થિર થાતું નથી. સવિકલ્પ નિશ્ચયને સંશયગ્રંથી કહે છે. આપણે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય છે. સવિકલ્પ નિશ્ચય છે. એનો આશરો કર્યો એટલે આપણા દોષ છે એટલા દેખાય. પછી પહેલો-બીજો કે ત્રીજો નંબર હોય. પહેલામાં મનુષ્યની બરોબર દોષ હોય; બીજામાં બમણાં હોય ને ત્રીજામાં ગમે એવા મદ્યપાન વ્યભિચારમાં પ્રવર્તે તો પણ સંશય ન થાય તો સવિકલ્પ ગણાય. અવતારનો નિશ્ચય છે. અવતારીના ભક્તનો દોષ રહિત વાસ છે ને અવતારના ભક્તને દોષ સહિત નિશ્ચય છે. ગમે એવો તરીયો હોય એને ભમરી બુડાડી દ્યે. ગમે એવો હોય એને

સ્ત્રી રૂપી ભમરી બુડાડી દ્યે. કેની બુદ્ધિ ભેદાતી નથી ? જેણે સાત્ત્વિક સેવ્યા હોય, કામાદિકથી રહિત હોય એની બુદ્ધિ ભેદાતી નથી. બીજાની બુદ્ધિ ભેદાઈ જાય છે. સાત્ત્વિક સેવ્યા પણ કામાદિકથી રહિત હોય ને પોતાની વાસના કુંઠિત થઈ ગઈ હોય. નિર્મુળ થઈ નથી; પણ કુંઠિત થઈ છે. નિર્વિકલ્પમાં તો આત્મનિષ્ઠા હોય ને ષટ્ઉર્મિથી રહિત હોય ને આખા બ્રહ્માંડનું ડટણ-પટણ થઈ જાય તો પણ ખરખરો ન થાય તો ઉત્તમ નિર્વિકલ્પ કહેવાય. જેના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે રહ્યા છે તે રૂપે રહ્યો થકો ભગવાનની ઉપાસના કરે તો ઉત્તમ નિર્વિકલ્પ કહેવાય. ને મધ્યમ છે ઈ ષટ્ઉર્મિએ રહિત છે ને કનિષ્ઠ છે ઈ આત્મનિષ્ઠાવાળો છે. ભગવાન તો પ્રવૃતિમાં જોડતા જ નથી. પ્રહ્લાદે કહ્યું કે માગે ઈ ભક્ત નહીં ને આપે ઈ ભગવાન નહીં. એવો નિષ્કામ ભક્ત હોવો જોઈએ. નિર્વિકલ્પમાં તો ભક્તમાં દોષનો અંશ ન હોય; એક રૂંવાડાની પણ ખામી ન હોય. દૈત્યના કુળમાં નિષ્કામ ભક્ત થયો ને ગર્ભમાં ઉપદેશ ગ્રહણ કર્યો. દોષવાળા છે; ભાવના નિષ્કામની છે પણ સકામમાં પડ્યા છે. બ્રહ્મા થકી સૃષ્ટિ થઈ એમાં મરીચ્યાદિક પ્રથમ થયા એને મુકાવો તો ય મુકે નહીં ને સનકાદિકને જોડો તો ય જોડાય નહીં. નિષ્કામ ભાવ તો બહુ જબરી વાત છે.

**"સકામ ભક્તની શ્રી હરિ સેવા પરહરે દૂર,**
**જાણે માયિક સુખ માગશે જડબુદ્ધિ જરૂર"**

સકામ છે ઈ માગવાનો છે. અથાર્થી છે. એક બાજુ નિષ્કામ છે ને એક બાજુ સકામ છે. વિશિષ્ટાદ્વૈત મત છે. એક મોટો ને એક નાનો છે. જેને સ્વાર્થ છે ઈ નાનો છે ને સ્વાર્થ નથી ઈ મોટો છે. સ્વાર્થી છે ઈ આશા કરે જ. દોષ છે ઈ તો નડેલો જ છે. એને તો પગે લાગવું પડે. તે ઉપર ગરાસિયાની વાત કરી. પાનબીડાને બદલે બાટી કરીને લાવ્યો.

ગુરૂ કોણ ને સેવક કોણ ? સ્વાર્થી છે ઈ સેવક છે ને સ્વાર્થ વિનાનો છે તો ગુરૂ છે. દોષ ભલે ને ઠેકડા મારે પણ અક્ષરધામમાં જાવું છે. એટલી વાત કરીને પછી શ્રીજી ઓઈલમીલની ગાડીમાં બેસીને જૂનાગઢ પધાર્યા ને ત્યાં પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા.

પછી સ્વામીએ વાત કરી જે જ્ઞાન છે ઈ અલૌકિક વસ્તુ છે. સમજણ આવવી ને પાછી જાળવવી બહુ કઠણ છે. સમજણ ન હોય તો પણ કેટલા ય તોફાન કરતો હોય. પછી દેવજીભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે નિર્માની છે ને માન બતાવે એને તમે કઈ રીતે ઓળખો ? શૂન્ય સમતા હોય ત્યારે એને ભગવાનમાં પ્રીતિ હોય કે ન હોય ? નિઃસ્પૃહી છે ઈ કઈ રીતે ભગવાનમાં ચોંટી શકે ? ભગવાનનું સગુણપણું ને નિર્ગુણપણું સમજી જાય તો કાળ-કર્મ-માયા બંધન ન કરી શકે. રોકી ન શકે. નડી ન શકે. જબરામાં જબરો કામ છે. પુરૂષ, પ્રકૃતિ, કાળ, મહતત્ત્વાદિક ચોવીશ તત્ત્વ એના સ્વરૂપને જાણે એટલે અજ્ઞાન થકી મૂકાય છે. ઉત્પત્તિ, સ્થિતિ ને લય કેમ છે એમ સ્વરૂપ જાણવું એટલે એના બંધન થકી મૂકાય જાય. મોટામાં મોટું, અધિકમાં અધિક, અળગામાં અળગું એવું સગુણસ્વરૂપ છે. ઐશ્વર્યમાં ઐશ્વર્યવાળું નિર્ગુણ છે; ઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે એને વિષે રહ્યું છે; કારણ છે. અળગું છે; અતિશય ઐશ્વર્યપણું છે; અતિશય પ્રકાશે યુક્તપણું છે. નિર્ગુણ તો ભગવાનનું સ્વરૂપ જ કહેવાય. દ્વારકા, ગોકુળ, મથુરા, વૃંદાવન એને ભગવાનને સંબંધે કરીને નિર્ગુણ કહેવાય. સ્વામિનારાયણની જે રીતે આજ્ઞા હોય ઈ રીતે રહે. પૃથ્વીના મુક્ત છે એમાં આવડત હોય. વિશ્વરૂપની કળા હોય. ઓલ્યા તો દિવ્ય છે માયા પર છે. અક્ષરથી પર છે. પૃથ્વીને વિષે રહ્યા છે એને વિષે આવી ગતિ છે. સ્વામિનારાયણે પોતે માયા નાશ કરાવી નથી પણ અહંકાર મુક્તાનંદસ્વામીએ જીત્યો. લોભ બ્રહ્માનંદસ્વામીએ જીત્યો. ક્રોધ ગોપાળાનંદસ્વામીએ જીત્યો. મત્સર સચ્ચિદાનંદસ્વામીએ જીત્યો. અધર્મ

સગ જીતવાનું જીવુબા લાડુબાએ કહ્યું એવી કળા પૃથ્વીના મુક્તમાં છે. બીજાને અધિક કહે ને પોતે ન્યૂન રહે એવી એનામાં કળા છે. નાશ કરી નાખવું ઈ વૈરાગનું લક્ષણ છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે અક્ષરધામનું સુખ અવધિબારૂ છે. તેની અવધિ નથી.

**મુક્તાનંદ કહે છે રે જાઉં એને વારણે રે,**
**જેણે મુનો આપ્યો બેહદ વારારે.**

સુખ-સુખ, જયાં સુખના ઢગલા છે. કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં જ મળે છે. દીન થયો ઈ હાથ જોડ્યા ગણાય. ભગવાન જેની કસર ટાળતા હોય એને ભગવાન ગરીબ દીન જેવો કરી દ્યે છે. પછી એને અફસોસ થાય એટલે એનું કામ થઈ જાય. વિમુખને પોતાનું ધાર્યુ થાય તો ફુલાય ને ભગવાનનો ભક્ત છે ઈ ધાર્યુ ન થાય તો ફુલાય. ભક્તને પાછી વૃત્તિ અક્ષરધામ છે. ને વિમુખને બહારવૃત્તિ છે અક્ષરધામ છે. તે ઉપર જડભરતની વાત કરી.

પછી સાંજે ફળીયામાં ઢોલિયા ઉપર બદામના વૃક્ષ નીચે વિરાજમાન થયા હતા ને સંત-હરિભક્તોની સભા બેઠી હતી પછી સ્વામીએ વાત કરી જે આ જીવને ભરતખંડમાં મનુષ્યદેહ મળવો ઈ અતિદુર્લભ છે. ભગવાનની મૂર્તિને ચિંતામણી લખે છે. સંત તે પરમ ચિંતામણી છે. ઓનું ફળ ઉરૂકાળે મળે છે. ઓલ્યું ફળ તાત્કાલિક મળે છે. માટે કંગાલપણું ઉડી જાવું જોઈએ. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. ‘કંગાલપણું કેવા ન રહ્યું, સદા મનાણું સુખ’ માટે ભગવાનની જેને પ્રાપ્તિ થઈ એના પુન્યનો પાર નથી. અમે કહેતા નથી પણ કુતરૂ પણ ભસતું આળસી જાય છે. સત્સંગનો મહિમા મારાથી કહી શકાતો નથી. ઈ દિવ્ય છે. જયારે મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન અને ભગવાનના સંત જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય.

એની જો પ્રતીતિ આવી જાય તો કામ થઈ જાય. તે ઉપર ફાટસરમાં પુનમનો ઉત્સવ કર્યો એની વાત વિસ્તારથી કરી. અલૌકિક સામર્થ્ય તો ભગવાનના ભક્ત આનંદ કરતા હોય ત્યારે હોય. આનંદ છે ઈ ભગવાનનું સ્વરૂપ છે. ને વ્યાધિ છે ઈ અસુરનું સ્વરૂપ છે. બસ જય સ્વામિનારાયણ.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૭૩ ॥**

## ૫૭૪. અક્ષરધામના સુખનું, ત્રણ પ્રકારના વિચારનું

સંવત્ ૨૦૩૪ના ભાદરવા વદી અમાસ ને સોમવાર તા.૨-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી જૂનાગઢ મધ્યે શ્રીજી ઓઈલમીલમાં પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ખપ હોય એને ભગવાન ન મળ્યા હોય ને ભગવાન મળ્યા હોય એને ખપ ન હોય. એને પૂર્વ સંસ્કાર જ એવા છે. કેટલાકને જગતમાં સાધારણ હેત હોય ને ભગવાનમાં પણ સાધારણ હેત હોય. તીવ્ર વેગ છે ઈ એક ધારા છે. એને સમાધિ કહેવાય. વીશ કોશના પ્રવાહમાં છોકરૂં પણ તણાઈ જાય. ઈંદ્રિયુંની એકધારા થાય, સમાધિ કહેવાય. નહિતર તો જુદી જુદી ધારા હોય. વિષયમાં દોષાધ્યાન થાવું કઠણ છે. પણ એમાં શું માલ છે ? તો પણ ગુણાધ્યાન થઈ ગયું છે. સમજે તો ય એને ખબર પડતી નથી તો જે નથી સમજતો એને શું ખબર હોય ? આપણને લાભ મળ્યો છે એવો કોઈને મળ્યો નથી. મેદાનમાં પડ્યું છે ભગવાનનું સુખ; તો પણ લઈ ન શકે. રામના વખતમાં લઈ શક્યા નથી; કૃષ્ણના વખતમાં પણ લઈ શકયા નથી તો સ્વામિનારાયણના વખતમાં કયાંથી લઈ શકે ? શ્વેતદ્વિપના મુક્ત અક્ષરધામમાં જાય તો પણ ત્યાં રહી શકતા નથી. અક્ષરધામનું સુખ અલૌકિક છે. વર્ણન કર્યું ન જાય; કથ્યું ન જાય એવું સુખ છે. આ સમે ભગવાન આવ્યા; અવતાર આવ્યા; મુક્ત આવ્યા. કેટલાક ભગવાનનું સ્વરૂપ સમજાવવા આવ્યા છે ને કેટલાક

પોતાની ખોટ કાઢવા આવ્યા છે ને કેટલાક સમજવા આવ્યા છે. સમજાવવા આવ્યા છે ઈ જીવને નિર્ભય કરીને અક્ષરધામમાં મોકલી દેશે. કારણ કે આ લોકનું સુખ છે ઈ બાજી છોડવી પડશે.

સવિકલ્પ નિશ્ચયમાં સાધન કહ્યા છે. પણ નિર્વિકલ્પમાં પુરૂષ પ્રયત્ન કહ્યો નથી. સૂક્ષ્મદેહ છે ને સ્થૂળદેહમાં પુરૂષ પ્રયત્ન જોઈએ. અંતઃકરણની વૃત્તિ એ જ જીવની વૃત્તિ છે. સાધનની સમાપ્તિ થઈ ગઈ. કંગાલપણું મટી ગયું. રાત્રી દિવસમાં અદૃશ્ય થઈ ગઈ. દિવસ અલૌકિક છે. મનુષ્ય માત્રના દેહના આયુષ્યની અવધિ છે એને ઉગવે કરીને જ આયુષ્યની ગણતરી થાય છે. અક્ષરધામના મુક્ત હારે જીવ બાંધ્યો હોય તો ભગવાનમાં જોડે.

પછી એટલી વાત કરીને મંદિરે દર્શન કરીને પછી શ્રીજી ઓઈલમીલની મોટરમાં બેસીને વંથલી વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પધાર્યા ને પછી ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે અક્ષરધામમાં કેમ સુખ છે ? રાજાનો કુંવર ફરતો ફરે તો પણ રાજનો ધણી છે. એમ અક્ષરધામમાં સુખ છે. ભક્ત છે ઈ કામ-ક્રોધાદિકને ટાળવાનો ઉપાય કરે તો તત્કાળ ટળી જાય પણ આદર કરવો જોઈએ. ભગવાનનો ભક્ત જેમ સંકલ્પ કરે એમ કરી આપે પણ ભક્તને સંકલ્પ તો થાવો જોઈએ ને ! ભક્તના દોષ ટળી જાય પણ વિમુખના દોષ તો ટળતા નથી. પુરૂષોત્તમ પ્રકાશમાં લખ્યું કે મૂર્તિને સંભારીને હું મુક્તનું વર્ણન કરૂં છું. અક્ષરનું વર્ણન કરૂં છું. ભગવાન આ પૃથ્વી ઉપર આવ્યા; એના ચરિત્ર, એની ક્રિયા ઈ અલૌકિક છે. ધર્મે સહિત કિંચિત્ ભગવાનનો સંબંધ થાય તેણે કરીને કૃતાર્થ થઈ જાય. તો સારા નરસા વિષય સરખા થઈ જાય. પણ ઉતરતા કેમ થઈ જાય ? બ્રહ્મા, શિવ ને વિષ્ણુ ઈ ગરીબ છે. ભારે શાહુકારને ઘરે ઠીકરૂં લઈને માટે ને પીપરની ટેટી ખાય એવા છે એને આવા બ્રહ્માંડ આપી દીધા છે. આ વિચાર હાથ આવે તો ઉતરતા થઈ

જાય. હવે ઉતરતાથી ઉતરતા થાય એનો વિચાર કહે છે. બધાયના સુખરૂપ તાગાત ભગવાનમાં કેટલું હેત છે ઈ જોવું; અમે સ્વાભાવિક પંચવિષયનું ગ્રહણ કરતાં હોઈએ ને એમાં લગારેક સારપ્ય મનાઈ જાય તો એમ થાય કે આ સુખને મેલીને ઓ સુખને કયારે પામીએ ? માટે 'ભજન ભક્તિમેં ક્ષણ ગયો તાકુ કાળ ન ખાત' જેટલો સમય ભજન ભક્તિમાં ગયો એને કાળ ન ખાય. ગુણ સામ્ય ને નિર્વિશેષ એવી માયા એનો ક્ષોભ કરે એવો કાળ છે. ભગવાનના સ્વરૂપમાં કાળની ગતિ ન પડે એવું એવું ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન અને મોટા સાધુને આશરે કરીને તો વાદળ જેવા દુઃખ આવવાના હોય તો પણ ટળી જાય છે. ભગવાનના ભક્તનો ભીડો સહન કરો તો અવગુણ આવ્યો ગણાતો નથી. ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે; વિમુખ જીવનો સંગ ગમે નહીં; ભગવાનના ભક્તથી બેપરવાઈ ન રહે તો અવગુણ ન આવે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૭૪ ॥**

## ૫૭૫. નિર્ગુણ સુખનું અને મોહની નિવૃત્તિ થવાનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૧ પડવા ને મંગળવાર તા.૩-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઉગમણાબારની ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વ્રજજીવનદાસસ્વામીએ સાક્ષાત્ સવિતા વાંચી.

પછી સ્વામીએ વાત કરી જે જ્ઞાન હોય ને ભગવાનના દર્શન થાય તો મન સ્થિર થાય. પણ ઘડીક થાય તો માળા ફેરવે, ઘડીક થાય તો દંડવત્ કરે, ઘડીક થાય તો ધ્યાન કરે, ઘડીક થાય તો પ્રદક્ષિણા કરે એમ મન સ્થિર ન થાય ને શાંતિ ન થાય. બીજા ધામના ભગવાન અને મુક્ત, એની પાસેથી જુદી જુદી વસ્તુ મળે છે ને અક્ષર, મુક્ત અને પુરૂષોત્તમ ઈ ત્રણેય પાસેથી મોક્ષ મળે છે. ત્રણેય પાસેથી એક જ વસ્તુ મળે છે. આપણા મનોરથ પૂરા કરે ઈ બીજા ધામના ભગવાન ને બીજા ધામના મુક્ત;

ઈશ્વરકોટી, દેવકોટી ઈ મનોરથ પુરા કરે છે. ને આ ત્રણ તો એમાંથી છોડાવે છે. નહિતર તો આ જીવ એમાં સલવાઈ જાય એમ છે. સાધુ છે ઈ સાધુ કરે; પણ તમે ગૃહસ્થ ગમે એવા હો તો ય પણ એમાં જોડો, પણ સાધુ ન થાવા દ્યો. વિષયમાં જોડે ઈ એકાંતિક નહીં ને ઐશ્વર્ય આપે ઈ પુરૂષોત્તમ નહીં ! માગે ઈ ભક્ત નહીં. વિષયને વિષે જોડે ઈ એકાંતિક ઘટતો નથી. વિષયને આપે ઈ પુરૂષોત્તમ નહીં ઈ મર્મ પ્રહ્‌લાદે જાણ્યો. પદાર્થમાં જોડે ઈ મુક્ત નહીં. એમાં શું જોડાવું ? ઈ તો મળવાના જ છે. બ્રહ્મરૂપ જે અક્ષર એમાં ડુબકી મારે પછી એની ઈચ્છા હોય તો ત્યાં જ નીકળે, એની ઈચ્છા હોય તો બીજે નીકળે. બ્રહ્મરૂપ તળાવ છે પણ દેહરૂપ તળાવ નથી. બીજા ધામના મુક્ત વિષયમાં જોડતા નથી પણ નિયમ રખાવે છે, શુદ્ધિ રખાવે, ધર્મ રખાવે, ભક્તિ કરાવે, ગમતું કરાવે. મેરૂની ટોચે ઉભો હોય ઈ બ્રહ્મ કહે ઈ વાત સાચી છે. જ્ઞાની થયો ઈ મેરૂની ટોચે છે. ઈ વિષય ખોટા કહે તો સાચું પણ દેહરૂપ છે, પૃથ્વી ઉપર છે એને તો બધું સાચું છે. પૃથ્વી ઉપર હોય પણ જ્ઞાની છે તો સૂર્યમંડળમાં છે. આ ઠેબું ને આ ઠેબું ઈંદ્રિયું ને અંતઃકરણ ઈ નોખા પડી ગયા એટલા આત્મારૂપ થઈ ગયા.

જેવું સૂક્ષ્મ દેહ છે એવું સ્થુળદેહ છે. સ્થૂળદેહની જેવી માન્યતા છે એવી સૂક્ષ્મદેહની માન્યતા હોય તો કર્મ લાગે; નહિતર કર્મ ન લાગે. પ્રમાદ, ન કરવાનું કરે ઈ મોહ છે. ઈ કરકે નજર છે. ચામડું સારૂં લાગે. સારા વિષય જ સારા લાગે. નબળા વિષય સારા ન લાગે. મન મુંજાય તો મોહ છે.

મન ઈંદ્રિયું સુધી ન આવ્યું કોને કહેવાય ? તો તાલ આળસી જાવો જોઈએ. સારી પથારી ન સારી લાગે, ખાવાનો તાલ વીંખી નાખે, સારૂં કપડું ન સારૂં લાગે. તો મોહ આળસી ગયો કહેવાય. ઈંદ્રિયુંનો પ્રવાહ એકઠો થાય ઈ જ સમાધિ છે. નેત્રે જોવું, કાને સાંભળવું, જીભાએ બોલવું, ત્વચાએ સ્પર્શ કરવો ઈ પ્રવાહ એક થાય તો સમાધિ કહેવાય. સૌ સૌના

કામ સૌ કરે ઈ સમાધિ ન કહેવાય. કર્મ ઈંદ્રિયું તો પોત પોતાના કર્મમાં જ તૈયાર હોય પણ એમાં નિયમ હોય તો બંધ બેસે ! વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૫મું કહે છે કે ચિત્તનો નિરોધ છે ઈ જ પ્રાણનો નિરોધ છે. ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ છે. ચિત્ત નિર્વાસનિક થયું એટલે પતી ગયું. ચિત્ત ઈંદ્રિયું સુધી ના આવ્યું એટલે પતી ગયું. નિર્વાસનિક થઈ ગયું. ભગવાનના ભક્ત અલૌકિક છે. ઈ લૌકિક બુદ્ધિથી નથી ઓળખાતા. ઈંદ્રિયુંથી કાંઈક વિષય ઓછા કરે તો અલૌકિક બુદ્ધિ થાય. સમાનબુદ્ધિ થાય ત્યારે સિદ્ધદશા કહેવાય. સારા નરસા વિષયની ભાન છે ત્યાં સુધી મોહ નિવૃત્તિ ન પામે. સારા વિષયથી મન પાછું હઠે ને નરસા વિષયમાં વૃત્તિ જાય તો સરસ ગણાય. તો મોહ નિવૃત્તિ થાય. વિષય મળે, પણ તાલ અળસાવી દ્યે તો કામ આવે. ત્યાગી તો આસને બેઠા વસ્તુ આવે એનો ત્યાગ કરે તો ખરો ત્યાગી કહેવાય. એક તો ન મળે તો ઝઘડો કરે; એક આસને બેઠો આવે તો જ લ્યે. આમ ચાર પ્રકારનો ત્યાગ છે.

આ લોક એવું છે કે કયાંય ન બંધાણા પણ ગંગામાના દાળભાતમાં બંધાણા.

પછી ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા બેઠી હતી પછી જુનાગઢવાળા ચંદુભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે પરલોકનું જ્ઞાન આ લોકમાં થાય પછી કાંઈ ન જોઈએ. હાર જીત મટી જાય; મારૂં તારૂં મટી જાય; આવવું જાવું મટી જાય. ભગવાનના ભક્ત મળ્યા તો જાણે કે કેરીનો રસ મળ્યો. આ લોકનું જ્ઞાન થાવું કઠણ છે. તો પરલોકનું જ્ઞાન કયાંથી થાય ? પરલોક જ્ઞાન એનું નામ- કાંઈ ન જોઈએ ઈ જ પરલોકનું જ્ઞાન છે. અક્ષરધામમાં તો ખરેખરી ઉપાસના સ્વામિનારાયણની હશે તો જ આબરૂ રહેશે. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિથી બીજા ધામમાં આબરૂ વધશે પણ અક્ષરધામના મુક્ત આગળ આબરૂ નહીં વધે. એમ જોઈએ તો

આ સત્સંગની કેવડી મોટાઈ છે ? કેવડી વડાઈ છે ? એને કોઈ જોઈ શકતો નથી. આ લોકના સુખનો ડંશ નીકળી જાવો ઈ બહુ કઠણ છે. રૂંવાડે રૂંવાડે આ લોક જ ભર્યું છે. સ્વામિનારાયણ અને એના સંતની લટક થઈ જાય તો આ લોકનું સુખ નાશ પામે. આ લોકના સુખમાં કયાંય પ્રીતિ ન હોય. પરલોક જે ભગવાન ને ભગવાનની મૂર્તિ એની જ વાસના છે. એનો એમ ગુણ ગ્રહણ કરે કે આ તો અતિશય મોટા છે. એને દેવ જેવા ન જાણે, મનુષ્ય જેવા ન જાણે. ને જે વચન કહે તે સત્ય માને. તું દેહ, ઈંદ્રિયું, મન, પ્રાણ એનાથી જુદો છું. એને પરમ સત્ય કરી માને. જેને પરમેશ્વર વિના બીજે કયાંય પ્રીતિ ન હોય, કોઈ પદાર્થમાં, કોઈ વસ્તુમાં, એનો એમ ગુણ ગ્રહણ કરે કે આ તો અતિશય મોટા છે આની આગળ લાખો માણસ હાથ જોડીને ઉભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. ને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત છું માટે મને ધિક્કાર છે એમ અનુતાપ કરે.

મનુષ્યની બરોબર કામાદિકમાં વર્તે ને સંશય ન થાય તે સગુણ નિશ્ચય કહેવાય. મનુષ્યથી બમણા પ્રવર્તે તો પણ સંશય ન થાય તો સગુણમાં મધ્યમ છે. ને ગમે એવા મદ્યમાંસ, બજાણીયા, પરસ્ત્રીમાં પ્રવર્તે તો પણ નિર્લેપ અસંગી સમજે તો સગુણ ઉત્તમ કહેવાય. એની પાસે બેસો ને આપણા દોષ દેખાય તો ઈ સગુણ બ્રહ્મ તરીકે છે. નિર્ગુણ બ્રહ્મમાં ક્યારે જવાય ? કે તીરને વાયુ ફગાવી દ્યે. ગમે એવો તરીયો હોય એને પણ ભમરી બુડાડી દ્યે. એમ ગમે એવો સાંખ્યવાળો હોય, યોગવાળો હોય એને પણ દેશકાળાદિક આઠ ઉડાડી દ્યે. ન જાય એવો હોય ઈ પણ વયો જાય. સંગઃ ન કુર્યાત્. જેણે સાત્ત્વિક સેવ્યા હોય, કામાદિક દોષ થકી રહિત થયા હોય, વાસના કુંઠિત થઈ હોય એની બુદ્ધિ ભેદાતી નથી. બીજાની બુદ્ધિ તો જરૂર ભેદાય છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૭૫ ॥**

## ૫૭૯. જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મના તેજનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૨ બીજ ને બુધવાર તા.૪-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે પોતાના ઉતારામાં પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા. ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે પ્રગટ ભગવાનનું ધ્યાન અને પ્રગટ ભગવાનનું ભજન એનાથી પ્રકાશ થાય છે. પ્રકાશ એટલે માન ટળી જાય. પોતાનો દોષ દેખાય છે. દોષ દેખાય એટલે એની આગળ રાંક થઈ જાય. અભિમાન ન રહે. આ ભગવાનના ગુણનો પ્રતાપ છે. ઐશ્વર્યનો પ્રતાપ છે. નહિતર તો માનને આધિન હોય. અમને એમ પ્રકાશ થયો હતો; ધર્મ, જ્ઞાન, વૈરાગ ને ભક્તિ એવો પ્રકાશ થયો તો એક વચનામૃત અમે છ મહિના વાંચ્યું હતું ! સમુદ્રમાં જેમ નદીયું લીન થઈ જાય છે, શૂરો રણને વિષે ટૂક ટૂક થઈ જાય છે; સતી અને પતંગ અગ્નિને વિષે બળી મરે એમ અમે અમારા આત્માને એકરસ, પરિપૂર્ણ બ્રહ્મને વિષે લીન કરી રાખ્યો છે. એ સિવાય તો બીજાને જગતની કોરનો લોચો જણાય છે. જે દિ ભગવાનની પ્રાપ્તિ નહોતી થઈ તે દિ પણ કાળ-કર્મ-માયા આ જીવને નડી શક્યા નથી તો હવે ભગવાન મળ્યા છે તો કાળ-કર્મ-માયાનો શો ભાર છે એમ માનીને અમે સુધી હિંમત બાંધી છે.

હેત છે તો લાખ ગાઉ છેટો હોય તો ય પાસે છે, નહિતર પાસે હોય તો ય લાખ ગાઉ છેટો છે. પોતાની ખામી દેખાય ઈ તેજ છે. પોતાનો દોષ દેખાય, પોતાનો અવગુણ દેખાય, પોતાથી બીજાને અધિક જાણે, પોતે ન્યૂન થાય. ધર્મ છે ઈ તેજ છે. વૈરાગ છે ઈ તેજ છે. આત્મનિષ્ઠા છે ઈ તેજ છે. ભક્તિ છે ઈ પણ તેજ છે. ભગવાન અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ એને આશરીને રહ્યા છે. પણ ભક્તિહીન હોય એને એમાંથી ભગવાનનું સ્વરૂપ આશ્રય કરવા યોગ્ય કહ્યું એમાંથી ભક્તિહીન હોય એને નિરાકાર

સમજાય છે. સાકાર સમજાય ઈ ભક્તિ છે. એની તાગાત જાણવી જોઈએ. મન,બુદ્ધિ, ચિત્તની તાગાત કેવડી છે ! ચિત્ત ઝળહળ જ્યોતિ જલે એવું છે. એકવીશ હજાર છસો ને છ જંપા ચિત્તમાંથી ઉઠે છે ઈ જાણે તો ચિત્તની તાગાત જાણી કહેવાય. દસમણની તલવાર જોઈને એમ અનુમાન કરે કે આ તલવારનો ઉપાડનાર કેવડો હશે ? એવી બુદ્ધિની તાગાત છે. જાણપણું છે ઈ દૈવી સંજ્ઞા છે ને અજાણપણું છે ઈ આસુરી સંજ્ઞા છે. જાણપણું છે ઈ ભગવાન સંબંધી સંપત્તિ છે. મોટા મોટા સાધુ ભગવાનના જાણપણા રૂપી અક્ષરધામને દરવાજે અખંડ રહે છે. ઈ જાણપણામાં અક્ષરધામ છે. ને અક્ષરની માંહિ પુરૂષોત્તમ છે. ત્યાં કોઈ ચોર ચકારને પેસવા દેતા નથી.

બીજાને જીતવામાં અનુભવનો શબ્દ કામ કરે છે. ઓસાણ હથિયાર જ કામ કરે છે. જેની જે તાગાત ઈ એનું તેજ છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિનું અભિમાન ઈ એની તાગાત છે. જીવની તાગાત તો ગરીબપણું છે. કંગાલપણું છે. ઈશ્વરની તાગાત ગુણથી આપણી તાગાત ન્યૂન છે. માયાની તાગાત પકડી લેવાની છે. ગુણ, સામ્ય ને નિર્વિશેષ છે. ત્રણ ગુણ રૂપી અંધારૂં છે. મોહ છે ઈ જ અંધારૂં છે. અંધારૂં છે ઈ જ મોહ છે. મારા વિના આનું રક્ષણ કોણ કરે ઈ મોહ છે.

પોતે પોતાની સ્થિતિમાં રહે ઈ બ્રહ્મની તાગાત છે. પુરૂષોત્તમની તાગાત બહુ જબરી છે. જગન્નાથપુરીમાં તાગાત વાપરી. માનસા શહેરમાં તાગાત વાપરી. પિબેક પાસે તાગાત વાપરી. નવલખા પર્વત ઉપર પોતાની તાગાત વાપરી. ગોપાળજોગી પાસે પણ તાગાત વાપરી તે ગીરિ હતી ઈ જ વૈકુંઠ સમાન થઈ ગઈ. એને અક્ષરધામમાં જાવું ન પડ્યું. ભગવાનનો આશરો થયો ત્યાંથી જ અક્ષરધામમાં પુગી ગયા. મહારાજે બહુ શક્તિ વાપરી. સ્વરુપાનંદસ્વામીએ આખી જમપુરી ખાલી કરી દીધી. ભૂમાપુરૂષ મેનેજર છે. રામચંદ્રજી તેરહજાર વરસ સુધી રહ્યા. દિવસ અને રાત વચ્ચે શું છે ? જ્ઞાન અજ્ઞાનની વચમાં શું છે ? સુખ ને દુઃખ વચ્ચે શું છે ? તેમ

અવતાર ને અવતારીની વચ્ચમાં ભૂમાપુરૂષ છે. અવતાર છે ઈ સૃષ્ટિકાળમાં છે ને અવતારી છે ઈ મોક્ષકાળમાં છે. અવતાર અનાદિ છે પણ ઉત્પત્તિકાળમાં અનાદિ છે. ધર્મ અને અધર્મની વચ્ચમાં, માયા ને આત્મા ઈ બેની વચ્ચમાં સત્પુરૂષનો આપેલો વિચાર છે. ઈ વિચાર નોખા રાખે. માયાનો સર્ગ ને ભગવાન સંબંધી ગુણ એને ભેળા ન થાવા દ્યે.

બે ભ્રકુટિની વચ્ચે આજ્ઞા ચક્ર છે. એમાં ફેર હોય તો બ્રહ્મરંધ્રમાં ન જાવા દ્યે પણ અવતારીના ભક્ત છે ઈ આજ્ઞાચક્ર ઉલ્લંઘીને ઓલી પા વયા જાય. ફેર હોય તો પણ વયા જાય. પણ અવતારના ભક્ત બ્રહ્મરંધ્રે ન જઈ શકે.

જેના થકી ખોટ દેખાય, ખામી દેખાય, આપણા સ્વભાવ દેખાય માટે આ અલૌકિક છે. ત્યાં સંશય ન થાય તો સંશયગ્રંથી ગળી કહેવાય. સંશય ને નિશ્ચય બે ય બુદ્ધિમાં છે. જેણે નિશ્ચય કર્યો ઈ જ એમાં સંશય કરે છે એનું શું કરવું ? ઈ જેનાથી વિરામ પામે ચિત્ત, એમાં સંશય ન કરવો. મન જયાં સ્થિર થયું ઈ અવતારી છે. મન તો હાથી જેવું છે. ભગવાનના નામરૂપી અંકુશ ધારણ કરો તો મન વશ થાય.

આપણા ભગવાન મોક્ષદાતા છે પણ ઉત્પત્તિકાળ ભેળા કઈ રીતે છે ? ને નોખા કઈ રીતે છે ? જીવનું અન્વયપણું ને વ્યતિરેકપણું કઈ રીતે ? સુખદુઃખનો ભોક્તા ને સુખદુઃખ થકી વ્યતિરેક એમ અન્વય-વ્યતિરેકપણું છે. પ્રકૃતિને આધીન છે ઈ ઉત્પત્તિકાળ ભેળા ભગવાન કહેવાય. ને સ્વભાવથી રહિત છે ઈ મોક્ષકાળમાં ગણાય. આ બ્રહ્માંડમાં રહેલા ભગવાન એમાં પ્રકૃતિ હોય પણ આપણું અક્ષરધામ છે. એના ગુણ, એના સ્વભાવ ઈ આપણા મોક્ષદાતા છે. ઈ નોખું પાડવું ઈ કઠણ છે. પોતે નોખો પડ્યો હોય તો નોખું પાડી શકે.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી

હરિપ્રસાદસ્વામી સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે એવી પ્રત્યક્ષને વિષે થાય તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના રહ્યા છે તે સર્વ પ્રાપ્ત થાય છે. જેટલી પ્રાપ્તિ કહીએ, જેટલું સુખ કહીએ તેટલું સર્વ પ્રાપ્ત થાય છે. જેવા સાધુનો સંગ થયો હોય એવું અંગ બંધાય. જેવો હરિભક્ત મળ્યો હોય એવું અંગ બંધાય. પછી સત્સંગ કરીને અંગની પુષ્ટિ તો થાય પણ અંગ તેનું તે જ રહે છે. વિશ્વાસી તથા બાળક તથા મૂઢપણું થાય તો અંગ બંધાય. બીજું પદાર્થ જો પ્રધાન થઈ જાય તો મનમાં દાઝ થાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૭૬ ॥**

## ૫૭૭. જ્ઞાનનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૩ ત્રીજ ને ગુરૂવાર તા.૫-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાની ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે બીજાના સંગની અપેક્ષા ન રહે એનું નામ જ્ઞાન થયું કહેવાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૭૭ ॥**

## ૫૭૮. આળસ, પ્રમાદ અને નિર્ગુણપણાનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૪ ચોથ ને શુક્રવાર તા.૬-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી પુરૂષોત્તમભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૮૦મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે કાલે નબળો વિચાર હતો ને આજે સારો વિચાર છે એમ ખબર પડે તો પ્રમાદ આળસ્યો ગણાય. સાચા ખોટાનું

જ્ઞાન થાય તો પ્રમાદ આળસ્યો ગણાય. ભગવાનના ચરિત્રની ખબર પડે તો મોહ નાશ થયો ગણાય. ભગવાનના ભક્તને ભગવાનના ભક્ત હોય ઈ આપે છે. ને બીજા તો દૂધમાંથી પુરા કાઢે છે. લોકમાં છે પણ છે અલૌકિક. એની ક્રિયા અતર્ક છે. આપણી ક્રિયા અધોગતિ છે. આપણા કર્મ જમપુરીમાં લઈ જાય એવા છે. આપણા કર્મ બહાર કહીએ તો આ બધાય એમ કહે કે આ આવો છે. આપણા કર્મ નબળા છે ને ભગવાનના ભક્તના કર્મ અધિક છે. જાહેર કરે છે એટલો ભગવાનનો ભક્ત છે. આ સત્સંગ છે ઈ અતર્ક છે.

વિવેક છે ઈ કેવડો જબરો છે ! કાંઈ ખબર પડતી નથી. વિવેક રાખવો પણ ભગવાનના ભક્તને સુખ થાય એમ વિવેક રાખવો. પણ ભગવાનના ભક્તને દુઃખ થાય એવો વિવેક ન રાખવો. આત્મા પરમાત્માનો વિવેક ન હોય એનું નામ પ્રમાદ કહેવાય. સાચા ખોટાનું જ્ઞાન નહીં એનું નામ પ્રમાદ કહેવાય.

મોહ એટલે આ લોકના સુખમાં નજર હોય. મોહ અંધારૂં છે. મોહ ગપટ છે. બહુ મોટું અજાણપણું છે. આ કરવા જોગ છે કે નથી કરવા જોગ એનું જાણપણું નહીં એનું નામ મોહ છે. બીજાનો અવગુણ દેખાય પણ આપણામાં તો કોઠીમાં દાણા હોય એટલા અવગુણ છે. ભગવાનની ભક્તની ક્રિયા જ અલૌકિક છે પણ લોકમાં છે એટલે ખબર પડતી નથી. જેનાથી અલૌકિકપણું થઈ ગયું, પ્રકાશ થઈ ગયો, એમાં અવગુણ દેખે છે. પોતાનું વિચારે ઈ પ્રમાદથી રહિત કહેવાય. ભગવાનના ચરિત્ર ને ભગવાનના ભક્તના ચરિત્ર તે રૂપી જે જાળું એમાં મનને ગૂંચવી રાખવું. એક ઘાટ શમ્યો તે બીજો કરવો ને બીજો શમ્યો તે ત્રીજો કરવો તે પ્રકાશ થઈ જાય. ક્યારેક પ્રકાશ થઈ જાશે. દેહ ઈંદ્રિયું અંતઃકરણ અને દેવતા એનાથી જીવનું સ્વરૂપ કેવી રીતે ન્યારૂં છે ? દેહનો ભાવ શું ? ઈંદ્રિયું, અંતઃકરણ ને દેવતા દેહભાવ છે ઈ આડો ફરે છે. આટલો દેહભાવ છે ને આટલો અલૌકિક ભાવ છે ઈ જાણી જાવો જોઈએ. ન્યૂનતા-અપૂર્ણતા હોય ઈ

દેહભાવ છે નહીંતર આ સત્સંગમાં દેહભાવ ટકે ખરો ? આ સત્સંગમાં સ્વભાવ રાખે એને વાત સમજ્યામાં જ આવી નથી. સતી થઈને પાછી વળે એના સગા વળવા દ્યે ? ન વળવા દ્યે. દેહ, દેહના સંબંધી, દેહના ભોગ તે આવા છે. ને ઈંદ્રિયું તે આવા છે. એને ઓળખી રાખવા. એની સાથે કામ લઈ લેવું પણ આત્માને ફજેત કરે એમ ન કરવું. ને પછી પ્રમાણ કરવું. ભેળું ભળવું એનું નામ પ્રમાણ કહેવાય. સ્વભાવ ભેળા ભળીને સ્વભાવનો ડાટો દઈ દેવો વિષયી જીવ જેવા થાવ તો એને સત્સંગી કરી શકે. એને જાણે ને એનાથી અળગો રહે ઈ આત્માનું સ્વરૂપ. ભગવાનના ભક્ત તો બહુ મોટા છે. બહુ મોટા છે. આ તો ડગળી ખસી ગયા જેવી વાત છે. શાસ્ત્ર ના પાડે છે પણ બોલવું શું ?

આ દેહને ઉંધુ નાખીને ઢસડવું ને ભક્તનો મહિમા કહેવો. દેહનું ધાર્યું ન થાવા દેવું એટલે ઢસડ્યું કહેવાય. ધર્મ ને અધર્મ ઈ બેનો ત્યાગ કર્યો. અધર્મનો ત્યાગ કરવો ઈ બરાબર પણ ધર્મનો ત્યાગ કઈ રીતે કરવો ? એના વિચારનો પણ ત્યાગ કરવો પછી આત્મારૂપ રહેવું. બેયનો વિચાર કરનારો જ્ઞાન સ્વરૂપી વિચાર એનો કઈ રીતે ત્યાગ કરવો ? જો આત્મારૂપ થાય, સ્થિર થાય તો વિચારનો પણ ત્યાગ કર્યો કહેવાય. જો વિચાર સ્થિર થાય તો બાધિતાનુવૃત્તિ આળસી જાય. બ્રહ્મરૂપે વર્તવું, આત્માકારે વર્તવું, ઉત્થાનેરહિત વર્તવું ઈ કાંઈ નાની વાત નથી. પંચવિષયમાં આસક્તિ છે ઈ જ ભગવાનની માયા છે. ખાવું, ઉંઘવું ને વિષય ભોગવવા એમાં કોઈને ગુરૂ ન કરવો પડે. મોટા થકી શીખાય એટલી જ બુદ્ધિ છે. બુદ્ધિવાળો કોને કહેવાય ? પોતાનો અવગુણ સુઝે ઈ બુદ્ધિવાળો. સામાનો અવગુણ ન સુઝે ઈ બુદ્ધિવાળો છે. દિ કેડ્યે દિ ને રાત કેડ્યે રાત ચાલી જ જાય છે. આવરદા ખતમ થઈ જાશે. જેટલા શ્વાસ લેવાય છે એટલી આવરદા ખતમ થાય છે. ટેમ આવે ત્યારે બોલે ઈ પંડિત ને ટેમ આવે ત્યારે ન બોલે ઈ મુરખ કહેવાય.

પંચવિષયના મૂળિયા ઉખેડી નાખવા એનું નામ નિર્ગુણ. ઈ શાસ્ત્રનો શબ્દ. ભગવાનના સ્વરૂપને ઓળખવું ઈ નિર્ગુણ. ઈ સ્વામિનારાયણે કહ્યું ને ભગવાનના સ્વરૂપને ઓળખે એવા ભગવદ્‌ભક્ત ઈ નિર્ગુણ છે. (વચનામૃત ગઢડા મધ્યનું ૧૪મું) મહારાજ કહે કાલે અમે વાત કરી એવું જેને તદાત્મકપણું હોય ઈ નિર્ગુણ છે. ભગવાનના ભક્ત થકી બીજા નિર્ગુણ થાય છે. ઈ ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય ઈ જગ્યા નિર્ગુણ. ખાનપાનાદિક વસ્ત્ર, વાહન, પરિચર્યાના કરનારા સેવક ઈ બધુંય નિર્ગુણ છે. આ તેરમા વચનામૃતમાં કહ્યું છે ને અહીંયા ચૌદમામાં(ગઢડા મધ્ય પ્રકરણ) એક જ નિર્ગુણ બતાવ્યું છે ઈ નિર્ગુણથી બીજા નિર્ગુણ થાય છે. બીજા અવતાર જેવા કહે તો એનો દ્રોહ કર્યો કહેવાય. પંચવિષયથી મુકાય ઈ નિર્ગુણ ને બીજું ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ કહેવાય. ને એ જાણે ઈ નિર્ગુણ કહેવાય. ને ઈ ભક્તને નિર્ગુણ જાણે ઈ પણ નિર્ગુણ કહેવાય. જ્યાં સુધી જાણપણું હોય ત્યાં સુધી જ સ્મરણ થાય. તો જ નિર્ગુણ કહેવાય. આટલી વાત તો સો જન્મેય ન સમજાય. જડ ચેતનનો વિવેક હોય એના થકી નિર્ગુણ થાય છે. ચેતનથી નિર્ગુણ થવાય છે પણ જડથી નિર્ગુણપણું થવાતું નથી. ભેળો રહે, સેવા કરે, કહે એમ કહે તો પણ મોટાના ગુણ ન જ આવે. પણ નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે ને તેની આગળ કોઈ પ્રકારનો અંતરાય ન રાખે; કપટરહિત વર્તે તો મોટાના ગુણ આવે.

નિર્ગુણ એટલે શું ? ભગવાનનું સ્વરૂપ એટલે નિર્ગુણ. ભગવાનના સ્વરૂપ સામી દૃષ્ટિ રહે ઈ નિર્ગુણપણું કહેવાય. માણસને ઓળખીને વાત કરે; એની વાત પાછી ન ફરે.

પછી સાક્ષાત્ સવિતાનું ૮૦મું કિરણ ફરીથી વંચાવ્યું. પછી વાત કરી જે ઈંદ્રિયુંના સ્વભાવ મૂકી દેવા ઈ નિર્ગુણપણું છે. ભગવાનનું સ્વરૂપ એ જ નિર્ગુણ. ઉઘાડા થઈને ચાલતા હોય પણ નિર્ગુણ ન કહેવાય. બહાર અગર અંદર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું એનું નામ અંત્તરવૃતિ

કહેવાય. ઈંદ્રિયુંના ભાવ ટાળવા ઈ આપણે જ નિર્ગુણ થાવાનું છે. ખાવા ટાણે ખાવાનું સાંભરે ઈ બરાબર છે પણ ખાવાનું ટાણું ન હોય ને ખાવાનું સાંભરે ઈ સગુણપણું છે. જ્ઞાની હોય એને પણ ટાઢ, તડકો, ભૂખ, તરસ ઈ લાગે પણ ખાવા ટાણે લાગે. પણ અજ્ઞાનીને તો ટાણા વિના સંકલ્પ થયા કરે.

ઈંદ્રિયું અંતઃકરણ વેરી છે ઈ જેવા કોઈ વેરી નથી. કોઈ દિ આપણને અક્ષરધામમાં જાવા દ્યે એવા નથી પણ એને ય સત્સંગી કરી દેવા એટલે અક્ષરધામ સુધી વળાવવા આવે. ઈંદ્રિયું અંતઃકરણના ભાવ છોડી દ્યે તો નિર્ગુણ કહેવાય.

સ્વામિનારાયણ કેવડા છે એનો કોક દિ તો વિચાર કરો ! અડાલજની વાવની વાત કરી ને બોલ્યા જે સ્વામિનારાયણના મહિમાનો વિચાર તો કરો. બધાયના સંકલ્પ જુદા પણ મહારાજનો સંકલ્પ કેવો કે કીડી, મંકોડી, ઢાંઢા જે કોઈ ઉપજોગમાં આવ્યા એનું બધા યનું કલ્યાણ થાશે. જયાં સુધી જાણપણું હોય ત્યાં સુધી જ ચિંતવન થાય ઈ તો જે પાછી વૃત્તિ વાળીને બેસતો હોય એને ખબર પડે બીજાને ખબર ન પડે.

કામી હોય ઈ કામમાં જ લીન થાય. સ્વાદિયો હોય ઈ સ્વાદમાં જ લીન થાય માટે ઈંદ્રિયું અંતઃકરણ બહુ જ ખરાબ છે. કરોડો જન્મ થયા આપણને ભગવાન સન્મુખ થાવા દીધા નથી. આખી રાત ચહચહાવે પણ ભજન ન કરે. પણ ભજન કરવામાં જ લાભ છે. પણ સુષુપ્તિમાં સુખ નથી. પ્રધાન પુરૂષના, સ્ત્રીપુરૂષના સંજોગના સુખલેશમાં અતિશય લીનપણું ઈ સુષુપ્તિ અવસ્થા છે. જેટલા વાગે જાગવું હોય એટલા વાગે જગાડી દ્યે ઈ કર્તાવૃત્તિ છે. જોવાની ઈચ્છા છે ઈ જાગ્રત અવસ્થા છે. એમાં સુખ નથી. હેરાનગતિનો પાયો છે. અક્ષરધામમાં તો દિવ્ય માયા પર ઈ નિર્ગુણ સ્વરૂપ છે પણ અહીંયા પૃથ્વી ઉપર છે એને એવું સમજે તો સમજણ ગણાય. સાકાર છે ઈ જ કર્તા છે. માયા પર છે. નિર્ગુણ છે. દિવ્ય સ્વરૂપને તો

નિશ્ચયવાળો એક જ દેખે છે. એવું ભગવાનનું અલૌકિકપણું છે. મનુષ્યદેહમાં તમે અલૌકિકપણું સમજો ઈ જ દિવ્યસ્વરૂપ છે. બાળમુકુંદદાસસ્વામીના ગમે એટલા વખાણ કરો ઈ કોઈને વાંધો ન હોય પણ અત્યારે હયાત હોય એના વખાણ કરો તો વાંધો આવે.

જેમ ભગવાનને અર્થે દેવ ભેટ સામગ્રી લાવે છે તેમ એકાંતિક ધામમાં જાય ત્યારે પણ દેવ ભેટ સામગ્રી લાવે છે. એની કેવડી દૃષ્ટિ હશે ? ઈ કેવડા મોટા હશે પણ આપણા ગુરૂ થઈને રહ્યા હોય એટલે ખબર ન પડે. અમને એટલી ખબર પડતી કે સ્વામી પાસે બેસીએ એટલે શાંતિ થઈ જાય એટલી ખબર હતી. માટે બાળમુકુંદદાસસ્વામી એટલે બાળમુકુંદદાસસ્વામી ! દેહનો ભાવ ન જણાય તો નિર્ગુણમાં ગયા કહેવાય. અત્યારે ઉપાસનાનું બળ હોય તો જ કામ થાય. તે ઈશ્વરની પેઠે થાય. ઈશ્વર માયામાં લોમ વર્તે છે તો પણ બંધન ન થાય.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે આ સત્સંગ મળ્યો ઈ બહુ જબરી વાત છે.પણ આ જીવને પ્રાપ્તિની ખબર નથી. અત્યારે નહીં સમજો તો જાશો ઘીંસોડા ફુંકતા. રંગડાની રેલ વાળી છે. કરવું કાંઈ રહ્યું નથી. કૃતાર્થ થયા છીએ. આનંદની એલી થઈ છે. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી એની ભેળા આવ્યા છીએ નહિતર બીજા ઘણાંય છે. ઈ બધાય ભજન કાં કરે નહીં ? આ તો આપણા પૂર્વના સંસ્કાર છે એટલે અહીંયા બેસાય છે. અત્યારે નહીં સમજાય તો ખોટ બહુ જાશે. આ લોકમાં સંતોષ થાતો નથી. એક કારખાનું કરે તો બીજા દશ કારખાનાની ઈચ્છા થાય.

પછી ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે

જાગ્રતમાં ભગવાનનું જ્ઞાન થાય તો સુષુપ્તિ અવસ્થા નાશ થઈ જાય. પૃથ્વી ઉપર અનેક ચીજ છે ઈ બધાયનું જ્ઞાન છે પણ ભગવાનનું જ્ઞાન નથી. આવો સાવ નમાલો જીવ છે. મુંબઈમાં બાવન બોલ ને ત્રેપન તોલ એમાં હોશિયાર છે. પણ આમાં ભગવાનના જ્ઞાનમાં સાવ નમાલો છે. એનું શું થાશે ? પણ જો ભગવાનનું જ્ઞાન થાય તો અવસ્થા નાશ પામે. ભગવાનના લીલા ચરિત્રને સંભારો એટલે સ્વપ્ન ને સુષુપ્તિ નાશ પામી જાય છે. એમાં પણ શું છે ? નમાલી વાત શું કરો છો ? માણસની ક્રિયા માત્ર ખોટી છે પણ વાસનાથી સાચી છે. રાગદ્વેષ છે એનો ત્યાગ કરો ને સાધુ સમાગમ કરો તો આ લોકમાંથી પાછું વળાય. જેવો સ્વપ્નમાં સાધુના દર્શન થાય ને આનંદ થાય એવો જાગ્રતમાં દેખાય ત્યારે આનંદ થાય તો સ્વપ્ન અને સુષુપ્તિનો લય થઈ જાય.

મનુષ્ય સ્વરૂપમાં એટલું સમજવું કે મનુષ્યદેહ ધારણ કરે ત્યારે એમાં વિશ્વકળા હોય, હોય ને હોય જ ! રાધાવાવે મહારાજે પલાણ નાખ્યું. જીવુબા લાડુબાએ અધર્મ સર્ગને જીત્યો. સચ્ચિદાનંદસ્વામીએ કામને જીત્યો. ક્રોધને પછાડ્યો; એને મુક્તાનંદસ્વામીએ જીત્યો; લોભને નિત્યાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીએ જીત્યો; લોભને ગોપાળાનંદસ્વામીએ જીત્યો. ઈર્ષ્યાને શુક સ્વામીએ જીતી એમ વિશ્વકળા છે. પોતે ન કર્યું પણ બીજાને નિમિત્ત કર્યા. એવી વિશ્વકળા હોય, ને વિશ્વકળાથી એની મોટ્યપ અક્ષરધામના મુક્તના જેવી સમજો તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા નાશ પામી જાય. એક વિશ્વકળા સમજી જાવ તો બસ થઈ જાય. આની મોટ્યપ; બ્રહ્મા, ઈંદ્ર, બૃહસ્પતિ, સૂર્ય, ચંદ્ર કોઈ આને જાણી શકતા નથી એવા અલૌકિક ભગવાનના ભક્ત છે. એને લૌકિક જાણો છો એટલે સ્વપ્ન અને સુષુપ્તિ ઉભી રહે છે. નહિતર સ્વપ્ન અને સુષુપ્તિ ઉભી ન રહે. જાગ્રતમાં ત્રણ વાના આવ્યા. જાગ્રતમાં એક સ્થિતિ રાખો તો ઓલી અવસ્થા અટકી જાય. સુખમાં દુઃખ દેખવું ઈ જાગ્રત અવસ્થા છે. સૂક્ષ્મ બુદ્ધિવાળાને સૂક્ષ્મ

બુદ્ધિવાળો સમજી જાય. આ વાત સ્થૂળ છે. પણ એમ જે વર્તતો હોય એને ખબર પડે કે આ વાત સૂક્ષ્મ છે. વચનામૃતનો પ્યાસી હોવો જોઈએ તો એને આ ઘી કેળાં થઈ જાય. વચનામૃતનો ખરેખરો બંધાણી હોવો જોઈએ. ગૃહસ્થમાં તો પ્યાસી હશે પણ અમારી જ્ઞાતિ તો લુગડામાં પાટલીયું પાડવામાં રહી ગઈ. રજોગુણ અને તમોગુણ તો પૂરેપૂરા લેણીયાત છે. લેણું લીધા વિના નહીં રહે.

શૂળીએ ચડ્યો ઈ સારામાં સારો છે ! એવો સત્ત્વગુણ સારામાં સારો છે ! પણ ભગવાન ભજવા ઘે એવો નથી. મોટા પુરૂષની સાથે નિષ્કપટ વર્તે; કામ ક્રોધાદિકને ટાળ્યાનો ઉપાય કરે ને માન ટળ્યે ભાવે વર્તે તો મોટા પુરૂષ રાજી થાય; તો વિકાર ટળે; નહિતર તો રાફડો થઈ જાય તો પણ વિકાર ન ટળે. કામ ક્રોધાદિક છે એમાં એકને બરાબર ધકકો મારી ઘો તો બીજા વયા જાય. એક ચીજના બે ધણી થાય ત્યાં કળી સમજી લેવો. એકને બરાબર મારો તો કોઈપણ ઉભો ન રહે. જાગ્રતમાં સવા કલાક સુધી સ્વપ્ન ન આવે તો સ્વપ્ન અને સુષુપ્તિ ટળી જાય. માયિકભાવ પ્રત્યક્ષમાં ટળી જાય તો હથેળીમાં ભગવાન દેખાય. ભગવાન બીજાનું બળ બતાવે પણ પોતાનું બળ ન બતાવે. એટલે એમાં માયિક ભાવ ઠેરાવે. રાજાનો કુંવર ગમે એમ ફરતો ફરે પણ રાજનો ધણી છે. એમ નિશ્ચય થયો એટલે અક્ષરધામ તમારૂં છે. નિશ્ચય કરનારાની ખામી છે. પણ મૂર્તિની ખામી નથી. ધ્યેયની ખામી નથી પણ ધ્યાતાની ખામી છે. તદાત્મકપણું કેના થકી થાય છે એટલો નિશ્ચય થયો એટલે પતી ગયું. લીંબડો જાણ્યા પછી કામાદિક વ્યાપે તો પણ સંશય ન થાય એમ ભગવાન તે ભગવાન; એવો ભગવાનનો, પ્રત્યક્ષનો નિશ્ચય થાય પછી ભલે તમારી પેઠે ચોરણો પહેર્યો હોય તો ય નિર્ગુણ કહેવાય. વચનમાં વિશ્વાસ એ જ નિશ્ચય છે. પંચવર્તમાને યુક્ત હોય એમાં વિશ્વાસ હોવો જોઈએ.

આત્મારૂપે વર્તવું એના કરતા સંત ભેળું રહેવું ઈ અધિક છે.

આત્મનિષ્ઠાનું અનુસંધાન, માહાત્મ્યજ્ઞાનનું અનુસંધાન, પદાર્થના નાશવંતપણાનું અનુસંધાન હોય તો કોઈ પ્રકારનો વિક્ષેપ ન આવે. ભગવાનના ભક્ત ભેળું રહેવું ઈ અધિક છે. સત્તારૂપે રહેવું એના કરતાં ય અધિક છે માટે ભગવાનના ભક્ત છે ઈ બ્રહ્મની જ મૂર્તિ છે. એની આગળ કરોડો સ્ત્રીનું સુખ પણ શા લેખામાં ? આ સમે જેવું ભગવાનના ભક્ત ભેળા રહેવાથી કામ થાય એવું કોટિકલ્પે પણ ન થાય. એક હરિભક્ત માંદો હોય ત્યાં બીજો જાય તો એને ભગવાન તેડી જાય એવડી પ્રાપ્તિ છે. ભગવાનના સ્વરૂપની કેવડી મોટાઈ છે ? બોલતા નથી તો ય એનો દાવ લાગે. બોલી ન શકે. ધર્મ પાળે, વૈરાગ રાખે પણ ઈંદ્રિયુંને લાડ લડાવવા કરે તો સ્વર્ગની પ્રાપ્તિ થાય; ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો નિર્વિકલ્પ કહેવાય.

નિર્વિકલ્પમાં કેવી રીતે જવાય છે ? ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતા હોય એને ઓળખે ને અર્થ ને અર્થે કરે છે એને ઓળખે ઈ નિર્વિકલ્પમાં જઈ શકે. ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે; બુદ્ધિમાન છે; મોક્ષને યોગ્ય છે. સર્વ કર્મનો કરનારો છે તો પણ મોક્ષને યોગ્ય છે. ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે ઈ સત્પુરૂષ છે. અર્થ ને અર્થે કરે છે ઈ અસત્પુરૂષ છે. નારાયણદાસસ્વામી અને વિહામણભાઈ આવી રીતે જ વાતુ કરતા. ને સવારમાં તો જલસો કરતા. બસોક ડોડા શેકીએ ને નારાયણદાસસ્વામી બહુ ડોડા જમતા. પાંચશેર જેટલું જમી જાતા. બીજું નિર્ગુણપણું ક્યાં આવ્યું ? વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૧૪માં આવ્યું. જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય ઈ નિર્વિકલ્પ છે. એના થકી એવો નિર્વિકલ્પ નિશ્ચય થાય છે. 'ખોળી ખોળીને ખોળીએ, ખરા ખપવાળાની ખોટ્ય રે.' બે જણા સમજીએ તો પણ બસ છે. તો સ્વામિનારાયણ આપણને કોઈ દિ ઠપકો નહીં દ્યે.

નિર્ગુણમાં જાવાનું કેમ આવ્યું ને સગુણમાં જાવાનું કેમ આવ્યું ? વચનામૃત મધ્ય પ્રકરણના ૧૧માં ને ૧૪માં ફેર છે. ૧૧માં શાસ્ત્રની રીત

છે. ને ૧૪મા માં નિશ્ચય થયા પછી નિર્વિકલ્પમાં ગયો એના સંગે જાવાનું છે. શાસ્ત્રના શબ્દ પાળતા હોય એનો વિશ્વાસ છે. શાસ્ત્રના શબ્દને આધારે છે ને ઓલ્યું શ્રીજીના શબ્દને આધારે છે. ઓલ્યું પ્રત્યક્ષપણું છે ને ઓલ્યું પરોક્ષપણું આવ્યું. એક જ શબ્દની સવળી ઘડ્ય પડી જાય તો ય બધા ય શબ્દ સવળા થઈ જાય, ને એક શબ્દની અવળી ઘડ્ય પડી જાય તો ય બધા ય શબ્દ અવળા થઈ જાય. એક ને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું; એને ઓળખે ને એક સત્પુરૂષને અને અસત્પુરૂષને ઓળખે છે એને સંગે નિર્વિકલ્પમાં જવાય છે. શાસ્ત્ર ધર્મ, અર્થ ને કામ પર છે. એને અર્થે બધાય સુકૃત કરે છે. મોક્ષને અર્થે પણ કરે છે; ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એને જાણનારો છે એને સંગે નિર્વિકલ્પ નિશ્ચયમાં જવાશે. એક અર્થને અર્થે કરે છે, ને એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે, ને એક પ્રસન્નતાને અર્થે કરે છે એને ઓળખે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. ઈ જ બુદ્ધિવાળો છે. ને સર્વ કર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે. એમ છાતી ઠોકીને કહી દીધું. એક શબ્દ એવડો જબરો હોય પણ એને પકડવો કઠણ છે. આપણે સ્વામિનારાયણનો આશરો લીધો. ઠગાઈએ એવા નથી છતાં ય ઠગી જાય. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૧૧મું; એમાં નિર્વિકલ્પ થાવાનો રસ્તો ને એક સવિકલ્પ થાવાનો રસ્તો છે. બેય નો વહેવાર સરખો છે. શાસ્ત્ર માત્ર ધર્મ, અર્થ ને કામ પર છે. ને એને જ અર્થે ઘણા જપ તપ બધુંય કરે છે. એક ભક્ત નિર્વિકલ્પમાં છે. એક અર્થને અર્થે કરે છે. એક પ્રસન્નતાને માટે કરે છે. ધર્મ આત્મનિષ્ઠા રૂપી કલેવર એક છે એમાં એકનું કલેવર ભગવાનના રાજીપા માટે છે. ને એક અર્થને અર્થે કરે છે. ઈ બે પ્રકારના ભક્ત છે. એક અભક્ત છે, એક સવિકલ્પવાળો છે ને એક નિર્વિકલ્પવાળો છે. એને ઓળખનારો ત્રીજો છે એને ઓળખો. ઈ બેને ઓળખે ઈ શ્રેષ્ઠ છે. ઈ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. ઈ બુદ્ધિવાળો છે. ઈ સર્વ કર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે. સવિકલ્પ નિશ્ચયથી નિર્વિકલ્પ થાય એવી આ

વાત છે. બેય દેખનારો ત્રીજો છે ઈ સર્વકર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે.

અત્યારે સ્વામિનારાયણને રામ જેવા સમજો, કૃષ્ણ જેવા સમજો તો વૈકુંઠમાં અને ગોલોકમાં જવાય. અત્યારે સ્વામિનારાયણનો સિક્કો ચાલે છે. જાણપણાની માંહિ અક્ષરધામ છે. બે ભ્રમરો મધ્યે જાણપણું છે. ને જાણપણાની માંહિ અક્ષરધામ છે. હોલમાં પેટી છે કે પેટીમાં મકાન છે ? જાણપણું બહુ જબરી વાત તાગાત છે. ઓલ્યો ધર્મ પાળતો હોય ને આ પણ ધર્મ પાળતો હોય. ઓલ્યો આત્મનિષ્ઠા રાખતો હોય ને આ પણ આત્મનિષ્ઠા રાખતો હોય. એને જે ઓળખે એનાથી તમને નિશ્ચય થાય છે. ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય ? જ્યાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ, અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર. એટલી વાત કરીને જમવા પધાર્યા. **॥ ઈતિ શ્રી કિરણ ૫૭૮ ॥**

## ૫૭૯. સંબંધ વાળા ધર્મનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૫ પંચમીને શનિવાર તા.૭-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વ્રજજીવનદાસસ્વામી પુરૂષોત્તમપ્રકાશનો પ્રકાર ૪૦ અને ૪૧મો બોલ્યા.

પછી સ્વામીએ વાત કરી જે બહુ મહિમા કહ્યો.**'હુંમાં સંત છે ને સંતમાં હું છું. સંત જાણજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે.** આચાર્ય પણ મારી મૂરતિ છે.'' આચાર્યની આરતિ ઉતારાય પણ સંતની આરતી ન ઉતારાય. સંતમાં અંતર્યામી છે ને આચાર્યમાં મૂર્તિમાન છે. મહારાજ કહે, ''જ્યાં જાય ત્યાં જયકારી થાય ઈ અમારી સામર્થિ છે. માન સન્માન થાય ઈ અમારા વતે થાય એને કોઈ તપને બળે કરીને, ત્યાગે કરીને, વૈરાગે કરીને એને હઠાવવા નહીં.'' ઓહોહો !! ભગવાન તે

ભગવાન છે. આચાર્ય છે ઈ પોતે જ છે. ને સંત છે એમાં અંતર્યામીપણે રહ્યા છે. શહેર પાટણ જાય ત્યાં જીવના અઘ હરે છે એવા સંત છે ને આચાર્ય તો સ્વામિનારાયણને ઠેકાણે છે. એવો અલૌકિક પ્રતાપ જણાવ્યો. ધાર્યામાં ન આવે, વિચાર્યામાં ન આવે એવી શક્તિ વાપરી તે સમજે તો થાય. પણ ન સમજે તો ન થાય. **'સમજયા વિનાના સાંગલા, પીંજણ પબેડા ખાય.'**

કાલે બહુ ભારે વાત આવી હતી. જેટલા મનુષ્ય છે એમાં બધાયમાં ઈ અધિક છે. મનુષ્ય છે ઈ ઉત્પત્તિકાળમાં છે ને એમાં અવતાર પણ છે. ઋષિમુનિઓ છે, દેવતા છે, દૈત્ય છે. દશ દશ મૂર્તિઓ છે. ઉત્પત્તિકાળમાં છે ઈ થી આ બારો છે કે એની ભેળો છે ? એનો મને ઉત્તર આપો. અવતાર સ્વામિનારાયણની ઉપાસના નહીં કરાવે પણ આ કરાવશે. જેમ અવતાર સ્વતંત્ર છે. શુભ અશુભ ક્રિયામાં ન બંધાય તેમ આ પણ સ્વતંત્ર છે. શુભ અશુભ ક્રિયામાં ન બંધાય. નિર્ગુણમાં મોકલી ઘે એમ આ અધિક છે. છે પ્રગટનો પણ ઉત્પત્તિકાળમાં છે. સર્વકર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે ને ઈ જેને મોક્ષ આપવો હોય એને આપી શકે. આવો જો ભગવાનનો મહિમા સમજાણો હોય તો ફાટેલી લંગોટીમાં શું કામ બંધાય ? ફાટેલી તુંબડીમાં શું કામ બંધાય ? તે ઉપર અર્જુનસિંહ દરબારની વાત કરી. 'ગૃહસ્થથી આજ અનેકનો ઉદ્ધાર કરવો છે. ઈ આચાર્ય અમારે ઠેકાણે છે એને હોડે કરીને કોઈ હઠાવશો નહીં. તમે ત્યાગી હો, રાગી હો, ગુણી હો, પંડિત હો તો પણ એને હઠાવશો નહીં' એમ મહારાજ બોલ્યા છે.

પછી પુરૂષોત્તમભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૮૨મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે ભક્તિથી ભવબંધથી છુટાય ને ધર્મથી સુખી થવાય છે. ને ભગવાનના અવતાર ધર્મના સ્થાપન માટે થાય છે. માટે ભક્તિ સરખી મોટાઈ ધર્મમાં કઈ રીતે આવે છે ? એકાંતિક ધર્મ છે ઈ બહુ મોટો છે. મહારાજ કહે કે અમે વનમાં રહેતા નથી; લાખો માણસના

ભીડામાં રહીએ છીએ તો પણ વન જેવું નિર્લેપ રહેવાય છે. માટે ભગવાનના સંબંધવાળો ધર્મ છે. એકાંતિકનો ધર્મ નિર્વાસનિકપણાનો છે. એના સરખી ગૌરવતા ધર્મમાં કેમ આવે ? ગોપાળાનંદસ્વામીથી એનો ઉત્તર ન થયો જે જે વાત કરે તેમાં ધર્મ ભક્તિનું અંગરૂપ થઈ જાય. જેમ આ બે પ્રકાર વંચાણા એમાં કોણ અધિક છે ? સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત સુતા પછી હું સુવ છું; સંત જમે તે ભેળો હું જમું છું; સંત મને અંતર્યામી જાણે છે. ને આચાર્ય મારે ઠેકાણે છે. આચાર્યની આરતી ઉતરે પણ સંતની આરતી ન ઉતરે. ભગવાનના સંબંધવાળો ધર્મ છે એમાં ધર્મ બતાવી દીધો અમારો. શુકદેવજી, જડભરત, હનુમાનજી એના દેહનો ઢાળો છે ને અમારા જીવનો ઢાળો છે. માટે ઈ વનમાં નિર્લેપ રહે છે ને અમે લાખુ માણસના ભીડામાં નિર્લેપ છીએ માટે ભગવાનના સંબંધવાળો ધર્મ છે એમ અમને રહેવાય છે. આવી ધર્મની અલૌકિક મહત્તા મહારાજે કહી છે.

ઓલ્યા પડદામાં રહીને લડે છે ને આ મેદાનમાં રહીને લડે છે. સાવ નિર્વાસનિક છે. કાંઈ જોતું નથી ને અહીંયા વસ્તીમાં રહીને નિર્લેપ રહેવાય છે. માટે ભગવાનના સંબંધવાળા ધર્મની તાગાત કહી છે. અમે ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ પણ પોતા સારૂ નથી રહેતા. શહેરમાં માન થાય ત્યાં જઈએ વિષયની ક્રિયા થાય છે પણ બંધાતા નથી નિર્બંધ રહેવાય છે. ભગવાનના ભક્તને અર્થે રહીએ છીએ; ભારે ભારે ચીજ વસ્તુ અંગીકાર કરીએ છીએ ઈ તો ભક્તને માટે કરીએ છીએ.

મનુષ્યમાત્રમાં શ્રેષ્ઠ છે; ઈ બુદ્ધિમાન છે; સર્વકર્મનો કરનારો છે તો પણ મોક્ષને યોગ્ય છે. પણ એનું વચન માને ઈ બધાય મોક્ષને યોગ્ય છે. ઈ ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય ઈ જગ્યા નિર્ગુણ છે. વાહન, વસ્ત્ર, પરિચર્યાના કરનારા સેવક ઈ બધું ય નિર્ગુણ છે. ઈ સરખું છે કે કાંઈ ફેર છે ? આને તો તમે નિર્ગુણ કહો છો પણ ઓલ્યું નિર્ગુણ નથી તો પણ

બીજાને નિર્ગુણ કરી દ્યે છે. જેવો ગ.મ.ના ૧૪મા વચનામૃતમાં છે એવો જ આ છે. ૧૪મા વચનામૃતમાં નિર્ગુણ છે એને નિર્ગુણ કહ્યો છે ને આ તો સગુણ છે તો પણ નિર્ગુણ કહી દીધો. મનુષ્યની બુદ્ધિ છે એનાથી આની બુદ્ધિ અલૌકિક છે. બુદ્ધિવાળો શ્રેષ્ઠ છે. ભગવાનની મોટ્યપ બરાબર સમજી ગયા હો તો લીટો પણ અર્થ વિનાનો હોય નહીં. લીટાને અડવું નહીં ને નાનો કરી દેવો તો મોટ્યપ સમજી ગણાય. ભગવાનની મોટ્યપ આગળ કોઈની મોટ્યપ ગણતરીમાં ન આવે. ઉત્પત્તિકાળ અને મોક્ષકાળ ૨૨૨મા કિરણમાં છે. ઉત્પત્તિકાળમાં છે છતાં ય મોક્ષકાળ આપી શકે ઈ કેવડો જબરો છે ! એમ ભગવાનના ભક્તનો મહિમા સમજાણો હોય તો આ વિષયમાં, ઉંટના લીંડામાં શું સલવાણો છે ? ઈ તો ગધેડાના લીંડા છે. ઉંમરના ફળ, પીપરની-પીપળાની ને વડલાના ટેટા; ઉપર રાતો માતો રંગના છેલ ભીંતર કાચો; ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના. માયાની મોટ્યપ તો મિથ્યા જાણજો; જેમ આવ્યું નદીએ પાણી પુરજો. આમાંથી રાગ ન મટે. રાગ તો આત્યંતિક પ્રલય થાય તો રાખ રહી જાય એવો રાગ છે. ભગવાનની એટલી મોટ્યપ છે, અપાર મહિમા છે. અપાર સુખ છે. એનો પાર ન થાય. બહુ સમર્થ છે. પર છે; સ્વતંત્ર છે; પરથી પર અક્ષર તેથી પણ પર છે. અક્ષરાતીત છે. પુરૂષોત્તમ છે. જેની ક્રિયા ગમી એના સરખો તમારા જીવનો ઢાળો છે. ઈ દેહે કરીને વર્તે છે. પણ એનો સ્વભાવ, પ્રકૃતિ, વર્તન ગમ્યું એટલે એના સરખો તમારા જીવનો ઢાળો થઈ ગયો. ઈંદ્રિયું ને ગમતું હોય ઈ જ મન કરે ને મનને ગમતું હોય ઈ જ ઈંદ્રિયું કહેવાય એવા સામસામા આંકડા ભીડ્યા છે. કથા વાર્તા છે ઈ બહુ દુર્લભ છે ને કથાવાર્તા સમજવી ઈ તો ઈથી પણ દુર્લભ છે. વિષયની ઉત્પત્તિ ઈંદ્રિયું થકી જ છે. નેત્રે જોવું, કાને સાંભળવું, જીભાએ ચાખવાનું, ત્વચાએ સ્પર્શ કરવો, શિશ્નુ દેહનો મંડાણ છે. હાથે તાગાત બતાવે. એવી ઈંદ્રિયું છે એણે ને અંતઃકરણે સામસામા આંકડા ભીડ્યા છે. પહેલા ઈંદ્રિયું ને

નિયમે કરીને નિયમમાં કરવી. ને પછી આત્મારૂપ થઈને બ્રહ્મરૂપ થઈને રહેવું. વચનામૃત તો રામબાણ છે. જો સમજે તો વિષયમાં લપટાય ન રહે. વિષયમાં સલવાણો છે ને કહે કે હું સમજું છું ઈ વાત ખોટી છે. ઈ તો ગલી મેમણ જેવું કરે. ટેમ આવે ત્યારે ઓસાણ ચૂકી જાય. જાવું છે અક્ષરધામમાં ને માન આલોકનું છે ઈ નહીં બંધ બેસે. હું અક્ષરધામમાં જાઉં ઈ બીજાને ખબર પડે તો સારૂં એવું આ લોકમાં માન છે.

પછી તે જ દિવસે બપોર પછી ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી હરિપ્રસાદસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૨૩મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે પદાર્થ સામુ જુવો ને આસક્તિ સહિત જોવાય તો જગત સંબંધી કહેવાય ને આસક્તિ રહિત જુવો તો ભગવાન સંબંધી કહેવાય. આ પદાર્થ ભગવાનના ઉપજોગમાં આવ્યું હતું એમ સંકલ્પ કરે તો ભગવાન સંબંધી થઈ જાય. વાત કરતી વખતે સાંભળનારાના જીવ સામું જોવું, એનો જીવ આપણી સાથે જોડાણો હોય એટલી વાત કરવી. મહારાજ કહે ‘મોટા હો ને વાતમાં સમજતા હો ઈ આગળ આવીને બેસો. આ વાત શાસ્ત્રમાં મળતી આવે છે તો પણ સભામાં કર્યા જેવી નથી. આ વાત કરૂં છું ઈ કાંઈ મારી મોટ્યપ વધારવા સારૂ નથી કરતો; દંભે કરીને નથી કરતો, માને કરીને નથી કરતો’ એમ બાવીસ વરસે વાત કરે છે.

આસક્તિ હશે તો પદાર્થ નડશે પણ આસક્તિ નહીં હોય તો નહીં નડે. બીજાના ઘરમાં હોય ઈ કોઈ દિ મારૂં મનાય છે ? નથી મનાતું તો ઈ બંધનરૂપ ન થાય. સ્ત્રીના નિષેધની વાત કરી. નિંદા કરી એમ લખનારનો અભિપ્રાય સમજો તો બાધ ન કરે. લખનારે શું જાણીને લખ્યું છે ઈ સમજવું જોઈએ. સિકંદરની પૂતળી લખી છે. દૂર રહો દૂર રહો એમ કહે છે. તે વેગળા રાખવા કરી છે. પંચવર્તમાનની વાત કરે પણ આસક્તિ સહિત વાત કરે તો સ્ત્રીસંબંધી વાત ગણાય. ને આસક્તિ રહિત વાત કરે તો સ્ત્રી

સંબંધી વાત ન ગણાય. ગોપાળજોગીએ મહારાજને ઈશ જાણ્યા તો ગિરી હતી ઈ જ વૈકુંઠ સમાન થઈ ગઈ. એવું અલૌકિક સુખ આપ્યું.

પછી ધોરાજીવાળા પ્રીન્સીપાલ નાનુભાઈને વાત કરી જે વનમાં જાય ત્યાં રાફડો થઈ જાય તો ય મોક્ષનું સાધન હાથ ન આવે.ને આપણને વસ્તીમાં મકાનમાં બેઠા બેઠા મોક્ષનું સાધન હાથ આવી ગયું.પરલોકમાં જાવાનું ગોઠણ સમી જાર થઈ ગઈ ને આ લોકમાં તો ગમે એમ કરશો તો પણ નહીં રહેવાય ગમે એટલા વૈદ બોલાવશો તોપણ નહીં રહેવાય. ગોપાળજોગીએ મહારાજને ઈશ જાણ્યા એટલે ગિરી હતી ઈ જ વૈકુંઠ સમાન થઈ ગઈ એમ આપણે ભગવાનને અહીંયા જાણીએ એટલે આ લોકમાં જ અક્ષરધામ થઈ ગયું. સત્સંગીની પ્રાપ્તિ ગોલોક છે. ક્રિયા ગમે, સ્વભાવ ગમે ને એનો ગુણ આવે તો ઈ કોઈ દિ આપણને છોડે એવા નથી. બીજાનો અપરાધ કરે તો વાંધો નહીં પણ આ સત્સંગનો અપરાધ છે ઈ આંખમાં આંગળી નાખે એવો છે. દોષનો પસ્તાવો થાય એટલે ભગવાન ગુનો માફ કરી દ્યે.

પછી પ્રી.નાનુભાઈએ પ્રશ્ન પૂછ્યો જે ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે તો પણ સંશય કેમ થાય છે ? પછી સ્વામીએ એનો ઉત્તર કર્યો જે આપણી પ્રકૃતિ ઉભી રહેતી નથી તો બીજાની પ્રકૃતિ કેમ ઉભી રહેશે ! માટે એમ સમજવું કે પૃથ્વીના મુક્તમાં વિશ્વરૂપની કળા હોય, હોય ને હોય જ. કામને સચ્ચિદાનંદસ્વામીએ જીત્યો. અહંકારને ગોપાળાનંદસ્વામીએ જીત્યો. મુક્તાનંદસ્વામીએ ક્રોધ ફડફડ્યો તે મુક્તાનંદસ્વામીએ જીત્યો લોભને નિત્યાનંદસ્વામીએ ને બ્રહ્માનંદસ્વામીએ જીત્યો. ઈર્ષ્યાને જીતી શુકસ્વામીએ. કોક દ્વારા કામ કરવું ઈ વિશ્વકળા છે. એથી એમાં ભગવાનપણું સમજી લેવું જોઈએ. વૃથા કાળ ન નિગમવો. ભગવદ્‌ભક્તિ વિના વૃથા ટેમ ન કાઢે એણે ભજન જ કર્યું છે.

એટલી વાત કરીને પછી ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન

થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા બેઠી હતી પછી સ્વામીએ વાત કરી જે જ્યારે નિષ્ઠા થાય ત્યારે અહીંયા ને અહીંયા જ અક્ષરધામ થઈ જાવું જોઈએ. એમ ધારી રાખવું. તો જ સ્વરૂપની નિષ્ઠા થઈ કહેવાય. ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ ને પ્રલયકાળ ત્રણેય કાળમાં ભગવાનનું સ્વરૂપ એક જ સરખું છે. જન્મતા નથી, મોટા થાતા નથી ને મરતા નથી એમ થાય તો અહીંયા જ છે. ઈ જાતા આવતા નથી તો આપણે કયાં જવું આવવું છે ! માળાના મણિકામાં દોરો સોંસરો છે એમ અમારી રૂચિ ને અભિપ્રાય છે. ઘાંડલાની ડોશીએ ગુણાતીતાનંદસ્વામીની રૂચિ જાણી તો સ્ત્રીનો ભાવ ઉડી ગયો. તેની વાત જેઠાબાપાએ વિસ્તારથી કરી. આમાં સ્થૂળ દેહનો આચાર બતાવ્યો નથી. આમાં તો અંતઃકરણના જ દોષ બતાવ્યા છે. અંતઃકરણનું જ વર્તમાન બતાવ્યું છે. પંચવર્તમાન એવડી મૂડી છે એમાં એક નિઃસ્પૃહી વર્તમાન આવે તો બીજા વર્તમાનની તાગાતની ખબર પડે. એની તાગાત એવડી છે કે એની ઓલી પા અક્ષરધામ છે. લોભ નિર્લોભ થાવો જોઈએ. માન ઈ નિર્માન થઈ જાવો જોઈએ. કામ છે ઈ નિષ્કામ થઈ જાવો જોઈએ. પ્રતિપાદન કરો તો જગતની વાત ને નિષેધ કરો એટલે ભગવાનની વાત થઈ ગઈ.મનન ન કરવું. ચિંતવન ન કરવું. પંચવર્તમાનની તાગાતની તો સ્વામિનારાયણને જ ખબર પડે ને મુક્તાનંદસ્વામીને હાથ જોડી ગયા કે આવા જબરા સાધુ છે એમ માનીને સાધુની ટેલ ચાકરી કરી. પંચવર્તમાનની ઓલી પા અક્ષરધામ છે. આવા સાધુ મેં કયાંય દીઠ્યા નથી. પંઢરપુર, આદિકેશવ, માનસા શહેર, સેતુબંધ રામેશ્વરમાં ન દીઠ્યા. જગન્નાથપુરીમાં પણ ન દીઠ્યા. બીજે કયાંય જીવ અટકતો નથી પણ મહારાજને પુરૂષોત્તમ સમજવા ત્યાં જીવ અટકે છે. એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગી ગયો એમ શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે. મહારાજને સર્વોપરી કહેવામાં અટકે છે પણ ધડાકા ને ભડાકા કરશું તો પગ માંડી દેશે. ગોપાળજોગીને કાળનો ભય મટી ગયો. પણ બ્રહ્મરંધ્ર

ભેદી ન શકતા પણ મહારાજને ઈશ જાણ્યા તો એનું કામ થઈ ગયું. કાંઈ ન જોઈએ ઈ શ્વેતદ્વિપનો મુક્ત છે. તપ હોય તો બદ્રિકાશ્રમનો મુક્ત કહેવાય.

પોતામાં કોઈક અજોગ સ્વભાવ છે ઈ કરોડ ઉપાય કરે તો પણ ન ટળે પણ ભગવાન આપણા અંતર્યામી છે એમ આપણે એના અંતર્યામી થાઈએ તો ટળી જાય. એની મરજી જાણવી જોઈએ. રૂચિ વિના લાડવા પીરસો તો ય શું કામના ? બધાય શાસ્ત્ર એક વચનામૃત બરાબર ન થાય એવો અલૌકિક શબ્દ છે. ઈ શબ્દ યાદ રહેતો જ નથી. માતૃભાષા થઈ જાય તો પરલોકનો શબ્દ શીખવો ન પડે. સુખ છે ઈ પરલોક છે. તો માત્રા શીખવી નહીં પડે. પણ આ લોકમાં છો તો યાદ નહીં રહે. આની આગળ માન રાખીને કયાં જાશું ? માનનું કયાંય સ્થાન નથી આપ્યું. એની તાગાત, એનું બળ શું છે ઈ જાણ્યું જ નથી. ક્ષમ જોગકુ કરણ...તે બોલ્યા ને વાત કરી જે પોતાનું પણ મૂકી દીધું ને ભીષ્મનું પણ રાખ્યું. ધર્મ રાખે, વૈરાગ રાખે, આત્મનિષ્ઠા રાખે પણ પક્ષ ન રાખી શકે. પક્ષ તો ભગવાન જ રાખી શકે. કારણ કે પક્ષ રાખવામાં ધર્મ આડો આવે છે. ભગવાન અભિમાન રાખે છે. ભગવાન ગર્વને ખાય છે. અભિમાનીના અભિમાનને સારી પેઠે નાશ કરે છે.

ગુરૂ ન કર્યા હોય ને ઈંદ્રિયુથી મોટ્યપ કહેવી છે પણ એનું બળ ક્યાં સુધી ? ‘વાવ્યો મોલ સારો ત્યાં લગી, જ્યાં લગી ન ખવાણો ખડજમાં; તેમ હરિભક્ત સારો ત્યાં લગી, નથી આવ્યો વિમુખની વડજમાં.’ જો ગુરૂ કર્યા હોય તો અક્ષરધામમાં હોય તો પણ અહીંયા એને માટે ભગવાન આવે. સમલોષ્ટાશ્મ કાંચનઃ ઈ અક્ષિવિદ્યા છે. વિવેક બુદ્ધિ હોય તો જ સાકાર કહેવાય. નેત્રદ્વારે જોઈએ એમાં જાણપણું હોય તો ભગવાન સંબંધી વિષય કહેવાય. નહીતર ગાજ પરોવવા જેવો દંડ થાય. નહિતર ત્રાટક કરવી. જાણપણું જ્ઞાન છે. ત્યાં અક્ષરધામ છે. વિવેક છે ઈ જાણપણું છે, અજવાળુ છે, પ્રકાશ છે. બાકી તો અંધારૂં છે. અનાત્મા એટલે અન્વય

અન્નનો ખાનારો ને આત્મા છે ઈ દેહ થકી વ્યતિરેક છે. દેશ ફર્યા, દેશાંતર ફર્યા, મનુષ્યકા બહુત સુકાળ; જાકુ દેખી છાતી ઠરે વા કા પડ્યા દુકાળ. એક એક વાત બ્રહ્માંડને ભેદી નાખે એવી છે. જેની પાસે સંકલ્પની નિવૃત્તિ થાય ત્યાં ભગવાનનું સ્વરૂપ સમજવું. કુપાત્ર જીવને નિવૃત્તિ ન થાય પણ સુપાત્ર જીવને નિવૃત્તિ થાય. **॥ ઈતિ શ્રી કિરણ ૫૭૯ ॥**

## ૫૮૦. સંકલ્પ ટાળવાના ઉપાયનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૭ સપ્તમી ને રવિવાર તા.૮-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામશ્રી વંથલી મધ્યે પોતાના ઉતારામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ખરખરો ન થાય એટલે જન્મ મરણ આળસી ગયું. માયા બહુ જબરી છે. ધર્મદેવને વનમાં મળી તેની વાત વિસ્તારથી કરી ને પછી બોલ્યા જે કેટલા વિષયના સંકલ્પ થાય છે ? કેટલા ભગવાનના સંકલ્પ થાય છે ? વિચાર કરો. એમાંથી જેનો પગ પાછો હઠ્યો ઈ હાર્યો ગણાય. ભગવાનનો સંકલ્પ જગતના સંકલ્પને હઠાવી દ્યે તો ભગવાન સંબંધી સંકલ્પ ઝાઝા ગણાય. કથા વાર્તા અમે કરાવીએ તો જ કરો છો કે ન કરાવીએ તો ય કરો છો ? બે જણા ભેળા થાય ત્યારે ભગવાનની વાત કરે તો બરાબર ગણાય. નહિતર તો જગતની વાતુ કરે. જગતની વાતુ તો ધૂમાડાનો બાચકો ભર્યા જેવું છે. બે કોશનું પાણી વયું જાય એવી આ લોકની વાસના છે. રૂંવાડે રૂંવાડે વાસના છે. ખાવું, જોવું, સાંભળવું, સ્પર્શ કરવો, સુંઘવું, સુવું, ઉઠવું ઈ બધું ય વાસના ને આધારે થાય છે. એટલે જ ખરાબ સ્વપ્નું આવે છે. આટલા ભક્ત મળ્યા છે. આટલા મંદિર, આટલા બધા દેવ પધરાવ્યા એનો સંકલ્પ ન થાય ને પંચવિષયનો સંકલ્પ થાય છે. પોતાની ભૂખ જેવી શેખચલ્લીના જેવી ઝુંપડી કરી હોય એના સંકલ્પ થાય પણ આવા મંદિર કર્યા એના સંકલ્પ ન થાય.

ભજન કરાવો તો જ વિષયનું ચિંતવન મેલે, નહિતર તો વિષયનું જ ચિંતવન કરે એવો છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી પુરૂષોત્તમભાઈએ સાક્ષાત્ સવિતા વાંચી. પછી સ્વામીએ વાત કરી જે માયિક સુખની માન્યતા છે ઈ માન્યતા આળસી જાય ને ઓહોહો ! ભગવાન બહુ મોટા છે એમ થઈ જાય એટલે સંકલ્પ ઓગળી જાય. પદાર્થ ભગવાનના ઉપજોગમાં આવ્યું છે એમ સંભારો તો સંકલ્પ ઓગળી જાય. સંકલ્પ તો રાવણથી પણ મોટા છે. ઈ કોઈ રીતે ખેસવ્યો ખસે એમ નથી, ઈ પણ ખસી જાય. ભગવાનના ભક્ત છે એમ ઓળખી જાવું જોઈએ. ક્યારે ઓળખાય ? સવિકલ્પ નિશ્ચયમાં છે. શાસ્ત્ર માત્ર ધર્મ અર્થ કામ પર છે એને સાંભળીને માણસ સુકૃત બધાય એને અર્થે કરે છે. એક ભગવાનનો ભક્ત છે ઈ ભગવાનની પ્રસન્નતાને માટે સુકૃત કરે છે ને જગતનો જીવ છે ઈ ધર્મ અર્થને માટે કરે છે. ભગવાનનો ભક્ત છે ઈ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એમ દેખે છે ને એક સ્વર્ગને અર્થે કરે છે. ઈ બેયને દેખે છે. દેખનારો ત્રીજો માણસ છે. ઈ કેવડો મોટો છે એની મોટ્યપ બતાવો. ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે; બધાય કર્મનો કરનારો છે છતાં ય ઈ મોક્ષને યોગ્ય છે. સગુણને સંગેથી નિર્ગુણ થવાય. આ નિર્ગુણ છે કે સગુણ છે ? નિર્ગુણને અને સગુણને બેય ને જુવે છે માટે ઈ નિર્ગુણ છે એટલે એના સંગથી નિર્ગુણ થવાય છે. શાસ્ત્ર માત્ર ધર્મ અર્થ ને કામ પર છે. ધર્મ પાળીને, આત્મનિષ્ઠા રાખીને, પરલોકે જાવું છે ને એક પ્રસન્નતાને માટે કરે છે. એને દેખનારો કેવડો જબરો નિર્ગુણ છે ! ઈ સર્વ કર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે.

ભગવાનના ભક્ત ને વિમુખ એમાં ઘણો તફાવત છે. ભગવાનના ભક્તનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, શસ્ત્ર વાગે એમ ગમે એવી

રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જ જાય ને વિમુખ છે ઈ જમપુરીમાં જ જાય. એ બેની વિગત સારી પેઠે જાણે એને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય છે. દેહભાવ એવો નઠારો છે કે એના વખાણ કર્યા જાતા નથી. દેહભાવને લઈને જ ભગવાનના ભક્તનો અવગુણ આવે છે. રાફડા થઈ ગયા તો ય નિષ્કામી ન થયા ને આ તો યોગશાસ્ત્રને મતે આને લેપ અડતો નથી. જડ પ્રકૃતિ આપણી છે ને ચૈતન્ય પ્રકૃતિ ભક્તની છે. જડ શું ને ચૈતન્ય શું ? જડ એટલે આપણું દેહ ને ચૈતન્ય એટલે બીજાનું દેહ. એની અવળી ગતિ ન થાય. આપણી અવળી ગતિ થાય. દેહ અશુદ્ધ છે ને બીજું શુદ્ધ છે. દેહ નાશવંત છે ને બીજું અવિનાશી છે. દેહ જડ છે ને બીજું ચૈતન્ય છે. આપણું દેહ અશુદ્ધ છે ને બીજાનું શુદ્ધ છે. આપણે નાશવંત છીએ ને બીજા અવિનાશી છે.

ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ ઈ શાસ્ત્રે આશીર્વાદ આપ્યો છે. વેદ શાસ્ત્ર ઈતિહાસ એ સર્વમાં એ જ વાત છે કે ભગવાન અને સંત એ જ કલ્યાણકારી છે ને બ્રહ્માદિક દેવ કરતા પણ અધિક છે. માટે જેવું સંબંધીમાં હેત છે એવું ભગવાનના ભક્ત સાથે કરવું. જો ભગવાનના ભક્તના વચનની આંટી જીવે ત્યાં સુધી મૂકે નહીં તો સંબંધીમાં હેત છે એવું ભગવાનના ભક્ત સાથે કહેવાય જ નહીં. એને તો આ જન્મમાં સાવ નવો આદર છે. તે આગલા જન્મમાં ફળશે. ને કામ ક્રોધાદિક દોષ તો કદાચિત્ રહે પણ ભગવાનનો નિશ્ચય તો મટે જ નહીં. પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહીં ઈ પૂર્વનો ભક્ત છે. અટાણનો હોય ઈ ઓળખાઈ જાય ને આગળનો હોય ઈ પણ ઓળખાઈ જાય. વાતુ કરવા મંડે ત્યારે એવો આનંદ આવી જાય કે કેટલીય વાતુ કરી નાખીએ પણ કાંઈક વિવેક રહે છે ઈ તો બીજાના સમાસને અર્થે રહે છે. કારણ કે વધારે વાતુ સાંભળીને બીજાને એમ થાય કે આપણાથી આ રીતે વર્તાતું નથી એમ થાય પણ એમ પસ્તાવો કરવાનો ટેમ જ કયાં છે ? આ સત્સંગ મળ્યો.

હવે પસ્તાવો શા માટે કરવો ? આપણે એવા ભક્ત બની જાવું કે આપણા વેવારની ચિંતા એના ઉપર વઈ જાય. દાદોખાચર એવા ભક્ત થયા કે એના વેવારની ચિંતા સ્વામિનારાયણે કરી.

પછી મીલની ઓસરીમાં ઢોલિયા ઉપર દક્ષિણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે એકેય શાસ્ત્ર વિષયના ખંડન વિના નથી; એક ય મુક્ત વિષયના ખંડન વિના નથી. ને અવતાર પણ વિષય ખંડન માટે છે. દેહાભિમાન રૂપી કાંટો ખૂંચી ગયો છે. કાંટે કરીને કાંટો કાઢ્યો છે. રાક્ષસને મારવા સારૂ ભગવાને સરભનું રૂપ ધારણ કરવું પડે. સિંહ શરભેશ્વર મહાદેવ થયા ને મુક્તે વિષયનું પ્રતિપાદન કર્યું નથી. કોઈ અવતારે પણ વિષયનું પ્રતિપાદન કર્યું છે ? છતાંય જીવમાંથી અજ્ઞાન કેમ જાતું નથી ? ઈ વિચાર તો કરો. પાળ્યા વિના બીજાને વાત કરો તો ન બંધ બેસે. ચમક પાયેલું કડું જોઈએ. માટે નાદારપણાનો ત્યાગ કરો ને વિષયનું ખંડન કરો તો જ સામાને લાગે. ગોમતીને કાંઠે બસો ઉતારા હતા એમાં એક જણાએ કહ્યું કે ગુણાતીતાનંદસ્વામી બહુ આકરી વાત કરે છે. ત્યાગ કરીને વરતે છે એટલે એની વાત લાગે છે. આ વાત એમ જ છે. આ વાત દેહાભિમાનીને આકરી લાગી પછી શુકસ્વામીને વાતુ કરવા ઉભા કર્યા. ગુરૂ કર્યા હોય તો વિષયમાં ગુડીયું ન વાળે. ઈ શબ્દ વસમો લાગ્યો. ખાવા પીવાની લાલચે કે માનની લાલચે મોટા ભેળો રહેતો હોય એને તો કુતરા જેવો ને લબાડ જેવો જાણવો. આટલું બધું સ્વામિનારાયણે લખ્યું છે. શબ્દ કેનો લાગે છે ? ચારણ-ભાટનું હથિયાર ન કામ કરે. કાઠીનું હથિયાર કામ કરે. શાસ્ત્રના શબ્દ પોતાને જ પાળવાના છે. આપણાથી કેટલું વર્તાય છે કે નથી વર્તાતું ઈ વિચાર કરવો. ભગવાનના ભક્ત જે વર્તે છે એનો શબ્દ લાગે છે; એનાથી વિષય ખોટા થાય છે. બાકી તો ગમે એટલા ભણેલા હોય કે વિદ્વાન હોય તો પણ શબ્દ ન લાગે, ન લાગે, ન જ લાગે. શબ્દ

સહન કરવો ઈ જ આત્મનિષ્ઠા છે. બીજી આત્મનિષ્ઠા નથી. બ્રહ્માંડમાં ન સામે એટલા શબ્દ કરી ગયા પણ વર્તન હશે એટલો શબ્દ લાગ્યો હશે, નહિતર તો પોતાનો દિકરો પણ ન માને માટે વર્તન છે એટલો જ શબ્દ લાગશે. આ વાત સમજી રાખજો. આ વાત સમજ્યે જ છુટકો છે. શાસ્ત્ર માત્ર, મુક્ત માત્ર, મુનિ માત્ર ખંડન કરે છે. વિષયી જીવ હોય ઈ પણ વિષયનું ખંડન કરે છે. આ જીવે જે દિ આંખ ઉઘડે તે દિ ગુણ આવે ને તે દિ આંખ ઉઘડે કે આવો અમૂલ્ય સત્સંગ છે. આવો પ્રતાપવાળો સત્સંગ છે અમે તો ઘણાય ને દીઠ્યા તે ઉપર ભગવાનદાસ સ્વામીની વાત કરી.

''જેને દેવ ઈચ્છે ઘણું દિલમાં, તો ય પામે નહીં તન તેહ સમજવું સાનમાં;
જ્યારે મળે સદ્‌ગુરૂ માલમી ત્યારે ઉતારે પળમાં પાર સમજવું સાનમાં,
સમા વિના તે અરથ સરે નહીં, રહીએ સમા સમે સાવધાન સમજવું સાનમાં''

જો સાનમાં સમજે તો ઘુવડના બચ્ચાની પેઠે આંખ ઉઘડી જાય પણ એના ગુરૂ ના પાડે. જો ન હોય તો સત્સંગ થયો કેવી રીતે ? માટે મોક્ષદાતા માનીએ તો કામ થઈ જાય ને ન માનીએ તો ટેમ વયો જાશે.

પછી તે જ દિવસે બપોર પછી જેઠાબાપાએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૨૪મું વાંચ્યું પછી સ્વામીએ વાત કરી જે જેવા ભગવાન પ્રકૃતિ પુરૂષથી પર છે. એવા ને એવા જ પ્રકૃતિ પુરૂષમાં છે. ને એવા જ પ્રધાનપુરૂષમાં છે. ને એવા જ પૃથ્વી ઉપર છે. તે ભગવાનના લીલા ચરિત્રથી, કર્તવ્યથી સુષુપ્તિ નાશ થઈ જાય. ત્રણ ગોદડા ઓઢીને જીભ ન હલે એમ ભજન કરો તો સુષુપ્તિ ઉડી જાય. સુષુપ્તિ એટલે જડ અવસ્થા. તમોગુણમાં રહીને કાર્ય કરો એનું ફળ સુષુપ્તિ અવસ્થા છે. **'હરિ મેરે હાલરકી લકરી'** માયિક પદાર્થમાં અતિશય વૈરાગને પામે ને ભગવાનની મૂર્તિમાં અતિશય લુબ્ધ થાય તો ધામની મૂર્તિ અને પ્રત્યક્ષ મૂર્તિ બેય એક થઈ જાય. જાગ્રતમાં સ્વપ્ન અને સુષુપ્તિ છે એમાં સ્થૂળ દેહ, જાગ્રત અવસ્થા, નેત્ર સ્થાન, વિવેક હોય તો જાગ્રત ને અવિવેક ભળી જાય તો સ્વપ્ન

કહેવાય. ને જડપણે ન જાણે તો સુષુપ્તિ અવસ્થા કહેવાય. વિવેક છે ઈ જાગ્રત ને અવિવેક છે ઈ સ્વપ્ન છે.

પછી પંચાળાનું સાતમું વચનામૃત વંચાવ્યું ને પછી વાત કરી જે વઢે તો ય મુંઝવણ ન થાય ઈ કેવડી સ્થિતિ છે ? વચન મારે તો ય મુંઝવણ ન થાય ઈ કેવડી સ્થિતિ છે ! ઈ તો મુક્તાનંદસ્વામીની સ્થિતિ કહેવાય. ક્રોધનો ડાટ વાળી દેવો ઈ કાંઈ નાની વાત નથી. કોક ક્રોધને રોકે તો ખબર પડે. જાગ્રતમાં વિવેક સહિત જાણપણામાં બોલે. તોછડાઈથી બોલે તો સ્વપ્ન અવસ્થા છે. 'બ્રહ્મ સંગે બ્રહ્મ હોય.' બ્રહ્મને સંગે બ્રહ્મ થઈ જાય. ભમરીને સંગે કીટ જાતિ નાશ થઈ જાય. અહીંયા જ્ઞાન થઈ ગયું ઈ જીવમાંથી ખેસવ્યું ખસે નહીં. પંચવિષયે કરીને જીવ ધગી ગયો છે ઈ એકાદ દિવસ ટાઢું કેમ થાય ? સત્ત્વગુણ એટલે પદાર્થનું જ્ઞાન. વસ્તુનું જ્ઞાન, ખાવાનું જ્ઞાન, પીવાનું જ્ઞાન. પ્રારબ્ધ કર્મને અનુસારે જાણપણું ઈ જાગ્રત અવસ્થા છે. સત્ત્વગુણમાં રહીને કર્મ કરો એનું ફળ જાગ્રત અવસ્થા છે. રજોગુણમાં રહીને કર્મ કરો તો સ્વપ્ન અવસ્થા છે. તમોગુણમાં રહીને કર્મ કરો તો સુષુપ્તિ અવસ્થા છે. થાક ન લાગે તો સ્વપ્ન અટકી ગઈ કહેવાય. મૂર્છાવસ્થા વિસામો છે. એમાં ન જાય તો કહેવાય; સુષુપ્તિમાં તો ભગવાન મોકલે તો જાય ઈ કાંઈ પોતાની શક્તિ નથી. ક્રિયામણથી ગુણની ઉત્પત્તિ ને ગુણથી અવસ્થાની ઉત્પત્તિ છે જુગની ઉત્પત્તિ ગુણથી થાય છે. રજોગુણમાંથી શું થાય ? સત્ત્વગુણથી સતયુગની ઉત્પત્તિ, રજોગુણથી ત્રેતાયુગની; રજ અને તમ મિશ્રિત થાય તો દ્વાપર યુગની ઉત્પત્તિ થાય; તમોગુણથી કળિયુગની ઉત્પત્તિ થાય.

આપણું કલેવર જડ છે ને બીજાનું કલેવર ચૈતન્ય છે. ઈ તો વિમુખને પણ એમ ખબર છે કે કુતરાને રોટલો નાખીએ તો પુન્ય થાય; ગાયને ખડ નાખીએ તો પુન્ય થાય. ભગવાનના સંબંધવાળા ચૈતન્ય છે. એમ જડ ચૈતન્યનો વિવેક કહ્યો છે. પોતાનો અવગુણ જાણ્યો ઈ બુદ્ધિ રહિત છે.

'रसवर्जितः रसः' રસ રહિત ખાવું ઈ વિષય તજી દીધા કહેવાય. એક રસે સહિત ખાય છે ને એક રસે રહિત ખાય છે ઈ કેમ જણાય ? ધીમો ધીમો વરસાદ વરસે તો પાણી બહુ થાય. સ્વાદ મૂકીને રસનું ગ્રહણ કરવું. પુરૂષ પ્રકૃતિકાળ ને મહતત્ત્વાદિક ચોવીશ તત્ત્વ એના સ્વરૂપને જાણે તો બંધન થકી મૂકાય છે. પુરૂષનું શું સ્વરૂપ છે ? માયાનું શું સ્વરૂપ છે ? પુરૂષના બાર લક્ષણ છે. પ્રકૃતિનો નિયંતા વિજાતીય છે. અક્ષરધામનો મુક્ત છે. પણ માયાનો નથી. માયાનો પતિ છે. વિરક્ત છે. દિવ્ય વિગ્રહ જેનું છે દેહ એવો છે. દેહ પડતું નથી. લોમવૃત્તિ કરે ત્યાં જગતની ઉત્પત્તિ થઈ જાય ને બહારવૃત્તિ કરે તો નાશ થઈ જાય. આકારમાત્રની પ્રવૃત્તિનો કારણ છે. પદાર્થમાં અન્વય વ્યતિરેકપણું પુરૂષનું જ છે. ક્ષેત્રજ્ઞ છે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને જાણે એટલે જાણ્યું ગણાય. જે પદાર્થને જાણ્યું એટલે એનું બંધન ન થાય. ઝવેરીના સંગ વિના નંગની પરીક્ષા કેમ થાય ? તેમ ભગવાનના ભક્તના કેવા ગુણ છે; એને કેમ રાજી કરવા; કયા પ્રકારથી એને રાજી કરવા; કેમ એના ભેળું રહેવું; કેમ ધર્મ પાળવો ? આમ બેસીને ભગવાનની વાતુ કરવી ઈ મોટામાં મોટું સાધન છે.

ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું ઈ અધિક છે. કોટિ દાન-પુન્ય-યજ્ઞ-જપ-તપ કરતા પણ ભક્ત ભેળું બેસવું ઈ અધિક છે. એનો સ્વભાવ, બેઠક, ક્રિયા ગમી જાય એટલે છતે દેહે પાર્ષદ થઈ ગયો. ગમ્યું કેમ કહેવાય ? આમાંથી ઉઠવાનો સંકલ્પ ન થાય તો ગમ્યું ગણાય. ભગવાનના ભક્તથી બેપરવાઈ થઈ જવાય તો બહુ મોટી ખોટ્ય છે. એની ક્રિયા, સ્વભાવ, બેસવું, રહેવું ગમે નહીં તો ભેળા રહેવું શું કામનું ? ઈ તો ઈતરડી કહેવાય ને છેટે રહે પણ ગમે તો વાછરડું કહેવાય. અમારો જ સાધુ હોય, ભેળો રહેતો હોય પણ લોહી પીતો હોય તો શું કરવું ?

**'સાધુ ચંદન બાવના, શીતળ છાંય વિશાળ,**
**મુક્ત કહે સત્સંગમેં, શઠ સુધરત સાક્ષાત.'**

નારદજી ભગવાનનું મન થઈ ગયા. આ તો કોણ જાણે કેટલા જન્મના પુન્ય હશે ! આ તો અહુર થયા ને રાત રહ્યા એવું છે. નાવડું હાંકે રાખવું. પૃથ્વીના મુક્તમાં ન જણાવા દેવાની કળા હોય ને જો જણાવા દ્યે તો કોઈ ભજન કરવા ન દ્યે તે ઉપર કેશુભગતની વાત કરી.

અવગુણને ભગવાનના ભક્ત જાણે તો ઈ અવગુણ તમારો ગયો એવી આ સભા છે. પણ આબરૂ જાશે તો ? એવા શેખચલીના જેવા સંકલ્પ કરે છે.

પછી ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે પોતાનો અવગુણ દેખાય ઈ ઝાઝી બુદ્ધિ છે. પોતાનો દોષ દેખાય ઈ પ્રકાશ છે. ભગવાનના ભક્ત પાસે બેસીએ ને પોતાની ખામી દેખાય ઈ એમાં અલૌકિકપણું છે. પૃથ્વીના મુક્તમાં વિશ્વકળા હોય. સ્વામિનારાયણ પોતે અધર્મ ટાળવા સમર્થ હતા તો પણ અધર્મ સર્ગ જીવુબા લાડુબા પાસે જીતાવ્યો. કામને જીતવા સચ્ચિદાનંદસ્વામીને તૈયાર કર્યા. જઠરાગ્નિ પ્રગટ કરીને બાળી દીધો. ને રાધાવાવમાં નાખી દીધો. ભગવાનના ભક્તને ન નડે એવો કરી નાખ્યો. આજ્ઞા પાડે તો ન નડે નહિતર વારો કાઢી લ્યે. કુપાત્ર જીવનું અન્ન જળ ગ્રહણ કરો તો બુદ્ધિ ભ્રષ્ટ થાય ને ભગવાનને ભજતા એવા સુપાત્ર એના હાથનું અન્નજળ લ્યો તો બુદ્ધિ પવિત્ર થાય. સારાને જોગે બુદ્ધિ સારી થાય છે. આ વિચાર હાથ આવી જાય તો મુક્તદશામાં વાસ થઈ જાય. ભલે મનુષ્યદેહમાં હોઈએ તો પણ એમ જ છે.

પછી સાંજે સ્વામીએ વાત કરી જે દરવાજાવાળો છે ઈ યોગ્ય ને ય દેખે ને અયોગ્યને ય દેખે. લાભને ય દેખે ને ગેરલાભને ય દેખે. મરવું દેખે ને જીવવું દેખે. સુખને દેખે ને દુઃખને પણ દેખે. દેહભાવ ઉડી જાય તો સ્ત્રીના જેવું હેત કહેવાય. દેહભાવ તો હાલવામાં આડો આવે; ચાલવામાં,

ખાવા-પીવામાં, બેસવા-ઉઠવામાં બધે ય દેહભાવ આડો આવે. દેહભાવ આડો ન આવે ઈ તો વાત બહુ જબરી છે. મહિમા સમજાય તો દેહભાવ ન આવે. ઈ ગમે એવા છે પણ કલ્યાણ કરે એવા છે એમ માનવું. અવતાર સમજો તો મોક્ષ થાય પણ અવતારી સમજો તો તમારે કરવું કાંઈ ન રહે. અવતાર સમજો તો સવિકલ્પ નિશ્ચય છે.

દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા તેને મને પામે ઈ તરી જાય છે એમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. ત્રણ દેહ-ત્રણ અવસ્થા ઈ બધું ય ભગવાનમાં છે છતાંય નિર્દોષ સમજો તો તમે નિર્દોષ થઈ ગયા. ભૂલ દેખાય પણ ભૂલ મેલાય નહીં. એનો બાપ સમર્થ છે તે મેલાવી દેશે પણ અક્ષરધામમાં નહીં જાય. આ તો દોષ છે ને નિર્દોષ થયો ને અક્ષરધામનો મુક્ત તો નિર્દોષ થઈને મોક્ષ થયો. બધાય સાધુ સરખા, બધાય હરિભક્ત સરખા એમ કહે તો સર્વોપરી સત્સંગ ને સર્વોપરી મહારાજ એની એને ખબર નથી.

**'ખાતા પીતા જોતા જણાશે રે,**
**આશય એના અંતરનો' તે બોલ્યા.**
**ચિલ ચડે અસમાને રે, નજર તેની નીચી છે,**
**તેમ ખાય ખૂણે લસણ લક્કી રે, ગંધ કરે છુપાવાને;**
**એવા લક્ષણવાળા લાખુ રે, દીઠ્યા મેં દગે ભરીયા,**
**કહે નિષ્કુળાનંદ શું ભાખું રે, ઓળખો એની જોઈ ક્રિયા.**

ભગવાનની મૂર્તિના અંગને ધારતાં ધારતાં નિદ્રા આવી જાય પછી જાગો ત્યારે ઈ ના ઈ અંગમાં હો તો નિદ્રા કરી ન કહેવાય. મહારાજ તો ૧૮૮૬માં ધામમાં વયા ગયા તો ધર્માદાનું ફળ કોણ આપે ? માળાનું ફળ કોણ આપે ? દર્શનનું ફળ કોણ આપે ? પણ અંતર્યામીપણે તો જાણે છે ને ? પણ અંતર્યામી તો મહાપુરૂષને કહેવાય કારણ કે માયાના કાર્યને વિષે અન્વય વ્યતિરેકપણું પુરૂષનું છે પણ સર્વાધાર જે આકાશ તેનું નથી.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૦ ॥**

## ૫૮૧. નિર્ગુણ થવાના ઉપાયનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૮ આઠમ ને સોમવાર તા.૦૯-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિજય ઈન્ડસ્ટ્રીઝમાં થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી પુરૂષોત્તમભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે ભગવાનના ભક્તનો ભીડો સહન કરીએ એટલી આત્મનિષ્ઠા કહેવાય. એક કુપાત્ર છે ને એક સુપાત્ર છે. એક અર્થને અર્થે કરે છે ને એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એમાં અધિક કોણ છે ? સુપાત્ર ને કુપાત્રમાં પોતે વળગાડે છે. અહીંયા સવિકલ્પ છે ઈ વળગાડે છે. આ કામને અર્થે કરે છે ને આ પ્રસન્નતાને અર્થે કરે છે. સ્વામિનારાયણ પોતે પુરૂષોત્તમ છે. અવતારી છે તો ય પોતામાં નથી જોડતા પણ સુપાત્રમાં જોડે છે. એનાથી પવિત્ર થવાય છે. શાસ્ત્રમાં કહ્યા એવા ધર્મ પાળતો હોય એટલે ભક્ત પણ કહેવાય ને અભક્ત પણ કહેવાય. બે યને ઓળખે છે ઈ ત્રીજો છે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે. સર્વ કર્મનો કરનારો છે છતાં ય મોક્ષને યોગ્ય છે. ઉત્પત્તિ કાળમાં છે છતાં ય મોક્ષકાળમાં છે. એનાથી નિર્ગુણમાં જવાય છે. ધર્મ પાળે છે. યોગ યજ્ઞ કામને અર્થે કરે છે ને આ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. વચનામૃત ગઢડા મધ્યના ૧૪મા માં છે ઈ તો નિર્વિકલ્પમાં છે એને તો તમે પામી પણ ન શકો. ભગવાનને વિષે તદાત્મકપણું શું ? તો જેવું અમે કાલે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહ્યું એવું હોય તો તદાત્મકપણું કહેવાય. આ લીંબડો જાણ્યા પછી કામાદિક વ્યાપે તો પણ સંશય ન થાય ને નિર્ગુણમાં તો કામાદિક જ નથી. નિર્ગુણનું દર્શન ન થાય, ઈ સજાતિય નથી ને આ (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧મા) છે ઈ આપણો સજાતિય છે. એનાથી નિર્ગુણમાં વયું જવાય. માણસની સ્થિતિ સમજો એટલે બેડોપાર થઈ જાય. સમજણનો અંત આવી

ગયો. સગુણમાંથી નિર્ગુણમાં ગમે એમ કરો તો ય ન જવાય. ૧૨મા વચનામૃત(ગઢડા મધ્ય પ્રકરણના) માં સગુણ એવો છે કે મનુષ્યની બરોબર કામ ક્રોધ લોભ હોય તો પણ સંશય ન થાય. એની પ્રકૃતિ એવી છે કે એક મોક્ષને અર્થે કરે છે એક કામને અર્થે કરે છે. જ્યારે કૃપા થાય ત્યારે પોતાની ખામી દેખાય. દોષને ઓળખે એટલે દોષ ટળી ગયો. સગુણ બ્રહ્મના ભગવાન છે. એને મનુષ્ય બરોબર વિષય ભોગવે એમ દેખે ને મનુષ્યથી બમણા ને અનંતગણા દેખે તો પણ સંશય ન થાય. આ સગુણમાં છે ઈ નિર્ગુણમાં નહીં જાય. ઉત્પત્તિકાળમાં છે ઈ મોક્ષકાળમાં મોકલી શકે. ઉત્પત્તિકાળવાળો એલચી છે. ઈ રીપોર્ટ આપે ઈ સાચો થાય. ઓલ્યા છ ભેદ છે ઈ મોક્ષકાળમાં છે. ને આ મોક્ષકાળ છે ખરો પણ ઉત્પત્તિકાળમાં છે. જગતનાં સર્ગથી આ પ્રકૃતિપુરૂષ સુધી કહેવાય. એમાં જન્મ્યો છે ઈ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિવાળો છે. સર્વ કર્મનો કરનારો છે. છતાં ય મોક્ષને યોગ્ય છે. સ્થિતિ ઓળખવી ઈ જ કઠણ છે. સ્થિતિથી કયા કાળમાં છે ? કયા ઘરમાં બેઠા છે ? કોની હારે સંબંધ છે ? ઈ ખબર પડી જાય. મોક્ષકાળમાં છે ઈ ઉત્પત્તિકાળમાં હોય પણ પ્રકૃતિ મરોડે તો રાજી થાય. છ સગુણ મૂર્તિ છે. ને ચાર નિર્ગુણ મૂર્તિ છે. પણ ઈ અવતારીની હારે સંબંધ નહીં કરાવે. છ ધામના મુક્ત જગતમાંથી ઉખેડે પણ ભગવાનમાં ચોટવા ન દ્યે ને અક્ષરધામના મુક્ત છે ઈ તત્કાળ ભગવાનમાં ચોંટાડે. ને અહીંયા તો આવડો આ ચોંટાડે. આ તો ઉત્પત્તિકાળમાંથી નિર્ગુણમાં મોકલવાનું ગોતી કાઢ્યું છે. કર્મથી રહિત નથી થયો ને મનુષ્યથી વિજાતીય નથી છતાં ય મનુષ્યથી અધિક છે. છતાં ય સ્વામિનારાયણે સહી કરી દીધી કે ઈ મોક્ષને યોગ્ય છે. ઉત્પત્તિકાળમાં જબરા છે. અર્થને અર્થે કરે છે ઈ સ્વર્ગમાં જાય છે. મોક્ષને અર્થે કરે છે કહેતા ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે ઈ અવતારને પામે છે પણ આ ત્રીજો છે ઈ નિર્ગુણમાં મોકલી શકે છે. આને પ્રેસીડેન્ટ તરીકે ઓળખી લ્યો.

રામ ને કૃષ્ણ બધા ય બ્રહ્માંડમાં છે. ઉત્પત્તિકાળમાં છે ઈ મોક્ષકાળમાં કોઈને મોકલી ન શકે. ભૂમાપુરૂષનો ઠપકો મળ્યો ને સ્વામિનારાયણના ભક્ત માટે તો ભૂમાપુરૂષે પોતાનું આસન ખાલી કરી દીધું. કોઈ રીતે કોઈ પ્રકારે નિર્ગુણમાં જઈ શકો ખરા ? ન જઈ શકાય. કારણ કે ભાનુ-રજની એટલો ફેર છે. પણ આ વસ્તુ ઉત્પત્તિકાળમાં છે ઈ નિર્ગુણમાં મોકલી શકે છે. કોઈ પ્રકારનો ઢંગ નથી છતાં ઈ મોક્ષને યોગ્ય છે. સર્વ કર્મનો કરનારો છે છતાંય મોક્ષને યોગ્ય છે. સ્વામિનારાયણ અવતારી છે એનો ઈ હમેલીયો છે. આ લોકનો વાઈસરોઈ છે. એકાંતિક છે ઈ અવતારમાં ખપે છે ઈ અનાદિ ધર્મ છે. ઈ જેવો ધર્મ થાતો નથી. જડભરત, શુકદેવજી, હનુમાન, ઉદ્ધવ-અક્રૂર, વિદુર, સુદામા, વૃંદાવનના ગોપનો ધર્મ અનાદિનો છે. ને આ તો ઉત્પત્તિકાળમાં છે. વસ્તીમાં છે છતાં ય અવતારીના ભક્ત છે એને ઓળખો તો તમારૂં કામ થઈ જાય. ઓલ્યા વનમાં રહે છે પણ અવતારના ભક્ત છે. ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં પહેલી વાત અવતારની છે. ભગવાન પોતે અવતારની વાત કરે છે. "મોટા મોટા હો, વાતમાં સમજતા હો તે આગળ આવો. આ વાત દંભે કરીને નથી કરવી. આ સંત-સત્સંગી છે એમાંથી કોઈને આ વાત સમજાય જાય તો અતિ રૂડું થાય. આ વાત શાસ્ત્રમાં મળતી આવે છે, છતાંય સભામાં કર્યા જેવી નથી." ઈ વાત અવતારની છે. "આ સંસારમાં અતિશય રૂડા પંચવિષય છે એમાં સમભાવ વર્તે છે." આ અવતારની ઉપાસના છે. ઉત્પત્તિકાળમાં છે. પણ બે પાના પછી જ અવતારીની વાત છે. "કોઈ માન અપમાન કરે; આ હરિભક્ત નાનો આ મોટો એમ પણ નથી જણાતું. સોનું, રૂપું, હીરો, કચરો સમ વર્તે છે. હાથીને હોદ્દે બેસવું ને પગપાળા ચાલવું ઈ સમ વર્તે છે. મારા જ્ઞાનનો વૈરાગનો ભાર નથી જણાતો." ઈ વાત બધી અવતારીની છે. આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ ત્રણ હોય ને ધર્મ ન હોય તો ભૂલોક, ભૂવર્લોક ને બ્રહ્માના

લોકથી બહાર ગતિ ન થાય. તેમ ગુણ બધા છે ઈ અવતારના છે એટલે બ્રહ્માંડમાં રહે પણ બારા ન નીકળે ને આપણે તો અવતારીને પ્રતાપે બ્રહ્માંડ બહાર ડોકુ કાઢીએ એવા છીએ. ઉત્પત્તિકાળનો છે ઈ અવતારમાં વળગે પણ અવતારીને કયાંથી વળગી શકે ? 'વિષય સન્મુખ બલાત્કારે વૃત્તિને જોડીએ ત્યારે માંડ માંડ જોડાય છે આમ મને વર્તે છે એનું કારણ શું છે ? તો મારા ઈંદ્રિયુંની વૃત્તિ સદાય હૃદાકાશમાં રહી છે.' અવતાર ને અવતારી બેની લેન નોખી પડશે તો પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી કઠણ નહીં પડે. સહેજે પંચવિષય જીતાઈ જાશે. ત્રીજા પાનાથી અવતારીની વાત આવી. ક્યારેક સ્ત્રી થકી જન્મ ધારે ક્યારેક પોતાની ઈચ્છા આવે ત્યાં થકી જન્મ ધરે. ક્યારેક તો દેહ દાવાનળમાં બળી જાય એવી રીતે વર્તે તો પણ સંશય ન થાય તો પ્રાણ લીન નથી થયા તો પણ એને કરવું કાંઈ રહેતું નથી. આ અવતારીની વાત છે. ભગવાનના સ્વરૂપમાં આવી રીતે નિશ્ચય છે એને પંચવર્તમાનમાં ફેર હોય તો પણ એના કલ્યાણમાં ફેર નથી. ઈ બ્રહ્માંડથી બહાર નીકળી ગયો છે.

કલેવરની હારે વેર થાય ઈ ઉપાસનાની લટક કહેવાય. આવી વાત શાસ્ત્રમાં તો હોય પણ સત્પુરૂષ પ્રગટ થાય ત્યારે એના મુખ થકી આ વાત સમજાય છે. અવતારીની વાત સમજાઈ જાય તો એને આપણા દુઃખની વાત કરવી ન પડે. આપણે ગમે એવા મોટા હોઈએ, કાળ કર્મ માયાનો ભય નથી પણ માણસનો ભય રાખવો પડે. માણસ આપણને આપણી સ્થિતિમાં રહેવા ન દ્યે. ગુણ હોય ને ગુણનું અભિમાન ન હોય ઈ બહુ જબરો કહેવાય. ઈ માયાથી પર થઈ ગયો. ભગવાન એક છે એમ કહે છે ઈ પણ અમારા પક્ષનો માણસ છે. અવતાર બારા અવતારને કાઢી નાખ્યા. કેવી રીતે કાઢી નાખ્યા ? ૨૨૨મું કિરણ વાંચો તો ખબર પડે. ઉત્પત્તિકાળ ને મોક્ષકાળ. ઉત્પત્તિકાળમાં દશ અવતાર આવી જાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા બધું ય આવી જાય ને મોક્ષકાળમાં કાંઈ ન આવે. ઉત્પત્તિકાળમાં

મોક્ષકાળનો માણસ જડવો જોઈએ. ઉત્પત્તિકાળમાં પ્રકૃતિ વિનાનો ન હોય ને હોય તો ઈ જ મોક્ષદાતા છે. સ્વામિનારાયણે સ્વભાવ મેલાવીને મોક્ષ કર્યો છે. બીજા અવતારે કોઈએ સ્વભાવ મેલાવીને મોક્ષ કર્યો નથી. અત્યારે કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યા છે.

ધર્મ રાખે, વૈરાગ રાખે પણ એનું અભિમાન હોય. રામ નિર્ગુણમાં, ધર્મમાં કહેવાય. એકપત્નીવ્રત હતું પણ લોકાપવાદથી પત્નીનો ત્યાગ કરી દીધો. પણ સ્વયં અવતારમાં ઘટ્યા. પૃથ્વી ઉપર બહુ રહ્યા પણ એકાંતિક ધર્મ સ્થાપન કરી શકયા નથી. તે દિ મોક્ષ હતો ને આનંદની એલી હતી ને અત્યારે નથી ? તો લુગડામાં રાખીને માળા ફેરવીએ એનું ફળ કોણ આપે ? અત્યારે રહ્યા છે પણ અલૌકિક રીતે રહ્યા છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે ‘આવો ભાઈ’ એમ કહે છે ઈ ચૈતન્યને કરે છે. પણ ચૈતન્ય ગયા પછી કોઈ સગું નથી. જેટલુ જેને ભાગ્યમાં છે એટલું સૂઈ રહેશે તો ય મળી રહેવાનું જ છે. કરોડ હુન્નર કરે પણ ભગવાને નથી લખ્યું તો કઈ રીતે મળે ? અક્ષરધામમાં જાઈએ ત્યારે ભગવાન પોતાનું સુખ આપે તો અહીંયા બેઠા આપે તો શું વાંધો છે ? ‘દાસના દુશ્મન હરિ કદી હોય નહીં, જેમ કરશે તેમ સુખ થાશે.’ સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળીયો છે. કાળા નાગનું ઝેર ઉતરી જાય. બીજું કાંઈ ન જાણીએ પણ ‘સ્વામિનારાયણ’ નું નામ આવ્યું ઈ જબરૂં છે. અનંત બ્રહ્માંડમાં સોંસરવું નીકળે એવું છે. પણ જો ઈ નામને વળગી રહે તો ! તે ઉપર બકરીને સાવજના પગલાનો આશરો હતો એની વાત કરી. સ્વામિનારાયણ નામનો મંત્ર છે એને મૂકીને બીજાનો આશરો કરે તો શું કામનું ? જેને મરીને પામવા છે ઈ દેહ છતા મળ્યા છે. પણ મરીને પામવા એમ નથી.

**સદા મળ્યો છે માલ, કોઈ ન કહેશો કંગાલ નિર્ધનીયા તો અમે નથી.**

**મહા મળ્યો છે માલ, ભાગ્ય જાગ્યા આજ જાણવા.**

સવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત છે ઈ કેવો છે ? ભગવાનને નિર્દોષ સમજે છે. મનુષ્યની બરોબર વર્તે તો ય ભગવાન માને છે ને મનુષ્યથી બમણા પ્રવર્તે તો પણ ભગવાન માને ને ગમે એવું મદ્ય, માંસ, હિંસા, વટલવું, બજાણીયા એમાં પ્રવર્તે તો પણ એમ સમજે કે ભગવાનને કાંઈ પણ દોષ અડતો નથી. એમ માને છે. આવો જે ભક્ત છે એનો ગુણ આવ્યો ને એનો રાજીપો થયો તો કામ થઈ ગયું. જીવતા કામ થઈ ગયું. એને પોતાની ભૂલ મંડે દેખાવા. આમ દેહ છતા થઈ જાય ઈ સવિકલ્પ છે. શાસ્ત્રે એને અવતારની ઉપાસના કહી. રામની, કૃષ્ણની, પરશુરામની, હયગ્રીવની, વારાહની ઉપાસના કહેવાય પણ નિર્ગુણમાં વાસ થયો નથી. ઈ વાત તો બાકી છે. અવતારે દોષ ટાળીને કલ્યાણ નથી કર્યા. દોષ ટાળીને કલ્યાણ કર્યા હોય તો ઝઘડા શા માટે થાય ? ને આપણને અવતારી સહજાનંદસ્વામીની પ્રાપ્તિ છે. આપણામાં દોષ છે કે નથી એનો છેડો ન લાવવો પણ પક્કડ શેનો કરવો કે ભગવાનની પ્રસન્નતાને અર્થે કોણ કરે છે ? ને જગતના સુખને અર્થે કોણ કરે છે ? ઈ જાણવું. આ બે ભક્ત છે એમાં જે બેયને જાણે છે ઈ વ્યક્તિ એક છે. ઈ ત્રીજો છે. એને સંગેથી નિર્ગુણમાં વાસ થઈ જાશે. એને સંગે વૈકુંઠમાં જવાય. નહિતર આ લોકમાં જ રહેવાનું છે. આ લોકમાં કોણ આપણું છે ? એક તો બતાવો ! દીકરો ય ન હાલે, સ્ત્રી પણ નહીં હાલે; કોઈ સાથે આવવાનું નથી.

યજ્ઞમાં બેસીએ તો ધ્યાન થાય, વનમાં બેસીએ તો ધ્યાન થાય; ખૂણે બેસીએ તો ધ્યાન થાય. કયે ઠેકાણે બેસીએ તો ધ્યાન થાય ? નૈમિષારણ્ય ક્ષેત્રનું વચનામૃત સારંગપુરનું ૭મું. હું તમારા સામુ જોઉં ને તમે મારા સામુ જુવો ને વૃત્તિ પાછી વળી જાય ઈ નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય. ઈંદ્રિયુંના રાગ ઘસાઈ જાવા જોઈએ તો નૈમિષારણ્ય ક્ષેત્ર ગણાય. જો પોતામાં દોષ દેખાણો તો દોષ જ નથી. ઈશ્વરની બુદ્ધિમાં હો તો, બ્રહ્મબુદ્ધિમાં હો તો, બ્રહ્મરૂપ જ છો. તમને એવી હિંમત આવી જાવી જોઈએ કે ઈ દોષરૂપ

બ્રહ્મરાક્ષસ તમારા સામુ ન જોઈ શકે. આ ઘડી, આ ક્ષણમાં મરી જાવું છે. એનો વિલંબ નથી. તે તે ઈંદ્રિયુંની ક્રિયા થાય છે એટલે રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું અંગ રહે છે. વાસના તો ગઈ પણ એવી ક્રિયા કેમ થાય છે તો બાધિતાનુવૃત્તિ કેમ ઉભી રહે છે ? ઈંદ્રિયું અંતઃકરણ ને જીવ એકાગ્ર થાય તો આખા દિવસના પાપ બળી જાય. ઉત્થાન આળસી જાય. ઉપશમ થઈ જાય તો પ્રાયશ્ચિત થઈ ગયું. શત્રુને ઠાર કરી નાખ્યો છતાં ય પાછી સ્મૃતિ થઈ આવે છે એનું જ નામ બાધિતાનુવૃત્તિ છે.

એટલી વાત કરીને પછી શ્રીજી ઓઈલમીલની મોટરમાં બેસીને ગામ માણાવદર પધાર્યા ને ત્યાં છગનભગતને ઘરે ફળિયામાં ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. પછી એક હરિભક્ત સામુ જોઈને વાત કરી જે તમારા જેવા જબરા સાધુ હોય તો બહુ સરસ ગણાય. તમે કોઈ દુનિયાના જીવથી ડરો એવા નથી. ભગવાનના ભક્તને માટે ઉપયોગમાં આવીએ એવો શુભ સંકલ્પ રાખવો પણ અશુભ સંકલ્પ ન રાખવો. એને દેવ કોટિ પણ ઈચ્છે ને ઈશ્વરકોટિ પણ ઈચ્છે છે. ને પુરૂષોત્તમની તો વાત જ જુદી છે. સ્વતંત્ર છે; સમર્થ છે. ને પર થકી પર જે અક્ષર તે થકી પણ પર છે. મેરૂની ટોચે હોય એને ધર્મ આત્મનિષ્ઠા કાંઈ ન દેખાય ને પૃથ્વી ઉપર હોય એને જ્ઞાન, વૈરાગ, આત્મનિષ્ઠા બધુંય દેખાય. આ રીતે ઉત્તર કરે તો શાસ્ત્રમાં પૂર્વાપર બાધ ન આવે. ધર્મ સ્થાપન કરવો છે એને બદલે ઉત્થાપન કરે ઈ મૂર્ખાઈ છે. પણ રહોગુણ ને જડભરતને મતે વિધિનિષેધ મિથ્યા છે. જેને દેહની પરવા રાખવાની જરૂર નથી એનું નામ જડભરત છે. બ્રહ્મનો જેને જોગ થાય ઈ કૃતાર્થ થઈ જાય તો બ્રહ્મસ્વરૂપ થાવું ન પડે. એને જોગે મનુષ્ય, પશુ, પક્ષી, ઝાડ ઈ બધુંય કૃતાર્થ થઈ જાય. આત્મનિષ્ઠ છે ઈ નદી તરી જાય પણ મૃત્યુ સમો ન તરે. કામ ક્રોધ ને લોભ તેને જોગે ધીરજ ન ડગે ઈ આત્મનિષ્ઠા કહેવાય. દેહ તે હું નહીં; દેહથી નોખો હું છું ઈ આત્મનિષ્ઠા

અલૌકિક છે. મરીને જેને પામવા છે ઈ દેહ છતા મળ્યા છે. મરવું નથી છતાં ય ભગવાનના ભક્ત ભેળું મરવું છે; કરવું નથી પણ એને અર્થે કરવું છે; કાંઈ જોવું નથી પણ ભક્તને જોવા છે. કાંઈ સાંભળવું નથી પણ ભગવાનના ગુણ સાંભળવા છે. એટલે મરવું આળસી ગયું; જોવું આળસી ગયું; સાંભળવું આળસી ગયું. મુનિ એટલે મુંગા નહીં પણ ભગવાન વિના બીજું કાંઈ ન બોલે. તેમ ભગવાનના ભક્ત ભેળું મરવું ઈ મર્યા ન કહેવાય. આવો જલસો હોય ને ભગવાનના ભક્ત હોય એવા સમામાં આ તન તજાય તો સારૂં એમ માવદાનજીએ લખ્યું છે. કોઈ રહેવાનું તો નથી જ તો આપણે કેમ રહેશું ? પૃથ્વીનો પતિ પણ નથી રહેતો. મનુષ્યની રીતે વર્તવું ઈ બહુ સાનુકૂળ છે. બહુ મહેરબાની છે. માપ બારી મહેરબાની છે. દેહ છતાં કલ્યાણ થાય એને અધુરૂં ન હોય. ‘વણ વિચારે પણ વાતુ રે આવે જેના અંતરથી’ તે બોલ્યા. જેને આ લોકના સુખની ઈચ્છા મટી ગઈ ને પરલોકના સુખની ઈચ્છા થઈ એને વાતુ વિચારવી ન પડે. ટેમ આવે ત્યારે આવીને ઉભી રહે. ઓસાણ હથિયાર જેવું થઈ જાય. શ્વેતદ્વિપના મુક્ત અક્ષરધામમાં દર્શન કરવા જાય છે પણ ત્યાં રહેવાય એવા સ્વભાવ નથી. એનો સ્વભાવ સારો હોય પણ આ લોકનાથી સારો હોય પણ અક્ષરધામથી સારો તો ન હોય. શ્વેતદ્વિપ, બદ્રિકાશ્રમ, અક્ષરધામ ને આ લોકમાં એકાંતિક પાસે ઈ ચાર ઠેકાણા વિના બીજે કયાંય બ્રહ્મચર્ય નથી. શ્વેતદ્વિપના મુક્ત કારણ શરીરને ટાળે છે. શ્વેતમુક્ત જેવું અહીં થાવું કાં અક્ષરધામમાં થાવું. ઈ કાયમ વ્રત કરે છે. આપણું વ્રત જ્ઞાન યજ્ઞ છે. એકે યોગ યજ્ઞ કહ્યો ને મહારાજે ભગવાનની મૂર્તિ સામી વૃત્તિ કરવી એનું નામ જ્ઞાનયજ્ઞ કહ્યો. ને પદાર્થ તો કચરો છે. નાશવંત છે; તુચ્છ છે; અસાર છે; દુઃખનો દધિ છે. એના સામી વૃત્તિ શું કરવી ? પણ ભગવાન સામુ જોવું તો આ લોકમાં ન સલવાઈએ. ભગવાનને આ લોકમાંથી કાઢતા આવડે છે.

પછી તે જ દિવસે સાંજે ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને મુંબઈ, જૂનાગઢ અને માણાવદરના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે જેને નિશ્ચયમાં ખામી હોય તેને કેવા સંકલ્પ થાય ? હવે તત્ત્વે કરીને જાણવાનું કહે છે. અગોચર ને ગોચર કેમ કહેવા ? ભગવાનની મોટ્યપ જાણવી. મોટાથી પણ મોટા. જેમ મોટો રાજા હોય એની મોટ્યપ કેવડી છે ! એમ બ્રહ્મા,શંકર ને વિષ્ણુ ઈ કેવડા છે ? સાવ નાનકડા છે. વૈરાટ્‌ની આગળ કાંઈ ગણતરીમાં નથી માટે વૈરાટ્ છે એના જે સ્વામી ને એનું ધામ એની શી વાત કરવી ? પદાર્થમાં ભગવાન અન્વય થયા. તેજ, વાયુ, આકાશ, પૃથ્વીમાં અન્વય થયા. ઈ એકબીજાનું કારણ છે. પૃથ્વીથી, જળથી, તેજથી, વાયુથી, આકાશથી, અહંકારથી, મહતત્ત્વથી, પ્રધાન પુરૂષથી, પ્રકૃતિપુરૂષથી, અક્ષરથી પુરૂષોત્તમ અવતારી સર્વના નયન ગોચર એકાંતિક રૂપે વર્તે છે. અક્ષર બ્રહ્મ છે. વૈરાટ્ છે. એની મૂર્તિ બહુ મોટી છે પણ પુરૂષાકાર છે. નાભિમાંથી બ્રહ્મા થયા; એમાંથી કમળ થયું. કમળના નાળનો અંત ન આવ્યો તો વૈરાટનો પાર કેમ આવે ? એના સ્વામીનો અંત કેમ આવે ? પ્રતાપ, ઐશ્વર્ય, ગુણ કેમ જાણવામાં આવે ? માટે પદાર્થથી સ્વરૂપ સૂક્ષ્મ છે, એને વિષે રહ્યું છે, કારણ છે; અળગું છે. પ્રકાશેયુક્ત છે, ઐશ્વર્યેજુક્ત છે ઈ સગુણ સ્વરૂપ છે. જે વસ્તુ જે વિષે રહી હોય; એકબીજાનું કારણ એકબીજા છે. તેમ અક્ષરબ્રહ્મ તો અતિશય મોટું છે. જેને કોઈ જાણી શકે નહીં. સંકોચ વિકાસ અવસ્થા નથી. સદાય એકરૂપે છે. કીડી મધ્યે વીંછી; વીંછી મધ્યે સાપ, સમળા, પાડો ગીરનાર પર્વત, મેરૂપર્વત તેમ ઈ બધાય મધ્યે પૃથ્વી, એની મધ્યે ગોલોક, એની મધ્યે અક્ષરધામ, એની મધ્યે પુરૂષોત્તમ મોટા છે. ભગવાનના ધામમાં સમીપે રહેનારા, તેના એક એક રોમને વિષે અનંત કોટિ સૂર્યનો પ્રકાશ છે. આવી રીતે મોટ્યપ કહી. પાછું અન્વય કહ્યું. ઝીણાથી ઝીણા; ઝીણાથી ઝીણા એમ કહેવાય. પણ સૂક્ષ્મની હારે સૂક્ષ્મ થાવું પડે.

અવતાર લ્યે છે તે કેમ લ્યે છે ? તળાવમાં કોઈ ડુબકી મારે તો ત્યાં ને ત્યાં નીકળે કાં આસપાસ નીકળે તેમ અક્ષરધામ રૂપી તળાવ છે તેમાં રહ્યા થકા અનંત ઐશ્વર્ય સોતા, શક્તિ સોતા જયાં જેને જેમ દર્શન આપવું ઘટે ત્યાં એમ અવતારનું ધારણ કરે છે. હવે થોડાકમાં લક્ષણ કહે છે. અતિ ત્યાગી હોય; કાંઈ ન ગમે; દીઠ્યું ન ગમે એવો હોય, એની પાસે ગમે એવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો કરે. ઈ નિશ્ચયનું લક્ષણ ઉત્તમ છે. રાજી થકો પ્રવૃત્તિની ક્રિયા કરે પણ કચવાઈને ન કરે. તે ઉપર આત્માનંદસ્વામીની વાત કરી ને બોલ્યા જે નામનું, ગામનું, જાતિનું, લોકનું જ્ઞાન થઈ ગયું છે એમ ભગવાનનું જ્ઞાન થઈ જાય તો કામ થઈ જાય. મધ્ય લક્ષણ કહે છે કે પોતામાં કોઈક અયોગ્ય સ્વભાવ હોય ઈ કોટી ઉપાયથી પણ ન ખસે; આડા કાન જેવો હોય પણ ભગવાનની ને સંતની મરજી દેખે તો ઈ સ્વભાવને મેલી ઘે. સ્વભાવ ટાળવાનું આ મોટું સાધન છે કહેવા માટે ટેમ જોઈએ એમ ને એમ ન કહેવાય. સ્વભાવ કોટી કલ્પે ન ટળે; ઈ ટાળવો છે તો ઈ આપણા અંતર્યામી છે. પણ આપણે એના અંતર્યામી થાવું. એને શું ગમે છે ? શું ઈચ્છા છે ? એમ જાણવું. હવે ત્રીજી લક્ષણ કહે છે. પોતામાં અયોગ્ય સ્વભાવ છે તો પણ કથાવાર્તા, સંત સમાગમ વિના ઘડીમાત્ર રહી શકે નહીં. શેરડી ને રોટલો ભેગું ન ખવાય. ને આમાં સ્વભાવ છે તોપણ કથાવાર્તા કેમ કરી શકે ? કથાવાર્તા કરે છે તો દિવસ છે. કથાવાર્તા નથી ઈ રાત્રી છે. સ્વભાવ છે ઈ રાત્રી છે. સ્વભાવ મેલાઈ જાય ઈ દિવસ છે. સાંભળવા મંડી ગયા તો માનવાની ટેમ આવી જાશે. બેય ઠેબાં ધગેલાં હોય તો સાંધો વાધી જાય. સત્ત્વગુણ વર્તતો હોય તો કોક ટકોરો મારે તો સાંધો થઈ જાય. ખરાબ બોલવું ઈ પોતાનું જ બોલાય ને સારૂં બોલવું ઈ બીજાનું જ બોલાય. અક્ષર સદાય એક જ રૂપે છે. એની સંકોચ વિકાસ અવસ્થા નથી. ‘તમારા સર્વનો ઈષ્ટદેવ ને ગુરૂ એવો હું તમને એકાંતિક ભાવે કરીને, ઉપાસના કરવા યોગ્ય છું. એકાંતિક પૃથ્વી

છે ઈ ભાવે કરીને ઈષ્ટદેવ છું.' ઉપાસનાની વાત એવી જબરી છે કે ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયકાળમાં સદાય એક રૂપે જ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૧ ॥**

## ૫૮૨. નિર્વિકલ્પદશાનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૯ નવમી ને મંગળવાર તા.૧૦-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી માણાવદર મધ્યે છગનભગતના ઘરે ઢોલિયા ઉપર પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા વિરાજમાન હતા ને મુંબઈના તથા માણાવદર, જુનાગઢ, લીંબુડાના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે ભગવાન મનુષ્યદેહ ધારણ કરે એમાં વિશ્વકળા હોય. એક પાસે બેસીએ એટલે પોતાની ખામી દેખાય ને એક પાસે બેસીએ તો દોષ ન દેખાય. પોતાનો દોષ દેખાણો ઈ કયા નિશ્ચયમાં છે ? મનુષ્યની બરોબર વર્તતા હોય, બમણા વર્તતા હોય ને ગમે એવા કુલક્ષણો હોય તો પણ નિર્લેપ અને અસંગી જાણે તો એને સવિકલ્પ નિશ્ચય કહેવાય. તો ખામી દેખાય પણ ઈ ખામી ન કહેવાય. દોષ દેખાણો એટલે દોષ જ નથી. અવતારના ભક્ત ખામી સોતા ધામમાં ગયા છે. જો ખામી ટળી હોય તો ઝઘડા શા સારૂ થાય ? અક્ષરધામમાં પુગવું છે ને નિર્વિકલ્પ નિશ્ચયમાં વાસ કરવો છે. સત્પુરૂષનો મહિમા જાણ્યા વિના સ્થિતિ ન થાય ને સ્થિતિ થયા વિના મહિમા ન જણાય.

શાસ્ત્ર ધર્મ અર્થ ને કામ પર છે. એને સાંભળનારા પણ ધર્મ અર્થ ને કામને માટે શુભ કર્મ કરે છે. એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં ભોગવે છે. કેટલાક અર્થને અર્થે કરે છે. ને ભક્ત છે ઈ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. ઈ બેયને દેખે છે ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે. સર્વકર્મનો કરનારો છે છતાં મોક્ષને યોગ્ય છે. આને સંગે નિર્ગુણમાં વાસ થઈ જાય છે. આ તમને સાવ સહેલું બતાવી દીધું નહિતર તો સો વરસ

સુધી વાંચો તો ય ન ખબર પડે. જેનાથી નિશ્ચય થયો ઈ મેલાવે તો ય ન મેલે. આંબો તે આંબો. પછી કામ ક્રોધાદિક વ્યાપે તો પણ ભ્રાંતિ ન થાય એમ દોષ રહિત નિશ્ચય એનું નામ તદાત્મકપણું કહેવાય. એવું તદાત્મકપણું જેને થયું હોય એના સંગ થકી બીજાને થાય છે. પણ કેવળ સમાધિએ થાતું નથી. એને નિર્ગુણ જાણવા. એને બ્રહ્મ જાણવા. ઈ પ્રવૃત્તિ માર્ગવાળા હોય તો પણ નિર્ગુણ જાણવા ને નારદસનકાદિક નિવૃત્તિમાં હતા તો પણ નિર્ગુણ જાણવા. એને થોડી બુદ્ધિ હોય તો પણ ઝાઝી બુદ્ધિવાળો છે. ને બીજો ઝાઝી બુદ્ધિવાળો છે તો પણ બુદ્ધિહીન છે. સાકાર સમજે તો કેવળ માણસ જેવા જાણે ને નિરાકાર જાણે તો માયિક જાણે પણ એકાંતિકના વચનમાં વિશ્વાસ લાવીને ભજે તો ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ ને આનંદમય ભાસે તે ઉપર ગોપાળજોગી ને મહારાજના મેળાપની વાત કરી જે મહારાજને ઈશ જાણ્યા તો ગિરી હતી એને વૈકુંઠ સમાન કરી દીધી. નહિતર તો બ્રહ્મરંધ્ર ભેદીને અક્ષરધામમાં જવાતું નહોતું ને એને અહીંયા દાખડો ન પડે એમ ધામ બતાવી દીધું પણ જો આંખ ઉઘડે તો એમ થાય કે ઓહોહો ! બહુ મોટું સુખ; બહુ મોટું સુખ એમ થઈ જાય. આ રીતે વહાણ બતાવી દીધું. દેહ છે ઈ દુઃખ છે ને પરલોક છે સુખરૂપ છે. ભગવાનના ભક્ત આપણાથી કરોડો ગણા અધિક છે. આમ સમજે તો આ લોકમાં તો સુખીયા થઈએ પણ પરલોકમાં પણ સુખીયા થઈએ માટે **'આધી ઘડી, આધકી પુની આધ.....'** મુંબઈ જેવા શહેરમાં રહીને અક્ષરધામમાં જાવું ઈ કાંઈ નાની વાત છે ?

ભગવાને ટેમ દીધો ઈ ટેમ ન જાવા દેવો. ને અમે તો તમારા સામુ જોઈને જ બેઠા છીએ. જીવને પંચવિષયરૂપી સામાન જબરો આપ્યો છે. નેત્ર, કાન, ત્વચા, નાસિકા, જીભડી, શિશ્નુ એના અને એના વિષયનું વર્ણન ન કરી શકીએ. અહીંયા ને અહીંયા મોક્ષદાન આપી દીધું. 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ' સ્વામિનારાયણ પોતાના ભક્ત ઉપર અઢળક ઢળ્યા છે. માટે 'અર્થ સાધયામિ ને દેહપાતયામિ' આ તો

અહુર થયું ને રાત રહ્યા એવું થયું છે. સંશય રહિત થઈ જાવું. યુદ્ધિષ્ઠિરને ચોર ન મળે ને દુર્યોધનને શાહુકાર ન મળે. આપણે જેવો નિશ્ચય હોય એવો દેખાય. આપણામાં જો સતયુગ હોય તો બધેય સતયુગ જ છે. જુગની પ્રવૃત્તિ; હ્દયમાં સતયુગ હોય ત્યારે આખા વિશ્વમાં સતયુગ હોય; આમાં ત્રેતાયુગ હોય ત્યારે બહાર ત્રેતાયુગ હોય ને એકલો હ્દયમાં કળીયુગ હોય ત્યારે બહાર કળીયુગ હોય.

ગુણ ક્રિયમાણમાંથી ઉત્પન્ન થાય છે. સત્ત્વગુણમાં કર્મ કરો તો જાગ્રત ને રજોગુણમાં રહીને કરો તો સ્વપ્ન ને તમોગુણમાં રહીને કર્મ કરો તો સુષુપ્તિ અવસ્થા. આના રૂપને જાણો એટલે તમને બંધન ન થાય.

પછી મુંબઈવાળા ગિરધરભાઈએ ધામમાં તેડી જાવાનું વરદાન માગ્યું પછી સ્વામીએ આશીર્વાદ આપ્યા કે તમે જે કહો છો ઈ ભગવાન હાજરાહજુર સાંભળે છે. તે ઉપર ભક્તચિંતામણીના ૧૪૧મા પ્રકરણની વાત કરી. આપણા કેટલા જન્મના પુન્ય હશે ! તે ઉપર સેવકરામની વાત કરી. પંચવિષય હજારો જન્મના પુન્યથી આપ્યા છે ને ભગવાન પણ આપણા ભેળા ભળીને ઈ પુન્યને ભોગવાવે છે. આ ટેમ, આ ઘડી ને આ વખત પાછો નહીં મળે. આ સમય ન ભૂલવો. ગમે ત્યાં જાવ તો ય ન ભૂલવો. ‘ આધી ઘડી, આધ કી......’ તે બોલ્યા ને વાત કરી જે સંતનો સમાગમ લેશમાત્ર થયો એની કયાંય ન ભાંગે એવી ખામી પણ ટળી જાય. પણ પૂર્વના ભારે પુન્ય હોય, ભારે બીજબળ હોય, ભગવાનનો રાજીપો હોય તો સંતનો સંગ મળે. મોટા રાજી થાય તો રૂડા સાધુનો સંગ આપે કાં બુદ્ધિયોગ આપે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી નિત્યક્રિયા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે માયિક પદાર્થમાંથી જીવની વૃત્તિ ઉખડતી નથી ને ભગવાનમાં ચોંટતી નથી. હેત રૂપી જ ભગવાનની માયા છે એમાં જે ન

વહે એની વૃત્તિ ભગવાનમાં રહે છે. માટે ભગવાન તો બ્રહ્મની જ મૂર્તિ છે. જેમ ભક્તમાં સંકલ્પ હોય એમ જ કરે છે. સખાભાવે વર્તે છે, મિત્રભાવે વર્તે છે ને સુખ આપે છે. હું ને છગનભગત બે જ જણા છીએ. 'હું ને મારો ઠાકોર, જગત બધું કાણું; પ્રભુ બેઠો પારણે ને હું દોરી તાણું !'

'મુક્ત કહે સત્સંગસે શઠ સુધરે સાક્ષાત્ ' જેમ ગુણાતીતાનંદસ્વામીએ ભાતું બંધાવ્યું તેમ આપણે મુંબઈવાળાને ભાતું બંધાવ્યું.

સ્વાભાવિક અવગુણ ન લેવો. પંચવર્તમાનથી કોઈ વાત બારી નથી. થુંકવાનું, જોવાનું, સાંભળવાનું બધું ય પંચવર્તમાન જ છે. પાંચ સામે પચાસ આવે તો હઠાવી દ્યે. એમ ગુણ ઝાઝા હોય. ગુણ વિચારવા તો અવગુણ ટળી જાય. અનંત જન્મના પુન્ય હોય ત્યારે તો મનુષ્યદેહ મળ્યો છે. કેટલા ય ગુણ કઠેકાણે વાપરે, કેટલાય સારે ઠેકાણે વાપરે. પરલોકનું સુખ નજરમાં આવે તો આ જીવ મુકે એમ નથી. અલૌકિક પ્રાપ્તિ થઈ છે. વિચાર કરે તો ખબર પડે ! દુઃખમાં સુખ દેખવું ઈ ઝાઝાને ન સુઝે. એકાંતિકની વાત વળી એનાથી જુદી છે. એકાંતિક સુખમાં દુઃખ દેખે છે. જાણપણે યુક્ત છે. સમૃદ્ધિએ યુક્ત છે. આ જગતના સુખને હરામ કરી નાખ્યું છે. જગતના સુખને હરામ કરી નાખવું જબરી વાત છે. જેણે આશીર્વાદ મેળવ્યો હોય એને દેશકાળ ન લાગે. ગમે એવો વૈરાગ હોય છતાં ઉતરતા જેવો રહે કે ન રહે.' દેશકાળથી તો આશીર્વાદ જ રક્ષા કરે છે. ભેળા નથી એટલે આશીર્વાદ જ કામ કરે છે નોખા પડ્યા પછી આશીર્વાદ જ કામ કરે છે. મહારાજે સૂર્યનો આશીર્વાદ લીધો. શંકર પાર્વતીનો આશીર્વાદ લીધો. ગોપાળજોગી પાસેથી અષ્ટાંગ યોગ શીખ્યા. ગોપાળજોગીએ મહારાજ પાસેથી મૂડી લીધી. મહારાજને ઈશ જાણ્યા તો વનરાઈ હતી ઈ વૈકુંઠ સમાન થઈ ગઈ. ઓ લોક અને આ લોક ભેળા થઈ ગયા. તમારે ભેળા થાય છે કે નહીં ? પ્રકૃતિ પુરૂષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને સત્ય માને. પોતે આ લોકમાં દુઃખમાં છે ને દેખે છે એમ ભેળા બેય

લોક થઈ ગયા. ‘દિવ્ય અરૂ માનુષ એક રૂપ કરીકે દઢ ચિન્ના; અલખ લખ્યા સાક્ષાત્ ભઈ યહ બાત નવિના.’ એમ બે પુરૂષ એક કરી દીધા. ગુણમાં દોષનું આરોપણ કરે ઈ અસૂયા છે. ભગવાનના ભક્તને જોઈએ તો શક્તિ નથી તો ય શક્તિ આવી જાય છે. વૈરાગ રૂપ સત્ત્વગુણ ન હોય, આસક્તિરૂપ રજોગુણ ન હોય; મૂઢપણા રૂપ પ્રીતિ ન હોય ત્યારે એને ભગવાનમાં પ્રીતિ હોય કે ન હોય ? પ્રીતિ છે ખરી પણ બીજો જાણી ન શકે. નિમ્બાર્ક, મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી, રામાનુજ, શંકરાચાર્ય, બધાયનો આ જ સિદ્ધાંત છે. બ્રહ્મમાં ઉત્થાને રહીત થયો ત્યારે એને પ્રીતિ છે કે નહીં ? ઈ બીજાને વિચારવાની જરૂર નથી ને પોતાને ભય પામવાની પણ જરૂર નથી. ભગવાન સમર્થ છે. સર્વોપરિ છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે બીજાનો અવગુણ સુઝે ઈ અજ્ઞાન અને પોતાનો અવગુણ સુઝે ઈ જ્ઞાન. તમે બધા યની પ્રકૃતિ જાણો ઈ જ્ઞાન ન કહેવાય પણ પોતાની પ્રકૃતિ જાણવી ઈ જ્ઞાન કહેવાય. ભગવાન જગતના કર્તા છે, સમર્થ છે. તમને સ્વામિનારાયણ ભગવાને મેલ્યા છે. આ વાત વલ્લભભાઈ પટેલને કરી. સ્વામિનારાયણ ભગવાનના નામનો જયાં દંડો ઉભો કરીએ ત્યાં સતયુગ જ છે. એક રૂચિવાળા બે હોય તો હજારો ને લાખો છે ત્યાં સતયુગ છે. એક વાત સમજાય જાય તો ય કરોડો જન્મને ધક્કો મારી દ્યે. કોઈ બેસારીને વાત કરે એમ નથી. કોઈ બેસારીને ભગવાન આપે એવા નથી. એટલી વાત કરીને વંથલી પધાર્યા. **॥ ઈતિ શ્રી કિરણ ૫૮૨ ॥**

## ૫૮૩. ઉપદેશનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૧૦ દસમી એ બુધવાર તા.૧૧-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે આ લોકમાં ભગવાનનું સુખ અલૌકિક છે. કોઈના જાણ્યામાં આવે નહીં. કોઈના વિચાર્યામાં આવે નહીં. કોઈના વર્ણવ્યામાં આવે નહીં. એવું અલૌકિક ભગવાનનું સુખ છે. ઈ સુખ જેને જાણવામાં આવ્યું એને કોના બાપની બીક હોય ! જગતના જીવ પંચવિષયથી જીવે છે. ભગવાનના ભક્તને અક્ષરધામ રૂપી જીવન છે. આનંદ આનંદ છે. વિષયની પ્રાપ્તિ આળસી જાય તો આ લોકના જીવ બેહાલ થઈ જાય. પૈસા આળસી જાય. દીકરા આળસી જાય પછી મુવા જેવા થઈને જીવે. મૂર્છા આવી ગઈ ત્યારે જો ભગવાન કે સંતના દર્શન થાય તો દુઃખની નિવૃત્તિ થઈ જાય. ભગવાનના ભક્તના ગુણીયલ ચરિત્ર સુખદાયી છે ને ભગવાનના શુભ-અશુભ બે ય ચરિત્ર સુખદાયી છે. જે દિ આસક્તિ રહિત થાય તે દિ ભગવાનનો મહિમા હાથ આવે. એના ભેળો આનંદ ઉત્સવ કર્યો એની ભેળા જમ્યા. આવ્યા ગયા; એની ભેળા બેઠા-ઉઠ્યા ઈ કેવડી વાત છે ! આ લોકનું સુખ સાવ થૂંકનો સાંધો છે. થૂંકનો સાંધો જેમ ન રહે એમ આ લોકનું સુખ રહેવાનું નથી. 'આ લોકના સુખે સુખિયો થયો એને દઈ શીખામણ સઈ રે; ન બોલવું રહીએ મુખે મૌન રે..' એવું આ લોકનું સુખ છે. ભગવાનની દયા તો છે પણ આપણને વિશ્વાસ ન હોય તો દયા શું કામની ? જો વિશ્વાસ હોય તો જ દયા કામ કરે છે. શરીર શિથિલ હોય તો કાંઈ સંકલ્પ ન થાય.

પછી ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને પછી કૃપા કરીને વાત કરી જે આધિ ઘડી આધકી, આધિ સે પુનિ આધ; તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ તે બોલ્યા. **॥ ઈતિ શ્રી કિરણ ૫૮૩ ॥**

## ૫૮૪. સગુણ નિર્ગુણ સ્વરૂપનું અને મૂળસ્વરૂપનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદી ૧૧ એકાદશી ને ગુરૂવાર તા. ૧૨-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાની ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે સંશય થાય એનું જ નામ અસુર કહેવાય અને સંશય થયા પછી હેત ન થાય એનું નામ મોત કહેવાય. સામાને જેટલું હેત હોય એટલી જ વાત કરવી. જયારે ગુરૂ બદલે ત્યારે જ ઉપાસના બદલે છે. સામાને મનાય નહીં તો લાખ રૂપિયાની હાંસલ હોય તો પણ વાત ન કરવી. રાજકોટમાં અમે વાત કરી તો એક સાધુને નાવાનું થઈ ગયું ને એક સાધુ કથા પડતી મેલીને ભાગી ગયા. આપણી ક્રિયામાં જેટલો ગુણ આવતો હોય એટલી જ વાત કરવી.

વેદાંત શાસ્ત્ર છે ઈ મહિમા વાચક છે. જો અંતર્યામીપણું સમજે તો મહિમા સાચો ગણાય. સ્વાર્થ છે ઈ શિષ્ય છે ને સ્વાર્થ નથી ઈ ગુરૂ છે. તો મોક્ષ થઈ ગયો. સ્વાર્થ છે ઈ નીચો હાથ છે. ને સ્વાર્થ નથી ઈ મોટેરો છે. ગુરૂ છે. શરદ ઋતુમાં આકાશ નિર્મળ જોઈને બોલ્યા જે આવું અંતઃકરણ નિર્મળ થાય તો જીવ સુખીયો થાય. બે ય સ્વરૂપનું ધરનારૂં મૂળ સ્વરૂપ મનુષ્યાકાર છે. એક ઠેકાણે ભૂમાપુરૂષના લોકમાં ગયા એમ લખ્યું ને એક ઠેકાણે ભૂમાપુરૂષ રૂપે દર્શન દીધું એમ લખ્યું છે અર્જુન સોતા રથે બેસીને ભૂમાપુરૂષના લોકમાં ગયા ને બ્રાહ્મણના પુત્રને લાવ્યા તે પંચભૂતના દેહવાળા ઘોડા ને લાકડાનો રથ ઈ માયા પર જાય નહીં તે ગયા તો નિર્ગુણ સ્વરૂપ છે. ને અહીંયા દર્શન દીધા ઈ મૂળ સ્વરૂપ છે ને સગુણ સ્વરૂપના તો દર્શન જ થાતા નથી. જે મોટું હોય ઈ થી મોટું, ઈ થી મોટું, ઈ થી મોટું ઈ સગુણ સ્વરૂપ છે. એને જોવા સમર્થ નથી. અહીંયા દર્શન દીધા ઈ અવતારીની તાગાત છે. મહારાજે માંગરોળમાં સૂર્યના ઉપાસકને સૂર્ય રૂપે દર્શન દીધા; રામના ઉપાસકને રામરૂપે દર્શન દીધા. કૃષ્ણના ઉપાસકને કૃષ્ણ રૂપે દર્શન દીધાં. પોતે બીજે રૂપે દર્શન દીધા તો અવતારી. ને પોતાનું જ દર્શન આપી શકે તો અવતાર કહેવાય. નિર્ગુણ સ્વરૂપ ઓતપ્રોત છે. જેમ 'જળે વિષ્ણુ સ્થળે વિષ્ણુ' એમ છે. દેહમાં જેમ જીવ છે–અન્વય એમ છે. જો સુખદુ:ખથી ન્યારો કહો તો નિર્ગુણ સ્વરૂપ ન ઘટે. બધા યમાં રહ્યા

હોય ને લેપ ન અડે ઈ નિર્ગુણ સ્વરૂપનું લક્ષણ છે. અસંગીપણું છે. અતિશય પ્રતાપે યુક્ત છે. અતિશય પ્રકાશે યુક્ત છે. ઈંદ્રિયુંના પ્રવાહમાં ભગવાન આડા ન આવે એવું ભગવાનનું સ્વરૂપ નિર્લેપ અને અસંગી છે. રોકે નહીં કારણ કે અંતર્યામી શક્તિ છે. મુક્ત અનેક છે અને પરમાત્મા એક છે. જ્ઞાન થાય ઈ બહુ આનંદ છે. અપેક્ષા મટી જાય. ધોડ મટી જાય, જો જ્ઞાન થાય તો. આપણે છે એટલું કોઈને નથી. બીજાને તો ધૂમાડાના બાચકા છે. આ માળા છે ઈ મારી છે એમ મટી જાય તો ભગવાન સાંભરે છે. કારણ કે મારાપણું મનાણું ઈ જ માયા છે. એમ સુખની આશા મટી જાય તો ભગવાન સાંભરે છે. ભગવાન પર છે. દિવ્ય છે. સમર્થ છે. પ્રતાપી છે. અલૌકિક છે. અનંતશક્તિએ સોતા છે. અનંત ઐશ્વર્યે સોતા છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૪ ॥**

## ૫૮૫. અવતાર - અવતારીનું

સંવત્ ૨૦૩૪ના આસો સુદ ૧૨ બારશ ને શુક્રવાર તા.૧૩-૧૦-૧૯૭૮ને દિવસ પૂ.સ્વામીશ્રી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં આસન ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે નિર્વિકલ્પમાં ગયા પછી અક્ષરરૂપ થાવ પછી ભગવાનને અલૌકિક જાણી શકો તો અવતારી જાણ્યા ગણાય. આત્મારૂપે થાય, શ્વેતદ્વિપના મુક્ત જેવો થાય પછી અક્ષરરૂપ થાય ત્યારે સર્વોપરીપણું હાથ આવે. સામાને અધિક ન્યૂન દેખવા જોઈએ. ભગવાનની ઉપાસનાથી અધિક હોય ઈ અધિક ગણાય. પ્રાણ ઈંદ્રિયું લીન ન થયા હોય તો પણ એને કાંઈ કરવું રહ્યું નથી. આવી રીતે જેને ભગવાનનો નિશ્ચય છે ને એને પંચવર્તમાનમાં ફેર છે તો પણ એને કરવું કાંઈ રહ્યું નથી. આવી તો અવતારની તાગાત છે ને બ્રહ્મરૂપ કરે તો જ અવતારી ગણાય. પ્રકૃતિને ડાટો દ્યો તો ઈ અવતારી જાણ્યા ગણાય. આપણો સ્વભાવ સુધર્યો એટલે

અવતારી વિના બીજો કોઈ સુધારે એમ નથી. એક અર્થને અર્થે કરે છે, કામને લોભને અર્થે કરે છે ને એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એને દેખનારો ત્રીજો છે. આમ ભક્ત છે ને છે ભગવાન. સર્વ કર્મનો કરનારો છે તો પણ મોક્ષને યોગ્ય છે. વર્તમાન ન હોય એને અલૌકિકપણું આપી દીધું તો એને ભગવાન જ કહેવાય. ભગવાન તે ભગવાન છે. એમાં ભાગ ત્યાગ કરવા જેવું નથી. 'સંસારમાં સરસો રહે, મન મારે પાસ, સંસાર તેને લોપે નહીં તે જાણ મારો દાસ' ઈ વાત ભક્તની નથી પણ ભગવાનની છે. સાધુમાં પણ કોઈ લક્ષણ ભગવાનનું હોય. કોઈ એક ભગવાન છે એમ કહે છે ઈ પણ અમારા પક્ષમાં બોલે છે. એમ લખે છે ઈ ભગવાન જ કહેવાય. 'ભગવાન છેટા તો છેટા, નીકર તો ઘટમાં આવીને બેઠા' એમ સમજાય છે પણ આતો ભેટંભેટા થયા છે. (ગુણાતીતાનંદસ્વામીની વાતો પ્રકરણ ૫મું, વાત ૨૮૦) અવલબાઈએ એમ કહ્યું કે હું સહજાનંદ છું. સમજણમાં તો બહુ ગોથા ખાવા પડે. વાત ઈ ની ઈ હોય પણ અર્ધી સાધુની વાત હોય ને અર્ધી ભગવાનની વાત હોય ઈ નોખી પાડતા આવડવી જોઈએ. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા માં બે પાના સુધી અવતારનું જ લક્ષણ છે. ને પછી અવતારીનું છે. ઈ ભગવાન ક્યારેક સ્ત્રી થકી જન્મ ધરે ને ક્યારેક પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી જન્મ ધરે છે. એમ ભગવાનની જન્મની ને દેહ મેલ્યાની રીત અલૌકિક છે, એમ જાણશો તો પંચવિષયને જીત્યામાં પ્રયાસ નહીં પડે. પ્રાણ ઈંદ્રિયું લીન ન થયા હોય તો પણ કરવું કાંઈ રહ્યું નથી. દૈત્યનું પણ કલ્યાણ કર્યું એવી અવતારીની વાત છે. કેટલીય વાત અવતારની હોય ને કેટલી ય વાત અવતારીની હોય. દોષ હોય તો ય નિર્દોષ કહેવાય ને અવતારી તો નિર્દોષ જ છે. ને એના સંબંધવાળું પુષ્પ પત્ર, એના સંબંધવાળા બધાય નિર્ગુણ છે. એવા સહજાનંદસ્વામી છે. પણ 'શીદ કરો ગોળ ખોળ એક પાડ, નર નારી, જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે' **॥ ઈતિ શ્રી કિરણ ૫૮૫ ॥**

## ૫૮૬. ભક્તને ઓળખવાનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૨ ને બુધવાર તા. ૧૮-૧૦-૧૯૭૮ને દિવસે સ્વામી ગામશ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ને ભાણજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે; એક અર્થને અર્થે કરે છે એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એને ઓળખવા એટલી તો બુદ્ધિ હોવી જોઈ. એને ઓળખે એને ઓળખવો જોઈ. હર્ષ-શોક થાય તો ભક્ત ન ગણાય. ભગવાનના ભક્તના દ્રોહથી જેવું આ જીવનું અનિષ્ટ થાય છે, એવું કોઈ રીતે કોઈ સાધનથી અનિષ્ટ થાતું નથી. સાધન તો શું કામ કરી દ્યે ? પણ અત્યારે આ પૃથ્વી ઉપર સાધનનું જોર બહુ ગણાય છે.કારણ કે, એક ઘોડું હોય એના કરતા બે ઘોડા હોય તે મોટો, બે ઘોડા હોય એના કરતા પાંચ ઘોડા હોય ઈ મોટો. એમ આલોકમાં મોટાઈ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૬ ॥**

## ૫૮૭. નિર્ગુણપણાનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૪ ને શુક્રવાર તા.૨૦-૧૦-૧૯૭૮ને દિવસે સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં અપરાહણે વિરાજમાન થયા હતા. સંતોની તથા બેક હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વાસુદેવપ્રસાદસ્વામીએ સાક્ષાત્ સવિતાનું ૮૫મું કિરણ વાંચ્યું

પછી સ્વામીએ વાત કરી જે; સ્વરૂપનિષ્ઠાની વાતમાં મોટામાં મોટી આ વાત છે કે; સવિકલ્પ નિશ્ચય થયો હોય એનાથી નિર્વિકલ્પ નિશ્ચય કરાવ્યો. એક અર્થને અર્થે કરે છે. ને એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એને જે દેખે છે, ઓળખે છે, ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન છે ને સર્વ કર્મનો કરનારો છે. વર્તમાનનું એમાં દાંઠુ પણ નથી

તોપણ ગણે છે, ઈ તો સ્વરૂપ જ થઈ ગયું. એના થકી નિર્વિકલ્પમાં જવાય છે. નિર્ગુણ થકી નિર્ગુણ થવાય, પણ ગૃહસ્થાશ્રમમાં છે એને સગુણ પણ કહ્યા ને નિર્ગુણ પણ કહ્યા. જનકાદિક રાજા અને સપ્તર્ષિ એને નિર્ગુણ કહ્યા છે. આલોકમાં ગમે એટલું સુખ ભોગવ્યું પણ અંતે કાંઈ ભોગવ્યું જ નથી એમ થઈ જાય. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, "તમે તમારૂં કલ્યાણ કરી લેજો, એનું કલ્યાણ અમે કરશું." જેને ખપ હોય ઈ કથાવાર્તા કરે. ખપ નો'તો ઈ તો મહારાજ ભેળા હતા તો પણ રહી ગયા. ભગવાન માનવા બહુ કઠણ છે. કળિયા જાણે, બળિયા જાણે, છળિયા જાણે, હોંશિયાર જાણે પણ ભગવાન ન જાણે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૭॥**

## ૫૮૮. ભગવાનની મોટ્યપ જાણવાનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૮ મંગળવાર ને તા.૨૪-૧૦-૧૯૭૮ના રોજ પૂ. સ્વામી ગામશ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; આકાશને ઠેકાણે અક્ષર અને શબ્દને ઠેકાણે પુરુષોત્તમ અને દેહ સહિત પક્ષી ઊડે છે એને ઠેકાણે ઈશ્વર છે. અને વિજળીને ઠેકાણે મુક્ત છે.

પછી બપોરે જમ્યા પછી સ્વામીએ વાત કરી જે; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ. આજ્ઞા પાળે ઈ કૈવલ્ય મુક્ત છે. જ્ઞાને સહિત વિદેહીપણું છે. ભગવાન એને પોતાની તુલ્ય જાણે છે ઈ વિદેહી મુક્ત છે. પછી વળી સ્વામીએ વાત કરી જે; આજ રાતે આ વાતનો બહુ વિચાર કર્યો. શું ? તો ભગવાનની મોટ્યપ કેવી છે ! સર્વોપરિ છે, અસંગી છે, સમર્થ છે. સ્વતંત્ર છે. પર થકી પર અક્ષર તેથી પણ પર છે. અગમ છે ઈ સુગમ થઈ ગયા.

દૃષ્ટિમાં આવી ગયા, જાણવામાં,પામવામાં, લખવામાં, જોવામાં આવી ગયા. આ વાતનો આજ રાત્રે બહુ વિચાર કર્યો. ભગવાનની મોટયપ બહુ સમર્થ છે. બહુ અધિક છે. દિવ્ય સ્વરૂપમાં તો હોય પણ મનુષ્ય સ્વરૂપમાં આવી મોટયપ છે. શાસ્ત્ર છે ઈ દિવ્ય સ્વરૂપ છે. ન ઈતિ કહે અથાહ છે. અસંગી છે. નિર્વિકાર છે ને મનુષ્ય સ્વરૂપને જાણે એટલામાં જ કુતરા જેવો કામી હોય ઈ નિષ્કામી થઈ જાય. ઈ વસ્તુને કોણ જાણી શકે ! કોણ પાર લઈ શકે ! કોણ લખી શકે ! બહુ અપાર છે. બહુ મોટયપ છે. અથાહ છે. અગમ છે. ને પાછા સુગમ છે, ઈ મનુષ્યમાં છે. અગમનો જેવો મહિમા છે. એવો સુગમનો મહિમા થઈ જાય તો કામ થઈ જાય. સ્વપ્નમાં દેખાય ઈ ના ઈ જાગ્રતમાં દેખાય ને અલૌકિકપણું થાય તો મહિમા જાણ્યો ગણાય. ગમે એવો પાપી હોય તોપણ ધર્મવાળો છે. દ્રૌપદીએ પાંચ પતિ કર્યા ને સતી કહેવાણા. અર્જુને કેટલાયને મારી નાખ્યા તોય દયાળુ લખાણા. દિવ્યભાવ અગમ છે ને અગોચર છે. ને આ દૃષ્ટિમાં છે એને વિષે અપારપણું, અલૌકિકપણું, આનંદકારી રહે તો દિવ્યની હારોહાર આ કહેવાય. બાવા લુગડા નથી પહેરતા પણ ભભૂતિને જ લુગડા ગણે છે. બહુ ભગવાનનો પ્રતાપ છે. બહુ અગમ છે. બહુ સુગમ છે. સમર્થ છે. અસમર્થ છે. સ્વતંત્ર છે. ને પરતંત્ર પણ છે. વાણી ન પુગે, મન ન પુગે, બુદ્ધિ ન પુગે, ન લખાય ગયા. કેવા ભગવાન દયાળુ છે ! એક દિવ્યભાવને સમજવો ને, એક મનુષ્યભાવને સમજવો. શક્તિવાળા છે ઈ જ પરાધીન છે. તે ઉપર શ્રીકૃષ્ણ અને ગોપીયુંની વાત કરી. ઈંદ્રિયું અંતઃકરણને આધારે શ્રીકૃષ્ણ કહે હું રહ્યો છું. ઈંદ્રિયું, અંતઃકરણ ભગવાન વિના કાંઈ કરી શકતા નથી. માટે નિરાકાર છે. જ્યારે એકાંતિકના વચનનો વિશ્વાસ લાવીને ભગવાનના ચરણકમળને ભજે તો ઈ ની ઈ મૂર્તિ સત્ ચિત્ આનંદમય ભાસે. ત્રણ દેહ અને ત્રણ ગુણથી પોતાના આત્માને પ્રકાશમાન ભાળે ને જેવી પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિ છે તે પ્રકાશમાન ભાસે. આવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા

વર્તતા તો સરસ્વતિને દેખીને મોહ થયો. ઈન્દ્ર-ચંદ્રાદિકને કલંક લાગ્યો ને આવી સ્થિતિમાં શુકદેવજી વર્તતા હતા તો સંશય ન થયો. હવે આવી સ્થિતિવાળાના લક્ષણ કહે છે. ભગવાનના સ્વરૂપમાં પ્રેમે યુક્ત વૃત્તિ રાખવી ને ભજનના કરનારામાં વિચારે યુક્ત વૃત્તિ રાખવી. ભજનના કરનારામાં વિચાર જોઈ પણ સ્વરૂપમાં તો પ્રેમે યુક્ત વૃત્તિ રાખવી. તો જ નિર્વિકલ્પ સમાધિ કહેવાય. ધર્મ પાળો ને અધર્મનો ત્યાગ થઈ જાય. પણ ધર્મનો કેમ ત્યાગ કરવો ? ને વિચારનો કેમ ત્યાગ કરવો ? વિચારનો ત્યાગ કરો એટલે ધર્મનો પણ ત્યાગ થઈ જાય. મોઢું જોઈને વાત કરવી. આડેધડ વાત ન કરવી કારણ કે; ભગવાન સ્વતંત્ર થકા પરતંત્ર છે. સમર્થ થકા અસમર્થ છે. ધર્મવાળા છે છતાં અધર્મનું પણ કામ કરે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૮૮ ॥**

## ૫૮૯. ભક્તિવાળાના લક્ષણનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૯ ને બુધવાર તા.૨૫-૧૦-૧૯૭૮ના રોજ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પ્રાતઃકાળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ભાણજીભાઈ સાક્ષાત્ સવિતા વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે; અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ એમાં ભગવાન તદાત્મકપણે રહ્યા છે. તલમાં તેલની જેમ રહ્યા છે. પણ સ્વરૂપે તો તે થકી ન્યારા છે. વૈરાટનું દેહ આંયા છે ને મોઢું બીજા લોકમાં છે. વૈરાટ્ની મૂર્તિ પુરુષાકાર બહુ જ બહુ જ મોટી છે. બહુ જ મોટી છે. બહુ જ મોટી છે. વૈરાટ્ની નાભિમાંથી કમળ થયું ઈ નાળ દ્વારે થયું ઈ નાળનો અંત લેવા બ્રહ્મા હાલ્યો. સો વરસ સુધી હાલ્યો તો પણ નાળનો અંત ન આવ્યો ત્યારે આકાશવાણીએ કહ્યું કે તપ, તપ. પછી બ્રહ્માએ તપ કર્યું. સનકાદિકને ઉત્પન્ન કર્યા પછી ઈ જગતમાં જુત્યા નહીં ને પછી મરીચ્યાદિક ને કશ્યપને ઉત્પન્ન કર્યા. ઈ

તો મુકાવે તોય મુકે નહીં ને દક્ષ પણ મુકાવે તોય મુકે નહીં. બે સ્ત્રી દિતિ અને અદિતિ એમાં એકના દેવ થયા તેત્રીસ કરોડ ને એકના દૈત થયા છાંસઠ કરોડ. કલ્યાણકારી ગુણ સમજે એવા લક્ષ્મીજી છે. કલ્યાણકારી ગુણ જાણવા ઈ બહુ જબરી વાત છે. ઈ વાત ભાગવતમાં કહી છે. સાકારપણું પ્રતિપાદન કર્યું ઈ વાત ભાગવતની છે. દ્વિતીયસ્કંધમાં આશ્રયનું લખ્યું છે ભક્તિહીન હોય એને ભગવાન હાથ ન આવે. ભક્તિવાળો હોય એને જ દૃષ્ટિમાં આવે એને જ પામવામાં આવે એને જ જાણવામાં આવે. અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવમાં ભગવાનનું સ્વરૂપ છે. પણ એને લક્ષ્મીજી જાણી શકે. વૈરાગનું સ્વરૂપ અલૌકિક કહ્યું છે. જ્ઞાન ને વૈરાગ યોગ ને પંચરાત્ર છે ઈ બે શાસ્ત્ર ધ્યાનમાં કહ્યા છે. જ્ઞાન છે ઈ શાસ્ત્ર અલૌકિક છે પણ ન્યાં દૃષ્ટિને ભગવાનની મૂર્તિ સામી વૃત્તિ સ્થિર કરવી. એના કરતા પણ બીજો સુગમ ઉપાય બતાવ્યો છે. ભગવાન કેવા છે ને ભક્ત કેવા છે ? એનો અંત ન આવે જો ભક્તિ હોય એટલો અંત લઈ શકાય. સર્વદોષરહિત ને સર્વસુખના નિધાન ભગવાન છે એવી રીતે કલ્યાણકારી ગુણ જાણવા. આ લોકની પ્રાપ્તિને અર્થે કરે ઈ કલ્યાણકારી ગુણ નથી. પણ પરલોકને અર્થે કરે ઈ કલ્યાણકારી ગુણ છે. નિયમ રાખે માળા ફેરવે ઈ કલ્યાણકારી ગુણ છે એને જાણવા ઈ કઠણ છે ઈ ગુણ છે તો ગોપીયુએ જાણ્યા. જેના વતે જે કામ થાય એમ હોય ઈ એના વતે કહે તો બરાબર. ગોપીયુ વતે જ ગમે ત્યારે પ્રાપ્ત થાય ને લક્ષ્મીજીની સંગે વિવેક આવે જ્ઞાનમાં ને વૈરાગમાં દૈવત છે પણ ભક્તિ જેટલું નથી. સ્થૂળ સૂક્ષ્મને કારણ દેહ. વૈરાટનું સ્થૂળદેહ વૈરાટ્ એની તાગાત કહી છે. વૈરાટ્ના સ્થૂળદેહનું રક્ષણ કરવું ઈ ભક્તિ છે. લક્ષ્મીજીની સમજણ્ય છે. સૌમાંથી ગુણ લેવો એવા ભક્તિવાળાના લક્ષણ હોય. ભાગવતમાં જે રીતે ગુણ લેવાનું કહ્યું એ રીતે ગુણ લેવો. ભગવાન જીતે અગર હારે તો પણ ભગવાન ઈ ભગવાન છે એમાં ભાગ ત્યાગ કરવાની કાંઈ જરૂર નતી. રામે રાવણને જીત્યો ત્યારે ભગવાન

કહે, પણ સીતાજી માટે ગાંડા થઈ ગયા ત્યારે ભગવાન કહેવા ઈ કઠણ છે ઈ પ્રાકૃત ચરિત્ર છે ને રાવણને માર્યો ઈ દિવ્ય ચરિત્ર છે. સ્ત્રી સારુ ગાંડા થઈ ગયા ઈ પ્રાકૃત ચરિત્ર છે. આને તો એક ભક્તિવાળો સમજી શકે. ભક્તિ વિનાનો ન સમજી શકે. અલૌકિક બુદ્ધિ ન વાપરી શકે. કૃષ્ણાવતારમાં કંસને માર્યો. હાથીને માર્યો. જમનાજીના ધરામાં નાગને મારી નાખ્યો. એવા અલૌકિક ચરિત્ર કર્યા. ને કાળયવનની આગળ ભાગ્યા આ પ્રાકૃતચરિત્ર છે દિવ્ય ચરિત્રમાં દૈત્યને અલૌકિકપણું જણાય ને પ્રાકૃતચરિત્રમાં ભક્તને અલૌકિકપણું જણાય. જમુનાજીએ ગોપીયુને માગ આપ્યો પણ બીજાને માગ ન આપે. જમનાજી એટલે બાળક સાવ અજ્ઞાની છે જમનાજીને ન કહેવાય માણસ, ન કહેવાય દેવમાં, છતાંય ગોપીયુએ માની લીધું દુર્વાસાની ક્રિયામાં શંકા ન થઈ એમ માની લીધું. એવી જબરી વાત છે. ભાગવતની અને વેદની વાત છે. કૃષ્ણતાપની ઉપનિષદની વાત છે. વેદની વાત છે. ઉપનિષદમાં જે જ્યોતિરૂપ કહ્યા છે, તેજોમય કહ્યા છે ઈ આ વસુદેવના પુત્ર વાસુદેવને લઈને કહ્યા છે. આ દશમનું રહસ્ય છે. દેહધારીને ભગવાનના ભક્ત ભેળું રહેવું ઈ થી કોઈ મોટી પ્રાપ્તિ નથી. ઈ થી કોઈ મોટું સુખ પણ નથી. ઈ થી કોઈ વાત અગમ પણ નથી. પણ એમાં હેત થઈ જાવું જોઈ. જીવ પ્રાણીમાત્રને પોતાનું કર્તવ્ય સારું લાગે પણ બીજાનું કર્તવ્ય ન સારું લાગે. કેટલાક પ્રેમલા હોય તે બધાયને જી કહે બધાયને સારા કહે. મોટાને વિષે મનુષ્યભાવ નથી રહ્યો એનો કેમ તપાસ કરવો ? તો એની કોઈ ક્રિયામાં દોષ ન આવે. આત્માનંદસ્વામી ભેળા અને કૃપાનંદસ્વામી ભેળા જોઈ તો લવરી બહુ કરાવે, આપણે દેહ નહીં, આત્મા છઈ. દુઃખરૂપ દેહ ન્યારૂં છે. આપણે આત્મા છઈ દુઃખને ટાળે છે એને સંભારીએ છીએ. આપણી સામુ જોઈ રહ્યા છે એને સંભારીએ છીએ. આપણા દુઃખમાં ભાગ લ્યે છે એને સંભારીએ છીએ. વંથલીવાળાએ કાગળ લખ્યો છે. આ લોકમાંથી વિરક્ત ન થયો હોય ને તમે હેત કરો તો આ

લોકનું માગશે. પણ આ લોકના સુખમાં શું માલ છે ? આ લોકનું સુખ તો હાથમાં હશે તો પણ નહીં રહે. ને મોઢામાં કોળીયો હશે તોપણ નહીં રહે. એવું આ લોકનું સુખ છે. પરલોકનું સુખ હાથ આવવું બહુ કઠણ છે. જ્યારે સુખને વિષે દુઃખ મનાય તો પરલોકનું સુખ હાથ આવ્યું ગણાય.

પછી તેજ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, અનાદિ ઈશ્વર છે. એનો નાશ નથી એનો બાપ સમર્થ છે તે જાળવે છે. ઈશ્વરનો જીવ ઉપર હુકમ હાલે ને ઈશ્વર ઉપર બ્રહ્મનો હુકમ હાલે ને બ્રહ્મ ઉપર પરબ્રહ્મની સત્તા છે. એમ તેજમાં ભેદ છે. અક્ષર છે ઈ જીવ ઉપર ને બ્રહ્મ ઉપર સત્તા વાપરે છે. જીવ અન્વય અને વ્યતિરેક કેમ જાણવો ? બ્રહ્મને અન્વય ને વ્યતિરેક કેમ જાણવા ? ને ઈશ્વરને અન્વય વ્યતિરેક કેમ જાણવા ? ને પરબ્રહ્મ અન્વય વ્યતિરેક કેમ છે ? હેત હોય તો આશીર્વાદ આપવાનું કહેવું ન પડે. અનુલોમવૃત્તિ બ્રહ્મા, વિષ્ણુ ને શંકરની છે. પ્રતિલોમવૃત્તિ પૃથ્વીના જીવની છે. ને ઈશ્વરની લોમવૃત્તિ છે, તોપણ એને બાધ ન કરે. ફૂલમાં સુગંધ છે તલમાં જેમ તેલ છે. દૂધમાં જેમ ઘી છે એમ જીવ કર્મગ્રંથીમાં ગુંથાય ગયો છે. એમાંથી નોખો પાડો તો ઈશ્વર સંજ્ઞા કહેવાય. ને ભેળો કહો તો જીવ કહેવાય. જીવમાં તત્ત્વ છે ને તત્ત્વમાં જીવ છે. અન્યોઅન્ય આશ્રયપણું છે. કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે ને આવા સાધુને હાથ જોડે એટલામાં જ મળે છે ઈ આપણો બાપ કેવડો સમર્થ છે. ભૂમિરાપોડનલોવાયુઃ તે બોલ્યા આઠ આવરણ પાર મુક્તાનંદસ્વામી સંકલ્પ કરે તો ત્યાં જીવ પુગી જાય ઈ કેડવાહના તમે છો. કેટલી શક્તિ હશે ઈશ્વરનું સુખ તો શહેરના સુખડા જેવું છે. પણ એનો બાપ સમર્થ છે તે જાળવે છે. એમ આપણો બાપ સમર્થ છે. એના સંકલ્પથી જીવ આઠ આવરણ પાર વયો જાય. એટલું તો મુક્તાનંદસ્વામીના કાંડામાં બળ છે. મહારાજ કહે કે, તમે તમારી મોટાઈને સમજતા નથી. આઠ આવરણ પાર પુરુષોત્તમ રહ્યા છે એનો સંબંધ કોઈને નથી. અક્ષરના મુક્તને

પુરુષોત્તમનો સંબંધ છે ને તમારે છે ને અવાંતર કોઈને નથી. એવો અલૌકિક મહિમા કહ્યો છે. ભગવાનનું કર્મ છે ઈ આપણું અક્ષરધામ છે. ભગવાનના ભક્ત જે ક્રિયા કરે ખાય-પીવે-સાંભળે સંભળાવે સમજાવે ઈ બધી ક્રિયા અક્ષરધામ છે. એટલામાં વૃત્તિ પાછી વળી જાય તો કામ થઈ જાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ ને પ્રધાન પુરૂષ આ આઠ આવરણ છે. એમાં પ્રધાનપુરૂષ અસંખ્યાત છે. એમાં જાજા કહો ત્યારે પુરૂષ કહો ને એક કહો ત્યારે પુરુષોત્તમ કહો પ્રધાન પુરુષ કહો ત્યારે અક્ષરને ઠેકાણે છે. તે તે પુરૂષના પુત્ર વાસુદેવ ભગવાન તે મહાપુરૂષરૂપે મહામાયાને વિષે વીર્યને ધારણ કરે છે. વૈરાટ્નો જીવ ઈંદ્રિયુ અંતઃકરણ બધુંય હતું. વિદ્યા ભણીને તૈયાર થઈ ગયો પણ નોકરી ન મળી. પણ વાસુદેવનો પ્રવેશ ન થયો એટલે એના થકી અવતાર ન સંભવે. જો વાસુદેવનો પ્રવેશ થાય તો જ અવતાર સંભવે. આ દેહ આળસી જાય. આ લોક આળસી જાય ત્યારે આ ભગવાનની વાત થાય. ભગવાનના ભક્તના વખાણ ન કરીએ તો કોના વખાણ કરવા. ભગવાનના ભક્તને જોઈને અહો ન થાય તો કોને જોઈને અહો થાય. ભગવાનના ભક્તને જોઈને આનંદ ન થાય તો કોને જોઈને આનંદ થાય. માટે ભગવાન ઈ ભગવાન ને ભક્ત ઈ ભક્ત છે. બ્રહ્મની જ મૂર્તિ છે. **“જુગો જુગ જીવો એવા જોગીયા. કૃષ્ણહરિ ને કૃષ્ણહરિ બોલ હંસા”** એ કીર્તન બોલ્યા. જડ અને ચૈતન્ય બે પ્રકૃતિ જેનાથી નોખી પડે એને અલૌકિક સમજવા. બે પ્રકૃતિ ને નોખી પાડે એનું નામ પરમાત્મા છે. દેહ ઈંદ્રિયુ અને અંતઃકરણ હોય તો જડપ્રકૃતિ છે. ઓલી આનંદરૂપ છે ઓલી દુઃખરૂપ છે. એક ચૈતન્ય છે એક જડરૂપ છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૮૯ ॥**

## ૫૯૦. મોક્ષકાળનું અને સૃષ્ટિકાળનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૧૦ ને ગુરુવાર તા.૨૬-૧૦-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામશ્રી વંથલી મધ્યે પ્રાતઃકાળે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં

ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી દેવપ્રસાદદાસજીસ્વામીએ સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચ્યું.

પછી સ્વામીએ વાત કરી જે; સમાધિમાંથી પાછો આવે ઈ સમાધિ તો સુષુપ્તિ જેવી કહેવાય.ને ઈ ત્રણ પ્રલયમાં ગણાય પણ જ્ઞાની તો સ્વતંત્ર થકો આવે ને સ્વતંત્ર થકો જાય. ને બીજો મુક્ત તો આજ્ઞાયે કરીને સમાધીમાંથી પાછો આવે ને એક શુભ વાસનાએ કરીને આવે તે પણ પ્રિયવ્રત ને અંબરીષ જેવો થાય. એના કરચા પણ ભગવાનના આ મામુલીભકત છે ઈ અધિક છે. સમર્થ થકા ઝરણા કરે ઈ કોઈને નડતા નથી. ધીરજ પકડીને બેઠા છે ને અધુરીયા છે ઈ મોટી મોટી વાતું કરે, માનમાં ને માનમાં મકલાતો હોય. જેઠ મહિનાના કાકીડા જેવો હોય. બહુ મોટો લાભ થયો છે. ભગવાન ભજવાનો ટેમ આવી ગયો છે. પીલુ પાકે ને ચાંચ પાકે તો શું કામનું ? તેમ આ લોકમાં ભગવાન ભજ્યાનો ટેમ આવ્યો ને બીજાને દબાવવા મંડ્યો તો શું કામનું ? પછી પ્રશ્ન પૂછયો જે, અક્ષરધામમાં પુરુષોત્તમને કઈ રીતે ઓળખશું ? વિશિષ્ટાદ્વૈત મત છે. એ રીતે આપણને અને અક્ષરને ઓળખાણ પડશે. એ રીતે અક્ષરને અને પુરુષોત્તમને ઓળખાણ પડશે. એક પુરુષોત્તમને જ દેખે છે ને એક પોતાને દેખે છે ને પુરુષોત્તમને પણ દેખે છે. ને એક જગતને દેખે છે ને પોતાને દેખે છે ને પુરુષોત્તમને પણ દેખે છે. એમ ભેદ છે. એક મોક્ષકાળના સાધુ હોય ને એક ઉત્પત્તિકાળમાં સાધુ હોય. ધર્મ પાળતા હોય, નિમ પાળતા હોય, માળા ફેરવતા હોય પણ હોય ઉત્પત્તિકાળમાં જ. દ્રૌપદીએ પાંચ પતિ કર્યા પણ સતી કહેવાણા ને અર્જૂને ગોત્ર ગરદન કરી નાખ્યું પણ દયાળુ લખ્યા ને ઓલ્યા નીતિવાળા હોય, ધર્મ પાળતા હોય, નિમવાળા હોય પણ એને રામચંદ્ર, વરાહ, કપીલ ઈ બધાય ફળ આપે, પણ પ્રત્યક્ષ હોવા જોઈ. પણ સીક્કો કોનો હાલે છે ? ઈ જોવું જોઈ. અત્યારે તો પરશુરામ, વરાહ,

રામચંદ્રજી ઈ કઈ રીતે કલ્યાણ કરી શકે ? ભગવાનના આશરા જેવી કોઈ વાત નથી. શરણાગત વત્સલ છે. જેનું કોઈ નહીં તેના ભગવાન છે. ગરીબ નિવાજ કહાવે છે.

**"પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા,**

**ગીધ ગુનીકા કપિવૃંદ કોટિ."**

આસક્તિ વિનાની હોય ઈ ગોપી કહેવાય ને આસક્તિવાળી સ્ત્રી કહેવાય. ગોપી પણ મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા ઈ ત્રણ પ્રકાર ગોપીયુંના છે. પૂર્વાર્ધ ઈ વ્રજની વાત ને ઉત્તરાર્ધ ગોકુળની વાત છે. ગોપીયું છે ઈ વ્રજની કહેવાય. ભગવાનની અનેક લીલા છે. ઈ ની ઈ લીલા સ્વામિનારાયણમાં કરી ઘો તો તમે ઉત્પત્તિકાળમાં છો, મર્યા પછી મોક્ષ થાય. મર્યા પછી કલ્યાણ માનો તો ઉત્પત્તિકાળમાં છે. કેટલાક છતે દેહે મોક્ષ માને ને કેટલાક મર્યા પછી મોક્ષ માને. એમ બે પ્રકારના ભક્ત છે. દેહ છતાં સુખશાંતિ રહે ને જગતના ઘામાં ન આવે તો દેહ છતાં કલ્યાણ થઈ જાય. છેતરાય જો જગતથી તો સ્વામિનારાયણીયો ન કહેવાય. સાધુ ન હોય તોપણ સાધુતા બતાવતા હોય એનાથી છેતરાવું ન જોઈ.

પછી તે જ દિવસે બપોર પછી પોતાના ઉતારાની ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી વૃજજીવનદાસસ્વામી સાક્ષાત્ સવિતા વાંચતા હતા.

પછી સ્વામીએ વાત કરી જે; અવતારને કઈ રીતે પમાય છે ? ને અવતારીને કઈ રીતે પમાય છે ? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ઈ ચાર ગુણ દ્વારા અવતારને પમાય છે. ને મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીની કીર્તિ, જશ, આબરૂ ગોલોક, વૈકુંઠ ને સ્વર્ગમાં ગવાય છે. ન્યાં પણ બ્રહ્માનંદસ્વામી અને મુક્તાનંદસ્વામીના કીર્તન ગવાય છે. પછી સ્વામીએ વાત કરી જે; શાસ્ત્ર માત્ર ધર્મ, અર્થ ને કામ પર છે ને તેને સાંભળીને

મનુષ્ય જે કાંઈ સુકૃત કરે ઈ ધર્મ, અર્થ ને કામને માટે જ કરે છે ને એની પ્રાપ્તિ સ્વર્ગ જ છે ને ઈ સુખ પણ ક્ષણિક છે. ને એક ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. એને જે ઓળખે છે ઈ મોક્ષ ભાગી છે ને સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે ને સર્વ કર્મનો કરનારો છે તોપણ શ્રેષ્ઠ છે. બીજી આથી કેટલીક ઉપમા આપે. બહુ આનંદમાં આવે ત્યારે એમ કહે કે હું સાધુરૂપે ભગવાન છું. ગમે એમ કરો પણ અનુભવ વિના ગ્રહણ નહીં થાય. સાંખ્ય શાસ્ત્રે જેટલું દેખાય એટલું નાશવંત છે. પછી અનુભવે કરીને એકાંતિક ગ્રહણ કરવાના છે. એકાંતિકભાવથી ગ્રહણ થાય છે. બીજા માણસને યાદ કરો તો યાદ આવે પણ આને સંભારો તોય ન સાંભરે. એટલા અલૌકિક છે અકળ છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૦ ॥**

## ૫૯૧. નિર્ગુણ થવાનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૧૨ ને શનિવાર તા.૨૮-૧૦-૧૯૭૮ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારાની આગળ ઢોલિયા ઉપર સાંજને સમે વિરાજમાન થયા હતા ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; શાસ્ત્ર માત્ર ધર્મ, અર્થ, કામ પર છે ને જે એને સાંભળે છે ઈ પણ જે કાંઈ સુકૃત કરે ઈ ધર્મ, અર્થ, કામ માટે કરે છે. ને એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ છે પણ ગુણાતીત એવું અક્ષરધામ નથી. ને એક જાણો સુકૃત કરે છે ઈ ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે ને જે દેખે છે ઈ બુદ્ધિવાળો છે, સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે ને સર્વ કર્મનો કરનારો છે તોપણ મોક્ષને યોગ્ય છે. એને સંગે જ નિર્વિકલ્પમાં જવાય છે. એમાં આત્મનિષ્ઠ પુરુષ છે. એમાં ષડ્ ઉર્મિએ રહિત પુરુષ છે ને એમાં અક્ષરરૂપે વરતે એવા પણ છે. ને પુરૂષોત્તમ પણ છે. સવિકલ્પ નિશ્ચયવાળો છે ઈ ભગવાનમાં દોષ છે પણ કહેતો નથી ને નિર્વિકલ્પવાળો છે એમાં ભક્તમાં પણ દોષ નથી. કનિષ્ઠમાં ને મધ્યમમાં નથી તો ઉત્તમમાં હોય જ કયાંથી ?

ભગવાનને આકારે વૃત્તિ હોય ને કાયમ ભગવાનમાં રહેતો હોય એમાં દોષ હોય જ ક્યાંથી ? જે કોઈ મોટા આવે એની આગળ આની આ વાત કરીએ છીએ. ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. એવો મુમુક્ષુ છે એને જાણે છે ને ઓલ્યો ષટ્ કર્મ, ધર્મ, અર્થ ને કામ માટે કરે છે પણ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એનું ફળ છે. ઓલ્યો ભગવાનના રાજીપા માટે કરે છે એને દેખે છે. એને વિશેષ તો કહેવાય નહીં પણ અવતાર તો કહેવાય જ. એને જાણે છે એટલે ભગવાનની સ્થિતિ આવી ગઈ. નિર્ગુણ વતે નિર્ગુણ થાય પણ આ તો સગુણ છે તોપણ નિર્ગુણમાં મોકલી શકે છે. માટે એને ભગવાન ગણવા હોય તોપણ ગણાય છે. નિર્ગુણમાં એને સર્ટિફિકેટ આપી દ્યે છે. એમ એને સર્વ કર્મનો કરનારો છે. ધર્મ, અર્થ ને કામ પર છે પણ પ્રસન્નતાને અર્થે કરે છે. રાજી થાય એટલા માટે કરે છે.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૧ ॥**

## ૫૯૨. અક્ષરધામના મુક્તની મોટાઈનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૧૩ ધનતેરશ ને રવિવાર તા.૨૯-૧૦-૧૯૭૮ ને દિવસ સ્વામી ગામ શ્રી વંથલી મધ્યે સંગવકાળે વિજય ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના ઉતારામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ધોરાજીવાળા જી.ઈ.બી.ના જાડેજા સાહેબ આવ્યા પછી સ્વામીએ વાત કરી જે;

**"દાસના દુશ્મન હરિ કદિ હોય નહીં, જેમ કરશે તેમ સુખ થાશે."**

ભગવાન ઉપર આપણી ચિંતા નાખી દેવી, જો અવતારી સમજતા હોય તો. એક પાસે બેસો તો આપણો દોષ દેખાણો. એનું જ નામ અવતાર કહેવાય. સવિકલ્પ નિશ્ચય છે. આપણી ખોટ દેખાણી એના સંગથી એટલે આપણા દોષને ગણે નહીં, એટલી એની સત્તા છે. ઈ અવતારનું લક્ષણ

છે. મનુષ્યની બરોબર દોષમાં પ્રવર્તે તો સવિકલ્પમાં કનિષ્ટ છે ને બમણા પ્રવર્તે તો મધ્યમ સવિકલ્પ છે. ને ગમે એવા માંસ, જુગટુ, બજાણીયા એમાં પ્રવર્તે તો પણ સંશય ન થાય ઈ ઉત્તમ સવિકલ્પ નિશ્ચય છે. એની પાસે આપણો દોષ દેખાણો તો અવતારની શક્તિ છે. મધ્યનું ૧૧મું વચનામૃત. શાસ્ત્ર છે ઈ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ માટે છે, ને મનુષ્ય જે કાંઈ સુકૃત કરે ઈ એને અર્થે કરે છે. ને એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એમાં રહીને ભોગવે છે. ને ગુણાતીત એવું જે અક્ષરધામ એને ન પામે. ને એક ભક્ત ઈ ના ઈ સુકૃત ભગવાનની પ્રસન્નતા માટે કરે છે. ભગવાનની મેરબાની માટે, અલૌકિક સુખની પ્રાપ્તિ માટે કરે છે એને દેખે છે ઈ કેવો છે તે કહો ? ઈ બેને દેખે છે એવો જે ભક્ત છે ઈ અલૌકિક અવતાર છે. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. સર્વ કર્મનો કરનારો છે, છતાં મોક્ષને યોગ્ય છે. અવતારી હોય તોપણ અવતારનું લક્ષણ બતાવે. છે અવતારી ને જણાય છે અવતાર. અવતારી હોય ઈ ભગવાન અને ભગવાનના ભક્ત આપણને ગોતતા આવે. ગમે ત્યાં, ગમે તે યોનીમાં હોય ન્યાં ન્યાં ગોતતા આવે. માટે અવતારીનો આશરો છે ઈ જબરી વાત છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ. ધર્મ સુખી રાખે, આત્મનિષ્ઠા દેહમાંથી પ્રીતિ તોડાવે, વૈરાગ્ય વિષયમાંથી વેર કરાવે પણ ઈ ચારથી સર્વોપરિપણું સમજવું ઈ શ્રેષ્ઠ સાધન છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ છે ઈ ભગવાનનું કામ ન કરે. ભગવાનનું કામ તો ભગવાન કરે ને કાં ભગવાનના ભક્ત કરે. માટે જેના એક એક રોમમાં અનંત કોટિ મુક્ત અણુની પેઠે ઉડતા ફરે છે એવું જે અક્ષર એના પણ પતિ છે. એવી સમજણ્યને માયા ન દબાવી શકે. દ્રૌપદીએ પાંચ પતિ કર્યા પણ સતી કહેવાણી. ઈ અવતારનું લક્ષણ છે. અર્જૂને જમેર કરી નાખ્યો, તો પણ દયાળુ કહેવાણા તોપણ અવતારીનું લક્ષણ થયું. કારણ કે અવતારી તો અલૌકિક છે. અવતારીપણું છે ઈ વિશેષપણું છે. બીજાએ દોષ સોતા કલ્યાણ કર્યા ને આ દોષ ટાળીને કલ્યાણ કરે છે. પ્રકૃતિ અવતારીના

ભક્તમાં ન હોય પણ અવતારના ભક્તમાં પ્રકૃતિ હોય. પ્રકૃતિ જાવી સે'લી વાત છે ? સ્વભાવ જાવા સે'લી વાત છે ? દોષ જાવા સે'લી વાત છે ? કો'ક કાઢી તો જૂવે ! ઈ તો આડા કાઠી છે. ખેસવા પણ ન ખસે એવા છે. ઈ તો સ્વામિનારાયણે વશ કર્યા. બીજા કોઈનું ગજુ નથી. નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિર્સ્નેહી એમાંથી એક વર્તમાન પાળતો હોય એને ખબર પડે કે વર્તમાનની તાકાત કેવડી છે ? એટલી વાત કરીને પોતે ધ્યાન કરવા લાગ્યા. ને સંતો તથા હરિભક્તો જમવા પધાર્યા.

પછી સંતોની તથા હરિભક્તોની સભામાં સ્વામીએ વાત કરી જે, ભગવાનના ભક્ત મળે તો રસની લુંટાલુંટ્ય ને માથા ફોડીયા મળે તો હેરાનગતિનો પાર નહીં. જે કાંઈ સુકૃત કરે ઈ ધર્મ, અર્થ ને કામ માટે કરે છે ને એક ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. ઈ બેને કોઈ ઓળખી ન શકે પણ સ્વામિનારાયણે એને ઓળખીને અવતાર લખી નાખ્યા. સ્વામિનારાયણે બહુ શક્તિ વાપરી. સ્વામિનારાયણના સાધુને ધન્યવાદ છે. અર્જુને લોહીની નદી હાંકી તોપણ નિર્દોષ કરી દીધો. એનો એને ભાર નથી. તો ધરમ રાજા શું ગણતરીમાં ? ધર્મ રાજાની અલૌકિક દૃષ્ટિ છતાં અર્જુન જેવો ન થયો. અર્જુન ગમે એવો હતો પણ એક વસ્તુ માટે નિઃસંશય હતો. લીંબડો ઈ લીંબડો, આંબો ઈ આંબો. ફેરવ્યો ન ફરે એનું નામ નિશ્ચય. કામાદિક વ્યાપે તોપણ લીંબડાને વિષે ભ્રાંતિ ન થાય તો સાચો નિશ્ચય કહેવાય. નહીંતર તો નિશ્ચય ખોટો કહેવાય. ગાયનો વાઘ થઈ જાય તો નિશ્ચય ન કહેવાય. તેમ ભગવાનને ભગવાન જાણ્યા પછી ગમે એમ થાય. કામાદિક વ્યાપે તો પણ સંશય ન થાય. ભગવાનમાં નથી વ્યાપતા પણ આપણામાં વ્યાપે. તે ઉપર મહાપુરુષદાસસ્વામીની વાત કરી. અક્ષર અક્ષરધામના મુક્ત હોય ઈ અલખ હોય. ઈ માયાની આંટીમાં આવે નહીં, માયાની ગુંચવણીમાં ગુંચવાય નહીં જો માયામાં ગુંચવાય તો અવતારનો ભગત છે. ઉત્પત્તિકાળથી બારો નથી ને આપણને તો

સ્વામિનારાયણે ઉત્પત્તિકાળથી બારા રાખ્યા છે. આખા બ્રહ્માંડનો પ્રલય થઈ જાય તો પણ ખરખરો ન થાય. કેવડી અક્ષરધામના મુક્તની મોટયપ છે ! એવડો હોય તો અક્ષરધામનો મુક્ત કહેવાય. અક્ષરધામનો મુક્ત માયા પર છે. એને માયા પરના હોય ઈ જ મળી શકે, બીજા મળી શકતા નથી. તે ઉપર વાઈસરોયની વાત કરી. અક્ષરધામનો મુક્ત એવો જબરો છે. વાઈસરોયની ઠેકાણે અક્ષરધામનો મુક્ત છે ને ખંડીયા રાજા તો અવતાર છે. માયા એની સામુ ન જોઈ શકે. માયા એને રોકી ન શકે. ઉત્પત્તિકાળમાં હોય એને માયા રોકે ને મુક્ત તો મોક્ષકાળમાં છે એને માયા ન રોકે.

પછી ચંદુભાઈએ સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૪૯મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે ગમે એવો ધીરજવાળો હોય પણ સભામાં રૂપવાન સ્ત્રી આવે એની દૃષ્ટિ એના રૂપમાં તણાયા વિના ન રહે. માટે સોનું ને સ્ત્રી બંધનકારી છે. પ્રકૃતિ પુરુષ થકી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે એને સત્ય માને ને એને પોતાનું સ્વરૂપ માને એને સોનું ને સ્ત્રી બંધન ન કરે. બ્રહ્મરૂપ કોને કહેવાય ? અષ્ટાંગયોગ ભગવાન અને સંતથી સિદ્ધ થાય છે. પછી અષ્ટાંગયોગને વિષે વધુ લગની થાય છે. તો ઈ બ્રહ્મ ન કહેવાય. કરાવનારને વિષે વૃત્તિ ગૌણ થઈ તો ઈ બ્રહ્મ ઘટતો નથી. અષ્ટાંગ યોગ જેવડી કોઈ ચીજ નથી. એને દેહનું દુઃખ ન પડે. અષ્ટાંગ યોગથી ઉપન્યુ ઐશ્વર્ય તેણે કરીને, તપ, જપ, વ્રત કાંઈ કઠણ પડતું નથી. એવો અષ્ટાંગયોગ છે. તો પણ કરાવનારમાં વૃત્તિ ગૌણ થાય તો બ્રહ્મમાં માન ન હોય. માન હોય એવું બ્રહ્મ કયું છે ? દોષ દેખાતો ન હોય ને ટાળવાની ઈચ્છા હોય તો કેમ ટળે ? પ્રાર્થના કરવી. સાયદી જોઈ તો દોષ ટળે. અક્ષરધામમાં જાવું એમાં સાયદી જોશે. કોઈ બીજો પુરાવો જોશે. જો સાયદી ન હોય તો લોઢાનો ગોળો ધગાવીને ઉપાડવો. તેમ ભગવાનને પ્રાર્થના કરવી ઈ ગોળો ઉપાડવા જેવું છે. એમ વિચાર કરીએ તો ખબર પડે. બ્રહ્મમાં માન ઘટતું નથી, જો માન હોય તો બ્રહ્મ નથી. કોઈ સાધને

કરીને સિદ્ધ થયો. ગોપાળજોગી જેવો થયો પણ મહારાજને પ્રતાપે ગિરી હતી ઈ વૈકુંઠ સમાન થઈ ગઈ. માટે બ્રહ્મનું સ્વરૂપ ગુણ સમજી લેવો જોઈ. બ્રહ્મમાં કોઈ પ્રકારનું માન ઘટતું નથી. જ્ઞાની કહે હું જ્ઞાની છું. તપસ્વી કહે કે હું તપસ્વી છું. ભક્તિવાળો કહે કે હું ભક્તિ કરૂં છું. એમ ન ઘટે. તમે ઈ તમે, તમારાથી બીજું કાંઈ અધિક નથી.જીવાડો તો ય તમે, મારો તો ય તમે. સઢના કાગડા જેવું થઈ જાવું જોઈ

**"નાવ કે કાગકી ગતિ ભઈ મોરી"**

સઢ ઉપર બેસવું. ભગવાનની મૂર્તિરૂપી સઢ છે. જેનું જે લક્ષણ હોય ઈ લક્ષણ સમજાય તો બંધ બેસે. અર્જુન જેવો કોઈ ભક્ત નથી. છતાં અવતારનો ભગત છે. સ્વામિનારાયણની શક્તિ કેવડી હશે ! જૂ વિયાય તો લીખ આવે, હાથણી વિયાય તો ભેંસ જેવડું બચ્ચું આવે. એવી અવતારની તાગાત છે. અવતારી તો બહુ જબરો છે. ગમે એવડા મોટા હોય તો પણ પ્રશ્ન, ઉત્તરમાં ધોડ ન કરવો, તો સ્વામિનારાયણની આબરૂ જાય. સ્વરૂપાનંદસ્વામીની વાત કરી જે આવા અલૌકિક સુખ અક્ષરધામમાં છે, એને પંચવિષયમાં શું મોહ થાય ? પંચવિષયના સુખ તો મળ્યા તા ને મળશે. પડવુ ઈ કઠણ નથી પણ અદ્ધર ચડવું ઈ કઠણ છે. ખાણીયો નીચે ઉતરતો જાય ને કડીયો અદ્ધર ચડતો જાય. તેમ વિમુખ જીવ જેમ કરે એમ અધોગતિ થાય ને ભગવાનના ભક્ત જેમ કરે એમ ઊર્ધ્વગતિ છે. હળખેડ્યમાં ઢેફુ ગોતવું ન પડે એમ સ્વામિનારાયણ ગોતવા પડે એમ નથી, નથી, નથી, નથી. ઈ તો ભક્ત થાય તો ગોતી કાઢે. ભક્ત હોય એને ભગવાન સન્મુખ જ હોય, અળગા ન હોય પણ અલૌકિક મહિમા જાણ્યો હોય એને આડું કોણ આવે ! પણ એણે મહિમા જાણ્યો જ નથી. ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પધારે ત્યારે પોતાનું ધામ, પાર્ષદ, ઐશ્વર્ય ને પોતે આંયા પધારે છે પણ બધાયને દેખાતા નથી. જેને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય એને જ દેખાય. વામનજીએ બલીરાજાને જ બતાવ્યું એવું નિર્ગુણ

સ્વરૂપ છે. તમે પાંચ હજાર બેઠા હો પણ જેને સમજવા દેવી હોય એને જ સમજવા દઈ. મનુષ્યરૂપ મૂર્તિ ને ધામની મૂર્તિ એમાં એક રોમનોય ભેદ નથી. ભેદ જણાય છે ઈ તો સ્થાનકને જોઈને ફેરફાર જણાય છે. સાવ ચોખ્ખા કરીને લઈ જાવા છે પણ ગોબરા રાખવા નથી. અમે સાવ ખમીએ એવા નથી. વિષયનો અભાવ હોય ઈ કેમ જણાય ? અપમાનમાં આનંદ હોય પણ સન્માનમાં આનંદ ન હોય. નરસા લુગડામાં આનંદ ન હોય. નરસી પથારીમાં આનંદ હોય એવો સારી પથારીમાં આનંદ ન હોય.

પછી તે જ દિવસે પોતાના ઉતારાની ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા અને સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; વિષયનું સુખ બરાબર જાણ્યું એનાથી પણ ભગવાનનું સુખ અધિક છે. વિષય કોઈ'દિ ખૂટતા નથી. વિષય કોઈ'દિ મટતા નથી. વિષય કોઈ'દિ નાશ થતા નથી. વિષય કોઈ'દિ પાર પડતા નથી. વિષય ઈ વિષ જ છે. વિષય વીંછીનો આંકડો છે. આપણને વખાણે ઈ સુખ છે કે કુવખાણે ઈ સુખ છે ? વખાણે ઈ કેનું સુખ કહેવાય ? ને કુવખાણે ઈ શેનું દુઃખ કહેવાય ? ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં માયા છે જ નહીં. ગમે ત્યાં જાવ ને ગમે તેમ જોવો પણ માયા નથી જ. પોતાની ખામી દેખાય એટલે એમાં સ્નેહ થાય. માયા છે પણ માયા નથી. ભગવાન સામુ જુવો ત્યારે દોષ દેખાય ઈ એનામાં છે કે આપણામાં છે ? દેખાય તોય નિર્દોષ માનો તો ભક્ત થયા નથી. સ્વામિનારાયણના ભગત થાવું બાકી છે. નિઃસ્પૃહી વર્તમાન એટલે ઈચ્છયા વિનાનું પ્રાપ્ત થાય ઈ નિઃસ્પૃહીનું એંધાણ છે. કેટલાક ત્રાગા કરે તોય મળે નહીં ને નિઃસ્પૃહીને સંકલ્પ ન કરવો પડે તોય મળી જાય. એક પદાર્થની ઈચ્છા કરે ત્યાં જ અનેક પદાર્થ આવીને પ્રાપ્ત થાય. પર્વતભાઈએ એકને જોવાનો સંકલ્પ કર્યો તો ચોવીશ અવતાર આવ્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૨ ॥**

## ૫૯૩. ભગવાનના ચરિત્રોનું

સંવત્ ૨૦૩૪ના આસો વદિ-૧૪ કાળીચૌદશ ને સોમવાર તા.૩૦-૧૦-૧૯૭૮ દિવસ સ્વામી ગામશ્રી પીપલાણા મધ્યે સાધુની ધર્મશાળામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સંતો હરિભક્તોની સભા બેઠી હતી.

પછી કૃષ્ણજીવનદાસસ્વામી સાક્ષાત્ સવિતાનું કિરણ ૧૧૧મું બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે; પક્ષ રાખનારને દિવ્ય એવું જે અક્ષરધામ, દિવ્ય એવા જે પાર્ષદ એની હારે વાસ આપ્યો છે. ભૂલ કરે ને પક્ષ રાખવો ઈ જ પક્ષ રાખ્યો ગણાય. વચનામૃતે કેટલો પક્ષ રાખ્યો ! મોટા પુરુષ કામી હોય ને નિષ્કામી સમજે તો પોતે કુતરા જેવો કામી હોય તો પણ નિષ્કામી થઈ જાય. નિઃસ્વાદી કેમ સમજવા ? નિર્લોભી કેમ સમજવા ? ગઢડા મધ્યના ૫૯માં મૂડી આપી દીધી. સુખદાયકમાં સુખદાઈ સાધુ છે. ઈ મૂડી આપણને આપી દીધી. તો પણ આપણે ઓળખતા નથી. તો દૂર રહે એને કયાંથી ખબર હોય ? અમારા અંતરનો સિદ્ધાંત ભગવાન અને સાધુ બે જ કલ્યાણકારી છે, સુખદાયી છે. પણ સમજી શકે નહીં. જો સમજી જાય તો કામ થઈ જાય. અમૃતની એલી થઈ જાય, કૃતાર્થ થઈ જાય પણ કસ્તુરીયા મૃગની જેમ કરે છે. ડુટીમાં કસ્તુરી છે ને દોડે છે. ભગવાન અને સાધુ છે આપણી ઘરે ને આપણે ગોતવા જાઈ છઈ. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી પૂજા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન હતા. પછી સંત હરિભક્તો

**"સર્વે સખી જીવન જોવાને ચાલો રે."**

એ કીર્તન બોલ્યા. પછી તે ઉપર સ્વામીએ ભૂમાનંદસ્વામીની વાત વિસ્તારથી કરી. બહુ મોટી શક્તિ વાપરી છે. વિચારીને જોઈ તો ખબર પડે. ભગવાન તો ચાહે એમ કરે. તો ભગવાનના ભક્ત છે ઈ

જોગ લખે અજોગ ન લખે. અજોગ ચરિત્ર ભગવાનના લખાય પણ ભક્તના ન લખાય. જે ઈંદ્રિયું ઢાંકીયું છે ઈ ન લખાય ઈ મુક્તનો ગુણ છે. બેય વાના લખી શકો એવા મોટા હોય એને કોઈ કહી શકે નહીં. ઈ તો ભગવાનનો ગુણ છે. જગત પેલું કે ચિત્ત પેલું ? જગતમાંથી ચિત્ત થયું ઈ ચિત્તમાંથી જગત થયું. જગત પણ પેલું નથી ને ચિત્ત પણ પેલું નથી પણ પાણી પેલું છે. સ્વામિનારાયણ ગધેડાની ગાય કરે છે. હું સગરામ વાઘરી છું. મારી સાથે રાજાએ વાત કરી. એમ સ્વામિનારાયણ ગધેડાની ગાય કરે છે. હું વાઘરી છું તો પણ પાણી ગાળીને પીવ છું. ને બ્રાહ્મણ હશે તો પણ ગાયત્રી નહીં કરતો હોય. એમ જોગ ચરિત્ર ભક્તનું લખાય. જોગ ક્રિયા કોનું નામ કહેવાય ને અજોગ કોનું નામ કહેવાય ? મુખ દેખાડવા જેવું નહીં ઈ અજોગ ક્રિયા. માણસ માણસની રીતે વર્તે ઈ જોગ ક્રિયા કહેવાય.ઈ ક્રિયા જ લખી શકાય. ને માણસ પશુની જેમ વરતે ઈ અજોગ ક્રિયા કહેવાય. મનુષ્યને નિ'મ છે પણ પશુને કાંઈ ઓખરનો નિષેધ નથી. કોઈની ખળી ઉપાડી લાવે ઈ અજોગ ક્રિયા કહેવાય. તેમ જોગ ને અજોગ ક્રિયાને સમજી જાવી જોઈ. કાઠી જ્ઞાતિ ઉપર શ્રીજીમહારાજે બહુ દયા કરી. સ્વામિનારાયણને લઈને બધી અજોગ ક્રિયા મેલી દીધી. એટલી વાત કરીને શણગાર આરતીના દર્શન કરવા પધાર્યા.

પછી સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સંતહરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી પછી ભગવાનજીભાઈ માસ્તર સાક્ષાત્ સવિતાનું કિરણ વાંચતા હતા. પછી સ્વામીએ વાત કરી જે, ભગવાનને પ્રતાપે ભક્તની વાત કરો એટલે જોગ ક્રિયા જ ભક્તની લખાય પણ અજોગ ક્રિયા તો ભગવાનની જ લખાય. ફાટેલ તૂટેલ ગોદડીએ દીઠ્યા એમ ઈ તો બધુંય દિવ્ય છે. શાસ્ત્રમાં ત્રણ ઠેકાણે મંગલાચરણ કર્યું હોય. પહેલા મંગળાચરણમાં. આગળ અવતાર થઈ

ગયા એની પ્રાર્થના હોય ને મધ્યે મંગળાચરણમાં પોતાનો પ્રતાપ છે ને છેલ્લે મંગળાચરણમાં બધાયને આશીર્વાદ આપ્યા.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે; જેવું જાગ્રતનું જ્ઞાન છે એવું જો ભગવાનનું જ્ઞાન થાય તો સ્વપ્ન અને સુષુપ્તિ અટકી જાય છે. ગ.છેલ્લાનું ૩૧મું. માયિક પદાર્થને વિષે નાશપણાનો ભાવ હોય ને ભગવાનના સ્વરૂપને વિષે અતિશય લુબ્ધ હોય.

**"હરિ મેરે હાલરકી લકરી, પકરી સો પકરી."**

એમ થાય તો ધામની મૂર્તિ ને મનુષ્યરૂપ મુર્તિ ઈ બેય સરખી થઈ જાય. નેત્રની આગળ જે મૂર્તિ દેખાય છે ઈ અને ધામની મૂર્તિ સરખી થઈ જાય. સુખમાં દુઃખ દેખવું ઈ એકાંતિકની દૃષ્ટિ છે. ઈ કાંઈ હાલી મોવાલીની દૃષ્ટિ નથી. પ્રત્યક્ષ વસ્તુ અલૌકિક છે. એની પાસે નિષ્કપટ થાય એટલે મન પાછુ હઠી જાય. એક અવસ્થાને જીતો એટલે બીજી બે જીતી જવાય. એનું મૂળ કારણ છે પ્રત્યક્ષનો આશરો, એનું બળ, એનું ધ્યાન, ભજન એની ઉપાસના. જો પ્રત્યક્ષનો ભાવ થાય તો માયિકભાવ ટળી જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૩ ॥**

## ૫૯૪. નિર્વિકલ્પ સમાધિનું-સત્સંગના મહિમાનું

સંવત્ ૨૦૩૪ના આસો વદ અમાસ દિવાળી ને મંગળવાર તા.૩૧-૧૦-૧૯૭૮ દિવસ સ્વામી ગામશ્રી પીપલાણા મધ્યે સાધુની ધર્મશાળામાં પ્રાતઃકાળે સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે, આવડી મોટી હવેલીમાં આપણે બેઠા છઈ તે કાંઈ ઘરેથી નથી લાવ્યા. આ તો ઠાકોરને પ્રતાપે કરીને છે. ઠાકોરની ઈચ્છા હોય તો રોટલા ખાઈ ને ઠાકોરની ઈચ્છા હોય તો લાડવા ખાઈ. એવું સત્સંગનું અલૌકિક ઐશ્વર્ય છે. એનું ગમતું મૂકીને અમારા

ગમતામાં વરતાવીએ તો પણ જીવન પર્યંત મુંઝાય નહીં તો એના ઉપર એવું હેત થાય છે કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ઈ ભક્ત ન સંભારીએ તો પણ સાંભરે છે. ઠાકોરજીને થાળ ધરો ઈ જેવી સેવા છે, એવી જ સેવા સાવરણો લઈને વાળો ઈ સેવા છે. એટલી વાત કરીને સ્નાન કરવા પધાર્યા.

પછી પૂજા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ને સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી છગનભાઈ વર.નું ૧લું વચનામૃત બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે; મનની હારે લડાઈ આદરીને હારી ગયો, તો પણ દેવલોકની પ્રાપ્તિ થાવાની જ છે. નિર્વિકલ્પ સમાધિ કેને કહેવાય ?

**अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।**

**मन्वन्तरेशानुंकथा निरोधो मुक्तिराश्रयः ॥**

આ નવ લક્ષણ ભગવાનના સ્વરૂપમાં હોય. **अत्र** એટલે પૃથ્વી. સર્ગ એટલે ઈંદ્રિયું. વિસર્ગ એટલે અંતઃકરણ. પૃથ્વી સર્ગ વિસર્ગ આ સ્થાન કહ્યા. પૃથ્વીને વિષે રહ્યા જે મનુષ્ય એનું સ્થાન ધર્મ. ધર્મ કેનાથી પ્રાપ્ત થાય છે. ઈ પોષણ ને મુક્તિ, ઈ થી મૂકાવું કઈ રીતે ? આ ત્રણ વાના હોય તો કલ્યાણ થાય, મોક્ષ ગતિને પામે એમ શોભારામ શાસ્ત્રીએ માન્ય રાખ્યું. આપણને ભગવાન સ્વામિનારાયણ અનુકુળ આવી ગયા તો ગમે એટલી મોટયપ કહે તો પણ થડકો ન થાય. આપણા બાપનો મહિમા કહે એમાં આપણે શા માટે મુંઝાવું ? ધર્મ કેવો પ્રવતાવ્યો ! મંદિર કેવા કર્યા ! શાસ્ત્ર કેવા કર્યા ! સાધુ કેવા કર્યા ! એના લુગડાની જ કિંમત છે. ઈ કિંમતને તો કુતરા જાણે છે ઈ પણ આ સાધુને ભસતા નથી. આટલી તો લુગડાની કિંમત છે તો સાધુ કેવા હશે ! માટે સ્વામિનારાયણે જેવા મંદિર કર્યા, આચાર્ય કર્યા, સાધુ કર્યા, બ્રહ્મચારી કર્યા, સત્સંગી કર્યા એવા કોઈએ કર્યા નથી. અત્યારે સત્સંગીના નિમ-ધર્મ એના છોકરાવની કિંમત છે. સ્વામિનારાયણે સાધુ બનાવ્યા છે, ઈ સાધુ જેવા સાધુ બનાવ્યા છે. કોઈ

એવી વસ્તુ નથી. પાઘડી સૌની એક સરખી કરી. લુગડા બધાયના એક સરખા કર્યા. એટલે અલૌકિક પ્રતાપ સુખ છે. ભગવાન જેવા ભગવાન, સાધુ જેવા સાધુ ને સત્સંગ જેવો સત્સંગ છે. એવું અલૌકિક સુખ છે. એટલી વાત કરીને પછી શણગાર આરતીના દર્શન કરવા પધાર્યા.

પછી તે જ દિવસે બપોરે જમ્યા પછી ધર્મશાળામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી લક્ષ્મીદાસ ભગતે વચનામૃત પ્ર.૪૬મું વાંચ્યું. પછી સ્વામીએ વાત કરી જે, આકાશ એટલે અવકાશ છે. જે આકાશ પ્રકૃતિથી થયો ઈ આકાશની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે. પણ અક્ષરધામમાંથી થયો છે એની ઉત્પત્તિ, સ્થિતિ ને લય થાતો નથી. ઈ તો સદા સર્વમાં રહ્યો છે. અક્ષરમાંથી થયો ઈ બ્રહ્માંડાકાશ છે. મઠાકાશ, પીંડાકાશ, ઘટાકાશ એમ આકાશના પ્રકાર છે. પદાર્થમાત્ર આકાશમાં છે. જીવ આકાશમાં રહે છે. પ્રકૃતિ આકાશમાં રહે છે. અહંકાર પણ આકાશમાં રહે છે. તમોગુણમાંથી જે આકાશ ઉત્પન્ન થાય છે ઈ આકાશની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. સ્વભાવની ઓલીપા પ્રકાશ છે. સ્વભાવ મેલ્યો એટલે પ્રકાશ દેખાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૪ ॥**

## ૫૯૫. અવતાર-અવતારીનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૧ પડવા ને બુધવાર તા.૧-૧૧-૧૯૭૮ દિવસ સ્વામી ગામશ્રી પીપલાણા મધ્યે પ્રાતઃકાળે સાધુની ધર્મશાળામાં સ્નાન કર્યા પહેલા વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પોતાને એક જ ભેંસ હતી ઈ પણ મહારાજને આપી દીધી. એવા ખીમા વાદા હતા. ઘરમાં લોટા તેડાવ્યા તો હવે ઘરમાં રહેવું નથી એમ થઈ ગયું. ઠાકોરજીને ઘરમાં પધરાવ્યા પછી

ઘરમાં રહ્યા. એમ શૂરવીર થાવું. તે ઉપર અભયસિંહજી દરબારની વાત કરી. એવા શૂરવીર હોય એની ભગવાન રક્ષા કરે. એને ભગવાન તેડવા આવે. એના ઉપર ભગવાન આડા હાથ મેલે પણ નપુંસકને ભગવાન તેડવા ન આવે.

**"કેનીક જાનમાં નકટા બોચા જાય રે,**

**ખોટ્ય મોટી વરને નકટા બોચા ખેલે ને ખાય રે."**

એવા શૂરવીર ઉપર ભગવાન રાજી ન થાય. અક્ષરધામમાં જાશું ત્યારે આવા નકટા બોચા ભેળા લેશું ? આપણે નિમ રાખવું હોય તો આ નકટા બોચા આડા ફરે છે. પૂજા કર્યા વિના કાંઈ પણ ન ખપે એવા શૂરવીર થાવું જોઈ. પણ મહાફોશી થઈને ફસ ફસ બીવું નહીં. શૂરવીર જવલ્લે જડતા હશે. એનાથી માયા ભાગી જાય. શૂરવીરતા આવે, હિંમત આવે તો માયા બાજોડ ભાગી જાય ને ફોશી થાય તો માયા ઉપર ચડી બેસે ને શૂરવીર થાવ તો શત્રુ હતા તે જ મિત્ર થયા રે દુઃખ દારિદ્ર સર્વે ગયા રે. એમ થઈ જાય. તે ઉપર ધર્મદેવ અને ભક્તિ માતાની વાત કરી. ભગવાન સંભારીએ ત્યારે આપણું દુઃખ જાય. તમે બધાય નાના છોકરાવ અટાણમાં આંયા આવી ને બેઠા ને ચાંદલો કરીને આંયા બેઠા. હવે તમને શું આપવું ? અક્ષરધામ તમારે માટે બનાવ્યું છે, ઈ તમને આપી દેશું. તેમાં પાંચમની વિજળી જોવી નહીં. ઊંટાટીયું જાગે નહીં.

**'સુખ સુખ જ્યાં સુખના દરિયા'**

એવું અક્ષરધામ છે. ઈ ધામમાં તમને મૂવા પછી વાસ આપવો છે. તમે મોઢામાં ઘાસ ન લેશો. ખરા શૂરવીર થાજો.

**'સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સ્વરે ગાય જમદૂત તેને લાગે પાય.'**

હવે એને શા માટે મૂકી દેવા ! મચ્છરીયાની બીકે હવેલીનો ત્યાગ કરી દીધો. આવો ફોશીનો કાકો છે. માટે ભજન કરવું કીર્તન બોલવા.

માળા ફેરવવી. એમ ભગવાન સંબંધી ક્રિયા કરવી. નોર ગામના મંદિરમાં મૂર્તિનું ઘરું બળી ગયું પણ મૂર્તિ ન બળી. ત્યાં સૂરા ભગત હતા. તેની વાત કરી. ત્યાગને રસ્તે તો ચડે પણ એમાં દેહાભિમાન રૂપી વછેરૂં આડું ફરે.

પછી સ્વામીએ વાત કરી જે; આવો સત્સંગ છે. આવા ભગવાન મળ્યા છે. આવા સાધુ મળ્યા છે તોય ભૂલો પડ્યો ઈ તો ભાદરવા મહિનામાં ભેંસ ભૂખી રહે એવું છે. સત્સંગનો મહિમા સમજાય જાય તો પ્યાલો હાથ ન રહે. બધાયને ચકલી બનાવી ઘે. દોષ રહે છે ને ટળી જાતા નથી તે દોષ જ છે કે એમાં કાંઇ ગુણ પણ છે ? દોષ હોય તો દીન આધિન રહેવાય ને જ્ઞાન વૃદ્ધિ પામતું જાય. જ્યાં સુધી અવતારના ભગત હશો, ત્યાં સુધી દોષ રહેવાના જ છે. ને અવતારીના ભગત થાશો તો જ દોષ નાશ પામશે. એક મંડળીમાં બેસીએ તો પોતાની ખામી દેખાય. પ્રકાશ થાય ને એક મંડળીમાં બેસીએ તો દોષ ન દેખાય. એમ દોષ દેખાય ઈ લોકાંતરના છે ને આંયા ખોટ્ય ટાળવા આવ્યા છે. એમ નિઃસંશય થઈ જાવ તો ખામી નાશ થઈ જાય. ઈ અલૌકિક છે. એટલે આપણી ખામી દેખાય છે. એને વિષે સંશય હોય તો દોષ રહે પણ નિર્દોષ ગણાય. અર્જુને યુદ્ધમાં જંપલાવ્યું તો પણ દયાળુ લખ્યા. ધણીનો કોઈ ધણી છે ? દ્રૌપદીએ પાંચ પતિ કર્યા તો પણ સતી કહેવાણા. ધણીનો કોઈ ધણી છે ? જયારે પ્રકૃતિ જાય ત્યારે જ અવતારીની ઉપાસના થાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય ત્યાં સુધી જ અવતારનો ભગત છે ને એમાંથી આસક્તિ મટે તો જ અવતારીના ભગત છે. ધર્મ, વૈરાગ, આત્મનિષ્ઠા ગમે એટલા હોય પણ સ્વભાવ ને પ્રકૃતિ હોય તો અવતારના ભગત છો ને પ્રકૃતિ જાય તો જ અવતારીના ભગત છો. જૂ વિંયાય તો લીખ આવે ને હાથણી વિંયાય તો ભેંસ જેવડું બચ્ચું આવે. ભેંસના એક રૂંવાડામાં કેટલીય લીંખુ સમાય જાય. સંશય, નિશ્ચય, નિદ્રા ને સ્મૃતિ ચારેય બુદ્ધિમાં છે. નિશ્ચય કર્યો હોય એનો પણ સંશય થાય.

પછી સ્વામીએ તે જ દિવસે બપોર પછી વાત કરી જે; બધાય સુખ કરતા સુખ તો ભગવાન સામું જુવો એના જેવું બીજું સુખ નથી. ભગવાનને સંભારો ઈ સુખ છે. ને આલોકમાં તો નહીં જ રહેવાય. રહ્યા એટલા વરસ તો નહીં જ રહેવાય. આ લોકમાંથી તો ગયે છૂટકો છે. અલૌકિક વાત આવી. ગુડીયું ન વાળે ઈ કેવી વાત ! હવે પંચવિષય વચોવચ ટટકાવ્યા છે. તે ખરેખરા હશે ઈ નીકળશે ને બીજા સલવાઈ જાશે. આની પાસે બેઠો એટલે ખામી સુજી ને આની પાસે બેસવાથી ખામી ન સુજી. જેનાથી ખામી સુજી એમાં સંશય ન થાય તો અવતાર જાણ્યા ગણાય. પ્રકૃતિ-સ્વભાવ સુજવા માંડ્યો, જેનાથી સમજાણો એને નિર્દોષ સમજો એટલે તમે નિર્દોષ થઈ ગયા. ઈ અવતારની ઉપાસના છે. એક કુપાત્ર છે ને એક સુપાત્ર છે. સુપાત્ર પાસે બેસે તો બુદ્ધિ પવિત્ર થાય ને કુપાત્ર પાસે બેસે તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. પણ સુપાત્ર પાસે બેઠો એટલે દોષ દેખાણા. દ્રૌપદીએ પાંચ પતિ કર્યા તો પણ સતી લખાણા ને અર્જુને લોહીની નદી હાંકી તો પણ દયાળુ લખાણા. ઈ અવતારનો ભગત છે. ૧૧મું વચનામૃત લાગુ પાડવું પડશે. એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એક ધર્મ, અર્થ ને કામને અર્થે કરે છે. ને એક ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એ બેને ઓળખે છે એને ગુરુ કરો તો જ સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં જવાય. સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિવાળો ને સર્વકર્મનો કરનારો છે તો પણ મોક્ષને યોગ્ય છે. એને સંગે નિર્વિકલ્પમાં જવાશે. ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે ઈ નહીં પણ એને ઓળખનારો છે એને ઓળખવો પડશે. ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એમાં શંકા ન થાય પણ ધર્મ, અર્થ, કામને અર્થે કરે છે એમાં શંકા ન થાય. પણ એ બેને ઓળખે છે એના લક્ષણ કેવા છે ? સર્વ મનુષ્યમાં અધિક છે ને બુદ્ધિવાળો છે. સર્વ કર્મનો કરનારો છે. આમાં તો પરમેશ્વરનું લક્ષણ આવ્યું. પણ એને સંગે નિર્વિકલ્પમાં જવાશે. ત્રીજી વ્યક્તિ છે બુદ્ધિમાન છે. સર્વમાં શ્રેષ્ઠ છે ને સર્વ કર્મનો કરનારો છે. એને

મોક્ષભાગી કહી દ્યો તો તમારા મોક્ષમાં ખામી ન રહે. આ તો સાવ ગુજરાતીમાં કહી દીધું. વાત મનાયા વિના સ્થિતિ થાય નહીં ને સ્થિતિ થયા વિના વાત મનાઈ નહીં. ત્રણ સવિકલ્પ ને ત્રણ નિર્વિકલ્પમાં છે. આ છને સંગે નિર્વિકલ્પમાં જવાય. પણ ઓલી બે વ્યક્તિને ઓળખે એને સંગે નિર્વિકલ્પમાં જવાય. સર્વ કર્મનો કરનારો છે, એટલે ભગવાનનો અવતાર પણ કહી શકાય. કર્મથી મૂકાવું એનું નામ મોક્ષ છે. પણ આને વચને કરીને મુકાવું જોઈ, ઈ જ વસ્તુનો શબ્દ માન્ય કરવો જોઈ. બીજા કપટીનો શબ્દ માન્ય કરો તો મોક્ષગતિ ન થાય. ઈ ચાર વાકય બહુ જબરા છે. સાધુને રાગ-દ્વેષ ન જોઈ. છતાંય ફેરફાર હોય તો એના ભેળું ન ભળાય. એનાથી નોખુ પડવું પડે. કાસાંબર પેરવા નથી પણ ઈ વ્યક્તિના વચનમાં વાસ કરવાની જરૂર છે. સ્વામિનારાયણનો સવિકલ્પ નિશ્ચય કરાવ્યો છે. એટલી વાત કરીને જમવા પધાર્યા.

પછી વાત કરી જે; અવતારનો ભગત અધિક છે ? આ અગીયારમાં વચનામૃતમાં બતાવ્યો ઈ અધિક છે ? એ પ્રશ્ન પૂછયો ને તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, પ્રત્યક્ષ છે પણ અવતારનો ભગત છે. માંગરોળમાં બધા દેવના ઉપાસકને તેના તેના સ્વરૂપે દર્શન દીધા. આ રીતે પ્રત્યક્ષ છે. અવતારનું શું લક્ષણ અને અવતારીનું શું લક્ષણ ? ઐશ્વર્ય બતાવે ઈ અવતાર ને બીજા અવતારનું રૂપ પોતામાં બતાવે ઈ અવતારી છે. ચમત્કારની રીતે સો વરસ સુધી ખબર નહીં પડે પણ લક્ષણથી ખબર પડશે. ઐશ્વર્યે કરીને આકાશમાં વાત છે ને દોષ સુજે ઈ પૃથ્વી ઉપર વાત આવી. એટલો બધો તફાવત છે. દિવ્ય સ્વરૂપની વાત ઐશ્વર્યથી છે ને દોષ સુજે ઈ પૃથ્વી ઉપરની વાત છે. જેની પાસે બેસવાથી પોતાની ખામી દેખાય છે ઈ પૃથ્વી ઉપર છે ને ઓલ્યા આકાશમાં છે. ઐશ્વર્ય દ્વારે બતાવ્યું છે. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે સુખ એટલો પરલોક ને દુઃખ એટલું આ લોક છે. આલોકમાં પરલોક છે. એમાં દિવ્યભાવ સમજાણો એટલું અલૌકિકપણું છે. ઈ કોકને

વચને કરીને ખચીત મનાય જવું જોઈએ. મોચીનો છોકરો મનાય ગયું છે. દિવ્ય ને મનુષ્ય બે સ્વરૂપને નોખું પાડવું ઈ કઠણ છે. દોષ સુજે છે ઈ છે ઐશ્વર્ય પણ અમે એને મનુષ્યભાવ કહીએ છીએ. આ વાતનો રાતે જીભ ન હલે એમ વિચાર કરશો તો સ્વામિનારાયણ ભગવાન ત્યારે કહેશે. સુતા સુતા જાગતા હશો ને જાણપણું હશે ત્યારે આ વાત થાશે. દોષ દેખાય ઈ તમે હજુ નથી સમજ્યા. જીંજાવદરની સીમમાં આવીને એમ થઈ ગયું કે આંયા કોઈક ઓલીપા પુરુષ છે. મેં સાવ મેદાનમાં મેલી દીધી પણ ભગવાનની વાત છે એટલે સમજાય નહીં. સાક્ષાત્ સવિતામાં લખ્યું છે કે; પોતાના અંતરનો સિદ્ધાંત શું ? તો લાખ માણસ બેઠા હોય એમાં જેને આપવું હોય એને જ આપે. ચાર વેદ પુરાણ એમાં એજ વાત છે કે; ભગવાન અને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. ઈ શાસ્ત્રનો સિદ્ધાંત કહ્યો છે ને મધ્યના ૩૯માં રહસ્ય છે. જેને પરમપદ કહીએ, મરીને પામવા છે ઈ દેહ છતાં મળ્યા છે એમ કહી દીધું. પણ માનવા દેવું કે ન દેવું ઈ એની ઈચ્છાની વાત છે. વામનજીએ એક બળીરાજાને જ પોતાનું રૂપ બતાવ્યું. પૃથ્વી ઉપર ભક્ત છે એની તાકાત કેવડી છે ને ઓલ્યાની તાકાત કેવડી છે ? દિવ્ય છે. વાત અલૌકિક છે.

## 'દિવ્ય નેણ ખૂલે આપ આતમ પહિચાને'

લખ્યું હોય પણ ખબર ન પડે. સવિકલ્પ ભક્ત કહ્યો ને એક દ્વેષ કરનારનું ભગવાને ભલું કર્યું તો ભક્ત-બુદ્ધિથી ભગવાનને જાણશો તો એનું કલ્યાણ કેમ નહીં કરે ! એમ સ્વામિનારાયણ ભગવાને સવિકલ્પ નિશ્ચય થયો હોય એનાથી નિર્વિકલ્પમાં વાસ આપ્યો છે. સવિકલ્પમાં નિશ્ચય થયો હોય એનાથી નિર્વિકલ્પમાં જવાય એટલી સ્વામિનારાયણમાં અલૌકિકતા છે. પછી એટલી વાત કરીને સંધ્યા આરતીના દર્શને પધાર્યા.

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૫ ॥**

## ૫૯૬. બે પ્રકારની વૃત્તિથી નિશ્ચયનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૨ ગુરુવાર તા.૨-૧૧-૧૯૭૮ને દિવસે સ્વામી ગામશ્રી પીપલાણા મધ્યે ધર્મશાળામાં સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનની તાકાત અપાર છે. ભગવાનના ગુણ અપાર છે. ભગવાનની મોટયપ અપાર છે. ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવાને જ ઈચ્છે. નાસિકા તે ભગવાનના ગંધને જ ઈચ્છે. જીભ તે ભગવાનના રસને જ ઈચ્છે. એવા અવયવ ભગવાને આપ્યા છે. ઝાડમાંથી ઝાડ થાય, પશુમાંથી પશુ થાય. માણસમાંથી માણસ થાય એવું કર્યું છે. માટે ભગવાન જેવા એક ભગવાન છે. અપાર તાગાત, અપાર મહિમા, અપાર ગુણ, અપાર મોટયપ છે. એવા છે એના આપણે છઈ. કીડીના પગમાં ઝાંઝર વાગે છે એને પણ ભગવાન સાંભળે છે, ભગવાન એવા જબરા છે. વહેલા ઉઠીને ભજન કરે, ધ્યાન કરે, કીર્તન કરે ઈ જબરી વાત છે. નહીંતર તો વે'લા ઉઠીને ચુલાની પાસે બેસે એવા હોય. કેટલાક એક દિવસ ભેળા રહ્યા હોય તો પણ ભૂલાય નહીં. ઈ પૂર્વજન્મના કહેવાય ને કેટલાક આખી જીંદગી ભેળા રહે તો પણ ભૂલાય જાય ઈ આ જન્મના છે. આપણે ભગવાનના ભક્ત થાવું. દુનિયાના જીવ તો ખાવું, ઉંઘવું ને વિષય ભોગવવા એમાં તત્પર થયા હોય ને આપણે તો ભજન કરવું, દર્શન કરવા.

**'સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઊંચે સ્વરે ગાય,**

**જમદૂત તેને લાગે પાય.'**

એમ કરવું, નહીંતર તો કાળ આવીને ઘટો જાલશે. કૂવા જેવડી તો એની આંખ્યું છે. જેવું રૂપ ધારણ કરવું એવું રૂપ ધારણ કરે છે. પેટમાં પણ બેસી જાય એવું રૂપ ધારણ કરે ને જીવની પાછળ પડે પછી ગુદા દ્વારે

જીવને બહાર કાઢે છે. ને ભગવાનના ભક્ત હોય તે બ્રહ્મરંધ્રથી ધામમાં વયા જાય. ભગવાન સમર્થ છે. પર થકી પર જે અક્ષર તે થકી પણ પર છે. પરબ્રહ્મ છે, પર મળ્યા છે. સર્વાધાર છે. સ્વતંત્ર છે. અંતર્યામી છે. આપણને એનો આશરો થયો છે. તો આપણું કામ થઈ જાશે. એટલી વાત કરીને પછી સ્નાન કરવા પધાર્યા.

પછી સભા મંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી સ્વામીએ વાત કરી જે; ભગવાનના ભક્ત દૈહિક ક્રિયામાં પ્રવર્તતા હોય ત્યારે મહિમા ન સમજવો. પણ ભજન કરતા હોય ત્યારે મહિમા સમજવો. દેહના વહેવારમાં પ્રવર્તવું ત્યારે વિચારેયુક્ત વૃત્તિ રાખવી ને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ પ્રેમેયુક્ત રાખવી. ભજન કરતા હોય તે સમે એની સામું જોવું. પશુ-પક્ષી મૈથુનને વિષે આસક્ત હોય તે સમે એની સામું ન જોવું. ભગવાનના ભક્તનો દૈહિક વેવાર એવો છે. એના સામું જોવો તો ન પાર પડે. દૈહિક સ્વભાવ સામું જોઈને અવગુણ ન લેવો. શિશુપાળ એમ કહેતો કે શ્રીકૃષ્ણ પાખંડી છે. ને પાંડવો વર્ણશંકર છે. એમ અવગુણ લ્યે છે. બકાસુરને માર્યો તો બગલો માર્યો. મધુ રાક્ષસને માર્યો તો એમ કહે છે કે મધના પુડા ઉખેડ્યા. ભગવાનના ભક્ત છે એમાં દૈહિક સ્વભાવ હોય, જ્ઞાની હોય એને પણ ટાઢ, તડકો, ભૂખ-તરસ લાગે તો ભજન કર્યું ઈ નાશ થતું નથી. ભગવાનના ભક્ત બે, એમાં એક ભજન, સ્મરણ, સેવા ભક્તિ કરે છે, એક નથી કરતો. એમાં સેવા-ભક્તિ કરે છે ઈ શ્રેષ્ઠ છે. ને ઓલ્યો આ લોકની પ્રકૃતિને આધિન છે. ભગવાન ઈ દ્વારે આપણને ફળ આપે છે. તે સિવાય ભગવાન પકડાતા નથી. ભગવાનના ભક્ત છે ઈ ભક્ત છે કે નથી ઈ સમજણની જરૂર છે. ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એને ભણવે કરીને કે અર્થને જાણવે કરીને મુક્ત ન થાય. પણ મુક્ત અમે કહીએ એમ કરે તો જ થાય. ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે ને

ઝાઝો વાંક પંચ જ્ઞાન ઈંદ્રિયોનો છે. ભગવદીયના ગુણ સારા હોય, કુપાત્રનો સંગ કરે તો બુદ્ધિ ભ્રષ્ટ થાય ને સુપાત્રનો સંગ કરે તો બુદ્ધિ પવિત્ર થાય. આ વાત તો કૃપા કરીને કરી છે, સાધુ સત્સંગીને ઉઠાડીને બોલાવ્યા ને કૃપા કરીને વાત કરી છે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, દોષ દેખાણો એટલે દોષ ટળી ગયો. એમ વિશ્વાસ આવી જાવો જોઈ. કાં કહેનારાનો વિશ્વાસ હોવો જોઈ ને કાં શાસ્ત્રનો વિશ્વાસ હોવો જોઈ. નારદ સનકાદિકનો વિશ્વાસ ન હોય તો એને મુરખ કહેવાય. દોષ દેખાણો ઈ દોષ જ નથી. એમ જીવમાં હા પડી જાય તો બંધ બેસે. સ્વામિનારાયણનો શબ્દ છે ઈ જ શાસ્ત્ર કહેવાય. ચાર સંતોને કહીને શાસ્ત્ર વચનામૃત બનાવ્યું છે. શાસ્ત્ર માત્ર ધર્મ, અર્થ ને કામ પર છે. ને એને સાંભળીને જે કાંઈ સુકૃત કરે ઈ પણ ધર્મ, અર્થ ને કામ માટે કરે છે. ઈ પણ સકામ છે. ને એક ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. એને જે દેખે છે, ઈ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ છે. સર્વ કર્મનો કરનારો છે, તો પણ મોક્ષને યોગ્ય છે. એમ નિઃસંશય થઈ જાવું જોઈ. દોષ દેખાણો એટલે દોષ ટળી ગયો, એટલી મને ખાતરી છે. દેહ અને દેહના સંબંધીનું કુત્સિત શબ્દે કરીને ખંડન કરતો હોય ને એક સાંભળતો હોય તો ઈ સાંભળનારો એમ કહે છે કે એને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી. એમ સાંભળનારાને સંશય ઊડી જાવો જોઈ. આ વાત તલ તુંબડીના ન્યાયથી પાકી કરો તો જ પાકી થાશે. પાપનો પસ્તાવો મટી જાવો જોઈ. એક જ મુદ્દો હાથ આવવો જોઈ તો જ મોક્ષ મનાય, નહીં તો મોક્ષ ન મનાય. કોક માણસને કુવામાં ઉતારીને વરત કાપી નાખે. એમ તમે મારે વચને કરીને અવળે રસ્તે ચડી જાવ તો મારૂં શું સારું થાય ? તો હું તમને એમ કહું છું કે દોષ દેખાણો એટલે દોષ ટળી ગયો એમ કહું છું. ઈ જો ખોટું હોય તો એમાં મારું શું ભલુ થાય ? સંશય છે ઈ જ પાપ છે. કર્મ કર્યુ એનો સંશય થાય ઈ જ પાપ છે. પછી તો સ્વરૂપાનંદસ્વામીને શાંતિ થઈ ગઈ.

નહીંતર તો ઘણા આત્માને દેખતા તો પણ શાંતિ ન થઈ. મારે વિશ્વાસે કરીને અવળે રસ્તે ચડી જાય એમાં મારું શું ભલુ થાય ? ને પછી મહારાજે બધાયને છાતીમાં ચરણારવિંદ આપ્યા ને બાયું ને પણ છેટા ઉભા રાખીને નિ'મ લેવરાવ્યા. દોષ દેખાણો એટલે દોષ ટળી ગયો છે. આ મારા પંડનો વિચાર છે. એમાં વિશ્વાસ ન હોય તો શાસ્ત્રમાં પણ બતાવ્યું છે. એક શ્લોકે કરીને, બેશ્લોકે કરીને, હજાર શ્લોકે કરીને પણ ચોખ્ખી સમજણ કરવી. લાખ ઠેકાણે જઈને પણ આવું સાંભળો તો ખબર પડે. જે જે શાસ્ત્ર છે ઈ ધર્મ, અર્થ, કામ ને મોક્ષને માટે છે ને સાંભળનારો પણ એને માટે જ કર્મ કરે છે. ને એનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં રહીને ભોગવાય છે. અત્યાર સુધી જે વાત કરી એ બધી અવતારની જ છે. દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા તે મને પામે ઈ તરી જાય. બ્રહ્માદિક દેવ, પરાશર, વિશ્વામિત્ર એને શ્રીકૃષ્ણે સહી કરી દીધી. એટલું એનું કલ્યાણ થયું. એમ આ રીતે હું વાત કરું છું. અવતારનો ભગત સાવ નિર્દોષ થઈને ધામમાં ગયો જ નથી. જો નિર્દોષ થયો હોય તો કજીયા શા સારૂં થાય ? ને સ્વામિનારાયણ તો બ્રહ્મરૂપ કરીને ધામમાં લઈ જાય છે. દોષ દેખાણો ને નિઃસંશય થયા ઈ અવતારના ભગત છે. માંગરોળમાં સૌના દેવરૂપે દર્શન સ્વામિનારાયણે કરાવ્યા એને સ્વામિનારાયણે પધરાવ્યા છે. દોષ છે તો પણ નિર્દોષ થઈ ગયો એમ કહો તો ભુરા લઈને પાછળ થાય એવું છે. મને ભક્તિતનયદાસસ્વામી અને લક્ષ્મીપ્રસાદ પુરાણીએ રાજકોટમાં પૂછેલું સાધુનું ધ્યાન થાય કે ન થાય ? પછી અમારી ઉપર ઉત્તર કરવાનું નક્કી થયું. તમે વાડી, ઘોડી, ગધેડાનું, બળદ, ડોબાનું, ઝાડવાનું ધ્યાન કરો છો તો પછી સાધુનું ધ્યાન કરવામાં શું વાંધો છે ? એમ વાત કરી, શાસ્ત્રનો અભિપ્રાય છોડીને વાત કરી ન હોય.**पुरुषेणात्मभूतेन माधत्त वीर्यवान्** ભગવાન જેમાં આવે તે પણું દબાવીને પોતે જ રહે છે. સૂર્ય બધાયને દબાવીને પોતે જ વર્તે છે. અગ્નિ લોઢાને વિશે આવ્યો ત્યારે

શિતળતા, કઠોરતાને દબાવીને વર્તે છે. તેમ પ્રગટ ભગવાન અક્ષરધામમાં છે. ઈ ના ઈ અહિંયા આવે તો તેનાપણું દબાવીને પોતે જ વર્તે છે. જેવી મૂર્તિ દીઠી હોય એનું જ ધ્યાન કરવું. આખો જન્મારો સત્સંગ રહ્યો હોય તોય ન સમજે એને શું ઉંધો પાડીને પાણી પાવું ? બ્રહ્મવેત્તાનું ધ્યાન ન કરવું. સિદ્ધ ગતિને પામ્યો હોય એનું પણ ધ્યાન ન કરવું. શાળગ્રામનું ધ્યાન કરવું લખ્યું ને પ્રતિમાનું ધ્યાન કરવાનું લખ્યું. હું ઐશ્વર્યે કરીને કોઈ દિ ન કહું પણ લક્ષણથી કહીશ. ઐશ્વર્યથી નિશ્ચય કરાવવો છે ઈ અનુમાનથી નિશ્ચય છે. સાંખ્યશાસ્ત્ર અનુમાનથી બતાવે છે ને વેદાંતશાસ્ત્ર મહિમાવાચક છે. ને ન્યાયશાસ્ત્ર પ્રત્યક્ષવાચક છે. હું આ વાત ન્યાયશાસ્ત્રના આધારે કરૂં છું. ન્યાયશાસ્ત્ર એમ કહે છે કે એક લીટો પણ અર્થ વિનાનો હોય જ નહિં. પ્રત્યક્ષ કહે છે પણ સાવ સમજાવીને કહે છે. દોષ દેખાણો એટલે દોષ મૂકાઈ ગયો એમ નિઃસંશય એટલે થાવ તો અવતારના ભગત છો. જો એમ ન હોય તો બીજાએ રાસ કરાવ્યા ને સ્વામિનારાયણના સાધુએ રાસ તોડાવ્યા. સ્વામિનારાયણનો ભગત તો હજી હું પણ થયો નથી. ઉપાસનાની વાત આવી રીતે કરવામાં કોઈ રોકી ન શકે. સ્વામિનારાયણનો ભગત હો તો સ્વામિનારાયણે કયે ઠેકાણે સ્વભાવ રાખવાનું કહ્યું છે ! શાસ્ત્રથી કલ્યાણ લખ્યું પણ એકનું જ કલ્યાણ લખ્યું છે. સ્વામિનારાયણે આંગળી બતાવી છે. બે જણની પ્રતીતિ થઈ, બે જણાની વિગત કરી દીધી. માટે એને મોક્ષને યોગ્ય કહ્યો છે. પણ સ્વભાવ મેલી દીધો નથી. એને કેટલો આગળ લીધો છે ઈ વાત અમે મુંબઈવાળાને કરી છે. એને સંગે નિર્ગુણમાં જવાય છે. શબ્દ પકડીને વાત કરી છે. જો શબ્દ પકડયા વિના વાત કરીએ તો ડર લાગે. તે ઉપર રાજકોટના એક હરિભક્તની વાત કરી. ત્રીસ લક્ષણેયુક્ત સાધુરૂપ ભગવાન અને ઓગણચાલીસ લક્ષણે યુક્ત રાજારૂપ ભગવાન. સાધુરૂપ ભગવાન લીલા ખડને પણ ન તોડે. ને રાજારૂપ ભગવાન તો ઘરમાં સ્ત્રીયું રાખે, ચોરને ગરદન મારે, મૃગયા કરીને જીવે. આ વાત વરતાલના દસ પ્રમાણે કરી તો પણ વચનામૃત વાંચવું નહિં એમ નક્કી

કરી લીધું. તો પછી શાસ્ત્રની સાંખ્ય વિના વાત કરો તો શું થાય ? મનુષ્યદેહમાં એક ગુણ હોય ને એક ગુણ જાણ્યો ? તો પણ સંભારવો પડતો નથી. તો પંચાવન લક્ષણ હોય ઈ કેમ તમારી દૃષ્ટિમાં નથી આવતો ? નિશ્ચયની વાત બહુ અટપટી છે એવી કોઈ વાત દુનિયામાં અટપટી નથી. લક્ષણથી નિશ્ચય કરવો બહુ કઠણ છે. તમારી પાસે બેઠો તો મારો દોષ દેખાણો એટલું ભાન થયું. એટલો નિશ્ચય થયો ને એમાં ઈ દોષ છે નહિં ને મારા દોષ દેખાય છે એવો જે નિશ્ચય થાય એનું જ નામ સવિકલ્પ નિશ્ચય. એમ સુધી અટપટી વાત છે. **॥ ઈતિ શ્રી કિરણ ૫૯૬ ॥**

## ૫૯૭. બીજાને નિર્દોષ જાણવાનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૩ શુક્રવાર તા.૩-૧૧-૧૯૭૮ને દિવસ સ્વામી ગામશ્રી પીપલાણા મધ્યે ધર્મશાળામાં સ્નાન કર્યા પહેલા ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; પૃથ્વીના મુક્તમાં એવી વિશ્વરૂપની કળા રહી છે કે ઈ બીજાની મોટાઈ કહે પણ પોતે પોતાની મોટાઈ ન કહે. બ્રહ્માનંદસ્વામીએ ઘોડા ઉપર હાથ મેલ્યો ને નિષ્કામી થઈ ગયો. એમ બીજા વતે બતાવો પણ પોતે ન બતાવે. સમુદ્રને કાંઠે કોડી, સંખલા સૌ વીણે પણ મોતીનું કોઈ ન પૂછે નામ. મોક્ષદાતાની રીત જુદી છે. પછી જેઠાબાપા હરિચરિત્રામૃત સાગર વાંચતા હતા. તેને સાંભળીને વાત કરી જે; જ્ઞાનની પકવતા થઈ ગઈ હોય એને માટે તો આ શાસ્ત્ર બરાબર છે પણ જ્ઞાનમાં પરિપક્વતા ન હોય એને માટે આ શાસ્ત્ર બરાબર નથી.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ કૃપા કરીને વાત કરી જે, નિદ્રામાં જાઈ છીએ ત્યારે કેમ થાક ઉતરી જાય છે ? રોગ મટી જાય છે ? એમ ભગવાનનું ભજન, સ્મરણ, નામ-કીર્તન, કથા-વાર્તા ને ભગવાનના ભક્તનો સંગ એનાથી થાક ઉતરી જાવો જોઈ. રોગ મટી જાવો જોઈ.

ઉપાધી આળશી જાવી જોઈ. જગત ભૂલાઈ જાવું જોઈ. નરસિંહ મહેતાની જેમ નિર્ભય થઈ જાવું જોઈ. આપણા જેવો જેનો સ્વભાવ હોય એની હારે બેઠા ઉઠવાની સુવાણ્ય થાય પણ કટખળીયાની સાથે કે ડાભોળીયાની સાથે સુવાણ્ય ન થાય. એને મારો તો દુઃખ ને ન મારો તોય દુઃખ. સામાના સ્વભાવને ફેરવી નાખવો ઈ બ્રહ્મનું લક્ષણ છે. પૃથ્વી ઉપર જે સ્વરૂપ છે એને વિષે અલૌકિકપણું કરવું ઈ સ્વરૂપ કેવું છે કે; આ સત્સંગની સ્થિતિ થાય ત્યાં સુધી પૃથ્વી ઉપર રહ્યા, સાધુ કર્યા, શાસ્ત્ર કર્યા, મંદિર કર્યા, સત્સંગી કર્યા ને રક્ષણ માટે આચાર્ય કરી ગયા. ને આ પૃથ્વી ઉપર સત્સંગ ફેલાવ્યો. આટલા મોટા કામ કરી ગયા. સાધુ સત્સંગી બે કર્યા ઈ મંદિરની સ્થિતિ રાખવા માટે કર્યા છે. બધાયના સુખરૂપ સ્વભાવ જોવા. એમાં અમારો સ્વભાવ કેવો છે કે સ્વાભાવિક રીતે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈ તો તો ઠીક છે. પણ લગારેક સારપ્ય મનાય જાય તો મન ઉદાસ થઈ જાય. સારપ્ય મનાય જાય ત્યારે મન ઉદાસ થઈ જાય ઈ કેવડી વાત છે ?

ભગવાનની આંખ એવી છે કે; મોહને ઉડાડી દ્યે છે ને બીજાની આંખથી મોહ ઉત્પન્ન થાય છે. પોતાની દૃષ્ટિથી ધામમાં તેડી જાય ઈ અવતારનું લક્ષણ છે. ને ઓલ્યા તો ત્યાં રહે તેવો થાય ત્યારે તેડી જાય. નિર્વેદ થાવો જોઈ. નિષ્કામ થાવો જોઈ. નિઃસ્નેહ થાવો જોઈ, નિર્લોભ થાવો જોઈ. એવો અવતારીનો ભગત થાવો જોઈ. વિષયમાં કેવું હેત છે ! જગતમાં કેવું હેત છે ! પદાર્થમાં કેવું હેત છે ! ઈ સ્વાભાવિક રીતે સાંભરે છે. એમ ભગવાન આફડવા સાંભરવા જોઈએ. પથરો આકાશમાં ફગાવો તો હાથની તાગાત પ્રમાણે ઊંચે જાય પછી પૃથ્વી ઉપર પડી જાય એમ તાગાત હોય ત્યાં સુધી વિષયમાં જોડાય. પણ તાગાત ન હોય તો વિષય ન ભોગવી શકે. પંચવિષયનું સુખ જાણ્યું છે. એમ ભગવાન સંબંધી સુખ જાણે તો મૂકી શકે. ભગવાનના સુખમાં થાક ઉતરી જાય, રોગ મટી જાય. રાજ્ય સંબંધી આવરણમાંથી નીકળી જાય. અપમાન આળશી જાય તો ઉપશમ કહેવાય.

ભગવાનના ચરિત્રમાં આસક્તિ એનું નામ ઉપશમ કહેવાય. ઉપશમથી પ્રાયશ્ચિત થાય ને તૂર્યપદમાં સત્તારૂપ થાય. ત્રણ અવસ્થાને દેખી શકે એટલે તૂર્યપદમાં કહેવાય. આ ધર્મ, અર્થ ને કામને અર્થે કરે છે. ને આ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે. એને દેખે છે ઈ કેવડો છે ! એમ ત્રણ અવસ્થાને દેખે છે એને તૂર્યપદ કહે છે, દૃષ્ટા કહે છે, બ્રહ્મ કહે છે; અંતર્યામી કહે છે. પરબ્રહ્મ કહે છે. આ વેદાંતીઓની મોક્ષગતિ છે. એનું જ નામ તૂર્યપદ છે. આપણા હાથમાંથી બીજાના હાથમાં ગઈ એનું નામ પર કહેવાય. આ વાત એવી છે કે, સમજી શકે પણ બોલી ન શકે. ઉત્પત્તિકાળ, સ્થિતિકાળ ને પ્રલયકાળ ત્રણેય કાળમાં એક રૂપે જ છે એનું નામ નિશ્ચય છે. ત્રણેય કાળ થકી રહિત ભગવાનને સમજવા બહુ કઠણ કામ છે. ત્રણ ગુણથી આપણે રહીત થાઈએ તો બંધ બેસે. ત્રણ ગુણથી પર હોય તો ગુણાતીત કહેવાય. સમજવામાં ત્રણ ગુણ છે ઈ જ આડા આવે છે. જ્યાં સુધી ત્રણ ગુણ વ્યાપે, ત્યાં સુધી એક સ્થિતિ ન રહે. જયાં સુધી રજોગુણ, તમોગુણ પ્રવર્તતા હોય ત્યાં સુધી ઈ પુરૂષને એક સ્થિતિ રહેતી નથી. સવા કલાક સુધી ગુણ ન ફરે તો વાંધો ન આવે. જાણપણું છે ત્યાંથી બ્રહ્મરાફડો છે. ત્યાંથી વજ્ર કમાડ છે. ત્યાંથી શ્વેત શિખરી છે. વજ્ર કમાડ છે ઈ ત્યાંથી આગળ ન આવી શકે. આપણે બ્રહ્મરૂપ થાઈ પણ સામાને બ્રહ્મરૂપ ન જણાય તો બ્રહ્મ રાફડો આડો આવે છે. આ બધું પિંડમાં છે પણ સાક્ષાત્‌ની ઉપાસના થાય તો ન નડે. પણ વાત કરવામાં પડદો તો આપણે રાખવો જ જોઈએ. **॥ ઈતિ શ્રી કિરણ ૫૯૭ ॥**

## ૫૯૮. અવતાર-અવતારીનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૪ શનિવાર તા.૪-૧૧-૧૯૭૮ ને દિવસ પૂ. સ્વામીશ્રી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સર્વે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ગોપાળાનંદસ્વામી અને

મુક્તાનંદસ્વામીને પૂછ્યું કે તમારૂં અંગ કયું ? પછી તે બેયે કહ્યું કે; અમારે સમજણ્યનું અંગ છે પણ મહારાજે માન્ય ન કર્યું. મહારાજ કહે અમને અમારી કોરનું ઠીક લાગે છે. બીજાને તો કાંઈક જગતની કોરનો લોચો જણાય છે. માટે જ્ઞાનનું અંગ જુંદુ છે. બીજાને તો કૃષ્ણ જેવા જણાય, રામ જેવા જણાય, હયગ્રીવ જેવા જણાય, વારાહ જેવા જણાય પણ પૃથ્વી ઉપર અવતાર થયો એની રીતને જાણવી, ઈ બહુ કઠણ છે. જેનું કાર્ય કરવું હોય તેનું તે વતે જ કાર્ય કરે છે. ઈ અવતારની લેન છે. સ્થિતિને અર્થે માયા માટે અક્ષરરૂપે વરતે, એની રીતને પણ જાણતો હોય, પ્રકૃતિરૂપે વરતે છે એની રીતને પણ જાણે ને વૈરાટરૂપે વરતે છે એની રીતને પણ જાણે ને મનુષ્યના કલ્યાણ માટે નારદ સનકાદિક રૂપે વરતે છે એને પણ જાણે. મનુષ્યરૂપને ધારણ કરે ત્યારે મનુષ્યની રીતે જ વરતે. દેવમાં વરતે ત્યારે દેવની રીતે જ વરતે. ઈશ્વરમાં વરતે ત્યારે ઈશ્વરની જેમ જ વરતે. માયારૂપે હોય ત્યારે કારણ શરીરરૂપે હોય. તમે ધામમાં જાશો પણ એકને લઈ જાશો ખરા ? જયાં સુધી એક જણાને લઈને ન જાવ ત્યાં સુધી બીજા ખોળીયામાં શ્વાસ છે. એકને જ વળગોને! શા માટે બધાયને વળગો છો ? એકને વળગે તો બકરીની પેઠે થાય. પૃથ્વીને વિષે અવતાર થાય એની રીતને તો પંડિત પણ ન ઓળખે. શાસ્ત્રનું જ્ઞાન એનું નામ પંડિત. શાસ્ત્રમાં કઈ રીતે અવતાર કહ્યા છે ? અન્વય વ્યતિરેકપણું, સગુણપણું ને નિર્ગુણપણું ને ઉત્પત્તિકાળે અક્ષરરૂપે વરતે છે. પ્રકૃતિ પુરુષરૂપે વરતે છે. વૈરાટરૂપે વરતે છે ને પ્રજાપતિ રૂપે વરતે છે તેની બધાની રીત જાણતો હોય ને જીવના કલ્યાણ માટે નારદ સનકાદિક રૂપે વરતે છે. શુદ્ર વર્ણનો મોક્ષ, બ્રહ્માદિક પ્રજાપતિ રૂપે હોય ત્યારે થાય છે. અક્ષરરૂપે વરતે ત્યારે તો જગતની સ્થિતિ માટે હોય. જ્યાં જેવું કાર્ય, ત્યાં તે રૂપે રહ્યા હોય. કાળનું કાર્ય કરવું હોય તો કાળરૂપે રહ્યા હોય. માયાનું કાર્ય કરવુ હોય ત્યારે માયા રૂપે વરતે છે. દેવનું કાર્ય કરવું હોય ત્યારે દેવરૂપે વરતે છે. જીવ વતે મોક્ષ, જીવને જીવ વતે મૃત્યુ, જીવને જીવ વતે બંધન, જીવને જીવ

વતે જ્ઞાન, જીવને જીવ વતે કર્મ, જીવને જીવ વતે પાપ ને પુણ્ય. પુણ્ય પણ એનાથી. પાપ પણ એનાથી. મોક્ષ કરવો હોય તો પણ એનાથી એવી તમારી મોટયપ છે. એને તમે જાણતા નથી એટલું જ તમારૂં અજ્ઞાન છે. તમારી પાસે બેઠો ને મારા દોષ દેખાય તો તમારામાં દોષ છે કે નહીં ? તમે તો મનુષ્ય ચરિત્ર પણ કરો, એમાં સંશય ન થાય તો અવતારનો નિશ્ચય ગણાય. સગુણ બ્રહ્મનો નિશ્ચય થાવો ઈ પણ કઠણ છે. બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ભગવાનના અવતાર છે. એમાં જે બ્રહ્માંડની સો વરસની આવરદા થાય તેનો નાશ થઈ જાય. તો પ્રલયકાળે શા માટે કલ્યાણ કર્યુ ? જે વસ્તુમાં બંધાણા ઈ વસ્તુનો ત્યાગ કરાવ્યો, એનું જ નામ મોક્ષ કહેવાય. ચાર પ્રલયમાંથી મુક્ત થયા ઈ મોક્ષ કહેવાય. આત્યંતિક પ્રલય એટલે જ્ઞાન પ્રલય. ત્યાગવલ્લભદાસસ્વામીએ જીભા ઈંદ્રિય બરાબર જીતેલી. સ્થિર કેમ થાય ? ભગવાન ગોચર થાય તો સ્થિર થાય. અગમ છે ઈ સુગમ થઈ જાય તો સ્થિર થાય. કાંઈ વસ્તુ ન હોય ઈ મળી જાય તો સ્થિર થઈ જાવ એમ. દશ ગંગા જેટલો માયાનો પ્રવાહ છે. સર્વે સુખના ધામ ને સર્વથી પર એવા જે ભગવાન એમાં વૃત્તિ રહેતી નથી ને જગતના તુચ્છ પદાર્થમાં વૃત્તિ રહે છે એનું શું કારણ છે ? જે દિવસથી પરમેશ્વરે સૃષ્ટિ રચી તે દિવસથી કળ ચડાવી મૂકી છે. ભગવાનનો જ સંકલ્પ છે. તે સહેજે જ પુરુષને સ્ત્રીમા હેત થાય ને સ્ત્રીને પુરૂષમાં જ હેત થાય છે.

**'ધન્ય વૃંદાવન વટની છાયા, જ્યાં હરિ બેસતા.'**

એવી રીતે જેને નિશ્ચય ન હોય એને નપુંસક જાણવો. એના મુખથી ગીતા, ભાગવત જેવા સદ્ગ્રંથ સાંભળે તો પણ કલ્યાણ ન થાય. બીજા વખાણ કરતા હોય પણ દુષિત બુદ્ધિવાળો ભૂલ્ય કાઢે.

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી કે, એક કુપાત્ર જીવ ને એક સુપાત્ર જીવ છે. કુપાત્રના સંગથી બુદ્ધિ ભ્રષ્ટ થાય ને સુપાત્ર જીવના સંગથી બુદ્ધિ પવિત્ર થાય છે. દુઃખે કરીને ન તરાય એવી મારી

માયા ઈ મને પામે ઈ તરી જાય. મન, ઈંદ્રિયું, દેવતા રજોગુણના, બુદ્ધિ ને પ્રાણ તમોગુણના પંચભૂત ને પંચતનમાત્રા ઈ મારામાં છે પણ નથી એમ માની લે તો દુ:ખે કરીને ન તરાય એવી માયા ને તરી ગયા. બ્રહ્મા, વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરાશર આ ચાર મુક્ત જ ગણાય. જો માયાને તર્યા ન કહીએ. એમ જો ઉત્તર ન કરીએ તો ઈ પ્રશ્નનું સમાધાન ન થાય. ભજનારા ભક્તમાં દોષ છે પણ ભગવાનમાં દોષ નથી. **પ્રજ્ઞાનમાનંદ બ્રહ્મ અને અયમાત્મા બ્રહ્મ** ઈ બે મંત્ર છે. તે ગુરુ આપે છે તો પણ અહં તત્ત્વમસી કેમ રહે છે ? વર્તમાન ધરાવીએ તો એના પાપ બળી જાય ઈ આપણને ખબર છે પણ એને ખબર નથી. ક્રિયમાણ સુધરે તો સંચિત બળી જાય ને પ્રારબ્ધ તો ભોગવ્યે જ છૂટકો છે. આપણી ક્રિયામાં આપણને શંકા થાવી જોઈ પણ બીજાની ક્રિયામાં શંકા થાય છે ઈ જ જાડી બુદ્ધિ છે. ઈ ઝાઝી બુદ્ધિવાળો છે તો પણ થોડી બુદ્ધિવાળો છે. કુપાત્ર જીવના હાથનું અન્નજળ ગ્રહણ કરે તો બુદ્ધિ ભ્રષ્ટ થાય ને સુપાત્રના હાથના અન્નજળ ગ્રહણ કરે તો બુદ્ધિ પવિત્ર થાય છે. એક કુપાત્ર કહે છે ને એક સુપાત્ર કહે છે. એમાં વળગાડે છે પણ પોતામાં કેમ વળગાડતા નથી ? કુપાત્રથી બુદ્ધિમાં ફેરફાર થઈ જાય ને કામી કુપાત્ર છે. ઈ વ્યભિચારિણી હોય. એના હાથનું ગ્રહણ કરે તો બુદ્ધિ ભ્રષ્ટ થાય. તેમ સ્પર્શ, રૂપ અનંત પ્રકારના છે. સુપાત્ર કોણ છે ? અતિશય મોટા હોય એના દર્શન ન થાય તો એના ચરણની રજ લઈને માથે ચડાવવી. નહીંતર સાકરની પ્રસાદી લેવી. તેમજ મોટા પુરુષને ચડયું જે પુષ્પ, અત્તર, ચંદન એને ગ્રહણ કરે તો બુદ્ધિ પવિત્ર થાય છે. એક પાસે બેઠા એટલે આપણો દોષ દેખાણો એને અમે સુપાત્ર કહીએ છીએ. ને કુપાત્ર પાસે બેસવાથી દોષમાં વધારે અંજાઈ જાય એને અમે કુપાત્ર કહીએ છીએ. “સુપાત્ર ઈ કયું સ્વરૂપ છે ? જેની પાસે બેસીએ ને આપણી ખામી દેખાય, દોષ દેખાણો એટલે દોષ જ નથી. શાસ્ત્ર એમ કહે છે જો તમારી ભૂલ્ય દેખો તો ભૂલ્ય નથી. એને થોડી બુદ્ધિ છે તોપણ બુદ્ધિવાળો છે. પોતાની ભૂલ્ય સૂજે છે ઈ કોણ છે ? મારે ઈ જાણવું છે.

એનો ઉત્તર પોતે જ કર્યો જે ઈ અવતાર છે.'' પૃથ્વી ઉપર દેહ ધારણ કર્યો હોય એમાં આવા લક્ષણ હોય. પોતે પોતાના વખાણ ન કરે. બીજા ભગવાન કહે તો ભલે. બીજા સમર્થ કહે તો ભલે. પણ પોતે વખાણ ન કરે. તો પણ અવતારીનું લક્ષણ જુદું છે. શાસ્ત્ર જડ છે પણ વાંચવા મંડીએ એટલે ભૂલ્ય દેખાય. માણસ પાસે બેસીએ ને ભૂલ્ય દેખાય ઈ વસ્તુ અલૌકિક છે. એમાં નિ:સંશય થાય તો આપણી સંશયગ્રંથી ગળે. નિશ્ચયની વાતમાં આ વાત મુખ્ય છે. બુદ્ધિમાં સંશય ને નિશ્ચય બેય છે. ઈ જ ખીલો ખોડે ને ઈ જ હલાવે એવી બુદ્ધિ છે. એકની પાસે બેઠા ત્યારે આપણી ખામી દેખાણી એમાં ખામી છે કે નહીં ? પૃથ્વી ઉપર આવ્યા ઈ પોતાની મોટાઈ દેખાવા ન દ્યે. આપણો દોષ દેખાણો એટલે આપણે વખાણ કરીએ તો ભલે. પોતાની ખામી દેખાણી એટલે ખામી ટળી ગઈ કહેવાય. કોઈ કહે ને સવળું સમજવું ઈ બુદ્ધિની ખૂબી છે. સામો ઉત્તર વાળે ઈ સાંબેલા જેવી બુદ્ધિ ને સામો ઉત્તર ન વાળે ઈ જીણી બુદ્ધિ કહેવાય. પૃથ્વીને વિષે અવતાર ધારણ કરે એને વિષે વિશ્વકળા હોય. જે વખતે ભય આવે તે વખતે નારાયણના નામરૂપ બખ્તર પહેરવું. રાધાવાવે પલાણ નાખ્યું. અધર્મ સર્ગને જીતવા જીવુબા, લાડુબાએ બીડું જીલ્યું. અર્ધો અધર્મ સર્ગ જીતાય ગયો. કામ ફફડયો છે એને જીતવા સચ્ચિદાનંદસ્વામીએ બીડું જીલ્યું. કામને હૃદયમાં ઉતારીને પાટુ મારીને રાધાવાવમાં ફેંકી દીધો. ને મહારાજે જામફળની પ્રસાદી દીધી. કામ, ક્રોધ, લોભ, અધર્મ ને જીવમાંથી મારીને નાશ નથી કર્યા પણ એમ કહ્યું કે અમારા સત્સંગીને નડતા નહીં. એમ વિશ્વકળા છે. જો એમ ન હોય તો માયા અનાદિ ન કહેવાય. અહંકારને જીતવા મુક્તાનંદસ્વામીએ બીડુ જીલ્યું. લોભ નિત્યાનંદસ્વામીએ જીતી લીધો. ''પોતે ભગવાન છે પણ પોતાની તાગાત ન બતાવી. ઈ વિશ્વરૂપની કળા છે. ઈ જોવા ન ઈચ્છે પણ મોટું ઐશ્વર્ય ને ભડકો જોવાને ઈચ્છે પણ એના સંબંધમાં આવ્યા એની તાગાત બતાવી. પણ પોતાની તાગાત ન બતાવી. ઈર્ષ્યાને શુકસ્વામીએ જીતી. અહંકારને ગોપાળાનંદસ્વામીએ જીત્યો. છે

સમર્થ મહારાજ પણ ભક્તનું સામર્થ્ય બતાવ્યું. એનું જ નામ વિશ્વરૂપની કળા છે. ઈ મનુષ્ય દેહ ધારણ કર્યુ હોય ત્યારે એને વિષે એવી કળા હોય. આને જીતી લ્યે એવા, એના શિષ્ય થઈને રહ્યા છે તો એની શક્તિ કેવડી હશે ? એના ઉપરથી જ અવતારી છે નહીંતર તો કામાદિકને અવતાર પણ જીતી શક્યા નથી ને આના રૂખડીયા ભગત જીતી ગયા તો ભગવાનની શક્તિ કેવડી હશે !''

**॥ ઈતિ શ્રી કિરણ ૫૯૮ ॥**

## ૫૯૯. બુદ્ધિવાળાનું-પ્રીતિવાળાનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૫ ને રવિવાર તા.૫-૧૧-૧૯૭૮ ને દિવસ પૂ. સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; ''સિદ્ધાંત સમજાય તો આત્મામાં ભયો ભયો થઈ જાય. આત્મામાં આનંદ આનંદ થઈ જાય. ને સિદ્ધાંત તો આખી જીંદગીમાં એકને જ સમજાવી શકાય. હું ઉપાસનાની વાત કઈ રીતે કરૂં છું ઈ ખબર છે ? તમારો દોષ દેખાય એટલે આળસી ગયો છે. ઈ મનાઈ ખરૂં ? જોડે છાણ વળગ્યું ને પાણાવાળી ભોં હોય ઈ કેટલીવાર ટકે ! પણ માનવું બહુ કઠણ છે. દોષ ટળી ગયો ઈ મનાવું બહુ કઠણ છે. જમી લીધું ને ઉપવાસી છું ઈ કેમ મનાય ? આ તો મારા અનુભવથી ઉલટાવીને વાત કરું છું. નહીંતર તો આ બધાય ભેળા થઈને ડેરો નાખી દ્યે એવા છે. કોઈ જન્માન્તરે, કોઈ કાળે દોષને કોઈ 'દિ જાણ્યો જ નથી. ને જો દોષને જાણ્યો તો રહેવાનો જ નથી. ચોરને ચોર જાણ્યો તો એના જપેટામાં ન આવીએ તો જ સ્વામિનારાયણીયા સાચા ગણાય.'' મિત્ર સારો કે શત્રુ સારો ? મિત્ર કરતા શત્રુ સાત ગણો સારો કહેવાય. કારણ કે શત્રુ છે ઈ સાવધાન રાખે છે. ઝાઝો વાંક તો પંચ જ્ઞાન ઈંદ્રિયોનો છે ને અંતઃકરણથી ગાફલાઈ રહે છે. એટલો જ અંતઃકરણનો વાંક છે. ''ઈંદ્રિયું અંતઃકરણ

આપણા મિત્ર છે. ઈ આપણને બહુ દુ:ખ દ્યે છે. બહુ હેરાન કરે છે. એક વિચાર કરીએ તો સ્વભાવનો નાશ થઈ જાય એવો કયો વિચાર છે ? કોઈ આપણા શત્રુને મારી નાખે તો કેટલા રાજી થાઈ, ઈ વિચારથી સ્વભાવ નાશ પામે છે.'' આ ચોપડીમાં અમે જાજી વાત તો વિચારની જ કરી છે. બુદ્ધિની પરીક્ષા આપી દીધી છે. ને સ્વામિનારાયણને બુદ્ધિવાળો ગમે છે. મહારાજ કહે કે અમે બુદ્ધિવાળા છઈ તો અમને દૃષ્ટિ પુગે છે. માટે અમને બુદ્ધિવાળો બહુ ગમે છે. આટલું તો અમને થઈ ગયું છે કે આખી પૃથ્વીના માણસ શત્રુ થઈ જાય તો પણ થડકો ન થાય. જે'દિ ભગવાનની પ્રાપ્તિ નો'તી થઈ તે'દિ પણ કાળ એનો હુકમ ચલાવી શક્યો નથી, તો આજ ભગવાન મળ્યા ને તમારા જેવા હરિભક્ત મળ્યા. હું સંકલ્પ કરૂં ત્યાર પહેલા જ તમે ચીજ હાજર કરી દ્યો.'' આ જે વાત કરૂં છું ઈ બરાબર અનુભવ કરીને જ કરૂં છું. દોષ દેખાય એનો દોષ ટળી ગયો પણ માને એનો બેડો પાર થઈ જાશે. ભગવાનના સ્વરૂપની ઉપાસનાની તાગાત બતાવી છે. તમે બીકને છોડી દ્યો. ''સ્થિતિ હોય એના લક્ષણ કેવા હોય ? ગોપીયુંએ એમ નક્કી કરી રાખ્યું કે લોકલાજનો ત્યાગ કરીને ને મરીને પણ શ્રીકૃષ્ણને રોકવા છે. પણ શ્રીકૃષ્ણની ઈચ્છા-મરજી સમજી ગયું કે એને જાવાની ઈચ્છા છે તો જાવા દીધા. ઈ પ્રીતિનું લક્ષણ છે. માણસ ગુણીયલ છે એટલે એની આગળ આપણે હેત થયું. પછી એની પાસે બેસીએ તો ઈ ગુણીયલ હોય એના ગુણ આપણામાં આવે ને આપણા અવગુણ સૂજે ને હિંમત આવે તો વૈરાગ્યનું સ્વરૂપ છે.

**''વૈરાગ માગવો વિકટ છે; કાળજે નાખવો હાથ, તોડી પાડે પીંડ બ્રહ્માંડને ને કોઈનો ન રહેવા દ્યે સાથ.''**

જો ગુણીયલ સમજીએ તો દોષ ટળી ગયા. નહીંતર તો આપણા સજાતિય થયા એટલે આપણા જેવા માનીએ. આ બધી અનુભવની વાત છે. '' ચૌદ કરોડ જમ છે ઈ પાપને ધોઈ નાખે છે. એને એમ કહું છું કે મને

મારો, મને મારો, એમ ચિંતવન કરીને આ હિંમત આવી ગઈ છે. કુટુંબનો, દેહનો, દેહના સંબંધીનો સંબંધ થાતો હોય ઈ ઠેકાણે ભગવાનની આજ્ઞા હોય તો પણ ન રહેવું. એવું હેત થાવું જોઈ પણ કુવામાં પડવાનું કહે તો પડી જાવું એમ નહીં. **॥ ઈતિ શ્રી કિરણ૫૯૯ ॥**

## ૬૦૦. સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયનું

સંવત્ ૨૦૩૫ના કારતક સુદિ-૮ બુધવાર ને તા.૮-૧૧-૧૯૭૮ને દિવસ સ્વામી ગામ શ્રી પીપલાણા મધ્યે સભામંડપમાં પ્રાતઃકાળે વિરાજમાન થયા હતા ને સંતોની તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વામીએ વાત કરી જે; અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને નિર્વિકલ્પ થઈને ભજન કરે એનું નામ નિર્વિકલ્પ સમાધિ કહેવાય. અને શ્વેતદ્વિપમાં જાઉં કે બદ્રિકાશ્રમમાં જાઉં કે નિરન્ન મુક્તને સરખો થાઉં એવા સંકલ્પ થાય તો સવિકલ્પ કહેવાય. ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તો પણ એવો જ છે. આ બધાયને હું અક્ષરધામમાં જોઉં એ દેખાય એમ વાસના રહે ઈ પણ સવિકલ્પ નિશ્ચય કહેવાય. આ દેહ છે ઈ દુઃખ છે ઈ આ લોક છે ને સુખ છે ઈ પરલોક છે. એમાં અનેક ભેદ છે. દેવ, દૈત્ય છે. બ્રહ્મ છે ને રાગ પણ છે. ધર્મ, અધર્મ, વૈરાગ, અવૈરાગ, ભક્તિ અભક્તિ છે. આત્મનિષ્ઠા છે ને નથી. પરમાત્મા છે ને નથી. ઈ પરલોક છે. એમાં ભગવાન હાથ આવે ખરા ?

પછી તે જ દિવસે બપોર પછી સ્વામીએ વાત કરી જે, ખામી દેખાણી એટલે ખામી છે કે નહીં ઈ વિશ્વાસ આવવો જોઈ. ખામી દેખાણી એટલે ખામી નથી જ. દેહ અને દેહના સંબંધી, ગામ, ઠામ, નામ એની નિંદા કરતો હોય એને જે સાંભળે એને એમ થાય કે આને દેહ તથા દેહના સંબંધીમાં હેત નથી. એમ ત્રીજે જણે પ્રમાણ કર્યું. શ્રીકૃષ્ણ બાળબ્રહ્મચારી છે કે નહીં ? ઈ જમનાજીએ નક્કી કરાવ્યું. વિશ્વાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને ધારીને જમી ગયા માટે દુર્વાસા ઉપવાસી છે. એની સાક્ષી જમુનાજીએ

પુરી. વામનજી ભગવાને ત્રણ પગલા પૃથ્વી બળી રાજા પાસેથી માગી ત્યારે એકલા બળિરાજાએ જ દીઠું. વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાત છે કે ભગવાન અને સંત એ જ કલ્યાણકારી છે. ઈ સ્વામિનારાયણનો સિદ્ધાંત છે. એની સાથે મા-બાપ, સ્ત્રી, પુત્રમાં હેત છે એવું કરવું ને સંબંધી તો કુપાત્ર છે તો પણ એની સાથે હેત મટતું નથી. ને ભગવાનના ભક્ત તો રૂડે ગુણે યુક્ત હોય તો પણ હેત થાતું નથી. માટે એને તો આ જન્મમાં સાવ નવો આદર છે. તે જેને નિશ્ચય છે એને કામક્રોધાદિક દોષ તો કદાચિત રહે પણ ભગવાનનો નિશ્ચય મટે જ નહીં. એની દૃઢતા તો જેવી નાથ ભક્તને છે ને કાશીદાસને છે ને જેવી દામોદરની છે એવી દૃઢતા જોઈ. તે ઉપર દામોદરની વાત વિસ્તારથી કરી. વિષ્ણુદાસ તથા ભાલચંદ શેઠ ને હેમરાજ શાહ આ બે જણા વાણિયા હતા ને ચાર જણા પાટીદાર હતા. જેની પાસે બેસો ને પોતાની ભૂલ્ય જણાય ઈ પૃથ્વી ઉપર અવતારની લેન છે. પણ મનુષ્ય દેહધારી છે એટલે મનુષ્યની રીતે વરતે, સવિકલ્પ નિશ્ચયનો નિર્ણય એમ જ કર્યો છે. મનુષ્યની બરાબર કામાદિકમાં પ્રવર્તે ને નિશ્ચય રહે તે કનિષ્ઠ ને બમણા પ્રવર્તે તો મધ્યમ ને ગમે એવા વ્યભિચાર, જુગટુ, બજાણિયા એમાં પ્રવર્તે તો પણ સંશય ન થાય તો સવિકલ્પમાં ઉત્તમ છે.

(મધ્ય -૧૧) શાસ્ત્ર ધર્મ, અર્થ, કામ પર જાણીને એને અર્થે જ સુકૃત કરે છે. સ્વર્ગમાં જાવા માટે અર્થ,કામ, સુખ પરલોકને અર્થે કરે છે એક ભગવાનની પ્રસન્નતાને માટે કરે છે. ઈ બેને ઓળખનારો ત્રીજો છે એને મનુષ્યમાં શ્રેષ્ઠ કહ્યો છે. એને બુદ્ધિમાન કહ્યો છે. સર્વ કર્મનો કરનારો છે. આ લોકના વૈભવથી નોખો નથી છતાં મોક્ષને યોગ્ય છે. એને સંગે કરીને નિર્વિકલ્પમાં વાસ થાય પણ સવિકલ્પવાળાને સંગે નિર્વિકલ્પમાં જવાશે નહીં. કામી હોય ઈ જ બીજાને કામી કરે. લોભી હોય ઈ જ બીજાને લોભી કરે. દંભી હોય ઈ જ બીજાને દંભી કરે આ બધાય ઉત્પત્તિકાળમાં ભગવાનના અવતાર છે. પણ મોક્ષકાળના જુદા છે. છ સગુણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ આ છ સગુણ છે

ને ચાર નિર્ગુણ છે. શ્રીકૃષ્ણ, વાસુદેવ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ. આ ચાર પણ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ઉત્પત્તિકાળમાં છે ને મોક્ષકાળમાં છે. ઈ તમારો બડવાલ કાઢયા પછી જ કલ્યાણ કરે ને ઓલ્યા તો એટલું જ કરે કે દુઃખે કરીને ન તરાય એવી જે મારી ગુણમયી માયા તે મને પામે ઈ તરી જાય. કૃષ્ણને નિર્દોષ દેખ્યા એટલા સમજનારને દોષ દેખાય છે. પોતામાં દેખાડે પણ બીજામાં ન દેખાડે ઈ વિશ્વકળા છે. સુખ છે ઈ પરલોક છે ને દુઃખ છે આલોક છે ને પરલોક અનેક પ્રકારનો છે. એમાં ધર્મ-અધર્મ, વૈરાગ-અવૈરાગ, આત્મનિષ્ઠા એવા અનેક પ્રકાર છે પણ સૃષ્ટિકાળમાં છે પણ મોક્ષકાળમાં નથી. પ્રકૃતિ રહિત હોય તો જ ઉત્પત્તિકાળમાં ઘટે. નહીંતર ઉત્પત્તિકાળમાં પણ ન ઘટે. નહિંતર ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ હોય તો પણ પ્રકૃતિ સરખું આચરણ કરે છે. “એક જણે સ્ત્રી સાથે રહીને માળા ફેરવી ઈ કેવડો ! એક જણે સ્ત્રી મરી ગઈ ને સાકર વેંચી. ઈ કેવડા ! ને એક જણ સાધુને દહીં આપવા માટે સ્ત્રી સાથે જગડ્યો ઈ કેવડા ! ઓહોહો !! બહુ મોટો લાભ થયો છે. ભગવાન ભજવા છે એને જેવો લાભ થયો છે એવો કોઈને લાભ થયો નથી. એકલશૃંગીને ભગવાન ન મળ્યા. ઐશ્વર્ય આપ્યું પણ ભગવાન ન મળ્યા. સૌભરી ઋષિએ સાંઠ હજાર વર્ષ સુધી તપ કર્યું તો પણ ભગવાન ન મળ્યા.”

એકાંત વિના વાત ખજાને ન પડે. પણ મોટી સભામાં તો વયા ઉડાડવા પડે. ને અમે મોટી સભામાં વાત તો કરીએ પણ ખબર પડવા ન દઈએ. અવગુણવાળી વસ્તુ જગત છે. એનાથી સાધુ ન્યારા છે એટલે સાધુ ગુણિયલ છે. જેમ ભગવાનને અર્થે દેવ ભેટ સામગ્રી લાવે છે એમ ભગવાનના ભક્તને અર્થે પણ દેવ ભેટ સામગ્રી લાવે છે પણ એને ગ્રહણ નથી કરતા. તે ઉપર બાળમુકુંદદાસસ્વામીની વાત કરી. સ્વામીની તાગાત જુદી જ હતી. અમને એટલી ખબર પડતી કે ત્યાં જઈને બેસીએ એટલે શાંતિ થઈ જાય. વાતુ ન કરતા હોય તો પણ શાંતિ થઈ જાય.

**॥ ઈતિ શ્રી કિરણ ૬૦૦ ॥**